# ગુજરાતનો નાથ

["પાટણની પ્રભુતા" પછીના સમયની વાર્તા.]


લેખકઃ

**કનૈયાલાલ માણેકલાલ મુનશી,**

બી. એ., એલ. એલ. બી., એડવોકેટ.

ચિત્રકારઃ

**રવિશંકર મહાશંકર રાવલ**



દ્વિતીયાવૃત્તિ. સને ૧૯૨૧.

સોલ એજંટ.

**મેસર્સ એન. એમ. ત્રિપાઠીની કંપની. મુંબઈ.**

**કિંમત રૂ. ૪-૮-૦.**

# ગુજરાત

પ્રબળ અને પ્રગતિવાન,
એક અને અતુલ બને
એવાં સ્વપ્નો જે નિરંતર અનુભવતા
તેનો ઇતિહાસ જેનું પરમધ્યેય હતું—
તેની સાહિત્યસેવા જેનો જીવનમંત્ર હતો—
તે મિત્ર અને મહાત્મા
**સદ્‌ગત ભાઈ રણજીતરામનાં**
પવિત્ર સ્મરણોને.

# પ્રસ્તાવના

આ વાર્તાને બીજી આવૃત્તિ પામવાનું સદ્‌ભાગ્ય મળ્યું છે તે વખતે જે વાચકવૃન્દે એની પ્રથમ આવૃત્તિને સપ્રેમ આદર આપ્યો તેનો મારે ઉપકાર માનવો જોઇએ.

અનેક ઐતિહાસિક પ્રસંગો અને કથાઓની સંકલના કરી આ વાર્તા લખી છે; અને ઐતિહાસિક તત્ત્વો બન્યાં હાં સુધી તેવાં ને તેવાં જ રાખ્યાં છે.

ઘણા મિત્રોએ આ વાર્તાની પહેલી ને બીજી આવૃત્તિ પ્રગટ કરવામાં મદદ કરી છે. ચોપડી શરૂ થઈ ત્યારે વસ્તુ મેળવવામાં રા. ભાઈ રણજીત-રામની કાંઇક મદદ હતી. રા. હાજી મહમદના આગ્રહથી એ લખાઈ ને રા. રવિશંકર રાવળની કલાથી સુશોભિત બની. રા. ચંદ્રશંકર શુચ અને રા. રામપ્રસાદ બક્ષીએ સંસ્કૃત શ્લોકો રચી આપવાની મદદ કરી. સાક્ષર શિરોમણિ નરસિંહરાવના ઉપોદ્‌ઘાતની કસોટીએ ચઢતાં આ વાત કાંઈ અંકાઈ અને આ બીજી આવૃત્તિની જોડણી રા. લાભશંકર પ્રભુરામે અન-હદ ને અથાગ મહેનતથી સુધારી. આ બધા મિત્રોનો હું ઋણી છું; તેમણે કરેલી મદદ માટે અત્યંત આભારી છું.

બાબુલનાથ રોડ,<br>
તા૦ ૧૧-૧૧-૨૧

કનૈયાલાલ મા. મુનશી.

# ગુજરાતનો નાથ



## ઉપોદ્ઘાત.

"ગુજરાતનો નાથ," "પાટણની પ્રભુતા," વેરની વસુલાત" એ ત્રણ સમર્થ વાર્તાઓના લખનારને ગુજરાતી રસિક વાચકવર્ગ આગળ ઓળખાવવાની જરૂર કશી પણ રહેતી નથી. તો પછી આ ઉપોદ્ઘાત શા માટે લખવો? "ગુજરાતનો નાથ" વાંચીને મ્હારા મન ઉપર જે છાપ પડીછે તે દર્શાવવી, વાચકવર્ગના મન ઉપર પડેલી છાપ તે સાથે તેઓ સરખાવીને કાંઈ સમભાવજનિત સંતોષ મેળવે;—એ પ્રવૃત્તિહેતુ આ ઉપોદ્ઘાત લખવાનો છે. આશા છે કે એ અનુચિત નહિં જણાય.

આ વાર્તા—"ગુજરાતનો નાથ" એ વાર્તા–વાંચવા માટે, હેનું સંપૂર્ણ સ્વરૂપ, રસમર્મ, ઇત્યાદિ હૃદયમનમાં ઊતારવા માટે "પાટણની પ્રભુતા" વાંચવાની આવશ્યકતા છે. એ બંને વાર્તાઓ અન્યોન્ય શૃંખલિત હેવી છે કે પ્રથમની વાર્તા માત્ર બીજીના પૂર્વ વૃત્તાન્તનું ચિત્ર દર્શાવનાર છે એટલું જ નથી, પણ કેટલાંક પાત્રોના ચરિત્રનું પૂર્ણ ઉદ્ઘાટન અને દર્શન બંને વાર્તાના સમગ્ર વાચનથી જ લભ્ય છે. વાચકે પ્રથમની વાર્તા વાંચીછે એમ કાંઈક માની લઈને ચાલવાનું ધારુંછું. વિશદતા માટે કવચિત્ પૂર્વ વાર્તામાંથી વિસ્તારયુક્ત અંશો લેવા પડશે ખરા.

ગુજરાતી ભાષામાં વાર્તાનાં પુસ્તકો ઘણી સંખ્યામાં પ્રગટ થયાંછે અને થાયછે; ભાષાન્તરોની બાબત બાજૂ ઉપર મૂકવાની છે; અપૂર્વરચનારૂપ વાર્તાગ્રન્થો પણ સંખ્યાબંધ થાયછે; તથાપિ ખરી પ્રતિભાયુક્ત કૃતિયો આંગળીને વેઢે ગણાય એટલી પણ નથી એ કેટલું શોચનીય છે! પરંતુ તે સ્થિતિ માટે ખેદ અહિં અસ્થાને છે. રા. કન્હૈયાલાલ મુનશીની વાર્તાકાર તરીકેની પ્રતિભાશક્તિ, કલા, સામર્થ્ય એ આજ સૂધી જણાયલા વાર્તાકારો કરતાં કેટલાં વિલક્ષણ છે તે પ્રશ્ન જ આપણું ધ્યાન ખેંચે એમ છે.

તે પ્રશ્નની પરીક્ષા કરતી વખતે અન્ય લેખકો વિશે કાંઇ પણ બોલવું પડે તો તે દૂષણ દર્શાવવાના હેતુથી નહિ પણ પ્રસ્તુત વાર્તાના લેખકના પૃથક્ સ્વરૂપનું સ્થાપન કરવા માટે જ છે એમ ન્યાયી વાચક સમઝશે જ એમ આશા રાખું છું.

૨. કન્હૈયાલાલ મુનશીની વાર્તાઓમાં એક સામાન્ય લક્ષણ એ મ્હને જણાયછે કે વાચકને વાર્તાના વૃત્તાન્તના ઓઘમાં ઝેસભેર, રસની ઊનતા થવા ના દઇને, વશે કે અવશે, તણાવું જ પડેછે. વૃત્તાન્તના પ્રબળ વેગમાં લેખકને વૃથા વર્ણનો, અનાવશ્યક પ્રસંગો, પાંડિત્યદર્શક અથવા ફિલસુફીમાં રમનારી લાંબી લાંબી અપ્રસ્તુત ચર્ચાઓ, ઇત્યાદિ ખેલ માટે નવરાશ જ જણાતી નથી. Digressions (પ્રસંગાન્તરતાઓ) આણેછે ત્હાં પણ ઔચિત્ય, સંયમ, વિરલતા એ ગુણો સમતોલતા સાચવેછે. આ એ લેખકનો એક અપૂર્વ ગુણ મ્હને તો લાગેછે. આ જમાનામાં વાચકવર્ગને નકામાં અસંબદ્ધ લખાણો ખમવાની શક્તિ નથી, પુરસદ નથી, તે કારણથી જ નહિ, પણ કલાનાં ખરાં તત્ત્વો માગી લેછે તે કારણથી, એ ગુણ મ્હને મૂલ્યવાન્ લાગેછે. બીજો ગુણ આ વાર્તાકારને વિલક્ષણ ઉચ્ચ સ્થાન આપનારો પાત્રોનાં લક્ષણ બાંધવાની, લક્ષણ વિકસાવવાની, કલા, અપૂર્વકલા, અને કલાના સામર્થ્યમાં મ્હને જણાયો-છે. ત્રીજું વિશેષ લક્ષણ વૃત્તાન્તોની ગૂંથણીમાં ચાતુર્ય–એ જણાયું છે. આ સિવાય અનેક બીજા ન્હાના મ્હોટા ગુણોથી રા. કન્હૈયાલાલની કૃતિયો મ્હને અતિપ્રિય થઈ પડીછે તે અહિં નોંધવાની જરૂર નથી. માત્ર એટલું જ હું કહીશ કે એ સર્વ ગુણનો પ્રભાવ, સંખ્યા તેમ જ સ્વરૂપને લીધે, એટલો બધો છે કે ગુજરાતી ભાષાની શુદ્ધિ માટે આગ્રહી મ્હારું મન છતાં રા. કન્હૈયાલાલમાં ભાષાશુદ્ધિની બાબતનાં અનેકાનેક સ્ખલનો નજરે પડેછે તે માટે ક્ષમા તો હું આપી સકું એમ નથી, પણ તે સહન કરી લેવાની વૃત્તિ પ્રબળ થાયછે. ખાસ કારણ એ છે કે એ સ્ખલનો રા. કન્હૈયાલાલ કોઇ રીત્યની ધૃષ્ટ અનાદરવૃત્તિથી નહિં પણ પોતાની મર્યાદિત સ્થિતિને લીધે જ કરેછે એમ લાગેછે. એ દૂષણો સહજ સંભાળ

અને સુધારો કરવાની પ્રવૃત્તિ રાખ્યાથી નિવારી સકાય તેવાં છે; તે કારણથી પણ હું સહન કરી લેવા તત્પર થાઉંછું; બાકી ખાસ તો હેમના અસાધારણ સામર્થ્ય, કલાવિધાન, માનવલક્ષણ વિશે ઊંડી અન્વેષણશક્તિ ઇત્યાદિ ગુણોથી મુગ્ધ થયોછું તે જ કારણ છે.

અતિસ્તુતિના આરોપથી ડરીને આ દિશામાં વિશેષ હવે કશું ના લખતાં હવે વાર્તાના અન્તર્ગત સ્વરૂપોનું કાંઈક દર્શન કરવું ઉચિત ગણુંછું. પ્રસ્તુત વાર્તામાં મુખ્ય પાત્રો **મીનલદેવી** અને **મુંજાલ**, **કાક** અને **મંજરી**, અને કાંઈક અંશે **ત્રિભુવનપાલ** અને **કાશ્મીરાદેવી**–એ ત્રણ યુગલો છે; બાકી ઊતરતી કક્ષાએ બીજાં પાત્રો પણ અનેક છે. તે સર્વનું દર્શન આ સ્થળે અસાધ્ય છે. માટે મુખ્ય પાત્રો જ હાથમાં લઈ સંતોષ માનીશું. એક વાત સ્મરણમાં રાખવાની છેઃ આ વાર્તામાં–વાર્તાયુગલમાં–વૃત્તાન્તો તથા પાત્રો ઐતિહાસિક પાયા ઉપર રચાયલાં છે ખરાં, તથાપિ કલાવિધાનની માગણીને આદર આપીને ઐતિહાસિક અંશનો ત્યાગ કરીને કલ્પિત રચનાને પણ સ્થાન ચાતુર્યથી અપાયલુંછે. દાખલા તરીકેઃ–**પ્રસન્નમુખી (કાશ્મીરાદેવી)**નો **મીનલદેવી**ની ભત્રીજી તરીકે સંબન્ધ; **મુંજાલ**ની યુવાવસ્થામાં **ક્વાવિડ** દેશમાં મુસાફરી, **ચન્દ્રપુર**માં **મીનલદેવી** જોડે સ્નેહસમાગમ, **મીનલદેવી**નો **ગુજ**-રાતના રાજા કર્ણદેવ જોડે લગ્ન કરવામાં **મુંજાલ**ના સાહચર્યનો મર્મહેતુ, સારાંશ **મુંજાલ** અને **મીનલદેવી** વચ્ચેનો **વિલક્ષણ** સ્નેહસંબન્ધ, આચારની વિશુદ્ધિ છતાં એ બેનાં હૃદયોનું અન્તર્ગત લગ્ન; **કીર્તિદેવ** જોડેનો **મુંજાલ**નો ગૂઢસંબંધ;–આ સર્વ કવિકલ્પનાની સફળ અને ઝળળ ઉત્પત્તિયો છે. મુખ્ય પાત્રોમાં **મંજરી** અને **કીર્તિદેવ** એ કેવળ કલ્પનાકૃતિયો છે; (ગૌણ પાત્રોની વાત કરવાની જરૂર નથી). આ ઉપરાંત, કેટલાંક પાત્રો, જે'વાં કે **કાક**, **દેશલ**, **વિશલ**, **ઉબક**,–ઇતિહાસસિદ્ધ છતાં હેમનો સમય જરાક પાછળ ખશેડી પ્રસ્તુત વાર્તાના સમયમાં મૂક્યોછે; તેમ જ પ્રસ્તુત વાર્તાનો સમય વિ. સં. ૧૧૫૪ નો હોઈ કેટલાક પ્રસંગો બે ત્રણ વર્ષ આગળ પાછળ ખશેડીને, ખેંચી તાણીને, સં. ૧૧૫૪ માં આણ્યાછે તે પણ વાર્તાનું કેન્દ્રસ્થાન સાચવવા માટે કલાવિધાનની આજ્ઞાને અનુસરીને કર્યુંછે. આ વાર્તા છે, ઇતિહાસ નથી; ઇતિહાસની સામગ્રી લઈને રચેલી કથા છે

એટલું સ્મરણમાં રાખતાં આટલી ઇતિહાસ સાથે લીધેલી છૂટનો ખુલાસો મળવા સાથે ક્ષમા પણ મળશે જ. એટલુંજ નહિ પણ એ છૂટ લેવામાં કલાવિધાયકનો ચાતુર્યચમત્કાર પણ રસિક વાચકને જણાશે. કારણ કે ઐતિહાસિક પ્રસંગો મુખ્ય ભાગે સાચા લીધા છે–જે'વા કે, માળવાની ચઢાઈ અને શાન્તુ મહેતા પાટણ સાચવવા રાખેલા તે, મીનલદેવીની જાત્રા, નવઘણને પકડ્યો તે, ખેંગારે લીધેલી ચાર પ્રતિજ્ઞા અને તેનું પ્રતિપાલન, હેમાચાર્યની દીક્ષા, ખતીબ ઉપર ખંભાતમાં થએલો જુલમ, વગેરે; અને કલ્પનાથી ઘડેલા પ્રસંગોની અલ્પ તેમ જ ચતુરાર્થથી યથાપ્રયોજન ગૂંથણી થઇછે.*

આ પરિસ્થિતિને પરિણામે આ વાર્તાયુગલ વાંચનારને વાર્તાકાર પ્રાચીન ગુજરાતના સંક્ષુબ્ધ સમયમાં લઈ જઈને, ઢાલ તલવારોના ખડખડાટ અને વીજળી જેવા ચમકારાઓમાં, ધનુષ્યમાંથી છૂટતા બાણના સૂસવાટામાં, પ્રચંડ વીરપરાક્રમના પ્રસંગોમાં, મૂકેછે ત્હેની જ સાથે ખડ્ગના વિદ્યુચ્ચમત્કાર કરતાં પણ વધારે પ્રભાવયુક્ત બુદ્ધિબળના, રાજ્યતન્ત્રના, વિદ્યુચ્ચમત્કારમાં પણ મૂકેછે; જે બંને–ખડ્ગ તેમ જ બુદ્ધિપ્રભાવ બંને–વિદ્યુતના ઝબકારા પરસ્પર ગૂંથાયલા હેવા રચીને મૂક્યાછે કે એ વિરલ-કલાના દર્શનથી ક્ષણવાર આપણે મુગ્ધ થઈ જઈએ છિયે. આપણી આગળ વાર્તાનાં પાત્રો હેવાં તો જીવંત જ્વલંત ખડાં થાયછે, પરિક્રમણ કરેછે, કે રસ્તામાં આપણને મળે તો ઓળખી સકીએ એમ લાગેછે. શેક્સપીઅર અને ડિકન્સનાં પાત્રોની પેઠે આ કલાવિધાયકનાં પેદા કરેલાં પાત્રો સજીવ, ચિરંજીવ, થવાનું ભાવિદર્શન મ્હને તો ખોટું નથી લાગતું. રા. કન્હૈયાલાલ વાર્તાકાર તરીકે સજીવ સૃષ્ટિ–પાત્રોની સૃષ્ટિ–પ્રગટ કરનારા સમર્થ વિધાતા છે એમ કહેવામાં મ્હને અત્યુક્તિ નથી જણાતી. એટલું જ નહિ, પણ એથી પણ આગળ વધીને હું કહેછું કે બીજા વાર્તાકારોમાં જે ગુણ પૂર્ણરૂપે નથી જણાતો તે ગુણ રા. કન્હૈયાલાલની કલાસૃષ્ટિમાં

* 'પ્રતિકોશકુંડી,' 'પ્રબન્ધચિન્તામણિ,' 'ચતુર્વિંશતિ પ્રબન્ધ,' 'રાસમાલા,' The Bombay Gazetteer માંનો ગુજરાતનો ઇતિહાસ, 'દ્વ્યાશ્રયકાવ્ય,' 'ભમે-ઇલ-હિકાયત;'–એ ગ્રન્થોમાં બહુ અંશે આ વાર્તાઓની ઇતિહાસસામગ્રી જડશે.

પ્રબલરૂપે નજરે પડેછેઃ તે એ કે કેટલાંક પ્રધાન પાત્રોનો લક્ષણદેહ પ્રથમથી ઘડીને વાચક આગળ એઓ રજુ નથી કરતા, પરંતુ, માનવજીવનમાં જેમ બનેછે તેમ, પ્રસંગો, મહાપ્રસંગો તેમ જ અલ્પ પ્રસંગો, સાધનરૂપ બનીને ક્રમે ક્રમે એ લક્ષણદેહ ઘડાયછે, વિકાસ પામેછે, (evolution) પામેછે; પ્રસંગોથી બનેલા વૃત્તાન્ત અને પાત્રોનાં સ્વરૂપલક્ષણ એ બેની પરસ્પર ગૂંથણી અદ્ભુત કલાવિધાન વડે કરાઈ જણાયછે. આમ વૃત્તાન્ત અને પાત્રલક્ષણ પરસ્પર સંશ્લિષ્ટ રહેછે; વૃત્તાન્તનું વાતાવરણ અસંબદ્ધ-પાત્રલક્ષણને સ્પર્શ ના કરનારું—શિથિલરૂપ, જુદું પડેલું, નથી રહેતું. ઉદાહરણ, મંજરી અને કાક, મીનલદેવી અને મુંજાલ, એ યુગલોના લક્ષણદેહનો વિકાસ આ વાર્તાયુગ્મમાં કેવો થાયછે તે તપાસ્યાથી જણાય એમ છે. એ તપાસ સવિસ્તર કરવા માટે અહિં અવકાશ નથી. સંક્ષેપમાં ઇશારો કરી સકાશે. તે કરતા પ્હેલાં એક વાત કહેવાની ઇચ્છા થાયછેઃ 'સરસ્વતીચન્દ્ર'ના સમર્થ રચનારની કૃતિ જોડે આ વાર્તાઓની સરખામણી કરવા માટે સમાનભૂમિ નથી, ક્રમકે 'સરસ્વતીચન્દ્ર' એ માત્ર કલાવિધાનનું ફળ નથી, એક સંશ્લિષ્ટ વાર્તા નથી, પરંતુ, રા. આણંદશંકરે એક સ્થળે સ્તુતિરૂપે કહ્યું છે તેમ, એ 'સરસ્વતીચન્દ્ર પુરાણ' છે. આમ છતાં પાત્રસૃષ્ટિની કલાનો સમાન અંશ લક્ષમાં લેતાં એટલું ખ્હને તો લાગેછે કે ગોવર્ધનભાઈની સૃષ્ટિ યદ્યપિ સજીવ છે તથાપિ રા. કન્હૈયાલાલની પાત્રસૃષ્ટિ આગળ એ સૃષ્ટિની સજીવતા ઊતરતી લાગેછે. 'સરસ્વતીચન્દ્ર'નાં પાત્રો તેમજ વૃત્તાન્તો અને વર્ણનો અતિશય ભારને લીધે ખેાજારૂપ લાગેછે, ત્યહારે પ્રસ્તુત વાર્તાઓના તે જ અંશો સુશ્લિષ્ટ, સંયમગુણથી ઘડાયલા, હોઈ પૂર્ણ કલાવિધાન દર્શાવેછે. અસ્તુ, વિષયાન્તરતામાં પડીશું નહિ.

ત્યહારે, પ્રસ્તુત વાર્તાનાં મુખ્ય પાત્રોનું દર્શન સંક્ષેપમાં કરિયે. મંજરી અને કાક—આ જોડું જોડાયા પ્હેલાં, જોડાયા પછી જોડાયું છતાં વિલક્ષણ ગર્વમર્યાદાને લીધે છૂટું, અન્તે અસાધારણ સંયોગોને પરિણામે પ્રેમના, પ્રેમાચારના, અલૌકિક પ્રકારોના વજ્રલેપથી જોડાયલું, ખરેખર નવીન કલાવિધાયકના હાથે જ રચાયુંછે. ખંભાતમાં અત્યાચારથી મંજરીને

બચાવીને આણનાર કાક તરફ મંજરી ઉપકારના સ્વાભાવિક પરિણામરૂપ આદર, પક્ષપાત, કે હેવા ભાવથી જોઈ સકતી જ નથી. ઉપકાર, તહેનું પરિણામ આદર, પક્ષપાત; તહેનું પરિણામ પોચો પોચો પ્રેમ;–હેવી રૂઢ પ્રણાલીમાં આ કલાવિધાયકની કલા સરખી જતી નથી. હેને તો કોઇ સમર્થ, દૃઢ, પાષાણ હૃદયને વજ્રાઘાત જેવા પણ અંદરથી મૃદુ ટાંકણાંના પ્રહાર વડે, અલૌકિક પૂતળાં ઘડવાંછે, તે ઘડીને ગેલેશિયાના શિલ્પીએ જેમ હેને સજીવ કરી હતી તેમ, તેથી પણ અધિકગુણ ચમત્કાર વડે, એ પૂતળાંને જીવતાં જાગતાં ચલાવવાં હલાવવાં છે. અને તેમ થયેલું આપણે જોઇયે જ છિયે. વાર્તામાં આ જોડાને ઘડનાર સર્વ પ્રસંગો અહિં ગણાવી સકાશે નહિં. પરંતુ આ પૂતળાં ઘડાયાં, સજીવ થયાં, તે ક્રમ જોવાય તેટલા જોઇયે. મંજરીને કાકભટ્ટ નહિં પણ કાકભટ જ જણાયો, પંડિત નહિં પણ માત્ર વિદ્યાવિમુખ લઢવૈયો જ નજરે પડ્યો, તેથી હેના આદર્શમાં એક ક્ષતિ પ્રગટ થઈ. મંજરી પોતે અસાધારણ વિદ્યાસંસ્કારવાળી અને આ વિદ્યાહીન–એ બેનો યોગ જ કેમ્હાંથી ઘડાય! બંભાતથી પાટણ જતાં, કાકની વિદ્યાશૂન્યતા જણાયા પછી, ગર્વિષ્ઠ મંજરી કાક જોડે થોડું બોલતી, મહેરબાની કરતી હોય તેમ ગર્વથી અને દયાથી જોતી અને કાક પોતે "નન્દી પાર્વતીને જે માન આપે હેવા માનથી તહેના સ્હામું જોઈ રહેતો," તહેની સેવા કરી કૃતાર્થ થતો હતો. મંજરી ગર્વિષ્ઠ હતી છતાં શુદ્ધ સંસ્કારી, નિખાલસ હૃદયની, આનન્દી, હતી, તેથી જડ કાકની સસંકોચ વાતોમાં કાંઇક રસ લેતી હતી. કાકને માર્ગમાં મંજરીથી છૂટા પડવું પડ્યું; પછી અન્ય પ્રસંગો ઓળંગી પાછા મંજરીને અને કાકને પાટણમાં આપણે જોઇયે: મંજરીના આદર્શનું દર્શન કરિયે. હેના પોતાના જ શબ્દો સાંભળીશું:

"આ!...હું તમ્હારા કાળની નથી.—ત્રિભુવન ગજાવનારા મહાકવિયોના કાળની છું; હું પાટણની બ્રાહ્મણી નથી—પણ બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્રને ખોળામાં છુપાવવાની હોંસ ધારતી બીજી અનસૂયા છું."

"મ્હારા રૂપમાં ભયંકર શક્તિ છે: એટલે લાલસાના સેવકો દુઃખ

દેવા આવશે, દુઃખ દેશે—રીબાવશે. પણ હું કો'ને પરણું?...જ્યહાં જોઉં છું ત્યહાં વ્હેંતિયાઓ નજરે ચઢેછે. હેમાંથી કો'ની દાસી થાઉં?"

મંજરીના તો નાથ ઘણા હતાઃ હેણે ગણાવ્યા; કવિવર કાલિદાસ;—હેના નિરંતર સહવાસ, ગગનવિહારી મેઘોનું તેની સાથે દર્શન, પોતાનાં બંનેનાં સંતાનો—શકુન્તલા, પુરૂરવા, માલવિકા; બીજો હેનો પતિ જામદગ્ન્ય પરશુરામ. આમ વિદ્યા અને શસ્ત્રપરાક્રમના મિશ્ર આદર્શો પૂજનારી મંજરી છે. હેનો આદર્શપતિ તો

कैलास इव दुर्धर्षः कालाग्निरिव दुःसहः

હતો. કાશ્મીરાદેવીએ શૂર કાકનું નામ, પતિ તરીકે, સૂચવતાં મંજરી કહે છે.

"બા!...એ તે મોટો યોદ્ધો ને એ મોટો બ્રાહ્મણ! નથી આવડતું સંસ્કૃત—નથી પૂરા સંસ્કાર—નથી મોટો યોદ્ધો." "બા! હું-હું-કાકને પરણું? ક્યહાં હું—અને ક્યહાં લાટનો ભટકતો ભટ!"

આ ગર્વભર્યા વચનો છાનેમાને સાંભળતા કાકે મંજરીના શ્લોકો ગોખવા માંડ્યાઃ कैलासमिव दुर्धर्षम् એ શબ્દો હેના મગજમાં વાગ્યા. પોતાને પરશુરામ આગળ નિઃસત્ત્વ દીઠો. મંજરીને લાયક પોતે નથી એ ભાન થયું. "હું અલ્પ છું, વિશાળતા નથી."—એમ મનમાં લાગ્યું. પછી અન્તરાત્મા ઊછળ્યોઃ મનમાં નિશ્ચય કર્યોઃ "મંજરી! ઠીક છે. તું પણ જોજે, કલિયુગ આવ્યોછે, પણ મારી રગમાં શુદ્ધ, સનાતન, લોહી ફરેછે. તું પણ જોજે કે કાક નિર્માલ્ય છે કે રાજવિમર્દન છે."

બીજો પ્રસંગ વિધિયે—વિધિના સાધનભૂત આપણા કલાવિધાયકે—ઘડ્યોઃ મંજરીને ઉદા મહેતાના સેવકો ઉપાડી જતા હતા તેમાંથી કાકે શૂરતાથી બચાવી. બેભાન અવસ્થાવાળી મંજરીને ખભે ઊચકીને કાક ત્રિભુવનપાલના મહેલ તરફ લઈ જતો હતો. મંજરીએ-બેભાન દશામાં-નિઃશ્વાસ મૂક્યો, "ચન્દ્રની અપૂર્વતા શરમાવે હેવું સુમધુર મુખ આટલું પાસે જોઈ પ્રેમ-અર્ચનાથી તેને વધાવી લેવા" કાકનું હૃદય તલસી રહ્યું. "પણ તેણે પ્રયત્ન કરી મન વાર્યું." મંજરી ભાનમાં આવવા લાગી. કાકે

કહ્યું: "મંજરી! ગભરાતી નહિ." "કોણ કાક! મને પેલો પકડી જાય-છે."–એમ કહી હબકભરી મંજરી કાકને વળગી પડી. અજાણતાં કાકે તેને છાતી સરસી દબાવી.

"શું કામ ગભરાયછે? મેં બદમાશોને મારી હાંકયા–હવે નિશ્ચિન્ત થા. બચ્ચાની ખાત્રી થતાં, પૂરા ભાનમાં આવતાં, મંજરી કાકના હાથમાંથી કૂદી પડી. ભાન સાથે અભિમાન પ્રગટયું. કાકને ગર્વતિર-સ્કારથી જોઈ રહી. બોલીઃ "મને કયાં લઈ જતા હતા?"

કાકઃ "હું?–એમ પૂછો કે હું કયાંથી લઈ આવ્યો. તમને હરામખોરો ઉપાડી જતા હતા. હું અડધો કોશ દોડી તમને પાછો લઈ આવ્યો. તેમાં કાંઇ ગુનોહ કર્યો હોય તો ક્ષમા કરજો."

મંજરી નરમ પડી કાકનો હાથ ઝાલી બોલીઃ "કાક માફ કરો. તમે મને બીજી વખત બચાવી. ચાલો કયાં જઈશું?"

ત્રિભુવનપાલને ઘેર લ્હેને પહોંચાડી, બધાંએ તુષ્ટ થયાં. મંજરી કાશ્મીરાની સોડમાં ભરાઈ. કાકે કથા કહી. કાશ્મીરા બોલીઃ "મંજરી! કાકને હવે શિરપાવ આપ્યા વિના છૂટકો નથી." "શો શિરપાવ?" "આસ્તો!" કહી કાશ્મીરાએ મંજરીના જમણા હાથ તરફ હાથ ધર્યો. મંજરી બ્હીકથી કાશ્મીરાને વળગી પડી. કાક ગયો.

સંયોગોનું અને મિત્રોનું દબાણ વધ્યું. મંજરી નિરુપાય બની. કાશ્મીરાદેવીની યોજનાને વશ થઈ મંજરી કાકને મળી તે વખતે બોલીઃ

"આ માટે મને દગ્ધોછો?" કાક, "હું દગ્ધુંછું?" મંજરીઃ "હા. તમે દગ્ધોછો, બા દગ્ધેછે, પંડિતજી દગ્ધે છે. હું નિરાધાર છું–નબાપી છું–મારા દાદા દૂર દેશ પધાર્યાછે. મારી પાછળ હજાર હાથનો રાવણ પથ્થોછે. તેથી તમે મને ગભરાવોછો; તેથી મને કાંઈ સૂઝતું નથીઃ તેથી મને તમારી સ્ત્રી બનાવવા માગોછો; તમે બધાં આ કેર વર્તાવતાં શરમાતાં નથી?"

કાકઃ "કેર વર્તાવિયે છિયે? તમને એમ લાગેછે? તો મારે નથી પરણવું." મંજરી તિરસ્કાર અને કટાક્ષથી બોલીઃ "ના. તમે શા માટે

ના પાડો? તમે બબ્બે વખત મને મરતી બચાવી; કાશ્મીરાબા કહેછે કે તમે મારા હાથના અધિકારી થયાછો."

[ હાથનો; હૃદયનો નહિ; હૃદય આપવાને મંજરી તૈયાર નથી.]

કાકઃ "પણ હું કયાં કહું છું?"

મંજરીઃ "તમે ભલે મ્હોડે નહિ કહેતા હો—મનમાં કહેતા હશો."

[કાકની મૂલ્યતુલનામાં મંજરી ભૂલ્ય કરતી હતી; કેમકે]

કાક બોલ્યોઃ "શા માટે જુદું કહું? હું જાણું છું કે તહમારો પતિ થવાની મ્હારામાં યોગ્યતા નથી. તહમે વિદ્વાન છો. હું વગર ભણેલો છું, તહમે સંસ્કારી છો, હું ગામડિયો છું. હું અધિકારી નથી. માત્ર દાસ છું."

છતાં પરણવા તૈયાર કેમ થયો હતો? મંજરીના પ્રશ્નના ઉત્તરમાં કાક ખુલાસો આપે છેઃ "તહમારે માટે. તહમારે માથે ચક્ર ભમે છે તે ખબર નથી?"

મંજરી બીજાને પયણે તો ઉદો તેની પૂછ્ય છોડે; કારણ કે મંજરી કરતાં આબરૂ ઉદાને વ્હાલી હતી.

"તહ્મારે પરણ્યા વિના મ્હારો છૂટકો જ નથી." તિરસ્કારથી મંજરી બોલી.

કાકઃ "હા. કાં તો મ્હારી સાથે કે જૈન મંત્રી સાથે."

મંજરીઃ "તહને પરણીને શું કરશો?"

કાકઃ "તે પરણ્યા પછી કહીશ."

મંજરીઃ "તહમે જાણો છો? હું ગર્વિષ્ટ છું; મ્હારા આચાર વિચાર વિચિત્ર છે. તહમને તે કેમ રૂચશે?"

કાકઃ "તે મ્હારે જોવાનું છે."

મંજરી ધ્હાર જવા તત્પર થઈ; કાક બારણા આગળ માર્ગ રૂંધીને ઊભો.

મંજરીને લાગ્યું કે તહેના સ્વાતન્ત્ર્યનો, સંસ્કારનો, તહેની શુદ્ધતાનો, ભવિષ્યનો વિનાશક—યમરાજ ત્હાં ઊભો હતો. એ વિચાર આવતાં તહેની હિમ્મત, ગૌરવ, દૃઢતા જતાં રહ્યાં. તહેણે આંખપર હાથ મૂકી રડી

દીધું. કાક પીગળ્યોઃ "મંજરી! શું કામ રડે છે?" "અનાથને નસીબે આંસુ. બીજું શું?" "મ્હારે નાથ થવું છે, ને એ આંસુ સુકવવાં છે."

મંજરી (આંસુભરી આંખ્યે કાક તરફ જોઇનેઃ) "કાક! તમે મ્હારા પર અનહદ ઉપકાર કર્યો છે." થોડી વાર જોઈ રહી. કાક આંસુસરમાં તરતાં બે અપૂર્વ કમલો, નિરખી રહ્યો.

"એક ઉપકાર વધારે કરશો?"—દયામણો અવાજ, મુખચર્યા, મંજરીના વચનને અજેય બનાવતાં હતાં. કાકે કબૂલ કર્યુંઃ "જે કહેશો તે."

"મ્હને પરણ્યા પછી મ્હારા દાદાને ઘેર મૂકી આવજો."

આ વજ્રાઘાત પડ્યો. મંજરી ચાલી ગઈ. આમ મંજરીએ કાક જોડે લગ્ન કબૂલ કર્યું.

કાક ધર્મસંકટમાં પડ્યો. ઘડભાંગ મનમાં થઈ; હેનું હૃદય ત્હેમાં વળી ઘડાયું. નિશ્ચય કરી ઉદા મહેતાને સમઝાવવા ગયો કે મંજરીને સતાવવાનું છોડી દે;—કાકનો ઉદ્દેશ એ હતો કે ઉદો છોડી દે તો નિર્બળ મંજરીને પોતાની જોડે લગ્ન કરવાની ફરજ પડે નહિ અને એ મુક્ત રહે, અને લગ્ન વિનાની રહી સુખી થાય. કાક કપટી ઉદાથી હાર્યો. હેણે મન આપ્યું નહિ, તો વચનની તો વાત જ શી? કાક આ પ્રસંગમાં મંજરી તરફના ઉદાર પ્રેમને બળે ઉદા આગળ ભોળો બની ગયો. હેને યુક્તિમાર્ગ આવડ્યો જ નહિ.

આખરે મંજરી અને કાક સંયોગબળના દબાણે બંધાયલી લગ્ન-ગ્રન્થિમાં જોડાયાં. બસ, એટલું જ. કાશ્મીરાદેવીએ **શી**નલદેવીને એક વાક્યમાં કહ્યું તે રીતે,—ઉદો એ છોકરીને પરણવા માગતો હતો, એટલે એ બેને (કાક અને મંજરીને) કાશ્મીરાદેવીએ પરણાવી **દીધાં**.

ખરે! આ તે પ્રેમલગ્ન? હૃદયલગ્ન?—પણ કલાવિધાનકુશલ કવિ, વિધિની પેઠે જ, હૃદયનાં નીચેનાં પડ નીચે થઇને વ્હેતાં ઝરણોની ગતિ જોઈ સકે છે, અને યોગ્ય સમયે, અને યોગ્ય ભૂમિકા આવતાં, તે પ્રવાહ-ને ઉપર ખેંચીને સર્વ હૃદયભૂમિને ભીંજવેછે, પ્રેમકુસુમોને ક્રમે ક્રમે પ્રગટ કરી હસાવેછે; તે આપણે આગળ ઉપર જોઈશું. એ ઝરણની ઝાંખી અણધારી આપણને થાયછે; **સ**જ્જનમહેતાના **ઘ**રની વાડીના

પાછલા ભાગમાં કાવત્રાબાજોનું મંડળ ભરાયું હતું ત્હેમાં કાકે અપૂર્વ રાજ-નીતિનો ઉપદેશ ગૌરવભેર કર્યો તે વખતે, ગુપ્ત વેશે ગુપ્ત રહેલાં ત્રિભુવન-પાલ, કાશ્મીરાદેવી, અને મંજરી, એ ત્રણના હૃદયમાં કાકના પ્રભાવની નવીન છાપ પડી; મંજરીના લગ્ન પછી 'આનંદરાત્રિના અનુભવ'માં કટુ પ્રસંગોમાંના એક પ્રસંગનું સ્મરણ–કાકે ઉશ્કેરાઈ જઈને પોતાનો અધિકાર લીધો, "તું મારી છે, સમઝી?" એમ કહી એક છલંગ મારી મંજરીને ભુજયુગલમાં ભીડી, "પ્રચંડ ઊર્મિઓના સત્ત્વ સરખું એક ચુમ્બન ત્હેને કર્યું," તે સ્મરણ, એ "ત્હેના હોઠના અશુદ્ધ સ્પર્શનું" સ્મરણ–મંજરીના હૃદયમાં હજી સાલતું હતું, કાક તરફ તિરસ્કારનો ભાવ ચાલૂ હતો. એ "બધી કડવાશમાં જાણ્યે અજાણ્યે એક અમીનું બિન્દુ પડ્યું."–આ અમીબિન્દુ કવિની કલ્પનાની ઉચ્ચવિહારિણી મેઘમાંલામાંથી પડ્યું. આગળ ઉપર રસમય વનવાટિકા ખીલી, તે આ બિન્દુના પ્રતાપે.

આ કાવત્રાબાજના મંડળમાં અણધાર્યું ભંગાણ પડવાની સાથે ગુપ્ત વેશે આવેલો ઉદો ગુપ્ત વેશવાળી મંજરીનું હરણ કરી ગયો! કાક સોધવા નીકળ્યો. ઉદાની કપટયુક્તિથી ઊંધે માર્ગે સોધમાં ગયો. ઉદાએ ગુપ્ત ભાંયરાના ખંડમાં સંતાડેલી મંજરી અને તે જ સ્થળે અન્ય ખંડમાં પૂરાયલા કીર્તિદેવ વચ્ચે સંસ્કૃત શ્લોકમાં વાર્તાલાપનું પ્રકરણ અસ્થાને જણાતું હોય તો ભલે, આપણી આ ચર્ચાનાં વિષય બે પાત્રોના હૃદય-વિકાસ માટે તેમાં કલાવિધાને વેરેલાં બીજ જોઈએ. તું કો'ની પત્ની? એ પ્રશ્નનો ઉત્તર આપતા પ્હેલાં કાક વિષયે મંજરીની હૃદયવૃત્તિમાં જે ક્રમશઃ ફેરફાર થયે ગયાછે તે એ પ્રકરણમાં જોઈ લેવાની વાચકને વિનંતિ કરવી બસ છે.

આખરે કાકને બુદ્ધિની અને દૈવકૃપાની મદદથી મંજરીના કેદ-ખાનાનો પત્તો લાગ્યો. મંજરીએ કીર્તિદેવ વિના આવવાની ના કહી. નિરાશ થઈ કાક પાછો ગયો. બીજે દહાડે રાત્રે પાછો બંનેને છોડવવા આવ્યો, તો કીર્તિદેવે સ્મરણ આપ્યું—કાલ ભૈરવને મ્હારો પિતા કોણ તે પૂછી આવવાના વાયદાની આ રાત્રિ છે; તે પૂછવાને કાકને મોકલ્યો.

દરમ્યાન ઝીણી ઝીણી બાતમી મેળવી સર્વજ્ઞ બનેલો મુંજાલ કેદખાનાની ચુસ્ત જગામાં આવ્યો; કાકે તૈયાર રાખેલાં કૂવા ઉપરનાં દોરડાં કપાવી નાંખ્યાં; કાક કાલભૈરવને સ્થાનકેથી પાછો આવેલો મુંજાલના મૂકેલા સેવકોને હાથે પકડાયો. આ વખતે મુંજાલ અને કીર્તિદેવ વચ્ચે પ્રબળ દ્વંદ્વયુદ્ધ ચાલી રહ્યું હતું! મંજરી આ યુદ્ધ જોતી સંતાયલી ઊભી કાકને આવવાની વાટ્ય જોતી અધીરી બની; અને "કાક જેવા અપ્રતિમ વીરની અણમોલી જિંદગીને તહેણે અને કીર્તિદેવે નકામી જોખમમાં નાંખી હતી" એમ તહેને લાગ્યું! આમ કાક તરફ વૃત્તિ બદલાવામાં બીજવિકાસનો ક્રમ ભરાયો. હૃદયભાવ અને કલ્પનાબળ બંનેના પ્રભાવથી, સૌભાગ્યનાથો મમ જે'ને વર્ણવેલો તહેની તરફ હૃદય ઊલટયું. મુંજાલ કીર્તિદેવનો વધ કરે તે પહેલાં "ખબરદાર!" એમ ગૌરવયુક્ત કાકની ગર્જના થતાં ચક્કર ફરી ગયું. કાક ઉપર મુંજાલે તરવાર ઉગામી તેટલામાં તો કૂદીને મંજરી વચમાં પડી. "કોણ છે તું?" એ મુંજાલના સક્રોધ પ્રશ્નના ઉત્તરમાં "હું! કાકભટ્ટની અર્ધાંગના" એમ મંજરી બોલતાં, "તું અહિયાં કયહાંથી?" એમ પૂછયું એટલે–"મ્હારા સૌભાગ્યનાથની સાથે" કહી મંજરી કાકને ગળે વળગી રહી.–બધા ખુલાસા થઈ ગયા; સમાધાન થઈ ગયાં! બધાં રાજગઢ ગયાં.

બીજે દિવસે મંજરી તથા કાક જૂનાગઢ જવાને નીકળ્યાં. રસ્તામાં મંજરીના હૃદયમાં વળી આર્દ્રતા વધવાના પ્રસંગ બન્યા; કાકનો વારો ગર્વ ધરવાનો આવ્યો; મંજરીનો ગર્વ શિથિલ થયો. જયદેવ મળ્યા,—અણધાર્યા; ખેંગાર નાહો, તહેને પકડવાને તહેની પૂંઠે પડવાનું કર્તવ્ય કાકને માથે આવ્યું; મંજરીને સોમની જોડે જૂનાગઢ હેના માતામહને ઘેર મોકલી દીધી. જૂનાગઢમાં કાક ખેંગારનો કેદી થયો; મંજરીએ બુદ્ધિચાતુર્યથી તહેનું કેદખાનું સોધ્યું; તહેને છોડાવીને તેની જોડે જંગલમાં પ્રયાણ કર્યું; અંતે કેટલાક આશ્ચર્યજનક પ્રસંગોમાં ભાગ લીધા પછી એ જોડું અણધારી રીતે પાટણ પહોંચ્યું. ગુજીમન્વેતિ શ્વા એમ તિરસ્કારવચન આરંભકાળમાં, મદમત્ત દશામાં, બોલનારી મંજરી કાકની જોડે હંસની હંસી બનીને રહી. આ હૃદયપરિવર્તન અદ્ભુત છતાં વિકાસક્રમો વાર્તાના

પ્રસંગો વડે રચાયલા ધ્યાનમાં લેતાં ચમત્કારરૂપ તજી દેછે; ચમત્કાર માત્ર વાર્તાકારની કલાનો જ દીપેછે.

આ હૃદયપરિવર્તનમાં ત્રણ મુખ્ય ક્રમસ્થાન છે તે નજરમાં ગોઠવવાથી રસ પડે એમ છે. હસ્તદાન થયા પછી પ્રથમ રાત્રિયે "આનન્દરાત્રિનો અનુભવ" એ પ્રકરણમાં પ્રથમ ક્રમ છેઃ જે'માં કાકનો સગર્વ તિરસ્કાર કરનારી મંજરીનાં તીક્ષ્ણ વચનો સાંભળી કાક એકવાર બલાત્કારચુમ્બન કરેછે, તરત મંજરીના ખડખડ હસવાથી અને વિશેષ તિરસ્કારવચનોથી કાક ગ્લાનિ પામેછે, અને છેવટે પથારીમાં મંજરી અને બારણાના ઉંબરા પાસે પાદડીનું અશીકું કરીને કાક–એમ રાત્રિ ગાળી "આનન્દરાત્રિનો અલૌકિક અનુભવ બંનેને થયો" વર્ણવોંછે.

બીજો ક્રમ, કીર્તિદેવની જોડે મુંજલનું સમાધાન થયું, ગુપ્ત કેદખાનામાંથી મંજરી તથા કીર્તિદેવ છૂટ્યાં અને રાજગઢમાં બધું મંડળ ગયું, તે વખતે મુંજલે કાક અને મંજરીને માટે રાજગઢમાં જુદી મેડી તૈયાર કરાવી હતી, ત્યહાં પ્રગટ થાયછે. અહિં કાક અને મંજરી વચ્ચેના વૃત્તિવર્તનના દાવ ઉલટાઈ જાયછે. ગર્વમત્ત મંજરી જતી રહીછે, કાકનાં પરાક્રમોથી ઊભરાતા હૃદયવાળી મંજરી પોતે કલ્પનાસૃષ્ટિમાં પરણેલા કાલિદાસ અને પરશુરામને વીસરી ગઈછે. જીવન્ત સૃષ્ટિનો વીરકેસરી કાક હેની નજર આગળ રમી રહ્યોછે. "મગજમાં અનેક ભાવો ઉદ્ભવતા હતા, અનેક રસવાક્યો ઝરતાં હતાં. હેનું હૈયું અનેરાં પુષ્પે હેના સૌભાગ્યનાથને ઓવારવા તલસી રહ્યું હતું. હેનો પતિ હવે પોતાને લાયક હેને લાગ્યો."

કાક પ્હેલાંની પેઠે ઉમળકાભેર હેને હૃદય સરશી લેશે એમ મંજરી આશા રાખતી હતી. પણ કાક, મેડીમાં પેસતાં વાંત, જુદો જ થઈ ગયો; શાન્ત, સ્વસ્થ, તિરસ્કારપૂર્ણ મુખથી કાક ઊભો. હવે ગર્વનો હક અને વારો કાકનો આવ્યો. એક રાત્રિ પૂર્વે જ મંજરીએ કરેલું અપમાન કાક ભૂલી ન્હોતો ગયો; અને મંજરીની હૃદયપરિવૃત્તિ એ પારખી સકયો ન્હોતો. હેના "ગર્વના ચૂરેચૂરા કરવાને માગતો હતો." "આનન્દરાત્રિ"ને દિવસે કર્યું હતું તેમ, પરંતુ બવાયલા કાકે નહિ પણ વિજયગર્વી કાકે, પાદડીનું

અશ્રીકું કરી બારણા આગળ સૂવાને તૈયારી કરી. મંજરીનું હૃદય ઊંડું ઊંડું ચીમળાઈ ગયું. ધીમેથી એ પાસે આવી. પૂર્વનાં ગૌરવ ને ગર્વ જતાં રહ્યાં હતાં; ક્ષોભથી હેની નસેનસ કાંપતી હતી. "તમે જૂનાગઢ જવાના છો?" આટલું જ બ્હીતી બ્હીતી પૂછેછે.

કાક બેદરકારીથી જવાબ દેછેઃ "હા. તમને અમાવાસ્યાએ લઈ જવાનું વચન આપ્યું હતું તે પાળીશ, ગભરાઈશ નહિ."

થયું. આર્દ્રતાની આશા વ્યર્થ થઈ! ઉલટું અપમાન મળ્યું. મંજરીનો ગર્વ ઘવાયો. હૃદયના ભાવો વણબોલ્યા રહી ગયાઃ તે ખિન્ન હૃદયે પણ કૃત્રિમ દૃઢતાથી પથારીમાં આવીને પડી.

થાકેલા કાકે નિરાંતે ઊંઘવા માંડયું, હૃદયની વ્યથાથી ગૂંચવાઈ રહેલી મંજરી જાગતી જાગતી પડી રહી. પતિ હતો, છતાં હેની મેડી સૂની હતી.

આ "મંજરીની મેડી"નું બીજું દર્શન! કેટલા બનાવોના અંતર પછી, પણ એનું એ છતાં, જુદું. આ ગર્વપ્રધાન જોડાને માટે honey-moon, વધૂમાસ, જુદા જ પ્રકારનો વિધિ-કવિયે, કવિ-વિધિયે, નિર્માણ કર્યો હતો.

એ ત્રીજા ક્રમનું દર્શન કરતા પ્હેલાં તે માટેની તૈયારીના બનાવો જોઇયેઃ કાકે મંજરીને જૂનાગઢ તેના દાદાને ઘેર મોકલી દીધી; પોતે અણધાર્યો ખેંગારનો કેદી થયો; મંજરીએ સંકટમય પ્રસંગો વ્હોરી પુરુષવેશે જઈ કાકનું ગુમ કેદખાનું સોધી કાઢયું, હેને મળી, છોડાવ્યો; ત્યારે પણ કાક એકલો જવા તૈયાર થતાં મંજરી પોતાની મેળે હેની જોડે ગઈ; શુનીમન્વેતિ શ્વાનો અનુ-ક્રમ ઉલટાઈ ગયો. પાટણથી જૂનાગઢ આવતાં ચાર દહાડાની મુસાફરીમાં મંજરીના ગર્વનું મર્દન થઈ ચૂકયું હતું; ગર્વ, કાક તરફ અપમાનાદિકવાળું વાક્ય, ઇત્યાદિ માટે પશ્ચાત્તાપ થયો. મંજરીએ પોતાની ગર્વની ભૂલ્યો જોઈ; સંકલ્પ કર્યો કે "હવે નવું જીવન શરૂ કરવું–કાકને પગે પડવું, ક્ષમા યાચવી, હેની દાસી બની રહેવું." કેમકે–"પ્હેલાં કાકની બુદ્ધિ વિશે વિચાર આવતા, હેના શૌર્યને બીજા સાથે સરખાવતી, હેના રૂપની બીજા સાથે તુલના કરતી, હવે નજરે માત્ર કાક જ દેખાયો. પ્હેલાં કવિની નજરે

હેનું રૂપ જોતી–બ્રાહ્મણ કન્યાની નજરે હેના સંસ્કાર જોતી–વીરાંગનાની નજરે હેનું શૌર્ય જોતી; હવે એક જ દૃષ્ટિબિન્દુ રહ્યું–સ્ત્રીનું. હેની અસ્વસ્થ કલ્પનાશક્તિયે હેને માત્ર જોયો–પુરુષોત્તમરૂપે જ. પહેલાં માત્ર મન સાથે રહેવાની ઇચ્છા કરતું, હવે હેનું હૃદય, હેના અંગે અંગમાં છૂપાયલું ભયંકર સ્ત્રીત્વ, હેને માટે તલસતું હતું."

આ ઊર્મિનો આવેગ જોઈ મંજરી ગભરાઈ, પોતાના ઉપર તિરસ્કાર આવ્યો, છતાં કાંઈ વળ્યું નહિ. એક 'સજ્જનજૂના' પણ ઉદ્દામ આવેશે સામ્રાજ્ય સ્થાપ્યું. આ સ્થિતિ જોઇને "જેમ ધરતીકંપ થતાં પાતાલ દેખાય તેમ સંસ્કારી મંજરી આ વિચારપાતાલ જોઈ કાંપી ઊઠી, પણ આ પાતાલ દેખી ન્હાશી જવાની શક્તિ ન્હોતી, તેમ મન પણ ન્હોતું. હેણે એ પાતાલમાં પડતું મૂકયું."

આ પૂર્વની ગર્વમત્ત યુવતીના હૃદયના ઊંડાણમાં ઊતરવું હોય તો 'ગર્વમર્દન'નું પ્રકરણ વાંચવું. સારાંશ એટલો જ કે આમ બદલાયલા હૃદયની મંજરી તરફ કાક તો હજી અડગ જ રહ્યોછે. ગુમ સ્થાનથી છૂટેલા કાક જોડે મંજરીએ જંગલમાં પ્રયાણ કર્યું; વિષમ, માર્ગહીન ભયંકર જંગલમાં.

આટલા વિષમ પ્રસંગોમાં થઈને આવેલી મંજરીને હવે કાકે પારખી હતી. અપ્રાપ્ય માનેલું સુખ હાથમાં આવ્યું; હેના આનન્દનો પાર રહ્યો ન્હોતો. મંજરીને છાતી સરશી ચાંપવાને એ ઉત્સુક થયો; પણ હેનું ડહાપણ આ વખતે પણ ગયું નહિ. મંજરીનો સ્વભાવ એ જાણતો હતો, હાવી અધીરાઈથી હાથમાં આવેલું સ્વર્ગ તે ખોવાને ઇચ્છતો ન્હોતો. મૂગે મ્હોએ વિકટ અરણ્યમાર્ગમાં ઠંડે પેટે મંજરીને દોર્યે ગયો. મંજરી કાકની આ ઊર્મિહીન વર્તણુકથી ચીઢાઈ. જીવનમાં કોઇને રીઝવતાં હેને આવડયું ન્હોતું. "કોઇ સામ્રાજ્ઞી સેવકના આલસ્યથી અધીરી બની ગુસ્સે થાય તેમ તે અત્યારે ગુસ્સે થઈ." પણ નિરુપાય બની. કાક અચલ રહ્યો. "સ્મરસખી હસતી નવચન્દ્રિકા" પ્રગટ થઈ. વિષમ ટેકરી, ન્હાનાં ઝાડ, વિષમ પથરા, નીચે તળેટીમાં ઝાડનાં ઝુંડ, હેમાંથી આવતા ભયાનક પ્રાણીઓના શબ્દો, દૂર ગગનભેદી ગિરનાર;–આ ચિત્રભૂમિમાં આ પ્રેમદર્શનહીન પ્રેમી જોડું આપણને કવિ દેખાડેછે. કાક માર્ગ જોવાને નીચે જઈ

પાછો આવ્યો; દરમ્યાન મંજરીના હૃદયમાં પ્રેમની માળા જ જપાતી ચાલતી હતી; પણ કાક તો હતો તહેવો જ અક્ષુબ્ધ! 'આ ભેંશ આગળ ભાગવત!' એમ મનમાં બબડી મંજરીએ ઓઢ કરડ્યા. "હેનાં નસકોરાં ફાટતાં હતાં; હેની આંખોમાં મદ હતો! હેની છાતી ઊછળતી હતી."

કાકનો હાથ પકડવા ઊઠી. તેમ કરતાં હેને પ્રાણ ગયા જેવું લાગ્યું. કાકને બે હાથવતી કચરી નાંખવાનું મન થયું:—એકદમ મંજરીએ ચીસ પાડી. "શું થયું?" કાક ગભરાયો. તીક્ષ્ણ ધારવાળા પથ્થરથી મંજરીનો પગ કપાયો હતો. હેની વેદના કરતાં અંતરનો કચવાટ વધારે દુઃસહ હતો; આ માર્ગે તે કાંઇક નીકળ્યો. "પગ કપાયો!"—તિરસ્કારથી મંજરી બોલી. કાકે હેને શિલા ઉપર બેસાડી. "બહુ વાગ્યું?"—ગભરાયો. મંજરીનો પગ તપાસવા લાગ્યો. લોહીના પ્રવાહ કરતાં કાકના હસ્તસ્પર્શથી હેને વધારે દુઃખ થતું હતું. કાકે ધૂળ ખંખેરી, ધા સાફ કર્યો. ધોતિયું ફાડીને પાટો બાંધ્યો. કાકે આ બધું નિર્વિકાર ચિત્તે કર્યું. મંજરીની ધીરજ રહી નહિ. દુઃખવાળો પગ ઊંચકી મંજરીએ કાકને લાત મારી. "તે પળે તે મંજરી ન્હોતી—જોગમાયા બની હતી."

કાક ચમકયો; ઝાડવાં પકડી બેઠક જાળવી મંજરી ભણી જોઈ રહ્યો.

"તમે તે માણસ છો કે રાક્ષસ?" કાક કાંઈ સમજયો નહિ. જોઈ રહ્યો. મંજરીએ હાથ વડે આંખ્યો ઢાંકી દીધી અને પોતાના ખોળામાં માથું નાંખી રોઈ પડી. ઊંચા નીચા ઊછળતા ભાવોએ આ સ્ત્રીત્વસુભગ માર્ગ લીધો.

"આ શું કહેછો? તમને આંખ્યો નથી? શા માટે રીબાવોછો? હું કમ્હારની તલસુંછું. મ્હારો જીવ જાયછે, તમને હૃદય છે કે નહિ? ભટજી! ભટજી!"—કહી મંજરી ડુસકે ડુસકે રોવા લાગી.

કાકના હૃદયમાં પ્રકાશ થયો. હૃદયમાં પ્રેમજ્વાલા ફૂંકાઈ હતી તે બ્હાર નીકળી. કૂદીને કાક મંજરીની પાસે આવ્યો, તેને ભુજયુગલમાં લીધી—બળજોરીથી હેનું મુખ ઊંચું કર્યું "તે મુખ ઉપર કામદેવની કલમે લખાયલી દિવ્ય લિપિ તેણે વાંચી—તેને હાથમાં લીધું—છાતી સરસું ચાંપ્યું—તેનાપર ચુમ્બનો વરસાવ્યાં."

—આ વીર વીરાઙ્ગનાનું અલૌકિક સંવનન! આકાશમાંથી દેવોએ આ સ્થળે દિવ્ય પુષ્પ વરસાવ્યાં હશે તો નવાઈ નહિ.

"મંજરી બોલી નહિ–મૂગે મ્હોએ સુખનું સિંચન સહ્યું. થોડીવારે બે હાથે કાકને તમાચા માર્યા.

"મ્હારા જીવ જતા હતા તે ન્હોતા જોતા?"

"મ્હારા જીવ જતા તેં કેટલીવાર જોયા? તેનું કાંઈ નહિ?"

"હું તો મૂરખ હતી–મૂરખ." કાકની છાતીમાં માથું છુપાવી મંજરીએ કરેલાં પાપોનો પશ્ચાત્તાપ કર્યો.

"મૂરખ! અસંસ્કારી તો હું", કાકે કહ્યું.

"તોપણ તમ્હારી દાસી."

"તેમાં જ અત્યારે લાત મ્હોડી કાઢી."

"ભટજી! એ પાપ થયું."

"તેનું પ્રાયશ્ચિત્ત કર્ય."

"શું?"

"આ"—કહી કાકે તેને ભુજયુગલમાં લીધી.

"કૌમુદી અમી વર્ષાવી રહી; વનપતિયે હર્ષનાદે ગગન ગજાવ્યું. એક રાની બિલાડો ઝાડીમાંથી નીકળી દૂરથી જોઈ રહ્યો; અને થોડી વારે ડહાપણથી ડોકું ધૂણાવી પોતાની સ્ત્રીને માનવ જાતિની મૂર્ખાઈની વાતો કહેવા ધીમે ડગલે ચાલ્યો."

આ ચિત્ર કેટલું ગંભીર દર્શનથી, સાદા કલાવિધાનથી કવિયે ચીતર્યું છે! અક્ષયત રાની બિલાડાની નિસર્ગ સેવનારી ફિલસુફી ઊંચી હશે; અને આ સરળ, અલ્પ શબ્દોમાં સમાયેલી કટાક્ષટીકા (satire) ને માનવજાતિ પાત્ર હશે; તો પણ આ કવિ બીજી દૃષ્ટિથી જોશે તો હેમની સરજેલી આ માનવસૃષ્ટિમાં મૂર્ખાઈ ન્હોતી. અલૌકિક સામગ્રીથી ઘડાયલાં, પ્રચંડ ભાવો, ગર્વ, મદ, ઉચ્ચ આદર્શ વગેરેથી ભરેલાં પાત્રોનો હૃદય, જીવન, સર્વનો ઘાટ આ શિવાય અન્ય માર્ગે ના જ ઘડાત. કવિ! તું પોતે પોતાને આ રાની બિલાડા મારફત અન્યાય આપેછે. છતાં એ રાની

બિલાડાનું ચિત્ર સત્યનું એક પાસું દેખાડનારું હોઈ મ્હને બહુ જ ગમ્યું છે.

આ કાક અને મંજરીની અલૌકિક "મેડી"! ઊંચે તારકમણિમંડિત નીલગગન; આળૂબાળૂ જંગલનાં ઝાડ, પાષાણનાં આસનોથી ભરેલી વનભૂમિ તે પ્રેમલીલાગૃહ; પ્રત્યક્ષ વનકેસરી જેવા યુગલને આથી ચઢિયાતી 'મેડી' શી હોઈ સકે? ખરે, આ પસંદગીમાં પણ કવિનું કલાચાતુર્ય છે. મંજરી અને કાક સામાન્ય પોચી માટીનાં ઘડેલાં પૂતળાં ન્હોતાં; હેમનું સંવનન પણ સિંહસિંહણને છાજતું જ અલૌકિક પ્રકારનું આલેખાયું છે. કઠણ, બાહ્યસ્વરૂપે કઠણ, કવચવાળા, અંદર મિષ્ટ માવાથી ભરેલા, વનફલના માધુર્યનો આસ્વાદ એ કવચ પથ્થર ઉપર ભેદીને જ મેળવી સકાયઃ હેવો જ આ અસાધારણ પ્રેમી જોડાના પ્રેમનો આસ્વાદ હેમને મળી સકે એમ હતું. આ અસાધારણ ચિત્ર ઉપર હવે વધારે નહિ થોભિયે. પરંતુ, જરાક લોભી થઈશું? કવિની સાથે, ઉષાની સાથે—ઉષાએ શું જોયું તે જોઈશું?

"સ્હવાર પડી. ભગવાન દિવાકરની આરાધના કરતી ઉષા વ્યોમમાર્ગે સંચાર કરતાં આ જંગલ પર થોભી, અને ઝાડપાનની ઘટામાંથી પ્રકાશની રેખાઓ વર્ષાવવા લાગી!

"પ્રકૃતિમાતને નિરંકુશ ખેલવાના આ ક્ષેત્ર પર ઉષા રોજ પળવાર વધારે થોભતી; ઘટામાં લપાયેલાં પંખીજનને જગાડી, કલ્લોલમંત્રનો અર્ઘ્ય સ્વીકારતી; ઘટામાંથી તેજસ્વી આંગળિયો વડે સૂતેલા જગતને લાડથી ઊઠાડતી; હિંસક પ્રાણીને હાંકી ન્હસાડી મૂકતી, ને નિર્દોષ મૃગલાંને રમવા આવવા કાંઈ કાંઈ ઇસારા કરતી.

"આજે ઉષા વિસ્મય થઈ ચમકી, વિચારમાં પડી; આ સ્થળે કાંઈ અપરિચિત વસ્તુઓ દેખાઈ.

"એક નર હતો એક નારી હતી; પુરુષવેશમાં. પુરુષ માથા નીચે કામળીનું ઉશીકું કરી ચતોપાટ ઊંઘતો હતો. હેની છાતી પર માથું ને ખભા ઢાળી સ્ત્રી પણ નિદ્રાવશ થઈ હતી. પુરુષનો હાથ સ્ત્રીની કેડની આસપાસ વીંટાયો હતો; સ્ત્રીનો હાથ પુરુષના ગળાની આસપાસ વીંટાવાની વાટ્ય જોતો હતો.

"ઉષાના અચંબાનો પાર રહ્યો નહિ. હેણે અનેક યુગલોને પ્રભાતમાં ઊઠાડ્યાં હતાં–મહેલોમાં તેમ ખેતરોને ખૂણે બાંધેલી કાચી ઝૂંપડીમાં; પણ હાવું યુગલ હેણે કદી ભાળ્યું ન્હોતું. બંને થાકેલાં હતાં. હેમનાં હાથ ને પગ છોલાઈ ગયાં હતાં. હેમનાં વસ્ત્રો ફાટી ગયાં હતાં. છતાં સ્ત્રીના અપૂર્વ મુખપર લક્ષ્મી લાજે હેવું સૌન્દર્ય હતું. હેની શરીરરેખાના લાલિત્યમાં રંભામાં પણ ન જડે હેવી ચિત્તભેદક મોહિની હતી...પુરુષના કપાળપર બૃહસ્પતિની બુદ્ધિ દીપતી હતી, માંચેલી આંખોપરથી ચાણાક્યનું નૈપુણ્ય યાદ આવતું હતું, નાકના મરોડમાં ધનંજયની મહત્ત્વાકાંક્ષા સમાયલી લાગતી હતી, ને ધનુષ્યસમા અડગ પણ રસ ઝરતા હોઠમાં ગોપીવલ્લભ ગોવર્ધનધારીની રસિકતા રહી હોય એમ લાગતું હતું."

વાચકની જોડે આ દર્શન કયહાં સુધી કરીશું? "ઉષાએ શું જોયું?" એ પ્રકરણ વાચકે મેળે જ વાંચી જોવું. કવિને અભિનન્દન આપ્યા વિના રહેવાશે જ નહિ.

આ પાત્રયુગલની માનસિક ઘટનાનો વિકાસ વાર્તાના વૃત્તાન્તો સાથે કેવો ગૂંથાયેાછે, એ ગૂંથણીમાં કલાવિધાન કેવું નવીન છે તે હવે સ્પષ્ટ થશે, એમ આશા છે.

મુંજાલ અને મીનલદેવી, એ પાત્રયુગલ લઈએ. એ બે પાત્રોની ઘટના માટે 'પાટણની પ્રભુતા'માં જવું પડશે. તે લંબાણ અહિં અસ્થાને ગણાય, માટે સંક્ષેપદૃષ્ટિ નાંખીશું, અને તે પણ બંને વાર્તાઓને ભેગી લઈને જ. મુંજાલનો પૂર્વવૃત્તાન્ત "સ્મરણસૃષ્ટિનો અનુભવ" ("ગુજરાતનો નાથ," વિભાગ ૩, પ્રકરણ ૭) માં વાર્તાકારે કલાચાતુર્યથી સૂચવી દીધોછે. સજ્જનમંત્રીની વાડીમાંથી કાવત્રાબાજ મંડળ વેરાઈ જતાં, મુંજાલ એકલો પડ્યો તે વખતે આ પૂર્વપરિચિત સ્થાનના જૂના જૂના સંસ્કાર એકાએક જાગૃત થયા; અને મુંજાલે જાગૃતસ્વપ્નદર્શનમાં જોયું: "તે ન્હાનો છોકરો હતો, આ વાડીમાં ફૂલ ચોરવા આવતો. સજ્જનનો ન્હાનો ભાઈ ને તે ગોઠિયા હતા. દેવસમો દેવદીપ્યમાન તે હતો; ફૂલકુંવર સ્વપ્નામાં સરજેલી અપ્સરા સમી હતી. તે બંને રમતાં, તોફાન કરતાં, આ

ભીંત પર અનેક વખત ચઢતાં. આ બારણેથી અનેક વખત પેશનીકળ કરતાં. તે પરણ્યો. * * * * *

"તહેના પિતા મરી ગયા—તે નગરશેઠ થયો. તહેણે પૈસા ઉડાવ્યા; કૂલકુંવર સહિત, તેમ જ વગર, મોજે કરી; દેશ અને પરદેશ રખડ્યો; કમાયો અને ખોયું.

"તહેને છોકરો થયો. શું કૂલકુંવરનો અને તહેનો હર્ષ! તે આજ બારણે વડીલોથી છાનો, તહેને મળવા આવતો. તે લાડથેલી સુંદરી શા ઉમળકાથી, પત્નીવ્રતથી ચલિત થયેલા પતિને પોતાનો કરવા, હાથમાં લાડકડો પુત્ર લઈ હોંસભરી આવતી. તહેના પિતાની વાડીમાં એક સરવરિયું હતું. તહેની તટે તે બેસતાં.

* * * *

"પછી તે ચન્દ્રપુર ગયો; મીનલદેવીને મળ્યો; તહેનો ગુલામ થઈ રહ્યો. ત્યાંથી પાછો આવ્યો. મીનલદેવી પાટણ આવ્યાં. સામ્રાજ્યતંત્ર સ્વમાં સિદ્ધ કરવા તે મહાઅમાત્ય થયો; રાજ્યતન્ત્ર હાથમાં લીધું; આકાશમાં રહેલા ચન્દ્રની સાથે પ્રણય કરનારાની માફક તે મીનલદેવીને દૂરથી પૂજી રહ્યો; ઘરમાં રહેલી પોતાની નાની પણ રહિવાળી દીપિકા વીસરી ગયો.

"તહેણે કૂલકુંવરની પરવા કરી નહિ. તે કુમળી વેલ કરમાઈ ગઈ. કરમાતાં પણ પળવાર તહેણે ઈર્ષ્યા દાખવી. તે પોતે જબૂની થયો—ક્રૂરતાથી તે નિરાધાર અબલાને દૂર ધકેલી—નિરાધાર પુત્રને ઘર બ્હાર કર્યો. * *

પરિણામે પુત્ર મરી ગયો. સ્ત્રી રીબાઈ રીબાઈ સ્વધામ ગઈ; કૂલ ગઈ, સુવાસ પણ ગઈ."

મુંજાલની પાટણના રાજ્યતન્ત્રમાં અનેક દિશામાં પ્રવર્તતી બુદ્ધિપ્રભાવવાળી રાજ્યતન્ત્રની રમતમાં આપણા મનને ગૂંચવવાને હાલ અવકાશ નથી. પણ એટલું સ્મરણમાં રાખીશું તો બસ છે કે પાટણની પ્રભુતા ભરતખંડમાં સ્થાપવાની ઊંચી આકાંક્ષા મુંજાલનો જીવનમન્ત્ર હતો, હેના આદર્શો ઊંચા હતા, અને બુદ્ધિબળથી પાટણનો તન્ત્ર મુંજાલે એકે હાથે કર્યો હતો,—જો કે તહેમાં અનેક વિઘ્ન નડ્યાં હતાં. આ સર્વ તન્ત્ર-

રચનામાં પ્રેરણા કરનારી, હૃદયને તેમ જ બુદ્ધિને પ્રેરણા કરનારી, મુંજલ-ના હૃદયની દેવી મીનલદેવી હતી. મીનલદેવીએ આનન્દસૂરિને ગૌરવથી કહ્યું હતું તે સાંભળોઃ "મુંજલ મ્હારો જમણો હાથ છે. ચન્દ્રપુરમાં પ્હેલાં ગુજરાતની મોહની મ્હને હેણે લગાડી; મહારાજા સાથે લગ્નની સગવડ હેણે કરી આપી; મહારાજાએ જ્યારે મ્હારા રૂપ પર નાખુશ થઈ મ્હારો ત્યાગ કર્યો ત્યારે હેણે સમાધાન કરાવ્યું; અને તેર તેર વર્ષ થયાં મ્હારે પડખે નિશ્ચલ ભક્તિથી તે ઊભો રહ્યો છે."

રાજ્યતન્ત્રને અંગે ઉદ્ભવતી અનેક ખટપટોને લીધે મીનલદેવી અને મુંજલ વચ્ચે થોડો વખત વિરોધ ઉત્પન્ન થયો. જતિ આનન્દસૂરિની ઊભી કરેલી ખટપટથી હાથમાં આવેલી ક્ષણિક "સત્તાનો નિશો" મીનલ-દેવીના મગજમાં ચઢ્યો, હિત સાધવા જનારા મુંજલને કેદ કર્યો, તે કેદ કરતા પ્હેલાં આ બે જૂના સ્નેહથી જોડાયલાં હૃદયોવાળાં મહાપાત્રો વચ્ચે થયેલા સંવાદમાં પ્રગટ થતું ચિત્ર જુવોઃ

"દેવી!" છેક ધીમે ધાંટે મુંજલે કહ્યું. "પાટણની ગાદી પર કાં તો જયદેવ બેસે કે પાટણ પડીને પાધર થાય; એ સિવાય મ્હારાં જીવતાં બીજું થવા નહિં દઉં. પણ તમ્હારી મતિ વિપરીત થઈછે."

અભિમાનથી ઊંચું જોઈ, આત્મગૌરવ ભૂલી, ક્રોધને વશ થઈ, સત્તાના મદના જોસમાં મીનલ બોલી; "મુંજલ! મુંજલ! વાણિયાની જાત પર જાયછે કે? હાવી રીતે મ્હારી જોડે વર્તેછે? આટલા દિવસ વધારે છૂટ આપી તેમાં કે? તું જાણેછે, હું કોણ છું?"

મુંજલ ભયંકર રીતે હસ્યો. તે સ્વસ્થ અને શાન્ત હતો; "તમે? રાણીમાતા, ક્ષમા કરો; મ્હને ભૂલવાની ટેવ નથી. તમે મ્હારા મ્હોડા આગળ ઊછરેલાં, મ્હારી મહેનતે હુશિયાર થયેલાં, ચન્દ્રપુરનાં કુંવરી; મ્હારી યુક્તિથી આણેલાં તે, અને મ્હારી બુદ્ધિથી માનીતાં કરેલાં પાટણ-નાં રાણી; અને અત્યારે–અત્યારે કહું તો" નીચા વળી મુંજલે મીનલ-દેવીના કાનમાં કહ્યું, "સોલંકીઓના રાજ્યને ભસ્મીભૂત કરવા પેદા થયેલાં જોગમાયા, અને મ્હારે મન નિમકહરામ, અવિશ્વાસી, ભાવહીન, અને સ્નેહ વિનાનાં..." મુંજલ છેલ્લા શબ્દ ખાઈ ગયો. "હવે કાંઈ કહેવું છે?"

**મીનલદેવી**ના ગૌરવને સખત આઘાત લાગ્યો. **મુંજાલ**ને કોઇ પણ રીતે દબાવી દેવો–એ વૃત્તિ પ્રબળ થઈ; આસપાસ જોયું; જતિ અને બીજા બધા હથિયારબંધ ઊભા હતા. **મુંજાલ** ચેતી ગયો. હથિયાર ફેંકી દઈ, જયદેવકુમાર તરફ ફર્યો ને કહ્યું: "મહારાજ! આ મ્હારાં શસ્ત્ર હ્યો. હેનો સદુપયોગ કરશો તો દુનિયાંમાં અમર થશો. મ્હારે હવે હેનું કામ નથી. **આનન્દસૂરિજી**! મ્હને કેદ કરો."

**મીનલદેવી**એ અંધ બની આ પ્રસંગનો લાભ લીધો, **મુંજાલ**ને કેદ કરવાનો હુકમ સેવકોને આપ્યો.

વિપરીત બ્હેણનો, પડતીનો, પશ્ચાત્તાપનો સમય જલદી આવ્યો. **પાટણ** ઉલટ્યું; રાણીની વિરુદ્ધ થયું; **ત્રિભુવનપાલ**નું નામ પૂજાતું થયું; **મુંજાલ**ને મોકલીને **ત્રિભુવનપાલ**ને સમઝાવવાની સૂચના, **મોરારે** કરી ત્યારે **મીનલે** ગૌરવનો ડાળિ કર્યો: "**મોરાર** એ વાત જવા દે. જીવીશ તો રાણી તરીકે; નહિ તો મરીશ. પણ દ્રોહીઓના મ્હોડા સ્હામું નહિ જોઉં." (હજી **મુંજાલ**ને દ્રોહી ગણનારી **મીનલ** છે; અંતરથી? કોણ જાણે.) "જેવી, બાની મરજી." રાણી ચૂપ રહી. **માલવરાજ**ની મદદ લેવાની ક્ષણવાર વૃત્તિ થઈ. **મોરાર**ના ટેકીલા ઉત્તરે રાણીની આંખ્ય ઉઘાડી. વાત હેણે બદલી બીજા દિવસ પર રાખ્યું. આખી રાત્ય રાણી ઊંઘી નહિ. અનેક તર્કનાં ગૂંછળાંમાં મન ગૂંચવાયું. આખર હેના "મન આગળ એક મૂર્તિ ખડી થઈ. રૂપમાં, બુદ્ધિમાં, ઇચ્છાશક્તિમાં, ઈશ્વરસમાન લાગતી મૂર્તિ છેલ્લાં પંદર વર્ષની પીડાના પડદામાં થઈ તહેને ઠપકો દેતી હતી; તહેની મ્હોટી આંખ્યોમાં રહેલાં અકલ્પ્ય તેજે તહેને મૂર્ખાઈ કરતાં અટકાવતાં હતાં; તહેનું અપ્રતિમ વાક્ચાતુર્ય, પ્રેમનાં, શીખામણનાં, ઠપકાનાં, ક્રોધનાં વચનો બોલી, તહેને નાચ નચાવતું હતું. તે મૂર્તિને નિહાળી રાણી હેમાં તલ્લીન થઈ ગઈ; તહેનું હાસ્ય, તહેના શબ્દો, તે ફરીથી અનુભવવા લાગી. તે પળની પીડાઓ વીસારી, **મીનલ** જાણે રાણી મટી સ્ત્રી થઈ ગઈ હોય હેવું લાગ્યું. તહેના હૃદયપર તે મૂર્તિનો કાબૂ નિશ્ચલ લાગ્યો."

આ કાબૂને ખશેડવાને પ્રયત્ન કર્યો; નિષ્ફળ થયો. "વર્ષો પ્હેલાં

પૂરા થઈ ગયેલા નાટકોના પડદા ઉપાડી હૃદય તે મૂર્તિને પ્રભુ ગણવા લાગ્યું; ગણતું હતું તે કહેવા લાગ્યું; સોળ વર્ષના સમયનો વિનાશ કરી મન ચન્દ્રપુરના નિર્દોષ આનન્દ અનુભવવા લાગ્યું; બાપના દરબારમાં મહાલેલાં સુખો ફરી મહાલવા લાગ્યું; તે સ્વચ્છન્દ આકાંક્ષી મન કુમાર અવસ્થામાં હતું. કોઇ સ્વામી માટે તલસતું હતું; તહેણે દરબારમાં આવેલા, દૂર દેશથી વ્હેપારને અર્થે આવેલા, એક નરરત્નને નિરખ્યો; નવા, મોહક ઉભળકાને આધીન થઈ તેના ચરણ આગળ પ્રણિપાત કર્યો. તે પળના આલ્હાદો, પછી અનુભવેલા પ્રસંગોનાં અવર્ણનીય સુખો તાજાં થયાં. મન તે નરરત્નની વદાયે રડ્યું; તહેને મળવા ખાતર તહેણે મેઘધનુષ્યના રંગે રંગેલી દૂર આવેલી ભૂમિ તરફ પ્રયાણ આરંભ્યું; તે ભૂમિના નરપતિને વરી, તે નરરત્નની સમીપ રહેવાનું સ્વીકાર્યું. અને જૂના આલ્હાદો તાજા કરતાં એક અણવીસરેલી પળના અનુભવોનો ફરી અનુભવ કરાવ્યો; તહેના હૃદયની આસપાસ કાંઈ વીંટાયું; તહેના શ્વેહાડા—

"રાણી ઝબકીને જાગી, બેઠી થઈ ગઈ, તહેનું શરીર ધ્રૂજતું હતું, છાતી ઊછળી રહી હતી, આંખ્યો ખ્હાવરી બની ગઇ હતી; તહેના શ્વેહાડા-પર નવોઢાનું પ્રાણહારક તેજ પ્રસરી રહ્યું હતું."

આ હૃદયભેદક સ્વપ્નામાંથી જાગતાં "મુંજાલ! મુંજાલ!" એમ હૃદયના ઊંડાણમાંથી અવાજ આવ્યો. મીનલ ઊભી થઈ ગઈ, જાગી. તહેને ખરી દુનિયાનું ભાન આવ્યું; મુંજાલ કેદમાં છે; પોતે નિરાધાર અવસ્થામાં છે તે યાદ આવ્યું. 'કર્ણદેવ! પ્રભુ! સ્વામી!' તે મનમાં બોલી. પાસે પડેલા બીજા ઢોલિયામાં સૂતેલા જયદેવનું શ્વેહો જોયું; તહેની રેખાએ રેખા તપાશી; તે મુખમાં, તે રેખાઓમાં કાંઈ અપરિચિતતા, કાંઈ કઠંગા-પણું દેખાયું. તરત મન આગળ ત્રિભુવનનું મુખ આવ્યું; તહેની મુખ-રેખાઓ જોઈ; તે જોઈ હૃદય કેમ ભીનું થતું હતું? તે રેખાઓમાં કિયા બીજા નરરત્નની મુખરેખાઓ દેખાતી હતી? તહેના મામાની–'ના ના. પ્રભુ! શું કરવા બેઠો છે?' × × × તે ફરીથી બેશી ગઈ. માથું ફાટતું હતું; હમણાં ગાંડા થઈ જવાય એમ લાગતું હતું. શા માટે મન મુંજાલ

માટે રટતું હતું? આંખ્યો તહેનું મુખ જોતી હતી, કાન તહેના શબ્દો સાંભળતા હતા? **મુંજાલ**ના બાળપણની સખી, અને ગુજરાતની રાણી શું એક હતાં? "ના ના." રાણીએ ઘાંટો પાડીને કહ્યું; "હૃદયમાં પ્રતિશબ્દ માત્ર 'હા' ના જ થયા કર્યા."–**હૃદયનો પુનર્જન્મ થયો.**

આ સમર્થ હૃદયયુદ્ધના પૃથક્કરણ અને એકીકરણના અદ્ભુત મિશ્ર વ્યાપાર વડે કવિ આપણી આગળ આ પાત્રયુગ્મના હૃદયોનું સમળ પ્રતિબિમ્બ ખડું કરેછે; તે સાથે જ પ્રસંગઘટનાના વ્યાપારનું નિદર્શન પણ કરેછે.

પણ હજી **રાણી**નો ટેક પૂરો તૂટ્યો ન્હોતો. **પાટ**ણને ઘેરો ઘાલવો, અથવા **માલવરાજ** જોડે મળી જવું,–તેમ કરતાં વખતે **જયદેવ**કુમારની ગાદી પણ જાયઃ–આ વિકલ્પો ખડા થયા. **પ્રસન્ન**મુખીએ કહેલા બોલ સાંભર્યાઃ "**રેવા**તટ પર જઇને રહો." ગર્વભર્યા મનને તે ના ગમ્યું. તો શા માટે મરવું નહિં? કર્ણદેવ પાછળ સતી થવું?–હા. એ ઉપાય રૂચ્યો.

"પણ જીવતાં નહિં રહેવાય? કોની પાછળ મરવું? **જે'ની વફાદાર સ્ત્રી રહેતાં પણ તે હૃદયમાં વશી સકયો નહિં** તહેની પાછળ?"

(આ હૃદયની દ્વિધા સ્થિતિ! અથવા તો દેહ અને હૃદયની દ્વિધા સ્થિતિ! —વાચક! તરત ન્યાયાસન ઉપર ના ચઢીશ; થોભજે.)

**મુંજાલ** આખર યાદ આવ્યો. તેમ જ રાત્રિના ક્ષોભમય સ્વપ્ન પછી **મુંજાલ**ને જોવાને હૃદય તલસી રહ્યું હતું. એકદમ આજ્ઞા કરીઃ

"**સમર**! **મુંજાલ**મહેતાને મ્હારી પાસે મોકલ."

**મીનલ**નું હૃદય ઊછળવા લાગ્યું. તત્કાળનો પ્રસંગ ભૂલી ગઈ. "મ્હારો **મુંજાલ** આવેછે"–એ જ ભાન રહ્યું. "પંદર વર્ષો પાછાં ધસ્યાં; **ચન્દ્ર**પુરમાં જે **મીનલ** હતી, ઘણે અંશે તહેવી જ, તે થઈ રહી; તે વર્ષો વીત્યાં હતાં, દુઃખો પડ્યાં હતાં, છતાં હૃદયમાં ફેરફાર થયો ન્હોતો."

બેડીઓ કાઢી નાંખેલો **મુંજાલ** આવ્યો; દૃઢ, પ્રભાવશીલ, ચાલે ચાલતો **મુંજાલ** આવ્યો. તહેનું માથું પ્હેલાં કરતાં પણ "વધારે ગર્વથી ગગનમાં વિહરતું હતું. માત્ર મ્હોડા પર અત્યન્ત ગ્લાનિ છવાઈ રહી હતી; હોઠ ભયંકર દૃઢતામાં દબાઈ રહેલા હતા; આંખ્યોમાં દિલગિરી દેખાતી

હતી, સાથે દયા પણ હતી." નીચું માથું કરીને **મુંજાલ** ઊભો રહ્યો. આ "હૃદય અને હૃદયનાથ"ના અપૂર્વ સમાગમનું આખું પ્રકરણ ગમ્ભીર રસ-તત્ત્વના સમર્થ આલેખનથી ભરેલું છે. વાંચકે તે વારંવાર વાંચવું. અહિ નિર્બળ હાથે તેમાંથી સારોદ્ધાર કરીશું:

રાણી અને **મુંજાલ** વચ્ચે તીક્ષ્ણ વાગ્યુદ્ધ થયું, તેમાં **મીનલદેવી**ને વિજય ના મળ્યો; **મીનલદેવી** આખરે દુઃખના ઊભરાને વશ થઈ, ડુસ્કે ડુસ્કે રોવા લાગી; દીન થઇને બોલીઃ

"**મુંજાલ**! હવે તો જરા બીની આંખ્યે જો. આ તહારી કઠોર નજર તિરસ્કારભર્યું મ્હોડું, મ્હારું હૈયું ચીરેછે. હું તહને બીજું કાંઈ નહિ કહું, તહારી પાસે બીજું કાંઈ નહિ માગું: બે બોલ નહિ કહે? તું હાવો મ્હારી સાથે થશે એ મ્હેં કોઇ દિવસ ન્હોતું ધાર્યું."

**મુંજાલ**નો ઉત્તર મૌન; માનખંડિત થયેલા ધીર નાયકના હૃદયમાં એકલો ગર્વ ન્હોતો; **મીનલદેવી પાટણને, સોલંકી** કુળને, ખાડામાં નાંખવા તૈયાર થઈ હતી, આ રીતે પોતે રચેલું રાજ્યતન્ત્રનું, **પાટણની** પ્રભુતાનું, મહાસ્વપ્ન ખરી પડવાને વાર ન્હોતી, તે જોઇને આ વિરલ દેશભક્તને ઊંડો ખેદ થતો હતો, માટે જ મૌન.

**મીનલ** વળી બોલીઃ-"**મુંજાલ**! એક પળ તો ભૂતકાળ ભૂલી જા. તું ગુસ્સે થયોછે તો બે તમાચા માર. અત્યારે હું **ચન્દ્રપુરના** રાજાની છોકરી નથી, **પાટણના** મહારાજાની પત્ની નથી, નવા મહારાજાની મા નથી, હું **મીનલ** છું; **પંદર વર્ષપર તહને જોઈ ગાંડી થઈ રહેનાર બાલા** છું. હું મરીશ, પણ મરતાં પ્હેલાં મ્હને તહારા બે બોલ તો સાથે લઈ જવા દે. **મુંજાલ**! તું તે દિવસ ભૂલી ગયો? તહારાં વચને લોભાઈ હું **ગુજરાતપર** ગાંડી બની; તહને યાદ છે? તું **પાટણની** શી લીલા વર્ણ-વતો હતો? મ્હને અત્યારે એકેએક વાત યાદ આવેછે. **મુંજાલ**! તહને પગે લાગું, એક પળ બધું વીસરી જા. એક વખત હતો તહેવો એક પળ વાર થા. હું ગાંડી થઈ ગઈ છું, મ્હારી સાન જતી રહીછે. પંદર વર્ષ સૂધી મ્હેં સ્વપ્નામાં સંભાર્યા નથી હેવા બાલપણના ઉમળકા તાજા થાયછે. બો

**મુંજાલ**!" કહી રાણી ઉદ્વેગના જોરથી ઊભી હતી ત્યહાં પછડાઈ પડી. **મુંજાલ** હેને પડતી અટકાવવા જરા પાસે આવ્યો, અડધે અટકયો, પછી ટટાર થઈ ઊભો રહ્યો.-હજી હેનો ગર્વભંગ થયો ન્હોતો, **સંયમ**-ગર્વનો, શોકનો, અનેક ભાવોનો પરિણામભૂત સંયમ-તૂટયો ન્હોતો, માત્ર કાંઈક આર્દ્ર થઈને રાણીને આક્રન્દની વ્યર્થતા દર્શાવતાં કહ્યું: "હમણાં તો તમે કર્ણદેવ મહારાજનાં વિધવા રાણી છો."

**મીનલે** આ તીક્ષ્ણ સ્મરણ કરાવનારાં વચનનો જુદો અર્થ લીધોઃ "**મુંજાલ**! ખરી વાત છે, મરતાં મરતાં પણ ખરી મનની ઊર્મિયો કહેવાનો મ્હને શો અધિકાર છે? હું પ્હેલેથી જૂઠી છું. **તમારા દેશમાં આવવા, તમારી પાસે રહેવા,** મ્હેં પારકા હાથ સ્વીકાર્યો; હવે મ્હારે પોતાના હૃદય સાથે શો સંબન્ધ રહ્યો છે? મનસા વાચા જે'નું જીવન બેઅમાન, તેને મરતાં પણ સુખ શું મળે?"

**મુંજાલે** રાણીને વળી ચેતવીઃ "અત્યારે એ મરેલા પ્રસંગો જીવતા કર્યે શો માલ?"

**મીનલ** ધ્રુંલી થયેલી ઊઠતે ઊઠતે બોલીઃ "જે છું તે, પણ **મુંજાલ**! ઓ **મુંજાલ**! હું મરું તે પ્હેલાં એક વખત તો બોલ્ય, મ્હારી સહામા હશ. મ્હારે બીજું કાંઇ નથી જોઇતું. મ્હારા **મુંજાલનું** મ્હોડું જોઈ મરવું છે. મને અડકતાં ઝેર ચઢે એમ છે? તું વેર લેછે? હા, તે દિવસનો કિન્નો લેછે; મ્હારા લમને દિવસે મ્હેં તને હડશેલ્યો; મ્હેં તને તે દિવસ કહ્યું કે, હું **ગુજ**રાતની રાણી થઈ, તમારી જનેતા થઈ; મ્હેં તને કહ્યું કે, ક્ષુદ્ર વાસના ત્યાગી આપણે **ગુજરાતના** સ્તમ્ભ થઈ રહેવું જોઇયે; મ્હેં તને કાઢી મૂક્યો, તરછોડયો, તેનું વેર લેછે?"

**મુંજાલમાં** અજબ ફેરફાર થયો. ભાવહીનતા જવા લાગી, શ્વાસ જોરથી ચાલ્યો; આંખ્યોમાં કુમાશ આવી; ધ્રૂજતે અવાજે બોલ્યોઃ "**મીનલ**દેવી! મહેરબાની કરી એ દિવસોની યાદ જતી કરો, મ્હારો જીવ રહેંસાઈ જાયછે."

**મીનલઃ** "તમારો રહેંસાઈ જાયછે—ને મ્હારો નથી જતો? **મુંજાલ**! મ્હને સ્વાર્થી ગણ્ય, તુચ્છ ગણ્ય, બેવફાદાર ગણ્ય. તેં મ્હને ઘણી વખત

ભાવહીનતા માટે ટોકાછે; હું તેમ નથી. તે દિવસો સંભારી હું જીવું છું. તે દિવસે કચરેલી હૃદયની ઊર્મિયોએ મ્હારું હૃદય સ્વાર્થી અને શુષ્ક બનાવી મૂક્યુંછે. **મુંજાલ**! પરણીને તરત સંકેત સાચવવા હું **રાજગઢ**માં ઊતરી, તે યાદ છે? તે પળ યાદ આવતાં હું બદલાઈ જાઉંછું. તે વખતે તેં શું કર્યું—"

"**મીનલદેવી**! **મીનલદેવી**!" ખોખરે ઘાટે **મુંજાલ** બોલ્યો; "બસ કરો. દરેક મનુષ્યના ધૈર્યનો પણ અંત હોયછે. મ્હારાથી વધારે નથી ખમાતું."

"શું કામ ખમેછે? હું તેજ માગુંછું. એક પળ, તે રાતે, **મુંજાલ** હતો તેવો થઈને રહે, હું સુખેથી કાલે મરીશ. **મુંજાલ**! ઓ **મુંજાલ**!" કહી રાણી પાસે આવી; **મુંજાલ**ના હાથ પકડવા ગઈ, **મુંજાલ** એકદમ પાછો હઠ્યો. **મીનલ**ની આંખ્યમાં જ્વલંત અગ્નિ દીઠો, જ્વાળા હેના હૃદયને પણ લાગી. એ ધ્રુજી ઊઠ્યોઃ "તેહની આંખ્ય આગળ પ્હેલાંની **મીનલ** આવીને ઊભી રહી." શાન્ત થવા પ્રયત્ન કર્યોઃ વ્યર્થ નીવડ્યો. "રાણી! શું કરો છો?"

"**મુંજાલ**! તું મ્હારો કેમ મટી ગયો?" "તમે મ્હને તે દિવસે દૂર કર્યો, ફરીથી પરમ દિવસે દૂર કર્યો."

"પણ તું કેમ પલટાયો? **મુંજાલ**! હું અધમ છું, તું નથી."

"હું નથી પલટાયો."

"ખરેખર?"—**મીનલ**ની આંખ્યોમાંથી ભયંકર વિદ્યુત્ ઝરી. અવશ **મુંજાલ** હૃદયના ઊંડા ભાવપ્રવાહને તાબે થયોઃ "દેવી! **મીનલ**—" તેહેણે નિરાધાર થઈ ભૂમ પાડી. તેહેના અવાજમાં પુષ્પધન્વાના ધનુષ્યનો ટંકાર હતો.

**મીનલ** મૂગે મહોંડે બ્હાવરી બનીને ઊભી રહી: જાણે ગાંડો થઈ ગયો હોય એમ **મુંજાલ** આગળ ધસ્યો, **મીનલ**ને પોતાના ભુજયુગલમાં લીધી, કચડી નાંખી; બીજી જ પળે બળથી તેહેને દૂર ધકેલી ભાંય પર પટકી, **અને મુંજાલ** નાઠો.

વાચક! ફરી વિનંતિ કરુંછું; ન્યાયાસન ઉપર એકદમ ના ચઢી બેશીશ. ક્ષણભર માનવ હૃદયનાં ઊંડાં સ્રોતોની નિરીક્ષા કર્ય; હેનાં પરસ્પર

યુદ્ધ, મિશ્ર વહનો, તપાશ્રય;–તે પછી પણ ન્યાયનિર્ણય આપતે થોભજે. જો, આ પુષ્પધન્વાના ધનુષ્યના ટંકારમાં ક્ષુદ્ર વાસનાના ધ્વનિ નથી; ઉલટી રૂઢ રીતિયે પુષ્પધન્વાને અપાયલા સ્થાનકેથી હેને ઊચ્ચ સ્થાનમાં ચઢાવનારો એ ટંકાર કવિયે કલ્પ્યોછે. **મુંજાલ** અને **મીનલદેવી**નો જમાનો ધ્યાનમાં રાખ્યવો ભૂલવાનો નથી, અને માનવહૃદયની ગૂઢ કલના જાણનાર તો એક **સર્વજ્ઞ વિધાતા** શિવાય કોઇ નથી; છતાં જરાક સૂક્ષ્મ દૃષ્ટિ નાંખવા મથીશું. કૂલકુંવરને પ્રથમ સાચા સ્નેહથી ચ્હાનાર **મુંજાલે** હેની ઉપેક્ષા કરી ખરી; હેનું પ્રાયશ્ચિત્ત પણ જીવન પર્યંત હૃદયમાં ઊંડા ધગતા અગ્નિની જ્વાળામાં **હેણે** કર્યું. **ચન્દ્રપુરની** રાજકન્યા–રૂપમાં ખાસ આકર્ષક નહિ, પણ અગમ્ય અન્ય આકર્ષણથી આકર્ષક બનેલી રાજકન્યા–જોડે વિધિયે હેનો હૃદયયોગ કરાવ્યો. આરમ્ભમાં પ્રેમ પ્રગટયો; વ્યવહારદૃષ્ટિ આ વિષમ સંયોગ ના ખમે; તેથી કુંવરીએ નવો જ તોડ કાઢયો. **મુંજાલની** સમીપ રહેવા **મુંજાલના** રાજાની રાણી થઈ. **મુંજાલે** હૃદયલગ્નનો દાવો સ્થાપવાને રાણીના વ્યવહારલગ્નની રાત્રે જ પ્રયાસ કર્યો; રાણીએ સ્થિતિ બદલાયાનો સંયમ સંભાર્યો, સંભાળ્યો, સંભાળાવ્યો. પંદર વર્ષ સુધી સંયમનિયમમાં આચાર રાખી બંનેએ દૃઢ વ્રત સાચવ્યું; હૃદયના ઊંડાં ઝરણાં સૂકવી નાંખી રાજ્યતન્ત્રના કર્તવ્યની શુષ્ક પાષાણભૂમિનાં પડ ચઢાવી દીધાં. આટલે વર્ષે વિષમ પ્રસંગે એ પાષાણનાં પડ ભેદાઈ ગયાં, હૃદયમાંથી ગૂઢ ઝરણાં શતગુણ બળથી ધોધની પેઠે ધશી આવ્યાં.–છતાં એ ક્ષણિક ઉત્પાત લુપ્ત થયો. **મુંજાલ** અને **મીનલ** પૂર્વવત્ વ્રતબદ્ધ રહ્યાં; વ્રતભંગમાં–ભંગાભાસમાં–સતતવ્રતબદ્ધ રહ્યાં. અધઃપતન થવાને પ્રસંગે ઉચ્ચભાવના વિજય પામી. યુદ્ધમાં વિજય મળ્યો. આ દૃષ્ટિથી ક્ષણવાર, જોઈને ન્યાય આપવાની વિનંતિ, વાચક બન્ધુ ! હને ફરીને કરું છું.

આ વ્રતની ઉગ્ર ગતિ "**ગુજરાતનો નાથ**" એ વાર્તામાં સવિશેષ તેજમાં દીપી નીકળેછે. પરંતુ તે થોડીવાર પછી. હજી **પાટણની** પ્રભુતામાંનું છેલ્લું તેજસ્વી પ્રકરણ–આ યુગલના જીવનને દીપાવનારું પ્રકરણ–બાકી છે; તે જોવાથી વધારે ન્યાયયુક્ત નિર્ણય સંભવેછે. "ના જાઓ

તજી હમને" એ પ્રકરણ જુવો. પાટણ અને મીનલદેવી વચ્ચે સમાધાન કરાવીને મુંજાલ નિવૃત્તિની આશાએ આબૂજી જઈ વસવાનો ઠરાવ કરે-છે. આ જાણીને રાણી ગુપ્તવેશે એક જ અનુચરને લઈને રાજગઢ તજી પોતાને ઘેર-પંદર વર્ષે પોતાને ઘેર-જઈ રહેલા મુંજાલ કને જઈને હેને એ વિચાર ફેરવવા માટે મથન કરેછેઃ તે પ્રસંગે આ બે હૃદયોનાં ગૂઢ પડ પાછાં ઊઘડેછે.

"તું આટલે વર્ષે રાજગઢ છોડીને અહિયાં કેમ આવ્યો?"

"મીનલદેવી! આપણે ગયાં પુરાણ ઉકેલીશું હેમાં શો ફાયદો? હવે મ્હારે ને રાજ્યખટપટને શો સંબન્ધ? બધું પૂરું થયું. હવે હું આબૂજી જવાનો. સંસારની વિટમ્બનામાં બહુ વાર પીંટાઈ રહ્યો."

"મુંજાલ! એ બધું તું કેને સમઝાવેછે? હું તહને ઓળખતી નથી? સંસારની વિટમ્બનાથી પરવારવા માંગેછે? તહારામાં હજૂ પાંચ સંસાર જીતવાનું જોર છે. તહારામાં હજૂ ભરતખંડનું તન્ત્ર ચલાવવાની શક્તિ છે. હું શું તે નથી જાણતી?"

"રાણી! મ્હારામાં આટલા દિવસમાં ઘણા ફેરફાર થઈ ગયાછે. જ્યહારે તહમે મ્હને કેદ કર્યો ત્યહારે મ્હારા ગુસ્સાનો પાર ન્હોતો, તહમે મ્હને બોલાવ્યો ત્યહારે મ્હારામાં નિરાશા હતી, પણ પાટણની હિમ્મત સાંભળી મ્હારી નિરાશા ગઈ, પણ ઉત્સાહ આવ્યો નહિં. દેશને ખાતર, મ્હારી જીવનભર સંધરેલી આશાઓને ખાતર મેં સમાધાન કરાવ્યું, છતાં મન તટસ્થ રહ્યું; અત્યારે ચાળીસ વર્ષનો થયો છતાં ધરડો દાદો હોઉં એમ તહમારા દંડનાયકને જતો અટકાવ્યો પણ જીવનમાં રસ પડ્યો નહિં."

ત્રિભુવનપાલને પાટણ તજીને જતો અટકાવ્યાની હકીકત કહીને મુંજાલે કહ્યુંઃ "હવે પાટણ ઠેકાણે પડ્યું, એટલે મ્હને નિરાંત છે."

રાણીઃ "તહેં તહારો ઇતિહાસ કહ્યો, મ્હારો સાંભળવો છે? વિખ-રાટમાં દુઃખ પડ્યું ત્યહાં સુધી હું પાપી હતી, સત્તાના શિખરમાં હું વધારે ને વધારે પતિત થવા માંડી હતી. એક રાત્યે મ્હને સ્વપ્નું આવ્યું અને હું બચી, મ્હારો પુનરુદ્ધાર થયો.—કોણે પુનરુદ્ધાર કર્યો તે ખબર છે? જ્યહારે હું પ્રસન્ન જેવડી ચન્દ્રપુરમાં હતી ત્યહારે મ્હારું મન જેણે હર્યું હતું તહેણે."

રાણીની આંખ્યોમાં ભયંકર વીજ ઝબકી; મુંજલે નીચું જોયું.

"નીચું જોવાની જરૂર નથી. તું મ્હોટો માણસ છે. વિરાગી થઈ ગયોછે. હું તો ક્ષુદ્ર છું. વાસનાની દાસ છું. હમને સ્ત્રીઓને વૈરાગ્ય વ્હેલો પ્રાપ્ત થતો નથી."

મીનલદેવીએ પૂર્વવત્ રહેવાની સૂચના કરી તે મુંજલે નાપસંદ કરી, તે જોઈને મીનલ કહેછે.

"તું ભલેને એમ કહે. તે દિવસે વિખરાટમાં જ્યારે તેં મ્હને ફેંકી દીધી, ત્યારે મ્હને ખાત્રી થઈ કે તું હતો તેવો જ છે, અભિમાનને લીધે જુદો થવા મથેછે. ત્હારું હૈયું તો તેવું જછે."

[મીનલની આ હૃદયપરીક્ષા ખરી હતી? કાંઈક મુંજલના ઊંડા હૃદયમથનને એ અન્યાય ન્હોતી આપતી?—અન્યાય આપતી હતી છતાં એની તીક્ષ્ણ બુદ્ધિથી ગૂઢ સત્ય પણ જોતી હશે,—વખતે.]

મુંજલને વાત ના ગમી. રાણીએ તેહને એક વચનથી બાંધ્યો. "પાટણ છોડવાનો વિચાર જવા દે."—પાટણમાં રહીને હવે શું કરું? એ પ્રશ્નનો ઉત્તર મીનલદેવી આપેછે; "શું કરું? મીનલદેવીના રાજ્યમાં તું શું કરે? તું માલેક થઈને રહે."

"ના, ના, હવે એમ નહિ રહેવાય. આખી દુનિયાનાં દેખતાં કેદ થયો, હવે મ્હારાથી કેમ એમ મનાય? હું કપટો નથી દેતો, મહેણું નથી મારતો. પણ તે પ્રસંગ મ્હારાથી ભૂલાતો નથી."

"તે હું ભૂલાવવા જ આવીછું. તહેને માટે પ્રાયશ્ચિત્ત કરવા આવીછું." પ્રાયશ્ચિત્ત કેમ કરવાનું તે મીનલ કહેછે.

"કેમ કરીશ? તું કહેતો હોય તો ત્હારે ચરણે પડીને. મુંજલ! કોણ જાણે કેમ, તે દિવસથી મ્હારા લગ્નનો પ્રસંગ મ્હને સાંભરેછે, તે દિવસે રાત્રે આપણે કરેલો નિશ્ચય યાદ છે?"

"હા, અને એ નિશ્ચય ત્હમે અત્યારે તોડવા મથોછો. આપણે ભાઇબ્હેનના નિર્મલ સ્નેહથી વર્તવાના સમ ખાધા હતા; 'કોઇ પણ જાતના સ્ખલનથી ગુજરાતના ગૌરવને દૂષિત નહિ કરવું, રાજ્યકાર-ભારના પ્રસંગ વિના નહિ મળવું, તહેની કર્કશ વાતચીત વિના બીજી વાતચીત

પણ નહિં કરવી;'–હેવી હેવી પ્રતિજ્ઞા લીધી હતી. ચૌદ પંદર વર્ષે આજે તમે પ્રતિજ્ઞા તોડી રાજ્યકારભાર વિના મળવા આવ્યાં. તમે તો દેવી છો. પતિતપાવની છો; આ તમને ઘટે?"

[ અહિં આ વિરલ યુગ્મની વાસ્તવિક વિશુદ્ધ વર્તનની સ્પષ્ટ નિશાની જણાયછે. હૃદયની વિશુદ્ધિ તેટલી હતી ? નિર્ણય નહિં પણ કાંઇક સત્યની ઝાંખી આગળ ઉપર થશે.]

**મીનલે** વળી પોતાની આજ્ઞા ચલાવીઃ "**મુંજલ**! ધારય કે હું **ચન્દ્રપુર**માં છું, ન્હાની છું, ધારય કે, તે વખતે હું હતી હેવી માત્ર તમારી સોબતઘેલી સખી છું, તમને વીનવુંછું; માન્ય આપણે જુદાં કેમ રહી સકિયે ? અહિંયાં તમારા વિના મ્હારા વિચારોનું કોણ સાથી થાય એમછે?"

"રાણી!"

"ના, **મીનલ**"—

"ઠીક, **મોનલદેવી**! હું વિચાર કરીશ, બનશે તો માનીશ."

"ના, વચન આપ્ય, અત્યારે પાછો ચાલ્ય. રાજગઢ સૂનો છે."

**મુંજલે** રાણીની સ્હામું જોયું. તેમના પ્રેમઘેલા મુખપર અદ્‌ભુત છાયા પડી રહી હતી. તેમના હાથ, જે **મુંજલ**ના હાથ પકડી રહ્યા હતા, તે થરથર ધ્રૂજતા હતા. "**મીનલદેવી**! ભલે, હું એમ કરવા ખુશી છું."

"વચન ?"

"હા, વચન."

"ઓ મ્હારા **મુંજલ**!" કહી રાણી **મુંજલ**ને વળગી પડી. ડૂબતો માણસ આશા છોડી પ્રવાહને શરણે થાય, તેમ **મુંજલ** શરણ થયો.

પાંચ પળ હેવી વહી ગઈ. [વ્રતભંગ ? વ્રતભંગ નહિં, પણ આભાસ; છતાં, તે આભાસ પણ અનિષ્ટ; તેથી. ]

"**મીનલદેવી**! આ નહિં પાલવે. હું અહિંયાં રહું તો તે દિવસની પ્રતિજ્ઞા પાળવી પડશે, જે નિર્મળ જીવને લોકોનાં મ્હોડાં પણ બંધ કર્યાં હતાં, તમેમના શંકાશીલ હૃદયમાં શ્રદ્ધા આણી હતી, તે જીવન ફરી સ્વીકારવું પડશે."

"હા, હા, કબૂલ છે. કબૂલ છે. મ્હોટાઈનો દંડ બનશે તેટલો દઈશ,–પણ તું મ્હારી આંખ્ય આગળ રહે."

આમ હૃદયના ગૂઢ સ્નેહને દાબી દઈ "મ્હોટાઇનો દંડ" દેવાનો નિર્ણય આખર થયો. રાજ્યપ્રતિષ્ઠાએ સ્નેહસરિતાને પોતાના શુષ્ક રાનમાં સૂકવી. સૂકવી ? "તું મ્હારી આંખ્ય આગળ રહે"–એ ઇચ્છાના રૂપમાં એ સરસ્વતીની ગુપ્તસેર એ રેતીના રણ નીચે વ્હોતી વ્હેતી ? આપણે તે માટે દોષ દેવાને ઊભા નહિં રહિયે. આગળ એ પ્રવાહનું શું થયું તે જોઈશું. હાલ આટલું તો પ્રત્યક્ષ થાયછે; વર્ષો વીતી ગયાં તે પૂર્વે ચન્દ્રપુરમાં સ્નેહથી, કાંઈક બાલયૌવનના સ્નેહથી, આ યુગ્મ જોડાયું; તે બળને વશ થઈ મીનલ ગુજરાત આવી; રાજકુંવરીનો વ્યવહારમર્યાદાને લીધે પ્રજાજનના અગ્રણી મુંજાલ જોડે લગ્નસંબંધ અશક્ય હતો; તેથી રાજા કર્ણદેવની રાણી થવાનું મીનલે સ્વીકાર્યું; મુંજાલ "મ્હારી આંખ્ય આગળ રહે–"–એટલું બસ હતું. આ સાથે જ મુંજાલનો સ્નેહોપચાર, લગ્નની રાત્રિયે જ, તરછોડી રાણીએ રાણીપણાનું, વ્યવહારસતીપણાનું, ગૌરવ ધારણ કર્યું; બંનેએ દૃઢ પ્રતિજ્ઞા લીધી, પાળીઃ પંદર વર્ષ બળથી દાબી રાખેલું ભૂત જાગી ઊઠ્યું; ક્ષણિક સ્ખલન–સ્ખલન ? સ્ખલન જેવું–થયું; પાછી દૃઢ પ્રતિજ્ઞા લેવાઈ, ખરા મનની લેવાઈ. "તું મ્હારી આંખ્ય આગળ રહે."—એટલું જ બસ હતું. આપણે આ વિષમ હૃદયસંકટમાં જીવન ગાળતી દેવીને આટલી નિર્દોષ ઇચ્છા માટે દોષ નહિં દઇયે. સંજોગોને દોષ દઈશું ? શું કામ ? સંજોગો જીવનને ઘેરેછે, પણ તે કયહારે ? જીવનભોક્તાઓ સંજોગોને બહુ અંશે ઊભા કરેછે ત્યહારે;—પણ બહુ ઊંડી તત્ત્વપરીક્ષા માટે અહિં અવકાશ નથી.

"ગુજરાતનો નાથ"–એ વાર્તામાં આ યુગલનું સ્થાન, જીવનવ્હેણ, જોઈ જઇયે. "પાટણની પ્રભુતા" છેવટે કાયમ રહી તે વાર્તાના અંત પછી આજ ચાર વર્ષ થઈ ગયાં હતાં. આ મુદતમાં "મીનલદેવીમાં ઘણો ફેરફાર પડયો હતો. હેનું શરીર પ્હેલાં કરતાં જરા જાડું થયું હતું. જુવાનીમાં પણ તેહના મુખ પર ગૌરવ તો હતું જ; હવે તે પાકટ થયું

હતું. અને સત્તા અને અડગતાની રેખાઓએ કુમાશ ને સાદાઈ તે ઉપરથી કાઢી નાંખ્યાં હતાં. હેની આંખ્યોમાં તેજ પ્હેલાંના જેવું હતું. માત્ર તે સ્થિર થયું હતું. હેમાંથી પ્રતાપ સતત વ્હેતો–પ્હેલાંની માફક વધતો ઓછો, કે ભયંકર ભાગ્યે જ થતો."

પ્રસંગોએ ધડેલી મૂર્તિ આ હતી. મુંજાલ સંબન્ધે પણ હેની રાજદ્વારી વૃત્તિ બદલાઈ હતી, હેનું હૃદય પૂર્ણરૂપે હવે હેણે જાણ્યું હતું; હેના મુત્સદ્દીપણામાં હેને પૂર્ણ વિશ્વાસ હતો, તેથી તે કશામાં વચ્ચે પડતી ન્હોતી. પરંતુ જાણનારા જાણતા કે મુંજાલ અને મીનલ—બંનેનો પ્રભાવ સરખો ભયંકર હતો. "બંને અંતરમાં એક હતાં તેથી જ એ પ્રભાવોનો વિરોધ ન્હોતો થતો."–ચાર વર્ષ પૂર્વે મુંજાલને કેદ કર્યો તે વિરોધનો પ્રસંગ ભૂતકાળમાં વિલીન થયો હતો. હવે બંને હૃદયોનો એ અનુભવના અગ્નિમાં પ્રવેશ થયા પછી જુદો ઘાટ ઘડાયો હતો. દૃઢ વ્રત છતાં, અથવા તો દૃઢ વ્રત વડે જ, અદ્ભુત બળ પામેલા સ્નેહને યોગે બંને અંતરમાં એક હતાં. આ સ્થિતિમાં કાશ્મીરાદેવીનાં સુભગ અટકચાળામાંનું એક નવું અટકચાળું વૃત્તાન્તના ઘાટ ઘડવાને પ્રગટ થયું; મામાજીને લગ્ન કરાવવું: એ કલ્પના મનમાં સ્ફુરવાની સાથે જ કાશ્મીરાદેવીએ કાર્ય સાધવાના પ્રયાસ આરંભ્યા; કન્યા પસંદ કરી,-મુંજાલના સાળા સજ્જનમહેતાની સુન્દર પુત્રી સોમસુન્દરી; અને મીનલદેવીના મનમાં આ વાતની ઇષ્ટતા ઉતારી. મીનલે મુંજાલને સમઝાવવાને બહુ પ્રયાસ કર્યો; અને તે પ્રશ્ન ચર્ચવામાં પોતાના હૃદયસંબન્ધને વિલક્ષણ રીતે ગૂંથ્યો. મુંજાલ માનતો ન્હોતો તે વખતે મીનલ જોસથી કહેછે.

"દરેક દૃષ્ટિયે મ્હેં વિચાર કર્યોંછે; રાજમાતા તરીકે, તમ્હારી"–કહી ખરો શબ્દ ગળી જઈ કાંઈક રૂપાન્તર કરી કહેછે–"માલિક તરીકે મ્હારું શાસન છે. હવે શું ?" રાણીએ મુંજાલનો ઉત્તર સાંભળવાને ના પાડી; હેની ઉશ્કેરાયલી સ્થિતિ જોઈને મુંજાલે ચેતવણી આપી.

"દેવી! હમે આટલા ગુસ્સામાં આવી બોલોછો તે શું બતાવેછે તે ખબર છે? મીનલદેવીને હાથાં આપખુદી કોઇયે જોયાંછે ?–તે જ બતાવેછે કે નથી મ્હારું હૈયું બદલાયું કે તમ્હારું."

**મીનલને** તહેનું મહત્ત્વ ના જણાવાથી **મુંજલે** સ્પષ્ટતાથી કહ્યું:

"એક કૂલકુંવરને તો રીબાવી રીબાવી મારી નાંખી; બીજીને મારી નાંખવાનું મ્હારામાં જોર નથી."

આ સખત આઘાત જેમ તેમ ખમતી **મીનલને મુંજલે** કહ્યું:

"બેહેલા પોપડા ઉપાડવા નહિં. ચાલે તેમ ચાલવા દેવામાં જ માલ છે."

"**મુંજલ** ! મ્હારી બ્હીક લાગેછે ?"

"ના—મ્હારા પોતાના હૃદયની."

આમ ત્યારે હજી હૃદયનો વિશ્વાસ રહે એટલો સંપૂર્ણ વિજય મળ્યો ન્હોતો. નિર્બળ માણસ પ્રથળ પ્રેમની જોડે યુદ્ધ હજી કર્યા કરતો જ હતો. કેમકે **મીનલે** ઉત્તરમાં પૂછ્યું:

"આ પશ્ચાત્તાપપરથી નથી લાગતું કે હેવો વખત નહિં આવે ?"

તહેના પ્રત્યુત્તરમાં **મુંજલ** સાવચેતી **સૂચવેછેઃ**

"અત્યારે આપણાં હૈયાંપરથી નથી લાગતું કે હેવો વખત જરૂર આવે ?"

રાણીનું દૃષ્ટિબિન્દુ જુદું જ હતું:

"ના, ના. મ્હેં કૂલકુંવર તહને ખોવડાવી; બીજી મ્હારે અપાવવી જ જોઇયે."

આ હેની દૃષ્ટિ હતી; "કાશ્મીરાદેવીના સચોટ વચનથી તહેના વિચારો જુદી જ દિશામાં વળ્યા હતા; અને તેમ થવાથી નવાં દૃષ્ટિબિન્દુ, નવા ભાવો, નજરે ચઢયા હતા. **તહેના વિશુદ્ધ પ્રેમનું વધારે શુદ્ધ પ્રેમમાં રૂપાન્તર થયું હતું;** અને તે રૂપાન્તરથી **મુંજલને** પરણાવવાનો તહેનો નિશ્ચય દૃઢ થયો હતો."

આપણે યાદ રાખવાનું છે કે "રાણી અને **મુંજલ**નો સંબંધ નિષ્કલંક અને શુદ્ધ હતો, તહેમની પવિત્રતા કલંકને સ્વપ્ને પણ આવવા દેતી નહિં."

આ **વિરલ** વિશુદ્ધ પ્રેમની દેવી, ઊંઘ ના આવવાથી, અગાશીમાં **મુંજલ** સૂતો હતો ત્હાં ગઈ,—ઉપરની ચર્ચા થઈ છૂટાં પડ્યાં પછી પાછી

તરત ગઈ. ફરી એ જ આગ્રહ, ઉભય પક્ષ વચ્ચે ખેંચતાણનો આગ્રહ, ચાલ્યો. **મીનલદેવીને** પોતાના "પાપનું પ્રાયશ્ચિત્ત" કરવું હતું; રાણીનું સ્વાર્થીપણું મ્હોટા મનના **મુંજાલને** જણાતું ન્હોતું, તે પ્રગટ કરવાને **મીનલ** કહેછેઃ

"મ્હારે અત્યારે બધું ભર્યું પૂરું છે. સ્નેહસમર્પણ કરવા મહારાજની યાદ છે. કલ્પનાનો આનન્દ ભોગવવો હોય તો તું છે." [શો અગમ્ય હૃદયગર્ત આ! પ્રેમનું આ અલિપ્ત સ્વરૂપ! પ્રેમ વિના સ્વીકારેલા કર્ણદેવનું સ્મરણ સ્નેહ સમર્પવાનું ઠામ, અને પ્રેમનું પરમ આધારસ્થાન **મુંજાલ** તે તો કલ્પનાના આનન્દનો વિષય!—અને એમ જ કાંઈક ખરું હતું; વ્યવહારે મ્હોટી દિવાલ એની વચમાં ચણી હતી. છતાં આ કાંઈક સત્યની એક બાજૂ જ હતી, ને તે નબળી બાજૂ.] "મ્હારું હૈયું હારવા **જયદેવ** જેવો જાયો છે,—માન ને ભક્તિની ભૂખ પૂરવા વહૂઓ છે. **અને તમ્હારે કોઈ નથી.**"

દેવીને **મુંજાલનું** અસહ્ય એકલાપણું ટાળવું હતું. એ એકલાપણાનું ભાન પ્રગટ કરવાને, કૃત્રિમ હાસ્યથી **મુંજાલે** "કેમ કોઇ નથી? તમ્હે છો—**જયદેવ** છે-**ત્રિભુવન** છે"-એમ હૃદયનાં ઊંડાં તેમ જ ઉપરનાં પડમાં વસનારાં પાત્રો ગણાવ્યાં ત્યારે, **મીનલે** સ્પષ્ટ કહ્યું:

"નામનાં—કહેવાનાં. તમ્હને બધાની ખોટ છે. **તું તો અરણ્યમાં એકલા ઊભેલા તાડ જેવો અટુલો છે.**"

આ splendid isolation ખરું જોતાં બંનેનું હતું. તે ઉપરાંત એ અટુલી સ્થિતિ બંને વચ્ચે વિશાળ ગર્ત પ્રગટ કરતી હતી. "સંસાર, મર્યાદા, નીતિ, મ્હને તમ્હારાથી દૂર રાખેછે." એ વિચારથી પોતાની પણ અટુલી સ્થિતિ કરતાં એ "વધારે અટુલી સ્થિતિ" **મુંજાલની** હતી તે રાણીને વધારે સાલતું હતું. "તમ્હારી ધાક બીજાને દૂર રાખેછે; એટલે તું તો **એકલો ને એકલો જ.**"

આ એકલાપણું હવે વળી લગ્ન કર્યાથી લુપ્ત થશે? આપણને શંકા થાયછે તે જ શંકા **મુંજાલે** બતાવી, ને પૂછ્યું "કેવી રીતે?" તો **મીનલ** કહેછેઃ "તમ્હને સંસાર જોડે સોનાની સાંકળે બાંધશે."

બંને દૂર એક બીજાથી બેઠાં હતાં, સંયમથી વાત કરતાં હતાં, છતાં "હેમનાં નયનોમાં અનિવાર્ય પ્રેમનાં પ્રતિબિમ્બો પડતાં હતાં." એ પ્રેમના સંયમ સાથે દેવી પૂછેછેઃ "ખરું કહે, તહને પોતાને નથી લાગતું કે તું એકલો અટુલો થઈ ગયોછે ?"

મુંજલે આખરે ખરું કહ્યું. સજ્જનમહેતાની વાડીમાં "સ્વપ્નસૃષ્ટિના અનુભવ" થયેલા તે કાંઈક પ્રગટ કર્યો.

"તહારે મ્હારો જીવ છેદે ચઢયો હતો. મ્હને શેઠાણી યાદ આવ્યાં. જો તહેનો છોકરો જીવ્યો હોત તો મ્હને આટલું લાગત નહિં."

આમ છતાં કહેછેઃ "પણ આટલી ઉમરે નવા પ્રયોગો કરવાની હિમ્મત નથી." કારણ ? કારણ—"પછી આપણું શું ?" એ પ્રશ્ન હજી મુંજલને ખૂંચતો હતો. હૃદયે હૃદયને હજી જીત્યું ન્હોતું. મુંજલની યુક્તિને પ્રેરણા આપનાર, હેના બાહુને શક્તિ આપનાર, એક મીનલદેવીની હૃદયમાં વશેલી મૂર્તિ જ હતી. તહેનો ત્યાગ અશક્ય લાગતો હતો; કેમકે એ પ્રેરણા અને એ શક્તિ મુંજલના "જીવનના તંતુએ તંતુ સાથે વણાઈ ગયાં" હતાં. તેથી જ હવે "નવો વણાટ વણવાની હિમ્મત ચાલતી" ન્હોતી, ને "મન પણ" ન્હોતું થતું.

પણ વધારે અલિપ્ત દૃષ્ટિથી જોનારી મીનલ કહેછેઃ "આપણે ખાતર જ તહારે પરણવું જોઇયે." સોમનો સંબંધ વચમાં પ્રવેશ પામતાં આ બે હૃદયોનો કલંકિત સંબન્ધ લુપ્ત થશે એમ મીનલની માન્યતા હતી. "જ્હાં સુધી તું આમ એકલો રહેશે ત્હાં સુધી આપણાં હૃદય કલંકિત રહેવાનાં." મુંજલ ચમક્યો. મીનલે વધારે ઝીણું પૃથક્કરણ કરી બતાવ્યું; "તું નથી પરણતો કારણ કે તહારાથી ચન્દ્રપુરની મીનલકુંવરી વીસરાતી નથી; હું મ્હારા ખરા હૃદયથી તહને પરણાવા નથી માગતી કારણ કે તું ચન્દ્રપુર આવેલો જુવાન નગરશેઠ જ છે એમ મ્હારું હૈયું માનવા માગેછે. **બંને વિચારમાં પાપ છે.**"

'પાપ' શબ્દ મુંજલને ઔચિત્યબાધક ભયંકર લાગ્યો, પણ આચારવિચારની તત્ત્વમીમાંસાએ ચઢેલી દેવીએ તત્ત્વ બતાવ્યું:

"હા. આપણે ડાહ્યાં છિયે–નીતિમાન છિયે–છતાં પાપી છિયે. બે હૈયાં એક તાલે નાચેછે,—એટલું જ નહિં પણ એમ નાચ્યા કરવા માગેછે. એ બંધ કરવું જોઇયે."

**મુંજાલને** આ અશક્ય લાગ્યું. **મીનલે** બતાવ્યું—"એ એક તાલે નાચવા દેવાની સુગમતા શા માટે આપવી?" "હું સતીઓમાં શ્રેષ્ઠ થાઉં તે તારે જોવું જોઇયે."

"અને તમે છો જ; દેવી! આટલો પ્રેમ છતાં, આટલી સુગમતા છતાં, આટલા પ્રસંગ છતાં, હાવું સતીત્વ કોણ સાચવી રહ્યુંછે?"

**મુંજાલની** આચારના સતીત્વ ઉપર દૃષ્ટિ હતી. પણ **મીનલની** વિચારના સતીત્વ તરફ પૂજ્યભાવની નજર હવે હતી.

"તું કોઇ બીજાનો થાય તે મ્હને સાલેછે; કારણ હું તને મ્હારો ગણુંછું. જ્હાં સૂધી એ હૈયું સાલેછે ત્હાં સૂધી તે નિમકહરામ છે. કોઇ જાણતું નથી પણ એ જીવતું જાગતું કલંક છે. એ કલંક તને પરણાવી મ્હારે દૂર કરવુંછે."

આમ આ સ્નેહસાંધ્યાં હૃદયોને શું છોડી દેવાં જ?—કલંક દૂર કરવાના આ ઉપાયનું પરિણામ તો એ જ કની? **મુંજાલને** એ ભય થયોઃ "એટલે? તમારે મારા પરથી હક દાવો ઊઠાવવોછે?"

**મીનલનો** ઉત્તર નવા દૃષ્ટિબિન્દુથી પ્રેરાયલો વિરોધાભાસભરેલો–પ્રેમના અગમ્ય સ્વરૂપમાં જ જે વિરોધાભાસની કૂંચી ગુપ્ત રહેલીછે તેવા વિરોધાભાસભરેલો–મળેછે.

"ના, તું મ્હારો જ છે.–કાચા સૂતરને તાંતણે બાંધેલો."

આ વિરોધાભાસની કૂંચી આપણને તરત આપીછે.

"પણ મ્હારે એ તાંતણો શુદ્ધ અને દૈવી બનાવવોછે. હેમાં મ્હારે અપવિત્રતાનો અંશ પણ જોઇતો નથી. **મ્હારા હૈયાની મ્હારે આહુતિ આપવીછે.**"

આ વિરલ **હૃદયયજ્ઞ** કરવા કરાવવા સજ્જ થયેલી દેવી, એ વિષમ યજ્ઞના મુખ્ય ઋત્વિક્સ્થાને દીપતી, **મીનલના** હૃદયસ્વરૂપને કોણ હવે પ્રણામ નહિં કરે?

હેને તો એ જ હતું કે—એ હૃદયયજ્ઞ કર્યા વિના "મ્હારું સતીત્વ કેમ સિદ્ધ થાય? આપણી પ્રતિજ્ઞા કેમ પળાય?"

સંમાન તથા સ્નેહ ભરેલો, વિશુદ્ધિ મન્દિરના દ્વારના ઉંબરા ઉપર ઊભેલો, મુંજાલ ઉદ્‌ગાર કાઢેછેઃ

"દેવી! તમે ગુરુઓનાં પણ ગુરુ છો. આપણી પ્રતિજ્ઞા પાળતાં તો હૈયાનાં ટીપેટીપાં સૂકાઈ જશે."

છો સૂકાયઃ એ પ્રકારે જ હૃદયોમાં નવી દિવ્ય વાડીની લીલોતરી ખીલશે. તેમ એ વિષમ પ્રયોગ કરવાનું અધિકારી પણ આ વિરલ યુગ્મ જ હતુંઃ

"મુંજાલ! હાવી પ્રતિજ્ઞા આપણા જેવાં જ કરે ને આપણા જેવાં જ પાળે. હેમાં જ આપણી મ્હોટાઈ છે–હેમાં જ આપણે રાચવું જોઇયે."

મુંજાલને પણ એ જ દૃષ્ટિ ગમી; જો આપણને સુબુદ્ધિ નહિ આવી હોત, જો આપણે કલંકિત થયાં હોત, તો આજે પાટણનું નામ નિશાને ન હોત; આજે દેખાતા સૂર્યસમા તેજસ્વી ભવિષ્યનું કયહારનુંએ ગ્રહણ થઈ ગયું હોત."

સુજ્ઞ વાચક જોશે કે આ "હૃદયયજ્ઞ"ના ઉચ્ચસ્થાન ઉપર આવવા માટે અધિકારનું બીજ આ યુગ્મના સંયુક્ત જીવનના આરમ્ભમાં જ વવાયલું હતું. આચારશુદ્ધિનું વ્રત, ક્રમે ક્રમે, ઉથલપાલટ હૃદયયુદ્ધ પ્રસંગોમાં થઈને મનઃશુદ્ધિ—હૃદયયજ્ઞના અગ્નિમાં થઈ પ્રાપ્ત કરેલી હૃદયશુદ્ધિ—ના શુદ્ધ કાંચનરૂપે દીપી સક્યું.

સોમ સાથે લગ્ન કરવાની સંમતિ મીનલે માગી; હજી મુંજાલ ચૂપ રહ્યો; બંને ઊભાં થયાં. મીનલ પાસે ગઈ, મુંજાલના ખભા ઉપર હાથ મૂકયોઃ "મુંજાલ! ખેદ કરવાનું કામ નથી."

એ ખેદ કરતો નહોતો. વિષમ હૃદયસંકડામણની દશામાં એક વિષમ પ્રશ્ન ઉકેલવાને મથતો હતોઃ

" હું તો એક મુનિમહારાજનો પ્રશ્ન સંભારું છુંઃ—'ત્યાગ મ્હોટો કે તૃપ્તિ?'"

મુંજાલની હૃદયમથનદશાથી આંસુભીના નયને મીનલે પૂછ્યું: "તું શું ધારેછે?"

મુંજાલ પોતાના વિચારનો સ્વતંત્ર અધિકાર છોડી, આ વિરલ ધર્માચાર શીખવનાર ગુરુની આગળ પ્રપત્તિ જ ઇષ્ટ ગણેછે: "તમારી આજ્ઞા છે કે ત્યાગ મ્હોટો."

"પણ તું શું ધારેછે?"

"હું ધારતો નથી—હું તમારી આજ્ઞા પાળુંછું. ત્યાગ મ્હોટો, તમિ નહિં." આમ વિશુદ્ધપ્રેમે બુદ્ધિને પણ પ્રેમપૂજ્યપાત્ર આગળ સોંપી દઈને માત્ર આચારની નહિં પણ વિચારની પણ સ્વામિતા અર્પી દીધી. માન, પૂજ્યભાવ ઇત્યાદિ દિવ્ય ભાવથી સ્થિરનયને મીનલ ભણી જોઈ રહેતાં મુંજાલ બોલ્યોઃ "દેવી! તમે પાટણનાં ખરેખરાં જગદમ્બા છો!"

લક્ષણદર્શક ઉત્તર મીનલનો આટલો જ હતો. "મુંજાલ! તે તમારે જ લીધે." આમ કહી ત્યાંથી એ ઝપાટાબંધ ચાલી ગઈ.

આમ આ "હૃદયયજ્ઞ"ની પવિત્ર વેદિ ઉપરથી બંને જણાં યત્નફલ પ્રાપ્ત કરીને છૂટાં પડ્યાં. "હૃદય અને હૃદયનાથ"વાળા પ્રસંગે પુષ્પધન્વાનો વિજય હતો. તેથી ભ્હાવરી, મૌનભરી, ઊભી રહેલી મીનલને ઉન્મત્તવત્ ધસતા મુંજાલે ભુજયુગલમાં ભીડી તરત દૂર ધકેલી દીધી, એમ ક્ષણિક વિવશતા અને સત્વર પશ્ચાત્તાપને તાબે થઈ મુંજાલ છૂટો પડ્યો હતો: "ના જાઓ તજી હમને" એ પ્રસંગને અંતે "ઓ મ્હારા મુંજાલ!" કહી મુંજાલને ફ્રાટે વળગી પડેલી મીનલને મુંજાલે પ્રતિજ્ઞા, વ્રત, એ વાતનું સ્મરણ કરાવી સંયમ સાચવી બંને છૂટાં પડ્યાં હતાં; તે જ મીનલ અને મુંજાલ આજ પ્રેમને અધિકતર દિવ્ય કક્ષાએ ચઢાવનારા હૃદય યજ્ઞની વિશુદ્ધ દીપ્તિ વડે તેજસ્વી થઈ, માનુષ પ્રેમોપચાર વિના છૂટાં પડ્યાં.—આ ત્રણ ક્રમ સુજ્ઞ વાચકની નજરમાં ફરી રહેશે એમ આશા છે. વાચકે એ પણ જોયું હશે કે ચન્દ્રપુરમાં મીનલ અને મુંજાલ બંનેનાં હૃદય સરખા બળથી, સરખા સ્નેહાકર્ષણથી, પરસ્પર જોડાયાં હતાં; પાટણના મહારાજા સાથે વ્યવહારલગ્નથી જોડાતાં વાંત, મીનલે એ આકર્ષણને વ્યવહા

માગેલી મર્યાદામાં પૂરી દીધું ત્હારે મુંજાલ તેટલો સંયમી નહોતો રહી સક્યો; મીનલે વ્રતથી ત્હેને બાંધ્યો, પંદર વર્ષ તે વ્રત બંનેએ સંયમથી સાચવ્યું; આખરે મીનલના 'હૃદયનો પુનર્જન્મ' થતાં એ વિવશ થઈ, પણ મુંજાલ દૃઢ રહ્યો,—માત્ર ક્ષણવાર પ્રબળ હૃદયયુદ્ધમાં નમતું મૂકી 'હું નથી પલટાયો' એ વચનને પ્રેમોપચારની મુદ્રા આપી તરત છૂટ્યો: વળી થોડા જ વખતના અંતરે "ઓ મ્હારા મુંજાલ!" કહી ઉપકારવૃત્તિના પડમાં ગૂઢ અગૂઢ રહેલા પ્રેમબળનો ઊભરો મીનલથી કઢાઈ જતાં મુંજાલે વ્રતનું સ્મરણ કરાવી દૃઢતા ચાલૂ રાખી;—પણ તે પછી ચાર પાંચ વર્ષને અંતરે મુંજાલના હૃદયે ઉથલો ખાધો, પરંતુ મીનલદેવીના હૃદયે ઉન્નત માર્ગ લીધો તે સાથે મુંજાલને પણ તે માર્ગે ખેંચી લઈ હૃદયયજ્ઞમાં બંનેનાં હૃદયની પૂર્ણાહુતિ કરી:—આમ ઉભયના હૃદયની ઉલટપાલટ ઉથલપાથલ થતી દશાઓના ક્રમ હૃદયશાસ્ત્રનાં ઊંડાણમાં આપણને ઉતારેછે.

આ યુગલનાં હૃદયોનો ઇતિહાસ મંજરી અને કાકના હૃદયોના ઇતિહાસથી જુદા પ્રકારે જ રચાયોછે એ વાત ઉપર પણ લક્ષ ન્હોંટેછે. મંજરી અને કાક કાંઈક જુદી જ માટીનાં ઘડેલાં હતાં: હેમને મુંજાલ મીનલ જેવો વ્યવહાર અને હૃદયવ્યાપાર વચ્ચે વિરોધનો વિષમ પર્વત નડ્યો નહોતો;—એ પ્રસંગ જ નહોતો. તેમ વળી એ બંને યુગલોનાં લક્ષણબંધારણ પણ ભિન્ન હોવાથી એક યુગલના પ્રસંગો બીજા યુગલને પ્રાપ્ત થતાં પરિણામો જુદાં જ આવત એમ સહજ કલ્પી સકાય એમ છે. આ બે યુગલોના લક્ષણભેદમાં અન્વેષણ કરવું રસયુક્ત થાય એમ છે પણ સ્થલસંકોચને લીધે આટલા દિગ્દર્શનથી જ સંતોષ માનવો પડેછે.

એટલું માત્ર કહેવું કે આ દર્શનમાં સ્પષ્ટ રીતે રા. કન્હૈયાલાલની પાત્રસૃષ્ટિ ઊભી કરવાની વિરલ કલા પ્રગટ થાયછે. શેક્સપીઅર જેવી શક્તિ મ્હેં કહીછે તે માત્ર આ વિષયમાં: શેક્સપીઅરના અન્ય મહાન્ ગુણો, તત્ત્વદર્શનનાં ઊંડાં તત્ત્વોને કવિત્વકલાના સુન્દર પ્રદેશમાં ગૂંથવાની શક્તિ, નાટકકથામાં સમાવેલા ઊંચા હેતુઓની દૃઢ રીતે પ્રવર્તતી પ્રતિભા, ઇત્યાદિ એ વિશ્વના મહાકવિના ગુણો તો અપ્રાપ્ય જ છે એ કહેવાની

જરૂર નથી. તથાપિ રા. કન્હૈયાલાલની સ્રષ્ટૃત્વશક્તિનું એક વિલક્ષણતા-સાધક સ્વરૂપ અહિં નિદર્શન રૂપે નોંધવાનું મન થાયછે. રા. કન્હૈયાલાલનાં સરજેલાં પાત્રોની વ્યક્તિતા સુરેખ, અનન્ય, અનન્વયરૂપ (incommensurate), ટંકાયલી, *स्वष्टेव शाणोल्लिखिता विभाति*, વિશ્વકર્માએ સરાણ ઉપર ઉતારી કાપી કાઢેલી હોય તેમ દીપેછે. **મુંજાલ, કાક, મંજરી, મીનલદેવી,** ઇત્યાદિ પાત્રો તે અન્યની ઉપમાથી પરિચય અપાય હેવાં નથી, એ તે એ જ, અન્ય નહિં—એમ અનન્વયઅલંકારનું તત્ત્વ હેમની વ્યક્તિતામાં પ્રવિષ્ટ થયેલું નજરે પડેછે. એ પાત્રો અનિશ્ચિતરેખાવાળી શિથિલ વ્યક્તિતાનાં નથી; અમુક વર્ગનાં type–નમૂના–રૂપ નથી. જગત્માં સોધવા જઇએ ને જરાક શ્રમ લઇએ તો **વિદ્યાચતુર, માનચતુર, ગુણસુન્દરી,** વગેરે તો શું પણ **બુદ્ધિધન** અને **સરસ્વતીચન્દ્ર** અને **કુમુદસુન્દરી** પણ જડે ખરાં; એ અમુક વર્ગનાં type–પ્રતિનિધિભૂત–રૂપ છે, સમર્થ હાથથી ઘડાયલાં છતાં વ્યક્તિતાના અંશમાં અનન્વય પામનારાં, અનન્ય નથી; ત્હારે રા. કન્હૈયાલાલની સૃષ્ટિમાં વ્યક્તિતાના ઉપર કહેલા વિલક્ષણ ગુણો ત્હને જણાયછે.

ઉપર ચર્ચેલા પ્રચંડ 'હૃદયયત્ન' પછી **મીનલ** અને **મુંજાલ**નાં જીવન-તત્ત્વની શી દશા થઈ હશે? કવિયે એ જીવનપ્રદેશમાં કાંઇક ઝાંખી કરાવી-છે. **સોમસુન્દરી** જોડે લગ્ન કરાવીને એ યત્નનું પ્રકરણ પૂર્ણ કરવાનો પ્રયાસ નિષ્ફળ જ ગયેા. **સોમસુન્દરી** અણધાર્યા પ્રસંગોના ભારથી દબાઈ જ ગઈ; લગ્ન ના જ થયું; આ પરિણામ લાવવામાં કવિનું કલાચાતુર્ય પ્રગટ થાયછે. **સોમ**ની સાથે લગ્ન કરાવ્યું હોત, તો **મુંજાલ**ના હૃદયની સરિતાનો પ્રવાહ બદલી નાંખી બધું કવિ કથળાવી નાંખત—એમ થાત. આ તો એ મહાન્ હૃદયનો અગાધ સાગર અગમ્ય જ રહેછે.

ક્ષણભર આ સુરેખ **સોમસુન્દરી**ની મધુરમૂર્તિ જોવાનું મન થાયછે; વાર્તામાં ગૌણ સાધનરૂપે હેના વૃત્તાન્તની ગૂંથણી છે, છતાં હેનો ચમત્કાર આકર્ષક છે, હેનો વૃત્તાન્ત સહેતુક વણાયેાછે. **સજ્જન** મંત્રીની વાડીમાં કૃષ્ણદેવરૂપે ગુપ્તવેશે આવેલા ખેંગાર જોડે **સોમસુન્દરી**નો અકસ્માત્ સમા-ગમ થતાં લાજાળ મુગ્ધાના હૃદયમાં અજ્ઞાત આછું પ્રેમકુતૂહલનું બીજ

કાંઈક રોપાયું; પરંતુ તે પછી કોઇ પ્રસંગો આપણા જોવામાં આવતા નથી; કૃષ્ણદેવ તો રાજખટપટ માટે આવેલો નગરચર્ચા અને નગરનારી-ઓની ચર્ચાની વચ્ચે વખત ગાળતો જણાયછે; પછી કાશ્મીરાદેવી સોમ-સુન્દરીનું માગું કરી આવેછે–માગું કરતી નથી, પણ યુક્તિથી એ મનોરથ સોમની માના હૃદયમાં વાવી જાયછે; પણ વિધિની યોજના જુદી છે;— કાવત્રાંબાજોના મંડળમાં ભંગાણ પડ્યા પછી મુંજલ સોમસુન્દરી તથા હેના ભાઇ લક્ષ્મણને કૃષ્ણદેવ જોડે વાત કરતાં દેખેછે, સોમસુન્દરીમાં કુલકુંવર કોઇની સૌંદર્યરેખાઓ મુંજલ જુવેછે અને કાંઇક અજ્ઞાત આર્દ્રતા સાથે અજ્ઞાત અંકુર ફૂટેછે–પણ તે કુસુમકલરૂપ લે એટલા બળમાં નહિઃ લક્ષ્મણ ચાલ્યો જાયછે, સોમ છાનીમાની પાછી આવેછે;–કૃષ્ણદેવે સોમ જોડે સંબન્ધ વધારે કેળવી હેની જોડે લગ્ન કરવાનું વચન લીધું હતું; એ વચન પાળવાની માગણી કૃષ્ણદેવ કરેછે. હેને ઉતાવળ છે. એ ખેંગાર તરીકે ઓળખાઈ જાય તેથી પાટણ છોડી જવું છે પણ જતાં જતાં પાટણની સુન્દરીનું હરણ કરી જવુંછે; સોમને ખેંગારની ઓળખ પડતાં લગ્ન તરફ વિમુખતા થાયછે; ખેંગાર બળથી હરણ કરી જવા મથે-છે;–તે જ ક્ષણે ગુપ્ત રહી બધો ખેલ જોઈ રહેલો મુંજલ ખેંગાર જોડે ખડ્ગયુદ્ધમાં જોડાયછે. ખેંગાર હારેછે, સોમ છૂટેછે; ઘરમાં જતી રહેછે; અહિં વળી પેલા અંકુરને થોડુંક જલસિચન આ પ્રસંગથી થાયછે;–પણ શોષક પ્રસંગ ભાવિમાં સંતાયલોછે. બીજો પ્રસંગ વળી વધારે પ્રબળ આવ્યો. ખેંગારની યુક્તિયોને પરિણામે સોમસુન્દરી પિતૃભક્તિ તથા પાટણ તરફ પ્રેમ એ બળ કરતાં જુનાગઢની ગાદી અને ખેંગારની મોહની એ બળના સવેગ પ્રભાવને વશ થઈ ખેંગાર સાથે છાનીમાની જતી રહેવા નીકળી; ખેંગાર અને સોમસુન્દરી નગર બ્હાર પડ્યાં તે પછી તરત જ અન્ય પ્રયોજને નીકળેલો મુંજલ અણધાર્યો આવી ચઢતાં ખેંગાર મુંજલ ઉપર તરવાર ઉગામી પ્રહાર કરવા જાયછે. ત્યહાં, મુંજલને ઓળખી "કૂવા !" કહી સોમ વચમાં તૂટી પડી અને ખેંગારની તરવાર સોમને જ વાગી. સોમ ઘવાઈ, બેશુદ્ધ થઈ પડી, ખેંગાર નાઠો; મુંજલે સોમને ઓળખી ન્હોતી; મોડે થકી ઓળખી હેને રાજગઢ લઈ ગયા—આ પ્રસંગે

વિશેષ જળસિંચન કર્યું. પરંતુ વખત વીતી ગયો હતો. સોમ આ માંદગીમાંથી બચી નહિ. પ્રબળ સંનિપાતની વચમાં વેદની માત્રાથી ક્ષણિક સ્થિરતા આવતાં સોમે મુંજાલને જોતાં "કૂવા !" એટલું સંબોધન કર્યું "ઓ, બ્હેન હું છું." મુંજાલે આર્દ્રતાથી કહ્યું, "કેમ છે ?" સોમ પાછી સંનિપાતની લવરીએ ચઢીઃ "દોડો, દોડો, કૂવાને પેલો ખેંગાર મારી નાંખશે." "અત્રે એશી શું રહ્યાંછો ?—ઓ—ઓ—ખસો—બ્હેને ઊઠવા ઘો—ઓ પેલી તરવાર કાઢી—ખસો." "તહમને કોઇને શું ? કૂવા ! જો પેલો આવ્યો. ઓ—ઓ—કૂવા જશે તો પાટણનું શું ? પકડો—પકડો—ઓ—ઓ—" આ લવારાને અંતે સોમસુન્દરી મરણવશ થઈ.

સોમસુન્દરીએ લવારામાં કહી દીધું હતું તેમ મુંજાલ અને પાટણ એ અભેદ્ય જોડાયલાં હતાં; અને પાટણનું ભાવિ ઘડનાર મુંજાલ હતો. એ ભાનથી પણ સોમનું હૃદય મુંજાલમાં જોડાયલું હશે. પાટણની પ્રજાના ભાવનો ઇશારો એ વચનમાં છે. અને ખેંગારને ઓળખતાં હેનાથી પ્રથમ પ્રસંગ વખત સોમ છૂટી તે વખતે મુંજાલે સ્વગત કહ્યું હતુંઃ

"હાવી છોકરીઓ હશે ત્હાં સૂધી જ પાટણનો જયવારો છે."

આ સોમસુન્દરી આમ આખર ટકી નહીં. મંજરી, મુંજાલ, ઇલાદિ પાત્રોની સઘન દૃઢતા આ સુકુમાર કુસુમકળીમાં ન્હોતી, તેથી તે ખરી પડી. અને કવિની યોજના સહેતુક જ છે. મુંજાલના હૃદયને વડવા માટે આ એક આડકતરો પ્રસંગ આપવા પુરતી જ આછી ચન્દ્રલેખા જેવી આલેખાઈછે. કલાશેષ ચન્દ્રલેખાની પેઠે આકાશમંડળમાં જરાક આવી જરાક વારમાં લુપ્ત થઈ. એ ચન્દ્રલેખા લુપ્ત થતાં, મુંજાલના સંયમી હૃદયમાં છાનાં આંસુ પડ્યાં હશે તે ગણ્યાં નથી, આંખ્યમાંથી એક જ આંસુનું ટીપું પડ્યું-એમ કવિ કહેછે. મીનલે મુંજાલને ખ્હાર મોકલ્યો. પાછળથી આવી મીનલે ખૂબ રોતાં રોતાં કહ્યું. "મુંજાલ ! બહુ ખોટું થયું." રવે જ; સોમના મરણની સાથે મુંજાલના હૃદયની સ્થાપનાના બધા મનોરથ મીનલના ભાગી પડ્યા.

ટાઢાશથી મુંજાલે જવાબ વાળ્યો. "બ્હે શું કહ્યું હતું ? બ્હને સુખનો અધિકાર નથી."

થયું! આ હૃદયના ઉપર કાળનું આવરણ ઢંકાયું. મીનલે કહ્યું હતું તેમ એ અરણ્યમાં ઊંચા તાડના જેવો અટુલો રહ્યો. વાર્તાને અંતે, લાટને જીતવાના, લાટને ગુજરાત બનાવવાના, ભારે કામ માટે મોકલેલા કાક તથા ત્રિભુવનપાલ, અને અવન્તી પાછા જવાની પ્રબળ ઇચ્છાને માન આપી મુંજલે અનુજ્ઞા આપેલો હેનો નવો પ્રાપ્ત થયેલો, હમેશનો ખોવાનો, પુત્ર કીર્તિદેવ, એક હોડીમાં બેશી સરસ્વતી ઓળંગતા ચાલ્યા; બીજી હોડીમાં ચાર પાંચ યુવતીઓ જોડે બેઠેલી કાશ્મીરાદેવી તથા મંજરી ટાળ-ટપ્પા ચલાવતાં હતાં, મંજરીને મન પાટણના બધા નર બ્હેતિયાં હતા, એક શિવાય–તે વચન ઉપર આનન્દવાર્તા થતી હતી, તે વખતે "આંવારા પર બધાથી નિરાળો, ટટાર, બની પાટણની સત્તાનો પ્રતિનિધિ, દુઃખ-ભીની આંખ્યે જોઈ રહ્યો હતો. તે સ્વસ્થ લાગતો (હતો)—અરણ્યમાં એકલું એક મહાવૃક્ષ ઊભું હોય તેમ; પણ તે સ્વસ્થતા, તે એકલતા, દયાજનક લાગતી હતી."

ત્રિભુવનપાલ, કાક અને કીર્તિદેવનું નાવ ચાલ્યું; કાશ્મીરા અને મંજરીવાળા મંડળનું નાવ ચાલતું હતું;—

"અને, મુંજલે દેખીતી સ્વસ્થતાથી દૂરને દૂર જતી નાવડીઓ તરફ જોયા કર્યું."

[ખરે! પોતાના હૃદયની ઊંડી, મધુરી રસભાવનાઓ જીવનસ્રોતમાં દૂર ને દૂર સરી જતી હતી, સરી ગઈ હતી, હેનું આ નાવડીઓ સ્થૂલ પ્રતિબિમ્બ જ હતી!]

"બિચારા મામા છે ત્હાં સૂધી એકલા જ રહેવાના;" ત્રિભુવનપાલે નાવમાં બેઠે બેઠે કહેલા આ આર્દ્ર વચનના ઉત્તરમાં કાકે કહ્યું:–

"પણ એ છે ત્હાં સૂધી જ પાટણનો પ્રતાપ રહેવાનો."

આમ "ગુજરાતનો નાથ*" એકલવૃક્ષ પેઠે ઊભેલો જોઈને આપણે હવે હેની સાથે મૌન ધારણ કરીશું. **નરસિંહરાવ ભોળાનાથ.**

* "ગુજરાતનો નાથ" કોણ? જયદેવ? કે ત્રિભુવનપાલ કે કાક? કે મુંજલ?—આ કોયડો વાચક આગળ આ વાર્તાકારે મૂક્યોછે; હવે કોયડાનો ઉત્તર જડયો તે પ્રમાણે અહિં દર્શાવ્યોછે—ન. ભો.

# અનુક્રમણિકા


| | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|
| પ્રકરણ ૧ લું-સરસ્વતીને તીરે ... ... ... ... ... | | ૧ |
| „ ૨ જું-ઝાડ નીચે બેઠેલા બે માણસ ... ... ... | | ૭ |
| „ ૩ જું-પાટણમાં ... ... ... ... ... ... | | ૧૫ |
| „ ૪ થું-પાટણના રાજ્યકર્તાઓ ... ... ... ... | | ૨૫ |
| „ ૫ મું-કૃષ્ણદેવે કેમ વખત ગાળ્યો ... ... ... ... | | ૩૮ |
| „ ૬ ઠું-જેમાં કાકને ખાત્રી થાય છે કે પોતે પાટણનો રાજા થયો છે ... | | ૪૩ |
| „ ૭ મું-કાશ્મીરા દેવી ... ... ... ... ... | | ૫૧ |
| „ ૮ મું-મામાજી અને ભાણેજવહુના પ્રશંસનીય નિર્ણયો... ... | | ૫૮ |
| „ ૯ મું-વિશાળભા વિજયાદેવીનું શરણ લે છે ... ... ... | | ૬૧ |
| „ ૧૦ મું-કૃષ્ણદેવે કહાવેલો સંદેશો ... ... ... ... | | ૬૭ |
| „ ૧૧ મું-કાકે કહેલો સંદેશો... ... ... ... ... | | ૭૨ |
| „ ૧૨ મું-ખંભાતને રસ્તે ... ... ... ... ... | | ૭૪ |
| „ ૧૩ મું-ખતીબ ... ... ... ... ... ... | | ૭૮ |
| „ ૧૪ મું-ખંભાતનું આતિથ્ય ... ... ... ... ... | | ૮૨ |
| „ ૧૫ મું-ખંભાતનો પતિ ... ... ... ... ... | | ૯૦ |
| „ ૧૬ મું-ઉદાને ઘેર ... ... ... ... ... | | ૯૫ |
| „ ૧૭ મું-કાક ઇતિહાસક્રમ ઉંધો વાળવાની તક ગુમાવે છે... ... | | ૧૦૦ |
| „ ૧૮ મું-કાક ખાલી હાથે પાછો નથી ફરતો ... ... ... | | ૧૦૫ |
| „ ૧૯ મું-ખંભાતના અખાતમાં ... ... ... ... | | ૧૧૧ |
| „ ૨૦ મું-નવઘણ રા'ની પુઠે... ... ... ... ... | | ૧૧૭ |
| „ ૨૧ મું-રા' સપડાયો ... ... ... ... ... | | ૧૨૩ |
| „ ૨૨ મું-મંડલેશ્વરની શોધમાં ... ... ... ... | | ૧૨૮ |
| „ ૨૩ મું-બે યોદ્ધાઓ ... ... ... ... ... | | ૧૩૨ |

## વિભાગ બીજો

| | | |
|---|---|---|
| પ્રકરણ ૧ લું-ઉબક સેનાપતિ ... ... ... ... ... | | ૧૩૭ |
| „ ૨ જું-કીર્તિદેવ ... ... ... ... ... ... | | ૧૪૩ |

| | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|
| ,, | ૩ જું-મુંજાલ મહેતાનું હૃદય ... ... ... ... | ૧૪૭ |
| ,, | ૪ થું-વિધિ અને તેનાં સાધનો ... ... ... ... | ૧૫૪ |
| ,, | ૫ મું-કાણુ માલીક ... ... ... ... ... | ૧૬૧ |
| ,, | ૬ ઠું-કાકનો ભાવ કેમ વધ્યો ... ... ... ... | ૧૬૭ |
| ,, | ૭ મું-મંજરીના સ્વામીઓ ... ... ... ... | ૧૭૨ |
| ,, | ૮ મું-બે જુના મિત્રો ... ... ... ... ... | ૧૮૦ |
| ,, | ૯ મું-કીર્તિદેવ કેમ આવ્યો ... ... ... ... | ૧૮૪ |
| ,, | ૧૦ મું-મધ્યરાત્રીની મૈત્રી ... ... ... ... | ૧૮૯ |
| ,, | ૧૧ મું-હિંગળાજ ચાચરનો ઓવારો... ... ... ... | ૧૯૬ |
| ,, | ૧૨ મું-મંજરીએ લગ્ન કેમ કબુલ કર્યું ... ... ... | ૨૦૬ |
| ,, | ૧૩ મું-કાકને પોતાના વાક્ચાતુર્યપરથી શ્રદ્ધા ઉઠી જાય છે ... | ૨૧૪ |
| ,, | ૧૪ મું-સત્તાનાં સૂત્રો ... ... ... ... ... | ૨૧૮ |
| ,, | ૧૫ મું-પ્રતાપનાં બીજ ... ... ... ... ... | ૨૨૫ |
| ,, | ૧૬ મું-કાલડીનો દેવડો ... ... ... ... ... | ૨૩૧ |
| ,, | ૧૭ મું-રાજ્યસભા ... ... ... ... ... | ૨૩૬ |
| | **વિભાગ ત્રીજો** | |
| પ્રકરણ | ૧ લું-કીર્તિદેવનો નિશ્ચય ... ... ... ... ... | ૨૪૬ |
| ,, | ૨ જું-કાકનું સહેજ કામ ... ... ... ... ... | ૨૪૮ |
| ,, | ૩ જું-કીર્તિદેવનો મુંજાલ સાથે મેળાપ ... ... ... | ૨૫૬ |
| ,, | ૪ થું-કાશ્મીરાદેવી ગુરૂપદે... ... ... ... ... | ૨૬૬ |
| ,, | ૫ મું-આનંદની રાત્રીનો અનુભવ ... ... ... ... | ૨૭૧ |
| ,, | ૬ ઠું-કાવત્રાબાજ ... ... ... ... ... | ૨૭૬ |
| ,, | ૭ મું-રમણસુષ્ટિનો અનુભવ ... ... ... ... | ૨૮૮ |
| ,, | ૮ મું-જળકુંડની જાત્રા ... ... ... ... ... | ૨૯૪ |
| ,, | ૯ મું-ઉદાની શોધમાં ઉદાના ઘોડાએ કરેલી મદદ ... ... | ૩૦૦ |
| ,, | ૧૦ મું-પાતાળ નિવાસ ... ... ... ... ... | ૩૦૮ |
| ,, | ૧૧ મું-તપાસ ... ... ... ... ... ... | ૩૧૫ |
| ,, | ૧૨ મું-ચાસન ... ... ... ... ... ... | ૩૧૯ |
| ,, | ૧૩ મું-હૃદયયજ્ઞ ... ... ... ... ... ... | ૩૨૩ |
| ,, | ૧૪ મું-બે કેદીઓ... ... ... ... ... ... | ૩૩૦ |

| | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|
| ,, | ૧૫ મું–પત્તો લાગ્યો ... ... ... ... ... | ૩૩૯ |
| ,, | ૧૬ મું–મંજરીએ પોતાના પતિની આબરૂ સાચવી ... ... | ૩૪૫ |
| ,, | ૧૭ મું–કર્કસૂરીની વૃદ્ધ હરણીની વાર્તા ... ... ... | ૩૪૯ |
| ,, | ૧૮ મું–વૃદ્ધ હરણીના બચ્ચાંની કથા... ... ... ... | ૩૫૧ |
| ,, | ૧૯ મું–પાઠણનું પરદેશ ખાતું ... ... ... ... | ૩૫૪ |
| ,, | ૨૦ મું–કાકને લાગે છે કે કીર્તિદેવ ગાંડો થઈ ગયો છે ... ... | ૩૫૮ |
| ,, | ૨૧ મું–શ્રીમાળી દરવાજે ... ... ... ... .. | ૩૬૧ |
| ,, | ૨૨ મું–બરબાદ થયેલી કાકની મહેનત ... ... ... | ૩૬૭ |
| ,, | ૨૩ મું–લોહી તરસ્યો મહામાત્ય ... ... ... ... | ૩૭૦ |
| ,, | ૨૪ મું–કીર્તિદેવનું કુલ ... ... ... ... ... | ૩૭૫ |
| ,, | ૨૫ મું–કીર્તિદેવનો પિતા ... ... ... ... ... | ૩૮૧ |
| ,, | ૨૬ મું–મંજરીની મેડી ... ... ... ... ... | ૩૮૪ |


## વિભાગ ચોથો.


| | | |
|---|---|---|
| પ્રકરણ | ૧ લું–ન્યાય ... ... ... ... ... ... | ૩૮૬ |
| ,, | ૨ જું–સોરઠ તરફ પ્રયાણ ... ... ... ... ... | ૩૯૩ |
| ,, | ૩ જું–જયદેવની મૃગયા ... ... ... ... ... | ૩૯૭ |
| ,, | ૪ થું–ખેંગારની પુઠે ... ... ... ... ... | ૪૦૩ |
| ,, | ૫ મું–ખેંગાર કુંવર ... ... ... ... ... | ૪૦૬ |
| ,, | ૬ ઠું–રા' નવઘણની પ્રતિજ્ઞા ... ... ... ... | ૪૦૯ |
| ,, | ૭ મું–રા' ખેંગાર ... ... ... ... ... | ૪૧૪ |
| ,, | ૮ મું–ગર્વ મર્દન... ... ... ... .. ... | ૪૧૬ |
| ,, | ૯ મું–કાકની શોધ ... ... ... ... ... | ૪૧૯ |
| ,, | ૧૦ મું–કાક જડ્યો ... ... ... ... ... | ૪૨૪ |
| ,, | ૧૧ મું–ભોદક ભક્ત ... ... ... ... ... | ૪૩૨ |
| ,, | ૧૨ મું–છુટકારો ... ... ... ... ... | ૪૩૫ |
| ,, | ૧૩ મું–સ્વર્ગસીડી ચડતાં કે ઉતરતાં ... ... ... ... | ૪૪૩ |
| ,, | ૧૪ મું–ઉઘાડે શું જોયું ... ... ... ... ... | ૪૪૭ |
| ,, | ૧૫ મું–બે સલેડાં ... ... ... ... ... | ૪૫૦ |
| ,, | ૧૬ મું–જયદેવનું નાક કેમ કપાયું ... ... ... ... | ૪૫૪ |
| ,, | ૧૭ મું–સુખનો અધિકાર ... ... ... ... ... | ૪૬૦ |
| ,, | ૧૮ મું–જયદેવને લાગતો ભય ... ... ... ... | ૪૬૪ |
| ,, | ૧૯ મું–મરણાન ... ... ... ... ... ... | ૪૬૮ |

# નોંધ

પંચાસરના રાજા જયશિખરનો વીર પુત્ર વનરાજ ગુજરાતના મધ્ય કાલના ઇતિહાસનો સૂત્રધાર છે. સંવત ૮૦૨ માં તેણે અણહિલવાડ પાટણ (હાલનું કડી પાટણ) સ્થાપી, ભાવી ગુર્જર સામ્રાજ્યનું પાટનગર સ્થાપ્યું. સંવત ૯૬૮ માં સોલંકી વંશના શૂરવીર મૂળરાજે મામા પાસેથી ગાદી પચાવી પાડી; ગુજરાતને સંસ્કૃત કરવા બ્રાહ્મણોને દૂર દેશથી નોતર્યા; અને ગિરનારના ગ્રહરિપુને તાબે કરી, કચ્છના લાખાને મારી, લાટના સેનાપતિ બારપને હરાવી, પાટણની સત્તા વધારી. તેના પુત્ર ચામુંડે લાટની રાજ્યધાની ભરૂચ લઈ, લાટ સર કર્યું. સને ૧૦૮૦ માં તેના પૌત્ર ભીમદેવના સમયમાં મહમદ ગીઝનીએ સોમનાથપર સ્વારી કરી, ને પાટણ લીધું. મહમદ પાછો ગયો એટલે શૂરવીર ભીમે પાટણ પાછું લીધું ને તેની સત્તા વધારી. ભીમની વણીક સ્ત્રી અકુલાદેવીથી મોટો પુત્ર ક્ષેમરાજ થયો. ક્ષેમરાજ વાનપ્રસ્થ થયો; અને દધિસ્થલીનું સંસ્થાન લઈ, પાટણનું રાજ્ય નાના સાવકા ભાઈ કર્ણને આપ્યું. કર્ણના મરણ સમયનો ઇતિહાસ મેં મારી પાટણની પ્રભુતામાં ગુંથ્યો છે. એ ગુંથણીના છેડા આ વાર્તા જોડે જોડ્યા છે.

એ વાત સિદ્ધરાજ જયસિંહના પિતા કર્ણદેવ મરવા પડયા તે સમયની છે. તે સમયમાં ક્ષેમરાજનો પુત્ર દેવપ્રસાદ રજપૂત સામન્તોનો અગ્રેસર હતો; અને પાટણનો દંડનાયક બનવા તલસતો હતો, છતાં તેની સત્તા સામે તોફાન કરી રહ્યો હતો. ચંદ્રાવતીમાં જૈનોએ સ્વતંત્ર સત્તા સ્થાપી હતી, અને તેઓએ પાટણની સત્તા હાથ કરવા આનંદસૂરિ નામના જતિને મોકલ્યો હતો.

પાટણમાં મીનળદેવી પાટણના નગર શેઠ મુંજાલ મહા અમાત્યની મદદથી પાટણની સત્તા એક ચક્રે સ્થાપવા પ્રયત્નો કરી રહી હતી. મુંજાલ મીનળનો ભક્ત હતો; તેણે જ તેને કર્ણદેવ જોડે પરણાવી હતી. એ બે વચ્ચે શુદ્ધ સ્નેહ સંબંધ પણ હતો.

દેવપ્રસાદ કાકાની માંદગીના સમાચાર સાંભળી પોતાના વીર પુત્ર ત્રિભુવનપાલ (કુમારપાલના પિતા)ને લઈ પાટણ આવે છે.

આનંદસૂરિ મીનળદેવીને હાથપર લેછે. અને રાજાના મરણ પછી, મુંજાલને બદલે શાન્તુ મંત્રીને પાટણનો દંડનાયક બનાવે છે; અને દેવપ્રસાદને કેદ કરવા મથે છે. અપમાન પામેલો મુંજાલ પાટણ છોડે છે, ને ક્રોધે ભરાયેલો દેવપ્રસાદ પાટણનો કોટ કુદાવી દધિસ્થલી જઈ પાટણપર હુમલો કરવાની તૈયારી કરે છે.

દેવપ્રસાદની સ્ત્રી અને મુંજાલની બહેન હંસાને મીનળદેવીએ કેદ કરી રાખી હતી, અને એવી લોકવાયકા ચલાવી હતી કે તે મરી ગઈ. આ વખતે રાણી તેને છોડે છે, અને દેવપ્રસાદને પાટણપર આવતો અટકાવવાનું વચન લેછે.

મુંજાલની બેદરકારી, અને દેવપ્રસાદના ધાક એ બેથી નિરાધાર બનેલી મીનળદેવીને પાટણના લોકની બ્હીક લાગી હોવાથી તે છાનીમાની જયદેવ સહિત શહેર છોડી, ચંદ્રાવતિના સૈન્યની છાવણીમાં જાય છે; અને મુંજાલને કેદ કરે છે. પોતાની સલાહ આટલી સફલ થઈ તે જોઈ જતિ જૈન ધર્મના કટ્ટા દુશ્મન દેવપ્રસાદને દધિસ્થલિમાં મારી નાખે છે.

પણ પાટણના લોકો ઉશ્કેરાય છે, રાજગઢ કબજે કરી, ત્રિભુવનપાલને બધી સત્તા આપે છે, ને રાણીનો બહિષ્કાર કરે છે. રાણી ગુંચવાય છે, આખરે મુંજાલની મદદ લેછે; સજીવન થયેલા સ્નેહને લીધે મુંજાલ પાટણને સમજાવે છે, ને પટ્ટણીઓ રાણીને અને જયદેવને સ્વીકારે છે; નિષ્ફળ બનેલો જતિ માનભંગ થઈ પાટણ છોડે છે.

જયદેવ ગાદીએ બેસે છે; ત્રિભુવનપાલ રાણીની ભત્રીજી પ્રસન્ન (કાશ્મીરાદેવી) ને૭ પરણે છે; અને મુંજાલ પાટણની ધજા ગુજરાતપર ફરકાવવાનો પ્રયાસ આરંભે છે. ત્રિભુવન લાટ (સાબરમતિથી દમણ સુધીનો પ્રદેશ)નો દંડનાયક નીમાય છે, અને ઉદા મંત્રીને કર્ણાવતી અને અંબાતની સત્તા આપવામાં આવે છે.

આ વાતને ચાર વર્ષ થઈ ગયાં હતાં.

# ગુજરાતનો નાથ.

**["પાટણની પ્રભુતા" પછીના સમયની વાર્તા.]**

## પ્રકરણ ૧ લું.
## સરસ્વતીને તીરે.

સંવત ૧૧૫૪ના શીયાળાની એક રાતે કડકડતી ઠંડી પડતી હતી. પાસે વ્હેતી સરસ્વતીના નીરનો ગંભીર રવ રાત્રિની શૂન્યતામાં ભયજનક લાગતો હતો; તેના સીકરોથી શીતલ થયલો પવન, શીયાળો ભુલાવી, ચોમાસાની હીકળનું ભાન કરાવતો હતો. રાત્રિ એવી હતી કે ઘરને ખુણે કે પ્રિયતમાની સોડમાં જ પડી રહેવું પસંદ પડે; છતાં, ચારસેં પાંચસેં માણસ પાટણને સામે કિનારે ઉઘાડામાં પડ્યાં હતાં. છુટી છવાઈ તાપણી કરી ટાઢ ઉરાડવાનો પ્રયત્ન કેટલાક કરી રહ્યા હતા; બાકીના તાપણીઓની આસપાસ સુઈ ગયા હતા, અથવા તો સુવાનો પ્રયત્ન કરતા હતા; ગણ્યા ગાંઠ્યા ઉંઘવાનો વિચાર નહિ હોવાથી, ટુંટીયું વાળી બેસી રહ્યા હતા. અંધારામાં, તાપણીનાં અસ્થિર બળતાં વિચિત્ર ઓળાઓ પાડી રાત્રિને વધારે ભયંકર બનાવતાં હતાં. આખો દેખાવ જાણે પિશાચોનું સંમેલન હોય એવો લાગતો હતો.

આમાંની એક તાપણી આગળ એક જુવાન પગ લંબાવી અડધો આડો પડ્યો હતો. તેણે ભોંયપર પડેલી ઢાલપર માથું મૂક્યું હતું. તેનો માથાનો ફેંટો, તે સોરઠ તરફનો હોય તેમ સૂચવતો હતો. તેની તરવાર મોં આગળ પડી હતી, અને તરવાર બાંધવાનો બેશ તેનાપર પડ્યો હતો. પણ, તેની આંખોમાં ઉંઘ નહોતી. તે હાથમાં લાકડાનાં છોડીયાં લઈ તાકી તાકીને દેવતામાં મારતો હતો. એની તાપણી આગળ બીજું કોઈ માણસો નહોતાં.

થોડે દૂર, એક ઝાડને અઢેલી બે માણસ ટૂંટીયું વાળી બેઠા હતા. કોઈ કોઇની સાથે બોલતું નહોતું.

આ યુવક પચ્ચીશેક વર્ષનો લાગતો હતો. તેનું મોઢું જરા શ્યામલું પણ રૂપાળું હતું; તેની આંખો મોટી, ભભકદાર હતી, અને થોડી થોડી વારે જાણે મજાકમાં નાચતી; તેનું શરીર સશક્ત, અને બાટીલું હતું; અને તેનો પહેરવેશ, તેને હાથે પહેરેલી પોંચીઓ અને બાજુબંધ, કાનમાંનાં કુંડલ અને ડોકમાંનો નાનો સોનાનો હાર તે કોઈ સુખી માણસ હોય એમ દેખાડતાં હતાં. અને તેની બેસવાની છટા, અને મુખપર પથરાયેલી નીરાંત અને બેદરકારી તે કોઈ ઉચ્ચ કુટુંબનો સુભટ હોય એમ સૂચવતાં હતાં.

થોડી વારે એક દોડતી આવતી સાંઢણીનાં પગલાં સંભળાયાં; તરત તે સાંઢણી ભાયે પડી હોય એવો અવાજ આવ્યો. પછી શાન્તિ પ્રસરી રહી. તાપણી આગળ બેઠેલો યુવક તેમનો તેમ બેસી રહ્યો. તેને મન, દેવતામાં છોડીયાં નાંખવા કરતાં વધારે આકર્ષક કામ કાંઈ પણ હોય એમ દેખાતું નહોતું.

જે દિશામાંથી સાંઢણી પક્ષાનો અવાજ આવ્યો હતો તે તરફથી એક પુરુષ ઉતાવળો આવ્યો અને આ યુવકને જાગતો જોઈ તેના તરફ વળ્યો.

નવો આવનાર વીશ બાવીશ વર્ષનો લાગતો હતો. તે શસ્ત્રથી સજ્જિત હતો; તેની કમરે તરવાર અને જમૈયો, ખભાપર ઢાલ અને હાથમાં મોટી લાકડી હતી. તે બેઠેલા યુવક તરફ ફર્યો, અને પલ વાર બન્ને જણ એક બીજાને જોઈ રહ્યા. માથાના ફેંટા શિવાય બન્નેના પહેરવેશ સરખા હતા; માત્ર નવા આવનારને શરીરે ઘરેણાં નહિ જેવાં હતાં. બન્ને ઉંચા, કદાવર, સ્વરૂપવાન હતા; બન્નેની આંખમાં તરવારની ધારો ચમકતી; બન્નેનાં ભવ્ય કપાલે સુખડનાં ત્રિપુંડ શોભતાં; બન્ને ગુજરાતી યોદ્ધાઓ લાગતા; બન્ને, જે યોદ્ધાઓએ સોલંકીઓની સરદારી હેઠળ દિગ્વિજય કરવા માંડ્યો હતો તેમાંના દેખાતા હતા. છતાં એ બેમાં ફેર ઘણો હતો. બેનાં વ્યક્તિત્વ જુદાં જ હતાં. નવો આવનાર જરા ઉંચો હતો; તેની આંખો નાની અને વધારે તેજદાર હતી; તેનું શરીર વધારે કસાયેલું અને સુકું લાગતું હતું. બેઠેલા યુવકનું ગોળ મોઢું, મોટાં નસ્કોરાં, પહોળી આંખો, મૃગપતિની હિમત અને સત્તાનો શોખ

પાટણના ભીમનાથના આરાનું ઉત્રાણ અહિંયાં કે ?

સૂચવતાં; નવા આવનારની અણિયાળી આંખો, દૃઢ ને સખ્ત મુખ, સાંકડું તીણું નાક, ગરુડરાજની સચોટ તરાપ, શક્તિ ને સાવધાનતા દર્શાવતાં. એક નીડર ને શાન્ત લાગતોઃ બીજો દૂરઅંદેશી ને સ્વસ્થ જણાતો. પશુરાજ અને ખગરાજ–સિંહ અને ગરુડ–એ બેની જ મુખમુદ્રા ચારિત્ર્યશાળી મનુષ્યોની હોય છે. એ બન્ને પ્રકારના આ નમુના હતા.

"ભાઈ!" નવા આવનારે બેઠેલા યુવાનને પૂછ્યું. "પાટણના લીમનાથના આરાનું ઉત્રાણુ અહિયાં કે?"

બેઠેલા યુવકે હાથમાં લીધેલું છોડીયું જરા વાર તોળ્યું, અને જરા પણ હાલ્યા વિના શાન્તિથી જરાક ટોળમાં જવાબ વાળ્યોઃ "જી હા! પુછવાનું કાંઈ કારણ?"

"મારે પાટણ જવું છે. હોડી ક્યાં આગળ હોય છે? અહિયાજ કે?" જરા અધીરાઇથી નવા આવનારે કહ્યું.

સામું બેઠેલો યુવક જરા મલકમાં હસ્યો અને પોતાની પાંચી ઉંચી ચડાવી બોલ્યોઃ "ત્યારે તમારૂં ધારવું એવું છે કે અમે બધા મૂર્ખ છીયે?"

નવા આવનારે ભ્રુકુટિ ચઢાવી. બેઠેલા યુવકની શાન્ત મલકથી તેની અધીરાઇએ ગુસ્સાનું સ્વરૂપ પકડ્યું. "કેમ?" તેણે સખ્તાઇથી પુછ્યું. "હોડી ક્યાં ગઈ?"

"પેલે પાર છે. ત્યાં જશો તો હોડી મળશે."

"ત્યારે કેમ જવાય? મને ઘણું જરૂરનું કામ છે."

"એક રસ્તો છે."

"શો?"

"વિમાને ચઢીને જવાનો." બેઠેલા જુવાને જવાબ આપ્યોઃ "બોલો, છે વિચાર?"

"મશ્કરી કરો છો?" નવા આવનારે જરા ગુસ્સાના આવેશમાં પુછ્યું. તેની ઉંડી આંખો ચમકી રહી.

"જુઓ, ગુસ્સો કરવાનું કામ નથી. ટાઢ છે ને આખી રાત આમ ગાળવી છે એટલે ગમ્મત વિના વખત કેમ જાય? આવો, આમ બેસો."

આમ કહી બેઠેલા જુવાને ભોંયપર પડેલી પોતાની તરવાર પાસે ખેંચી લઈ જગ્યા બતાવી. "**પાટણ** હમણાં ખુણે લઈ બેઠું છે:" તિરસ્કારથી તે ફરીથી હસ્યો અને હાથમાંનું છોડીયું અગ્નિમાં નાંખ્યું.

"શું ?" જરા દૂર અંધારામાં ઝાડ નીચે બે જણ બેઠા હતા તેમાંનો એક જણ બોલ્યો. બન્ને યુવકો તે તરફ ફર્યા. પેલા બે જણ ઓઢી પોઢી, મોઢું ઢાંકી બેઠા હતા. એકની પાઘડી સફેદ હતી અને બીજાની લાલ હતી એટલું જ તેઓ પારખી શક્યા. લાલ પાઘડીવાળો આ શબ્દો બોલી ઉઠ્યો હતો; પણ વધારે બોલતાં તેને બીજાએ હાથ ખેંચી અટકાવ્યો.

"એટલે ? મારે જરૂર અત્યારે **પાટણ** જવું જ જોઇએ. અહિયાંથી તરીને પાર જવાય તેમ નથી ?" અનુભવી તરનારની નજરથી નદીનો પટ માપવાનો પ્રયત્ન કરતાં નવા આવનારે કહ્યું.

"હા બરોબર છે. પેલે કિનારે તાપણી વિના ટુકવાઈ મરશો; ને ગામમાં પેસશો તો હુકમ વિરુદ્ધ નદી ઓળંગ્યા માટે હાથીના પગ તળે જઈ પડશો." જરા હસતાં, બેઠેલા યુવકે કહ્યું.

"ત્યારે **શું** કરું ?"

"બેસો. ઉતાવળ તે કાંઈ તમને એકલાને છે ? દરરોજ આટલા લોકો આવીને પાછા જાય છે, તેમાં આજ તમે વધારે."

"પણ આમ રસ્તો અટકાવવાનું કાંઈ કારણ ?"

"પુછો જઇને **સજ્જન** મંત્રીને. **માલવા**નો રાજા ચઢી આવ્યો છે તે ખબર નથી ?"

"તે તો ખબર છે" નવા આવનારે કહ્યું. "તેમાં તો હું **ત્રિભુવન**-પાલ મહારાજનો સંદેશો લઈ* **લાટ**થી આવ્યો છું. પણ એમ તે **માલવ**-સેના કેટલીક પાસે આવી છે ?"

"પાંચ હાથ આવી હોય કે પચાસ ગાઉ. વાણીયાના રાજમાં બધું જ સરખું."

---

* દમણથી સાબરમતી સુધીનો પ્રદેશ તે લાટને નામે ઓળખાતો–તેનું મુખ્ય નગર ભરૂચ હતું.

"ત્યારે શું તે મેદાને નથી પડ્યા?" નવા આવનારે બેસી, તાપવા માંડતાં કહ્યું.

"ના રે! સજ્જનશાને પાટણ સોંપી શાન્તુ મહેતા સમાધાન કરવા ગયા છે."

"સમાધાન! મારા મહારાજ તો લશ્કર લઇને આવે છે."

"ત્યારે તેને કહો કે જ્યાંથી આવ્યા હો ત્યાં."

"જયદેવ મહારાજ—"

"તે પાપ ધોવા ગયા છે. સાંભળ્યું છે કે તે દ્વારકા આગળ આનંદ કરે છે. પછી અવન્તિનાથને યુદ્ધ આપવાની કોને ફરસદ હોય? એ તો ઠીક છે, પૈસા છે; એટલે ગમે તેમ વાણીયાવિદ્યા કરી સેનાપતિ* ઉપકને પાછો મોકલીશું" પહેલાં બેઠો હતો તે યુવકે નિરસ્કારથી હસીને કહ્યું: "વાહ! પણ-તમે ક્યાંના?"

"લાટનો. તમે?"

"હું સોરઠનો છું. જુનાગઢ-જુનાગઢ પાસે વંથલી છે, ત્યાંનો છું. તમારું નામ શું? મારું તો કૃષ્ણદેવ."

"મારું નામ કાક" નવા આવનારે જવાબ આપ્યો. "આ તો જુલમ છે? મેં આજે વીશ દિવસ થયાં શ્વાસ ખાધો નથી; અને અહિયા તો સમાધાનની વાતો ચાલે છે. મારા મહારાજ પણ દોડતી સ્વારીએ આવી પહોંચશે."

"તે શું હાથીપર બેસીને આવે છે? આવશે ત્યારે માલવીઓ તો પાછા જશે."

"ના. હું સમુદ્રવાટે ખંભાત થઈને આવ્યો. તે પગ રસ્તે લશ્કર સાથે નીકળ્યા છે."

જરાક મજાકમાં આંખ મીંચી કૃષ્ણદેવે પુછ્યું: "કેમ ઉદાકાકા આનંદમાં?"

"તમે શ્રાવક છો?"

---

* "ઉપગવ"-દ્વાશ્રય.

જવાબમાં કૃષ્ણદેવ ખડખડ હસ્યો. "નારે ભાઈ!" જ્યારે તેણે હસવું ખાળ્યું ત્યારે જવાબ દીધોઃ "હું તો પાટણ પહેલી જ વખત આવું છું ને આ બધાનાં તો મેં માત્ર નામ સાંભળ્યાં છે-જોયા પણ નથી. પણ ઉદા મહેતાની ખ્યાતિ તો ઘણી સાંભળી છે. એ તો ખંભાતનો માલીક થઈ પડ્યો છે. એની ખ્યાતિ ખરી છે કે માત્ર વાતો?"

"એના ખરા દમામ આગળ ખ્યાતિનો હિસાબ નથી. પાટણનો ધણી તો નથી જોયો, પણ ખંભાતના ધણીની સત્તા ને સમૃદ્ધિ આગળ કોઈનો હિસાબ નથી."

"આવા બધા છે તેમાં જ પાટણના ધણીનું કાંઈ ચાલતું નથી તો."

"કેમ?" કાકે પુછયું.

"શાન્તુ મહેતો રાજા, ઉદો મહેતો રાજા, મુંજાલ મહેતો રાજા-પછી બીચારા જયદેવ મહારાજને રાજા થવાનો વારો જ ક્યાંથી આવે?"

"કૃષ્ણદેવ! પાટણને પાદરે બેસી પાટણના જ રાજાની નિંદા કરો છો કે?" કૃષ્ણદેવના આનંદી સ્વભાવને ખીલવવા કાકે ઠપકો દીધો. પણ અચાનક પાછળ ફરતાં ઝાડને ઓથે બેઠેલા પેલા બે જણને કાંઈ કાનમાં વાત કરતા તેણે જોયા.

"નિંદા શાની? ભલે ને જોઈએ તો જયદેવ મહારાજ સાંભળે."

"જો તમે કહો છો એમ જ હોય તો ઘણું બોટું. એના કરતાં તો અમારા લાટમાં મહારાજની આણ વધારે ફરે છે."

"દૂરથી ડુંગર રળીયામણા."

કાકને કાંઈ વ્હેમ પડ્યો તેથી તે ઝાડ તરફ ફર્યો. અંધારામાં બેઠેલા પેલા બેમાંથી એક જણ, બીજાનો હાથ ઝાલી કાંઈ ધીમેથી પણ આગ્રહથી કહેતો હતો. કાકને લાગ્યું કે આ લોકો એમની વાત ઘણા જ ધ્યાનપૂર્વક સાંભળતા હતા. "પેલા આપણી વાત સાંભળે છે, હોં." ધીમેથી તેણે કૃષ્ણદેવને કહ્યું.

"ભલેને! જોઈએ તો નાકકાન કાપી લે" તેણે મોટેથી જવાબ આપ્યો.

"તમને પાટણ ગમતું નથી ત્યારે અહિયાં શા માટે આવ્યા છો?" કાકે પુછયું.

"બાલપણથી મેં પાટણની સુંદરીઓ વિષે એટલું સાંભળ્યું છે કે–"

ગંભીરાઇથી કાકે વાત બદલી અને કહ્યું: "જો અમારા ત્રિભુવનપાલ મહારાજ અહિયાં રહે તો મહારાજને કાંઈ કાંઈ શીખવે."

"આપ મુઆ વગર સ્વર્ગે કોઈ ગયું છે?"

"અરે એ તો ઠીક. પણ મારૂં જ કહ્યું જો મહારાજ સાંભળે તો કાંઇને કાંઈ કરી નાંખે."

"હું પાટણનો રાજા હોઉં તો સાંભળું. પણ નથી એટલે અફસોસ! પણ મને તો આ બીચારા લોકોની દયા આવે છે" કહી કૃષ્ણદેવે ટાઢમાં સુતેલા લોકો તરફ હાથ કર્યો.

"કેમ?"

"બાપડા ધણી વગરનાં ઢોર જેવા લાગે છે. આવે વખતે પાટણના કોટમાં બધાને લેવા જોઇએ; તેને બદલે દરરોજ આટલા લોકો ત્રાસથી નાસી આવે છે ને દરવાજા બંધ જોઈ પાછા જાય છે. રક્ષણ નહિ કરવું હોય તો કોટ શા કામના?"

"બરોબર છે. ત્રિભુવનપાલ મહારાજ તો પાટણને પૃથ્વીનું મધ્યબિન્દુ ગણે છે."

"હમણાં તો પાણીનું મધ્યબિન્દુ છે. ચારેગમથી બાદબો ખુલ્લી કરી દીધી છે એટલે જ્યાં દેખો ત્યાં જલજલાકાર છે" કૃષ્ણદેવે કહ્યું.

"એવું જાણત તો દોડાવી દોડાવી મારી સાંઢણીનો દમ નહિ કહાડી નાંખત. આખરે બીચારી પડી ગઈ."

"ચાલો હવે નીરાંતે ઉંઘશો? મને તો ઉંઘ આવે છે" કહી કૃષ્ણદેવે તરવાર માથા નીચે મૂકી અને ઉંઘવાની તૈયારી કરી.

## પ્રકરણ બીજું.

### ઝાડ નીચે બેઠેલા બે માણસ.

કૃષ્ણદેવની જીભમાં જુઠ નહોતું; માત્ર તીખાશ જ હતી. તે પહેલી વાર પાટણ આવતો હતો, પણ કોઈ પાકા ભેદુએ તેને માહિતી બરોબર આપી હતી.

જ્યારે ચાર વર્ષપર જયસિંહદેવ સોલંકી પાટણની ગાદીએ આવ્યા ત્યારે રાજ્યતંત્ર બરોબર ન હોતું. પણ મહાઅમાત્ય મુંજાલ અને રાજમાતા મીનલદેવીનો એકમત થયો હતો; દેવપ્રસાદની નડતર જઈ તેના લોકપ્રિય પુત્ર ત્રિભુવનપાલ જેવો રાજભક્ત દંડનાયક બન્યો હતો; આનંદસૂરી સાથે જીનશાસન પ્રવર્તાવવાનો શોખ પણ ઘણો ખરો અદૃષ્ટ થયો હતો; અને ત્રિભુવનપાલને રાજ્યનો સ્તંભ બનેલો જોઈ રજપુત મંડલેશ્વરોએ મહાઅમાત્યનાં શાસનો સ્વીકારવા માંડયાં હતાં. આ કારણોને લીધે રાજ્યતંત્ર સુધારતાં મુંજાલની બુદ્ધિને વાર લાગી નહિ.

રાજ્ય વધ્યું હતું અને મુંજાલે તેને એકતંતુએ બાંધ્યું હતું. તે બંધન મજબૂત કરવા મહારાજા અને રાજમાતા રાજ્યમાં પર્યટણે નીકળ્યાં હતાં. અને વૃદ્ધ અમાત્ય શાન્તુ મહેતા પાટણ સાચવવા રહ્યા હતા.

ત્રિભુવનપાલ લાટના દંડનાયક હતા અને તેને સર કરવામાં તે ગુંથાયા હતા.

ઉદા મહેતાને પહેલાં કર્ણાવતી* અને સ્તંભતીર્થ† બે સોંપવામાં આવ્યાં હતાં. પણ આખા રાજ્યમાં આ બે શહેર ઉતરતાં હોય તો માત્ર અણહિલવાડ પાટણથી જ; એટલે તેના પતિએ ચાર વર્ષમાં અઢળક ધન અને અમાપ સત્તા બેગી કરી હતી એમ કહેવાતું હતું. મુંજાલની રાજ્યનીતિને તે રુચ્યું નહિ. તેણે કર્ણાવતી નાગર મંત્રી દ્વાદાકને સોંપ્યું અને ઉદયનના હાથમાં માત્ર ખંભાત જ રહ્યું.

સજ્જન મંત્રીને કેટલાંક વર્ષ થયાં સોરઠ સોંપવામાં આવ્યું હતું;‡ પણ તેમની તબીયત હાલ નાદુરસ્ત હોવાથી તે પાટણમાં આવ્યા હતા. સોરઠમાં પદ્મણી સત્તાના કેન્દ્રસ્થાન વંથલીમાં હાલ સત્તાધીશ તેનો પુત્ર પરશુરામ હતો.

એટલામાં અવંતિનાથ લક્ષ્મવર્મા લશ્કર લઈ ગુજરાતની સરહદ પર તુટી પડ્યો. તેના સેનાધિપતિ ઉબકના હુમલાથી એક પછી એક કિલ્લાઓ પડવા લાગ્યા. આ વખતે મુંજાલ, રાજા અને રાણી પ્રભાસ થઈ દ્વારકાં તરફ ગયાં હતાં. પાટણ નધણીયાતું હતું એટલે ઉબકના અંતરમાં તેના ધણી થવાની આશાઓ ઉદ્ભવી હતી. તે રાજનગર તરફ ધસતો આવતો હતો.

* હાલનું અમદાવાદ. † ખંભાત. ‡ નૂઓ પ્રબંધચિંતામણિ.

**શાન્તુ** મહેતા ગભરાયા; ચારેગમ મદદ માગવા માણસો દોડાવ્યાં; પાસે હતાં તેટલાં માણસો લઈ સામા ગયા અને **સજ્જન** મંત્રીને **પાટણ** સોંપ્યું. એક જ લડાઈ થઈ ન થઈ અને **શાન્તુ** મહેતાએ શૌર્ય વીસારી ડહાપણ સ્વીકાર્યું અને પૈસા આપી **માલવા**ની સેના પાછી કહાડવાની યુક્તિ રચવા માંડી. મહાપ્રતાપી **ભીમદેવે** એક વખત પૈસા લઈ **માલવા** જીતવાનું કાર્ય પડતું મુકયું હતું; તેના પૌત્રના પ્રધાને તે પૈસા વ્યાજ સાથે પાછા આપવાનો વિચાર કરવા માંડ્યો.

સેનાપતિ **ઉબકને ગુજરાત**પર ધસી આવતો જોઈ ગામડાની ગરીબ પ્રજા **પાટણ**ના કોટ પાછળ ભરાઈ બેસવાની ઇચ્છાથી અહિયા દોડી આવતી હતી. પણ **શાન્તુ** મહેતાને મોટી બીક એ હતી કે **ઉબક પાટ**ણને ઘેરો ઘાલશે. અને એમ થાય તો ઘણા દિવસ ટકવા માટે શહેરમાં જેમ ઓછાં માણસો હોય તેમ સારૂં, એમ ધારી તેણે દરવાજા બંધ કરવાનો હુકમ આપ્યો હતો; પરિણામે, દરરોજ આજની માફક સેંકડો લોકો આવતા–ત્રાસમાંથી છુટવાને બદલે વધારે ત્રાસી, નિરાધાર બની પાછા જતા; અને ભયથી વ્યાકુલ બનેલી તેમની કલ્પનાશક્તિ, જાણે તેઓ જીવતા મુઆ જ છે એમ, તેમને ખાત્રી કરી આપતી. રાંકડી પ્રજાનો પ્રભુ દૂર હતો; તેમનો વિનાશક આગળ વધતો જતો હતો.

સવાર પડતાં એક હોડી આ પાર આવતી અને કોઈ જાણીતાં માણસો કે કાંઈ સંદેશો હોય, તો તેને લઈ જતી. તે હોડી આવે ત્યાં સુધી **ફાકને** અહિયાં પડી રહ્યા વિના છુટકો નહોતો.

**ફાક** ઉંઘવા માંડ્યું. આસપાસ પડેલા લોકો પણ મધ્યરાત્રિ પછી ઉંઘવા માંડ્યા. તાપણીના ભડકા શમ્યા; માત્ર બળતા અંગારા જ રહ્યા. એટલામાં, શા કારણથી તે સમજાયું નહિ, **ફાક** જાગ્યો. આકાશ શીકારીની ચપલતાથી તેણે કાન માંડ્યા અને વિચાર કરવા લાગ્યો કે શાથી તે જાગ્યો. બે જણ કાંઈ ધીમેથી વાત કરતા હતા.

"આપણે જેમ બને તેમ વહેલા ગામમાં જવું જોઇએ" એક છોકરાના જેવો અવાજ આવ્યો.

"હા. અને લોકો જાગે તે પહેલાં" બીજો સત્તાશીલ, શાન્ત અવાજ આવ્યો.

"તૈયાર થયા? ચાલો રસ્તો બતાવું."

"હા. ડુંગરને ઉકાડું?"

"ના."

બન્ને જણ સજ્જ થયા અને જવા નીકળ્યા. કાકને સંશય પડ્યો. આવી વખતે બે માણસો છાનામાના રાજશાસન તોડી નદી ઓળંગવા જાય એ ઘણું અજબ જેવું તેને લાગ્યું. કાકનો સ્વભાવ ખંતીલો હતો; અને તેના મનમાં એક વાર જે વાત ભરાઈ તે નીકળવી ઘણી મુશ્કેલ હતી. તે એક પળમાં ઉઠ્યો, અને પેલા બે પુરુષો જે દિશામાં જતા હતા તે તરફ પાછળ પાછળ ગયો. જંગલમાં વાઘ જેમ શીકાર પાછળ લપાતો, સંતાતો દોડે તેમ તેણે થોડી વારમાં પેલા બેને પકડી પાડ્યા; અને તે કાંઈ બોલે તો તે સાંભળવા પ્રયત્ન કર્યો. પણ પેલા બે મૂંગા મૂંગા જ ચાલ્યા કરતા હતા.

બે ઘડી બન્નેએ ઝપાટાબંધ ચાલ્યા કર્યું; પાછળ કાક પણ લપાતો ચાલ્યો. થોડી વારે મોટાએ કહ્યું: "આ બાજુ પર" અને બન્ને આડા ફાટા ચાલ્યા. જરા વારમાં એક દશ પંદર ઝુંપડીનું માછીમારનું ગામડું આવ્યું. ત્યાં મોટો માણસ થોભ્યો અને તેણે નાનાને થોભવા સૂચવ્યું. કાક ઝાડને ઓથે ઉભો રહ્યો.

મોટા માણસે પહેલી જ ઝુંપડીનું બારણું ઠોકયું. પહેલાં કાંઈ પણ અવાજ આવ્યો નહિ, આખરે એક અવાજે પુછયું: "કોણ?"

"બારણાં ખોલ" પેલા માણસે જવાબ દીધો. આખરે માછી ધ્રૂજતો ધ્રૂજતો આવ્યો, જરા બારણું ઉઘાડ્યું અને માત્ર ડોકું બ્હાર કાઢ્યું "કોણ છે?"

"તારી પાસે તરાપો છે કે?"

માછીએ બારણાં બંધ કરવા માંડ્યાં અને જવાબ દીધો "ના."

"તુમડાં?"

"અત્યારે તેનું શું કામ પડ્યું છે?"

"પેલે પાર જવું છે."

"પેલે પાર જવાય નહિ. મહેતાજીની દાંડી છે. અત્યારે તુમડી કેવી ને વાત કેવી?"

પેલા માણસે જરા વધારે અંદર ડોકું ઘાલ્યું ને માછીના કાનમાં કાંઇ કહ્યું. અને તેના હાથમાં કાંઈ ટંકા* અપાતા કાંકે સાંભળ્યા. તરત માછીએ બારણું ઉઘાડી નાંખ્યું. તેનો કહેર અવાજ માનથી ધ્રૂજવા લાગ્યો અને તે બોલ્યોઃ "અન્નદાતા! તુમડાં છે. કહો તો લાકડે બાંધી તરાપો કરી આપું!"

"હા. ચાલ જલ્દી કર."

પણ માછીને કાંઈ ખાત્રી થઈ નહિ એટલે તે અંદર ગયો અને કોડીયું ઉંચકી બ્હાર આવ્યો, દીવાને અજવાળે આ માણસને જોયો અને તરત દીવો મુકી કામે વળગી ગયો.

કાંક ઘણો વિસ્મિત થયો. આ કોઈ માલવાના જાસુસ હોય કે પછી કોઈ મોટા હોદ્દેદાર હોય એમ લાગ્યું. મોટા હોદ્દેદાર હોય તો આમ એકલા, છાનામાના શું કામ રખડે? તેને લાગ્યું કે જરૂર આ કોઈ જાસુસ હોવા જોઈએ. ને એમ હોય તો તેમને આમ જવા દેવા એ ઠીક લાગ્યું નહિ. જો કોઈ સત્તાધીશ હોય તો તેને રોકવામાં કાંઈ વાંધો લાગ્યો નહિ. આ લોકો કોણ હશે તેનો વિચાર કરતો, કાંક માછી અને પેલા બે માણસો પાછળ પડ્યો. કાંકે તેમની પીઠ પરથી પારખવા યત્ન કર્યો કે તે કઈ પંક્તિના માણસ હશે, પણ કાંઈ નિશ્ચય કરી શક્યો નહિ. રાત અંધારી હતી એટલે પહેરવેશની કિમત પણ કરી શક્યો નહિ. મોટો પુરુષ જેણે ધોળી પાઘડી પ્હેરી હતી તે ટટાર, દૃઢ ચાલે ચાલતો; તેનું માથું ગૌરવમાં ઉંચું રહેલું લાગ્યું, છતાં તે નાનાની સાથે માનથી વર્તતો હોય એમ જણાયું. તેણે સાંભલ્યું હતું કે ઉબકની સાથે માલવાના રાજાનો ભાઈ નરવર્મા પણ લશ્કર સાથે આવ્યો હતો. આ તે બે જણા તો નહિ હોય? અને તે બે એકલા આવે તો શું પાટણનો ગઢવી કૂટ્યો હશે? સજ્જનમંત્રી દગલબાજ થયો હશે?

---

* તે અરસામાં ચાલતી સોનાની તથા રૂપાની મ્હોર.

તરાપો તૈયાર થયો અને પેલા બે પુરુષો અને માછી તે પર બેઠા. માછીએ વાંસ વતી પાણી કાપવા માંડ્યું. જરાક દૂરથી કાકે પણ પાણીમાં ઝંપલાવ્યું અને અવાજ ન થાય તેમ તરાપાની જ દિશામાં તરવા માંડ્યું. કાકને સીધા જવું જરા અઘરૂં લાગ્યું, કારણ કે સરસ્વતીનાં નીર જોરથી વહેતાં હતાં.

"કોઇનો તરવાનો અવાજ આવે છે?" છોકરાએ પુછ્યું. તરત કાક સ્થિર થઈ ગયો.

"ના."

"બાપુ કોઈ લાગે છે ખરૂં" માછીએ તાકીને જોવા પ્રયત્ન કર્યો.

"હશે. આપણે આપણું કામ કરો."

કાકે જાણ્યું કે વધારે વખત છુપાં રહેવાશે નહિ એટલે ઝપાટાબંધ હાથ મારી તે સામે કિનારે જઈ પહોંચ્યો અને તરાપો જેવો કિનારે આવ્યો કે પેલા માણસોની સામું જઈ ઉભો.

"કોણ છે?" ઘોળી પાઘડીવાળા માણસે આગળ આવી સત્તાપૂર્ણ અવાજે પૂછ્યું.

"તમે કોણ છો? જયદેવ મહારાજનો હુકમ તોડી અત્યારે નદી પાર કેમ આવ્યા?" કાકે પુછ્યું.

"એ તો ત્રિભુવનપાલનો ભટ*" છોકરાએ કહ્યું.

"હા તેજ. કાલ રાતે તમે વાત ડીક સાંભળી લાગે છે. તમે કોણ છો? આમ ચોરીછુપીથી પાટણમાં કેમ પેસવા જાઓ છો?"

"છોકરા!" મોટાએ સખ્ત અવાજે કહ્યું. "અજાણ્યાની વાતમાં પડીએ નહિ. અમને જવા દે."

"અજાણ્યાને હાલ પાટણમાં પેસવાનું નથી. પાછા જાઓ. નહિ તો ભારે થશે?" કહી કાકે તરવાર કાઢી.

અંધારામાં પણ પેલા માણસની આંખ કાકે ચમકતી જોઈ; તેના સાથીયે તરવાર અડધી મ્યાનમાંથી કાઢી.

---

* યોદ્ધો. સો માણસનો નાયક હોય તે ભટ. હજારનો નાયક ભટરાજ કહેવાતો.

"તારી બડાશ રહેવા દે" પેલા માણસે સ્વાસ્થ્ય રાખીને કહ્યું. "તું જાણે છે કે તું કોની સાથે વાત કરે છે?" શબ્દ કરતાં અવાજમાં ધૂજાવે એવો પ્રભાવ લાગતો હતો. કાક એક ડગલું આગળ આવ્યો.

"હું બડાશ મારતો નથી." કાકે જવાબ વાળ્યો "અને હું કોની સાથે વાત કરું છું તે પણ જાણતો નથી; પણ ધારી શકું છું."

"શું?" જરા તિરસ્કારથી પેલા માણસે પુછયું.

"સેનાપતિ ઉમક અને યુવરાજ નરવર્મા" કાકે કહ્યું. જવાબમાં પેલો માણસ ખડખડ હસ્યો. તેનું હાસ્ય આકર્ષક હતું તે પહેલી વખત કાકને લાગ્યું.

કાકના હાથમાં નાગી તરવાર હતી, તેની દરકાર કર્યા વિના પેલો માણસ પાસે આવ્યો. તેણે શાન્તિથી તેના ખભાપર હાથ મુકયો અને પુછયું:

"તેં મુંજલ મહેતાનું નામ કદી સાંભળ્યું છે?"

કાકને કાંઇ સમજ પડી નહિ. તેણે કહ્યું: "હા."

"મારૂં નામ મુંજલ મહેતા" પેલા માણસે કહ્યું.

કાક બે ડગલાં પાછળ હટયો. તેની અક્કલ બહેર મારી ગઈ. "પૃથ્વી માતા! મને માગ દે" એ શબ્દો કાકને યાદ આવ્યા. પૃથ્વીએ માગ તો નહિ દીધો, પણ માગ દેવા જાણે ચકર ચકર ફરતી હોય તેમ લાગ્યું. આ કોનું અપમાન કર્યું? કોની સાથે બાથ ભીડી? પાટણના નગરશેઠ ને મહા અમાત્ય, ત્રિભુવનપાલના મામા, અને જયસિંહદેવથી પણ રાજ્યમાં વધારે સત્તા ધરાવનાર મહાપુરૂષ સાથે?

"પ્રભુ! ક્ષમા—"

આ ગભરાટમાં કાકને રહેવા દઈ મુંજલ મહેતા આગળ જવા ગયા, પણ કાક હાથમાં આવેલી બાજી જવા દે એમ નહોતું. તે એકદમ આવ્યો અને બોલ્યો:

"પ્રભુ! ક્ષમા કરો. પણ ખાત્રી શી કે આપ મુંજલ મહેતા જ છો? આ વખત વિકટ છે; એટલે ભુલથાપથી ગમે તેને પાટણમાં જવા દેવા તે સારૂં નહિ."

"બરોબર છે, ચાલ મારી સાથે. માછી! તું પણ ચાલ."

સાથે સાથે બધા ચાલ્યા. કાક વિચારમાં પડ્યો કે જો આ મુંજાલ હોય તો આ સાથેનું કોણ? શું જયસિંહદેવ પોતે! તેને આ પ્રસંગ સ્વપ્નવત્ લાગ્યો. આ ધૃષ્ટતા માટે મુંજાલ મહેતા શું શિક્ષા કરશે તે વિચાર કરતો કરતો તે પાછળ પાછળ ચાલ્યો. આખરે પાટણના એક બાજુપરના દરવાજા આગળ તેઓ પહોંચ્યા.

"કડું ઠોક" મુંજાલે હુકમ કર્યો.

"જી." કાકે કડું ઠોકયું એટલે થોડીવારે ડોકાબારીમાં બહાર જોવા માટે રાખેલા કાણા આગળ એક ચોકીદાર આવ્યો.

"કોણ છે?" તેણે પુછયું.

"હું–મુંજાલ મહેતો. અહિયા નાયક કોણ છે!"

"વાસેશ્વર ભટ." ચકિત થયલા ચોકીદારે ગભરાયલે અવાજે જવાબ આપ્યો.

"ઝીંઝુવાડીયો?"

"જી હા!"

"તેને બોલાવ." વાસેશ્વર ભટ મશાલચી સાથે આવ્યો, અને કાણામાંથી મશાલનું અજવાળું આવ્યું.

"કોણ? વાસેશ્વર? એ તો હું મુંજાલ. બારી ઉઘાડ."

બીજી પળે ધ્રૂજતે હાથે ચોકીદારોએ બારી ઉઘાડી. મશાલના અજવાળામાં કાકે મુંજાલ સામું જોયું. તેની ભવ્ય મુખરેખા, તેજના અંબાર વર્ષતી આંખો ને આછી મૂછોની છાયા નીચે રહેલું ગર્વમુદ્રિત મુખ એ તેણે જોયાં; મંત્રીવરનાં સાંભળેલાં વખાણ યાદ આવ્યાં; ઓછાં લાગ્યાં; તેણે જુવાનીમાં જીતેલાં હૃદયોની કથાઓ યાદ આવી, અને સત્ય લાગી. તે હાથ જોડી, શીશ નમાવી ઉભો રહ્યો.

"કાક ભટ," મંત્રી કાક તરફ ફર્યો. "તું આ માછી જોડે જ્યાં હતો, ત્યાં પાછો જા. પણ આજની વાત કોઈને કહેતો નહિ. ખબરદાર!" કહી મંત્રીએ પોતાના સાથીને આગળ કર્યો, અને પાછળ પોતે બારીમાં પેઠો.

આટલેથી છુટ્યો એમ પ્રભુનો ઉપકાર માની કાક માછી જોડે પાછો આવ્યો. તેને એટલો તો સંતોષ થયો કે પાછળ પાછળ આવ્યા તો આટલું જાણવાનું અને જોવાનું મળ્યું. જ્યારે તે પાછો આવ્યો ત્યારે કૃષ્ણદેવ ઉંઘતો હતો.

## પ્રકરણ ત્રીજું.

### પાટણમાં

પ્હો ફાટવાની વખત થવા આવી હતી. કાક ઉંઘવાનો વિચાર છોડી પાછો સરસ્વતીમાં ઉતર્યો અને સંધ્યાસ્નાન કર્યાં. તે પાછો આવ્યો ત્યારે કૃષ્ણદેવ આળસ મરડતો હતો. "કયાં ગયા હતા ?"

"વહેલો ઉઠ્યો ત્યારે જરા સંધ્યાસ્નાન કરી લીધાં."

"નીરાંતે ઉંઘ આવી હતી કે ?"

"હા. તમને તો પાટણનાં સ્વપ્નાં આવતાં હશે ?"

"નારે. હું તો ધસધસાટ ઉંઘ્યો" કાકે કહ્યું. આ વાત કેટલી ખરી હતી તેનો વિચાર કૃષ્ણદેવે કાંઈ કર્યો નહિ, અને બોલ્યોઃ "ચાલો, હું પણ બોળીયું બોળી આવું."

કાક પોતાને મળેલા અનુભવનો વિચાર કરતો બેઠો. બાલપણથી તેને સ્વાશ્રયી થવાની ટેવ પડેલી હતી; એટલે નવા સંયોગોમાં કેમ વહાણ હંકારવું તે તેને આવડતું હતું. પણ ગઇ રાતના અનુભવથી તે પણ જરા ગભરાયો હતો. લાટમાં બેઠાં બેઠાં તેણે મુંજાલ મહેતાનું નામ ઘણું સાંભળ્યું હતું; તેના નાયક ત્રિભુવનપાલને પણ આ માણસના ગુણોએ બંજાયલો, અને તેના શાસને ધૂજતો જોયો હતો. પાટણની સત્તા એક હાથે કરનાર આવા મુત્સદ્દીને દબડાવવાની ધૃષ્ટતા કરી હતી તે માટે તે પસ્તાવા લાગ્યો. મુંજાલ મહેતા રોષે ભરાયા હોય તો પાટણમાં કેટલો વખત રહી શકાય ?

કાક એક રીતે સંતોષ પામ્યો હતો. તેણે મુંજાલને જેવો નરસિંહ ધાર્યો હતો તેવો જ તે નીકળ્યો. તેનું ગૌરવશીલ મુખ તેના મન આગળ રમી રહ્યું. રાજ્યતંત્રમાં તેનું અને બીચારા બાલક જયસિંહદેવનું શું સ્થાન હશે તે તે વિચારવા લાગ્યો.

કાકની વિચારમાલા થોડી પલમાં તુટી. એકદમ પૂર્વ દિશામાં ઉષાનું આગમન થયું; પૂર્વ દિશા લાલ રંગે રંગાઈ ગઇ; અંધકાર ઓગળી તેનો ધગધગતો રસ ચારે ગમ પથરાઈ જવા લાગ્યો. કાકે ઉચું જોયું અને સામું નજર નાંખતાં જાણે તેનો શ્વાસ રુન્ધાઇ જતો હોય તેમ લાગ્યું.

તેણે સરસ્વતીનાં સપાટાબંધ વહેતાં લાલ થઇ રહેલાં પાણી જોયાં; પાટણની ખાઈઓ ખુલ્લી મુકેલી હોવાથી તેનાં પાણી કોટની ત્રણ તરફ પ્રસરેલાં જોયાં; અને તપ્ત સુવર્ણની હોય એવી જલની મેખલામાં કોઇક અપ્સરાનો અમર દેહ ઓપે તેમ પાટણને ઓપતું જોયું. તેનો ચોરસ કોટ ચોમેરથી જલતરંગે વિટાંયલો હતો. તેને મથાળે, અદ્‌ભુત કોતર કામે કોરેલા કાંગરા સફેદ સંગેમરમરના હતા. સામે ભીમનાથના ઓવારાનાં સો પહોળાં પગથીયાં–જાણે સ્વર્ગે ચડવાની સીઢી હોય, એવો ભાસ કરાવતાં. ઓવારાની બે બાજુએ આરસનાં બે નાનાં મંદિરો અચેતન દ્વારપાલની ગરજ સારતાં. વચ્ચે મેડીવાળો મોટો દરવાજો નકશીથી અને નાના મોટા ઘુમટે શણગાર્યો હતો. અંદરથી તાડનાં ઝાડની ઘટા કોટના કાંગરા પર ઝાલર મુકી હોય તેમ, સમીરની લહેરમાં નાચતી હતી. પાટણ, પૃથ્વી પર ઇંદ્રપુરી ઉતારી હોય, એવું લાગતું હતું. પણ જાણે એટલેથી તેની મહત્વાકાંક્ષા વિરમી ન હોય એમ વિશ્વકર્માની કલાને વીસરાવે એવાં સુંદર, જુદા જુદા રંગનાં, સેંકડો મંદિરશિખરો, કોટના કાંગરાથી પણ ઉપર વધી, અમરાવતીને જ ઉપાલંભવા ગગન ભેદી, સ્વર્ગનાં દ્વાર આગળ પોતાની પતાકાઓ ફરકાવી રહ્યાં હતાં. આ શિખરો પર શોભતા સોનેરી કળશો ઉગતા સૂર્યના લાલ ઝલહલાટમાં અંગારા સમા ચમકી રહ્યા હતા. પાટણના કવિઓ કહેતા કે પાટણના શરાઓની સમશેર અને મંદિરોનાં કળશ, એ બેનાં તેજે સૂર્ય પણ ઝાંખો થતો. એ વાત કાકને સત્ય લાગી. માત્ર સૂર્યનારાયણને વધારે નહિં દુભવવા માટે કળશનાં તેજ ધજાઓએ ઢાંકયાં હતાં; અને સમશેરની ચમક ડાહ્યા મન્ત્રીઓની બુદ્ધિએ આવરી હતી.

જે દૃશ્ય કાકે જોયું તેનું આજે નામ નિશાન પણ રહ્યું નથી. હાલનું પાટણ મુસલમાનોનું સ્થાપેલું શહેર છે; હાલની સરસ્વતી તે પણ



કાકે જોયેલું પાટણનું દૃશ્ય.

કાલે કરી જુદી રીતે વહે છે. શૂરવીર **સોલંકી**ઓનું **અણહિલવાડ પાટણ** હાલના શહેરની પશ્ચિમે ઘણા ગાઉ સુધી વિસ્તાર પામી રહ્યું હતું. આજ માત્ર જુનાં ખંડીએરમાં **હેમા**ચાર્યની પૌષધશાળા, અસલી **અણહિલવાડ** જે પાછળથી **પાટ**ણનું એક પડ થઈ રહ્યું હતું તેનો અપભ્રંશ ધારતું **એ**નાવાડા કરીને એક નાનું ગામ, અને તેથી દૂર પાટણના વેપારીઓનો કહેવાતો ઘી કાંટો—આટલાં જ તે પ્રતાપી શહેરના વિસ્તારની સાખ પુરે છે. જે **સરસ્વતી** આજે પૂર્વથી પશ્ચિમ સીધી વહે છે, તે પહેલાં હાલના ધુમડી દરવાજ આગળ થઈ, **હિંગળાજ**ચાચરના ઓવારા આગળથી સીધી **રાણી**ની વાવ તરફ વહેતી હોય એમ માનવાને કારણ મળે છે. **ભીમ**નાથનો ઓવારો **રાણકી** વાવની ઉત્તરે હતો.

આ સપાટ થઈ જતાં ખંડીએરો હજારો માણસો ચાંપીને બ્યા છે, અને તેમને ભાન પણ નથી રહેતું કે આ ઈંટ મટોડાં નથી પણ પુનિત સ્મરણચિન્હો છે; પત્થરો નથી, પણ પ્રતાપી નગરનાં પૂજ્ય અસ્થિ છે; માત્ર રખડતા ઇતિહાસ-સંશોધકોને નીહાળવાનાં ક્ષેત્ર નથી, પણ **ગુર્જ**રોના પ્રભાવ, બુદ્ધિ અને શૂરે આદરેલા અશ્વમેધનું મહાતીર્થ છે. નષ્ટ થયેલાં સામ્રાજ્યોની આ સ્મશાન ભૂમિ છે.

લાલ ઉષા સોનેરી થતાં શહેર વધારે સ્પષ્ટ થયું; સોને મઢેલા કલશો ફરીથી સોને મઢાયા. **કાક** આ ભવ્યતા એક ચિત્તે જોઈ રહ્યો.

"કેમ કાંઈ ઘણો વિચાર કરો છો?" **કૃષ્ણ**દેવે નાહી આવી પુછ્યું. **કાકે** મૂગે મોઢે **પાટ**ણ તરફ આંગળી કરી.

"ઘણું રૂપાળું છે નહિ?" પછી ધીમેથી તેણે ઉમેર્યું. "**ઉ**બક આવે તો તેને તોડવાની મનાહ પડે."

"**અં**?" **કાકે** જરા સભ્યતાથી સવાલ કર્યો.

"નારે! બીજું કાંઈ નહિ. માત્ર આ શહેરથી હું થાકી ગયો છું; ઘણા વર્ષ પહોંચ્યું." **કાક**ને સમજ નહિ પડી કે **કૃષ્ણ**દેવ મનકમાં જ બોલતો હતો કે નહિ. તેની આંખો મનકમાં નાચતી હતી; તેના અવાજમાં કાંઇક ગંભીર અર્થનો રણકાર હતો. "આ કોટનો ઇતિહાસ

શો છે, તે તમને ખબર છે? ચારસો વર્ષ પર વનરાજે પહેલાં માટીનો બંધાવ્યો; રત્નાદિત્યે ફરીથી બંધાવ્યો. મૂલરાજ"—

"મૂલરાજદેવ." આ તોછડી રીતની વાત નહિ પસંદ પડવાથી કાકે સુધાર્યું. હોઠ કરડી કૃષ્ણદેવ બોલ્યોઃ

"જી. ભુલ થઈ, ભાઈ કાકજી! મૂલરાજદેવે પત્થરનો ચણાવ્યો અને તેનો નાશ થયો."

"ક્યારે?"

"ગર્જન દેશના યવનો આવ્યા, સોમનાથ પડ્યું* અને ભીમદેવ કંથકોટ નાહો ત્યારે."

"પછી આ કોણે બંધાવ્યો?

"ભીમદેવે યવનોને મારી હઠાવ્યા ત્યારે તેના એક આ મુંજાલ મહેતાનો માસો વિમલમંત્રી ને બીજો દાદાકનો દાદો દામોદર એમ બે અમાત્યોએ."

"દાદાક મંત્રી તો નાગર છે?"

"હા. હાલ કર્ણાવતીમાં છે તે. ઉદાકાકાને ત્યાંથી પાણીચું મળ્યું. અને દાદાક મહેતા ત્યાં નીમાયા" કૃષ્ણદેવે કહ્યું; "પછી કોટ નાનો પડ્યો એટલે થોડો ઉતરાવી મુંજાલ મહેતાએ વધારે મોટો કરાવ્યો. હવે માત્ર એક જ વાત રહી છે. તે થાય તો કથા પુરી થાય."

"શી?"

"કોટ તુટે તે."

"કૃષ્ણદેવ! તમે આવું શું બોલો છો? કોઇ સાંભળશે તો—"

"સાંભળશે તો જ્ઞાની થશે. ઉત્પત્તિ હોય તેનો લય થવો જ જોઇએ. પાટણ પડવાનું હોય તો પ્રભુ કરે ને તે યશ મને મળે." દાંત વચ્ચેથી બોલતાં કૃષ્ણદેવે કહ્યું; અને પછી મજાકમાં બોલ્યો હોય તેમ ખડખડ હસવા લાગ્યો અને બોલ્યોઃ "એ તો બધી વાતો. હાલ તો જયસિંહદેવ મહારાજની જય."

* ગીઝનીના સુલતાન મહમદ. ઇ. સ. ૧૦૨૪.

કાક આ વિચિત્ર માણસ સામું જોઈ રહ્યો. એને કાંઈ સંશય પેદા થયો, પણ ગઈ રાત્રે વ્હેમમાં એણે એવી ખત્તા ખાધી હતી કે કાંઈ વધારે વ્હેમાવાની તેનામાં હિંમત રહી ન હોતી.

"તમે **પાટણ** નથી આવ્યા, પણ તેનો ઇતિહાસ તો ઠીક જાણો છો."

"**પાટણ** વિષે બધું જાણવું જ જોઇએ ને? એ તો દુનિયાનું **પાટ**-નગર!" જરા તિરસ્કારથી કૃષ્ણદેવે કહ્યું. "અરે પણ આ શું?" કહી તેણે પેલા ડોનારા તરફ આંગળી કરી.

કૃષ્ણદેવ તો ચકિત થયો; પણ કાકને કાંઈ સમજ પડી.

સામા ઓવારાના દરવાજા એકદમ ઉઘડી ગયા; અને જાણે શાન્તિનો જ સમય હોય તેમ મેડીપરથી ઢોલ અને તુરીનાં ચોઘડીયાં શરૂ થયાં. ઉઘડેલા દરવાજામાંથી એક બે હાથીપર બેઠેલા માંડલિકો અને કેટલાક લોકો આવ્યા અને થોડાક માણસો બે ત્રણ હોડીઓ ત્યાં બાંધેલી પડી હતી તે છોડી, તેમાં બેસી, ઝપાટાબંધ હલેસાં મારતાં આ પાર આવવા લાગ્યા.

કાકની આસપાસ પડેલા લોકોએ આ બનાવ હર્ષઘેલા થઈ જોયા કર્યો. કોઇને આનું કારણ જડ્યું નહિ; માત્ર કાક જ સમજ્યો કે આ કોના હુકમથી બધું થતું હતું.

હોડીઓ આ પાર આવી અને લોકો તેમાં બેસવા લાગ્યા. કૃષ્ણદેવે એક ખલાસીને પુછ્યું:

"કેમ અલ્યા! આટલી બધી એકદમ હિંમત આવી તેનું કાંઈ કારણ?"

"અન્નદાતાનો હુકમ છે."

"અન્નદાતા બહુ મોડા જાગ્યા" કૃષ્ણદેવ ખલાસી ન સાંભળે એમ બબડ્યો. તે અને કાક એક હોડીમાં બેઠા.

"કેમ કાક! તમે ક્યાં જવાના?"

"મને મહારાજે ફરમાવ્યું છે તેને મળવા."

"તમે ક્યાં જવાનાં?"

"હું એક મિત્રને ત્યાં જવાનો." કહી કૃષ્ણદેવે ટુંકે પતાવ્યું.

"હમણાં **પાટણ**માં રહેવાના છો?" કાકે પુછ્યું.

"જુઓ છે કાંઈ?"

બન્ને, પાસે આવતા ઓવારા તરફ જોઈ પોતાના વિચારોમાં લીન થયા. આખરે હોડી ઓવારે આવી પહોંચી. "જય જય" કહી કૃષ્ણદેવ છુટા પડી બીજા ઉતારૂની ભીડમાં ચાલ્યો ગયો.

કાક તેના તરફ જોઈ રહ્યો. તેને એના શરીરની છટા, બોલવાની રીત, અને સ્વભાવની ઉચ્ચતાએ જરા આંજી નાંખ્યો હતો. તેનાં ભેદ-ભરેલાં વચનોએ તેને વહેમી બનાવ્યો હતો; અને એ કોણ છે તે જાણવાની ઉત્કંઠા તેને ઘણી થઈ હતી. છતાં, તે પોતાની ફરજ યાદ લાવી, જ્યાં જવું હતું તેની તપાસમાં રોકાયો.

દરવાજા આગળ ઘોડાપર બેઠા બેઠા એક જુવાન સુભટ બધા આવનારાને ધ્યાનથી જોતો હતો. કાક તેની પાસે ગયો. તે જાણતો હતો કે મુંજાલ મહેતા પાટણમાં છે; છતાં ગઈ રાતની વાત જાણે તે જાણતો જ નથી એમ ડોળ કરવામાં તેને ડહાપણ લાગ્યું.

"ભટરાજ! સજ્જનમંત્રીનું ઘર ક્યાં?"

"તમે કોઈ પરદેશી છો?" પેલા માણસે કાક તરફ એક તીક્ષ્ણ દૃષ્ટિ નાંખી પુછ્યું.

"હાજી. હું ત્રિભુવનપાલ મહારાજનો સંદેશો લઈ આવ્યો છું. મારે મંત્રી મહારાજને મળવું છે?"

"તમે લાટથી આવો છો?"

"હા."

"ઠીક. મારી સાથે ચાલો. હું પણ મંત્રીના ઘર તરફ જ જઉં છું." કહી ઘોડેસ્વારે ઘોડાનું મોઢું ફેરવી, શહેરનો રસ્તો લીધો. કાક તેની સાથે સાથે ચાલ્યો.

ઘોડો ચલાવતાં પહેલાં ઘોડેસ્વારે ઉતારૂઓ તરફ જોયા કર્યું; અને તે કોઈ પણ પ્રકારે નિરાશ થયેલો કાકને લાગ્યો. કાક સ્વાભાવિક ચપ-લતાથી આ માણસની મુખમુદ્રાને આધારે તેનો સ્વભાવ શું હશે તે કલ્પ-વાનો પ્રયત્ન કર્યા. આ માણસ ઉંચા કુટુંબનો રજપુત લાગતો હતો. પણ તેની ભાવહીણી ઝીણી આંખ, સાંકડું કપાળ અને મોહાપરના ભાવથી તે ઘણો અવિશ્વાસુ ને મુરખ લાગ્યો.

"તમે **પાટણના** જ હશો? **શું** ભટરાજ છો?"

"હા. હું **પાટણનો** જ છું–**સોલંકી** છું. મહારાજનો ભાયાત છું. તમે કેવા છો? રજપુત છો?" ઘોડેસ્વારે પુછયું. તેની બોલવાની રીતમાં ચોખ્ખો દેખ દેખાતો હતો.

"ના. હું **બ્રાહ્મણ** છું."

"તમે **પાટણ** પહેલી વાર આવો છો, નહિ? અમારા **લાટના** દંડ-નાયક કેમ છે? આવવાના છે કે નહિ?"

જાણે આ સવાલ નહિ સાંભળ્યો હોય તેમ **કાક** એક પાસે આવેલા ભવ્ય મંદિર સામું જોઈ રહ્યો.

"આ કોનું મંદિર છે?"

"તમને ખબર નથી? ક્યાંથી હોય? આ **મુંજલેશ્વર** મહાદેવ, અમારા મહાઅમાત્ય છે કેની, તેણે કરાવ્યા છે." ઘોડેસ્વારે "મહાઅમાત્ય" શબ્દપર જરા ભાર મુક્યો.

"તમારા **પાટણનાં** મકાનોની ભવ્યતા અદ્‌ભુત છે. આ ભાગને **શું** કહે છે?"

"આ **મોતી** ચોક. અહિયાંથી ઘોડે દૂર **ચાંપા*** મહેતાનો વાડો આવશે, ત્યાં **સજ્જન** મંત્રીની હવેલી છે. અરે હા, તમારું નામ શું?"

"**કાક**. અને તમારું?"

"મારું નામ **વિશળદેવ સોલંકી**." જરાક ગર્વથી ઘોડેસ્વારે જવાબ દીધો. એટલામાં પાલખીમાં બેસી એક સામન્ત જતો હતો, તેને જોઈ **વિશળદેવે** ઘોડો તે તરફ વાળ્યો. પાલખીમાં બેસનારાએ પાલખી ઉભી રખાવી અને ઘોડેસ્વારને પુછયું: "કોઈ?"

"ના રે, કોઈ નથી."

પાલખીમાં બેસનાર ચુકેલા, અને ઉંચો હતો; તેનું મોઢું જરાક ખેંચાઈ ગયલું લાગતુ હતું; તેની આંખોમાં કેટલાક રોગીઓની આંખમાં જે તેજ ચમકે છે તેવું તેજ હતું; તેને બોલવાની ટેવ મુછ મોઢામાં રાખીને હતી; અને તેના મોઢાનો ઘાટ **વિશળદેવના** જેવો હતો.

---

* **વનરાજ ચાવડાનો મંત્રી અને સજ્જન મંત્રીનો પૂર્વજ.**

"ચલાવ !" તેણે પાલખીવાળાને કહ્યું.

"હું જરા સજ્જન મંત્રીને ત્યાં જાઉં છું ?" ઘોડેસ્વારે ઉમેર્યું.

"હા." કહી બે જણ છુટા પડ્યા.

"આ ઓળખ્યા ? અરે હા ! તમે ક્યાંથી ઓળખો ? આ મારા મોટાભાઈ, મંડલેશ્વર દ્વેશળદેવ. બહુ થરા સામન્ત છે. અમારૂં કુલ બહુ મોટું ગણાય છે."

"હા. એ તો લાગે છે ને." કાકે શાન્તિથી પૂર્તિ કરી.

"એ તો ખરૂં પુછો તો જેવા ત્રિભુવનપાલ તેવા અમે. ઉલટા કહીએ તો અમે પાસેના."

"એમ કે ? તે કેમ ?" કાકે જરા હસીને પુછ્યું.

"કર્ણદેવ મહારાજના એક નાના કાકા હતા; તેના અમે પૌત્ર."

"પણ તેમ તો ત્રિભુવનપાલ મહારાજથી વેગળારતો. તે તો કર્ણદેવ મહારાજના સગા ભત્રીજા."

"હા હા ! હા" જાણે કાકમાં બુદ્ધિ ઓછી હોય એમ તે ખંધાઇભર્યું હસ્યો.

"કેમ ?"

"તમે ક્યાંથી જાણો ? ત્રિભુવનપાલની મા તે શ્રાવક-મુંજાલની બેન-ને એના દાદાની મા બકુલાદેવી તે"-દ્વેવપ્રસાદની મા બકુલાદેવી પૂર્વાવસ્થામાં સારા કુટુંબની નહોતી એ વાતનો ઇસારો જોઈ કાકને ગુસ્સો ચઢ્યો. પણ બને ત્યાં સુધી કોઇને દુશ્મન ન કરવા એવો તેનો નિશ્ચય હતો અને આ વાચાળ છોકરા પાસે એને ઘણું જાણવાનું મળતું હતું એટલે તેણે તેને વાત ચલાવવા દીધી.

"હા ! હા ! હવે હું સમજ્યો. વાહ ! મારાં શાં ધનભાગ્ય. પાટણમાં પગ મુકતાં તમારા જેવાની ઓળખાણ થઈ. પણ ત્યારે ત્રિભુવનપાલ મહારાજ દંડનાયક કેમ થયા ?"

"મુંજાલ મહેતાના ભાણેજ અને પ્રસન્નબા બાની ભત્રીજી તેથી. આજ કાલ મામા માસીના કાંઈ ઓછાં થાય છે ?"

"કોણ કાશ્મીરાબા ?"

"હા."

"હવે હું સમજ્યો."

આ વાતમાં ધ્યાન આપતો હતો, તેમ કાક ચારે તરફ જોતો પણ હતો. તેણે પાટણના ભવ્ય મકાનો, ગગનવિહારી મંદિરો, ધનાઢ્યોની વાટિકાઓ જોઈ; તેમ જ લડાઇને લીધે બંધ કરેલી દુકાનો, ટોળેટોળાં વળી ફરતા લોકો, ચારે તરફ ફરતા યોદ્ધાઓ, ઘોડાઓ અને હાથીઓ આ બધાં ગભરાટ અને તૈયારીઓનાં ચિહ્ન પણ જોયાં.

"લો! સજ્જન મંત્રીનું ઘર આવ્યું–ચાંપા મહેતાનો વાડો તમને ખબર છે? આ પેલી ચાંપા મહેતાની હવેલી. હવે તો આ નવી હવેલીમાં સજ્જન મહેતા રહે છે."

"આ અહિંયા ધજા કેમ ફરકે છે?"

"તમને ખબર નથી? અમારે અહિંયા કરોડાધીશ હોય તેને બારણે ધજા હોય છે."

કાકને ખબર નહોતી કે પાટણમાં પૈસાદારના ટોટા નહોતા; અને કોણ કઈ પંક્તિનો છે તે જણાવવા માટે દરેક લાખ ટકે એક દિવો વધતો, કરોડે ધજા ફરકતી, અને છપ્પન કોટીએ બારણે ભુંગળો ફૂંકાતી.

કાક અને વિશળદેવ હવેલીમાં પેઠા. પરસાળમાં એક ચૌદેક વર્ષનો છોકરો હિંચકા ખાતો હતો.

"કેમ ધનપાલ, બાપા ક્યાં છે?"

"મુંજાલ મહેતાને મળવા ગયા છે." છોકરાએ હિંચકાપરથી ભુસ્કો મારીને ઉતરતાં કહ્યું, "હમણા આવશે. ભાઈ! તમે કોણ છો?"

"હું લાટથી મંત્રીપર સંદેશો લઈ આવ્યો છું. મંત્રીજી ક્યાં રાજગઢમાં મળશે?"

"હાસ્તો! પણ તમારૂં પોટલું તો મુકતા જાઓ, પછી હું તમને રસ્તો બતાવા આવું. દાદુ! પગ ધોવાનું પાણી લાવ!" કહી ધનપાલે કાકના હાથમાંથી પોટલું લઈ નોકરને આપ્યું. "આવો તમને બતાવું. વિશળભા! તમે પણ આવો. તમારા સોરઠના પણ એક મેમાન આવ્યા છે."

કાકને પાટણમાં ઉતરવાને બીજું સ્થાન નહોતું એટલે છોકરાનું

નોતરૂં સ્વીકાર્યું, અને તેની સાથે ચાલ્યો. "તમે સોરઠના કેમ?" જરા ફરીને તેણે વિશળદેવને પુછ્યું.

"અરે હા! હું ભુલી ગયો. અમે બન્ને રીતે કુલવાન છીએ. સોરઠના રા' નવઘણ તે અમારી માના બાપ."

"એમ કે? કાકે જોયું કે આ સગપણની બડાશથી ધનપાલનો હોઠ જરા ગર્વમાં મરડાયો. કાક આ ગર્વનો મુદ્દો સમજ્યો. સજ્જન મંત્રી અત્યાર સુધી સોરઠના દંડ નાયક હતા અને ત્યાંના રા'ને તોબા પોકરાવતા હતા; તે ઉપરાંત પાટણના ગર્વિષ્ઠ ધનાઢ્યો આગળ રાજાઓનો પણ હિસાબ નહોતો.

આગલી પરસાળ છોડી, અંદરના ઓરડામાં થઈ, બધા મેડીએ ગયા, અને એક બે સોને મઢેલા કહેવાય એવા ભભકદાર ઓરડાઓ છોડી એક મેડીમાં પેઠા. જેવા તેઓ તેમાં ગયા કે કાક બોલી ઉઠ્યોઃ

"કોણ કૃષ્ણદેવ!"

કૃષ્ણદેવ એક રૂપે જડેલા પલંગપર નીરાંતે પડ્યો હતો તે ધીમેથી ઉઠ્યો, નવા આવનારાને એક જ દ્રષ્ટિપાતે જોઇ નાંખ્યા, અને સ્વાસ્થ્યથી તેમ જ ધીમેથી વિશળદેવ તરફ જોઇ બોલ્યો; "કૃષ્ણદેવ નહિ તો બીજું કોણ?"

કાકની ચપલ આંખો વિશળના મુખપર પડી. તેનાપર થયેલો ફેરફાર, તેની આંખમાં પલવાર પેઠેલો ગભરાટ જોઈ તેને અજાયબી લાગી. કૃષ્ણદેવ શાન્ત હતો; પણ વિશળ અસ્વસ્થ દેખાયો. બન્ને જણ એકમેકને ઓળખતા નહિ હોય એવો ડોળ કરતા હતા, છતાં એક બીજાને ઓળખતા હતા એ વાત કાકને સ્પષ્ટ લાગી.

"તમે ઓળખો છો કે શું?" ધનપાલે કાક તરફ ફરીને કહ્યું. "ચાલો એના જેવું એકે નહિ. કૃષ્ણદેવજી! આ પણ તમારી સાથે રહે તો હરકત નથી ને?"

"જરા તો કહો" જરાક તિરસ્કારભર્યા અવાજે કૃષ્ણે કહ્યું.

કાક વધારે બોલ્યો નહિ. તેને ઉતાવળથી જવું હતું એટલે ધનપાલને લઇને જવા તૈયાર થયો.

"ત્યારે હું તો અહિયાંજ બેસું છું" જરા ક્ષોભથી ધ્રૂજતા અવાજે વિશળે કહ્યું. "મંત્રી હમણા આવશે, નહિ?" કાકને લાગ્યું કે વિશળ કાંઇ કારણસર પાછળ રહ્યો.

કાક અને ધનપાલ ઘોડે બેસી રાજગઢ તરફ જવા નીકળ્યા. છોકરો, કાકનું મજબુત ઘાટીલું શરીર, તેના માંસલ બાહુ, અને તેની લાંબી તરવાર સામું જોઈ રહ્યો.

"ભટજી! તમે લડાઈમાં ઉતર્યા છો?"

"હા! ઘણીએ વાર."

છોકરો થોડીવાર મૂંગો મૂંગો ચાલ્યો.

"ત્રિભુવનપાલ મહારાજ કયારે આવવાના છે?" છોકરાએ ફરીથી પુછ્યું.

"ઘોડા દહાડામાં. કેમ?"

"કોઇને કહો નહિ તો કહું."

"હા. શું?"

"ત્રિભુવનપાલ મહારાજ આપણે કહી ગયા છે, કે હવે તે આવીને લાટ પાછા જશે ત્યારે મને લઇ જશે. મને તો હવે ચૌદમું બેસશે." પોતાની લાયકાત અને શૌર્યની ખાત્રી આપવા ધનપાલે કહ્યું.



## પ્રકરણ ૪ થું.

### પાટણના રાજ્ય-કર્ત્તાઓ.

કાક અને ધનપાલ ઝપાટાબંધ રાજગઢ તરફ ગયા. સંદેશા લઇ અનેક સ્વારો ગઢમાંથી દોડતે ઘોડે આવતા હતા; ગામના મહા પુરુષો કોઈ ઘોડે, કોઈ પાલખીએ તો કોઈ હાથીએ ચઢી મુંજાલ અને મહારાજને મળવા જતા હતા; અને યુદ્ધના પ્રસંગને લીધે ધમચકડી તો ચાલતી જ હતી. આથી આખું પાટણ ઘર બહાર નીકળ્યું હોય એમ કાકને લાગ્યું. ધનપાલ વાચાળ છોકરો હતો. તેણે બને તેટલાને ઓળખાવ્યા, અને કેટલાકના ઇતિહાસો પણ કહ્યા.

આખરે તેઓ રાજગઢ આગળ આવી પહોંચ્યા. ત્યાં કાંઇક શાંતિ દેખાઈ.

"અહિંયાં આટલા લોક છે પણ જરા ધમચકડી થાય છે?" કાકે ધનપાલને કહ્યું.

"કોની મગદૂર છે કે કરે? મુંજાલ પુઆ ખાઈ જાય."

"મહેતાજી તમારા પુઆ થાય?" કાકે પુછયું.

"હા! તમને ખબર નથી? મારાં મોટાં ફોઇ હતાં–"

"ક્યારે સ્વર્ગવાસ થયો?"

"ઓહો! ઘણાંય વર્ષ પહેલાં. જયદેવ મહારાજ આવ્યા તે અરસામાં ગુજરી ગયાં." છોકરાએ ઝપાટાબંધ વાત ઉડાવવાનો પ્રયત્ન કર્યો. "આ ગઢ હમણાં જ બંધાયો–જોયો."

"મુંજાલ મહેતાને કાંઇ છોકરાં નથી?" કાકે નિર્દોષપણે પુછયું. છોકરાને આ વાત કરવી નહોતી ગમતી, પણ કાકને તો પાટણથી માહિતગાર થવું હતું; અને આટલા લોકની વાત કહી પોતાની કરતાં છોકરાને જરા અચકાતાં જોઇ તેને વધારે રસ પડ્યો.

"ના. કાંઈ નથી."

"હાલ કેટલી સ્ત્રીઓ છે?"

છોકરાની આંખ કાંઇક ચમકી, તેનો હોઠ જરા ધ્રૂજ્યો, અને તેણે ધીમે સાદે કહ્યું: "ફોઈ મરી ગયા પછી તે પરણ્યા જ નથી."

કાકે એ વાત પડતી મુકી. "આ ગઢ નવો કયારે થયો?

"ગયે વર્ષે જ. પહેલાં તો નાનો સરખો હતો."

ધનપાલનું કહેવું ખરૂં હતું. જે ગઢ ગઇ વાતમાં આપણે જોયો હતો તેમાં મીનળદેવીએ ઘણા ફેરફાર કરાવ્યા હતા. પહેલાં તે માત્ર મજબુત હતો; હવે તે ભવ્ય, રોનકદાર સંગેમરમરનો પ્રાસાદ થઇ રહ્યો હતો. દરેક ઝુકતે છજ્જે અદ્‌ભુત કારીગીરીની વેલો લચી રહી હતી; દરેક ઓરડે સોને મઢેલી છતોનાં પ્રતિબિમ્બો ભાંયના કાચ જેવા આરસમાં પડી રહ્યાં હતાં. પહેલાં સોલંકીઓનો ગઢ શાહુકારોના ઘરો કરતાં પણ સાદો હતો; હવે તે તેમને આદર્શરૂપ થયો હતો. જે ગુર્જર સામ્રાજ્ય ઘડાતું હતું તેનું હૃદય પાટણ થયું હતું, અને તેના આત્માનું નિવાસસ્થાન તરીકે આ ગઢ નિર્માયો

હતો. જેવી શરીરની સબળતા હતી તેવી જ હૃદયની ભવ્યતા હતી; અને આત્માનું મંદિર પણ તેટલે જ અંશે સુંદર હતું.

રાજગઢની આગળ એક મંદિર આવી રહ્યું હતું; અને તેની આગળ એક અદ્‌ભુત કીર્ત્તિસ્તંભ ઉભો કરવામાં આવ્યો હતો. તે વટાવી, તેઓ રાજગઢના વિશાલ ચોકમાં થઈ, મહેલના ઓટલા આગળ ઘોડાપરથી ઉતર્યા. ઓટલાપર અનેક શસ્ત્રવીરો ફરતા હતા, કેટલાક બેઠા હતા; થોડાક સુતા હતા; પણ બધા જરા ચિન્તાતુર દેખાતા હતા.

"કેમ વિનયભાઈ!" ધનપાલે એક ભીંતને અઢેલીને ઉભેલા, અધોડ વયના યોદ્ધાને પુછ્યું. "તમે ખંભાતથી ક્યારે આવ્યા?"

"તમે દેખો છો ત્યારે. હું આ હોડીએ જ ઉતર્યો."

"ખુશી તો ખરા?"

"હા.

મારા બાપા ક્યાં છે? કાંઈ ખબર છે?"

"હા. મહારાજ પાસે છે."

"ઠીક." કહી ધનપાલ અંદર જવા લાગ્યો. વિનયે તેને હાથ ઝાલી રોકયો. "કેમ?" છોકરાએ પુછ્યું.

"અંદર કાંઈ તોફાન ચાલે છે" ધીમેથી વિનયે કહ્યું.

"શું?"

"મહારાજા કાંઈ મારા બાપા ઉપર અને સજ્જન કાકા ઉપર ગુસ્સે થયા છે. હમણા જવા જેવું નથી."

વિનયચંદ્ર શાંતુ મંત્રીનો છોકરો થતો હતો, અને ઉદો તે વૃદ્ધ મંત્રીની નાની છોકરી જોડે પરણ્યો હોવાથી અત્યાર સુધી તે ખંભાત રહેતો હતો.

"બાપાએ સલાહ કરી તેથી જયદેવ મહારાજ ઘણા નારાજ થયા છે."

"પણ આ ભટ ઉતાવળથી સંદેશો લઇ આવ્યા છે; અને તે જરૂરનો છે." કહી અડધો સંદેશાને લીધે, અને અડધો અંદર શું ચાલે છે તે જોવાના ધરાદાથી ધનપાલ અંદર ગયો.

"આપ શાન્તુ મહેતાના ચિરંજીવી થાઓ?" કાકે મીઠાશથી પુછ્યું.

"હા. તમે ત્રિભુવનપાલ મહારાજના સુભટ છો ?"

"હા. તેણે મને મોકલ્યો છે. ઉદા મહેતા લશ્કર લઈ ક્યારે આવે છે ?"

"એ બીચારા પાસે ક્યાં બહુ લશ્કર છે કે લઈને આવે."

કાકે થોડા દિવસપર જ ખંભાતની પ્રતાપી સેના જોઈ હતી. તે આ જુઠાણું સાંભળી ચમકયો; પણ જાણે જાણતો જ નહિ હોય તેમ તેણે પુછયું: "એમ ?"

"હા. એમનું ઘણું ખરૂં લશ્કર તો કર્ણાવતીમાં રહ્યું."

"અરરર ! ત્યારે મહારાજે ઉદા મહેતા પાસે કર્ણાવતી લઈ લીધું તે કેવી ભુલ કરી ! અત્યારે એમની પાસે તે હોત તો કેટલી મદદ કરી શકત ?" કાકે વાત કઢાવવા કહ્યું.

"ખરેખર. ઉદા મહેતાએ તો મુંજાલ મહેતાને કેટલુંએ સમજાવ્યા પણ તે વખતે માન્યું નહિ. હવે જુઓ આ–"

"બરોબર છે." કાકે કહ્યું.

એટલામાં ધનપાલ પાછો આવ્યો અને કાકને કહ્યું કે મહારાજ બોલાવે છે. વાત અધુરી મુકી કાક રાજમંદિરમાં ગયો.

પાટણના રાજ્યકર્ત્તા વિષે કાકે ઘણું સાંભળ્યું હતું; તેમના ઉપર તેનો પોતાનો ઘણો આધાર હતો; અને ગઈ રાતે તેમનામાંના શ્રેષ્ઠનું તેણે અપમાન કર્યું હતું. આ કારણોથી તેને જરા ક્ષોભ થયો. સામાન્ય રીતે કાકનો સ્વભાવ ગભરાય એવો નહોતો. એ પાંચ છ વર્ષ થયાં યુદ્ધોમાં અને રાજ્યખટપટમાં ઘુમતો હતો. સ્વભાવે તે નીડર હતો. બ્રાહ્મણ હોવાને લીધે તે પોતાની ઉચ્ચતાનો અભિમાની હતો; પોતાના જન્મ અને સંસ્કારની શ્રેષ્ઠતામાં શ્રદ્ધા હોવાથી તેને વગર સત્તાએ સ્વાસ્થ્ય અને પ્રભાવ સ્વાભાવિક થઈ ગયાં હતાં; અનેક પ્રસંગે પોતાની બુદ્ધિ અને બાહુના બળથી તેણે વિજય મેળવ્યો હતો એટલે તે આત્મનિષ્ઠ હતો. આવા સ્વભાવ, સંસ્કાર અને જીવનને લીધે તેને જરા ક્ષોભ લાગ્યો હતો છતાં તે બહારથી શાન્ત અને સ્વસ્થ રહી શકયો.

જે ખંડોમાંથી તે જતો હતો તે કોતરકામ અને રસેલી નકશીથી ભરપૂર હતો. પણ જે વિમલશાહનાં દહેરાં જોઈ હાલનો જમાનો દંગ

પાટણનો મહા અમાત્ય મુંજાલ.

થઈ જાય છે તેના કારીગરોએ તૈયાર કરેલા રાજમંદિરનું સૌંદર્ય કે વૈભવ જોવામાં તેનું ધ્યાન નહોતું. તેની તીક્ષ્ણ નજર માત્ર રાજમહેલમાં શું શું ચાલી રહ્યું હતું તે જ જોવામાં રોકાઈ હતી.

થોડી વારે ધનપાલ તેને એક મોટા ઓરડામાં લઈ આવ્યો. તે ખંડનું અડધું ભોંયતળીયું બે હાથ ઉંચું રાખવામાં આવ્યું હતું અને તે ચોરાને સોનાના સળીયા હતા. આખા ચોરા પર ગાદી પાથરેલી હતી, અને તેના પર પાંચ માણસ બેઠાં હતાં.

કાક ચોરા આગળ જરા ઉભો રહ્યો અને તેના પર બેઠેલાં માણસો તરફ એક સર્વગ્રાહી નજર નાખી. એક પળમાં તેણે દરેકની કિંમત આંકવાનો પ્રયત્ન કર્યો.

ગાદીની વચ્ચે એક જરીનો તકીયો હતો; અને તે ઉપર જાણે અધીરાઇમાં બેસી ગયો હોય એમ એક સોળ સત્તર વર્ષનો છોકરો બેઠો હતો. તે શરીરે એકવડો હતો; તેનો રંગ ધઉંવર્ણો કરતાં જરા શામળો હતો; તેના વાંકા કાળા હતા. તેણે જરીની મોટી કોરનું ધોતીયું પહેર્યું હતું; અને તેનું આખું અંગ અલંકારોથી ઝગમગતું હતું. તેના ચંચલ મોઢા પર ગુસ્સાનું વાદળ ઘેરાયું હતું–તેનાં ભવાં ચઢેલાં હતાં. તેની મોટી આંખોમાં લાલ નસો તરી આવી હતી. કાક તરત સમજી શકયો કે આ પાટણના પતિ જયસિંહદેવ મહારાજ હોવા જોઇએ.

એની જમણી બાજુએ મહાઅમાત્ય મુંજાલ મહેતા બેઠા હતા. કાલે રાતે તેને જોયા હતા, તેના કરતાં દિવસના અજવાળામાં તેની ભવ્ય મુખરેખાઓ તે બરોબર જોઈ શકયો. તેણે પાધડી પગ આગળ રાખી હતી; અને જરા બેદરકારીમાં તકીયા પર હાથ ટેકવી, આડા પડ્યા પડ્યા જે વાત થતી હતી તે તે સાંભળતા હતા.

સામું ત્રણ જણ બેઠા હતા. પહેલો માણસ વિશળનો મોટા ભાઈ કેશળદેવ જે તેને રસ્તે પાલખીમાં જતો મળ્યો હતો તે લાગ્યો. તેની ઉંડી આંખો અત્યારે વધારે ઉંડી જણાતી હતી, અને બીલાડીની ચપલતાથી તે બધાં તરફ ફેરવતો હતો. કાકે ધાર્યું કે રાજ–કુટુંબ જોડે નિકટ સંબંધ

ધસવતો હોવાથી તે અહિંયા અત્યારે આવ્યો હશે. કાકનું ધારવું ખોટું નહોતું. જે ખેંગાર મંડલેશ્વરને ગઈ વાતમાં આપણે મળ્યા હતા તેનો એ મોટો પુત્ર હતો. ખેંગાર મંડલેશ્વર સ્વર્ગસ્થ કર્ણદેવ મહારાજના પરમ મિત્ર હતા અને ઘણી ઢુંકી પેઢીના પિત્રાઈ હતા. તેણે પોતાના શૌર્યથી સૌરાષ્ટ્રમાં એક મોટું મંડલ જીતી તેના પર સર્વોપરિ સત્તા જમાવી હતી; અને જુનાગઢના રા' નવઘણ જેવા અભિમાની રાજાની બહેન પરણ્યા હતા. ખેંગાર બધા મંડલેશ્વરો જેવા તોફાની નહોતા અને જીવતા સુધી તેણે પોતાનું મંડલ બીજા મંડલેશ્વરોની માફક સ્વતંત્ર નહિ બનાવતાં પાટણના રાજાને તાબે રાખ્યું હતું.

ખેંગાર મંડલેશ્વર ત્રણ વર્ષ થયાં ગુજરી ગયા હતા, અને દ્વેશળદેવ મંડલેશ્વર થયો હતો. મુંજાલની રાજ્યનીતિના પ્રાબલ્યે ઘણાખરા મંડલેશ્વરો પાટણની સત્તા કબુલ કરતા હતા એટલે દ્વેશળને પણ તે કબુલ કર્યા વિના છુટકો થયો નહોતો.

એની પાસે, જરા આગળ ધસી આવીને, ઉઘે પગે એક શસ્ત્રસજ્જિત યોદ્ધો બેઠો હતો. તેનું શરીર પ્રચંડ હતું, અને તેની ભુજાઓ લાંબી હતી. જેમ "નર-સિંહ" સમાસ થયો તેમ જો "નર-હસ્તિ" સમાસ થાય તો આવા જ કોઈ માણસને લાગુ પડે એમ કાકને લાગ્યું. તેણે આખે શરીરે બખ્તર સજ્યું હતું, અને તેની લાંબી તરવાર સામે પડી હતી, તેના મોટા મોઢાને તેના લાંબા થોભીયાંઓ ને મોટી આંખો કાંઈ અદ્‌ભુત પ્રભાવ અર્પતાં. છતાં તેના મોઢાપર ભલમનસાઈ અને નિખાલસપણું દેખાતું. તે ઉપરાંત અત્યારે તેનું મોઢું શરમથી કરમાયલું અને આંખો ગળગળી થયલી જોઈ કાકને વિચિત્ર લાગ્યું. આ યોદ્ધાનાં વર્ણન અને પરાક્રમ તે અરસામાં એટલાં જગજાહેર હતાં કે કાક તેને તરત ઓળખી શકયો. તે સજ્જન મંત્રી હતો.

વનરાજદેવના જે મંત્રી ચાંપાએ ચાંપાનેર વસાવ્યું હતું તેના સજ્જન મંત્રી વંશજ થતા હતા. પાવાગઢ જેવા દુર્જય થાણાના પતિ, ચાંપા જેવા પ્રતાપી પૂર્વજની ખ્યાતિના વારસ, પાટણના ધનાઢ્યોમાં એક અગ્રણી, એવા આ સજ્જને પોતાના મોભાથી પાટણને પણ પ્રખ્યાત કર્યું હતું.

કર્ણદેવે આરંભેલા વિગ્રહોમાં તેનાં પરાક્રમ અદ્‌ભુત હતાં. તે સમરાંગણમાં ચાલતો તો ગજેન્દ્રની માફક ધરણી ધ્રૂજાવતો, હોકારતો તો ધનંદલની ગર્જનાના પડઘા પાડતો; સંહારતો તો શંકરના તાંડવનૃત્યનું ભાન કરાવતો. જેવો પાવાગઢ દુર્જય તેવો જ તેનો પતિ લેખાતો.

પણ તેનું હૃદય બાલકથી પણ કોમલ હતું; તેનો સ્વભાવ ભોળો અને ભલો હતો; તેનો હાથ ઉદાર હતો. આ બધાને પરિણામે પાટણમાં તેનો ધાક પડતો નહોતો; અને સોરઠનો રા' નવઘણ તેને છેતર્યો કરતો. ખાનગી વ્યવહારમાં બધા એને લુંટતા અને તેનું ઘર અતિથિઓથી ભરેલું રહેતું. અત્યારે, આ વીર નરમ પડી ગયેલો લાગતો હતો.

એની બાજુએ એક વૃદ્ધ ત્રિપુંડધારી મંત્રી બેઠો હતો. તે સ્વસ્થ ચિત્તે બધું જોતો હોય એમ કાકને લાગ્યું. કાક તેને ઓળખતો નહોતો. તે મૂલરાજદેવના દૈવયુ મંત્રીના વંશનો સોલંકીઓનો પેઢીધર મંત્રી લુલો* હતો. તે નાગર હતો; અને જૈનેતર મંત્રીઓમાં તેનો એકડો પહેલો ગણાતો હતો. તે ઘણો ઘરડો થવા આવ્યો હતો છતાં પાટણની રાજ્ય-સભામાં એની બુદ્ધિ નિરંતર ખપ લાગતી.

કાક મહારાજાને ગુસ્સે જોઈ, ચોરા આગળ થોભ્યો. પણ જેવી તેના પર નજર પડી કે જયસિંહદેવના કપાળપરથી કરચલી ઓછી થઈ, અને મુંજાલ જરા ટટાર થયો. આ જોઈ તે ચોરાપર ચઢયો. તેણે મહારાજ આગળ જઈ દંડવત પ્રણામ કર્યા.

"તને ત્રિભુવનભાઇએ મોકલ્યો છે?" જયસિંહદેવે પુછયું. "તારૂંજ નામ કાક?"

કાકે હાથ જોડી બન્ને પ્રશ્નનો જવાબ દીધોઃ "હા, પ્રભુ!"

"ત્રિભુવનભાઇનો પત્ર તો વાંચ્યો. બીજું કાંઈ કહાવ્યું છે?"

"હા, મહારાજ!" કાકે કહ્યું. "અંડલેશ્વર મહારાજે કહાવ્યું છે કે તેઓ કર્ણાવતી આગળ થોભશે, અને આપનો સંદેશો આવે માળવા તરફ જશે."

"એની પાસે કેટલું લશ્કર છે?" મુંજાલ મહેતાએ પુછયું. કાકે તેની સચોટ નજર અને સવાલ પુછવાની રીત જોઈ, અને રાતનો

* પ્રભાસ પાટણનો શિલાલેખ સંવત્ ૧૨૭૨

પ્રસંગ યાદ આવવાથી જરા ગભરાયો. "મહારાજ! મંડલેશ્વર મહારાજ પાસે ચૌદ હજાર પાળા અને બસેં હાથી છે."

"જુઓ ત્યારે આપણી પાસે ચૌદ હજાર પાળા ને સાતસો હાથી તો થયા. સજ્જન મહેતા!" જયદેવે કહ્યું.

"બાપુ! મંડલેશ્વર મહારાજની તો હમણાં ખબર આવી" સજ્જને ધીમેથી જવાબ દીધો. "અને ઉબક પાસે તો વીસ હજારથી ઉપર ઘોડા છે ને અગ્યારસ હાથી" પણ આ પ્રશ્ન અને ઉત્તરપર ધ્યાન આપ્યા વિના મુંજાલે પ્રશ્ન કરવા માંડ્યા.

"તું ક્યાંથી આવ્યો? ખંભાતથી?"

"જી હા."

"તું કેટલાં વર્ષ થયાં લશ્કરમાં છે?"

આ સવાલનું કારણ શું હશે તેની કાકને સમજ નહિ પડી. તેણે જવાબ દીધોઃ "પાંચ."

"તારા ધાર્યા પ્રમાણે ખંભાતમાં કેટલું લશ્કર છે?"

કાકને આગલા સવાલની સમજ પડી. તેણે થોડો વખત વિચાર કરી કહ્યું "મહારાજ! મને લાગે છે કે પાંચ હજાર પાળા તો સહેજે નીકળી શકે."

"અને હાથી કેટલા!" જયદેવે પુછ્યું.

"ત્રણસો હશે."

"ત્યારે ઉદાએ કેમ લશ્કર મોકલવા ના પાડી? એનું લશ્કર આવત તો આપણે લઢી શકત." જયદેવે કહ્યું.

"અન્નદાતા! આપે એની પાસે કર્ણાવતી લઈ લીધું તેથી એને ખોટું લાગ્યું છે.?" સજ્જન મંત્રીએ સાચી વાત કહી દીધી.

મુંજાલને કપાળે કરચલીઓ પડી. "ઉબક પાટણપર ચઢી આવે છે ત્યારે એવી ચુંક કાઢવાનો વખત છે?" તેણે તિરસ્કારપૂર્વક કહ્યું.

"એટલે માલીક કોણ હું કે ઉદો?" ગુસ્સામાં જયસિંહદેવે કહ્યું. "હું એને અને શાન્તુ મહેતાને બન્નેને દેખાડી આપીશ.

"એ વાત પછી. પણ હાલ આપણે માલવીઓને પાછા કાઢવાની વાત તો કરીએ." મુંજાલે શાન્તિથી કહ્યું.

"હવે શું બાકી રહ્યું છે? શાંતુ મહેતાએ ક્યારનું સમાધાન કરી દીધું હશે." તિરસ્કારથી મહારાજે કહ્યું.

"હજુ સમાધાન કર્યું છે એવો સંદેશો નથી આવ્યો."

લુલા મહેતા પહેલીવાર બોલ્યા. તેનો અવાજ ધીમો અને ધડપણે ધ્રૂજતો હતો.

"ત્યારે આપણે લશ્કર મોકલીએ તો શાન્તુ મહેતા હજુ લઢી શકે." દેશળદેવે તીણે ઘાંટે કહ્યું.

"હા. એ વાત પણ સારી છે. તમે અત્યારે હઝાર માણસ લઈને જશો? સાંજના અમે બધા બાકીનું લશ્કર લઇ આવી પહોંચીશું." મુંજાલે એકદમ દેશળદેવને પુછ્યું. મુંજાલનાં તેજસ્વી નયનોનો પ્રતાપ દેશળદેવને દઝાડતો હોય તેમ લાગ્યું. તે ફીક્કો પડી ગયો. આ ફેરફાર કાકે જોયો.

"હું-હું"-જરા ગભરાયલે સ્વરે દેશળે પુછ્યું.

"હાસ્તો, તમે નહિ જશો ત્યારે કોણ જશે? શાન્તુ મહેતા સલાહ કરતા હશે તો પણ તમારી સલાહ કામ લાગશે; અને વિગ્રહમાં તો પુછવું જ શું?" મુંજાલે કહ્યું "ધનુ-" "જી." જાણે ઉંઘમાંથી ઝબકીને જાગ્યો હોય તેમ સજ્જનનો છોકરો ગભરાઇને બોલી ઉઠ્યો. તે અત્યાર સુધી બધાથી દૂર બેઠો બેઠો જે કોઈ બોલતું તેના મોઢા સામું જોયા કરતો હતો.

"ભીમા નાયકને કહી આવ કે મધ્યાન્હે બે હજાર માણસ તૈયાર કરે."

"પણ-પણ-" દેશળે વચ્ચે બોલવા પ્રયત્ન કર્યો.

"શું કહ્યું?" જરા સખ્તાઇથી મહાઅમાત્યે પુછ્યું. તેની આંખોમાં નિશ્ચલતા પ્રકાશી રહી; તેના અવાજમાં દુર્જય સત્તા સ્પષ્ટ જણાતી હતી; અને જ્યારે તેનું આ સ્વરૂપ પ્રકાશતું ત્યારે પાટણમાં તેની સામું થઈ શકવાની કોઇની પણ હિંમત ચાલતી નહિ. દેશળે હોઠ ફરક્યા અને વાત ફેરવી કહ્યું: "પણ-હું એમ કહું છું કે ત્રિભુવનપાલજીને સંદેશો કહાવીએ તો કેમ?"

"શો?"

"કે જલદીથી એ પણ શાન્તુ મહેતાને આવી મળે."

"હા. એ પણ રસ્તો સારો છે." જયસિંહદેવે કહ્યું.

"ઠીક." મુંજાલે કહ્યું. અને તે કાક તરફ ફર્યોઃ "કાક! ભાઇ તું મુસાફરી કરી થાકી ગયો હશે."

"જો આપનો કાંઇ હુકમ હોય તો તૈયાર છું." કાકે કહ્યું.

"વારૂ, ત્યારે સાંજના કર્ણાવતી જા; અને મંડલેશ્વર મહારાજને કહેજે કે ભોગપુર તરફ આવી અમને મળે. કેમ બરોબર કેની?" દેશળ-દેવને મુંજાલે પુછ્યું.

તે કાંઈ વિચાર કરતો પકડાઈ ગયો એટલે ઉતાવળથી "હા–હા" જવાબ દઈ દીધો.

"વારૂ ત્યારે તું જા. તું કેવો છે?"

"હું વિપ્ર છું."

"એમ? ત્યારે તું–તમે"–મુંજાલે કાકને બ્રાહ્મણ જાણી વચન બદલ્યું "રાજગઢમાં જ જમજો."

"જો સજ્જનમંત્રીની રજા હોય તો. હું એમને ઘેર ઉતર્યો છું."

"મારૂં ઘર—" રખેને અતિથિ ચાલ્યો જાય જાણી સજ્જન વચ્ચે બોલવા ગયો.

"તમારા આતિથ્ય આગળ રાજગઢનો પણ હિસાબ નથી." હસતાં હસતાં મુંજાલે કહ્યું. "વારૂ. એમ રાખો. ભોલો દેશળ દેવજી! તૈયારી કરો" કહી મુંજાલે પાઘડી ઉંચકી માથા પર મૂકી. "કાકભટ! તમે જાઓ."

"જેવી આજ્ઞા" કહી કાક પગે લાગી ત્યાંથી ગયો. આટલો વખત જયસિંહ ઉંડા વિચારમાં બેસી રહ્યો હતો. બીજા બધા ઉઠ્યા; પણ લૂલો ઉઠતાં ઉઠતાં મુંજાલ પાસે પાનની થાળી પડી હતી તેમાંથી પાન લેવાને બહાને આવ્યો અને ધીમેથી પૂછ્યું. "પણ પાટણનું?–"

"મારા ધ્યાનમાં છે. નચિંત રહો." મુંજાલ મહેતાએ ધીમેથી જ જવાબ આપ્યો. જાણે કાંઈ વાત થઈ નથી એમ લૂલો, સજ્જન અને દેશળ સાથે ત્યાંથી બહાર નીકળ્યા.

"જયદેવ વિચારમાં ગરકાવ થઈ ગયો હતો. તે અજાણ્યે તકીયા પર બેઠો હતો ત્યાંથી સરી પડ્યો, અને તેણે એક ઉંડો નીસાસો મુક્યો. મુંજલ થોડો વખત એની સામું જોઈ રહ્યો. "કેમ બાલા રાજા! શો વિચાર કરી રહ્યા છો?"

"બીજું શું? મને લાગે છે કે સોલંકી કુલને કલંક લગાડવા હું જન્મ્યો છું." નિરાશાભર્યે અવાજે જયદેવે કહ્યું.

"કેમ?" મુંજલે ટકોરમાં પુછ્યું. તેનું મોહું વાત્સલ્ય-ભાવે દીપી રહ્યું.

"તમે શું જાણો? તમે અમાત્ય છો. પણ તમે સોલંકી નથી; તમે પાટણના પતિ નથી. અત્યારે પાટણનું નાક કપાય છે તેમાં જેટલું મને લાગે એટલું બીજા કોને લાગે?" જયસિંહ અકળામણના ઉદ્‌ગાર કહાડી બોલ્યો.

મુંજલના મોઢાપર અજબ જેવો ફેરફાર થયો. તેનું હસવું, તેનો વાત્સલ્યદર્શક ભાવ અદૃષ્ટ થયો અને તેને બદલે તેના ચ્હેરા પર સખ્તાઈ પ્રસરી રહી. તેની તેજસ્વી આંખમાં અવર્ણનીય શોકના ઓળા પડ્યા. તેણે ન કળાય એવો ધીમો નીસાસો મુક્યો અને ખેદયુક્ત અવાજે કહ્યું.

"ખરી વાત છે. આખરે ગમે તેવો પણ હું પ્રધાન, તમે રાજા. રાજ જેટલું તમારૂં તેટલું કાંઈ મારૂં છે?"

જયસિંહમાં આ માર્મિક વચનનો અર્થ સમજવા જેટલી પહોંચ નહોતી. "હાસ્તો! નહિ તો તમે આમ બેસી રહો? શાન્તુ મહેતા પૈસા આપી સમાધાન કરે, ઉદો મારા હુકમની અવગણના કરે, પેલો કાક ધારે કે ઉબક અને નરવર્મા તો પાટણમાં આવી લાગ્યા! આથી મારી કીર્તિને શી વધારે ધુળ ભેગી કરવી છે?"

"તેથી તો હું તમને ક્યારનો કહ્યા કરૂં છું કે તમે બાલક કયારે મટશો? શા માટે તમે રાજ્યતંત્ર ચલાવવા નથી મથતા?"

"કેમ મથું? મને તો કાંઈ સમજ નથી પડતી."

"કયારે સમજ પડશે? કાલે ઉઠીને હું મરી ગયો તો? એ તો ઝંપલાવો; બધી સમજ પડશે."

"કેવી રીતે ઝંપલાવું?"

"કેવી રીતે? તમારે 'कालस्य कारणम्' થવું જોઈએ. ત્યારે રાજા થવાય."

"કાંઈ ભુલ થઈ જાય તો? આપણું તંત્ર તે કાંઈ ઓછું છે?"

ધીમે ધીમે મુંજાલે કહ્યું, "હું સુધારનાર બેઠો છું ને. જયદેવ! જ્યારે તમે બાલક હતા ત્યારે દેવીને મેં વચન આપ્યું હતું કે તમને ચક્રવર્તી બનાવીશ. ગમે તેમ કરી તે વચન પાળવાની સામગ્રી મેં એકઠી કરી છે. પાટણ અત્યારે સબલ બન્યું છે; તેનું સૈન્ય સજ્જ છે; તેના વીરો બાહોશ છે. હવે માત્ર એક જ વસ્તુ રહી છે."

"શી?"

"તમે ચક્રવર્તી થવાનો સંકલ્પ કરો તે. જયદેવ! તમે મને અત્યારે રાજા અને અમાત્ય વચ્ચે ભેદ બતાવ્યો; હશે. પણ મારા જેવો મંત્રી કોઈ રાજાને મળ્યો નથી અને મળશે નહિ." મુંજાલે ગર્વમાં માથું ઉંચું કર્યું અને તેના સંસ્કારી અવાજમાં સત્તા ગાજી રહી. "બીજો કોઈ હોત તો છેલ્લા ચાર વર્ષમાં લખલૂટ ધન ભેગું કરત, અને પોતે ચક્રવર્તી બની જાત; અને મારા માસા વિમલ મંત્રીની માફક કોઈક ચંદ્રાવતી* જઈ સ્વચ્છંદે સત્તા ભોગવત. પણ હું તેમાં મૂર્ખાઈ સમજું છું. પાટણની મહત્તાથી મારે મારી મહત્તા સાધવી હતી—અને તે મેં સાધી છે. કર્ણદેવના વખતનાં નમાલાં સૈન્યો કોને લીધે સબલ થયાં? તોફાની મંડલેશ્વરો કોને લીધે તાબે થયા? લાટ આજે કોની નીતિથી ગુજરાતમાં ભળી ગયું છે? રા' નવઘણ કોની યુક્તિથી સકંજામાં રહ્યો છે? આ બધો પ્રતાપ, જે અમાત્યને તમે પાટણને માટે દરકાર નહિ રાખવાનો ઠપકો દીધો, તે અમાત્યનો."

મુંજાલ થોભ્યો. તેના શબ્દો આગળ જયદેવ દિંગ થઈ ગયો. મંત્રીના બોઢા પર જે દિવ્ય તેજ પ્રકાશી રહ્યું હતું તે જ તે જોઈ રહ્યો.

"હા. હું અભિમાની છું." મુંજાલે વિચારમાં માથું હલાવી આગળ ચલાવ્યું. "સત્તા મને પ્રિય છે. પણ એ સત્તા મેં સર્જવી છે; તો, શા

* આબુની પાસે એક શહેર. ભીમદેવના વિમલ મંત્રીએ પાછળથી પાટણ છોડી ચંદ્રાવતીમાં સ્વતંત્ર સત્તા જમાવી હતી—વિમલપ્રબંધ.

માટે હું ગર્વ નહિ ધરું? છતાં-છતાં હું તમને વિનવું છું કે જેવી હું સત્તા ચલાવું છું તેથી પણ વધારે તમે ચલાવો; અને આમ મારા ઓથામાં રહી અલ્પ ન બનો. લ્યો, અત્યારે જ ભારે પ્રસંગ છે-એનો તોડ કાઢો. આજથી જ રાજા બનો."

જયસિંહ નરમ પડી ગયો અને ઉછળતે હૈયે તેણે મુંજલના હાથ પર હાથ મુક્યો.

"મહેતાજી! મહેતાજી! મને ક્ષમા કરો. ઉતાવળમાં મારાથી બોલાઈ ગયું. તમે જે મારે અને પાટણ માટે કર્યું છે એ હું કેમ વિસરું? ગમે તેવો પણ હું તમારો શિષ્ય."

"એ વિચાર જ કહાડી નાંખો. તમે મારા રાજા. જુઓ, તમે અત્યારની સ્થિતિનો વિચાર કરતા હતા. નીરાંતે વિચાર કરી જુઓ, અને કાંઈ રસ્તો કહાડો."

"મહેતાજી!" જયદેવે કહ્યું. "જો જો પછી હું કાંઈ કરીશ તો ભારે પડશે. મારે તો આ બધાને શિક્ષા કરવી છે."

"ભલે કરોની" જરા હસીને મુંજલે કહ્યું. "પણ એક વાત યાદ રાખજો."

"શી?"

"શક્તિ વિના શિક્ષા નહિ કરવી. શક્તિહીણની શિક્ષા અને નિર્ધનનું દાન,-એ બન્નેને અંતે-હાંસી." કહી મુંજલ ઉભો થયો. "તમે વિચાર કરી જુઓ, પછી આપણે વાત કરીશું."

મુંજલ ત્યાંથી ગયો-પણ જેવો તે ત્યાંથી નીકળ્યો એટલે તેની આંખોમાં ખેદ જણાયો અને તેનું માથું જરા નીચું નમ્યું: તેનું હૃદય બેચેન બન્યું હતું.

મુંજલ ગયો એટલે જયદેવે પણ ઉંડો વિચાર કરવા માંડ્યો; પણ એટલામાં એક અઢારેક વર્ષનો કાન્તિવાન છોકરો તેની પાસે આવ્યો.

"બાપુને ઘણી ખમ્મા."

જયદેવે જવાબ નહિ આપ્યો.

"જાત્રા જઈ આવીને શો રોફ આવ્યો છે? અમારો તો ભાવ જ નથી પુછતા?" છોકરાએ કહ્યું. તે લૂલા મંત્રીનો પુત્ર અને જયદેવનો મિત્ર હતો.

"શોભ! ચુપ રહે, હું વિચાર કરૂં છું."

"હું પણ વિચાર કરૂં છું."

"શાનો?"

"તમે પહેલાં કહો–પછી હું કહું."

"હું હવે ખરેખરો રાજા થવાનો છું. મુંજાલ મહેતા કહે છે કે હવે અધો કારભાર મારે ચલાવવો. બોલ! હવે તું શો વિચાર કરતો હતો?"

"હું પણ એ જ. તમે ખરેખરા રાજા થાઓ તો મુંજાલ મહેતાને પાણીચું ને બંદા મહાઅમાત્ય." માંકડા જેવું મોઢું કરી શોભ બોલ્યો.

"બ્રહ્મણા" કહી જયદેવે તેનો કાન આમળ્યો. "તારી મજદકા રહેવા દેશે?"

"આ રહી ત્યારે."

"એક કામ કર."

"બે. બોલો."

"બહાર એક લાટથી સુભટ આવ્યો છે. તેનું નામ કાક છે. તેને છાનોમાનો બોલાવી લાવ. કોઈ જાણે નહિ હોં."

"એ કામ મારૂં" કહી શોભ ત્યાંથી દોડ્યો.

—:o:—

## પ્રકરણ પાંચમું.

### કૃષ્ણદેવે કેમ વખત ગાળ્યો.

ધનપાલ અને કાક રાજગઢ ગયા એટલે વિશળદેવ જ્યાં કૃષ્ણદેવ હતો ત્યાં પાછો ચઢ્યો. કૃષ્ણદેવ નીરાંતે હિંચકાપર પગો પગો ઉંઘવાનો પ્રયત્ન કરી રહ્યો હતો. વિશળ આવ્યો તે કૃષ્ણે ઠંડે પેટે જોયા કર્યું અને પુછયું "કેમ?"

"અમે તમારી કેટલી વાટ જોતા હતા. મોટા ભાઈ તો અધીરા

થઈ ગયા." વિશ્રળે કહ્યું. કૃષ્ણુ આગળ તેનો આડંબર જતો રહ્યો હતો અને એક દાસની માફક તે વાત કરતો હતો.

કૃષ્ણુ જરા ટોળામાં તેની સ્હામું જોઈ રહ્યો અને થોડી વારે બોલ્યોઃ "નશીબ તેનાં."

"પણ પેલાનું શું ?"

"કસાનું કશું નહિ" કહી તિરસ્કારમાં કૃષ્ણે પીઠ ફેરવી.

"ત્યારે મોટાભાઇને શું કહું ?"

"કે સાંજે મને મળે."

"ક્યાં ?"

"કર્ણેશ્વર મહાદેવમાં."

"વારૂ જયજય."

કૃષ્ણે કાંઈ પણ જવાબ દીધો નહિ અને કાંઈ વધુ વાતનો પ્રસંગ મળવાની નિરાશા લાગી એટલે વિશ્રળ બીચારો પાછો ગયો. તેના ગયા પછી કૃષ્ણના હોંપર થોડીવાર હસવું રહ્યું. પછી કાંઈ ચેન નહિ પડવાથી તે પાછલી બારીએ જઈ ઉભો.

ઘરનો આ ભાગ ઘણો જુનો હતો તેમ બહુ વપરાશમાં પણ આવતો નહોતો, અને એની આ બારી પાછલી વાડીના જે ભાગમાં પડતી હતી તે પણ નિર્જન હતો. ખરૂં જોતાં આ વાડી નહોતી, પણ તરુ અને લતા-ઓના સ્વચ્છંદી વિકાસને લીધે તે વન લાગતું. એક મોર, પત્નીઓ સહિત, આ બધાં ફલપુલોનો માલીક હોય તેમ આનન્દે વિહરતો હતો. કૃષ્ણુ થોડો વખત જોઈ રહ્યો અને પછી સામું આવી રહેલા આકર્ષક દેખાવનું ખેંચાણ વધવાથી તે બારીમાંથી ભુસ્કો મારી, નીચે વાડીમાં પડ્યો. તેને આવી અસંસ્કારી રીતે ઉતરતો જોઈ, કલાપી માથું ઉચું કરી, વિચારમાં પડ્યો, અને તેણે ઢેલોને ભેગી કરી જતા રહેવાનો નિશ્ચય દેખાડ્યો.

કૃષ્ણુદેવે વાડીમાં ભટકવા માંડ્યું. ઘડી બે ઘડી ફરતાં પણ વાડીનો અંત નહિ આવ્યો એટલે આખરે તેણે પાછા ફરવા માંડ્યું. થોડુંક ચાલતાં એક નાનો જલકુંડ દેખાયો.

તે સ્થલ રમણીય હતું. જલકુંડની આસપાસ ઝાડોની ઘટાએ શાન્ત,

શીતલ મંડપ રચ્યો હતો. જાણે બીજો ધંધો જ ન હોય તેમ કૃષ્ણ ત્યાં ઉભો રહ્યો અને થોડીવારે સુવાનો વિચાર કરી એક વાડને ઓથે આડો થયો. ઉંઘ આવતાં પહેલાં તેને વિચાર આવ્યો કે આમ નિરર્થક વખત ગુમાવવાથી, આમ પડી રહેવાથી તેના હિતને નુકશાન કે તેની યોજનાઓને હાનિ તો નહિ પહોંચે? પણ સ્થલનાં સૌંદર્ય અને શાન્તિનો નીશો તેની રગોમાં પ્રસરી રહ્યો હતો. તેણે આંખો મીંચી નીરાંતે ઉંઘવા માંડ્યું.

થોડીવારે–કેટલીવાર થઈ તેનું તેને ભાન રહ્યું નહિ–કંકણના અવાજથી તે જાગ્યો. તે સુતો હતો ત્યાંને ત્યાંજ ફર્યોઃ રહ્યામું જલકુંડમાં એક બાલા નહાતી હતી. બીજી પલે બાલા ફરી; અને એક સુંદર, તેજસ્વી મુખની કૌમુદી ત્યાં પ્રસરી રહી. કૃષ્ણનું સ્વસ્થ હૃદય પણ અસ્વસ્થ બન્યું.

બાલા નાની હતી–આશરે ચૌદ પંદર વર્ષની લાગતી હતી. તેના લાંબા વિખરાયલા વાળના બનેલા વસ્ત્રમાંથી તેના અંગોનું મનોહર લાલિત્ય અડધું દેખાતું હતું–અડધું સૂચવાતું હતું. આટલી નાની ઉમર છતાં મુખપર મસ્તાનપણાની મોહક રેખાઓ હતી. આંખોમાં ઉન્મત્તતાનો આરંભ થવા માંડ્યો હતો. કૃષ્ણ રસિક હતો, સૌંદર્યનો અનુરાગી હતો. તે આ બાલાને જોઈ ગાંડો થઈ ગયો. તે નાગકન્યા છે કે મૃત્યુલોકની માનવબાલા, તેનો વિચાર કરવા લાગ્યો.

તે નાગકન્યાની નજર લતા અને પત્રોમાંથી ચમકી રહેલી કૃષ્ણની આંખો તરફ ગઈ, અને તે ગભરાઇને જોઈ રહી.

"એ કોણ છે?"

"એ તો હું" કૃષ્ણે જરા હસીને કહ્યું અને બેઠો થયો.

"હું તે કોણ?" જરા રોફમાં બાલાએ પુછ્યું.

"અરે પણ ગુસ્સે શા માટે થાઓ છો?" કહી કૃષ્ણ ઉભો થયો અને તે છોકરી સામું જોઈ રહ્યો. છોકરી આ સ્વરૂપવાન, સંસ્કારી પુરુષને જોઈ અડધી શરમાઈ અને અડધી ગભરાઈ. તેણે માત્ર નીચું જોયું.

"મેં જાણ્યું નાગકન્યા ભુલી પડી કે શું? હું તો બીધો" કહી કૃષ્ણદેવ હસ્યો. પછી જરા નફટાઇથી તેણે ઉમેર્યું "હું જરા નાગકન્યાઓથી બહુ બીહું છું."

એના શબ્દો ગુસ્સો પેદા કરે એવા હતા; કોઈ બે વર્ષે મોટી બાલા આ શબ્દો સાંભળતાં અપમાન પામત. પણ આ છોકરી બાલક હતી; તેનામાં નવયૌવનાઓ કરતાં સહનશક્તિ વધારે હતી. અને કૃષ્ણદેવનો મોરલી જેવો અવાજ નાગને પણ વશ કરે એવો હતો;–પછી આ તો નહોતી નાગકન્યાઃ એ હતી માત્ર મૃત્યુલોકની એક નિર્દોષ બાલિકા. એ બીચારી કૃષ્ણના મનોહર મુખ સામું જોઈ રહી. તેના સંસ્કારી, મશ્કરી કરતા અવાજના સૂરના, તેના મોહભર્યા હાસ્યના પાશમાં તે ગુંચવાઈ ગઈ. તેણે પહેલાં તેને કોઈ નોકર કે હલકા વર્ગનો માણસ ધાર્યો હતો–પણ હવે તે ગભરાઈ; પોતે કેવી રીતે પાણીમાંથી નીકળે તેની સમજ પડી નહિ; આ પુરુષને દૂર જવાનું કેવી રીતે કહેવું તે સૂઝયું નહિ.

કૃષ્ણદેવ આ બાલાના ગભરાટનું કારણ સમજ્યો, પણ તે ત્યાંથી ખસ્યો નહિ. તેની તેજસ્વી આંખો બાલાના અંગે અંગની છાપ અંતરમાં પાડતી હતી. ગભરાટથી તેના મ્હોંપર આવતા ભાવોની રમણીયતા જોઈ તે ખુશ થતો હતો. આખરે છોકરી શરમમાં, બાલપણની ગભરામણમાં, નિર્દોષતાથી હસીઃ સામું કૃષ્ણ પણ હસ્યો.

બે પલ રહીને કૃષ્ણ બોલ્યોઃ "તમારે બહાર આવવું છે? ઉભાં રહો. હું પેલા ઝાડ આગળ ઉભો રહું. પણ જો જો અલોપ થઈ ન જતાં. મને ખાત્રી નથી કે તમે મૃત્યુલોકનાં છો."

બાલા પાછી હસી. કૃષ્ણદેવ પોતાના મનની વાત સમજી ગયો માટે શરમાય એવી તે મુગ્ધા નહોતી. કૃષ્ણ ઝાડ આગળ ઉભો રહ્યો અને બાલાએ ઝપઝપ કપડાં પહેર્યાં.

આખરે તે કૃષ્ણ પાસે આવી ત્યારે તે દૂર જોઈ, સીસોટીથી સંગીત ચલાવતો હતો.

"આવ્યાં? તમે સજ્જન મંત્રીની દીકરી, એમ?"

"હા." પોતાનો અંબોડો ઠીક કરતાં બાલાએ કહ્યું.

"તમારું નામ શું?"

"સોમ સુંદરી. તમે કયે દેશથી આવો છો?"

"જે દેશમાં તમારા બાપે હાક વર્તાવી ત્યાંથી?" જરા તિરસ્કારમાં કૃષ્ણે કહ્યું.

"સોરઠમાંથી. હું પણ ત્યાં જ જન્મી હતી" સોમે કહ્યું.

"તે વગર આટલું રૂપ હોય નહિ."

"સોમ હસી. "ત્યારે તો તમે મોટાભાઈને મળ્યા હશો?"

"કોણ ભટ્ટરાજ પરશરામને? ના. હું આવ્યો ત્યારે મળી શકયો નહિ." કૃષ્ણે આ એટલા તિરસ્કારપૂર્વક કહ્યું કે સોમે પણ ઉંચું જોયું. તે જોઈ તરત કૃષ્ણે સવાલ કર્યોઃ "તમારા બાપા ખુશીમાં છે? વચ્ચે માંદા હતા ને?"

"હવે ઠીક છે." સોમને આ માણસ જાણે ઘરનો જ હોય તેમ લાગ્યું. "સાચું પુછો તો એ તો કાંઈ માંદા જ નહોતા. પણ ઘણા વર્ષ થયાં પાટણ નહોતા આવ્યા તેથી." સોમ હસી. તેના હાસ્યમાં નીખાલસપણું હતું.

"તમે કોને ત્યાં પરણ્યાં છો?" કૃષ્ણે પુછ્યું. તેની પુછવાની રીત એવી સ્નેહાળ હતી કે ગમે તેને વિશ્વાસ પેદા થાય.

"ના. હું હજુ નથી પરણી."

"ત્યારે વેવિશાળ તો થયું જ હશે. સજ્જન મંત્રીની છોકરી કાંઈ એમની એમ રહે?"

સોમ શરમાઈ નીચું જોઈ રહી અને સ્વભાવે ભલી હોવાથી જરા ખિન્ન બની. તેને નાનમ લાગી. "માફ વેવિશાળ થવાનું છે."

"તમે દરરોજ અહિંયા નહાવા આવો છો?"

"હા. મને ઘણો શોખ છે. ચાલો હું ઘરમાં જાઉં. મારી બા મને વઢશે. આજે હું ઘણી મોડી થઈ ગઈ."

"તેમાં શું? માબાપોના વઢવાનો ધર્મ છે; છોકરાંઓનો વઢાવવાને માટે ઉધાં ચાલવાનો ધર્મ છે." કૃષ્ણે કહ્યું. સોમને હસવું આવ્યું. તેણે ઝપાટાબંધ ઘર તરફ ચાલવા માંડ્યું.

"તમારા ભાઈ પરશરામ હાલ ક્યાં છે? તેની કાંઈ ખબર છે.?"

"છેલ્લી ખબર તો વંથલીથી આવી હતી."

"એમ? ત્યારે અહિંયા સજ્જન મંત્રીને બહુ મહેનત પડતી હશે. લશ્કર ઘણું હશે." કરી કૃષ્ણે પુછ્યું "કેટલું હશે વાર?"

"મને શી ખબર!"

"હત તમારૂં ભલું થાય. સજ્જન મંત્રીની છોકરી થઈ એટલું જાણતાં નથી? તમારે તો બધી ખબર રાખવી જોઇએ."

"ખરી વાત છે!" સોમે કહ્યું "મારા દેખતાં વાત તો ઘણી થાય છે. પણ એ પંચાત મારે શી?"

"એમ તે હોય? મેં સાંભળ્યું છે કે ત્રિભુવનપાલનાં પટરાણીએ તો એક વખત પાટણ પડતું બચાવ્યું હતું" જરા તિરસ્કારથી કૃષ્ણે કહ્યું.

"પ્રસન્નબા તો ઘણાં હુશીયાર છે."

"સોમ–ઓ સોમ–બહેન!" કોઈ પુરુષનો અવાજ જરા દૂર સંભળાયો.

"કોણ એ–લક્ષ્મણ! તું ક્યાંથી લક્ષ્મણ!" સોમે સામી બુમ પાડી. તેની બુમમાં સ્નેહોમ્મા હતી. થોડી પલમાં એક પચ્ચીશેક વર્ષનો જુવાન. શસ્ત્રસજ્જિત ચોહ્રો દોડતો આવ્યો, પણ કૃષ્ણને જોઈ, તે ખંચાઈને ઉભો.

"આ આપણે ઘેર અતિથિ છે. સોરઠથી આવ્યા છે." સોમે લક્ષ્મણને કહ્યું. લક્ષ્મણે જરા અભિમાનથી જોયા કર્યું. "તું ક્યારે આવ્યો?"

"તું દેખે છે ત્યારે."

"કેમ માલવી સેનાપતિ કેટલો દૂર છે?"

"બહુ દૂર છે. તું કેમ ગભરાય છે?" કહી લક્ષ્મણ પાસે આવ્યો. "આ સમાધાનની વાતો આવે છે તે ખરી કે ખોટી?" કૃષ્ણે પુછ્યું,

"ખરી નથી ને ખોટીયે નથી" લક્ષ્મણે કહ્યું.

"તું બાપાને મળ્યો?"

"હા. ચાલ હવે તું વહેલી પગ ઉપાડે છે કે નહિ. મને ભુખ લાગી છે" કહી લક્ષ્મણે ઉતાવળ કરી. એટલામાં ઘર આવ્યું અને કૃષ્ણને બીજી તરફ વીદાય કરી, ભાઈ અને બહેન અંદરના ભાગમાં ગયાં.

## પ્રકરણ છઠ્ઠું.

### જેમાં કાકને એવી ખાત્રી થાય છે કે પોતે પાટણનો રાજા થયો છે.

પાટણના રાજ્યકર્તાઓ પાસેથી બહાર જતાં કાકના મનમાં કાંઈ કાંઈ વિચારો થવા લાગ્યા. તેની તીક્ષ્ણ બુદ્ધિ પાટણના રાજ્યતંત્રમાં શા શા રંગ છે તે પારખવાને મથી રહી હતી.

બહાર નીકળતાં તેણે વિશળદેવને રાજગઢમાં પેસતો જોયો એટલે જઈને તેને મળ્યો.

"કેમ ક્યાંથી આવ્યા તમે ?"

"મોટાભાઇનું કામ છે. અન્દર બેઠા છે ?"

"હા. હમણાં તમારાથી જવાય તેમ નથી. પણ તમે તો સજ્જન મંત્રીને ત્યાં બેસવાના હતા ને ?"

"હા. પણ હું શું કરું ? મને જરૂરનું કામ છે" વિશળે ઉતાવળથી કહ્યું. તેને કાંઈ ઘણી જરૂરી તેના ભાઇને વસ્તુ કહેવાની છે એમ કાકને લાગ્યું. વખત છે ને તે કૃષ્ણદેવ સંબંધી તો ન હોય ?

"હવે એવું તે શું મોટું કામ છે ? પહેલાં ઉભકને મારી હાંકવાની તો વાત કરે; પછી બીજી."

"અરે તમે શું જાણો ? લ્યો આ આવ્યા." કહી દેશળ મંડલેશ્વર બહાર નીકળતા હતા તેના તરફ વિશળ ગયો. કાકે ધ્યાનથી એ બે ભાઇ-ઓની વાત સાંભળવા પ્રયત્ન કર્યો, પણ તે કાંઈ સફલ થયો નહિ. પણ દેશળદેવના મોઢા પર કાંઇક ફેરફાર થયા તેણે જોયા.

એટલામાં એક અજાણ્યા છોકરાએ આવી તેને ખભે હાથ મુકયો "કાક ભટ્ટ તમે ?"

"હા. કેમ ભાઈ ?"

"જરા મારી સાથે આવોની. જરા કામ છે."

"શું કામ છે ?"

"મહારાજ બોલાવે છે" છોકરાએ નીચા વળી કાનમાં કહ્યું. કાક ચમકયો. તેને લાગ્યું કે ગઈ કાલની રાતની વર્તણુક માટે કાંઈ શિક્ષા થવાની; પણ મૂગે મોઢે તેની સાથે ગયો. શાલે બીજે રસ્તો લીધો અને જે ખંડમાં એ પહેલાં ગયો હતો તેનાથી બીજી દિશામાં આવેલા એક ઓરડામાં તેઓ ગયા.

એક સોને મઢેલા હિંચકા પર, અધીરાઇથી જયદેવ હિંચતો હતો. તેના મોઢા પર ચિન્તા અને નિશ્ચય બે દેખાતાં હતાં. કાક આવ્યો અને હાથ જોડી ઉભો રહ્યો એટલે તેણે હિંચકો રાખ્યો.

"શોભ, જરા તું બહાર જઈ ઉભો રહે. કોઈ આવે તો કહેજે."
"જેવી આજ્ઞા" કહી શોભ બહાર ગયો.
"કાક ભટ! તમે પત્ર લાવ્યા તેમાં ત્રિભુવનભાઇ લખે છે કે તમે ઘણા વિશ્વાસુ અને બાહોશ માણસ છો."
"જી." કાકે કહ્યું.
"મને લાગે છે કે એ વાત ખોટી છે" ધીમેથી રાજાએ કહ્યું. કાક જરા વિસ્મિત થયો. શું આટલા માટે એને પાછો બોલાવ્યો? તે કાંઈ બોલ્યો નહિ. "કાલે રાતે તમે ઘણાં ગપ્પાં મારતા હતા."
"ક્ષમા કરો અન્નદાતા!" જરા કાકે ગર્વથી કહ્યું: "હું ગપ્પાં નહોતો મારતો; જે કહેતો હતો તે ખરું કહેતો હતો."
"ત્યારે એમ કે હું નામનો જ રાજા છું નહિ?" જરા ગર્વથી રાજાએ પુછ્યું.
"બાપુ!" કાક ચેતી ગયો કે રાજાને કાંઇ ગરજ છે એટલે તેણે પોતાનું પ્રાબલ્ય દેખાડવા માંડ્યું.
"ત્રિભુવનપાલ મહારાજે જ્યારે મને સલાહકાર બનાવ્યો ત્યારે અભય વચન આપ્યું હતું. સત્ય કહેવાની રજા ન હોય તો સલાહ લેવી નહિ."
જયદેવે ઉંચું જોયું. તેને લાગ્યું કે આ માણસ તેનું માન ભંગ કરે છે; પણ કાકની સામું જોતાં એવું કાંઈ દેખાયું નહિ. સ્વાસ્થ્ય અને વિનયની મૂર્તિ સમો, હાથ જોડી, પોતાનું મજબુત, છટાદાર શરીર માનભેર સંકોચી તે ઉભો હતો. મહારાજાએ નખશીખ તેને નીહાળ્યો; તેનાં માંસલ અંગો, તેની છટાભરી ઉભા રહેવાની રીત જોઈ તેનાપર શ્રદ્ધા આવી. પણ અજાણ્યા માણસપર એકદમ વિશ્વાસ મુકવો તેને ગમ્યું નહિ.
"મારે સલાહ નથી લેવી." તેણે કહ્યું: "માત્ર ત્રિભુવનભાઇ અત્યારે હોય તો શું કહે તેટલું જ જાણવા માગું છું."
"જેવી આજ્ઞા."
"તમે એમ ધારો છો કે આ શ્રાવક શેઠો મને નમાલો કરી મુકે છે?"
"ના બાપુ! હું એમ માનું છું કે એમના વડે જ પાટણની સત્તા છે."
જયસિંહદેવને વ્હેમ ગયો, તેણે કાક સામું ઝીણી નજરે જોયું. "એટલે?"

"ત્રિભુવનપાલ મહારાજનો અને મારો બન્નેનો એ જ અભિપ્રાય છે. આજે આપણું રાજ્ય ટકયું છે તેનું કારણ આટલું જ કે શ્રાવકોને નવાં રાજ્યો સ્થાપવાની આકાંક્ષા નથી; તેઓ પાટણના મંત્રીઓ બની સંતોષ પામે છે; અને ગમે ત્યાં પૈસો મેળવી આખરે પાટણમાં આવી રહે ત્યારે જ તેઓ રાચે છે."

"તમે નાગર છો ?"

"ના જી."

"તમે નાગરોની સત્તા દુર્જય માનો છો ?"

"અન્નદાતા ! એમ હું માનતો નથી. ત્રિભુવનપાલ મહારાજ કહેતા હતા કે મૂલરાજદેવ મહારાજે નાગરોની સત્તા વધારી. જો એમ હોય તો મૂલરાજદેવ મહારાજની બુદ્ધિને ખરેખર ધન્ય છે."

"કેમ ?"

"એ લોકોને પણ પાટણપર સ્નેહ છે. શ્રાવકો જેટલો સ્નેહ નથી, છતાં જૈન સત્તાને કાબુમાં રાખવાનું તેઓ સબલ હથિયાર છે. એ તો એક બીજાથી જ મહાત થઇ રહે એમ છે."

"કાક ! આટલી બધી માહિતી તમે ક્યાંથી મેળવી ?"

"આજે ત્રણ વર્ષ થયાં મંડલેશ્વર મહારાજ મારી સાથે જરાએ જરા વાતનો વિચાર કરે છે."

જયદેવ વિચારમાં પડ્યો. આ માણસપર તેને વિશ્વાસ આવ્યો. "એમ છે. ત્યારે હું નામનો રાજા છું એમ કેમ તમે કહેતા હતા ?"

"બાપુ ! મને શિક્ષા કરવા માટે આ બધું પુછો છો ? ત્યારે શું કામ નકામી તસ્દી લો છો. જે શિક્ષા દેશો તે હું સહન કરીશ."

જયદેવ હસ્યો. "કાકબટ ! તમારી શંકા ખોટી છે. ત્રિભુવનભાઇને મળું ત્યાં સુધી મારે કોઈ વાત કરનાર નથી માટે પુછું છું. તમને શિક્ષા કરવા નથી પુછતો."

"આપને સલાહકારની શી ખોટ ?" કાકે પુછયું. "મહામાત્ય ક્યાં કોઇથી ઉતરે તેવા છે ?"

જયદેવે હોઠ કરડ્યા. "મેં એક નિયમ કર્યો છે. હવે મારે મુંજાલ મહેતાની સલાહ વગર રાજ ચલાવવું છે."

કાક વ્હેમાયો. મુંજાલની સામું કાવત્રામાં જોડાવું એટલે ઉઘા જ ગણુપતિ બેસાડવા જેવું થાય. તેને એવી મૂર્ખાઈ કરવી નહોતી.

"અન્નદાતા! ક્ષમા કરો. પણ જો ખ્યાતિ ખરૂં કહેતી હોય અને એ પ્રસંગે મારો પોતાનો થયલો અનુભવ ખરી સાક્ષી પુરતો હોય તો એક જ વાત કહીશઃ એ વિચાર માંડી જ વાળો. જે દિવસે મહા-અમાત્ય આપની વિરુદ્ધ થયા, તે દિવસે શું થશે તે હું કલ્પી પણ શકતો નથી. આપ ગાદી પર આવ્યા ત્યારે મુંજાલ મહેતા વિરૂધ્ધ હતા તે આપને યાદ હશે?"

"હા,–હા,–હા!" કહી મહારાજ ખુબ હસ્યા. "તને કોણે કહ્યું કે મુંજાલ મહેતાની સામે હું થવાનો છું! ગાંડા! એમને તો હું પિતાતુલ્ય ગણું છું. એમણે જે મારે માટે કર્યું છે તેટલું તો કોઇએ નથી કર્યું. આ તો એ મારી કસોટી કરવા બેઠા છે–અને મારે ઓછા ઉતરવું નથી."

"જી."

"હવે મારે શું કરવું?" નિખાલસ હૃદયે જયદેવે પુછ્યું. "એક આ શાન્તુ મહેતા સમાધાન કરી આવ્યા. બીજું, ઉદાએ મારૂં નાક કાપ્યું. મારી આબરૂ જાય નહિ અને એ બેને શિક્ષા થાય એવો કાંઈ રસ્તો જોઇએ. હવે હું વધારે વખત આ સહન કરવાનો નથી."

"બાપુ! શાન્તુ મહેતાએ જે કર્યું તે ઠીક જ કર્યું."

"શું ઠીક કર્યું–કપાળ!"

"અન્નદાતા! શાન્તુ મહેતા લડવા નીકળ્યા હોત તો પાટણ નવ-ખણ રા' એ ક્યારનું લીધું હોત."

"સોરઠનો!" રાજાએ ચકિત થઈ પુછ્યું.

"ઉદા મહેતા નફટ થઇને બેઠા, દાદાક મહેતાએ કર્ણાવતીમાં નામનાં માણસ રાખ્યાં છે, બોઢેરામાં કાંઈ લશ્કર નથી. અહિંયાનું લશ્કર ઉબકની સામું જાય–પછી સોરઠીઓ આવે ત્યારે પાટણનું શું થાય?"

"પણ રા'ને તો પરશુરામ સાચવે છે?" રાજાએ પુછ્યું.

"બાપુ! મને તો એ ભ્રમ લાગે છે. રસ્તે હું આવ્યો તે તપાસ રાખતો આવ્યો છું. માનો નહિ માનો પણ નવઘણ રા' તો આ તકનો લાભ લઈને દ્વારકાધીશ પાટણ પર આવે છે."

"આ વાતની કોઇને કાંઈ ખબર કેમ નથી? એમ હોય તો મામલો ગંભીર છે."

"મને તો ખાત્રી છે કે મહામાત્ય બધું જાણે છે" કાકે કહ્યું. "આજે આપે નહિ જોયું? દેશળદેવ મહારાજને તેણે પાટણમાંથી કેવી યુક્તિસર બહાર કહાડ્યા? મને લાગે છે કે એનું કારણ પણ એ જ."

મહારાજા ડિંગ થઈ ગયા. તેને કેટલોક વ્હેમ પડ્યો હતો તે ખરો ઠર્યો. "પણ આજે સાંજે તો અમે પણ પાટણમાંથી લશ્કર લઇને જવાના છીએ; તેનું કેમ?"

"મને પણ એની જરા સમજ નહિ પડી. વખતે સાંજના મહામાત્ય ના પણ પાડે. પણ મને બોલાવીને શા સારૂ બોલાવ્યો છે તે હું જાણું છું."

"શા સારૂ?"

"દેશળદેવને બાતર મારે મોઢે જુદું કહ્યું; પણ ખરો સંદેશો તો માંડલેશ્વર મહારાજને મારી જોડે એટલો જ કહાવશે કે તેણે, કાં તો કર્ણાવતીમાં લશ્કર લઈ રહેવું નહિ તો વઢવાણ તરફ પ્રયાણ કરવું." કાકે ભવિષ્ય ભાખવા માંડ્યું.

"ત્યારે દેશળદેવ હરામખોર છે?"

"મને લાગે છે કે એ કાંઈ ગડબડ મચાવી રહ્યા છે ખરા. હું થોડા દિવસમાં ખોળી કાઢીશ."

"જો તું કહે એટલું ખરૂં નીકળે તો, કાક, તું પણ જબરો છે. પણ ઉદા મહેતાનું કેમ?"

"એને મહાત કરવો અઘરૂં કામ છે. આપની રજા હોય તો હું કર્ણાવતી જઈ ત્યાંથી ખંભાત જઈ આવું. કાંઈ રસ્તો સુઝશે ખરો."

"હા. જરૂર જજે. એને ઠેકાણે કરવો પડશે. એનું માથું ખસી ગયું છે." જયદેવે કહ્યું. થોડીવારે તેણે ઉમેર્યું: "દેશળદેવને જવા દેવો—"

"જેમ બને તેમ ઉતાવળે" કાકે ઉમેર્યું.

"હા. અમારે જવું નહિ પણ પાટણમાં જ રહેવું, ને તમારે ત્રિભુવનભાઇને કહેવું કે ઉંબક સામા નહિ જતાં 'રા' નવઘણ સામું જવું" રાજાએ ગોખવા માંડ્યું;—પણ વધુ ગોખાઈ રહે તે પહેલાં શોભ આવ્યો.

"બાપુ! મહેતાજી આવે છે."

"કોણ મુંજાલ?" રાજાએ જરા ગભરાઈ કહ્યું. "કાક! તું પેલા છજામાં જતો રહે."

એક શબ્દ બોલ્યા વિના, એક કૂલંગ મારી કાક ત્યાં ભરાઈ ગયો. જયદેવ નીરાંતે બેઠો હોય એવો ડોળ કરી હિંચકા ખાવા લાગ્યો. તેનું હૈયું હર્ષે નાચવા લાગ્યું અને તેનું મગજ મુંજાલ અને કાકની બુદ્ધિનો વિચાર કરવા લાગ્યું.

મુંજાલ હસતો હસતો આવ્યો. તેને ખાત્રી હતી કે જયદેવ નિરાધાર થઈ બેઠો હશે; અને આખરે શું કરવું તે તે શીખવશે. તે આવ્યો અને શોભ સામું જોયું. શોભ ત્યાંથી ચાલ્યો ગયો.

"કેમ મહારાજ! શું વિચાર કર્યો?" મુંજાલ હિંચકાપર બેઠો. એકાન્તમાં આ બે વચ્ચે રાજા પ્રધાનનો સંબંધ જરા પણ રહેતો નહિ. કાક છજામાંથી કાન માંડી સાંભળવા માંડ્યું.

"દરેક બાબતની પણ તમારે મને ખબર આપવી પડશે. કેટલીક બાબતની બાતમી તમને મળે છે તે મને નથી મળતી."

"હા. કહો તેની કહું." મુંજાલ જેમ છોકરાને લડાવે તેમ બોલવા લાગ્યો.

"શાન્તુ મહેતાના શા સમાચાર છે?"

"હમણા સજ્જન મહેતાનો લક્ષ્મણ આવી ગયો. તે કહે છે કે ઘણું ખરું સમાધાન થઈ ગયું. પછી કાંઈ?"

"'રા' નવઘણ ક્યાં છે?"

મુંજાલ ચમક્યો. "ક્યાં છે તે મને ચોક્કસ ખબર નથી."

"એણે પાટણપર સ્વારી કરવાની શરૂઆત કરી છે" જયસિંહદેવે જરા ડોળ ઘાલી કહ્યું. મુંજાલ વધારે ચમક્યો; આ વાત જો બહાર પડી જાય તો લોકોમાં ગભરાટ વધે એમ એનું માનવું થયું.

"અને અહિંયા કાવત્રાંબાજો પાટણને દગો દેવા તૈયાર છે."

"શું કહો છો?" રાજાને મળેલી ખબર કેમ અને કોણે આપી તે ન સમજાતાં મહાઅમાત્ય જરા ગુંચવાયા.

"વિચાર કરતાં મને લાગે છે કે મારી ભુલ હતી. શાન્તુ મહેતાએ બાહોશી અને દુરઅંદેશી વાપરીને જ આ સમાધાન કર્યું હોય એમ દેખાય છે."

"જયદેવ! આ ડહાપણ ક્યાંથી આવ્યું?"

"તમારા જેવા મંત્રીના સહવાસથી" જયદેવે રોકડબંધ હસીને કહ્યું. છજ્જામાં કાક પણ હસવા લાગ્યો. મુંજાલ જુંદગીમાં પહેલી વખત ગુંચવાડામાં પડી આસપાસ જોવા લાગ્યો. "વારૂ પછી?" તેણે કહ્યું.

"મને ખાત્રી થઈ છે કે અત્યારે વધારે ભય રા' નવઘણનો છે; માટે એને પાંશરો કરવો જોઇએ. આપણે સાંજે શાન્તુ મહેતાને મળવા લશ્કર લઈ નથી જવું, અને દ્વેશળદેવ છો જતો. એને જમવાનું નોતરૂં કહાવીએ કે એ અહિંયાથી સીધો જ જાય." જયદેવે સત્તાથી પોતાનાં ફરમાનો કહેવા માંડ્યાં.

મુંજાલ મુગે મ્હોડે જોઈ રહ્યો.

"અં–બીજું" જયદેવે આગળ ચલાવ્યું. "પેલા ત્રિભુવનભાઈએ માણસ મોકલ્યો હતો–એનું નામ શું?"

આ જુઠાણાથી કાકનું હસવું માયું નહિ; તેનો શિષ્ય તેને ઉસ્તાદ લાગ્યો.

"કાક" મુંજાલે કહ્યું. તે જરા ઢિંગ જ થઈ ગયો. આ બુદ્ધિ બાળા-રાજમાં ક્યાંથી આવી?

"હા. કાક તેને તમે કહી દેજો કે ત્રિભુવનભાઇને કર્ણાવતી રહેવાનું જ કહે. નહિ તો તે વિરમગામ તરફ જાય."

"જયદેવ! જયદેવ!" મુંજાલે હિંચકા પરથી ઉતરી તેની સ્હામું ફરતાં કહ્યું, "જો આ વિચારો તમારા જ હોય તો મારો ધન્યવાદ; તમારા આગળ ચક્રવર્તીઓ પણ ધુળ ચાટશે. તમારી નજર બરોબર છે. આજે પાટણનો રાજા પાટણને લાયક થયો ખરો."

કાક મનમાં પુલાયો; આ ઘડીએ પાટણનો રાજા તો તે પોતે હતો.

"મંત્રીરાજ! તમે પણ આમ જ ધારો છો?"

"હા! મને તો લાગે છે કે મારા વિચારો જ તમે ચોરી ગયા."
"ગમે તેવો પણ તમારો શિષ્ય ને" જયદેવે ગર્વથી હસતાં કહ્યું.
"ઠીક ત્યારે. હું જાઉં છું. શોભને મોકલી દેશળદેવને બોલાવજો."
"હાસ્તો."

મુંજાલ ઓરડામાં ચારે તરફ તીક્ષ્ણ દૃષ્ટિ નાંખીને બહાર ગયો. મનમાં ને મનમાં તે બબડ્યોઃ "આ કોણ પાક્યો છે? જરા ધ્યાન આપવું પડશે."

તે ગયો એટલે રાજા છજામાં જોવા ગયો. કાક બીજે છેડે ઉભો ઉભો કમરબંધ ફરીથી બાંધતો હતો.

"કાક?"
"બાપુ!"
"મેં મુંજાલ મહેતાને કહ્યું છે કે તારી જોડે શો સંદેશો મોકલવો. મને લાગે છે કે રા' નવઘણનો બહુ ભય નથી."

કાક મનમાં બબડ્યો. "જો જુઓ." મોઢેથી તેણે કહ્યુંઃ "જી."

"તું કર્ણાવતી થઈ ખંભાત જજે, અને મને સંદેશો કહાવજે."

"જેવી પ્રભુની આજ્ઞા" કહી તે પગે લાગ્યો અને રજા લીધી.

## પ્રકરણ ૭ મું.

### કાશ્મીરાદેવી.

કાક પોતાની ચતુરાઈથી હરખાતો મહેલમાંથી આગલા ચોકમાં નીકળ્યો. દહાડો ચઢવા લાગ્યો હતો એટલે તેને પણ ભુખ લાગી હતી. પણ સજ્જન મહેતાના ઘરનું અન્નજળ લેવાનું તેના નશીબમાં હજુ લખ્યું નહોતું.

એક પાર્શ્વક સામું આવ્યો.

"ભટજી! લાટથી આપ આવ્યા છો?"
"હા ભાઈ. કેમ?"
"મારી સાથે ચાલો. બા બોલાવે છે."
"કાક જરા ચકિત થયો. કોણ બીનળબા?"
"પાર્શ્વક હસ્યો, ના! કાશ્મીરાબા."

"એ અહિયાં છે? મારા મનમાં કે તે મીનળબા સાથે હશે. ચાલો આવ્યો" કહી કાક પાર્શ્વકની સાથે ત્રીજી વખત મહેલમાં પેઠો. તેણે પાટણમાં આવતાં જ નવા નવા ચમત્કાર જોયા હતા; અને આ કેવો નીકળશે તેનો તેણે વિચાર કરવા માંડ્યો.

ત્રિભુવનપાલનો તે વિશ્વાસુ નોકર હતો, એટલે તેની સ્ત્રી કાશ્મીરાદેવીની ખ્યાતિથી તે અજાણ નહોતો. "પાટણની પ્રભુતા"માં વર્ણવેલી તેની બાલપણની કારકીર્દિ પટ્ટણી યોદ્ધાઓ પાસે તેણે સાંભળી હતી; મંડલેશ્વર મહારાજ પોતાની અર્ધાંગનાને કેવા નિશ્ચલ પ્રેમથી પૂજતા હતા તેની તેને ખબર હતી; અને પોતાના સેનાપતિની આવી બાહોશ સ્ત્રીને જોવાની તેને હોંસ હતી.

ત્રિભુવનપાલની માનીતી સ્ત્રી, અને મીનળદેવીની ફટવેલી ભત્રીજી કાશ્મીરાદેવીનું પાટણમાં સ્થાન અદ્‌ભુત હતું. બધા પટ્ટણીઓ તે જાણે પાટણની રાજ્યલક્ષ્મી હોય એમ માનતા હતા. શરવીરો, મુત્સદ્દીઓ, ધર્મધુરંધરો, કવિઓ, અને ચારણો બે જણને એકમતે અગ્રસ્થાન આપતા—પુરુષોમાં મુંજાલ—સ્ત્રીઓમાં કાશ્મીરાદેવી.

તે જયદેવને નચવતી, મીનળબાને કેટલીક વખત હંફાવતી, મંત્રીઓના મુત્સદ્દીપણાને ઉંધું વાળતી, યોદ્ધાઓને આયુધો વાપરતાં શીખવી શરમાવતી, કારભારીઓને પજવી તોબા પોકરાવતી; છતાં દરેક જણ સ્નેહભરી, માનભરી આંખે તેનો આદર કરતા. પાટણની રાજ્યસત્તાની મૂર્ત સરખો મુંજાલ પણ પોતાનાં શાસનો કાશ્મીરાદેવીને તોડવા દેતો.

અનુચર કાકને મહેલના પાછલા ભાગમાં લઈ ગયો ત્યાં એક રૂપવતી સ્ત્રી બેઠી હતી. તેના પગ વચ્ચે એક ત્રણ ચાર વર્ષનો છોકરો જબરજસ્તીથી તેણે ઉભો રાખ્યો હતો. છોકરો પગમાંથી સટકી જવા ફાંફાં મારતો હતો; અને યુવતી એક હાથે તેના લાંબા વાળ પકડી, બીજે હાથે એક સોને મઢેલી કાંસકી સ્હાઈ, વાળ હોળવાની તૈયારી કરતી હતી.

કાક ઉમરાપર જરા થોભ્યો; આ સ્ત્રી કોણ હશે તે તે જાણતો નહોતો એટલે અદ્રશ્યમાં દૂર જ ઉભો રહ્યો.

"બા!" અનુચરે કહ્યું.

"કેમ ?" યુવતીએ ઉંચું જોયું. "અહો ! કોણ ભટજી ? આવ." ગૌરવથી કાકને આદર આપતાં સ્ત્રીએ કહ્યું.

કાકે તેને પ્રણામ કર્યા, કાશ્મીરાદેવી ઉંચી અને સશક્ત હતી; તેના મોઢાની રેખાઓ ગૌરવશીલ અને ભરેલી હતી. વીસ વર્ષની ઉમ્મરે પણ તે આધેડ વયની હોય એમ લાગતી. છતાં તેના હાસ્યમાં અને આંખમાં વિદ્યુત્નો ચમકારો હતો. તે ચમકારાએ શબ્દો કરતાં પણ વધારે સત્કાર કર્યો.

"તું લાટથી આવ્યો ?" તેની બોલવાની રીતમાં આતુરતા હતી, છતાં કાંઇક મુંજાલ મહેતાની સત્તાદર્શક રીતનું આછું અનુકરણ દેખાતું હતું.

"હા બા ! મંડલેશ્વર મહારાજ ખુશી આનંદમાં છે, અને પ્રભુ કરશે તો થોડા વખતમાં આવી લાગશે."

"કાંઈ કાગળ પત્ર નથી આપ્યો !"

"મારા મહારાજે ધાર્યું કે આપ મ્હોટાંબા સાથે જાત્રાએ ગયાં હશો" કાકે મીઠાશથી ઉમેર્યું.

"મારા શા ભોગ લાગ્યા છે ?" અરે લુચ્ચા !—આ છેલ્લા શબ્દો કાશ્મીરાદેવીએ પેલા છોકરાને સંભોધ્યા. તે આ વાતનો લાભ લઈ દેવીના પગ વચ્ચેથી નાઠો અને આઘે એક ખુણામાં જઈને ઉભો. તે આ છુટકારાથી આનંદ પામી હસતો હતો.

"ઉભો રે કુમારીયા !" કાશ્મીરાદેવીએ કહ્યું; અને તેણે કાકને કહ્યું, "જરા એને અહિયાં લઈ આવ તો."

"હા જી" કહી કાક છોકરા તરફ ગયો. છોકરાની મુખરેખા તેના બાપના જેવી હતી; અને તેનું બુદ્ધિદર્શક તેજ આકર્ષક હતું. કાકને પોતાના માલિકના પુત્ર તરફ હેત આવ્યું.

"ભાઈ-ભાઈ! આવો જોઈએ."

છોકરાએ મુઠ્ઠીઓ વાળી, અને ખુણામાંથી કાકની સામું ડોળા ઘુરકાવવા માંડ્યા.

"મારીશ !" તેણે કાકને ધમકી દીધી. કાક ધીમે ધીમે તેની પાસે ગયો.

"ભાઈ! ચાલો તો ખરા. તમારા બાપુએ કાંઈ કાંઈ મોકલ્યું છે. જુઓ. આવો !"

"બાપુ ગામ ગયા છે." છોકરાએ જવાબ દીધો.

"અરે જોયા શું કરે છે? એ વળી આમ માનવાનો છે? પકડની એને" પાછળથી કાશ્મીરાદેવીનો હુકમ થયો. કાક તેને પકડવા ગયો, પણ તે સટકી ગયો.

"એ એમ નહિ માને. પકડ."

કાકે છોકરાને પકડ્યો. કાકને પોતાના માલિકના છોકરાને હાથમાં લેતાં જરા ક્ષોભ થયો. તેમાં છોકરાએ જોરથી કુદાકુદ કરવા માંડી; હાથ અને પગ વડે જેટલા પ્રહારો કાકને કરી શકયો તેટલા કર્યા; અને મોઢેથી કાન ફાડી નાંખે એવા "મુકા દે-મુકા દે"ના ચીસાડા પાડવા માંડ્યા. કાકને હાથમાં લઈને આવતાં મહા મુશ્કેલી પડી. તેને ખબર નહોતી કે તે પોતાના હાથમાં ગુજરાતના ભાવિ સમ્રાટ્ કુમારપાલને ઉંચકી જવાનું મહા કાર્ય કરતો હતો. કાકની મુશ્કેલી જોઈ કાશ્મીરાદેવી હસવા લાગી.

એકદમ પાછળથી એક સવાલ આવ્યો "કુમાર! આ શું કરે છે?"

"કાક ચમક્યો, અને ક્ષુભિત થયો, કુમારપાળની ચીસો એકદમ શાંત થઈ ગઈ. કાશ્મીરા એકદમ હિંચકા પરથી ઉભી થઈ છેડો સંકેલવા મંડી ગઈ. મુંજાલ મહેતાએ કાકને કહ્યું.

"કાક ભટ! એને ભોંય પર મુકી દો."

કાકે કાશ્મીરાદેવી સામું જોયું, પણ તે કાંઈ બોલ્યાં નહિ એટલે કુમારને ભોંય પર મુક્યો. તે પણ તદ્દન ચુપ થઈ ગયો હતો.

"કેમ અલ્યા! તોફાન કરે છે કે હેં? આમ આવ." છોકરો ધાકનો માર્યો, હાવકું મોઢું રાખીને ગયોઃ "મામા હવે તોફાન નહિ કરું."

"ઠીક. ચાલ ત્યારે ચોટલી હોળાવ" એટલામાં કાશ્મીરાદેવીએ પાસે પડેલો બાજઠ મુકયો; અને મુંજાલ મહેતા તેનાપર બેઠા. થોડે દૂર બેસી કાશ્મીરાદેવીએ હાલ્યા થઈ ગયલા કુમારના વાળ હોળવા માંડ્યા.

"કેમ કાકભટ ક્યાંથી આવ્યા?"

"મેં બોલાવ્યા."

"હું પણ તે ખબર જ કહેવા આવ્યો હતો. ત્રિભુવનનો પત્ર હતો. કાકભટ તો એના મિત્ર થાય. બેસો, બેસો." મંત્રી મીઠું હસ્યા. કાક જરા

મલકાયો; મહાઅમાત્ય પણ તેનાપર ખુશ હતા. કાક પોતાના પતિનો માત્ર સુભટ જ નથી પણ મિત્ર છે જાણી, કાશ્મીરાદેવીએ પણ એક હાસ્ય-કિરણ તેના તરફ ફેંક્યું. કાક વિનયથી દૂર બેઠો.

"તમે રાજગઢમાં જ છો? મારા મનમાં કે તમે સજ્જન મહેતાને ત્યાં ગયા હશો."

"ના જી. હજુ નથી ગયો."

"તમે જયદેવ મહારાજા પાસે ગયા હતા?"

"ના જી." કાકને તદ્દન જુદું બોલવું ઠીક નહિ લાગ્યું. "મને તેમણે બોલાવ્યો હતો."

"ત્રિભુવન ભોગપુર નહિ જાય પણ વિરમગામ જાય એવી તમે સલાહ આપી હતી?"

કાકે જાણ્યું કે મુંજાલ, તેણે ખાનગી સલાહ આપી તેની ચોરી પકડતો હતો; પણ તેમાંથી કેમ બચવું તે સુઝયું નહિ. આખરે તેણે વાત ઉડાવી.

"આપને ખબર તો હશે કે નવઘણ રા' ગુજરાતપર ચઢાઇ કરવાની તૈયારી કરી રહ્યો છે?"

"હા! અને હું એમ પણ જાણું છું કે તેણે કોઇ છુપો ભેદુ અહિંયા મોકલ્યો છે, તે તમારો દોસ્તદાર થાય છે, તે તમારી સાથે સજ્જન મહેતાને ત્યાં ઉતર્યો છે; અને અત્યારે તમે ત્યાં જવા એકે પગે થઇ રહ્યા છો. એવી શિખામણ આપી અમને ફસાવવા નહિ માંગતા હો તેની શી ખાત્રી?" મંત્રીની આંખમાંથી જાણે તેજના ફુવારા ફુટતા હોય એમ લાગ્યું.

કાકનો ફુલાટ જતો રહ્યો; મુંજાલની સચોટ પ્રશ્નાવલિએ તેના અભિમાનપર ઘાપર ઘા કર્યા. રાજ્યકર્તાઓએ આવો સારો આદર આપ્યો, જયદેવ મહારાજે તેને સલાહકાર બનાવ્યો, તેમની સલાહથી મહાઅમાત્ય પણ દિંગ બની ગયા—આ બધા અનુભવોએ પેદા કરેલો તેનો ગર્વ નષ્ટ થયો. તે ગભરાઇ ગયો અને કહેવા માંડ્યું.

"અન્નદાતા! મંડલેશ્વર મહારાજનો પત્ર—"

"હા. એ બીચારો ભોળો છે. તમે કાલે કહ્યું હતું કે ભુલથાપ કરવી કેટલી ગંભીર છે."

"મહારાજ! આપને ખબર નથી કે મંડલેશ્વર મહારાજની મેં કેટલી સેવા બજાવી છે." માનભંગ થયેલા કાકે ગરવાઇ જઇ જવાબ આપ્યો. "શું કરૂં કે તે છે નહિ. આપને જે ખાત્રી જોઇએ તે આપું."

સામે બેઠેલો આ તેજસ્વી નર-સિંહ-જે અત્યારે પાટણની સત્તાની મૂર્તિ બની પોતાનો પ્રતાપ તેને દાખવતો હતો-તેના તેજમાં કાક ઝંખાયો. તે પોતાની લઘુતાથી શરમીન્દો બન્યો. તેને થયું કે આ મુત્સદ્દી મંત્રી આગળ તે એક કાચી, ટુંક બુદ્ધિના બાલક જેવો હતો.

"શા માટે તમે મહારાજને એવી સલાહ આપી કે અમારે ભોગપુર તરફ નહિ જવું?"

'રા' પાટણપર ધસી આવે છે એમ મારૂં માનવું છે તેથી" કાકે કહ્યું. તે ભુંભી ગયો કે મંત્રીએ ચતુરાઇથી તેની પાસેથી જાણી લીધું હતું કે તેણે જ મહારાજને સલાહ આપી હતી.

"એનું પરિણામ શું તે તમને ખબર છે?" મંત્રીએ પુછયું. "ઉભક સાથે સમાધાન કરવું પડશે."

"મારા માનવા પ્રમાણે મહારાજ, હાલ એ બોલું નથી."

"કોણે કહ્યું? તમને પાટણની કાંઇ ખબર છે!" હપકો દેતો હોય તેમ મુંજાલે કહ્યું. "પાટણના ઘણા યોદ્ધાઓ, અને બધા અમારા આવકો એ સમાધાનથી ખુશ થશે. એમને સમાધાન જ જોઇએ છે?"

"ત્યારે એમાં શુ-"

"શું બોલું?" જરા ભ્રુકુટી ચઢાવી મુંજાલે કહેવા માંડ્યું. "તું અજાણ્યો માણસ છે; તને કહેવામાં શું માલ? ઠીક. પણ તું ત્રિભુવનનો મિત્ર છે એમ ધારીને કહું છું." કહી મુંજાલે એક નટની ખુબીથી ગુસ્સાનો આવેશ છોડી જરા હસવા માંડ્યું. આ એકાએક ફેરફાર જોઈ કાક ચકિત થયો. માણસને મ્હાત કરવાના શા શા દાવો મુંજાલ મ્હેતાને આવડતા હતા તેનું એને હજુ ભાન નહોતું. મુંજાલે અવાજ ધીમો કરી આગળ ચલાવ્યું.

"આ સમાધાન થશે તો પાટણમાં એક માલવાનો પક્ષ છે તે સબલ થશે; અને સાધુઓ અમારી* પુરાણ શરૂ કરશે. તેનું પરિણામ ખબર છે?"

* અહિંસા.

"ના જી."

"માલવા મ્હોટું છે; તેમાં એક તંત છે; તે પાટણને ખાઈ જશે. અને અમારા શ્રાવકો અમારીનું ભજન કરી અવન્તીના પરમારોના દાસ થઇ રહેશે."

કાક ઉંડા વિચારમાં પડ્યો. આ પ્રકરણનો તેને જરાએ ખ્યાલ નહોતો. મંત્રી જરા થોભ્યા એટલે કાક વચ્ચે બોલ્યોઃ "પણ હમણાં શાન્તિ કરીએ; પછી જોઈ લેવાશે."

"ગાંડા! શાન્તિ એટલે સ્મશાનની તૈયારી. જયદેવ મહારાજને ચક્રવર્તી થવું હોય તો એક જ રસ્તો છે. જાલંધરની માફક સોમનાથ પ્રભુ પાસે માગી લે કે વઢો નહિ તો વઢનાર આપો, સમજ્યો?" કહી મુંજાલ હસ્યો. તેણે કાકને ઠેકાણે આણ્યો હતો; પોતાના મુત્સદ્દીપણાની સત્તા તેના પર બેસાડી હતી; અને કાકની પોતાના બુદ્ધિબલમાં શ્રદ્ધા તદ્દન જતી રહી હતી.

"આપનો અર્થ હું સમજ્યો" ઉંડા વિચારમાં ડુબેલો હોય એમ કાકે જવાબ આપ્યો. મુંજાલે પોતે તેની સલાહને ત્યારે શા માટે વખાણી હતી? એ પ્રશ્ન એટલો ગહન લાગ્યો કે તેનો નિર્ણય કરવો તેણે છોડી દીધો. માત્ર મંત્રીનું વ્યક્તિત્વ, તેની બુદ્ધિ અને તેનું વાક્પાટવ જોઈ તેણે અત્યારે સંતોષ માન્યો.

"રાજ્યકારભાર એ કાંઈ છોકરાંઓની રમત નથી. એમાં સલાહ આપવી એ સહેલ નથી."

"પ્રભુ! ક્યાં આપ અને ક્યાં હું? આપની બુદ્ધિ આગળ દશદિશાનાં રાજ્યો કાંપે તો મારૂં શું ગજું?"

"આનું નામ ખુશામત" મુંજાલ મહેતાએ જરા તિરસ્કારમાં કહ્યું: અને પછી ઉમેર્યું: "ભટજી! તમે હોંશીયાર છો. તમારી રીત ભાત મને ગમે છે. પણ કુદાકુદી કામની નહિ."

કાકનું હૃદય અલ્પતા પામ્યું હતું; અને પોતાનું અને મંત્રીનું સ્થાન ક્યાં હતું તેનું તેને ભાન થયું હતું. નીચે મોઢે તેણે શિખામણો સાંભળ્યા કરી.

## પ્રકરણ ૮ મું.

### મામાજી અને ભાણેજવહુના પ્રશંસનીય નિર્ણયો.

"ચાલો ત્યારે તમારી વાત કબુલ રાખીએ. અમે અહિંયા જ રહીશું; અને તમે ત્રિભુવનને કહી આવો કે વિરમગામ નહિ પણ નવકાંઠા તરફ જાય. એ જગ્યાએ નવધણ આવે તો પકડવો સહેલ થશે."

"જેવી અન્નદાતાની આજ્ઞા."

"પ્રસન્ન!" કાશ્મીરાદેવી અત્યાર સુધી મુગે મોઢે કુમારનું માથું હોળી બેસી રહી હતી તેના તરફ ફરી મુંજાલે કહ્યું: "હવે કાંઈ ત્રિભુવનને કહાવવું છે?"

"ના." જરાક હસીને કાશ્મીરાદેવીએ કહ્યું.

"ચાલ કુમાર! અહિંયા આવ." જરા ટોળામાં મુંજાલે કહ્યું "આ ભૂદેવને જેજે ક્ર તો. જો તારા બાપુ પાસે જાય છે. તારે જવું છે?"

કુમાર તેની મા પાસે બેઠો હતો તે ઉઠ્યો, અને મુંજાલ પાસે આવી અધવચ્ચે ઉભો. "બાપુ પાસે" તેણે પોતાની ઇચ્છા દર્શાવી.

"નહિ." મુંજાલે હસીને કહ્યું. તને તો હું રાખવાનો. તને તો હું મારો દીકરો કરવાનો છું. આમ આવ–અરે! મારી પાસે તો આવ" કહી નીચા નમી મંત્રીએ તેનો હાથ પકડ્યો અને પાસે ખેંચ્યો. ધાકનો માર્યો કુમાર પાસે આવી શક્યો નહિ, તેમ તેનાથી ના કહેવાઈ નહિ. આખરે તે ધસડાઈને આવ્યો અને મંત્રીએ તેને છાતી સરસો ચાંપ્યો.

"તું મોટો થશે ત્યારે આ કાકભટ સાથે લડવા મોકલીશું. વાહ! કાકભટ! તમારા લાટમાં હવે કેટલું તોફાન રહ્યું છે?"

"અન્નદાતા! ધણોખરો ભાગ તો સર થયો છે. પણ છુટાંછવાયાં રાજ્યો હજી બહુ પજવ્યાં કરે છે."

"એનો અંત ક્યારે આવશે?"

"તે કેમ કહેવાય? સેનાપતિ ધ્રુવ છે ત્યાંસુધી કાંઈ કહેવાય નહિ."

"એ ક્યાં છે?"

"તેજ કળાતું નથી. જંબુસરથી તે તાપી કાંઠા સુધી તેની હાક

વાગે છે; અને સાથે મૃણાલકુંવરીને લઈને ફરે છે. એટલે અમારા લોકો તો તેને જુના મહારાજાઓનો પ્રતિનિધિ માને છે."

"મૃણાલકુંવરી તો પદ્મનાભ મહારાજની છોકરી ને? પદ્મનાભ તો પેલો—જેને મેં માર્યો હતો તે." કાશ્મીરાદેવી જાણતી નહિ હોય એમ ધારી મુંજાલે તેને સમજાવ્યું.

"એમ કે?"

"ના જી" કાકે કહ્યું "પદ્મનાભ મહારાજના કુંવરની."

"ત્યારે એનો રસ્તો એ કે મૃણાલકુંવરીને પાટણ લઈ આવીએ ને ત્રિભુવને સેનાપતિ બનાવી માલવે મોકલીએ."

"અન્નદાતા! એવું કાંઈ કર્યા વિના લાટનું તોફાન શમવાનું નથી. મૃણાલકુંવરી જ્યાં હોય ત્યાં લાટનું જુનું ગૌરવ સતેજ થાય છે. પણ તેને પાટણ કેમ લવાય?"

"એક જ રસ્તો છે. ત્રિભુવનને કહીએ કે પરણી જા. કેમ કુમાર! તારે નવી બા આવે તો કેવું?" કહી મંત્રીએ કાશ્મીરાદેવી સામું જોયું. તે જરા શરમાઈ નીચું જોઈ રહી હતી; પણ તેની આંખો અને મોંઢાનો ભાવ તોફાની થઈ ગયાં હતાં.

"એ વાતની સૂચના તો મેં મંડલેશ્વર મહારાજને કરી હતી."

"ત્યારે શું વાંધો? કેમ પ્રસન્ન! તારે કાંઈ વાંધો છે?"

"માલિકની મરજીમાં આવે તેમ કરે. એમાં હું શું કહું? પણ હું તો જાણતી હતી કે એક પર બીજી બૈરી કરવી બહુ ખરાબ વાત છે" કાશ્મીરાદેવી હસી. મુંજાલ મહેતા ફરીથી પરણવાનો વિચાર નહોતા કરતા અને તેથી તેનાં ઘણાંખરાં સગાં અસંતોષમાં રહેતાં, અને લાડકી દીકરી જેવી છુટ લે તેવી છુટ લઈ પ્રસન્ને આ ટાણો માર્યો હતો તે તે સમજ્યો. જવાબમાં મંત્રી હસ્યા. કાક આ શબ્દોનો અર્થ સમજ્યો નહિ; પણ મંત્રીનું સ્નેહાળ હસવું તેને ઘણું આકર્ષક લાગ્યું. પણ તેના અવાજમાં જરા કર્કશતા હતી.

"એમ?" મંત્રીએ મજાકમાં પુછયું "તું તો બધું જ જાણે તો. ઠીક છે, ત્રિભુવનને આવવા તો દે. કાકભટ? ત્યારે ઉઠો. લાટનું પણ કાંઈ કરશું.

કાકે નમસ્કાર કર્યા અને ત્યાંથી રજા લીધી. પણ મંત્રીએ સામા નમસ્કાર કરવા હાથ લીધા. કે કુમાર જે અત્યાર સુધી તેના ખોળામાં કેદ થઇને બેઠો હતો તે ઉઠીને દોડી ગયો.

"અરે તારી! તું પણ મારી પાસે નહિ રહેવાનો! વાહ." કહી મંત્રી હસ્યા અને ઉઠયા. પણ તેના હસવામાં ખિન્નતા હતી.

"મામાજી! તમારી તબીઅત કાંઇ ઠીક નથી લાગતી?"

"કોણે કહ્યું?" જરા ગર્વથી પોતાના સશક્ત, સ્નાયુવાળા, ઘાટીલા શરીર તરફ નજર નાંખી મંત્રીએ પુછ્યું.

"તમે ચિન્તાતુર લાગો છો." ગંભીર અર્થભરી દૃષ્ટિએ મુંજાલના મોઢા સ્હામું જોઈ પ્રસન્ને પુછ્યું.

"નારે ભ્હેન! કાંઈ નથી. આ ખટપટોની દુગ્ધા ઓછી છે?" કહી મંત્રી ત્યાંથી ગયા. ક્યાંસુધી કાશ્મીરાદેવી જોઈ રહી. ઘણા વખતથી તે એક વિષયપર વિચાર કરી રહી હતી અને તે વિચારમાલા પાછી તેણે આજે લીધી. તેની આંખોમાં જે તોફાન ચમકતું હતું તેજ તેના વિચારનું કાંઇક પ્રતિબિમ્બ પાડતું હતું.

કુમારને આ મૌન પસંદ નહિ પડ્યું; તેણે કાશ્મીરાદેવીનો છેડો માથાપરથી ખેંચી કાઢ્યો. તેનાથી પોતાનું માન નહિ વધ્યું એટલે એક લટ લઈ ખેંચવા માંડી.

"શું કરે છે?" પ્રસન્ને પુછ્યું.

"કમ બોલતી નથી?"

"કમ તે કારણે સ્તો. એક મામીજી લાવવી છે."

* * * * *

મુંજાલ મહેતા ત્યાંથી નીકળ્યા ત્યારે તે લાટમાં ચાલતાં તોફાનોના વિચાર કરતા હતા; અને કાકને ઉપયોગમાં લેવાય તેવી યુક્તિ શોધતા હતા. થોડીવારે તે બબડ્યા: "એજ વાત ઠીક છે. મૃણાલકુંવરીને ત્રિભુવન જોડે જ પરણાવવી જોઇએ."

## પ્રકરણ ૯ મું.

## જેમાં વિશળદેવી વિજયાદેવીનું શરણ લે છે.

કાક સજ્જનમંત્રીને ત્યાં ગયો ત્યારે કૃષ્ણદેવને દીઠો નહિ; અને એક બે જણ પાસે તપાસ કરાવી પણ તે ક્યાં છે તે કાંઈ જણાયું નહિ. પણ ધનપાલ તેને રાંધવાની સામગ્રી અપાવવા ઘરના પાછલા ભાગમાં લઈ જતો હતો એટલામાં વિશળદેવ હાંફ્લો ફાંફ્લો આવ્યો; અને કાકની સાથે બોલ્યા વિના જ તે ઉતર્યો હતો તે તરફ જવા લાગ્યો.

"કેમ ભાઈ! આમ ઉતાવળા?" કાકે પુછ્યું.

"જરા કામ છે."

"પણ કૃષ્ણદેવ ત્યાં નથી; જરા બેસવું પડશે." જરા ટોળમાં કાકે કહ્યું. "બેસોની અહિંયા જ."

"ના, ના, મારે હાલ તો જરૂરી કામે જવું છે."

"ત્યારે ફરીથી આવજો. કેમ તમારા મોટા ભાઈ ગયા?"

"ના રે. રાજગઢમાંથી નોતરૂં આવ્યું છે અને ત્યાંથી બારોબાર જવાના છે."

"ઓહો! શું જુલમ છે? નકામા બીચારાનો સુખનો જીવડો દુઃખમાં નાંખે છે."

"અરે એ વાત જ જવા દોની" ઘણો જ કચવાઈ ગયો હોય એમ વિશળે કહ્યું.

"કાકલટજી! આમ આવજો." બીજા ઓરડામાંથી ધનપાલનો અવાજ આવ્યો.

"એ આવ્યો." કાકે કહ્યું. "વિશળદેવજી! ચાલો ત્યારે હું તો જાઉં છું. કૃષ્ણદેવને કાંઈ સંદેશો કહેવો છે?" તીક્ષ્ણ દૃષ્ટિથી વિશળના વિચાર પારખવાનો પ્રયત્ન કરતાં કાકે કહ્યું.

"ના રે. માત્ર—ના કાંઈ નહિ" કહી વિશળ ગયો. ત્યારબાદ કાકે રાંધ્યું અને જમ્યો; અને પછી સજ્જ થવા તે ગયો ત્યારે કૃષ્ણદેવ તેને મળ્યો.

"કૃષ્ણદેવ! વિશળદેવજી તમને મળવા આવ્યા હતા. તમે ક્યાં ગયા હતા?"

"એટલે મારે અહિંયા જ ખીલીની માફક ખોસાઈ રહેવું ?"
"એને કાંઈ ઘણું જરૂરનું કામ હતું. કાંઈ વાત કહેવી હતી."
"મારી જોડે ?" કૃત્રિમ આશ્ચર્ય દેખાડી કૃષ્ણે પુછ્યું.
"હા. એ તો એમ કહેતો હતો."
"હશે."
"તમે દ્વિશળદેવ મંડલેશ્વરને ઓળખો છો કે શું ?"
"હા." કૃષ્ણદેવે કહ્યું "મારૂં ગામ એના મંડલમાં જ છે. તમે રાજગઢ જઈ શું કરી આવ્યા ?"
"કાંઈ નહિ. માત્ર દેવોનાં દર્શન પામ્યો. હજુ ફરીથી જવાનું છે." કાકે કહ્યું.

બન્ને જણે થોડી વાર ઉપર ટપકે વાત કરી, અને કાક પાછો રાજગઢ તરફ જવા નીકળ્યો.

કાકને કૃષ્ણદેવ વિષે વ્હેમ તો પહેલેથી જ હતો અને તેમાં મુંજાલ મહેતાની વાતોથી તેને પૂર્તિ મળી હતી. અત્યારે વિશળદેવ આવી ગયો હતો તેથી તે વ્હેમ સાચો છે એમ તેને લાગ્યું. કૃષ્ણદેવ કોણ છે, કેમ અહિંયા આવ્યો છે, વિશળદેવ શું પુછવા માગે છે તે વિષે તેણે અનેક તર્ક-વિતર્કો કર્યા; પણ તે કાંઈ નિર્ણય કરી શકયો નહિ. અને જેમ નિર્ણય ન થયો તેમ એ ભેદ પામવાની તેની ઇચ્છા વધતી ગઈ.

મુંજાલ મહેતા જોડે વાત કરતી વખતે તે ગુંચવાઈ ગયો હતો; અને મંત્રીના તેજસ્વી વ્યક્તિત્વ આગળ તે ઝાંખો જન્યો હતો. તે ગઢમાંથી નીકળ્યો ત્યારે મંત્રીના પાદ પૂજવા જેવી પૂજ્ય બુદ્ધિ તેનામાં પેદા થઈ હતી. પણ બહાર નીકળી જ્યારે એકલો વિચાર કરવા લાગ્યો હતો ત્યારે તેને એક તો ખાત્રી થઈ હતી કે તેણે મહારાજાને દર્શાવેલા વિચારો જ ખરા હતા, મહામાત્ય તેમાં સંમત હતા; અને તેમ છતાં માત્ર પોતાને ગભરાવવા ખાતરજ મંત્રીએ આવી રીતે વાત કરી, તેને આંજી નાંખ્યો હતો. કાકને મંત્રી માટે પૂજ્ય બુદ્ધિ હતી; પણ તેણે એના મુત્સદ્દીપણા માટે જે અભિપ્રાય દર્શાવ્યો હતો તે એને રૂચ્યો નહિ. મનમાં ને મનમાં તે બબડવા

લાગ્યો: "મંત્રીરાજ! તમે પણ મને ઠીક દબડાવ્યો. હરકત નહિ. યાદ રાખજો, તમારી પાસે એક દિવસ કબુલાવીશ કે કાક મુત્સદ્દી છે. તમે મહા પુરુષ છો, સર્વસત્તાધિકારી છો, તો ભલે. પણ તમને થાપ આપું, તમને પણ દેખાડું કે લાટનું પાણી કેવું છે, અને તમારી પાસે જ રાજ્યતંત્રમાં મારો એકડો સામેલ કરાવું ત્યારે મારું નામ કાક. પણ એ કરવું કેમ? મહારાજાને તો ખાત્રી આપી છે. ને ઉદા મહેતા જો સાંડસામાં આવે તો તો એડો પાર. આ કૃષ્ણદેવનો ભેદ કાંઈ છે ખરો. જો એ મળે તો પણ સારું. પેલા વિશળ વગર કાંઈ પત્તો ખાવાનો નથી. વિશળભા! તને પણ પ્રભુએ જ મેળવ્યો છે." આમ બોલતો બોલતો કાક રાજગઢ જવાને બદલે દ્વેશળદેવ મંડલેશ્વરનું ઘર પુછતો પુછતો ત્યાં ગયો. તેનો મહેલ રાજગઢની બાજુમાં જ હતો. તપાસ કરતાં કાકને માલમ પડ્યું કે દ્વેશળદેવ પાટણથી મધ્યાન્હે નીકળી ચુક્યા હતા; અને તેને ઓવારા સુધી વિદાય કરી આવી વિશળદેવ પોઢી ગયા હતા. કાકને મનમાં જરા હસવું આવ્યું. જ્યારે માલવસેના પાટણપર ધસતી આવતી હતી, જ્યારે રણવીરો દુંદુભિઓના નાદથી થનથની ઉઠ્યા હતા ત્યારે વિશળદેવ મહારાજ નિરાંતે ઉંઘતા હતા. ઘડી એક ત્યાં કાકે વાટ જોઈ. આખરે તે વધારે ધીરજ ધારી શકયો નહિ અને જરૂરનું કામ છે એમ બાનું કહાડી વિશળને ઉઠાડવા એક રજપુત નોકરને સૂચવ્યું. અડધી ઘડીએ વિશળદેવ ઉઠીને આવ્યો.

"કેમ વિશળદેવજી! થાક્યા-હાર્યા સુતા હતા કે શું? મારે જરા જરૂરનું કામ હતું તે ઉઠાડ્યા."

"શું છે? આજે જરા હું તો ઝંપીને બેઠો જ નથી" વિશળદેવે બગાસું ખાતાં કહ્યું. "કેમ શું કામ છે?"

"મને મહારાજે અત્યારે જવાનો હુકમ ફરમાવ્યો છે; એટલે મારા મનમાં એમ કે હું જરા તમને મળી લઉં. તમારા જેવાની—"

"હા. મને ખબર છે. મને ભાઈ કહેતા હતા. ત્રિભુવનપાલને સોમપુર જવાનું કહેવા જાઓ છો નહિ?"

"તમે પણ સારી ખબર રાખો છો હોં" કાકે કહ્યું.

"હાસ્તો! અમે નહિ રાખીએ તો પછી કોણ રાખશે? ત્યારે આજે તમે જવાના? એકલા છો કે કોઈ બીજું છે સાથે?" જરા ચિન્તાગ્રસ્ત મુખે વિશળે પૂછ્યું.

"ના. હું તો એકલો જ છું. મને કોણ ખાવાનું હતું? કેમ?"

"ના. અમસ્થો. હમણા તો વખત એવો છે કે એકલું જવું મુશ્કેલ પડતું હશે?"

કાકને લાગ્યું કે આ સવાલો અમસ્થા પુછે એવો ભલો વિશળ નથી; એટલે તેણે ચાતુરીથી કામ લેવા માંડ્યું.

"હા. હમણાં તો લડાઇનો વખત છે. જરા એકલું જવુ ગંભીર તો ખરૂં જ. પણ શું કરવું? પછી અમારા કૃષ્ણદેવ મંડલેશ્વરને મળ્યા?"

"અરે ના રે. એ પણ એના ભાગની પીડા વધારે છે. મારે હજુ"— બોલતાં તો બોલાઈ જવાયું, પણ અધવચ્ચે ભાન આવતાં વિશળ અટક્યો.

"હા. તમારે હજુ તેને મળવાનું રહ્યું છે ને. તે પણ તમારી વાટ જ જુએ છે" કાકે તેની બાજી રમવા માંડી; અને વિશળ ધીમે ધીમે ફસાતો ગયો.

"એમ હા. હમણાં સાંજ પડશે. તમે કૃષ્ણદેવને ક્યાંથી ઓળખો?"

"હું જ નહિ ઓળખું?" કહી કાક હસવા બેઠો. તેને કૃષ્ણદેવ કોણ હશે તેનું જરાએ ભાન નહોતું; પણ તેના હસવાથી વિશળને વિશ્વાસ બેઠો. "પણ તમારા ભાઇ તો મળ્યા નહિ. હવે શું થશે?"

"એ જ પીડા છે ને. ચાલો હવે તમારે જવાનો વખત થતો હશે" વાત ઉડાવી નાંખવાનો પ્રયત્ન કરતાં વિશળે કહ્યું.

"હા. હવે તમારે પણ કૃષ્ણદેવ પાસે જવું હશે. જય જય! મારા જેવું કામકાજ છે કાંઈ?"

"ના. સાંજે નીકળો છો?"

"હમણાં જ." કહી કાક ત્યાંથી નીકળ્યો, અને રાજગઢ ગયો. જતાં જતાં તેણે જોયું કે તરત જ વિશળ મહેલમાંથી નીકળી, પાલખીએ ચઢી, સર્જન મંત્રીના ઘર તરફ વળ્યો.

કાક થેાડી વાર, પેાતાની સાંઢણી અને શસ્ત્રેા તૈયાર કરવામાં રેાકાયેા; અને પછી કાંઇક વસ્તુ સજ્જન મંત્રીને ત્યાં રહી ગઈ છે તે લઈ આવું એમ કહી ત્યાં જવા નીકળ્યેા. બપેાર વીતી જવા આવી હતી, છતાં કૃષ્ણદેવ ઉંઘવાનેા ઢોંગ કરી પડ્યેા હતેા. કાકે તેને ઉઠાડ્યેા નહિ અને તે પાછેા રાજગઢ આવ્યેા. વિશળદેવ ત્યાં આવી ગયેા હતેા એમ તેને ખાત્રી થઈ.

કાક પેાતાની સાંઢણી લઈ ભીમનાથને ઓવારે ગયેા. સરસ્વતી પાર જવા હવે હેાડીઓ આવતી જતી થઈ હતી; પણ ભીમનાથના ઓવારા શિવાય બીજા બધા ઓવારાઓ બંધ હતા. સાથે આવેલા સાંઢણીવાળાને સાંઢણી પાસે બેસાડી દર્શન કરવાને મિષે કાક ભીમનાથના મંદિરમાં જઈને બેઠેા. હેાડીઓ પેલે તીરેથી પાટણ તરફ ભરાઇને આવતી હતી, પણ ભાગ્યે જ કેાઈ માણસ પાટણથી જતું હતું એટલે કેાણ જાય છે તેના પર નજર રાખવી રહેલું કામ હતું. કાકને ખાત્રી હતી કે ક્યાં તેા વિશળ કે કેાઈ તેનેા માણસ મધુપુર જવાનેા જ; અને ત્યાં દેશળને મળી કૃષ્ણનેા સંદેશેા કહેવાનેા. એ શું સંદેશેા હતેા તે કેાઈ પણ પ્રકારે જાણવેા એ કાકનેા દૃઢ નિશ્ચય હતેા. સૂર્યાસ્ત થયેા પણ કેાઈ આવ્યું નહિ. કાક અધીરેા બન્યેા. એ વખતસર નહિ નીકળ્યેા એમ મુંજાલને કે મહારાજાને ખબર પડે તેા તે ઠપકાને પાત્ર થાય એમ હતું. કાકે પેાતાની સાંઢણી પેલે પાર મેાકલી અને થેાડી વારમાં નીકળવું એમ નિશ્ચય કરી બેઠેા.

ભીમનાથ મહાદેવની આરતી થઈ. કાક ચુસ્ત શિવભક્ત હેાવાથી આરતી વખતે મહાદેવના લિંગ આગળ ઉભેા રહી સ્તવન ઉચ્ચારવા લાગ્યેા. એકાએક તેણે એક પરિચિત પુરુષ આવે આરતી ગાતેા જેયેા. તેનું સ્તવન અડધું જ રહ્યું, ને તે ધીમે ધીમે તે પુરુષની પાસે ગયેા. તેના મેાઢાનેા નીચલેા ભાગ બુકાનીથી બાંધેલેા હતેા. કાકનું હૈયું હરખમાં નાચવા લાગ્યું.

"ચાલેા ભાઈ! નહિ તેા છેલ્લી હેાડી ચાલી જશે." બુકાની બાંધી ઉભેા રહેલેા પુરુષ વિશળ હતેા. તેણે કાંઈ જવાબ દીધેા નહિ.

"કેમ વિશળભા! આવે વેષે ક્યાં મધુપુર ચાલ્યા?"

વિશળને હવે બોલ્યા વિના છૂટકો થયો નહિ. આરતીના ઘંટનાદમાં તેણે પુછ્યું: "કાક ભટ્ટ! હજુ તમે ગયા નથી?"

"ના રે. અનિવાર્ય કારણથી રોકાઈ ગયો. ચાલો તમે આવ્યા તો મારે પણ સોબત થશે."

"તમે મધુપુર જાઓ છો?" વિશળે પુછ્યું.

"હાસ્તો ભાઈ! પણ તમે ક્યાંથી નીકળ્યા આવે વેષે?"

"કાક! દોસ્ત! હાલના સમયમાં જે કરવું પડે તે ઓછું."

"તમારા ભાઇને મળવા જતા હશો?" કાકે અટકળ કરી.

"કોણે કહ્યું?"

"હવે તે કાંઈ અહિંયા કહેવાય? તમે જાણો છો ને. તમે કૃષ્ણદેવને મળવા ગયા પછી તરત હું ગયો. મારાથી કાંઈ અજાણ્યું હોય?" જરા હસતાં હસતાં કાકે કહ્યું.

"ત્યારે તમે હતા ત્યારે મને શું મરવા મોકલ્યો?"

"મને પણ તે જ આશ્ચર્ય લાગે છે; લાવોની તમે કહેતા હો તો સન્દેશો હુંજ લેતો જાઉં" કાકે સૂચવ્યું.

"ના રે! મારો ભાઈ મારો જીવ કાઢી નાંખે ને મારી બા મને ઘરમાં નહિ રહેવા દે."

"હવે એવી તે શી હૂંડી મોકલાવવી છે?"

"છે તો કાંઈ નહિ. લો આ આરતી પુરી થઈ ચાલો હવે જઇએ."

"અરે ઉભા તો રહો. શંભુભોળાનો પ્રસાદ તો લઇએ" કહી કાકે આરતીની આસ્કા લીધી, જળાધારીમાંથી બીલીપત્ર લીધું અને પાસેની ઓસરી પર ભાંગ વાટવા ઓરશીયા પડ્યા હતા ત્યાં વિશળને લઈ ગયો. વિશળને વિલંબ થતો હતો તે રુચ્યું નહિ; પણ કાકની સોબત છોડી એકલા જવાની હિંમત તેનામાં હતી નહિ એટલે તે બેઠો અને કાકે જેટલી પાઈ તેટલી ભાંગ પીધી. વિજયાની અસર વિશળ પર જેમ જેમ થઈ તેમ તેમ તેની જીભ ખુલી.

## પ્રકરણ ૧૦. મું.

## કૃષ્ણદેવે કહાવેલો સંદેશો.

વિજયા ગગનવિહારી ગંધર્વોનું પાન છે; અવનીને અમરાવતી બનાવે છેઃ અરસિકમાં રસ પેદા કરી કાવ્યમયતાને ખિખરે લઈ જાય છે; ગમગીનીમાં ગરકાવ થઈ ગયલાઓને અખુટ હાસ્યનો અધિકાર અર્પે છે; પાષાણુ હૃદયોને આર્દ્ર બનાવી વિરહાશ્રુ પાડવાની રજા આપે છે. દારૂ નિર્જીવ બનાવે છે, અરીણ એદી બનાવે છે, ગાંજો ધુની બનાવે છે, પણ ભાંગ કલ્પનાશક્તિને ઉત્તેજી પીનારને વ્યોમમાં રચાઈ રહેલી સોનેરી સૃષ્ટિનો માલિક અને ભોક્તા બનાવે છે.

વિશાળદેવ વિજયાની આરાધના કરી આ પદવી પામ્યા. એનું હૃદય વિશાલ થતું લાગ્યું; એનું મનોબલ માથામાં કુદાકુદ કરતું લાગ્યું; એની નજર ઝીણી ને સર્વગ્રાહી થતી લાગી; એની બુદ્ધિએ નવા નવા તંત્રો રચવા માંડ્યા. એને લાગ્યું કે તે પોતે દુર્જય હતો; દ્વેશાળ તદ્દન મુર્ખ અને અભિમાની હતો; જયસિંહદેવને રાજ્યનો અધિકાર હતો જ નહિ; મુંજાલ ઉંધી મતિનો મંત્રી હતો. એની આકાંક્ષાઓ નવા સ્વરૂપે, પણ સચોટ ભાષામાં બહાર પડવા લાગી; તેના વિશાળ મગજમાં કાંઈ કાંઈ નવી યુક્તિઓ ઉદ્‌ભવી; કાંઈ કાંઈ કાવત્રાં રચાયાં અને તેનો નાયક તે પોતે બન્યો; જયસિંહદેવ આજે માત્ર તેને જ આધારે રાજ્ય કરે છે એમ તેણે ખાત્રી પૂર્વક માન્યું.

આ બધી વાતો વિશાળના ઉત્તેજિત મગજમાંથી નીકળવા લાગી. ઉત્તેજન માત્ર ભાંગનું નહોતું; કાક પણ ધીમે ધીમે તેને વાતો કરાવતો હતો. આનું પરિણામ એ થયું કે વિશાળની કાક પર શ્રદ્ધા વધતી ગઈ. વિશાળને મન તે દીલોજાન દોસ્ત લાગ્યો; તેની સાથે તેને પૂર્વજન્મનો ઋણાનુબંધ છે એમ ભાન થયું; પોતાની મહાન યુક્તિઓમાં તેની સહાય માગી. કાક પાછી પાની કાઢે એમ નહોતો. તેણે પણ વિશાળની સાથે સદાના મિત્ર થઈ રહેવા વચન આપ્યું, અને બન્ને વચ્ચે કેટલું મળતા-

પણું છે તેના પર વિવેચન કર્યું. કાકે સોગંદ ખાધા કે જીવતાં સુધી તે વિશળનો મિત્ર જ થઈ રહેશે.

આ મિત્રાચારીનાં બંધનો આવી રીતે દૃઢ થવાથી કાકે સોરઠની વાત કહાડી. કૃષ્ણદેવ કોણ છે તે પોતે જાણે છે એમ સૂચવ્યું, અને અત્યારે વિશળ જેવા મહારથી પાટણ છોડી જાય તેથી શું હાનિ પહોંચે તેનો ખ્યાલ આપ્યો. પોતાની મહત્તાની આટલી બધી કદર જોઈ વિશળે પણ પોતાનો અભિપ્રાય એવો જ છે એમ ઘણી જ ખાનગી રીતે કહ્યું. જે ખાનગી સન્દેશો વિશળ લઈ જતો હતો તે બે કાકને વિશળ કહે તો કાક ચુકયા વિના, જરૂર તે દેશળદેવને જઈ કહી આવે એવી કાકે ખાત્રી આપી. વિશળે એમ કરવા પોતાની રાજીખુશી દેખાડી, પણ તેથી તેના મોટાભાઈ ઘણા જ ગુસ્સે થાય એવો ધાક બતાવ્યો.

આ પ્રમાણે વાતો કરાવતો કાક વિશળને નદી પર જ્યારે લઈ આવ્યો ત્યારે છેલ્લી હોડી નીકળી ચુકી હતી; એટલે તરીને ગયા વિના છુટકો નહોતો. રાત પડવાથી ટાઢ શરૂ થઈ હતી, અને વિશળ પાવરધો તારો હતો નહિ. આથી વિશળને નદીપાર તરીને જવું વસમું લાગ્યું.

આખરે કાકે તેને ફરી સમજાવ્યો. શા માટે વિશળ જેવા સામંતે આમ નકામા ધક્કા ખાવા? શા સારૂ પાટણમાં રહી ત્યાં ધ્યાન ન રાખવું? શા માટે તેના મોટા ભાઈ જેવા એકલપેટાઓ માટે નિરર્થક, ટાઢમાં હુડવાતાં નદી ઓળંગવી?

આ વાત વિશળને ગળે ઉતરી ગઈ. થોડો વખત થયાં જ તેનો ભાઈ તેને મદદમાં લેતો હતોઃ એટલે કોઈ ઉસ્તાદના પંજામાં તે આજ સુધી સપડાયો નહોતો.

"કાક! દોસ્ત! ત્યારે આટલું કામ કરશે?"

"જરૂર. જ્યાં તમારો બોલ ત્યાં મારૂં માથું."

"ત્યારે મધુપુરને પાધરે નીલકંઠેશ્વર મહાદેવના મંદિરમાં જજે."

"વારૂ."

"ત્યાં મધરાત પછી ભાઈ આવશે કે કોઈ તેનો ખાસ માણસ આવશે. તેને આટલું જ કહેજે."

"શું ?" ધ્યાનપૂર્વક કાકે પુછયું.

"મહાવદ બારશ. પાંચાલેશ્વરની જય. યાદ રહેશે ?"

"અરે હા. બરોબર !"

"જોજે પણ આ વાત કોઇને કાને જાય નહિ."

"અરે જાય શું ? જાય તો તેનો કાન કાપી નાખું. વિશળદેવજી ! હવે તમે નિરાંતે સીધાવો."

"દોસ્ત ! મારી સેવા બરોબર ઉઠાવ; તારો બેડો પાર કરી દઇશ."

રાત્રિના અંધકારમાં કાકના હોઠ તિરસ્કારમાં મરડાયા તે વિશળે જોયા નહિ.

"કાક ! ત્યારે હું જાઉં છું."

"સુ:ખેથી"

કહી કાક વિશળથી છુટો પડ્યો અને પેલે પાર જવા નદી તરફ ગયો. તે નારસીપાસ થયો હતો. કારણ કે સન્દેશો કાંઈ સ્પષ્ટ નહોતો. વિશળને ફોસલાવવા કરેલી બધી મહેનત તેને વ્યર્થ લાગી. આ અર્થ–વગરના દેખાતા સન્દેશામાં અર્થ બોળવા તે પ્રયત્ન કરી રહ્યો. નદી ઓળંગવા તેણે કચ્છોટો માર્યો; પણ પાણીમાં પગ મુકવા તે જતો હતો એટલામાં થંભીને ઉભો રહ્યો, અને પગ ઠોક્યો.

"હત્ત મૂર્ખા ! આટલી સમજ નથી ?" કહી તે એકદમ પાછો વળ્યો, અને વિશળ ઓવારા પર હતો કે કેમ તે જોવા લાગ્યો. ઓવારો નિર્જન હતો. કાક કચ્છોટો છોડી નાંખી, ઝપાટાબંધ શહેરમાં પાછો પેઠો, અને બને તેટલી ત્વરાથી રાજગઢ તરફ જવા લાગ્યો.

રસ્તા પર લોકોની અવર જવર હતી નહિ એટલે ઘણો જ ઝપાટા બંધ તે જઈ શક્યો.

રાજગઢના દરવાજા આગળ થોડાક રક્ષકો બેઠા હતા. "ભાઈ ! કોઈ જઈ મંત્રીપુત્ર શોભ મહારાજને બોલાવશે ?"

કાકને સદ્‌ભાગ્યે એક જણે તેને ઓળખ્યો.

"કોણ ? તમે તો ત્રિભુવનપાલ મહારાજના ભટરાજ !"

"હા, હું તે જ. જરા ઉતાવળ છે."

એક રક્ષક ઉઠીને ગયો અને થોડીવારે પાછો આવી કાકને ગઢમાં બોલાવી લઇ ગયો. મહેલના ઓટલા પર શોભ ઉભો હતો.

"કેમ ભટજી! તમે હજુ ગયા નથી?" જરા ગરમ થઈ શોભે પુછ્યું.

"મહારાજ! એ પુછવાનું કામ આપનું નથી." શાન્તિથી કાકે જવાબ દીધો. મારે એક કામ છે."

"શું?" જરા નરમ થઈ શોભે પુછ્યું.

"મહારાજને મારે મળવું છે."

"તે અત્યારે કેમ બને?"

"તે વગર મારે ચાલે એમ નથી. મને મહારાજે બોલાવ્યો હતો."

"ઉભા રહો. જાગતા હોય તો પુછી આવું."

"નહિ જાગતા હોય તો ઉઠાડજો. કોઈ બીજું જાણે નહિ હો." ટાઢે પેટે કાકે કહ્યું.

જયસિહદેવે જ્યારથી કાકની જોડે બાનગીમાં વાત કરી હતી ત્યારથી શોભના મનમાં તેનો દરજ્જો વધ્યો હતો; તેણે ઝપાટાબંધ અંદર જઈ જયસિહદેવ બેઠા હતા ત્યાં વાત કરી.

જયદેવ પહેલાં ગુસ્સે થયો; પણ વગરકારણે કાક પાછો આવે નહિ એમ ધારી તેને પાછલે દાદરે ઉપર બોલાવવાનો હુકમ શોભને કર્યો. જેવો કાક ઉપર આવ્યો કે મહારાજે ડોળા કહાડી તેને પુછ્યું:

"તમે હજુ ગયા નથી?"

"સબલ કારણ વિના આપના હુકમનો અનાદર હું કદી કરું નહિ" હાથ જોડી કાકે કહ્યું અને શોભ તરફ જોયું.

"શોભ! તું બહાર ઉભો રહે. કોઇને આવવા દેતો નહિ."

શોભ ગયો અને મહારાજે કાકને પુછ્યું: "બોલ હવે શું કામ તું રહ્યો?"

"અનદાતાને એક બાતમી આપવી છે."

"તેમાં મારી પાસે આવવાનું?" જરા સખ્તાઇથી જયદેવે પુછ્યું "મહેતાજી નહોતા?"

"એમ જો અનદાતાને લાગતું હોય તો હું પાછો જાઉં." શાન્તિથી કાકે કહ્યું. "મહારાજે મને આજે કેટલીક વાત કરી તેથી મેં જાણ્યું કે

મહાઅમાત્ય કરતાં આપને બાતમી કહું તો તે વધારે રુચશે. મારી ભુલ થઈ હોય તો ક્ષમા કરો. હું અન્નદાતાની રજા લઉં છું" કહી કાક પ્રણામ કરવા ગયો.

જયદેવ ઘણો જિજ્ઞાસુ થઇ રહ્યો હતો અને કાકને જતો જોઇ તે નરમ પડ્યો.

"મારા કરતાં મહેતાજી જાણે તો વધારે સારુંને. તે બધું જાણે છે."

"મહાઅમાત્ય પાસે અનેક જાસુસો છે. મેં જાણ્યું કે—"

"ઠીક ત્યારે. હવે આવ્યો છે ત્યારે કહે."

"અન્નદાતાની રજા હોય તો હું મહાઅમાત્યને જ બધું કહું."

જયદેવે હોઠ કરડ્યા. "ચાલ ચાલ! મને જ કહે."

"જેવી આજ્ઞા. સોરઠનો રા' ગુજરાતપર ચઢી આવે છે એ વાત સાચી છે."

"તેમાં નવું શું કહ્યું?"

"પ્રભુ! નવકાંઠામાં એ પોતાના મળતીયાઓ ભેગા કરે છે."

"એમ?"

"જી હા. પાંચાલેશ્વર આગળ."

"હેં?" જરા ચકિત થઇ જયદેવે પુછ્યું.

"મહારાજ! મહા વદ બારશે એ ત્યાંથી નીકળી ગુજરાતપર આવી પડવાનો." ધીમે અવાજે કાકે કહ્યું.

"તું શું કહે છે? તે કયાંથી જાણ્યું?"

"બાપુ! હમણા આપને તે કહું તો બધું ચુંથાઇ જશે. અન્નદાતાની રજા હોય તો પછી કહીશ. પણ વાત તદ્દન ખરી છે; અને નવઘણ રા'ને શિક્ષા કરવાનો આવો લાગ બીજો આવવાનો નથી."

"હા! હું મુંજાલ મહેતાને પુછી જોઇશ."

"જેવી અન્નદાતાની મરજી. પણ એના કરતાં આપ મારી જોડે મંડલેશ્વર મહારાજને કહાવો કે નવઘણ રા'ને ઠેકાણે પાડે, તો કેવું?"

"ખોટું નહિ."

"અને આપ તે વખત ત્યાં આવી પહોંચો તો–?" કાકે જરા આંખ ઝીણી કરી ઉમેર્યું.

જયદેવને સમજ પડી. શા માટે કાક અત્યારે આમ આવ્યો હતો, શા માટે તે મુંજાલ પાસે નહિ ગયો, અને કાકની શિખામણ માનવાથી પોતે કેવો યશ મેળવી શકશે એ બધા વિચારો તેને એકદમ આવ્યા. જો જયદેવ પોતે જ જઇ નવઘણને હરાવે તો મુંજાલ મહેતા પણ જયદેવનો પ્રભાવ જાણે, અને શાન્તુએ કરેલી સંધિનું કલંક કાંઇક ઓછું થાય. આ પરિણામનો ખ્યાલ આવતાં બાલરાજાનું મોં મલકાયું.

"ઠીક છે હું જોઇશ" પોતાનો મલકાટ મનમાં જ શમાવતાં જયદેવે કહ્યું. "પણ તું જલદી જા."

"આ વાતની મુંજાલ મહેતાને ખબર આપું?" હાથ જોડી કાકે પુછ્યું. જયદેવે જોયું કે કાક તેની મશ્કરી કરતો હતો. તેણે જરા ભવાં ચઢાવી જવાબ દીધો. "તું તારે જા. મને યોગ્ય લાગશે તે હું કરીશ."

"જેવી પ્રભુની આજ્ઞા" કહી કાકે ત્યાંથી રજા લીધી.

——:o:——

## પ્રકરણ ૧૧ મું.

### કાકે કહેલો સંદેશો.

કાક જ્યારે મધુપુર પહોંચ્યો ત્યારે મધ્ય રાત્રિ વીતી ગઇ હતી; અને નીલકંઠેશ્વર મહાદેવમાં ચાર પાંચ પૂજારીઓ જેવા દેખાતા માણસો સુતા હતા. કાક વિચારમાં પડ્યો કે અત્યારે દેશળદેવને કેમ ખોળી કાઢવો. આખરે કાંઇ ન સુજવાથી તે ઓટલા ઉપર બેઠો.

થોડીવારે એક ઘોડેસ્વાર આવ્યો. તેણે ઘોડો બહાર બાંધ્યો અને મંદિરમાં આવી મહાદેવજીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. નવા આવનારે આખે શરીરે બખ્તર પહેર્યું હતું; અને મોઢે મુકાની બાંધી હતી. પોતે કોણ છે તે છુપાવવા તેણે આટલા બધા પ્રયત્ન કર્યા હતા તો પણ કાકને ખાત્રી થઇ કે આ દેશળદેવ પોતે જ હતો; પણ રખેને કાંઇ ભુલ થઈ જાય એવી બીકથી કાક જાણે ઝોકાં ખાતો હોય તેમ બેસી જ રહ્યો.

નવા આવનારે ચારે તરફ નજર નાંખી, અને આખરે તે કાકને ટીકી ટીકીને જોવા લાગ્યો. નવા આવનારે બોલવું કે નહિ બોલવું તેનો ક્યાં સુધી વિચાર કર્યા કર્યો, અને પછી ધીરજ નહિ રહેવાથી તેણે પુછ્યું.

"ભટજી! આપ પાટણથી આવ્યા છો?"

જાણે ઉંઘમાંથી જાગ્યો હોય તેમ કાક બોલ્યો.

"મને પુછો છો?"

"હા." નવા આવનારે પુછ્યું. "પાટણની શી નવા જુની છે?" કાકે અવાજ પારખ્યો. નવો આવનાર દેશળ જ હતો.

"મહારાજ! આપના નીકળ્યા પછીની કાંઇ ખબર નથી."

દેશળ ચમકયો "હું નીકળ્યો! હું પાટણ ગયો જ નથી," જરા સખત અવાજે તેણે કહ્યું.

"એવું શું કામ બોલો છો? આપ કોણ છો તે મને ખબર છે."

"કેમ?"

"આપને જ મળવા આવ્યો છું તેમ."

"કોણે જયદેવ મહારાજે મોકલ્યો છે?" જરાક બીકભર્યા અવાજે દેશળે પુછ્યું.

"ના. વિશળદેવજીએ!" છેક ધીમેથી કાકે કહ્યું. દેશળ ચમકયો અને તેનાં ભવાં ચઢ્યાં.

"શું કરવા?" તેણે પુછ્યું.

"કૃષ્ણદેવ મહારાજનો સંદેશો કહેવા."

"વિશળદેવ કેમ નહિ આવ્યો?"

"કૃષ્ણદેવ મહારાજે મારી જોડે સંદેશો કહાવવાનું દુરસ્ત ધાર્યું. હું એમનો મિત્ર થાઉં છું."

"તું તો ત્રિભુવનપાલનો મિત્ર થાય છે?"

"બન્ને જણના મિત્ર થતાં શું વાંધો?" જરા હસી કાકે પુછ્યું અને ઉમેર્યું. "આપ પોતે બન્નેના મિત્ર નથી?"

"શું સંદેશો લાવ્યો છે?"

"ફાગણ સુદ ચોથ. પાંચાલેશ્વર." કાકે બનાવટી સંદેશો ધીમેથી કહ્યો તેને બરોબર યાદ રાખવા દેશળ ધીમેથી મનમાં બોલ્યો.

"બીજું કાંઈ?"

"બીજું કાંઈ નથી. હવે આપની રજા હોય તો હું જાઉં. મારે ત્રિભુવનપાલ મહારાજને સંદેશો કહેવો છે."

"શો?"

"કે ભોગપૂર તરફ જઈ શાંતુ મહેતાને મળે."

"બરોબર, બરોબર" પોતાનો હરખ દેશળ શમાવી શક્યો નહિ.

"તારૂં નામ કાકભટ્ટ, નહિ?"

"હા. વખત આવે સેવકને યાદ કરજો."

"જરા ચિંતા નહિ" કહી દેશળ ઘોડેસ્વાર થઈ ત્યાંથી નીકળ્યો. અંધારામાં કાક હસતો હસતો ઉભો. જ્યારે દેશળના ઘોડાના પગલાં સંભળાતાં બંધ થયાં ત્યારે તે મંદિરમાં પેઠો, ફરીથી મહાદેવનાં દર્શન કર્યાં અને સાંઢણી પલાણી કર્ણાવતીને રસ્તે તેને મારી મુકી.

કર્ણાવતીથી થોડેક દૂર ત્રિભુવનપાલ મહારાજ તેને મળ્યા. કાકે તેને સવિસ્તર વાત કરી અને મહા વદ બારસે નવકાંઠામાં આવેલા પાંચાલમાં નવઘણ રા' પોતાના સામન્તોને મળવાનો હતો તેની ખબર આપી.

થોડીવાર મંડલેશ્વર સાથે થોભી કાકે સાંઢણી બદલી, અને ખંભાતનો રસ્તો લીધો.

## પ્રકરણ ૧૨ મું.

### ખંભાતને રસ્તે.

સ્તંભતીર્થને* રસ્તે જેમ જેમ કાક આવતો ગયો તેમ તેમ તેને આસપાસના પ્રદેશમાં ફેરફાર લાગવા માંડ્યો; ગામો મોટાં અને સમૃદ્ધિવાન દેખાયાં; લોકોનો મોટો ભાગ જૈન લાગ્યો; જૈન સાધુઓ અને જતિઓ અવારનવાર દેખાયા; અને ઠેકાણે ઠેકાણે ચૈત્યો†, પોષધશાળા‡ અને આશ્રમગૃહો તાજાં જ તૈયાર કરાવેલાં નજરે ચઢ્યાં.

* ખંભાત. † મંદિર. ‡ ઉપાસરા.

કાક પોતે બ્રાહ્મણ હતો; વૈદિક અને પૌરાણિક પ્રણાલિકામાં ઉછેરેલો હતો; અને પોતે ભૂદેવની ભૂમિકા પર છે એમ માનતો હતો. આ કારણોને લીધે ચુસ્ત શ્રાવકો તરફ તે તિરસ્કારની નજરે જોતો.

આ વાર્તાના સમયમાં ગુજરાતની પ્રજાનો મોટો ભાગ પુરેપુરો નહોતો જૈન કે નહોતો પૌરાણિક. બંને વિભાગો માત્ર પંથો જ ગણાતા. ધણાખરા શંકરનાં દર્શન કરી પાર્શ્વનાથની પૂજા કરવામાં વાંધો ગણતા નહિ. ધનાઢ્યો બન્ને પંથનાં મંદિરો બંધાવવામાં કૃતકૃત્યતા માનતા; સામાન્ય વર્ગો વિદ્વાન શ્રોત્રિયો તેમ જ સાધુઓના પાદ પૂજતા; દરેક પોતાને મનફાવતા ઇષ્ટ દેવની આરાધના કરતા. જે સમયનો ઇતિહાસ અહિંયા આપવામાં આવ્યો છે તે સમયમાં શ્રાવકો અને શૈવોમાં લોકોનો વિભાગ સ્પષ્ટ રીતે પડ્યો નહોતો; જૈનધર્મ હિન્દુ ધર્મથી ભિન્ન છે એમ પણ ગણાતું નહોતું.

પણ આ બન્ને પંથોના જે નેતાઓ હતા તેમના મનમાં આવી અસ્પષ્ટતા નહોતી. તેઓની માન્યતા પ્રમાણે પોતાનો મત દરેકને ન્યારો અને વિશુદ્ધ લાગતો. આનું પરિણામ એ થતું કે પાટનગરોમાં અને પૈસાદાર શહેરોમાં ધાર્મિક ઝઘડા ચાલ્યા જ કરતા; અને સત્તાધિશો અને ધનાઢ્યોને પોતાના પંઝામાં આણવા દરેક મત મથતો.

ગુજરાતમાં અસલથી જૈન ધર્મનું જોર ચાલ્યું આવ્યું હતું. વલ્લભીપુરનો વિનાશ થયો તે પહેલાં ત્યાં બુદ્ધ મતને હરાવી જૈન મતે પોતાની સત્તા જમાવી હતી. વલ્લભી પડ્યા પછી પંચાસરમાં પણ જૈન મતનું પ્રાબલ્ય હતું.

જૈન સાધુએ બચાવેલા, જૈન સાધ્વીએ ઉછેરેલા અને જૈન મંત્રીની સેવા સ્વીકારતા વનરાજના વખતમાં એ મત વધારે પ્રસર્યો હશે એમ માનવાને કારણ મળે છે. ગુજરાતના ધનાઢ્યો ધણાખરા એ મતના હતા; અને તેમનું ધન, અનાથની વારે ધાતા અહિંસાપૂજક સાધુઓ, લોકોના ભલાને માટે ખરચતા. ગુજરાતની ગાદી પોતાના મતના આશ્રયથી જ અમર રહી છે અને રહેશે એમ સાધુઓ માનતા; અને ગુજરાતના નરે-

શૈવને પોતાના અનુયાયીઓ બનાવવાની હોંસ હમેશાં રાખતા. પરિણામ ગમે તે આવ્યું, પણ ગુજરાતનો ઇતિહાસ જૈનશાસનનું એક પ્રકરણ થઈ રહ્યો.

ગુજરાતનું ગૌરવ નષ્ટ થઈ ગયું; પાટણ પાધર થઈ ગયું; મુસલમાન અને મરાઠાઓએ તેને જીત્યું, ખોયું, ફરી જીત્યું. ચાવડાઓ ગયા, સોલંકીઓ ગયા; નાગરો, શ્રીમાલી, અને પોરવાડોનો અસ્ત થયો; છતાં જે પાર્શ્વનાથની પ્રતિમાએ વલ્લભીપુરની જહોજલાલી જોઈ હતી અને જે તેને વિનાશકાલે પંચાસરમાં જઈ રહી, તે જ પ્રતિમા સોળસો વર્ષને કાલાંતરે આપણા જુના પાટનગરમાં આજે વિરાજે છે; અને આપણા મધ્યકાલીન ઇતિહાસનો સૂત્રધાર વનરાજ અને તેનો મંત્રી ચાંપો મહેતો તેને પ્રણિપાત કરી રહ્યા છે.*

જૈનશાસનનું આટલું પ્રાબલ્ય છતાં આ સમયમાં સૌરાષ્ટ્રના મહાદેવનો ડંકો આખા દેશમાં વાગતો; અને ગુજરાત, અને સૌરાષ્ટ્રના અધિષ્ઠાતા દેવ તે જ ગણાતા. જુનાગઢ અને પાટણના રાજાઓની વિજયઘોષણાઓ સોમનાથનો જય પોકારતી. આ પ્રતાપ સોલંકી શિરોમણિ મૂલરાજનો હતો.

મૂલરાજ પોતાના સ્વદેશમાંથી શિવભક્તિ લાવ્યો હોય; ગુજરાતના રાજા થવા માટે અધિષ્ઠાતા દેવની ભક્તિ ગિરનારના ગ્રહરિપુ કરતાં પણ વધારે દેખાડવી એમાં તેણે મુત્સદ્દીપણું માન્યું હોય; આસપાસના સંસ્કારી પ્રદેશોનાં વિદ્વા અને કૌશલ્ય આણવા માટે બ્રાહ્મણોને ઉત્તેજન આપવું એ જરૂરનું ધાર્યું હોય; જૈન મતે સ્વીકારેલી અહિંસા, તેના બહાદુર, સૂત્તાભક્ત હૃદયને અકારી લાગી હોય—ગમે તે કારણ હોય, પણ તેણે શૈવ મતને રાજ્યધર્મ બનાવ્યો. દૂર દેશથી બ્રાહ્મણો લાવી ગુજરાતના સંસ્કારોની સમૃદ્ધિમાં વધારો કર્યો. પાટણના રાજ્યકર્ત્તાઓને તે "જય સોમનાથ"નો મંત્ર શીખવી ગયો. તે મંત્ર ધ્યાનમાં રાખી મૂલરાજના વંશજોએ બ્રાહ્મણોને આદરથી પૂજવા માંડ્યા, અને પોતાના દેશની સંસ્કૃતિને સતેજ રાખવાનો પ્રયત્ન કર્યો.

---

* પાટણમાં પંચાસર પાર્શ્વનાથનું મંદિર હજી છે જેમાં વનરાજ અને ચાંપા મહેતાની અસલી પ્રતિમા છે.

આવી પરિસ્થિતિને લીધે જૈનો પાટણના રાજાઓને પોતાના પંથમાં લેવાને ઘણાં તરકીબો મારતા હતા ખરા પણ તે બધાં નિષ્ફળ જતાં. ભીમદેવ અને કર્ણદેવ ચુસ્ત શિવભક્ત હતા; મીનળદેવી, જૈન પિતાની આત્મજા છતાં, રાજ્યકારભારમાં ધર્મવિરોધ દાખલ કરવાની વિરુદ્ધ હતી. અને ઘણે ભાગે શ્રાવક મંત્રીઓ પણ શૈવ અને જૈન મતમાં બહુ વહાલું અળખામણું કરતા નહોતા.

જ્યારથી રાજ્યતંત્ર મુંજાલ મહેતાના હાથમાં આવ્યું ત્યારથી તેની રાજ્યનીતિ સ્પષ્ટ જણાઈ. મત-મતાંતરના ઝઘડામાં પડ્યા વિના, પાટણની સત્તાને શૌર્યના બળથી વિસ્તારવી, અને ગુજરાતને એક સામ્રાજ્ય બનાવવું એમાં જ તે પોતાની નીતિ સમજતો હતો. આ નીતિથી ચુસ્ત શ્રાવકો અને જૈન સાધુઓ અત્યંત નારાજ રહેતા અને રાજ્યમાં વધારે પગપેસારો થાય એવી તકની વાટ જોઈ બેઠા હતા.

એવામાં પાટણના રાજ્યકર્ત્તાઓમાં એક નવો મુત્સદ્દી દાખલ થયો. તે ઉદો મહેતો. તેનો પૂર્વાશ્રમ, તેની બાહોશી, અને કેવી રીતે તે મંત્રી થયો એનો કાંઇક ઇતિહાસ "પાટણની પ્રભુતા"માં આપેલો છે. જ્યારે તે મંત્રીપદ પામ્યો ત્યારે તેને પાટણની સત્તા હાથ કરવાની ઘણી હોંસ હતી; પણ મુંજાલના વ્યક્તિત્વ આગળ તેની હાસ નકામી ગઈ. તેણે કર્ણાવતી અને ખંભાત બે માગી લીધાં; અને મીનળદેવીએ તે તેને આપ્યાં.

ઉદાની મહત્વાકાંક્ષા અમાપ હતી. બધા મંત્રીઓને ઝાંખા કરવા તે ધર્મધુરંધર બની રહ્યો. કર્ણાવતી અને ખંભાત જેવા બંદરોમાં ધસડાઈ આવતી અઢલક દોલત તેણે જૈન મતના ઉદ્ધાર માટે ખરચવા માંડી. દેશ દેશના જૈન સાધુઓ, જૈન વિદ્વાનો ઉદા મહેતાના દરબારમાં આંટા મારવા લાગ્યા; અને ભુખડીબારસ સધર્મીઓ ન્યાલ થવા લાગ્યા. ઉદાએ ધીમે ધીમે માથું ઉંચકવા પ્રયત્ન કર્યો, એટલે મુંજાલે તેની પાસેથી કર્ણાવતી લઈ લીધું. ધવાયેલો મંત્રી ખંભાતમાં જઈ રહ્યો.

ખંભાત ગુજરાતનું મુખ્ય બંદર હતું; અને ગુર્જર ધનાઢ્યો દરીઆઈ વેપાર ઘણો જ કરતા હોવાથી એ શહેર નીચે બધાની મુડી હતી. આથી ઉદાની દોલત અને સત્તા અનુપમ થઈ પડી. ખંભાતમાં પૈસો તો

હતો અને તેમાં તે જૈન ધર્મનું અને ઉદાની સત્તાનું મથક બન્યું. કાકને ખંભાત ભવ્ય લાગ્યું તેમાં કાંઈ નવાઈ જેવું નહોતું.

કાક જેમ જેમ ખંભાતની પાસે આવતો ગયો તેમ તેમ તે ગભરાતો ગયો. તેણે ઉપાડેલું કામ ઘણું જ ગંભીર અને મુશ્કેલ હતું. જયદેવ મહારાજે તો માત્ર જીભ જ હલાવી હતી; કાકને તો જીવનું જોખમ હતું. જે મંત્રીની સત્તા તોડવાનો એ ઇરાદો રાખતો હતો તે આખા દેશમાં પાકામાં પાકો ગણાતો; તેના અનુચરો બારે મંડલે અને બાવને શહેરમાં ફરતા; તેના ધનથી લોભાઈ ભલા ભલા જયસિંહદેવ મહારાજની નોકરી પણ છોડી જતા. એવા માણસને દુશ્મન બનાવવો? જો ઉદા વિફરે તો મહારાજ પોતે પણ તેને બચાવી શકશે? આવા સંશયો પેદા થતા હતા છતાં પણ કાક હિંમત હાર્યો નહિ. તેની રગોમાં જુવાનીનું લોહી ઊછળતું હતું; તેને ઉદા મહેતાને જોવાની ઇચ્છા હતી; એક દિવસમાં પાટણના મુત્સદ્દીઓને પણ પોતાનો પરચો દેખાડ્યો હતો; અને તેને નવા નવા અનુભવો કરવાનો શોખ હતો. તે હોંસથી આગળ વધ્યો.

—:o:—

## પ્રકરણ ૧૩ મું.

### ખતીબ.*

મહા સુદ બારસની સવારે કાક છેક ખંભાતની પાસે આવી લાગ્યો. તેની સાંઢણી થાકી ગઇ હતી અને તે પોતે ભુખ્યો થયો હતો, તેથી તેણે વિસામો લેવાનો નિશ્ચય કર્યો.

તે સાંઢણીપરથી ઉતર્યો, પાસે આવેલા તળાવમાં નાહ્યો, સંધ્યા કરી અને એક ઘટાદાર વૃક્ષ નીચે દેવતા પાડી, રાંધવા બેઠો. રાંધતાં રાંધતાં તેણે ઉદા મહેતાનો વિચાર કરવા માંડ્યો.

એકદમ ઉપરની ઘટા હાલી ઉઠી. એક ટુટેલી ડાંખળી કાકના પગ આગલ આવીને પડી. કાક ચમક્યો અને ઉપર જોયું તો ઝાડની ઘટામાં

* નામી–ઉલ–હકાયત. સર હ. ઇલીઅટના ઇતિહાસમાં આપેલા તરજુમાપરથી

ખાણિયા.

કાંઈ વાંદરા જેવું લાગ્યું. કાકે ઉઠીને કાંકરો માર્યો. પેલા વાંદરાને તે બરોબર લાગ્યો; અને તેણે એક ડાળ ઉપર જવા પ્રયત્ન કર્યો.

કાકે તેને ડાળ ઝાલી ઉપર જતાં જોયો અને ગભરાટ છુટ્યો. ઝાડમાં ભરાઇ રહેનાર નહોતો વાંદરો અને ન હોતો માણસ! તેનું મોહું વાંદરા જેવું કાકને લાગ્યું; તેની લાંબી, વગર બાંધેલી દાઢી, ભયંકર રીતે આમ તેમ હાલતી હતી; તેને શરીર કાંઇ લુગડું વીટાળેલું હતું. કાકે તેને હેઠળ ઉતરવા હાથના ચાળાથી સૂચવ્યું; પેલો આદમી ઉપર ધૂજ્યાં કરતો હતો અને હાથ જોડવાનાં ફાંફાં મારતો હતો, કાકે તેને ધમકી આપી પણ તે બોલ્યો નહિ, તેમ ઉતર્યો પણ નહિ.

કાકનો મીજાજ ગયો; તેણે પોતાના રબારી પાસે સાંઢણીએ બાંધેલાં ધનુષ્ય અને બાણ મંગાવ્યાં અને બાણ સાધવા માંડયું. પેલા માણસે સમજાય એવો પણ દયામણો અવાજ કર્યો, અને તે હેઠળ ઉતરવા માંડ્યો. ઉતરતાં ઉતરતાં પેલો ગભરાયેલો માણસ સરી ગયો, અને ભોંયપર ઢગલો થઇ પડ્યો. તે નિરાશા ભર્યે અવાજે કાંઇ બોલ્યો; કાકને કાને "લાલા" જેવું સંભળાયું.

બીકથી અને નબળાઇથી તે મુડદા જેવો પડી રહ્યો. તેના મોઢાપર ત્રાસનાં સ્પષ્ટ ચિહ્ન હતાં; તેના હોઠ કાંપતા હતા; તેની આંખો તે દયામણી રીતે ઉઘાડાં કરતો હતો. શક્તિ, શૌર્ય, અને સંસ્કારના ગર્વમાં કાક તે મનુષ્યજંતુ તરફ જોઇ રહ્યો.

"કોણ છે તું?" સખ્તાઇથી કાકે પુછ્યું.

"યા–વા" જવાબમાં પેલાએ જવાબ દીધો.

"લા ને બા" ડોળા કાઢી કાકે પુછ્યું "બોલે છે કે નહિ? નહિ તો હમણાં ને હમણાં વિંધી નાખીશ."

પેલા માણસે હાથ જોડ્યા અને ધસડાતો આવી તે કાકને પગે અડકવા ગયો.

"શાન્તમ્ પાપમ્" કાક સ્પર્શથી દૂષિત થવાના ડરથી પાછો ખસ્યો અને બોલ્યો "ખબરદાર જો મને અડક્યો તો તું છે કોણ?"

"મુસલમીન" પેલાએ ભોંય સાથે દહાડી ધસતાં કહ્યું. કાક કાંઈ સમજ્યો નહિ.

"કપાલ તારું. કોઇ માણસની ભાષા આવડે છે કે નહિ?"

"યવન."

તો એમ બોલની. અહિંયા ક્યાંથી આવ્યો? તું ક્યાં રહે છે?"

પેલાએ ખંભાત તરફ આંગળી કરી.

"આ ઝાડ પર ક્યાંથી આવ્યો?"

થોડાક ગુજરાતી શબ્દો, થોડા ન સમજાય એવા શબ્દો, અને હાથના ચાળાથી તેણે સમજાવ્યું કે તેનાં ઘરબારનો નાશ કરવામાં આવ્યો છે, અને બૈરી છોકરાંને મારી નાખવામાં આવ્યાં છે.

કોણે?

"ઇસરાબક" કહી શ્રાવકો જ્યાં ચન્દન ઘસતા હતા ત્યાં પેલાએ આંગળી કરી.

"શ્રાવકોએ? શા સારૂ?"

"યવન" પેલાએ હુંકમાં જવાબ આપ્યો. કાક સમજ્યો.

"તારું નામ શું?"

"ખતીબ."

"ખતીબ" સશક્તને નિરાધારોનાં નામ બગાડવાનો જે અધિકાર હોય છે તે અધિકારનો ઉપયોગ કરતાં કાકે કહ્યું. કાક જરાવાર જોઇ રહ્યો. પોતે જે કાર્ય સાધવા માટે આવ્યો હતો તેમાં આ માણસ મદદરૂપ થશે કે કેમ તેનો તે વિચાર કરવા લાગ્યો.

"ત કોઇને ફરીયાદ કરી?"

ખતીબે ડોકું ધુણાવ્યું અને આકાશ તરફ આંગળી કરી "અલ્લાહ."

"ઉદા મંત્રી પાસે ફરીયાદ કરવી હતી ને?" કાકે પુછયું.

"ઇસરાબક."

"શું કહે છે. ભટાર્ક જયસિંહદેવ મહારાજના રાજ્યમાં મંત્રીઓ ફરિયાદ નહિ સાંભળે એવું તે હોય?" ખતીબે ડોકું ધુણાવી દાઢીપર હાથ ફેરવ્યો.

"ચાલ મારી સાથે મંત્રીને આપણે ફરીયાદ કરીયે." ડોસાએ ડોકાવતી ના પાડી.

"હરામખોર! ત્યારે તારી જ વાત ખોટી છે. ખરી હોય તો ચાલ" કહી કાકે દાંત પીસ્યા. ખતીબે નિરાશાભરી હા કહી. "ઠીક બેસ. હું ખાઈ લઉં."

ખતીબે પેટ બતાવી પોતે પણ ભુખ્યો છે એમ સમજાવ્યું. "ઉભો રહે. મારે ખાતાં વધે તે આપું" કહી કાક જમવા બેઠો અને વધેલું ખતીબને આપ્યું.

ખતીબ જ્યારે ખાઇ રહ્યો, ત્યારે કાકે પાછાં પોતાનાં વસ્ત્ર અને શસ્ત્ર સજ્યાં; અને એક ઝાડની ઘટામાં સાંઢણી બાંધી રાખવાનો હુકમ કરીને કરી, ખતીબને સાથે લઈ તે બંભાત તરફ ચાલ્યો.

જેમ બંભાત પાસે આવતું ગયું તેમ તેની સમૃદ્ધિની સાક્ષી પુરનારાં રમણીય ઉદ્યાનો અને ચૈત્યો દેખાવા લાગ્યાં. બપોરે બન્ને જણ બંભાતના દરવાજા પાસે આવી લાગ્યા. કાકની તીક્ષ્ણ નજર બંભાતના કોટની શક્તિનું માપ કહાડવામાં કેટલોક વખત ગુંથાઇ. તે વિચાર છોડી કાકે ખતીબની સામું જોયું, તો તે વધારે ધ્રૂજતો દેખાયો.

"કેમ?" કાકે પુછ્યું.

શહેર બહાર કેટલીક ઝુંપડીઓ અને એક મોટું ઈંટનું મકાન બળી રહી પડેલાં હતાં; કેટલાકમાંથી અણશમેલો અગ્નિ કોઇકવાર નીકળતો હતો. આ તરફ ખતીબે આંગળી કરી અને કપાલ કુટ્યું.

"આ તારું ઘર?" ખતીબે ડોકા વતી હા કહી.

"આ મોટું મકાન શાનું છે?"

ખતીબે ઇસારાથી સમજાવ્યું કે તે ઇશ્વર-સ્તવન કરવાનું સ્થાન હતું.

"ઠીક ચાલ" કાકે કહ્યું.

ડરતાં ડરતાં ખતીબે કોટના દરવાજા આગળ બેઠેલા રક્ષકો તરફ આંગલી કરી.

"ડરે છે શું કામ? હું છુંને કોની મગદૂર છે કે તારો વાળ વાંકો કરે. ચાલ." કહી કાકે પોતાની ડાંગ મજબુત રીતે પકડી કમરબંધમાં તરવાર ઢીલી કરી, અને દરવાનો તરફ ચાલ્યો.

## પ્રકરણ ૧૪ મું.

### ખંભાતનું આતિથ્ય.

કાકનું હૃદય જરા ધબકતું હતું છતાં હિંમતથી તે દરવાજામાં પેઠો. ખતીબ તેને પગલે પગલે ચાલ્યો આવતો હતો.

દરવાનોએ જેવો ખતીબને જોયો તેવા જ તેઓ ઝુમ મારી ઉઠયા, અને એક જણ એક ભાલો લઇ તેના તરફ આવ્યો. કાક બે ડગલાં પાછળ આવ્યો અને પોતાનું શરીર ખતીબના રક્ષણ માટે વચ્ચે ધર્યું. ભાલો લઇ આવનારે કાકને જોયો અને તેની તેજસ્વી કાંતિ અને શસ્ત્રોથી તે ડરી, જરા અચકાયો. કાક ગૌરવથી પાંચે દરવાન તરફ જોઇ રહ્યો.

"એ તો ખતીબડો" એક દરવાને આગળ આવી કહ્યું. "અહિંયા આવ."

રહેસાતા બકરાની માફક ખતીબ, કાકની સામું જોઇ રહ્યો.

"કેમ શું કામ છે?" કાકે સભ્યતાથી પુછયું.

"ભટજી! તમે તમારે રસ્તે જાઓ. અમે તમને બોલાવતા નથી." બીજા બોલનારે કહ્યું. "ખતીબડા, આમ આવ, નહિ તો મુઓ સમજજે." આ દરવાને પહેલાના હાથમાંથી ભાલો લઈ ખતીબ તરફ લંબાવ્યો.

"ખતીબ! તું ગભરાતો નહિ." કાકે તરત ભાલો સામેથી પકડયો અને દરવાનને કહ્યું: "જરા ચેતીને વાત કરજે. અમે ઉદા મહેતા પાસે જઇએ છીએ."

બધા દરવાનો, તેમ જ આ વાત સાંભળી ભેગા મળેલા બે ચાર લોકો, ખડખડ હસી પડયા.

"અરે વાહરે ઉદા મહેતા પાસે જનારનું મોઢું!" જેનો ભાલો કાકે ઝાલ્યો હતો તે બોલ્યો અને ભાલો ખેંચી લેવાનો તેણે પ્રયત્ન કર્યો. પણ ખેંચાખેંચમાં આખોજ ભાલો કાકના હાથમાં આવ્યો. પેલો દરવાન ગુસ્સામાં અપશબ્દ બોલવા લાગ્યો કાક તિરસ્કાર ભર્યું હસ્યો અને ખતીબનું બાવડું ઝાલી તેને આગળ કર્યો. આ ગરબડ અને ખતીબ એ બેને જોઈ રસ્તે જતા બધા ઉભા રહેતા હતા તેને કાકે મોટેથી કહ્યું: "રસ્તો મુકો."

પોતાનું ભક્ષ્ય હાથમાંથી જતું જોઈ જેમ જાનવર ખીજવાય તેમ દરવાનો ખીજવાયા. તેમાંના બે ત્રણ ખતીબને પકડવા દોડયા અને એક તો તેનો હાથ પકડયો. નિરાધાર ખતીબ. મોત પાસે આવ્યું સમજી આકાશ તરફ આંખો કરી, એના પ્રભુને સંભારવા મંડી ગયો.

કાકે જોયું કે વાત મારામારી પર આવી છે. તેણે પેલો ભાલો ફેંકી દઇ પોતાનો જમણો હાથ નવરો કર્યો અને પોતાની ડાંગ તે હાથમાં લીધી. અને તે સાથે તેણે ખતીબને પકડી આગળ ધસડવા માંડયો.

પાસે ઉભેલો એક પ્રેક્ષક ખતીબ પર થુકયો; થુક કાકને ઉડયું. ગુસ્સામાં કાક તેની તરફ ફર્યો અને ડોળા કહાડી બોલ્યોઃ "ચંડાલ! બ્રાહ્મણ પર થુકે છે?" થુકનાર ડરીને પાછળ હઠયો. પાછળથી એક જણે મુમ મારી "મિથ્યા દૃષ્ટિ"* એ મુમ બે ચાર જણે ઉપાડી લીધી.

કાક દરવાજાની અંદરના ચોગાનમાં આવ્યો. ખતીબને એક ગમથી તેણે પકડયો હતો અને બીજી તરફથી દરવાન તેનો હાથ ખેંચતો હતો એટલે પીડાનો માર્યો તે બીચારો ચીશો પાડવા લાગ્યો. કાકે જોયું કે હવે હાથ બતાવ્યા વિના છુટકો નહોતો. તેણે પેલા દરવાનને દૂર હઠવા કહ્યું અને પોતાની ડાંગ ઉગામી. પાછળથી કોઇએ એક ઢેકું માર્યું તે કાકને લાગ્યું. એક દરવાને પાછલથી આવી ભાલાની અણી કાકના વાંસા પર તાકી.

જેમ સિંહ વિફરે તેમ કાક વિફર્યો. તેણે ગર્જના કરી; ડાંગવતી ભાલાના બે કકડા કર્યા; અને એક ઝપાટે જેણે ખતીબનો હાથ ઝાલ્યો હતો તેને દૂર કર્યો.

આ બધું બન્યું તેમાં પા અડધી ઘડી પણ પુરી નહોતી થઈ. એટલામાં સામેના રસ્તાપરથી બે ચાર સૈનિકો આવતા જણાયા. દરવાનોને હિંમત આવવાથી તેઓ કાક પર જે હથિયાર હાથમાં આવ્યું તે લઈ ધસ્યા; ભેગા મળેલા લોકોએ ઢેકાંનો વરસાદ વરસાવવા માંડયો. પેલા સૈનિકો પણ આ તોફાન જોઈ તેમાં સામેલ થવા દોડતા આવ્યા.

કાકે "જય સોમનાથ"ની ઘોષણા કરી અને પોતાની ડાંગ ફેરવવા

* જૈન ધર્મને નહિ માનનારને એઓએ આપેલું નામ.

માંડી. લાકડી–પટા તો લાટના રહેવાશીઓના બાપના ગણાતા* એટલે કાક જેવા યોદ્ધાની ડાંગ કડીયાળી લાકડી મટી સજીવ થઈ ગઈ; અને સુદર્શન ચક્રની ત્વરાથી તેના માથાની આસપાસ ફરવા લાગી. તે ડાંગે એક છોડી અનેક સ્વરૂપો લીધાં; ગાંડા હાથીની સુંઢની માફક ચારે તરફ સપાટા લગાવવા સજ્જ થયા. કોઇની તરવાર ગઈ, કોઇના ભાલાનાં બે ભાગ થયા, કોઇની પાઘડી ધુળમાં રગદોળાઈ, કોઇનાં માથાં ખોખરાં થયાં, લોકો ઘુમરાણ કરવા લાગ્યા. તે સાંભળી કેટલાક વધારે માણસો દોડી આવ્યા. ચોમેર ધરના ઓટલા પર લોકો જોવા મળ્યા. બધા ખતીબને ભુલી ગયા અને કાકને જ પકડવા પ્રયત્ન કરવા લાગ્યા.

કાકે જોયું કે આ પ્રમાણે વધારે લાંબો વખત ચાલે એમ નહોતું. તેનો જમણો હાથ જરા ઘવાયો હતો એટલે તેની ડાંગ વધારે વાર કામ લાગે એમ નહોતી. આ કારણથી તેણે વધારે સખત કટકા લગાવવા માંડયા. યમરાજસમા આ નરની ભયંકર શક્તિથી લોકો વિખરાવા લાગ્યા.

એકદમ બે સ્વાર પાણીપંથા ઘોડા પર દરવાજામાં પેઠા. તેઓ દૂરથી, થાકીને આવેલા લાગતા હતા. તેમણે આ રમખાણ જોયું, કાકને જોઇ કાંઈ વાત કરી અને ઘુમ મારી "શાન્તિ, શાન્તિ."

કાક પર હુમલો કરી રહેલા લોકોએ તેમને જોયા, અને તેઓ એકદમ અટકી પડયા. કેટલાકે ત્યાંથી નાસવા માંડયું. એ બે ઘોડેસ્વારમાંથી એક જણે સત્તાદર્શક અવાજે પુછયું: "નાયક ! એ શું કરો છો ?"

કાક, લોકોનો ગભરાટ જોઈ, વધારે જોશથી ધા કરવા લાગ્યો; પણ બે પાંચ પલમાં લોકો ખસી ગયા, કાક થોભ્યો, અને તેણે કપાલપરથી પરસેવો લુંછવા માંડ્યો.

પેલા બે ઘોડેસ્વારમાંનો એક આગળ આવ્યો અને મીઠાશથી બોલ્યો; "ભટજી ! નાહક શા માટે આ લોકોને મારો છો ? તમે તમારે રસ્તે જાઓ."

કાકે તિરસ્કાર ભરી નજરે યોદ્ધા સામું જોયું: "હા, હા. હું તો મારે રસ્તેજ જવાનો; અને જોઉં છું કે કોણ તેની આડે આવે છે ?"

---

* ઇતિહાસ.

ધોડેસ્વાર હસ્યો અને બીજાને ઇશારત કરી. બન્ને જણાએ હસીને ઘોડા મારી મુક્યા.

આ મશ્કરીથી કાકને ગુસ્સો ચઢયો. પણ તે રોકી તેણે ચારે તરફ જોયું. તેના ફટકાના ભોગ થઇ પડેલા પાંચ છ જણ ભેભાન થઇ પડ્યા હતા; દરવાનો પોતાના દરવાજાપર જઇ એક બીજાને વાગેલા સોળ જોતા હતા; ઘોડાક લોકો ચકલાને પેલે છેડે જઇ હવે કાક શું કરે છે તે જોવા ઉભા રહ્યા હતા; અને ગભરાયેલો ખતીબ એક ઓટલાપર ઉંધું માથું નાખી યાવની ભાષામાં કાંઇ બબડતો હતો.

"મૂર્ખા! એ શું કરે છે? ચાલ ઉઠ" કહી કાકે ખતીબનો હાથ ઝાલ્યો અને આસપાસ જોયું. સામું એક નાના ઘરનું બારણું અધઉઘાડું રાખી એક સ્ત્રી ઉભી હતી તેને કાકે કહ્યું: "બેન! જરા પલવાર વિસામો લેવા દેશો?" સ્ત્રી ગભરાઇ ગઇ અને બારણું દેવા ગઇ. કાકનો મિજાજ ગયો. તેણે ઝપાટાબંધ ઓટલાપર ચઢી બારણાંને ધક્કો મારી ઉઘાડી નાખ્યું અને ખતીબને કહ્યું; "ચાલ અંદર આવ!" ખતીબ ધ્રૂજતો ધ્રૂજતો પાછલ આવ્યો, અને કાકે નીરાંતે બારણાંને અંદરથી આગળો વાર્યો.

"કોઇ આવો રે! આવો" કહી સ્ત્રીએ ગુમ મારી એટલે અંદરથી ત્રણ પુરુષો દોડતા આવ્યા.

"ભાઇ! આ શું કરો છો?" કાકે મીઠાશથી પુછ્યું "આ તે શહેર છે કે વેરાન? પરદેશી અતિથિનો કોઇ ભાવ જ પુછતું નથી?"

ત્રણ નવા આવનારમાંનો એક વૃદ્ધ પુરુષ બોલ્યો: "ભાઇ, પણ પારકા ઘરમાં"—

"કાકા! આજે પંદર દિવસ થયાં પગ નથી વાળ્યો; તો એક પલવાર બેસવા નહિ દો?"

"કોણ ભૂદેવ છો?" ડોસાએ કાકની રુદ્રાક્ષની માલા અને ત્રિપુંડ જોઇ પુછ્યું.

"હા."

"એમ? પધારો. પણ આ યવન કોણ છે?"

"એક ગરીબ, બિચારો, નિરાધાર માણસ છે. તમે બધાએ એનાં ઘરબાર બાળી મુકયાં છતાં હજુ સંતોષ નથી થયો? એ ઓશરીમાં પડી રહેશે. પછી કાંઈ છે?"

ડોસો સમજ્યો નહિ; એટલે તેના એક સાથીએ કહ્યું: "હામુ પુવા! એ તો કાલે જે યવનોનાં ઘર બાલી મુકયાં, તેમાંનો એ છે!"

"ત્યારે તમે અહિંયાનાં નથી?" ઘરના અંદરના ભાગમાં દાખલ થતાં કાકે કહ્યું. "શ્રાવક છો?"

"નારે ભાઇ! હું તો ધંધુકાનો છું" હામુ ડોસાએ કહ્યું. "મારા ભોગ લાગ્યા તે ગઇ કાલનો અહિંયા આવ્યો છું. બીરાજો મહારાજ! અમે તો મોઢ વાણીયા છીએ. જલનું શું કરશો?" કહી ડોસાએ પાનની ઝોળણી કહાડી કાકની સામું મુકી.

"મને પાણી નથી જોઇતું. એક ઘડી, બે ઘડી થાક ખાઇને હું રજા લઇશ. મારે હવે આ ગામમાં રહેવું નથી."

"કેમ? તમે ઉદા મહેતાની ચાકરી નથી કરતા?"

"હું? ઉદા મહેતાની!" ગર્વમાં માથું ઉચું કરીને કાકે કહ્યું: "ચાકરી કરૂં તો જયસિંહદેવ મહારાજની. ઉદા મહેતા તમારા ગમે તેવા હોય: પણ મારે મન"–કહી કાકે પેલા લોકો સામું જોયું. તેણે ધાર્યું કે ખંભાતના શહેરી આગળ ઉદા મહેતાને ગાળો દેવી કામની નહિ.

"અરરર–બોલશો નહિ" એક જુવાનીયાએ કહ્યું. "અહિંયા તો વા પણ વાત લઇ જાય છે."

"પણ અહિંયા વાત કરવા જેવી શું હોય? મેં તો સાંભળ્યું છે કે ઉદા મહેતા રામરાજ્ય ચલાવે છે.

"હાસ્તો. જે શ્રાવક હોય તેને ખરૂં." ડોસાએ કડવાશથી ઉમેર્યું.

"ત્યારે બીજા લોકો મહારાજને કાને કેમ વાત નથી લાવતા?" કાકને આ લોકોની વાતમાં કાંઈ રહસ્ય જણાયું. તેણે જોયું કે આ લોકો ઉદાની રાજનીતિના વિરોધી હતા એટલે પોતાને કાંઈ ઉપયોગ લાગે એવા હતા કે કેમ તે તેણે તપાસવા માંડ્યું. મુંજાલ મહેતાને હાથે કોઇને ન્યાય નહિ મળ્યો એમ કદી સાંભળ્યું છે?"

"અરે મહારાજ! નદીમાં રહી મગર જોડે વેર કરવું કેમ બને? તમે તો પરદેશી છો. ઉદા મહેતાને ઓળખતા નથી," ડોસાએ કહ્યું.

"પણ એવું તે એણે શું તમારું બગાડ્યું છે?"

"ભટજી! એ વાત જવા દો."

"ના ના, કહો, તો ખરા. મારે ને એને કાંઈ મીત્રાચારી નથી. મારી હમણાં પૂજા થઈ તે જોઈ નહિ?"

"ના. અમે અમારી કથા કુટતા હતા." ઢાસુ ડોસાએ નીસાસો નાંખ્યો. આ લોકોને વિશ્વાસ બેસાડવા કાકે, ખતીબનો તથા પોતાનો અનુભવ સવિસ્તર કહ્યો.

"અરે મહારાજ! તમારે તો મારામારી થઈ; પણ અમારી તો સાત પેઢીનું સત્યાનાશ વળી જવા બેઠું છે." ડોસાએ આંખમાં ઝલઝલીયાં સાથે કહ્યું.

"કેમ?"

"મારા દીકરાને મુંડવા બેઠા છે તેમ" ડોસાએ ફરીથી નીસાસો નાંખી જવાબ દીધો.

"આ મારા પુવાનો ભત્રીજો છે. તેના એકના એક દીકરાને કાલે સાધુ બનાવે છે."

"પણ તમે શું કરવા રજા આપો છો?"

"અમારૂં નખ્ખોદ જવા બેઠું છે તેમાં." ડોસાએ આક્રન્દ કરતાં બોલવા માંડ્યું.

"ભક્તાણું પૈસે ને ઘર વંઠે, ભાઇ? અમારાં પાહિણીવહુ રહ્યાં શ્રાવક તે એક એક"—

"ઢાસુ પુવા! જરા રીતસર તો વાત કરો કે ભટ્ટજીને સમજ પડે" પેલા જુવાનીઆએ વાત કહેવા માંડી. "દેવચંદ્રસુરી મહારાજ ધંધુકે આવ્યા હતા. તેણે અમારા ચાંગાને જોયો ને કહેવા બેઠા કે એ છોકરો તો મોટો સાધુ થવા જન્મ્યો છે."

"પછી-"

"પછી પાહિણી વહુ-છોકરાની માએ ને એના નેમા મામાએ* છોકરો આપી દીધો." ડોસાથી ન રહેવાતાં તે વચ્ચે બોલી ઉઠ્યો. "બૈરાંની અક્કલ પાનીએ."

"પણ તમારો ભત્રીજો શું કરતો હતો? તે ક્યાં છે?"

"પહેલાં તો તે લડ્યો; પણ ઉદા મહેતાએ ધમસાણ ઘાલ્યું. "ધમસાણ!" "ધમસાણ."

"તેણે ચાચિગને મનાવ્યો. મારો ચાંગો કાલે મુંડાવાનો." ડોસાની આંખમાંથી દડદડ આંસુ પડવા લાગ્યાં. "શું મારો દેવ જેવો છોકરો છે?"

"પણ તેમાં ઉદા મહેતાને શું ફાયદો?" કાકે પુછ્યું.

"ભટજી, એમના જોષીઓ કહે છે કે એ જીવશે તો ક્યાં તો મોટો રાજા થશે, કે ક્યાં તો મોટો અર્હત." જુવાનીઆએ ઉમેર્યું. "દેવચન્દ્રસુરી જીદ લઈ બેઠા છે."

"કરેની અર્હત્ એના બે દીકરા પગ્યા છે તેને" ડોસાએ ઉમેર્યું. "મોટો પારકા છોકરાને જતિ કરવા બેઠો છે તે!"

"યુવા! આકળા શું કામ પડો છે? ભટજી! આ દુઃખ કોને કહીએ? બાપ હા પાડે, મા હા પાડે; હવે શું મોઢું લઈ ફરીયાદ કરીએ?"

"કોઈ રીતે તમારા ભત્રીજાને સમજાવાય તેમ નથી?" કાકે ઉદાની ઉસ્તાદી પર પ્રીદા થતાં, કહ્યું. તેને આ ડોસા પર દયા આવી, અને તેનું દુઃખ નિવારણ કરવાનો રસ્તો બોળવા તે બેઠો. તે ઉપરાંત તે એ પણ વિચાર કરવા લાગ્યો કે આ વાત તેના કામમાં કાંઈ ઉપયોગ આવે એવી હતી કે કેમ.

"અરે મહારાજ! ઉદા મહેતાને તમે ઓળખતા નથી? ભલા અડીએલ ટટ્ટુને પણ સમજાવી સીધો કરે એવા એ છે," એમ જે ત્રીજો માણસ અત્યાર સુધી છાનોમાનો બેસી રહ્યો હતો, અને જે ધરનો માલીક હતો તેણે કહ્યું.

---

* નેમીનાગ-કુમારપાલ પ્રબન્ધ.

"ત્યારે એને ભેદથી સીધો કરો."

"તે કેમ ?"

"તમારા ચાંગાને ઉપાડી જાઓ. પછી કાકાને સાધુ બનાવવાનો હતો?"

ડોસાએ આતુરતાથી કાકની સામું જોયું. નિરાશા ભર્યા આકાશમાંથી આશાનું બિન્દુ પડતું હોય તેમ તેને લાગ્યું.

"હું !"

"પણ એ થાય કેમ ?" ભત્રીજાએ તેટલી જ આતુરતાથી પુછ્યું.

"એ છોકરો છે ક્યાં ?"

"સાલિગ વસહિકામાં* ભટજી !" દામુ ડોસાએ હાથ જોડ્યા. તેનો અવાજ આશાવાન થયો. તમે શંકર ભગવાનના અવતાર છો. આટલું મારા ગરીબ વાણીયાનું કામ કરી આપો. તમે તો શ્રવીર છો, દાના છો. સોમનાથ ભગવાને જ તમને મોકલ્યા છે.

કાક આ ખુશામતથી મુછમાં હસ્યો. આ તોફાન કરવું તે તેની યુક્તિઓને અનુકુલ થશે કે કેમ તેનો તેણે વિચાર કર્યો. કાકે એકદમ પોતાના ઘુટણ પર હાથ ઠોક્યો. "ઠીક !"

"શું ? "

"હું તમારા ચાંગાને લઈ આવીશ, પછી કાંઈ છે ? પણ એ વસહિકામાં છોકરો ક્યાં છે તે કોઇને ખબર છે ? રાતે હું જઇશ."

"હા. મને ખબર છે" ડોસાએ કહ્યું; "સોમનાથ ભગવાન તમારું કલ્યાણ કરે."

"પણ એને ગામમાંથી લઈ કેમ જશો. રાતે કોટ તો બંધ થશે."

"હા ! એ તો મુવા નહિ ને ભૂત થયા."

"તેનો વાંધો નહિ." ઘરવાળો બોલી ઉઠ્યો. મારા શેઠનાં વહાણ છે. તમે કહો તો એક મછવો તૈયાર રાખીશું. ભૂતીઆ ઓવારે રાતે કોઈ નહિ હોય એટલે અહિંયાથી છુટાશે."

"હા. એ પણ ઠીક છે." કહી કાકે બધાનાં નામઠામ પુછી લીધાં.

* અપાસરાનું નામ.

## પ્રકરણ ૧૫ મું.
## ખંભાતનો પતિ.

કાકને ખતીબ મળ્યો એટલે ખંભાતમાં વધારે રહેવાનું તેને પ્રયોજન નહોતું; પણ ઉદા જેવા પ્રખ્યાત મંત્રીને થાપ આપવાનો શોખ તેને ઘણો થઈ આવવાથી, અને કેટલેક અંશે આ ડોસા પર દયા આવવાથી તેણે આખો દિવસ અહિંયા ગાળવાનું નક્કી કર્યું. ડોસા સાથે વાતો કરી રહીને, સવારની મહેનતનો થાક ઉતારવા તેણે જરા સુવાનો વિચાર કર્યો. પણ તેણે ફેંટાનું ઉશીકું બનાવ્યું, ન બનાવ્યું એટલામાં બારણાં ઠોકાયાં; અને ઘરવાળો સોમદત્ત ગભરાતો ગભરાતો આવ્યો.

"મહારાજ! તિલકચંદ્ર ભટરાજ તમને મળવા આવ્યા છે."

કાક કુદીને બેઠો થઈ ગયો "શું?"

"ઉદા મહેતાના ભટરાજ બ્હાર આવ્યા છે અને કહે છે કે પાટણથી ભટરાજ આવ્યા છે તેને મળવું છે."

"પણ કેમ જાણ્યું કે તે હું જ."

"હા! કહે છે કે લાટના બ્રાહ્મણ છે. આપ નહિ તો બીજું કોણ?"

"કાક ચમક્યો." ઉદાના ભટરાજને ક્યાંથી ખબર પડી? એક પલવાર તે વિચારમાં પડ્યો, જરા ગભરાયો, અને પછી હિંમતથી જવાબ દીધોઃ

"ઠીક! બોલાવ ત્યારે! નવાણું ત્યારે ભર્યા સો. ઉદા મહેતા નહિ તો તેનો ભટરાજ. પણ જરા ઉભા રહો" કહી, કાક જઇ ખતીબને ઓથરી પાસે લાકડાં ભરવાની ઓરડી હતી ત્યાં બેસાડી આવ્યો અને પછી સ્વસ્થ થઈ બેઠો. એ લાટનો છે અને પાટણથી આવ્યો છે તે કેમ જણાઈ ગયું તેનો એ વિચાર કરવા લાગ્યો.

"થોડી પલમાં એક સ્વરૂપવાન, તેજસ્વી, જુવાન યોદ્ધો આવ્યો, અને તેણે કાકને નમસ્કાર કર્યા.

"ભટરાજ! પ્રણામ."

"જય સોમનાથ" કહી કાકે નમસ્કાર વાળ્યો. "બિરાજો. બોલો શું કામ છે?"

"ઉદયન મંત્રી આપને મહેલે તેડે છે." તિલકચન્દ્રે કહ્યું.

"ઉદયન મંત્રી ! મને ? કાંઈ ભુલ હશે ભુલ."

"જરા તો કહો. ત્રિભુવનપાલના ભટરાજ અને જયસિંહદેવ મહારાજનો સંદેશો લઈ આવનાર આપ જ કે ?"

"ના. હું તો ત્રિભુવનપાલનો માત્ર ભટ છું; અને મારે પોતાને કામે અહિયા આવ્યો છું."

"એમ ત્યારે; પણ આપની ખ્યાતિ મહારાજે એટલી બધી સાંભળી છે કે આપને તેડવા મોકલ્યા છે. માટે પધારો."

"મારી ખ્યાતિ !" ખોટો આશ્ચર્ય દર્શાવતાં કાકે કહ્યું. "કાંઈ પણ ભુલ હશે."

"ભુલ હોય નહિ કાક ભટજી !" તિલકચન્દ્રે જરાક હસતાં કહ્યું. કાક પ્રીક્ષકો પક્કો. તેનું નામ પણ પહોંચી ગયું હતું. તેણે જોયું કે હવે ગયા વિના છુટકો નહોતો એટલે બાજી બદલી.

"હવે બરોબર ! મારૂં જ નામ કાક વાહ ! મંત્રી મહારાજે મારા પર શો અનુગ્રહ કર્યો. દેવને પણ દુર્લભ એવાનાં દર્શનનો મને લાભ ! ચાલો. હું ઘડી બે ઘડી રહીને આવું છું."

"ના રે. હમણાં જ પધારો. મહારાજ વાટ જુવે છે."

કાકે મનમાં "મહારાજ"ને કાંઈ કાંઈ કહી નાખ્યું અને ન છુટકે ઉઠ્યો. તિલકચંદ્રે પણ કાકને ખ્હીલો મુક્યો જ નહિ.

"કેમ કાકા !" જતાં જતાં કાકે દામુ ડોસાને કહ્યું. "હવે તો સાંજના જતા પહેલાં મળીશ. જય સોમનાથ."

"જય સોમનાથ ! પ્રભુ તમને યશ અપાવે મહારાજ !" ડોસાએ ત્રીજી આંખ કરી કહ્યું.

તિલકચંદ્ર સાથે કાક નીકળ્યો અને બહાર ઉભેલી પાલખી પર ચઢ્યો. કાકે જોયું કે તિલક એની ચોકી કરતો હતો, એટલે જાણે ઘણો જ અજાણ્યો હોય એમ તેણે વાત કરવા માંડી. થોડીવારે એક ઘણા જ ભવ્ય પ્રાસાદ પાસે તેઓ આવી પહોંચ્યા.

"અહિંયા ઉદયન મંત્રી રહે છે?"

"ના રે. આ તો વીતરાગપ્રાસાદ* છે. મંત્રી મહારાજે હમણાં જ બંધાવ્યો છે."

"શું રોનક છે? દુનિયા બધી જોઈ. પણ તમારાં ચૈત્યોને ટક્કર પહોંચે નહિ. ધન્ય છે ઉદયન મંત્રીની ધાર્મિક બુદ્ધિને" કાકે ઉમેર્યું. તિલકને લાગ્યું કે કાક મશ્કરી કરતો હતો.

પ્રાસાદ આગળ બન્ને પાલખીમાંથી ઊતર્યા, અને અંદર પેઠા. જે મંદિરમાં તીર્થંકરની મૂર્તિ હતી તે બારણાથી દૂર હતું, અને વચ્ચે મોટું આરસપહાણનું ચોગાન હતું. ચારે તરફ નાનાં નાનાં ફુલોનાં ઝાડના ક્યારા બનાવ્યા હતા; અને વચ્ચે એક નાનો ગોળ, કાળા આરસના પગથીયાવાળો જલકુંડ શોભામાં અત્યંત વધારો કરતો હતો. આ બાગની રચના, અને દૂરે દેખાતા મંદિરની ભવ્યતાએ કાકને પણ આંજી નાંખ્યો. તેનો સ્વભાવ શોખીન નહોતો, અને આવા સૌંદર્યથી પરિચિત નહોતો, એટલે તેને, આ સુંદર સ્થલમાં પ્રસરી રહેલા આનંદના વાતાવરણથી કાંઇક મુંઝવણ થઈ.

તિલકચંદ્ર અને કાક જતા હતા એટલામાં સામેથી એક માણસ આવતો દેખાયો. તે માણસમાં કાંઈ અસાધારણ નહોતું એટલે કાકનું તેના તરફ લક્ષ્ય ગયું નહિ; પણ તિલક "ભટજી! જરા ઉભા રહો" એમ કહી એકદમ તેની તરફ ગયો. તિલક એવા માનથી તેની પાસે ગયો કે કાકે ધ્યાન આપ્યું.

તે માણસ સાધારણ ઉંચો અને સુક્કો હતો; ઉંચા કુલના શ્રાવકો કરતાં તેનો રંગ કાળો હતો; તેણે એક સાદું પીતાંબર પહેરી એક સાધારણ રેશમી ઉપરણું નાખ્યું હતું; માત્ર સોને મઢેલી પાવડીઓ જ તેની સમૃદ્ધિનો ખ્યાલ આપતી હતી. બે હાથમાં નાળીયર લઈ, તે નીચું જોઈ ચાલ્યો આવતો હતો.

તિલકને આવતો જોઇ તેણે ઉંચું જોયું; અને ઘણા જ મીઠા

* જૈન મંદિરનું નામ.

હાસ્યથી તેનું મોહું આકર્ષક બની રહ્યું. તેનું મોહું અને માથું નાનાં હતાં. અને માત્ર સીધું લાંબું નાક જ પહેલી નજરે ધ્યાન ખેંચતું. પણ કાક તેની આંખો જોઇને વિચારમાં પડ્યો. ધણીજ નમ્રતાથી તે ઉભો હતો, ધણો જ સાધારણ નિર્જીવ તે દેખાતો હતો, પણ તેની આંખો–તિલકને આવતો જોઇ, તેનો અર્થ પામી જવા ઉત્સુક બનેલી ચપલતાથી ફરતી આંખો જોઈ કાકને તેના પ્રભાવનો કાંઇક ખ્યાલ આવ્યો. તેણે ધીમેથી, નમ્રતાથી, જરા હસીને ડોકી હલાવતાં પુછ્યું: "કાક ભટ્ટજી આવ્યા?"

કાક ચમક્યો. એને ભાન આવ્યું. આ સામાન્ય દેખાતો, નમ્રતાની મૂર્તિ જેવો–જેને એણે કોઈ નજીવો જૈન ધાર્યો હતો તે બીજો કોઈ નહિ પણ ખંભાતની દોલતનો ધણી, અને ચાર વર્ષના મંત્રિપણામાં પાટણને પણ ગભરાવનાર ઉદયનમંત્રી! ક્યાં બેતાલીશ વર્ષે ડહાપણનો ભંડાર છે એ તો લોકોની માન્યતા પ્રમાણેનો ઉદો અને ક્યાં ત્રીશ-પ્રાંત્રીશનો ગરીબડો વેપારી લાગતો ખરેખરો ઉદો. કાકે કાંઇક મુંજાલ મહેતાની તેજસ્વિતા, સજ્જન મંત્રીનો તાપ, દાદાકનું બુદ્ધિદર્શક રૂપ જોવાની આશા રાખી હતી; પણ આ વ્યક્તિ બધાથી ભિન્ન હતી.

ઉદયન મંત્રી કાકને જોઈ હસ્યો; ખરૂં જોતાં તેનું આખું મોહું હસી ઉઠ્યું. હાસ્ય મીઠું, મોહક હતું; આંખો હસતી, પણ કાકને એક જ તેજના કિરણે માપવા મથતી હતી. મુંજાલ મહેતાની તરવારની ધાર જેવી નજર કાક સહી શકયો; પણ પુલ વર્ષાવતું આનું નયનતેજ કેમ ઝીલવું તેની તેને સમજ પડી નહિ.

"કેમ ભટ્ટજી! આવી પહોંચ્યા? કેમ પાટણમાં બધા ખુશીમાં તો છે ને?" ઉદાના અવાજમાં ન કળી શકાય એવી ખુશામત ભરી હતી; તેનો સ્વર જ સામાને રીઝાવવા પુરતો હતો. ગભરાયેલો કાક શું જવાબ દેવો તેનો વિચાર કરતો ઉભો.

"મહારાજ! શી ખબર આપને જોઇએ છીએ?"

"બધી જ." ઉદાની આંખોનો પ્રભાવ જોઈ કાકને લાગ્યું કે પોતાના નાનામાં નાના શબ્દ કે નકામામાં નકામા ઉચ્ચારણની કિંમત અંકાય

છે, પ્રયોજન શોધાય છે, અને સાથે તેની પોતાની પણ કિંમત થાય છે. "અમે તો પક્ષા પરદેશમાં જે ખબર આવે તે ખરી" કહી આગલા સવાલના જવાબની વાટ જોતો તે ઉભો રહ્યો.

"સેનાપતિ ઉભટ પાટણ પર ચાલ્યો આવે છે, અને શાન્તુ મહેતા લશ્કર લઈ ભોગપુર ગયા છે."

"હા. એ તો જુની વાત છે. પછી તમે–" હસતું મોઢું રાખી ઉદાએ પુછયું. કાકને આ તપાસ અસહ્ય લાગી; એટલે જે બનાવટ તેણે કરી હતી તે સામટી જ રજુ કરી દીધી.

"મહારાજ! હું તો મંડલેશ્વર મહારાજનો સંદેશો લઈ કાશ્મીરાદેવી પાસે ગયો હતો. અને તરત જ પાછો નીકળ્યો."

"અંહ–" ઉદાએ કહ્યું. પણ કાકે તેના અવાજ પરથી જોયું કે તે તેનો એક શબ્દ પણ સાચો માનતો નહોતો. "ત્યારે હવે તો તમે ભૃગુકચ્છ[1] જતા હશો?"

"ના, ના. એક મારો મિત્ર ત્યાંથી આવવાનો છે. તેને લેવા આવ્યો છું."

"એમ કે? ત્યારે તો ઘણું સારૂં થયું કે મને વેળાસર ખબર પડી. મંડલેશ્વરના મિત્ર એટલે મારા પણ ભાઈ. કેમ પ્રસન્ન બહેન ખુશીમાં?"

"કાશ્મીરાબા ખુશીમાં છે."

"ઠીક. હું જરા પૂજા કરી આવું. ક્ષમા કરશો? તિલક! ભટજીને આપણે ઘેર લઈ જા. જો બરોબર બરદાસ્ત કરજે. ગુજરાતમાં એવા બ્રાહ્મણો થોડા જ છે." કહી તેણે જરા હસી, નમસ્કાર કરી કાકને તિલકને સોંપ્યો.

કાકે જોયું કે હવે તે બરોબર સપડાયો હતો.

(1) ભરૂચ

## પ્રકરણ ૧૬ મું
## ઉદાને ઘેર.

તિલક જોડે કાક ત્યાંથી નીકળ્યો ત્યારે તેની ખિન્નતાનો પાર રહ્યો નહિ. ઉદાને પકડવા જતાં તે જાતે પકડાયો હતો; અને હવે કેમ છુટાવું તેનો રસ્તો કાંઈ દેખાતો નહોતો. તેણે મૂગાં મૂગાં ચાલ્યા કર્યું; પણ તેના મનમાં તિલકનું માથું ભાંગી નાંખવાની આતુરતા વધતી ગઈ.

"આ મહેતાજીનું ઘર આવ્યું" તિલકે થોડેક દૂર એક મોટા ઘર તરફ આંગળી કરી કહ્યું.

"ત્યારે આ શું?" એક પાસે ભવ્ય પણ જુનું અને ઘણું જ મોટું મકાન હતું તે જોઇ કાકે પુછ્યું.

"એ તો સાલીગવસહિકા."

કાક સમજ્યો. જ્યાં દામુ ડોસાના ભત્રીજાને રાખવામાં આવ્યો હતો તે અપાસરો અને ધર્મશાળા જોઈને કાકનું હૃદય વધારે ખિન્ન બન્યું. શું મોઢે તે આવ્યો હતો? અને હાલ તે કેવો થઈ રહ્યો? તેણે દાંત કચકચાવી ઉદા મહેતાને કાંઈ કાંઈ કહી નાંખ્યું.

"આ તરફ અપાસરો, નહિ?" કાકે ઉત્તરમાં પુછ્યું.

"ના. મહેતાજીના ઘર તરફના ભાગમાં ધર્મશાળા છે."

તે બન્ને ઉદા મહેતાના ઘરમાં પેઠા. તેની ખડકી ઉપર માઢ હતો, અને અંદર ખુલ્લું ચોગાન હતું કે જેની ત્રણ દિશાએ મકાન બાંધેલું હતું. ચોગાનમાં નજર નાખતાં કાકે ત્યાં પોતાની સાંઢણીને બાંધેલી જોઈ, અને પોતાના રબારીને થોડેક દૂર એક નોકર સાથે વાત કરતાં જોયો. કાકની આંખે અંધારાં આવ્યાં, સાંઢણી અને રબારી જરૂર ઉદાની ઉસ્તાદીથી જ અહિંયા આવ્યા હશે એમ તેને ખાત્રી થઈ.

"રધા!" કાકે ઘુમ મારી.

"બાપુ."

"તું અહિંયા ક્યાંથી?"

"ભટજી!" તિલકે મીઠાશથી કહ્યું, "જ્યારે મને મહેતાજીએ આપને તેડવા મોકલ્યો, ત્યારે બીજા માણસને આપની સાંઢણી માટે મોકલ્યો હતો. મહેતાજીના આતિથ્યમાં કાંઈ મણા હોતી જ નથી."

કાકે હોંકારો કરજ્યો. મહેતાજીમાં ખરેખર કાંઈ મણા નહોતી. ઉદાએ તેને નજરકેદ કર્યો એટલું જ નહિ, પણ તેને નાસી જવાનું સાધન પણ અહિંયા જ લાવીને રાખ્યું. કાક, ઉદા મહેતાના આતિથ્યથી ધૂજવા લાગ્યો. તિલક પણ આતિથ્યસત્કારની વિદ્યામાં નિપુણ હતો. કાકને માટે દરેક પ્રકારની સોઈ તેણે કરવા માંડી; અને ઘણી જ મીઠાશ અને માનથી કાક માટે નાના પ્રકારની સગવડો સાધવા માંડી. આવી અપરિચિત પરોણાચાકરી જોઈ કાકનો કચવાટ વધ્યો. પણ થું કરવું? આ સોઇમાં, આ સત્કારમાં છુપાયેલું મુત્સદ્દીપણું તે પારખી શક્યો; અને પોતે કેવો ફસાયો હતો તેનો ખ્યાલ લાવી ચિન્તા કર્યા શિવાય બીજો રસ્તો તેને જણાયો નહિ. થોડી વારે તેણે થાકનું બાનું કાઢી ઉદા મહેતા આવે ત્યાં સુધી સુઈ જવાની ઇચ્છા દર્શાવી. તરત તિલકે ઢોલીઓ ઢળાવ્યો અને કદિ નહિ દીઠેલી એવી સુકોમલ પથારીમાં ચિન્તાતુર કાક પડ્યો. આંખો મીંચી તેણે કાંઇ રસ્તો કાઢવાનો પ્રયત્ન કર્યો.

બે ત્રણ ઘડી રહી ઉદા મહેતા આવ્યા. તેણે આવતાં વાર કાકને મીઠાશથી વધાવી લીધો, પોતાનું ઘર બતાવ્યું, પોતાના બે નાના છોકરા વાહડ અને આમ્બડનું* ઓલખાણ કરાવ્યું, વિધ વિધ પ્રકારની રસમય, ખુશ કરે એવી વાતો કરી, અને બે ચાર દહાડા જરૂર ખંભાતમાં રહી પોતાનાપર અનહદ ઉપકાર કરવા આજીજી કરી. કાક આ સાકરના સમુદ્રમાં ડુબવા લાગ્યો.

ઘડી બે ઘડીમાં આ મુત્સદ્દીની મીઠી વાતોનો મોહ કાકને ઉતરી ગયો; અને આ મુશ્કેલીભરી સ્થિતિમાંથી કેમ છુટવું તેનો તે વિચાર કરવા લાગ્યો. સાંજ પડી એટલે તેના મિત્રને માટે ખબર કાઢવા બંદરપર જવાનો

* પાછળથી ઇતિહાસમાં મંત્રી વાગ્ભટ અને દંડનાયક આમ્રભટ તરીકે ઓળખાયા છે.

ઇરાદો તેણે જણાવ્યો. ઉદાએ હા કહી, અને તરત તિલકને બોલાવી હુકમ કર્યો કે કાક ભટ્ટજીને જ્યાં જવું હોય ત્યાં લઇ જવા. "જોજે! તારે માથે દોષ નહિ આવે કે તેં બરોબર ખંભાત બતાવ્યું નહિ. સમજ્યો!" જતાં જતાં મહેતાએ તિલકને સોંપણ કરી. કાકે હસતે મોઢે પહેરેગીરની સોબત સ્વીકારી, અને કચવાતે હૈયે બહાર નીકળ્યો.

બહાર નીકળતાં કાકે સાલીગ વસહિકા જોવાની ઇચ્છા બતાવી. તિલક ઘણા આનંદથી તેને ત્યાં લઈ ગયો. કાકની શકિતઓ આ ગુંચવાડામાં વધારે સતેજ થતી ગઈ. તેણે ચારે તરફ નજર રાખી બધું ધ્યાનમાં લીધું.

"આ પેલી તરફ દેવચંદ્રસૂરી મહારાજની વ્યાખ્યાનશાળા—"

"અને આ તરફ આ ઓરડીઓ શાની?"

"આ ભાગમાં ધર્મશાળા છે. ઘણું ખરૂં તો એ ખાલી રહે છે. પણ હમણાં તો દીક્ષા લેનારાંઓનાં માબાપો રહે છે."

"અંહ. આ બે ચાર દિવસમાં કાંઈ છે ને? મહેતાજી કહેતા હતા." કાકે વાત જાણવા પુછ્યું.

"હા પરમ દિવસે એક ધંધુકાના વાણીયાના છોકરાને દીક્ષા આપવાની છે. તમે પણ સારે અવસરે આવ્યા છો."

"કેમ?" કાક ચેતી ગયો કે આ છોકરો તે દામુ ડોસાના ભત્રીજાનો છોકરો જ હોવો જોઇએ.

"અમારા ગુરુદેવ એ છોકરાના ભવિષ્ય માટે તો કાંઈ કાંઈ કહે છે" તિલકે કહ્યું.

કાક મનમાં હસ્યો. જો પ્રભુ કરે ને બધું પાર ઉતરે તો કાલે સવારે કાક અને એ છોકરો બન્ને ખંભાત મુકી કેટલાએ કોસ દૂર જઈ પડે.

કાકે ઝપાટાબંધ મનમાં ઘાટ ઘડવા માંડ્યા અને સાથે સાથે તિલક જોડે તડાકા માર્યા. બંદરપર જઈ વહાણવટીઓને પોતાના કલ્પિત મિત્રની ખબર પુછી, અને અડધું ખંભાત ખુંદી, સોમદત્તના ઘર પાસે તે આવ્યો.

"તિલકચન્દ્રજી! જરા ઉભા રહો. મારી લાકડી લઈ આવું. સવારે આ સોમદત્તને ત્યાં રહી ગઈ છે."

જવાબમાં ન સમજાય એવી રીતે તિલક હસ્યો. તેને રસ્તામાં મુકી, કાક ઘરમાં ગયો.

ત્યાં દામુ ડોસા અને સોમદત્ત તેનીજ વાટ જોતા બેઠા હતા. કાકને જોઈ તે સહર્ષ ઉભા થયા. કાકે નાકપર આંગળી રાખી તેમને ચુપ રહેવા સૂચવ્યું અને કાનમાં કહ્યું: "ડોસા ! વસહિકામાં જ્યાં તારો ભત્રીજો રહે છે ત્યાં તું આજે રાત્રે જઈ શકશે ?"

ડોસાએ આંખ મીંચી હા કહી.

"તું ધર્મશાળામાં છોકરાને મળવાનું બાનું કાઢી રાત રહેજે. હું મધરાતે આવીશ; અને સોમદત્ત ! તું ઉદા મહેતાની હવેલી ને ધર્મશાળા વચ્ચે ગલી છે ત્યાં ઉભો રહેજે."

"વારુ."

"ને પેલા ખતીબડાને બેસાડી, હોડી ભૂતીઆ ઓવારે તૈયાર રાખજે. જો ભુલ થઇ તો માર્યા ગયા સમજજે."

"મહારાજ ! પ્રભુ તમને દીર્ઘાયુષી કરે. એ તો કામમાં કૃત્તેહ જરૂર થવાની."

"ખતીબડાને ખાવાનું આપ્યું ?"

"હા. એ પાછળ કોઢ આગળ ઉંઘે છે." સોમદત્તે કહ્યું.

કાકે પોતાની ડાંગ લીધી અને બહાર નીકળ્યો. તિલક ત્યાં નીરાંતે ઉભો હતો, તેને સાથે લઇ તે ઉદા મહેતાને ત્યાં આવ્યો, નાહ્યો, રાંધ્યું અને ખાધું; તે પરવાર્યો અને ઉદા મહેતા આવ્યા.

"કેમ કાકભટજી ! ખંભાત કેવું લાગ્યું ? પાટણ કે ભૃગુકચ્છની તોલે તો નહિ; પણ ઠીક છે, નહિ ? ઉદાએ હસતાં પુછયું.

"અરે એમ શું બોલો છો, મહારાજ ? મારા ધારવા પ્રમાણે તો આની આગળ પાટણ પણ હિસાબમાં નથી; શું પૈસો છે?"

"પૈસાને શું કરે ? શૌર્ય વિના સમૃદ્ધિને શું રડે ? અહિયા અમારા તિલક જેવા તો કોઇક જ છે કે ઘેર ભુંગળાય ફુંકાય અને બખ્તરીઆ હાથીય ઝુલે."

કાકની આંખમાં અદેખાઇનો પાર ન રહ્યો. આ તિલક પાસે છપ્પન કોટી ટંકા! "ભલા ભગવાન! તારે ઘેર શો અન્યાય!" મનમાં કાક બબડ્યો.

"હું?" તેણે મોટેથી કહ્યું.

"એમાં શું? તમારા જેવા ચોહ્ટા અહિંયા હોય તો પાંચ વર્ષમાં લખલૂટ ધન ભેગું કરે."

કાકના મોઢામાં પાણી આવ્યું. ક્યાં જયદેવ મહારાજની લુખ્ખી ચાકરી ને ક્યાં ઉદા મહેતા જેવી કામદુધા ગાયની સેવા?

"અહિંયા તો તમારા જેવાની જ ખોટ છે. આ અમારો દુર્ગપાલ ગુજરી ગયો છે, તેની જગ્યાએ કોઇ લાયક મળતું જ નથી."

કાકનું મન પલળ્યું: આવો ધણી, આવું ધનાઢ્ય શહેર, આવી નોકરી; જીંદગી સફલ કરવાનો અવસર તો આ જ દેખાયો. બીજી બાજુ લાટની રાજ્ય નીતિ-વિશ્વાસુ ત્રિભુવનપાલ-ખુંજાલ મહેતા-પાટણના રાજ્ય કર્ત્તાઓમાં પોતાનું સ્થાન મેળવવાની મહત્વાકાંક્ષાઃ આ બધાં તેને યાદ આવ્યાં. ક્યાં પોતે બ્રાહ્મણ; ક્યાં ઉદો શ્રાવક મારવાડી. તે હસ્યો અને બોલ્યો "મહારાજ! શો અનુગ્રહ? પણ મંડલેશ્વર મહારાજને ત્યાં મારે કાંઈ ખોટ નથી."

"અમારૂં દુર્ભાગ્ય," મોઢું હસીને ઉદાએ કહ્યું "પણ આજે નહિ તો કોઈ પણ વખતે. જરૂર પડે તો ઉદા મહેતાને ત્યાં તમારા શૌર્યને લાયક ચાકરી મળશે."

"મહારાજ! આ ઉપકાર ક્યારે વિસરીશ?"

"ચાલો, હવે મારે પ્રભુ દેવચંદ્રસૂરીને મળવા જવું છે. હું જાઉં છું! સવારે મળીશું." કાકે હાથ જોડ્યા અને મનમાં બબડ્યો. "સવારે તો શું પણ ચોરાસી લાખ અવતારમાં ભેગો નહિ થતો. બાપજી!"

ઉદો ગયો; અને તિલક અને કાકે સુવાની તૈયારી કરી.



## પ્રકરણ ૧૭ મું

### જેમાં કાક ઇતિહાસક્રમ ઉંધો વાળવાની તક ગુમાવે છે

થોડી વારે બન્ને જણા સુતા, પણ કાકને ઉંઘ આવી નહિ. એક દિવસમાં જે બનાવોની પરંપરા અનુભવી હતી તેના, અને હવે કેમ છુટાશે તેના વિચારો કરતાં તેનો વખત ઝપાટાબંધ ચાલ્યો ગયો.

મધરાત પહેલાનાં ચોઘડીયાં વાગ્યાં. કાકે જોયું તો પાસે તિલક નીરાંતે ઉંઘતો હતો અને ઘરમાં બધે શાન્તિ પ્રસરી રહી હતી. બહાર સુદ બારસની ચાંદની સૃષ્ટિ પર અમૃતધારા વરસાવી રહી હતી.

તે ઉઠ્યો અને ઝપઝપ કપડાં અને શસ્ત્ર સજી લીધાં; પાઘડી છોડી કમ્મરે બાંધી; અને હાથમાં ડાંગ લીધી. તે ચોરની ચપલતાથી એક બે ઓરડા વટાવી ઓશરીમાં આવ્યો. બે ચાર પાર્શ્વેકા દૂર સુતા હતા તે ન જાગે એમ તેણે બારણું ઉઘાડયું. બહાર ચોગાનમાં ચાંદનીનો ઉજાસ હતો, એટલે તેને પેલે પાર જવું અઘરૂં લાગ્યું; વિચારમાં તે થોડી વાર ઉભો રહ્યો. માઢના મોટા દરવાજા આગળ પાંચ છ અનુચરો ઉંઘતા હતા, તેમાંથી રખેને કોઈ જાગે તો તેને જોઈ ખુમ મારી ઉઠે એવી તેને બીક લાગી.

તે ઝપાટાબંધ દોડી* એક થાંભલા પાછળ ભરાયો, કોઈ હાલ્યું કે ચાલ્યું નહિ એટલે થોડીવારે તે ત્યાંથી નીકળી એક ઝાડ પાછળ ભરાયો. એટલામાં માઢ નીચે સુતેલા અનુચરો ઉઠ્યા અને કાકના ગભરાટનો પાર રહ્યો નહિ.

બહાર મશાલો બળતી હતી, તેનો ઉજાસ ચોગાનમાં પડ્યો. કાકે ઝાડ પછાડી ઉભા રહી જોયું તો ઉંદા મહેતા દેવચંદ્રસૂરીને મળી પાછા આવતા હતા. જો અત્યારે તે કાકની ખબર પુછે કે મશાલના અજવાળામાં તેને જોઈ જાય તો શું પરિણામ થાય તે વિચારે કાકનું હૃદય ધબકી ઉઠ્યું. હોઠ પર હોઠ દબાવી તે ઉભો રહ્યો.

ઉંદા મહેતા આવ્યા, એક નજર ચોગાન તરફ નાંખી અને પોતાની

મેડી પર ચાલ્યા ગયા. મશાલવાળાએ મશાલ હોલવી નાંખી અને બધું પાછું શાન્ત થઈ ગયું. કાકના જીવમાં જીવ આવ્યો.

તે બનતી ત્વરાથી **ચસહિકા** તરફની ભીંત તરફ ગયો, તે તરફ ઘરનો ભાગ નહોતો અને ત્યાં એક બહાર ગલીમાં પડતું નાનું બારણું તેણે સાંજે જોયું હતું. તે બારણા પાસે ગયો, અને નિરાશ થઈ ગયો. બારણે મોટું, ખંભાતી તાળું મારેલું હતું.

ઉદા મહેતાની ચોકસાઇને તે ગાળો દેવામાં રોકાયો હતો એટલામાં તેને કાને કોઈ આવનારનાં પગલાંનો અવાજ પડ્યો. તે ચમકયો, અને મોટા લીમડાના થડની પાછળ લપાયો.

આવનાર એક ઉંચી, કાળું લુગડું પહેરેલી સ્ત્રી હતી; કાક ચાંદનીમાં માત્ર તેનો સફેદ રંગ જ જોઈ શકયો. તેના હાથમાં એક નાની થાળીમાં કાંઈ ખાવાનું હતું. તે આવી, અને જરા ધાસ્તીથી આમ તેમ જોવા લાગી. કાકનો જીવ તાળવે જઇને ચોંટયો. સ્થલ નિર્જન ભાસવાથી તે સ્ત્રીએ પોતાની પાસેથી કુંચી કાઢી, તાળું ઉઘાડયું, અને તાળું સાથે લઈ બહાર નીકળી, બહારની બાજુએથી બારણું વાસી દીધું.

કાકને એ સ્ત્રી પાસેથી કુંચી છીનવી લેવાનું મન થયું પણ રખેને તે ચીસ પાડી આખું ઘર જગાડે એવે ધાકે તે મૂગો જ રહ્યો. પણ જેવી પેલી સ્ત્રીનાં પગલાં સંભળાતાં બંધ થયાં કે તે એક બીલાડીની ઝડપથી ઝાડ પર ચઢી ગયો. તેની એક મોટી ડાળ ચોગાનની ભીંત પરથી બહાર ઝુકતી હતી. બે પળમાં તે ડાળે થઈ કાક ભીંતને મથાળે પહોંચ્યો. તેને સદ્‌ભાગ્યે ત્યાં ખીલા મારેલા નહોતા.

તેણે જોયું તો પેલી સ્ત્રી અપાસરાની ભીંતમાં પણ એક નાનું બારણું હતું તે ઉઘાડી અંદર જતી રહી હતી. કાકે ભીંત ઉપરથી નીચે ગલીમાં ભૂસ્કો માર્યો.

જેવા તેના પગ ભોંયપર અડકયા કે ભૂતની માફક એક માણસ તેની સામો ઉભો થયો. કાક ચમકયો ને ડાંગ ઉગામી. પણ સામા આવનારે કહ્યું:

"એ તો હું."

"કોણ સોમદત્ત. ઠીક. દામુ ડોસા?"

"અંદર છે."

"વારૂ" કહી કાકે ભીંતને અઢેલીને સોમદત્તને ઉભો રાખ્યો; અને તેના ખભા પર ચઢી, અપાસરાની ભીંત પર હાથ ટેકવી, તેણે કુદકા માર્યો, અને ભીંતની ટોચે જઇને બેઠો. અત્યાર સુધી બધું નિર્વિઘ્ને પાર પડ્યું હતું.

તેણે શ્વાસ ખાધો અને અપાસરાના આ ભાગમાં જ્યાં ધર્મશાળા હતી ત્યાં જોયું. ત્યાં પણ બધું શાન્ત હતું; માત્ર પેલી સ્ત્રી પાછું જોયા વિના જતી હતી. તે મનમાં પુછાવા લાગ્યો. ઉદા મહેતા ગમે તેવા મુત્સદ્દી હોય છતાં તેણે તેને પણ મહાત કર્યા હતા. મલકાતે હૃદયે તેણે નીચે જોયું તો જે ઠેકાણે તે ઉભો હતો તેની નીચે થોડો કાદવ હોય એમ દેખાયું. ભીંત પર ને ભીંત પર ત્યાંથી આગળ ચાલી એક નાની ઓરડી હતી તેના છાપરા પર પહેલાં ઉતરી પછી ભોંય પર ઉતરવાનો તેણે નિશ્ચય કર્યો.

કાક ધીમેથી પેલા છાપરા પર ઉતર્યો, તેના પગે ભાગ્યે જ અવાજ કર્યો છતાં અંદરથી એક સવાલ આવ્યો "કોણ એ?"

અવાજ કોઈ બાલાનો લાગ્યો. તેમાં સુમધુરતા હતી, છતાં કાક ત્રાસથી ધ્રૂજતો ઉભો રહ્યો.

"એ તો હું, બેટા!" નીચેથી જ પાછો જવાબ આવ્યો. કાક સમજ્યો: પેલો સવાલ કોઇએ તેને નહોતો પુછ્યો, પણ પેલી સ્ત્રીને પુછ્યો હતો. કાક ધીમે ધીમે છાપરાની કોરણે આવ્યો અને ત્યાંથી નીચે ઉતર્યો. ઉતરતાં જરા ધબાકો થયો. તે ભીંતની બાજુમાં થોડી વાર લપાઈ રહ્યો; પણ કોઇએ ધબાકો સાંભળ્યો હોય એમ લાગ્યું નહિ. તે કપાટ-બંધ જે તરફ ચાચીગ અને તેનો છોકરો ઉતર્યા હતા તે તરફ ચાલ્યો.

જતાં જતાં જે બારણામાં થઈને પેલી સ્ત્રી આવતી હતી તે તરફ એણે જોયું. ત્યાં તાળું નહોતું, પણ સાંકળ જ દીધેલી હતી. કાકના હરખનો પાર રહ્યો નહિ. જો પેલી સ્ત્રી પાછી જાય તે પહેલાં દામુ ડોસાને

અને તેના ચાંગાને તે લઇ આવે તો આ ઉઘાડું બારણું ખપ લાગે, અને ભીંત કુદાવવાની મહેનત મટે. નશીબ તેને સાનુકૂલતા કરી આપવું હતું.

કાક ઝપાટાબંધ પેલી ઓરડી તરફ ગયો. દામુ ડોસા પાકા હતા, તે બારણું અધઉઘાડું રાખી અંદરથી સુતા હતા. કાકે ત્યાં જઇ જરાક બારણાને ધક્કો માર્યો. અંદરથી ડોસાએ ખાંસી ખાધી એટલે કાક જરા થોભ્યો. ડોસાએ ધીમેથી ઉઠી બારણું ઉઘાડ્યું. ડોસો તેનો ભત્રીજો ચાચીગ અને ચાંગો ત્રણ આ ઓરડામાં સુતા હતા. બીજી ઓરડીમાં છોકરાની મા સુતી હતી.

ચાચીગ નીરાંતે ઘોરતો હતો, એટલે દામુ ડોસાએ ધીમેથી ચાંગાને ઉપાડી અને બહાર આણ્યો. છોકરો આઠ નવ વર્ષનો, સુકુમાર, અને સ્વરૂપવાન હતો; આ ઉમ્મરે પણ તેના મોઢાપર તેજનો ચળકાટ હતો. શાન્તિથી તે ઊંઘતો હતો. ડોસાએ થોડુંક આગળ ચાલી કાકને ચાંગો આપી દીધો. એ હાથબદલી થવાથી છોકરો જાગી ઉઠ્યો. તે રખેને ચીસ પાડે એમ ધારી તેના મોઢાપર કાક હાથ મુકવા ગયો.

પણ છોકરાએ ચીસ પાડી નહિ, તે ગભરાયો નહિ, તેનાં ઉંડાં, મોટાં નયનોવડે તે કાકને જોઇ રહ્યો. ડોસો આગળ આવ્યો.

"દીકરા ! ગભરાતો નહિ મા, હોં. એ તો હું જ લઈ જાઉં છું."

"ક્યાં લઇ જઓ છો ?" તેણે ધીમેથી પુછ્યું.

"ધંધુકે, દીકરા ! આપણે ત્યાં, હોં."

"પણ મારે ત્યાં નથી જવું." છોકરાએ કહ્યું.

"કેમ ! કાલે તારાં માબાપ આવશે. હોંકે." ડોસાએ આશ્વાસન આપ્યું.

"મારે હવે માબાપ કેવાં ?"

ડોસો જોઇ રહ્યો; કાક અજાયબીમાં છોકરાને ભોંય પર પાડતો પાડતો રહી ગયો.

"કેમ ?" ડોસાએ સાશ્ચર્ય પુછ્યું.

"મેં તો સંસાર છોડ્યો છે." છોકરાએ નિશ્ચલ અવાજે કહ્યું.

"કાંઇ ગાંડો થયો છે બા! હજુ અવતાર લઇ સુખ તો દીઠું નથી. તને પરણાવીશ, ઘરેણાં—"

"દાદા! મારે એ વાસના શી?—હું તો વીતરાગ થવાનો." અભિમાનથી બાળકે કહ્યું. આર્ય જીવનની પરમ ભાવનાનું આટલા બાળકને મુખે ઉચ્ચારણ સાંભળી બન્ને જણા શરમાઇ ગયા.

આંગો ધગધગતો અંગારો હોય તેમ કાકે તેને છોડી દીધો. આવું પુતળું તેણે આજે જ જોયું, તે આંખો ફાડી જોઇ રહ્યો. દ્વામુ ડોસા પણ દિગ્મૂઢ બની ગયા.

"તું ન સમજે દીકરા!" ડોસાએ કહ્યું, "તું ઘેર તો ચાલ, પછી બધી વાત."

"લઇ જઇને શું કરશો?" દયામણે અવાજે આંગાએ કહ્યું. "ધંધુકે જઈ સાધુ થાઉં તેના કરતાં ખંભાત શું ખોટું? ગુરુદેવ જેવા ત્યાં દીક્ષા દેનાર મળવાના હતા?"

કાક આ છોકરાને જોઇ રહ્યો. તેની કાન્તિ, તેની આંખ. તેનાં વાક્યોથી કાકના હૃદયમાં પૂજ્યતાનો ભાવ થયો. તેને લાગ્યું કે પોતે, ડોસો અલ્પ હતા; આ છોકરો અદ્‌ભુત હતો; પોતે તેને વૈરાગ્ય-જીવનમાંથી લઇ જઈ મહા પાપ કરવાની તૈયારી કરતો હતો.

"ડોસા! શું જુવો છો?" કાકે કહ્યું. "આને લઈ જઈ શું કરશો? એ સાધુ જ થવા જન્મ્યો છે."

"હાય! હાય!" દ્વામુ ડોસાએ કહ્યું. તેની આંખમાં આંસુ આવ્યાં.

"દાદા! મને અહિંયા જ રહેવા દો." છોકરાએ આજીજી કરી.

"પણ પરમ દહાડે તો તને મુંડશે."

"પછી હું જગતનો ઉદ્ધાર કરીશ કેની?" નિર્દોષતાથી છોકરાએ તેના મનમાં ગુરુએ ઠસાવેલો સંકલ્પ બહાર કાઢ્યો. બે પળ ત્રણે જણ મૂગા મૂગા ઉભા રહ્યા. છોકરાની શ્રદ્ધા દૈવી હતી. તે શ્રદ્ધાએ બન્નેને મહાત કર્યો.

"ડોસા! બધી મહેનત નિરર્થક છે. આને ઉપાડી જવામાં માલ નથી." કાકે કહ્યું.

"અરે ભગવાન! મને પણ એમ જ લાગે છે" કપાલ કુટી હામુએ કહ્યું, "અમારૂં બગડવાજ બેઠું છે."

"ત્યારે હવે હું જઈને સુઈ જાઉં?"

કાકે ડોકું ધુણાવી હા કહી. ડોસાએ કહ્યું "દીકરા? આ ભૂદેવ છે. એને પગે તો લાગ."

છોકરો પગે લાગ્યો; કાકે કહ્યું. "સોમનાથ ભગવાન તારૂં સારૂં કરે." જણ્યાં અજાણ્યાં કાકની આંખમાં પાણી આવ્યાં.

છોકરો ગયો, અને ડોસાએ પણ કાકનો અશ્રુસહિત ઉપકાર માની રજા લીધી. કાક એકલો ઉભો રહ્યો. તેની બધી મહેનત નિષ્ફળ ગઈ. તે આ વખતે જાણતો નહોતો કે ભવિષ્યમાં કેવે પ્રસંગે આ બાલકને તે ફરી મળવાનો છે અને તેની નિષ્ફળતાને પરિણામે ગુજરાતના ઇતિહાસમાં શા શા ફેરફારો થવાના છે. તે તો માત્ર પોતાની અગવડનો જ વિચાર કરી, હોઠ કરડી બારણા તરફ વળ્યો.



## પ્રકરણ ૧૮ મું.

### જેમાં કાક ખાલી હાથે પાછો નથી ફરતો.

કાકના મનમાં હવે વિચાર માત્ર દરિયા વાટે ખંભાત છોડવાનો જ રહ્યો હતો. તેથી જલદીથી બારણા વાટે બહાર નીકળી જવા તે બારણા તરફ ચાલ્યો.

તેનું મન કચવાઈ ગયું હતું; અને તેને જો કેદ પકડાવાની ધારતી નહિ હોત તો જરૂર પોતાનો કચવાટ શમાવવા બે ચાર જણને જમપૂરી પહોંચાડત. પણ તેના હાથમાં ખતીબ હતો ત્યાં સુધી ઉદા મહેતાની તે બરાબર બબર લઈ શકશે એમ તેને ખાત્રી હતી.

પણ તે બારણા સુધી પહોંચે તે પહેલાં જે ઓરડીમાં પેલી સ્ત્રી

પેઠી હતી ત્યાં તે આવ્યો. ઝપાટાબંધ જતાં પણ એક લાકડાની જાળીમાંથી આવતા સ્વરે તેનું ધ્યાન ખેંચ્યું. સ્વર, જેણે "કોણ એ?" પુછ્યું હતું તેનો હતો; પણ તેમાં સંસ્કારિતા, મૃદુતા, દુઃખમયતા, મરતાંના પ્રાણ થંભાવે એવી હતી. શબ્દો પણ તેવા જ આકર્ષક હતા; માત્ર તેનું ઉચ્ચારણ જરા પરદેશી જેવું લાગતું હતું.

"માતા! માતા! તેં મને જન્મ આપ્યો પણ તું મને ઓળખતી નથી. હું શ્રાવકને પરણું?" દરેક શબ્દ પર ભાર દેતાં તે બાલા બોલતી સંભળાઈ "હું-હું! કવિકુલ શિરોમણિની આત્મજા-હું એનું પાણિગ્રહણ કરું?"

"એ કોણ છે તેનું તને ભાન છે? મૂર્ખ! તેને પરણી શી પદવી પામશે તેનો કાંઈ તને ખ્યાલ છે?" આ શબ્દોએ છોકરીના જુસ્સામાં ઘી હોમ્યું; તેનો સ્વર કોપમાં ધ્રૂજી ઉઠ્યો; તેના રણકારમાં ગર્વની ગર્જના તો પહેલેથી જ હતી.

"એ કોણ છે? ભલે, દુનિયાનો માલીક હોય. મારે મન કોણ છે? કહું? મારા પાદ પૂજવાનો પણ તે અધિકારી નથી. મા! મા! રુદ્રદત્ત વાચસ્પતિની અર્ધાંગના થઈ છતાં તારો ઉદ્ધાર થયો નહિ કે તું આજે શ્રાવક બની ગઈ છે, આજે શ્રાવક સાથે મને પરણાવવા તૈયાર થઈ છે? અને શી પદવીની લાલચે? કવિકુલ શિરોમણિ જેવાની છોકરી-મારે મન, મહારાજાધિરાજાનો હિસાબ નથી; તો તારા આજકાલના ધનાઢ્યનો શો હિસાબ?" સ્વર ઉંચો થતો, નીચો થતો; તેમાં પ્રતાપ હતો-સંસ્કાર હતો. કાક બધું ભુલી મૂઢ જેવો સાંભળી રહ્યો. તેણે કવિકુલ શિરોમણિ રુદ્રદત્ત વાચસ્પતિનું નામ સાંભળ્યું હતું. કર્ણદેવના વખતમાં તે કાશ્મીરથી પાટણમાં આવ્યા હતા અને ત્યાં જ ઘર કરી રહ્યા હતા; અને બે એક વર્ષ પર મરણ પામ્યા હતા. તેની છોકરી અહિયાં?

"બહેન! તું તો બહુ જીદ્દી છે."

"હા! મને મારા બાપનું, મારા વર્ણનું, મારા ધર્મનું અભિમાન છે." ગર્વથી છોકરીએ કહ્યું. કાકનું લોહી પણ આ અભિમાન જોઈ ઉછળી આવ્યું.

"જો તું ગાંડી છે. એના જેવો ધણી ક્યાં મળવાનો હતો?"

"સૃષ્ટિના સર્જન કાલથી પુનિત એવું બ્રહ્મનિષ્ઠ વેદમૂર્તિઓનું લોહી હું કલંકિત કરું? આ ભવે ને પરભવે ચાંડાલ થઈ રહું? તેના કરતાં કુંવારી મરું તે શું ખોટું? સરસ્વતી રહી; તો મને રહેતાં શું પાપ?"

"તેમ નહિ રહેવાય?"

"કેમ? બધા તારા જેવાં શીરા સારૂ શ્રાવક થતાં હશે?"

"નહિ માને તો પરમ દિવસે મહારાજ દીક્ષા અપાવશે" માએ કહ્યું. કાકને કંપારી આવી.

"તારી ને તારા મહારાજની શી મગદૂર છે?"

"તું શું કરશે?" માએ પૂછ્યું.

"ત્રિપુરારિએ દાંત આપ્યા છે. ધર્મભ્રષ્ટ થતા પહેલાં જીભ કરડતાં નહિ આવડે?" છોકરીએ તિરસ્કારથી કહ્યું.

"ભંજરી! જીવ આપવો એ કહેવું સહેલું છે, કરવું કપરૂં છે." માએ કહ્યું. "ભંજરી! શું સુમધુર નામ!" કાક બબડ્યો.

"गतासुनगतासुंश्च नानुशोचन्ति पण्डिताः"* છોકરીએ તિરસ્કારથી જવાબ દીધો. કાક બાલપણમાં પંડિત મામાની પાસે નામનું જ સંસ્કૃત શીખ્યો હતો છતાં આનો અર્થ સમજી શક્યો. "જો હજુ વિચાર કર! મહારાજ જાતે કાલે આવશે."

"કહેજે કે તસ્દી નહિ લે."

"કેમ?"

"નહિ તો એને જોઈ મારી આંખો અપવિત્ર થશે."

"તારા ગર્વનો તો પારજ નથી." માએ કહ્યું.

"તારી અધોગતિનોય પાર નથી રહ્યો; એટલે તને એમ જ લાગે તો." દીકરીએ કહ્યું "તું હવે સાધ્વી થઈ જા કે જીનશાસનનો ઉદ્ધાર થાય." તિરસ્કારથી તેણે ઉમેર્યું.

"તું આવો આડંબર ક્યાં સુધી રાખે છે તે હું જોઇશને. આજે તને ત્રણ દહાડાનો અપવાસ લંગાવ્યો તેથી આટલું જોર આવ્યું છે કે?"

* મરેલા અને જીવતાનો શોચ પંડિત કરતા નથી.

"ત્રણ શું–ત્રણ યુગના અપવાસ કરાવની. બ્રાહ્મણ છું; અને બ્રાહ્મણ રહેવાની."

"ઠીક છે. કાલે આવીશ."

છોકરીએ જવાબ જ નહિ આપ્યો.

"વિચાર કરી મુકજે, કાં તો લગ્ન કે કાં તો દીક્ષા. બીજો છુટકો નથી."

છોકરી માત્ર તિરસ્કારભર્યું હસી તે જ કાકને સંભળાયું, અને મા ત્યાંથી નીકળી તેનાં પગલાં સંભળાયાં. તે બહાર આવી, બારણાની સાંકળ ઉઘાડી ગલીમાં નીકળી અને બ્હારથી તાળું વાસ્યું.

કાકના કાનમાં છોકરીના સ્વર, તેના શબ્દો, તેની સંસ્કારમય ભાષા, તેની ધર્મપરાયણતા રમી રહ્યાં. પોતે પણ બ્રાહ્મણ હતો; બ્રાહ્મણ કન્યા પર જુલમ ગુજરતો હતો. એક પળમાં આ વિચારો ઉપરાચાપરી તેને આવ્યા. ડહાપણ, બ્હીક, બધાને દૂર ઠેલી તે ઓરડી તરફ વળ્યો, બારણું ઉઘાડ્યું, અને અંદર પેઠો.

ઓરડામાં એક નહાનો દીવો બળતો હતો. તેનો ઝાંખો પ્રકાશ માત્ર એક જ ખુણે અજવાળું પાડતો હતો. ત્યાં એક મેલી, ગંદી પથારીપર સૂવાની તૈયારી કરતી એક હાથ ભોંયપર મુકી, બીજે હાથે કેશ સમારતી પેલી છોકરી બેઠી હતી.

કાકની આંખે અંધારાં આવ્યાં; આવું સૌંદર્ય તેણે કદી જોયું નહોતું કે કલ્પ્યું નહોતું. મોઢાની કુમાશપરથી તે બાલાની ઉમર સત્તર અઢાર વર્ષની લાગતી હતી. તેનું શરીર ઉઘું, ભરેલું, પૂર્ણકલાએ પામવાની આગાહી આપતું હતું. તેનો રંગ સ્ફટિક સરખો શ્વેત અને શુદ્ધ, લાટ કે ગુજરાતની રમણીઓમાં કાકે કદી જોયો નહોતો; અને તે આ બાલાને કાશ્મીરી પિતાનો વારસો હશે એમ તેને લાગ્યું. તેના મોઢાની અપૂર્વ રેખાઓ; તેના પ્રપુલ્લ નયનની દુઃખમય છતાં પ્રતાપી ભભક; તેના હોઠ અને નાકનો ગર્વિષ્ઠ મરોડ તેના વ્યક્તિત્વને અપ્રતિમ મોહકતાએ મઢતાં હતાં. તેનાં અંગે અંગ ખીલેલાં હતાં, સૌંદર્યપૂર્ણ હતાં, કોઇ અદ્ભુત



કાક અને મંજરી.

શિલ્પીની દૈવી કલાનાં પરિણામ લાગતાં. વિધિએ અનુપમ સૌંદર્યની રસમૂર્તિ પેદા કરી હોય એવી લાગતી આ બાલાને જોઈ કાક સ્તબ્ધ થઈ ગયો.

કાકને આવતો જોઈ બાલાએ ગર્વમાં માથું ઉચું કરી, કપાલે કરચલી પાડી માત્ર અભિમાનભર્યા નયનતેજથીજ સવાલ કર્યો.

"ગભરાશો નહિ." થોડીવારે આ મૂગા પ્રશ્નનો જવાબ કાકે દીધો "તમને છોડવવા હું આવ્યો છું." બાલાએ જરા તિરસ્કારથી કાકને નખશીખ નીહાળ્યો અને પુછયું "કોણ છો?"

"હું જયસિંહદેવ મહારાજનો ભટ્ટ છું; ત્રિભુવનપાલ મંડલેશ્વરનો મિત્ર છું; લાટનો બ્રાહ્મણ છું. આ વખત વાત કરવાનો નથી; હમણાં કોઇ આવી પહોંચશે. મેં તમારી વાત હમણાં જ સાંભળી. તમારે માથે ઝઝૂમતા દુઃખમાંથી બચવું હોય તો ઉઠો–કાલે સવારે હું તમને ખંભાત બહાર લઈ જઇશ." કાક ઉતાવળથી બોલ્યો.

બાલાની આંખમાંથી અભિમાન જરાક ઓછું થયું. "ક્યાં લઇ જશો?" તેણે ધીમેથી પુછયું.

"જ્યાં કહેશો ત્યાં. હમણાં આ કારાગૃહમાંથી તો છુટો."

એક પલ તેણે જોયા કર્યું. કાકપર વિશ્વાસ રાખવો કે કેમ તેનો તે વિચાર કરતી હતી. તે કાંઇક નિશ્ચયપર આવી.

"તમે બ્રાહ્મણ છો?" તેણે ફરીથી પુછયું.

"હા. તમને અવિશ્વાસ આવે તે સ્વાભાવિક છે; પણ ગાયત્રીમાતા" કહી કાક શપથ લેવા જતો હતો.

"ના, ના. તમારું વચન બસ છે" કહી તે ઉભી થઇ.

ઉભા થતાં તેના પગ ધ્રુજ્યા. ત્રણ દિવસના અપવાસ પછી તેનામાં ઉભા રહેવાની પણ શક્તિ હતી નહિ; પણ તે હોઠ દાબી ઉઠી અને લુગડું બરોબર કર્યું. કાક તેની ઉંચાઇ અને કાઠીની ભવ્યતા જોઇ રહ્યો.

"પણ બહાર કેમ નીકળીશું?" તેણે પુછયું.

"હું તો ભીંત ઓળંગી આ છાપરાપરથી આવ્યો. એ જ રસ્તે પાછા જઇશું. પકડાઇએ તો માર્યા જઇએ." કહી કાકે બહાર નીકળી આસપાસ જોયું અને ત્યાં કોઇ દેખાયું નહિ એટલે તેણે મંજરીને બહાર

બોલાવી. તે ઓરડીની બાજુએ ગયો. આગળ આવેલા મોભને તેણે કુદીને પકડયો અને હાથવતી તણાઇ ઉપર ગયો. પછી છાપરાપર આડા સુઇ, તેણે નીચા નમી મંજરીને હાથ આપ્યો અને ઉંચી ખેંચી લીધી.

"જરા નીચા નમી ચાલો કે હેઠળથી કોઇ જુવે નહિ" કાકે મંજરીના કાનમાં કહ્યું. ઝપાટાબંધ તેઓ ભીંતને મથાળે આવી પહોંચ્યાં.

"હવે કેમ કરીશું?" કાક બોલ્યો "તમારાથી આટલો ભુસકો નહિ મરાય?"

મંજરીએ ડોકું ધુણાવ્યું. છુટકારાની આશાથી તેની આંખો પણ ચમકતી હતી.

"ઠીક" કાકે કહ્યું. "પાછળથી મારે કેટે વળગી જાઓ. મંજરીએ તેમ કર્યું. છુટા થવાની હોંસે તે પણ કહેતાંવાર તરત તે પ્રમાણે કરતી હતી. "હા એમ જ જરા હાથ મને આપો. હવે તમારા પગની આંટી ભેરવો. જરા સખત. હિમત રાખો. સોમનાથ ભગવાનનું નામ સંભારો. જય સોમનાથ" નીચે શ્વાસે કહી કાકે મંજરી સહિત નીચે ઝંપલાવ્યું.

એ બે જણ નીચે આવ્યાં તો સહીસલામત, પણ બીજા કોઇ બે જણની ઉપર પડ્યાં. મંજરીના હાથ કાકે છોડી દીધા, અને થાક અને દુઃખની મારી અશક્ત થયેલી બિચારી સુકોમળ બાલા બેભાન બની ધરણીયે ઢળી. જે બે જણ પર તેઓ પડ્યાં હતાં, તે પણ એકદમ તેના તરફ આવ્યા.

કાકની ઇંદ્રિયો અને તેની બુદ્ધિ અણીની વખતે ચાર ગણું કામ કરતી. તેણે બે નવા માણસોની સામું જોયું અને સ્થિતિ સમજી ગયો. એક તિલક હતો. બીજો સોમદત્ત હતો. તે સોમદત્તને ઘેર સાંજના ગયો, ત્યારે તિલક હસ્યો હતો તે હવે તેને સમજાયું. તિલકને કાંઇ વ્હેમ પડ્યો હશે, અને કાક નાસવા માગે છે, કે ચાંગાને નસાડવા માગે છે એમ ક્યાસ કલ્પ્યો હશે. કાકને ખાત્રી થઇ કે તે ઉઠ્યો ત્યારે તિલક ખોટું ખોટું જ ઉંઘતો હશે, અને તેની પાછળ ભાળ કાઢતો તે અહિંયા સોમદત્તને મળ્યો હશે. તે જ પળે સ્થિતિ કેવી ગંભીર હતી તેનો તેને ખ્યાલ આવ્યો. એક ગમ ઉદા મહેતાનું ઘર, એક ગમ અપાસરાની ધર્મશાળા; જો તિલક ધૂમ મારે તો આખું ગામ ભેગું થઈ જાય અને

ધુત્કારાને બદલે મોત મળે. લાંબો વિચાર કરવાનો વખત નહોતો એટલે, કાકે કર્તવ્ય જ આરંભ્યું.

ઉપરથી કોણ પડ્યું તેનો નિર્ણય કરવા તિલક પાસે આવવા જતો હતો; કાક હશે એમ ધારી તેણે હાથ લંબાવ્યા હતા–પણ એટલામાં વાઘના જેવી તરાપ મારી કાક તેનાપર તૂટી પડ્યો. અચાનક હુમલો થતાં તિલક જરા પાછો ખસ્યો–તે અપાસરાની ભીંતની પાસે હટ્યો. કાક તેનાપર કુદ્યો. જોત જોતામાં તેનું માથું બે હાથે પકડ્યું; ભીંત સાથે જોરથી અફાળ્યું, રાત્રિની શાન્તિમાં એક ધબાકો સંભળાયો ન સંભળાયો; અને તેના હાથમાંથી બેભાન થયેલો તિલક શબવત્ ભોંયપર પડ્યો.

"ચાલ ઉઠ, સોમદત્ત! ભૂતીમા ઓવારે, નહિ તો હમણા કોઇ બીજો આવશે."

"પણ હામુ કાકા—"

"અંદર. તારો આંગો પોતે જ ના પાડે છે. તેને સાધુ થવું છે. બહુ સમજાવ્યો; ચાલ હવે રસ્તો બતાવ."

"સોમદત્ત આગળ થયો; અને બેભાન પડેલી મંજરીને હાથમાં ઉચકી કાકે તેની પાછળ પાછળ ચાલવા માંડ્યું. "બિચારો છપ્પનકોટીનો ધણી! એ બધું વાપરશે કોણ?" કાક તિલક તરફ જોઇ મનમાં બબડ્યો.

રખે કોઇ જોઇ જાય, કોઇ પકડી પાડે તેવી બ્હીકે કાક ચારે તરફ જોઇ ચાલતો હતો. પણ પોતાની શક્તિના અભિમાનને લીધે કે પોતે જ કાકને પકડી જશે ખાઈ જવા, તિલકે તે નાઠો તેની કોઇને ખબર આપી નહોતી, એટલે કાક નિર્વિઘ્ને ભૂતીયા ઓવારે આવ્યો.

## પ્રકરણ ૧૯ મું.

### ખંભાતના અખાતમાં.

કાક ઓવારે આવ્યો ત્યારે ખતીબને ત્યાં દીઠો નહિ.

"પેલો ખતીબ ક્યાં ગયો?" તેણે સખ્તાઇથી સોમદત્તને પૂછ્યું.

"તે કોણ જાણે ક્યાંનો ક્યાં ભાગી ગયો. તમે એને ઘર પાછળ કોડમાં સુવાડ્યો હતો. એ તો યવનની જાત."

કાકને ધાસ્કો પડ્યો કે ખતીબ ગયો તે પણ ઉદા મહેતાનો જ પ્રભાવ હોવો જોઇએ. તેણે નીસાસો નાંખ્યો. આટલી આટલી મહેનત કરી છતાંય ખતીબ હાથમાંથી છટકી ગયો; અને જે કારણસર તે ખંભાત આવ્યો હતો તે પાર પાડી શકયો નહિ. ખંભાત પાછું જવું એ બને એવું નહોતું એટલે તેણે ગમે તેમ મન વાળ્યું; અને પોતાના હાથમાં રહેલી રમણીનો વિચાર કરવા માંડ્યો.

સોમદત્તે હોડી તૈયાર રખાવી હતી, તેમાં કાક મંજરીને લઇને બેઠો, સોમદત્તનો આભાર માન્યો, અને બે ખલાસીઓ હતા તેને જલ-દીથી હોડી હંકારવાનો હુકમ કર્યો. તેણે મંજરીનું માથું પોતાના ખોળામાં રાખ્યું, અને છેલ્લા દિવસના અનુભવોની યાદ કરવા બેઠો. તે દિવસે સૂર્યોદય પછી તેણે કરેલાં પરાક્રમો જોઈ તેની પોતાની છાતી વ્હેંત ઉંચી આવી; અને સવાર પડશે ત્યારે ઉદા મહેતા કેમ કેમ કુદશે તેનો વિચાર આવતાં તેના આનન્દનો પાર રહ્યો નહિ.

એટલામાં અખાતના શીતળ સીકરોની શાન્તિથી ધીમે ધીમે મંજ-રીમાં ચેતન આવ્યું. ભાન આવતાં તે ટટાર થઇ બેઠી થઇ ગઇ, અને ચારે તરફ વિસ્મય પામી જોવા લાગી.

"આખરે તમે છુટ્યાં" કાકે કહ્યું.

"હા. હવે ક્યાં લઇ જાઓ છો?"

"હમણાં તો જેમ બને તેમ દુર નાસી જઇએ. પછી દિશાનો વિચાર કરીશું. તમારાં સગાંવહાલાં કોઇ નથી?"

"ના. બાપ સ્વર્ગે ગયા, મા તો વેરણ થઇ. સગામાં રહ્યા મારા માના બાપ. તે તો જુનાગઢમાં રહે છે."

"ત્યાં હાલ જવાય એમ નથી." કાકે કહ્યું.

"કેમ?"

"જુનાગઢના રા'ને જયસિંહદેવ મહારાજ સાથે વિગ્રહ ચાલે છે."

મંજરીએ નીસાસો મુકયો. "પાટણમાં કોઇ તમારૂં નથી?"

બાલાએ ડોકું ધુણાવ્યું ને પુછયું "ગજાનન પંડિતને ઓળખો છો?"

"હા." કાકે કહ્યું. "નામ સાંભળ્યું છે. તેમનાં સ્ત્રી કાશ્મીરાબાનાં બહેનપણી થાય છે."

"કાશ્મીરાબા તે કોણ પ્રસન્નકુંવરી ?"

"હા તેજ. મારા મંડલેશ્વરનાં પટરાણી.

"મને ગજાનન પંડિત પાસે લઈ જાઓ. મારા પિતા તેના મિત્ર હતા."

"વારૂ પણ તમે હવે સુઈ જશો ? માથા નીચે શું–મારી પાઘડી આપું ?" કહી કાકે પાઘડી કેડે બાંધી હતી તે ઉકલી મંજરીને ઉશીકું કરવા આપી.

થોડી વારમાં મંજરી ઉંઘી ગઈ; અને કાક તેને જોઇ રહ્યો. સ્થલ રમણીય હતું, પવનની લ્હેરો આવતી હતી, નીચે તરંગો નાચતા હતા, ઉપર વ્યોમમાં વિહરતું નક્ષત્રમંડળ આંખ મીંચામણી કરતું હતું. રસ અને ભાવથી અજ્ઞાન કાકનું હૃદય આનન્દિત બન્યું. પગ આગળ રૂંભાને ભુલાવે એવી રમણી સુતી હતી. યુદ્ધ–પ્રસંગોમાં જીવન ગાળ્યું હતું એટલે કાકથી સંસારના લ્હાવા લેવાયા નહોતા; ઘરડી મા શિવાય કોઇ સ્ત્રીનો પ્રસંગ પડયો નહોતો; કોઇ નવયૌવનાને નીરાંતે નિહાળી નહોતી. અત્યારે શાંત કૌમુદીના નિર્મળા, રૂપેરી પ્રકાશમાં મંજરીને તે નીરખી રહ્યો.

કોઇ લાવણ્યમયી બાલાને નિહાળવી એ પુરુષ–જીવનનો મોટામાં મોટો લ્હાવો છે. કાકને અત્યારે તેમ જ લાગ્યું. ચંદ્રમાના અમીસિંચનથી રસમય બનેલું તેનું મન મંજરીના અંગે અંગમાં નવ સૃષ્ટિના અનુપમ ભેદો જોઇ રહ્યું; તેના શરીરની દેખાતી અણદેખાતી છટાભરી રેખાઓમાં અણદીઠેલી કાવ્યમયતા શોધી રહ્યું. મંજરીના મુખ પર ન સમજાય એવી રસિકતા હતી; તેના માથાના મરોડમાં ન વર્ણવાય એવી છટા હતી; તેનાં ભવાંની ભવ્ય કમાનોમાં ન સેવાય એવાં કામબાણનું સંધાન હતું. આ બધું કાક જોયું. અપૂર્વ અંગ–લાલિત્યના નિરીક્ષણથી હૃદયમાં પેદા થતા મર્મભેદક સંગીતના કાને ન સંભળાય એવા તાનમાં તેનું મન લીન થયું; નાગની માફક ડોલવા લાગ્યું. જે મોહીનીએ ચળાવ્યા દેવ ને દાનવ, તેના આગળ બિચારા કાકનો શો હિસાબ ! ચંદ્રકિરણો, તરંગોની પરંપરા,

પવનની લહરીઓ, તેમની હોડી, બધાં સ્વેચ્છાનુસાર નર્તન કરી રહ્યાં હતાં. છતાં કાકનું હૃદય સુતેલી મંજરીના વાળની લટ જેમ નાચતી તેમ જ નાચતું.

થોડીવારે કાક પણ ઉંઘી ગયો. તે જાગ્યો ત્યારે સૂર્યોદય થવાની તૈયારી હતી; અને મંજરી હોડીની એક બાજુએ હાથ પાણીમાં લટકતો રાખી પોંચા વતી પાણી કાપતી હતી. સૂર્યના કાઞ્ચમમતા વિનાના પ્રકાશમાં કાકને મંજરી રાતથી જુદી લાગી. રાતના સ્વપ્ન–સુંદરીનું જે અનુપમ સૌંદર્ય લાગતું હતું તે દિવસે, વિકસતા યૌવનમાં મહાલતી લક્ષ્મીની અદ્ભુત તેજસ્વિતા દેખાઇ. રાતે તે રસશિખરની ટોચ પરથી જોતો હતો; અત્યારે પૂજ્ય ભાવના પાતાલમાંથી જોવા લાગ્યો.

તે ઉઠ્યો અને તેને જોઇ મંજરી જરા હસી. તેના હાસ્યમાં મીઠાશ હતી; પણ સાથે સત્તાધિકારી સામ્રાજ્ઞીનો ગર્વ પણ હતો. કાકે હોડી કીનારે રખાવી અને બન્ને જણ ઉતર્યાં.

"આપણે કયાં જઇએ છીયે?"

"મારો વિચાર સાબરમતી વાટે કર્ણાવતી જવાનો છે. મારા મહારાજ ત્યાં છે. તે વાટ જોતા હશે."

"કેટલા દિવસ લાગશે?"

"છ સાત દિવસ થશે. બધે યુદ્ધની તૈયારી ચાલે છે. અને હું જ આમ રખડ્યા કરૂં તે કેમ ચાલે?"

મંજરીએ જવાબ દીધો નહિ.

"હું તમને કર્ણાવતીમાં મુકી મહારાજ પાસે જઇશ."

"પછી?"

"લડાઇ પતશે એટલે હું પાછો આવી તમને પાટણ લઇ જઇશ. નહિ તો કોઇની સાથે ગજાનન પંડિતને કહાવીશ કે તમને આવીને લઇ જાય. એટલામાં કીનારાથી થોડે દૂર આવેલું મહાદેવનું એક ખંડીએર થઈ રહેલું મંદિર તેને દેખાયું. તેની બાજુમાં એક ગાય ચરતી હતી.

"ઉભાં રહો. હું તપાસ કરી આવું. કોઇ હોય તો કાંઇ દુધબુધની ગોઠવણ કરૂં."

"ચાલો હું પણ આવું" કહી ગર્વથી ડગલાં ભરતી, વનદેવી સમી મંજરી સાથે સાથે મંદિરમાં આવી. ત્યાં એક વૃદ્ધ બ્રાહ્મણ રહેતો હતો, તેણે એ બન્નેને માટે દુધની અને રાંધવાની સોઈ કરી આપી.

"હું રાંધીશ તે તમને ખપશે?"

"હા. તમે પણ બ્રાહ્મણ જ છો ને." જરા હસતાં કાકે કહ્યું. જવાબમાં મંજરી તિરસ્કારની નજરે જોઇ રહી. બ્રાહ્મણની જાત જાણ્યા વિના તેના હાથનું ખાવા તયાર થવું તે તેને હલકાપણાની નીશાની લાગી. "તમારો વેદ કયો?"

"ઋગ્વેદ."

"શાખા?"

"શાકલ શાખા."

મંજરી જરા હસી અને નહાવા ગઇ. તે નાહીને આવી ત્યારે કાક લાકડાં વીણી લાવ્યો હતો. નાહીને મંજરી પાછી આવી ત્યારે મંદિરને ભાંગેલે ઓટલે ઉભી રહી સાગરને મળતી સાબરમતીનો પ્રવાહ જોઇ રહી. તેના મોઢા પર ઉલ્લાસ પ્રસરી રહ્યો હતો.

"કાક ભટ્ટજી! જુઓ." ઉત્સાહથી તે બોલી. આટલા વખતમાં ઉત્સાહ તેણે અત્યારે જ બતાવ્યો હતો.

"શું સુંદર! મારા પિતા અત્યારે હોય તો કેવા ગાંડા થઈ જાય!"

"કેમ?" ગાંડા થવા જેવું શું હતું તેની સમજ નહિ પડવાથી કાકે પુછયું.

"જુઓની. સરિતા શું વહે છે? પુરૂરવાનો ભ્રમ કેવો ખરો લાગે છે?" કહી તેના સંસ્કારી કોયલ સમા સ્વરથી તે બોલી.

"तरंगभ्रूभंगा क्षुभितविहगश्रेणिरशना विकर्षन्ती फेनं" १

કાવ્ય અને સૃષ્ટિસૌંદર્યને એકરૂપ અનુભવવાથી ઉછળેલા ઉલ્લાસ-

---

१ માલવિકાગ્નિમિત્રના વિષ્કંભકમાં પુરૂરવા નદીને નાસી જતી ઉર્વશી સાથે સરખાવે છે "તરંગરૂપી ભવ ચઢાવી, ખળભળી હડેલાં પક્ષિઓની મેખલારૂપી ફીણ (રૂપી ઉતાવળમાં ખસી ગયેલું લુગડું) ખેંચતી."

વાળી તેની ચમકતી આંખો કાક પર પડી. કાક જરા મૂઢ જેવો તેની સામું જોઈ રહ્યો હતો. સૃષ્ટિસૌંદર્ય કે કાવ્યનો અભ્યાસ કરવાનો અવકાશ તેના જીવનમાં નહોતો; નિત્ય-કર્મમાં જરૂર પડે તે ઉપરાંત સંસ્કૃત ભાષા તે નામની જ જાણતો હતો; એટલે મંજરી શું કહેવા માગતી હતી તેનો માત્ર ખ્યાલ જ આવ્યા શિવાય બીજી કાંઇ સમજ તેને પડી નહિ.

મંજરી તેની અજ્ઞાનતા પામી ગઇ; તેના મ્હોપર પથરાયલા ઉલ્લાસ પર સખ્તાઇનું વાદળ આવ્યું; તેના હોઠ, તેનું નાક તિરસ્કારમાં મરડાયાં.

"તમને સંસ્કૃત નથી આવડતું?" ડામે એવી ટાઢાશથી તેણે પુછ્યું.

કાક શરમાઇ નીચું જોઇ રહ્યો; ખુંજલ અને ઉદાની કસોટીએ પોતે ચઢ્યો હતો તે વીસરી ગયો; અલ્પતા અનુભવી; પોતાની મૂર્ખાઇ માટે શરમીન્દો થઇ ગયો.

"લાટમાં બ્રાહ્મણો ભણુતા નથી?"

"ભણનાર ભણે છે. હું તો મુહોમાં જ ઉછર્યો છું."

"વારૂ." જાણે પોતે ઉચ્ચ ભૂમિકાની હોય તેમ અસ્પર્શતાથી જરા ટટાર થતાં મંજરીએ કહ્યું "તમે નાહી આવો. હું રાંધી મુકું."

કાકના સ્વમાનના કચરાઇને ચુરા થઇ ગયા હતા; અને તે નદીએ ગયો ત્યારે રડવા જેવો થઈ ગયો હતો. આ બ્રાહ્મણે તેને સ્પષ્ટ રીતે દેખાડ્યું હતું કે તે ગમે તેવો શરવીર હોય, મુત્સદ્દી હોય તો પણ અલ્પ, અને અસંસ્કારી હતો. તેણે આસપાસ જોયું, પણ કાદવવાળી તોફાની નદી, છુટાંછવાયાં ઝાડ, અને ઉડતાં ધોળાં પક્ષિઓ શિવાય કાંઇ જોઇ શકયો નહિ. તેણે નીસાસો મુકયો. ક્યાં મંજરી અને ક્યાં તે પોતે?

કાક અને મંજરીએ ખાધું અને મુસાફરી પાછી શરૂ કરી. મંજરી થોડું બોલતી, કાકની તરફ મહેરબાની કરતી હોય તેમ ગર્વથી અને દયાથી જોતી; અને કાક પોતે નન્દી, પાર્વતીને જે માન આપે, તેવા માનથી તેની સામું જોઇ રહેતો, અને તેની જરાયે જરા ઇચ્છા પરિપૂર્ણ કરવામાં કૃતાર્થતા માનતો.

મંજરીનો સ્વભાવ ગર્વિષ્ઠ હતો, તેના સંસ્કાર ઘણા શુદ્ધ અને ઉંચા હતા; પણ તેનું હૃદય નીખાલસ હતું અને તેનો સ્વભાવ સરલ અને આનંદી હતો. તે અનેક પ્રકારની વાતો કરતી અને સાંભળતી; અને પોતાની જડતાથી ગભરાઇ ફાક વધારે બોલતો નહોતો તો પણ તે કરે તેટલી વાતમાં જરા અભિમાનથી, અને સ્નેહભરી કૃતજ્ઞતાથી રસ લેતી.

ફાકને એટલું બસ હતું; તે સાતમા સ્વર્ગમાં રહ્યો રહ્યો વખત વીતાવતો. તે રાજખટપટ તેમ જ યુદ્ધ પ્રકરણ ભુલી જવા માંડ્યો. રસ્તે થોભતાં, મુકામ કરતાં, ભરતી ઓટથી રોકાતાં, થાક્યાં પાક્યાં તેઓ નવમે દિવસે કર્ણાવતી પહોંચ્યાં. તે દાદાક મહેતાને-કર્ણાવતીમાં નીમેલા નાગર મંત્રિને મળ્યો. ખંભાત જતી વખતે તે ત્રિભુવનપાળને મળ્યો ત્યારે દાદાકને તે મળ્યો હતો એટલે તેણે તેનો સત્કાર કર્યો. ફાકે નળ તરફ મંડલેશ્વર ગયા હતા ત્યાં જવાની ઇચ્છા દર્શાવી એટલે ફાક પાછો આવે ત્યાં સુધી મંજરીને પોતાને ત્યાં જ રાખવાનો દાદાકે આગ્રહ કર્યો. ફાકે તે કબુલ કર્યો. ફાક પાંચાલેશ્વર તરફ જવા નીકળ્યો ત્યારે મંજરીને મળ્યો. પોતાના જ મનોરાજ્યમાં હમેશાં રમી રહેતી હોવાથી મંજરીને સંસારનાં સુખ-દુઃખ કે વિયોગ-સંયોગની બહુ અસર થતી નહોતી, તેણે સ્વાસ્થ્ય સાચવી, શાન્તિથી ફાકને આશિષ આપી. ફાક વિદાય થયો ત્યારે તેનું હૃદય અનિવાર્ય ભાવોથી ભરેલું હતું.

પાંચાલ તરફ ત્રિભુવનપાલ કેમ ગયા છે તેની દાદાકને ખબર હતી, એટલે તેણે ફાકની સાથે પચાસ સવાર આપ્યા. તે બધાને લઇ ફાક દડમંજલ પાંચાલેશ્વર તરફ ચાલ્યો.

## પ્રકરણ ૨૦ મું.

## નવઘણ રા'ની પુઠે.

ફાક તેના અનુચરો સાથે કર્ણાવતીથી નીકળ્યો એટલે પોતે ગુમાવેલા વખતને માટે પસ્તાવો કરવા બેઠો. મંજરીની સાથે કરેલી મુસાફરીમાં તેના હૃદયે અવર્ણનીય આહ્લાદો ચાખ્યા હતા; છતાં ઉદાને મહાત

ન કરી શક્યો, મતીબને હાથથી ખોયો, અને જયદેવને શું મોઢું બતાવશે એવા એવા અનેક વિચારોથી તેનું મન ચણચણવા માંડ્યું. આ ચણચણાટ તેણે પોતાના ઘોડાપર કાઢ્યો; અને ત્રિભુવનપાલનું લશ્કર કઇ તરફ છે તેની તપાસ કરતો કરતો તે ઝપાટાબંધ આગળ વધ્યો.

રસ્તે તેણે અનેક ઉડતી ગપો સાંભળી. કોઇએ કહ્યું ત્રિભુવનપાળ જુનાગઢ તરફ ગયા; કોઇએ કહ્યું નવઘણ મરાયો; કોઇએ કહ્યું ત્રિભુવનપાળની હાર થઇ. કાકને આ વાત ગલત લાગી કેમકે મહા વદ બારસને દિવસે નવઘણ એના સામન્તોને પાંચાલેશ્વરમાં મળવાનો હતો; અને તે પહેલાં કાંઇ યુદ્ધ થાય એવી વકી લાગતી નહોતી.

જેમ જેમ તે મળની પાસે આવતો ગયો તેમ તેમ ઉજડ ગામડાં, લશ્કરના પડાવની જગા વગેરે આગળ વધતા સૈન્યની નિશાનીઓ દેખાઇ. એ સૈન્ય કોનું, ગુજરાતનું કે સોરઠનું તે પ્રશ્નનું નિરાકરણ શોધતો તે આગળ ચાલ્યો. રસ્તો નિર્જન હતો; આસપાસનો પ્રદેશ ઉજડ હતો. થોડો વખત કાંઇ ખબર નહિ મળવાથી કાકને ચિન્તા થવા લાગી.

મહાવદ નોમે સવારે એક કુવા આગળ થોડો વખત પહેલાં જ વીસ પચ્ચીસ સ્વારો ઉતાવળમાં વિસામો ખાઇ ચાલ્યા ગયા હોય તેમ કાકને દેખાયું; અને તપાસ કરતાં માલૂમ પડ્યું કે એ સ્વારો પાંચાલેશ્વરની દિશાએથી આવી જસદણ તરફ જતા હતા. કાક વિચારવા બેઠો, આટલા થોડા સ્વારો ત્રિભુવનપાળના નહિ હોય; નવઘણ રા' સોરઠ તરફ પાછો જાય તે બને નહિ; ત્યારે આ કોનાં માણસ ?

કાકે તપાસ કરવા વીસ માણસોને તેમની પાછળ મોકલ્યાં અને એ કોણ છે તે નક્કી કરી જવાબ લાવવાનો હુકમ કર્યો. તે સ્વારો ગયા એટલે કાક ધીમે ધીમે મુસાફરી શરૂ કરી કે જેથી ખબર લઈ પાછા આવનારા તેને મળી શકે.

સાંજ પડી પણ તેમાંનું કોઇ જણાયું નહિ, એટલે કાકને વધારે ચિન્તા થવા લાગી. આખા દિવસમાં કાંઇ સમાચાર મળ્યા નહોતા. વખત છે ને ત્રિભુવનપાળ હાર્યો તો નહિ હોય ? આ શંકાનું સમાધાન કરવા

સહેલામાં સહેલો રસ્તો પાંચાલેશ્વર તરફ જવાનો હતો, કારણ કે એક મોટું સૈન તે તરફ ગયું હતું એ તો રસ્તાની સ્થિતિ પરથી સ્પષ્ટ લાગતું હતું. ઝાકને લાગ્યું કે તે ગુજરાતનું જ હોવું જોઇએ. સાંજ પડી કે તેણે મશાલો ચેતાવવાનો હુકમ કર્યો અને દોડતે ઘોડે આગળ ધસવા માંડયું. એના ત્રીશ અનુચરો બાહોશ અને ચુનંદા હતા તે પણ હિમતથી નાયકની જોડે ગયા.

એકદમ ઘોડાનાં પગલાંના પડઘા થયા. ઘોડાક માણસો ઘણી જ ઝડપથી પાંચાલેશ્વરથી આવતા સંભળાતા હતા. તે પચાસ સોએક લાગ્યા. તેમની ઝડપ અસ્વાભાવિક અધૈર્ય દેખાડતી હતી. ઝાકે એકદમ મશાલો હોલવવાનો હુકમ કર્યો, અને આવતા માણસોને ઘેરી લેવા પોતાના માણસોના બે વિભાગ કર્યા. ઝાકને એટલું તો સ્પષ્ટ જ લાગ્યું કે બારસ પહેલાં કાંઇ યુદ્ધ થયું હોવું જ જોઇએ. પરિણામ શું થયું હશે ?

અંધારી રાત સમસમાટ કરી રહી હતી. આ તરફ ઝાકના માણસો આતુરતાથી વાટ જોતા હતા; સામી બાજુએ નવા આવનારાઓ ધસતા આવતા હતા. એકદમ અંધકારમાં એક ઘોડેસ્વારનો ઓળો એક તરફ ટેકરો હતો તે ઉપર દેખાયો. તે ત્યાં થોભ્યો. બે પળમાં ચાર, દસ પચીસ ઘોડેસ્વાર દેખાયા. તેઓ કાંઇ મસલત કરતા જણાયા. તે બધા ઝાકના માણસો તરફ ધસી આવ્યા.

"જય સોમનાથ" ની ઘોષણા કરી ઝાકે ઘોડાને એડ મારી; ત્રીશ માણસો નાગી તરવાર સાથે સામે આવતા માણસો પર તુટી પડયા. સામે આવનારના નાયકે તરવારના એક સચોટ ઘાથી એક સૈનિકને ઠાર કર્યો: અને "જય સોમનાથ"ની બુમ મારી. ઝાક ચમકયો; તેનું હૈયું કુદી ઉઠયું. પ્રચંડ ગર્જના કરી તે ગાજી ઉઠયો. "જયસિંહદેવ મહારાજનો જય!" "ત્રિભુવનપાલ મહારાજનો જય!" સામી ટુકડીએ પણ એ જ ઘોષણાનો પ્રતિશબ્દ કર્યો–દરેકનાં હથિયાર, દરેકના ઘોડા જ્યાં હતા ત્યાંના ત્યાં પાષાણવત્ નિશ્ચલ થઇ રહ્યા. ચકમકો ધસાઇ. મશાલો સળગી. ઝાક અને સામેનો નાયક ઘોડા પરથી કુદ્યા–એક બીજાને વળગી પડ્યા. "કોણ મહારાજ!" "કોણ ઝાક!" એ નાયક ત્રિભુવનપાલ મંડલેશ્વર હતો.

આ વીર જયદેવનો ભત્રીજો, તે સમયના વીર શિરોમણિ દેવપ્રસાદનો પુત્ર, મુંજાલ મહેતાનો ભાણેજ, રાજમાતા મીનલદેવીનો ભત્રીજો કાશ્મીરાદેવીનો પતિ અને હાલ લાટનો દંડનાયક, "પાટણની પ્રભુતા" ના વાંચનારને અજાણ્યો નહિ હોય. તે સમયના ગુજરાતમાં તે સંબંધે અને શૌર્યે અપ્રતિમ મનાતો, નીતિ અને ટેકમાં રામચંદ્રજીની ઉપમા પામતો, વીરતામાં અને દુશ્મનનું દલન કરવામાં તેના પરદાદા ભીમદેવ સોલંકીનું સ્મરણ કરાવતો, તે પાટણની પ્રજાની આંખની કીકી હતો. આ નરપુંગવ શરીરે ઉંચો, જરા શામળો હતો. તેની પ્રચંડ ભુજા અને વિશાળ છાતી તેની અદ્‌ભુત શક્તિની સાક્ષી પુરતાં; તેનું સ્વરૂપવાન મોઢું, મોટી ભલી આંખો, જરા જરામાં ઝુલી ઉઠતાં; તેજી સ્વભાવ સૂચવતું નાક તેના ઉમદા, સીધા, ટેકીલા સ્વભાવનો ખ્યાલ દેતું. અત્યારે મશાલોના ઉજાસમાં પાઘડી વિના વેરાયલા વાળની ભવ્યતામાં તેનું મોઢું, શ્વાસથી ફાટેલું નાક અને ચમકતી આંખો દુર્જય પ્રતાપ પાડી રહ્યાં.

"આપ કયાંથી, અત્યારે?" કાકે પુછ્યું.

"હું? તું ખંભાતથી આવે છે તે તને ખબર નહિ હોય. હું કર્ણાવતીથી નીકળ્યો ત્યારે મને ખબર પડી કે નવઘણ રા' વદ ચોથ પાંચેમનો પાંચાલમાં આવી પહોંચ્યો છે. તે ખબર પડતાં જ હું પાંચાલ પર પડ્યો."

"પછી?" આતુરતાથી કાકે પૂછ્યું.

"પરમ દિવસે મેં પાંચાલ લીધું ને રા' નું લશ્કર પકડાયું. પણ નવઘણને આગલે દિવસે ખાત્રી થઇ કે પાંચાલ પડવાનું, એટલે થોડા સ્વાર લઇ તે નાઠો. મને એ ખબર પડી કે મેં પુઠ લીધી."

"તે પકડાયો નથી?"

"ના રે. તમારી મશાલો જોઇ મને લાગ્યું કે રા' પકડાયો."

"ત્યારે મહારાજ! તે દૂર નથી."

"કેમ?"

"આજે સવારે જસદણને રસ્તે પાંત્રીશ સ્વારો ગયા છે એમ મને

લાગ્યું. મેં તેમની પુઠે માણસો મોકલ્યાં છે; પણ હજુ ખબર આવી નથી."

"જરૂર નવઘણ રા' જ હશે. હરકત નહિ. તે અડધો દહાડો આગળ છે એટલું જ કેની? તારા ઘોડા કેવા છે?" ત્રિભુવને પુછ્યું.

"જેવા જોઇએ તેવા."

"ઠીક ત્યારે વખત ખોવામાં માલ નથી. એક સારો ઘોડો મને આપ. મારો તો મરણ તોલ થઇ ગયો છે." કહી મંડલેશ્વરે ઘોડો બદલ્યો.

"મહારાજ! ત્યારે જયસિહદેવ મહારાજ આવી નહિ પહોંચ્યા હોય?" બન્ને ઘોડાઓ આગળ ચાલ્યા, અને બીજા માણસો જરા પાછળ રહ્યા કે કાકે પુછ્યું.

"ક્યાંથી આવે? ને આવી વખતે વાટ જોઈ બેસી પણ રહેવાય?"

"ત્યારે પાંચાલમાં હમણાં કોણ છે?"

"મારો સેનાપતિ."

કાકે જરા ખેદથી ડોકું ધુણાવ્યું.

"કેમ?" ત્રિભુવને પૂછ્યું. "મેં પાંચાલ લીધું તેની અદેખાઇ કરે છે?"

"મહારાજ! તમારી હોડ્યનેડ કોઇથી થઈ છે કે મારાથી થશે? પણ જયદેવ મારાજ મારા પર ગુસ્સે થવાના."

"શા સારૂ?"

"એક તો પાંચાલ લેવાનો લ્હાવો ગયો તેથી; અને—"

"અને—"

"અને જે કામે હું ખંભાત ગયો હતો તે ન થયું તેમાં."

"ખંભાતમાં કાંઈ નહિ કરી શકયો?" મંડલેશ્વરે પૂછ્યું.

"કર્યું તો ઘણુંયે. ડોશીયે દળ્યું તો આખી રાત–પણ માત્ર ભરાયું એક કોડીયું જ."

"કોડીયું તો આવ્યું ને. કોડીયું કેવું એક છે?" જરાક હસતાં મંડલેશ્વરે પૂછ્યું. અંધારૂં હતું તેમાં, નહિ તો કાકના મોઢાપર આવેલી શરમ જોઈ મંડલેશ્વર વધારે હસત.

"વાત જ કરવા જેવી નથી. આપ કવિકુલ શિરોમણિ રૂદ્રદત્તને ઓળખતા હતા?"

"હા. શા સારૂ નહિ? એ તો ગજ્જનન પંડિતનો મિત્ર."
"તે જ. તેની છોકરીને સાખ્ખી બનાવતા હતા."
"વારૂ! તેને ઉપાડી લાવ્યો."
"શાબાશ. બરોબર વાત તો કર."

ઘોડાની ઝડપમાં જેમ વાત થાય તેમ કાકે ત્રિભુવનને પોતાનાં ખંભાતનાં પરાક્રમનું પુરાણ કહ્યું અને પોતાને કાંઈ થાય તો મંજરીની સંભાળ લેવાની સોંપણ કરી. ત્રિભુવને જરાક મજાક કરી તેમ કરવા કબૂલ કર્યું; અને ઉદા મહેતાને ફેમ સીધો કરવો તેની યોજનાઓ ઘડતા બન્ને જણ ચાલ્યા.

સવારને પહોર તેમને કાંઈ પત્તો મળ્યો; રસ્તે બે એક મરેલા ઘોડાઓએ દિશા સુઝાડી. ઘડી બે ઘડીમાં તેઓ એક તળાવને આરે આવી પહોંચ્યા. ત્યાં ઝપાઝપીનાં સ્પષ્ટ ચિન્હ હતાં; અને તે ઉપરથી તેઓએ એમ અનુમાન બાંધ્યું કે કાકનાં માણસોને નવઘણના રસાલાનો અહિયા ભેટો થયો હશે. ત્રણ મુડદાં ઝપાઝપી હાથોહાથ પર આવી હશે તેની સાક્ષી પૂરતાં હતાં. ત્રણ ચાર પ્રહોર પહેલાં ત્યાં મારામારી થઇ હશે એવી તેઓએ કલ્પના કરી.

ઘોડાઓનાં પગલાં જોતાં, આગળ જનારને પકડવા બનતી ઉતાવળ કરતા તેઓ આગળ ધપ્યા. ચાર ઘડી આમ ગઈ અને બે રસ્તા આવ્યા. એક ભોમીયાએ જસદણનો રસ્તો બતાવ્યો. તે રસ્તે ઘણા ઘોડેસ્વાર ગયા હતા એટલે તે તરફ ત્રિભુવન વળ્યો. થોડે જઈ કાકે તેને રોકયો, અને બીજો રસ્તો સરધારનો હતો તે તરફ ફર્યો.

"મહારાજ, આ તરફ જવું નિષ્ફળ છે."
"ફેમ?"
"નવઘણ સરધારને રસ્તે ગયો છે."
"ફેમ?"
"આમ જુઓની. આ બે રસ્તાનો લાભ લઈ બચવાને ખાતર રા' એ સરધારનો રસ્તો લીધો લાગે છે એનાં માણસોનાં પગલાં જસદણ તરફ

જાય છે, અને ત્રણ ચાર ઘોડાઓ જ માત્ર સરધારને રસ્તે જતા દેખાય છે. આપણાં માણસોએ ભૂલ કરી."

"હા. એમ લાગે છે ખરૂં."

"ત્યારે આપ રજા આપો તો હું પાંચ માણસ લઈ સરધારને રસ્તે જાઉં."

"નહિ. કાક! હું ને તું બન્ને જઇએ." મહત્વાકાંક્ષી મંડલેશ્વરે કહ્યું. "ને જસદણ તરફ ગયા હશે તો આપણાં માણસો બધાને પકડવા બસ છે. પણ આમ એકલો હોય તો તેને એકલે હાથે મહાત કરવાની વાત જૂદી જ."

"જેવી મહારાજની આજ્ઞા."

ત્રિભુવનપાલે પોતાનાં માણસોને જસદણ તરફ મોકલ્યાં; અને કાક અને પાંચ ચુનંદા સ્વારો પોતાની સાથે લીધા.

બે ત્રણ ઘડીની સખત દોડ પછી તેઓ એક ઉંચાણ પર આવ્યા. ટેકરીની ટોચ પર પહોંચતાં મંડલેશ્વરે ખૂમ મારીઃ

"પેલો રા' જાય!"

## પ્રકરણ ૨૧ મું.

### રા' સપડાયો.

ત્રિભુવનપાલનું ધ્યાન બરોબર પહોંચ્યું હતું. આગળ દોડી જતા ચાર ઘોડેસ્વારમાંનો એક જુનાગઢનો નવઘણ રા' પોતે હતો.

રા'ને આ વખતે તે પાટણ લેશે જ એમ ખાત્રી થઈ હતી. તેના જાણવા પ્રમાણે શાન્તુ મહેતા ભોગપુર હતા; ત્રિભુવનપાલ લાટમાં હતા; પરશુરામ સોરઠનો સેનાપતિ દ્વારકા તરફ હતો; મુંજાલ જાત્રાએ ગયો હતો. દેશળદેવે મદદનું વચન આપ્યું હતું. મહા વદ બારસે પાંચાલેશ્વરમાં સામન્તો ભેગા કરી ગુજરાત પર તુટી પડવાનું જ માત્ર બાકી હતું. પાટણ લેવા અધીરા બનેલો રા' દશ દિવસ વહેલો પાંચાલ આવ્યો.

પણ સોલંકીની કુલદેવી જાગતી જ્યોત એડી હતી; તેણે બે પુરુષને

દિવ્ય ચક્ષુ આપ્યાં. એક મુંજાલ; અને બીજો કાક. મુંજાલ એકદમ પાટણ આવ્યો, તેણે પરશુરામને રા'ની પાછળ મોકલ્યો, દેશળને લોગપુર મોકલ્યો; કાકે કૃષ્ણદેવનો સંદેશો જાણી લીધો, દેશળને ઉંધી ખબર આપી અને ત્રિભુવનપાલને વખતસર પાંચાલ મોકલ્યા. પરિણામે પાંચાલ પડ્યું; અને જુનાગઢની રાહ ખોળતા રા'ને જીવ લઈ નાસવું પડ્યું.

પેલા ચાર સ્વારોને જોઇ કાક અને ત્રિભુવનપાલ પોતાના સ્વાર સહિત, પળ પણ શ્વાસ ખાધા વિના પાછળ પડ્યા. તે ટેકરીની નીચે ઉતર્યો એટલે આગળ દોડી જતા સ્વારો દેખાતા બંધ થયા. પણ તેમના ઘોડાનાં પગલાંના પડઘા સંભળાયા કરતા હતા. ત્રિભુવને અધીરાઈમાં ઘોડાપર બનતો જુલમ કર્યો; અને આટલી ઝડપ ન બની શકવાથી એક સ્વારનો ઘોડો ઠોકર ખાઈ ભોંયપર પડ્યો.

દરેક પળની કિમત યુગ જેટલી હતી. ત્રિભુવને કે કાકે પડતા સ્વાર સામું જોયું નહિ; માત્ર ઘોડાને વધારે જોરથી એડ લગાવી. ચારે પગે ઉછળતા અશ્વો શરની શક્તિથી આગળ વધવા લાગ્યા. ઘડી બે ઘડી ગઇ, અને રસ્તે એક મરણતોલ ઘોડી અને બેભાન પડેલો સ્વાર મળ્યાં. નવઘણ રા'નો એક સાથી પડ્યો હતો.

"કાક! તારો ઘોડો કેમ છે?"

"કાંઇ વાંધો નથી. પણ આપણા સ્વારો આવી રહેવા લાગ્યા છે."

"હરકત નહિ. આગળ વધો."

બધા પ્રાણુ તેમના કાન અને એડીમાં આવી અટક્યા હતા. આગળ જતા ઘોડાના પડઘા પાસે આવતા સંભળાતા હતા; અને તે ઘોડાના અવાજ સાંભળી આગળ જનારાઓ વધારે ઝડપ કરતા હતા. શીકારી અને શીકાર બને આગળ ધપતા હતા; એક મારવાની હોંસે, બીજો મરવાની બીકે.

ત્રિભુવનનો બીજો એક સ્વાર પડ્યો. આગળ જતા ત્રણ સ્વારો હતા; આ લોકો પાંચ રહ્યા. ઘોડાઓમાં પણ તેમના સ્વારોની હિમત અને શક્તિ આવ્યાં હતાં; તે જાનવર નહોતા પણ જીવતી જાગૃણોની માફક આગળ વધતા તેઓએ જંગલ વટાવ્યું.

સામે ખુલ્લા મેદાનમાં ત્રણે સ્વાર નાસતા તેમણે જોયા. ત્રિભુવન અને કાકના ઘોડાઓ લોહી તરસ્યા થઈ તેમની પાછળ પડ્યા.

"મહારાજ! આજ્ઞા હોય તો બાણ વાપરું. હવે પહોંચશે."

"ના. ના. રખે નવઘણ પડે. શત્રુને મારવો શા કામનો? પકડવો જોઇએ." ટકોરો રજપુતરાજ બોલ્યો.

ત્રિભુવન અને કાક બે જ માત્ર આગળ વધ્યા; તેમના અનુચરોના ઘોડાઓ જરા પાછળ રહી ગયા હતા. નવઘણના સ્વારો ને આ બે વચ્ચે અંતર ઓછો ને ઓછો થવા માંડ્યો. એકદમ આગળ દોડતા સ્વારોએ કાંઈ નિશ્ચય કર્યો હોય એમ જણાયું. બે જણ ધીમા પડ્યા; એક આગળ નાઠો.

"મહારાજ!" કાકે કહ્યું "આ બે આપણને રોકવા આવે છે. પેલો રા' નાઠો."

"હરકત નહિ."

"જો જો પેલો શર સાંધે છે" કાકે કહ્યું.

પેલા સ્વારો માત્ર પચ્ચીસ કદમ દૂર રહ્યા. જોતજોતામાં એક બાણ આવ્યું, અને ત્રિભુવનપાલના ખભામાં વાગી દૂર પડ્યું. મંડલેશ્વરે સિંહ-ગર્જના કરી, અને તરવાર કાઢી પેલા બે પર ધસ્યો. કાક બીજી વખત સલાહ પુછવા રહે એમ નહોતો. તેણે ચાપ ચઢાવ્યું અને ત્રિભુવનપાલને તીરથી ઘાયલ કરનારના ઘોડાને ભોંયપર પાડ્યો. તેણે પડતાં પડતાં, નિરાશાની ઝનુનથી છુટી તરવાર કાકપર ફેંકી. કાક નીચો વળ્યો અને તરવાર માથાપરથી ચાલી ગઇ. બીજી પળે ત્રિભુવનના ભાલાથી વિંધાયેલો બીજો સ્વાર ભોંય પર પડ્યો.

આટલું કાર્ય સાધતાંવાર જ બે ઘેરાયલા વાઘ વિફરીને પાંજરા બહાર કૂદે તેમ કાક અને ત્રિભુવનના ઘોડા કૂદ્યા. સાંજ પડવાને હવે થોડી વાર જ રહી હતી. રા'ના ઘોડા અને તેમના ઘોડા વચ્ચે અંતર વધ્યો હતો; અને તે અંતર કાપવા ઉત્સુક બનેલા બે વીરોએ બનતી ઉતાવળ કરી. માત્ર હવે ઘોડાના પગ પર જ રા'નું નશીબ આવીને અટક્યું હતું.

એકદમ કાકે અને ત્રિભુવને સામે એક નાનો વહેળો જોયો; અને

હર્ષનો પોકાર કર્યો. રા' હવે પકડાવાનો એમ તેમને ખાત્રી થઈ. પણ તે સોરઠી ઘોડાને અને તેની ઘુઘરીયાળી ઘોડીને તેઓ ઓળખતા નહોતા. એક પળ પાણીની પાસે ઘોડી ઠમકી; અને બીજી પળે, રા'ની એડને પ્રતાપે તે પંખાળી બની-હવામાં ઉડી-વહેળાને પેલે તીર જઈ પડી. ત્રિભુવન અને કાક બન્ને સ્તબ્ધ થઇ ગયા.

પણ બેમાંનું કોઇ પાછી પુઠ કરે એમ નહોતું. તેમણે પણ એડ મારી; બને હવામાં ઉડ્યા; પેલે પાર પડ્યા. કાકે પાછળ જોયું: અને તેનો જીવ ઉડી ગયો. ત્રિભુવનનો ઘોડો આ પાર આવ્યો હતો ખરો, પણ કુદતાં વામ બે વામ પાછો પડ્યો; ઘોડાના પાછલા પગ કાદવમાં ભરાઇ ગયા; મંડલેશ્વર અડધા ઘોડાની નીચે પડ્યા.

"કાક" તેણે ખૂબ મારી "મારી ફીકર કરતો નહિ. રા'ને છટકવા નહિ દેતો."

કાક ચેતી ગયો કે ત્રિભુવનપાળને કાંઈ ઘણી ઇજા થઇ નહોતી, એટલે તેને કાદવમાં પડતા મુકી પોતાના ઘોડાને ચારે પગે તેણે જવા દીધો. નવખણે પણ પુઠ ફેરવી જોયું નહિ. પાછળ એક માણસ છે કે પાંચ દસ તે જોયા વિના તેણે ઘોડી આગળ ને આગળ દોડાવ્યાં જ કરી. ઘડી ગઇ; બે ઘડી ગઇ; બને ઘોડા શ્વાસે ભરાવા લાગ્યા. વચ્ચે અંતર માત્ર પચ્ચીશ હાથનો હતો; પણ જ્યાં સુધી રા'ની ઘોડીનું પાણી ઓછું નહિ થાય ત્યાં સુધી હજાર જોજનનો હતો.

ઘોડી વારે એક ઉંચી ટેકરી સામે આવી તે ઉપરથી લઈ જતાં ઘોડી વધારે થાકે એમ ધારી રા'એ ટેકરીની બાજુ પરથી તેને લીધી. આગળ રા' અને પાછળ કાક એમ બન્ને જણે ટેકરીની પ્રદક્ષિણા શરૂ કરી. ટેકરીની પાછળ તે ગયા, નહિ ગયા-ત્યાં શું છે તે દેખાય, ન દેખાય તે પહેલાં બસેં માણસો ઝુમ પાડતા, એઠા હતા ત્યાંથી ઉભા થઈ જઈ આ બન્નેની ચારે બાજુએ વિંટળાઈ વળ્યા.

ટેકરીને ઓથે કોઈ સૈન્યનો પડાવ હતો. બાજુમાં આશરે પાંચસે સાતસે સાંઢણીઓ બાંધેલી હતી; અને બે હજાર સૈનિકો રાંધવાની સોઈ

કરી રહ્યા હતા. રા' અને કાક બન્નેનો શ્વાસ થંભી ગયો; બન્નેએ આ વિરુદ્ધપક્ષનું સૈન્ય છે એમ જાણ્યું. પણ જરા સ્વસ્થતા આવતાં કાકને નીરાંત વળી. આ પડાવની વચ્ચોવચ એક ઉંચા ટુંડા પર પતાકા ફરફરતી હતી; અને સાંજ પડવા આવી હતી છતાં તેના પર પાટણની સત્તાની સંજ્ઞા કાકને સ્પષ્ટ દેખાઈ. એક જરીએ ભરેલો કુકડો જેના પરથી જયસિંહદેવ ભવિષ્યના ઇતિહાસમાં તામ્રચૂડ-ધ્વજને નામે અમર થવાના હતા, તે સાંજની લહેરોમાં ઉડતો હતો.

કાકની પરીક્ષા ખરી હતી. આ સૈન્યનો નાયક સજ્જનમંત્રીનો મોટો પુત્ર, અને સોરઠનો સુબો ભટ્ટરાજ પરશુરામ હતો. પરશુરામ આ સૈન્ય લઈ અહિંયા પડ્યો હતો. એ પ્રતાપ મુંજાલ મહેતાનો હતો. કાકે રા'નો ગુજરાત પર ધસવાનો ખરાદો કળ્યો તે પહેલાં મુત્સદ્દી મહાઅમાત્ય જાત્રામાં ફરતાં ફરતાં રા'ની ઉપર ચોકી કર્યા કરતા હતા; અને નવઘણની હિલચાલની ખબર પડતાં પરશુરામને તેનો પીછો ઝાલવાનો હુકમ મોકલ્યો હતો. અને તે હુકમને તાબે થઈ ભટ્ટરાજ દડમંજલ પાંચાલ તરફ જતો હતો, અને રસ્તામાં જરા વિસામો ખાવા તેણે અત્યારે અહિંયા મુકામ કર્યો હતો.

કાક અને નવઘણ બન્નેને સૈનિકોએ પકડ્યા અને ભટ્ટરાજ પાસે લઈ ગયા. ત્યાં જતાં વાર જ દ્વામોચારણ જેને મુંજાલે ફરમાન લઈ મોકલ્યો હતો તે રા'ને ઓળખી ગયો.

"અરે રંગ છે રે મારા જુનાગઢના ધણી રંગ છે!" તે ભયંકર કટાક્ષમયતાથી મોટે અવાજે બોલી ઉઠ્યો "ક્યાં ગયા તમારા હણહણતા ઘોડા અને ક્યાં ગયા કરકટીયા અસવાર મારા રાજવી?" પરશુરામની આસપાસ બેઠેલા માણસો ખડખડ હસી પડ્યા, અને ઉભા થઇ આગળ આવ્યા.

નવઘણે દ્વારણના શબ્દો સાંભળી હોઠ કરડ્યા; તેની આંખમાંથી અગ્નિ નીકળ્યો. તેની ઘેાળી દાઢીથી તેનું ગુસ્સાભર્યું મોહું અનુપમ ગૌરવથી ઝળકી રહ્યું. તે એક અક્ષર બોલ્યો નહિ.

કાક બોલી ઉઠ્યો "મહારાજ! મને શું કામ કેદ કર્યો છે? હું "મંડલેશ્વર મહારાજનો સુભટ છું."

"મંડલેશ્વર?" પરશુરામે સખ્તાઈથી પુછ્યું.

મંડલેશ્વર ત્રિભુવનપાલ મહારાજ. આપને ખબર નહિ હોય કે મંડલેશ્વર મહારાજે પાંચાલ તો લીધું; અને આ રા'ની પુઠે પઙ્યા હતા. અને હું પણ તેમની સાથે જ હતો." સખ્તાઇની નિશ્ચલતાથી પરશુરામે તેની સામું જોયા કર્યું.

"હું કેમ જાણું?"

"પાંચાલ આપ જશો ત્યારે ખબર પડશે."

"પાંચાલમાં કોણ છે?"

"મહારાજ જયસિંહદેવ."

આ વાત ન માનતો હોય તેમ ભટ્ટરાજનો હોઠ જરા મરડાયો.

"બન્નેને સાંઢણી પર બાંધી લો. હવે કુચ કરીએ" કહી તે ફર્યો અને પોતાના હાથ નીચેના ભટ્ટોને હુકમ આપ્યો.

"મને કેદ કરો છો? જો જો પસ્તાશો" કાકે દાંત કચકચાવી કહ્યું.

એક અક્ષર બોલ્યા વિના પરશુરામ ચાલ્યો ગયો, અને મુછ કરડતો કાક, રા'ની સાંઢણીએ બંધાયો.



## પ્રકરણ ૨૨ મું.

## મંડલેશ્વરની શોધમાં.

પરશુરામના સૈન્યે પાંચાલનો માર્ગ લીધો ત્યારે કાકે ભટ્ટરાજનું ધ્યાન ખેંચ્યું કે ત્રિભુવનપાલ થોડા કોસપર પડેલા હતા. પરશુરામે કાકને રા'નો અનુચર ધાર્યો હતો એટલે વાત કલ્પિત ધારી બીજો જ રસ્તો લીધો; અને મંડલેશ્વર મહારાજ વગર મહદે રહ્યા. જેમ સૈન્ય આગળ ચાલ્યું તેમ નવા જુની મળતી ગઇ, અને આખરે પાંચાલ પઙ્યાની ખાત્રી

થવાથી પરશુરામે પોતાના બરકરની ટુકડીઓ કરી અને નાસતા દુશ્મનો પકડવા ચારે દિશામાં મોકલી.

કાક મનમાં વિચાર કરવા લાગ્યો કે તે આમ બંધાઈ પાંચાલ જશે તો બીચારા પરશુરામના શા હાલ થશે. ત્રીજે દિવસે પાંચાલથી નીકળેલી ટુકડી આવી મળી; અને જયસિંહદેવ મહારાજ ત્યાં આવી ગયા છે એમ બાતમી મળી. એ ટુકડીમાં પોતાનું કોઇ ઓળખીતું છે કે કેમ તે જોવા કાકે ફાંફાં માર્યાં પણ તેની સાંઢણી પાછળ હોવાથી તે કોઇને જોઈ શકયો નહિ. થોડી પળ વીતી અને એક સુભટ તેને ભટ્ટરાજ પાસે લઈ જવા આવ્યો.

કાક પરશુરામ પાસે ગયો ત્યારે તેની પાસે એક વૃદ્ધ બેઠો હતો અને થોડાક માણસો જરા દૂર ઉભા હતા. પરશુરામે તેને સખ્તાઇથી નીહાળ્યો.

"તું કહે છે કે તું મંડલેશ્વર મહારાજની સાથે હતો?"

કાકને આ સખ્તાઇથી ગુસ્સો આવ્યોઃ તે તબીયત વાળી બે પળ સુધી ભટ્ટરાજ તરફ તિરસ્કારથી જોઈ રહ્યો.

"મેં કહ્યું ત્યારે તમને સાંભળવાની પરવા નહોતી; હવે મને કહેવાની પરવા નથી." કાકે કહ્યું.

પરશુરામની આંખો ગુસ્સામાં ભભુકી ઉઠી; તેના સખ્તાઇથી દબાયેલા હોઠ જરા ધ્રુજ્યા; તેનો હાથ તરવાર તરફ ગયો. પેલા બુઢ્ઢા સુભટ પાછળ એક બે જણ બેઠા હતા તેમાંના કોઇએ તેને કાંઇ કહ્યું એટલે તે વચ્ચે પડી બોલ્યોઃ

"તમે કોણ કાકભટ્ટ?"

ગૌરવથી કાકે ડોકું હલાવી હા કહી.

"ત્રિભુવનપાલ મહારાજ કયાં છે?"

કાક બોલ્યો નહિ.

"અમે તેને ખોળવા નીકળ્યા છીયે. તે કયાં છે?"

"મને છુટો કરો. હું બોળી કાઢીશ. તેના મિત્ર અને સુભટ તરીકે તે અધિકાર મારો છે."

"તે નહિ બને" સત્તાપૂર્વક અવાજે પરશુરામે કહ્યું. "આ કાણુ છે તે હું જાણતો નથી; માત્ર રા'ની ભેડે તે સેારઠ તરફ નાસી જતો હતો એટલું જાણું છું–મહારાજના હુકમ સિવાય તેને હું નહિ છોડું."

"પણ મહારાજ"–પેલો વૃદ્ધ ચોદ્ધો બોલવા ગયો.

"પણ તે બણ. મારૂં શાસન તમે સાંભળ્યું વીરા! કેદીને પાછો લઈ જા." કહી ભટ્ટરાજે કાકને પાછો લઈ જવા હુકમ કર્યો.

કાકને પાછો લઈ જવામાં આવ્યો ત્યારે તે મુછમાં હસતો હતો. તેને ચિન્તા માત્ર એટલી જ હતી કે ત્રિભુવનપાલ કયાં પહોંચ્યા હશે.

રાત પડી. સાંઢણીએ બાંધેલો કાક આખો જાગતો પડ્યો હતો. એકાએક સાંઢણીની પાસે પડેલા સૈનિકો બેઠા થઇ કાકની ભેડે ધીમેથી વાત કરતા સાંભળ્યા. કાન ફફડાવી કાક જાગ્રત થઈ ગયો.

"મહારાજનો સખત હુકમ છે." એક સૈનિક બોલ્યો.

"ગાંડા!" એક અવાજ આવ્યો. તે અવાજ પેલા વૃદ્ધ યોદ્ધાનો લાગ્યો. "તું મને ઓળખતો નથી? મને જયસિંહદેવ મહારાજે મોકલ્યો છે. આ કાક ભટ્ટને સાથે નહિ લઇ જાઉં તો મંડલેશ્વર મહારાજ જોડે કેમ?"

"પણ બાપુ મારાથી આમ કેમ એને છોડાય? ભટ્ટરાજ અમારૂં માથું ઉડાડી મુકે."

"નહિ છોડે તો કાલે સવારે જયસિંહદેવ મહારાજ તમારૂં માથું ઉડાડશે."

"બાપુ! એ અમે જાણીએ. અમે તો અમારા નાયકને ઓળખીએ. એને જવા દઈ અમે કયાં જઇયે?"

"અમારી સાથે. મંડલેશ્વર મહારાજને ખોળવા" તે વૃદ્ધની સાથે ઉભેલા એક ચોદ્ધાનો અવાજ આવ્યો. કાક ચમકયો તે અવાજ પરિચિત લાગ્યો હતો.

"તમે ગભરાઓ છો શું કામ? હું છું ને મને ઓળખતા નથી?" કહી તેણે માથાનો ફેંટો કાઢી નાંખ્યો. "હું ભીનળ્યાની ભત્રીજી મુંજાલ

મહેતાની ભાણેજ વહુ. મારી સાથે ચાલો. કેની મગદૂર છે કે તમારો વાળ વાંકો કરી શકું? બોલો કેનો હુકમ માનશો, કાશ્મીરાદેવીનો કે પરશુરામનો?" ધીમે સાદે પણ પ્રતાપી ઉચ્ચારણથી પુરુષવેશમાં સજ્જ થયેલી કાશ્મીરાદેવીએ પુછયું. ચિત્રવત્ ઉભેલા સૈનિકો કાંઈ બોલી ન શકયા. તેણે સાંઢણી પાસે જઈ કાકને બાંધેલાં બંધનો પોતાની તરવારથી કાપી નાખ્યાં. કાક ઉભો થયો, અને કાશ્મીરાદેવીને પગે પડયો. "બા તમે?"

"તારા મંડલેશ્વર કયાં છે?"

"રા'ની પાછળ દોડતાં સરધારને રસ્તે કાદવમાં પડ્યા હતા, શરીરે સુખી છે. હું સાથે રહેત, પણ મને રા'ની પાછળ જવા ફરમાવ્યું."

"ઠીક, ચાલ! મારી સાંઢણીયો બેઠી થાય છે" કહી કાશ્મીરાદેવીએ માથે ફેંટો વીંટાળતાં આગળ ચાલવા માંડ્યું, અને પેલા ત્રણ સૈનિકો અને વૃદ્ધ યોદ્ધા સહિત કાક તેની પાછળ ચાલવા લાગ્યો.

થોડીવારે તેઓ છાવણીની બહાર આવ્યાં અને થોડે દૂર બાંધેલી સાંઢણીયો પલાણી બનતી ઉતાવળે સરધારને રસ્તે ચાલ્યાં. કાશ્મીરાદેવી, કાક અને પેલા વૃદ્ધ યોદ્ધા સાથે એ સાંઢણી પર બેઠી હતી. તેણે કાકને પહેલેથી છેલ્લે સુધી ઇતિહાસ કહેવા કહ્યું. કાકે તે પ્રમાણે કર્યું અને પુછયું "પણ બા! તમે કેમ આવે વેશે?"

"તેં જયદેવ મહારાજને બાતમી આપી હતી તે પ્રમાણે પાટણથી છાનામાનાં થોડાંક માણસો લઇ તેઓ નીકળ્યા. મોઢેરાથી પણ થોડાં માણસો લીધાં પણ અહિંયાં આવતાં તો મહારાજના ગુસ્સાનો પાર રહ્યો નહિ."

"કેમ?"

"કેમ શું–તેને પાંચાલ લેવાનો યશ નહિ મળ્યો તેમ. તારા પર તો ઘણા જ ગુસ્સે છે. તને ખબર છે?"

"શું?"

"અત્યારે પરશુરામ તને પાંચાલ લઈ ગયો હોત તો તું હાથીને પગે થાત. મહારાજ કહે છે કે તું મંડલેશ્વરને યશ અપાવવા તેમને વહેલો લઈ આવ્યો."

"એ પણ ખરૂં."

"હા. અને તારા મંડલેશ્વરે પાંચાલ લીધું તેથી મારી સાથે પણ ગુસ્સે થયા. અને તેમને શીખવવા પણ કેાઈને નહિ મેાકલવા એવેા હુકમ કર્યો. જયદેવને પણ હવે રાજસત્તાનેા નીશેા ચઢયેા લાગે છે."

"તેથી તમે આવે વેશે મંડલેશ્વર મહારાજની ખેાળ કરવા નીકળ્યાં?" કાશ્મીરા દેવીની હિમ્મત, અને બુદ્ધિ પર આફરીન થયેલા કાકે પુછયું.

"ત્યારે બીજું શું? " કાશ્મીરાદેવીએ કહ્યું.

રાત દિવસ દડમંજલ મુસાફરી કરતાં તેઓ સરધારને રસ્તે જ્યાં ત્રિભુવનપાલને કાદવમાં પડતાં કાકે જોયા હતા ત્યાં પહોંચ્યાં. મહામુશ્કેલીએ પગલાં પારખતાં પુછપરછ કરતાં, અથડાતાં કુટાતાં, આખરે પત્તો મેળવી તેઓ મંડલેશ્વરને એક ગામડામાં એક બ્રાહ્મણને ત્યાં મળ્યાં.

કાકે પહેલી વખત મંડલેશ્વરને અને કાશ્મીરાદેવીને સાથે જોયાં. અને બેમાં કેાણ અનુપમ તેના નિશ્ચય કરવા તે અશક્ત બની રહ્યો. કાકને તેઓ સગાં ભાંડુ જેવા ગણુતાં હતાં, એટલે ગાઢ સ્નેહના ઉલ્લાસનેા અનુભવ કરતાં તેઓએ થેાડેા વખત થાક ખાધેાઃ અને પછી પાંચાલ તરફ ચાલ્યાં.

## પ્રકરણ ૨૩ મું

### બે ચેાદ્ધાઓ.

નિર્વિઘ્ને તેઓ પાંચાલ પહોંચ્યા. પહોંચતા પહેલાં તેમને ખબર પડી ગઇ હતી કે પાંચાલમાં રા' આવી પહોંચ્યેા–તે પહેલાં પાટણથી મુંજાલ અને ખંભાતથી ઉદા ત્યાં આવી પહોંચ્યા હતા; અને રા'ને તેનાં હથિયાર ઉતારી મેામાં તરણું લઇ જયદેવ મહારાજની ક્ષમા યાચવાની શિક્ષા ફરમાવવામાં આવી હતી. નિરાધાર રા'એ તે પ્રમાણે કર્યાથી ખંડણી લઇ તેને છુટેા કરવામાં આવ્યેા અને સેારઠપર સત્તા પાછી મેસાડી મુંજાલ અને ઉદા સાથે જયદેવે પાટણ તરફ પ્રયાણ આરંભ્યું હતું. આ બધી ઉડતી વાતેામાં ખરૂં શું તેનેા તેઓ નિશ્ચય કરી શક્યા નહિ.

પાંચાલના દરવાજામાં પેસતાં ત્રિભુવનપાલે પોતાની ઓળખ આપી, અને એક દરવાનને લઈ પરશુરામને મુકામે જવાની ઇચ્છા દર્શાવી. બે દરવાન રસ્તો બતાવવા આગળ ચાલ્યા.

પરશુરામની હવેલીએ પહોંચતા પહેલાં, બજારમાંથી જતાં કોઈ એક જણે કાકને ઓળખ્યો અને કહ્યું: "આ પેલો રા'નો સાથી. રાતના ભાગી ગયો હતો તે" આ શબ્દે કેટલાકનું ધ્યાન ખેંચ્યું; અને થોડાં ઘણાં માણસો પાછળ લાગ્યાં. કાક આ ખળભળાટનું કારણ ચેતી ગયો; પણ પડખે મંડલેશ્વર હોવાથી તે નિશ્ચિત હતો.

હવેલી આગળ તેઓ સાંઢણીઓથી ઉતર્યા. અને દરવાનો ભટ્ટરાજને ખબર કરવા દોડ્યા, બારણામાં જેવા ત્રિભુવનપાલ પેસવા ગયા કે એક સૈનિકે આડો ભાલો ધર્યો. મંડલેશ્વરનો ઉગ્ર સ્વભાવ ભભૂકી ઉઠ્યો; તેની આંખોમાં વિજળી ચમકી. તેણે તરત તરવાર કાઢી ભાલાના બે કકડા કર્યા.

"દેવપ્રસાદ સોલંકીના પુત્રને જતો અટકાવવાની હિમત કરે છે!" તેણે ગર્જના કરી. સૈનિક ગભરાયો; આવે વેશે, આટલાં જ માણસ સહિત લાટનો દંડનાયક અહિયાં આવે તે તેના માન્યામાં નહિ આવ્યું. છતાં તે નિઃશબ્દ થયો–માત્ર તેણે રોકાણ કેમ કર્યું તેનું કારણ બતાવવા કાક તરફ આંગળી કરી.

"એ મારો મિત્ર છે. કોની મગદૂર છે કે એને અડકી શકે!" ડોળા કાઢી મંડલેશ્વરે પુછ્યું.

"મહારાજ ક્ષમા કરો. એ મગદૂર મારી છે" એમ શાન્તિથી કહેતો પરશુરામ ત્રિભુવનપાલને આદર આપવા નીકળ્યો. એક પળવાર બે ધારીલી તરવાર અથડાય તેમ ત્રિભુવનપાળની જ્વલંત આંખોનું પ્રતાપી તેજ અને પરશુરામનાં સ્થિર નયનોનું શાંત, નિશ્ચલ, સત્તાદર્શક તેજ અથડાયું. બન્ને પ્રચંડ હતા. બન્ને બખ્તરથી, શસ્ત્રથી સજ્જ હતા. બન્નેની મુખમુદ્રા પ્રતાપી હતી.

"પરશુરામ! તમે મને શું સમજો છો?" સિંહનાદ કરી ક્રોધમાં

લાલચોળ થયેલા ત્રિભુવનપાળે પુછ્યું. તેના હાથમાં રહેલી નાગી તરવાર પણ ઉઠી. તેના અનુચરોએ તરવાર પર હાથ મુકયો.

સામો પરશુરામ શાંતિથી અદબ વાળી નીડરપણે ઉભો. "અન્નદાતા! હું જાણું છું કે આપ દશદિશના દુશ્મનોનો દર્પ હરનાર ગુજરાતના વીર શિરોમણિ છો.

આ શબ્દોથી ત્રિભુવનપાલનો ક્રોધ જરા શમ્યો.

"તેથી આવો આદર આપો છો? અહિયાં પાટણની સત્તાનો હિસાબ લાગતો નથી."

"હિસાબ છે તેથી જ આવો આદર કરું છું."

"કેમ?"

"ભટ્ટાર્ક જયદેવ મહારાજનો હુકમ છે" પરશુરામ શાન્તિથી બોલ્યો.

"શું?"

"આપની સાથે આ માણસ છે"—

"કોક ભટ્ટ" ત્રિભુવનપાલે કહ્યું.

"જી હા–તે રા' નો મળતીયો છે; અને મારી પાસેથી નાસી છુટયો છે."

"ત્યારે એ તારો ભ્રમ છે. મેં અને એણે રા'ની પુઠ પકડી હતી. રા'ને પકડતાં તમે એને પકડ્યો અને હું કયાં પડ્યો હતો તે જાણવા આ મારી–કાશ્મીરાદેવી–એને તમારી પાસેથી છોડાવી લઈ ગઈ" કહી મંડલેશ્વરે કાશ્મીરાદેવી તરફ નજર કરી. પરશુરામે પુરુષવેશમાં ઉભેલી કાશ્મીરાદેવીને જોઈ, ઓળખી, અને જરા અસ્વસ્થ થયો; શરમની રતાશથી છવાયેલું મોહક મુખ તેણે જોયું, અને પોતે કરેલો અવિનય યાદ લાવી હાથ જોડ્યા.

"મહારાજ! બા! ક્ષમા કરો. પણ આ ભટ્ટને પકડવો પડશે.

"હવે શું છે?" કાશ્મીરાદેવીએ પુછ્યું.

"મહારાજનો હુકમ સખત છે. એણે જઈ ખંભાતમાં મોટું કાવતું કર્યું હતું."

"કોણે કહ્યું ?" ત્રિભુવનપાલે પુછ્યું.

"ઉદા મહેતા ફરીયાદ લાવ્યા હતા. તે કહેતા હતા કે એણે આગેવાની કરી યવનોનાં ઘરબાર બાળી મુકાવ્યાં છે. એ માટે મહારાજ એને દેહાંતશિક્ષા કરવાના છે." ત્રિભુવન, કાશ્મીરા, અને કાક ત્રણેએ એક એકની સામું જોયું; આ વાતનું મૂળ શું તે ત્રણે જાણતાં હતાં. આ વાતનું આવું વતેસર ઉદાએ જ કર્યું હશે એમ તેમને ખાત્રી થઈ. આખરે ત્રિભુવનપાલ જરા હસ્યા.

"પરશુરામ ! તમે મને કદી અસત્ય બોલતાં જોયો છે ?"

"ના, મહારાજ !"

"ત્યારે મારૂં માનો. એ વાતમાં ઘણો ગૂઢ અર્થ છે. અને હું પાટણ જઈ જયદેવ મહારાજને મળીશ એટલે બધું બરોબર થઈ જશે. અમને અહિયાં શું થયું તે કહો અને પછી પાટણ તરફ જવા દો."

"સુખેથી–પણ કાકભટ્ટને સાચવવા પચ્ચીશ સ્વારો મોકલવા પડશે."

"હજુ વિશ્વાસ નથી ?"

"મહારાજ ! આજ્ઞા તે આજ્ઞા. આપનું વચન છે, એટલે એને બાંધવાની જરૂર નથી. હવે આપ અંદર આવશો. બાને પણ વિસામાની જરૂર હશે."

"તમારા આદર પરથી કાંઈ વિસામો લેવા દો એવું લાગ્યું નહિ" કાશ્મીરાદેવીએ હસતાં હસતાં કહ્યું.

"હવે જુઓ. કાકભટ્ટ તમે પણ રાજસેવક છો. આજ્ઞા પાલન કરતાં અવિનય થયો તે ક્ષમા કરશો" કહી તે ત્રણે જણને અંદર લઈ ગયો. કાકના મનમાં ફાળ પડી. તેના હાથમાંથી ખતીબ છટકયો તેનો લાભ લઈ, ઉદાએ આવી તેનો ઘાટ ઘડ્યો હતો.

જરા નિવૃત્ત થયા પછી મંડલેશ્વરે પરશુરામને પાંચાલમાં શું બન્યું તેની હકીકત પુછી.

"મહારાજ ! હું રા'ને લઈ પાંચાલ આવ્યો તે પહેલાં પાટણથી ખુંજલ પુત્રો આવી પહોંચ્યા."

"હું ?"

"તેમને બધી ખબર હતી. હું બધી બાતમી આપતો હતો." મંડલેશ્વરે કાકની સામું જોયું; કાકે પણ નિસાસો મુક્યો. તેણે ગમે તેટલી હોશીયારી બતાવી, પણ જ્યાં ને ત્યાં પહેલા મુંજાલ મહેતા.

"અને ખંભાતથી ઉદા મહેતા આવ્યા."

"પછી ?"

"રા' પાસે દાંતે તરણું લેવરાવી માફી મંગાવી; અને ખંડણી લઇ છૂટો મુકયો. હવે તે જુનાગઢ જઇ જયદેવ મહારાજના સામન્ત તરીકે રહેશે."

"પછી અમારા ડેથળદેવનું કાંઇ જણાયું ?"

"ના. તે તો શાન્તુ મહેતાની સાથે છે"

"એમ. ત્યારે માલવાના સેનાપતિનું શું ?"

"તે તો સમાધાન થઇ ગયું. શાન્તુ મહેતા ઉબકને લઈ પાટણમાં હોળી સુધીમાં આવી લાગશે."

"એ તો નકામું સમાધાન કર્યું" કાશ્મીરાદેવીએ કહ્યું "નહિ તો એને લોહીની ધારે બરોબર હોળી રમાડત."

"પણ ઉદા મહેતા કેમ પાટણ ગયા ?" મંડલેશ્વરે પુછ્યું. "એ જરા કચવાયા છે ને ?"

"કચવાયલા તો ઘણા લાગતા હતા; પણ શું કરે ? મુંજાલ પ્રધાને જાણો છો ને ? ઉદા મહેતાને ખબર નહોતી કે તે આવવાના છે એટલે અહિંયાં આવ્યા; નહિ તો આવત જ નહિ, આવ્યા એટલે ફસાયા; અને મને કમને ઉબકની પરોણા ચાકરી કરવા પાટણ જવું પડયું."

"કાક ! તારે સમાલવાનું છે" ત્રિભુવનપાળે કહ્યું. "તારો દીલોજાન મિત્ર આમળ ગયો છે."

"હરકત નહિ." કાકે છાસીયું કર્યું પણ તેના મનમાં ધાસ્કો પઙ્યો તેનું હવે શું થશે ?

એક રાતનો વિસામો ખાઇ, તે બધાં પરશુરામની રજા લઇ પાટણ તરફ નીકળ્યાં. ભટ્ટરાજે સાથે પચ્ચીસ સાંઢણીઓ આપી અને તેના નાયકને ખાનગી હુકમ આપ્યો કે કાક નાસવાનો પેંતરો કરે તો તેને ઠાર કરવો.

# વિભાગ બીજો.

## પ્રકરણ ૧ લું.
### ઉબક સેનાપતિ.

ફાગણ સુદ તેરસની સવારે પાટણનો રંગ કાંઈ ન્યારો જ હતો.

દરેક રાજ્યમાર્ગો નગરજનો અને રાજપુરુષોથી;–દરેક ગોખ અને અટારી હસતી, નયનબાણ વર્ષાવતી, સુંદરીઓથી;–દરેક ઓટલાઓ નવી પીચકારીઓ સરખાવતા બાલકોથી ઉભરાઈ રહ્યા હતા. માન મુકી ગજેંદ્રો ઝપાટાથી જતા હતા; શોખીન સૈનિકો સખ્તાઈ છોડી ગળામાં ફૂલમાલ ઘાલી, મુછ પર તાલ દેતા હતાઃ મંત્રીવીરોની મુખમુદ્રા ત્રાસદાયક ગાંભીર્ય છોડી હાસ્યવિનોદમાં અસ્વસ્થ થઈ રહી હતી.

પાટણે મહોત્સવ આરંભ્યો હતો. માલવાનો સેનાપતિ ઉબક શાન્તુ મહેતા સાથે સમાધાન કરી, પાટણની પરોણાચાકરીનો સ્વાદ ચાખવા આજે અહિયાં આવતો હતો; અને પાટણના બાલા રાજાએ તેના પૂર્વજોને દુર્લભ એવો સોરઠના રા' પર વિજય અતુલ પરાક્રમ દાખવી મેળવ્યો હતો. પટ્ટણીઓનો ભય નાશ પામ્યો હતો; અને તેમના ગર્વનો પાર રહ્યો નહોતો. અને તેમાં આ અવસર અનુપમ હતો. હોળીને માત્ર બે દિવસની વાર હતી. મદનરાજની પૂજા કરવા ઉત્સુક બનેલા રસિકો અને રસિલીઓ વસન્તોત્સવ આરંભવા એકે પગે થઇ રહ્યાં હતાં, અને પોતાના મનોને અનેક પ્રકારે ઉત્તેજી રહ્યાં હતાં.

મહીના પહેલાં પાટણ ભયંકર, શસ્ત્ર સજ્જિત હતું. અત્યારે પ્રફુલ્લ હૃદયનું, મોજીલું બન્યું હતું. યુદ્ધની સખ્તાઇ વિસરી આલ્હાદનો સ્વચ્છંદ પટ્ટણીઓ અનુભવતા હતા.

ભીમનાથને ઓવારે રાજપુરુષોની મેદની મળી હતી. ભીમનાથ મહાદેવના મંદિરની અંદર ઉબકને આદર આપવા એક બેઠક કરવામાં આવી હતી; અને તે પ્રસંગને યોગ્ય ઝપકદાર, અવનવાં વસ્ત્ર પરિધાન

પહેરી સામન્તો, મંત્રીઓ શાહુકારો આવતા હતા. થોડે દૂર ઉભા તથા મંત્રીઓને પાછા લઈ જવા આણી રાખેલા હાથીયો અધીરાઇમાં ડોલ રહ્યા હતા.

પાટણના લોકોનો ગર્વ આવે પ્રસંગે માતો નહોતો. પોતાના મહારાજ રાષ્ટ્રો જોઇ રાચવું, તેમનું ગૌરવ જોઇને જ ગૌરવ ધરવું એ મહાપ્રજા થવાનો મંત્ર પટ્ટણીયો સારી પેઠે જાણતા હતા, અને આ કારણથી જેમ જેમ રાજ્યકર્તાઓ આવવા લાગ્યા તેમ તેમ લોકોનો હર્ષ વધતો ગયો.

સજ્જન મંત્રી ભટ્ટરાજ મોરારપાલને લઈ પેલે તીરે ઉભા તથા શાન્તુ મહેતાને તેડવા ગયા; અને ઉદા, લૂણો, કેસળદેવ વગેરે આ કીનારે રહ્યા. લોકો ઉંચી ડોકી કરી જોઇ રહ્યા હતા. પણ હજુ મુંજાલ મહેતા આવ્યા નહોતા. જયસિંહદેવ મહારાજ આવવાના જ નહોતા એમ લોકવાયકા ચાલતી હતી.

ઉદા મહેતાએ પાટણની મદદે લશ્કર નહિ મોકલ્યું તેથી મહારાજ તેના ઉપર ગુસ્સે છે એમ પણ ગપો ચાલતી હતી તેથી તે મંત્રીનું હસતું ચારે તરફ નમસ્કાર ઉચ્ચારતું, સ્વસ્થ મુખ જોઈ લોકો અજાયબ થયા. પણ તે મુત્સદ્દી અહિયા કેમ આવ્યા તે આપણે જોઈ ગયા. તે કાકર્ન પૂઠે પડ્યા; જયદેવ એકલા પાંચાલમાં છે એમ ધારી તેને હાથ પર લેવ ત્રણસે સ્વાર સાથે તે ત્યાં આવી પહોંચ્યા; તેમને દુર્ભાગ્યે, કોઇને આગળથી ખબર પડે તે પહેલાં મુંજાલ મહેતા પણ ત્યાં આવી લાગ્યા; અને મુંજાલની ધમ્છાનો અનાદર કરી ખંભાત પાછા જવાની હિંમત નહિ ચાલવાથી હસતે મોઢે તે આ મહોત્સવમાં ભાગ લેવા પાટણ આવ્યા. સામું થતાં તેને આવડતું હતું; પણ સામા થતાં હાનિ પહોંચે તો નભી જઇ, ધાર્યું નામ કાઢી લેવાની યુક્તિ પણ તેને આવડતી હતી. આ બીજી જાતના પાસા નાંખતા હતા.

લોકોમાં એક વાતે જરા ચિન્તા પ્રસરી રહી હતીઃ તે ચિન્તાનું કારણ ત્રિભુવનપાલ હતા. આ રાજ્યમંડળમાં લાટના દંડનાયક પાંચા સુધી આવ્યા છતાં ન આવે એ બધાને વિચિત્ર લાગ્યું હતું. આ વાતને વિચાર કરવાને મુંજાલ ચૂકયો નહોતો. તેણે ત્રિભુવનપાલને ખોળી કાઢવા

માણસો મોકલ્યાં હતાં; અને તેને બનતી ત્વરાથી અહિયાં લઈ આવવા તેમને ફરમાવ્યું હતું. આ વાત કોઈ જાણતું નહોતું, એટલે અનેક વાતો એ સંબંધી ઉડી રહી હતી.

પેલે તીરથી એક હોડી છૂટી અને લોકોનું લક્ષ તે તરફ ગયું તેમાં આઠેક માણસો હતાં. અને જેમ જેમ હોડી આ પાર આવતી ગઈ તેમ તેમ લોકોમાં તેમ રાજ્યપુરુષોમાં શાંતિ પ્રસરતી ગઈ. તે હોડીમાં પાટણનો નવો અતિથિ આવતો હતો. સેકા થયાં સતત વેર અવન્તી અને પાટણ વચ્ચે ચાલતું હોવાથી આ પ્રસંગે બધા પટ્ટણીયોનો આનંદ અદૃષ્ટ થયો. આ મેદનીમાં ઘણા એવા હતા કે જેણે માલવા સાથે લડતાં બાપ, ભાઇ, દીકરો ગુમાવ્યા હતા; ઘણા એવા હતા કે માલવાની સાથે સંધિ કરવી તેના કરતાં પ્રાણ આપવો વધારે પસંદ કરતા; થોડા એવા પણ હતા કે માત્ર થોડા દિવસ પર જ માલવીઓ સાથે બાથ ભીડી આવ્યા હતા. આ બધા લોકોને શાન્તુ મહેતાએ કરેલી સંધિ ગમી નહોતી; તેમના મનમાં આજનો પ્રસંગ સાલતો હતો. મનમાં ચાલી રહેલા ચણચણાટ બહાર પડ્યા હોય એમ અત્યારે લાગતું હતું.

હોડીમાં આગળથી ઉંચો ફેંટો બાંધી એક પ્રચંડ, સીધા સોટા જેવો, એક આંખ પર મોટો ધાનો રૂઝાયલો લીટો દેખાતો હોવાથી વિકરાળ મુખાકૃતિનો પુરુષ ઉભો હતો. તે ઉબક હતો. પટ્ટણીઓને મન તે માલવાની સત્તાની મૂર્તિ હતો; તે સત્તા એ તેમના દ્વેષનું, વેરનું કેન્દ્રસ્થાન હતું. ઉબકનું આવાગમન તે પાટણનો પરાજય-જીત. આ લાગણીએ આખી મેદનીમાં કમકમાટ પ્રસાર્યો. બધા શરમિન્દા થઈ રહ્યા. વૃદ્ધ મોઢાઓની આંખમાં પાણી આવ્યાં. ઉબકની પડખે વૃદ્ધ શાન્તુ મહેતા વીલે મોઢે ઉભા હતા. જેવી પટ્ટણીયોની લાગણી, તેવી જ તેમની હતી; પણ ડહાપણ આગળ તેણે ગર્વ દૂર કર્યો હતો. આ સમાધાન કરતાં તેનું હૈયું ચીરાઇ ગયું હતું; પણ આ સમાધાનને લીધે જ આજે પાટણ ઉભું હતું.

એ બે જણની પાછળ જજ્જન મહેતા, ભટ્ટરાજ મોરારપાલ અને એક જુવાન માલવી મોહો ઉભા હતા. હોડી આ તીરે આવી. ઝુંઝલ મહેતા હજુ આવ્યા નહોતા એટલે લુલો અને ઉદો આવકાર દેવા આગળ

વખ્યા. તેમને પણ નાનમ લાગતી હતી; છતાં છાસીયું કરી ઊભકને આદર્યો. લુલ્લો મનમાં બબડયો "મુંજાલને આજે શું થયું છે કે આવ્યો નથી?"

ઊભક સત્તા અને તિરસ્કાર ભરી નજર લોઢા પર નાંખી; અને વૃદ્ધાવસ્થાની શરૂઆત થઈ ચૂકી હતી છતાં તે જુવાનની માફક કૂદી હોડીમાંથી ઉતર્યો. તે સખ્તાઈનો અવતાર હતો. તેના હોઠ ગર્વમાં અને નિશ્ચલતામાં દબાઈ રહ્યા હતા; તેની એક આખી અને બાથી અડધી દબાયેલી આંખ પણ તીર સચોટતાથી દૃષ્ટિપાત કરતી હતી. તેનું ડગલું સીધું અને અડગ હતું; તેના માથાનો મરોડ ગર્વિષ્ટ અને સ્વાશ્રયી હતો. તેના મોઢા પર ચાર પાંચ ઘાનાં ચિન્હો તેની બહાદૂરીની સાક્ષી પુરી તેના અદ્‌ભુત મુખને ભવ્યતા અર્પતાં હતાં.

તેની પાછળ શાન્તુ મહેતા અને પછી પેલો યુવાન યોદ્ધો ઉતર્યાં. તે યુવક નહોતો; પણ મુખની કુમાશ પરથી બાલક–પુરુષવેશમાં બાલા–હોય એવો લાગતો; તે જમીન પર ઉતર્યો, પણ ભાગ્યે જ ભોંય પર પાદ સ્પર્શ કરી ઉભો હોય એવો લાગતો; તેના શરીર પર શસ્ત્રોનો બોજો હતો, છતાં શરીરની છટામાં કે ચાપલ્યમાં નવોઢાને પણ શરમાવે એવો હતો. તેનું મુખ ખરેખરૂં મુખારવિન્દ જ કહી શકાય. તેની મોટી આંખોમાં અપાર્થિવ તેજ હતું; તે તેજ બધા લોકસમૂહ પર પડતું;–પણ દેવોની કે દિવાનાની આંખ જુવે એમ સમૂહ પર ઠર્યા વિના તે કોઈ અદૃષ્ટ કે કલ્પના પ્રદેશની અનિવાર્ય ભવ્યતા જોઈ રહેતું હોય એમ દૂર અને દૂર જવા મથતું.

કેટલીક વ્યક્તિઓ પાર્થિવ તત્વ વિનાની હોય છે; આકાશમાંથી તે અલ્પસમય માટે જ ઉતરી આવી હોય, અને હમણાં પાછી જતી રહેશે એમ લાગે છે. આવી વ્યક્તિ સંસારમાં નજરે ચડે છે, પણ તેમાં ભળતી નથી; જનસમાજ જોડે સમાગમમાં આવે છે, સંબંધ બાંધતી નથી; હરે છે ફરે છે, જીવન વિતાવે છે–પણ અસ્પર્શ્યતાથી. આપણે તેને પૂજીયે છીયે, પણ આપણી બનાવી શકતા નથી; તેને માટે પ્રાણસમર્પણ કરીયે

છીએ પણ તેના સ્નેહની આશા રાખી શકતા નથી. આવી કોઇક વ્યક્તિ આ હશે એમ આ યુવકને જોનારના મનપર છાપ પડે એવું એનું રૂપ હતું.

લુલા અને ઉદાએ ઉમકને નમસ્કાર કર્યા.

"પધારો સુભટ શિરોમણિ!" લુલાએ કહ્યું "આપનાં દર્શન કરી અમે કૃતાર્થ થયા."

પોતાની ઉંચાઇને લીધે કૈલાસસમ લાગતા સેનાપતિએ નમસ્કાર કર્યા.

"મારાં પણ ધનભાગ્ય!" તેણે પોતાના કઠોર અવાજે કહ્યું "કે મેં પણ આ ઉમ્મરે પાટણ જોયું."

જે જે પટ્ટણીએ આ વાક્ય સાંભળ્યું તેનું મ્હોં શરમથી લાલચોળ થઈ રહ્યું. ઉમકના આ વાકયે તેમનાં ગૌરવને કારી ઘા લગાવ્યો. ઉદા મહેતાનું સ્વાસ્થ્ય તેવું ને તેવું જ રહ્યું "સેનાપતિરાજ! આપ અવન્તી ક્યારે બતાવશો?" ભીમનાથ મંદિર તરફ ફરતાં તેણે પૂછ્યું.

ઉમક આ પ્રશ્નનો અર્થ સમજ્યો; તેની આખી આંખ ચમકી ઉઠી. પણ તે માત્ર શરવીર નહોતો શાણો પણ હતો.

"ચાલો કાલે સવારે. કેમ જયસિંહદેવ મહારાજ કેમ છે?" કહી જાણે તેને અહિયાં મળવાની આશા રાખી હોય તેમ ઉમકે ચારે તરફ જોયું.

"મહારાજાધિરાજ સંધ્યાવિધિમાં રોકાયા હશે" લુલાએ જવાબ દીધો. એટલામાં તેઓ મંદિર આગળ આવ્યા. સજ્જન મહેતા એટલું તો સમજ્યા કે આ પ્રસંગ એવો વિચિત્ર આવ્યો હતો કે શું કહેવું તે કોઇને સૂઝતું નહોતું. તેણે ઉદાના કાનમાં પૂછ્યું.

"મુંજાલ મહેતા ક્યાં?"

"કોણ જાણે" ઉદાએ ધીમેથી જવાબ દીધો.

ઉમક સમજ્યો કે આ બધા નાનમે લાજી મરતા હતા એટલે તે જરા મનમાં મલકાયો. વગર લઢે તે ફત્તેહની મોજ ચાખતો હતો. ઉદાએ રંગ રાખવા મહેનત કરવા માંડી.

"જી! આ કોટ આપે જોયો? તમારી અવન્તીનો આવો જ છે કે વધારે સારો? હું હજુ અવન્તી આવ્યો નથી."

ઊભેલા કોટ તરફ નજર ફરી કીર્તિદેવ!" પેલા યુવક તરફ ફરી તેણે પૂછ્યું "આપણો કોટ આથી જરા ઉંચો, નહિ?"

કીર્તિદેવે કોટ સામે નજર કરી અને કહ્યું "ના. આ ઉંચો."

એટલામાં શાન્ત થઈ ઉભા રહેલા લોકોમાં કકલાટ થઈ રહ્યું. ઊભેલા અને તેની આજુબાજુ ઉભેલા રાજપુરુષો અનયબ્રીમાં પાછા ફર્યા. ઓવારના દરવાજામાંથી મુંજાલ મહેતાનો હાથી ગૌરવથી ડગલાં ભરતો આવતો હતો. સત્તાની અપૂર્વ ભવ્યતા મુંજાલની મુખમુદ્રા પર હતી; અને રાજ્યસત્તાની મૂર્ત્તિ સરખો તે બધા લોકો તરફ જોતો હતો. એ આવે ત્યાંસુધી બધા મંદિરનાં પગથીયાં આગળ ઉભા રહ્યા. પણ હોદ્દા પર તે એકલો નહોતો. હાથી બેઠા, અને લોકોએ સાથે બેસનારને ઓળખ્યો.

લોકોના હર્ષનો પાર રહ્યો નહિ; તેમણે એક ગગનભેદી ગર્જના કરી "મંડલેશ્વર મહારાજની જય."

ત્રિભુવનપાલ ઘડી પહેલાં થાક્યો પાક્યો પાટણમાં આવ્યો હતો. આવતાં વાર મુંજાલને ખબર પડી; અને તેણે એકદમ તેને સાથે લીધો. મંડલેશ્વરે મુસાફરીથી બગડેલાં કપડાં જ પહેર્યાં હતાં. ભેગા મળેલા લોકો પળવાર પર પોતે ખિન્ન થયા હતા તે વાત જ વીસરી ગયા; ઊભકનું આગમન ભૂલી ત્રિભુવનપાલને આદર દેવા ખુશાલીના અનેક પોકારો શરૂ કર્યા. આખું વાતાવરણ ફેરવાઈ ગયું.

ઊભકે હોઠ કરડી જોયા કર્યું. મુંજાલ આવી રીતે આવ્યો તે તેને અપમાનકારક લાગ્યું, પણ શું કરે?

"આ કોણ?" તેણે ત્રિભુવન તરફ જોઈ પૂછ્યું.

"મહારાજાધિરાજના ભત્રિજા અને લાટના દંડનાયક ત્રિભુવનપાલ મંડલેશ્વર" ઉદાએ કહ્યું.

"કોણ? મંડલેશ્વર દેવપ્રસાદજીના પુત્ર?"

"હા જી—"

ઉદાની જીભ બંધ થઈ ગઈ. મુંજાલના હાથી પરથી ત્રણ જણ ઉતર્યા. ત્રીજા માણસને ઉદાએ જોયો; અને મંત્રી ચમક્યો. ઉદાને તેણે જોયો; અને તે જરા હસ્યો. બન્નેએ ભયંકર દૃષ્ટિપાતનો વિનિમય કર્યો. એ ત્રીજો માણસ કોક હતો.

## પ્રકરણ ૨ જું

## કીર્તિદેવ.

મુંજાલ મહેતા આવ્યા તેની ગરબડનો લાભ લઈ ઉદા મહેતાએ એક ભટ્ટને નિશાની કરી પાસે બોલાવ્યો, અને તેના કાનમાં કાંઈ કહ્યું તે ભટ્ટ ત્યાંથી નીકળ્યો અને લોકોની ઠઠ્ઠમાં અદ્રશ્ય થઈ ગયો.

મુંજાલનું વ્યક્તિત્વ આવે પ્રસંગે ઓપી નીકળતું. તે આવ્યો અને પ્રસંગ બદલાઇ ગયો; વાતાવરણમાં ભિન્નતા આવી. શરમાઈ રહેલા ભટ્ટણીયો શરમનું કારણ વીસરી તેને જોઈ રહ્યા. વનરાજના ગૌરવથી તે ડગલાં ભરતો, પોતાનું ગર્વદર્શી શીશ ગગને પહોંચતું હોય તેમ, તે આવ્યો: મહેરબાનીની નજરે બધા સામું જોઈ જરા હસી બધાને અલ્પતાનો અનુભવ કરાવ્યો; નજરથી, વાતથી, હાસ્યથી, સત્તાના દુર્જય ગૌરવથી બધા પર, પ્રસંગ પર, વાતાવરણ પર, પોતાના વ્યક્તિત્વનો દોર બેસાડ્યો. ઉબક વિજેતા મટી માત્ર સામાન્ય યોધ્ધો હોય તેમ લાગ્યું; મહારથીઓ, મંત્રીઓ તેના દરબારી હોય એવો ભાસ થયો.

આ અદ્‌ભુત વ્યક્તિત્વ ક્વચિત્ ક્વચિત્ નરસિંહોમાં નજરે ચડે છે. કારણ જડતું નથી પણ બધા માર્ગ આપે છે; સમજ પડતી નથી છતાં બધા શાસન માને છે. ઇતિહાસની રંગભૂમી પર આવી વ્યક્તિઓ જ્યારે આવે છે ત્યારે બીજાં તત્વો પુરુષાર્થ વિહીન થઈ જાય છે; ઇતિહાસક્રમ થંભે છે; સમયશક્તિઓનું ભાન ભૂલી પ્રેક્ષકોનું મન તેની આસપાસ વીંટાય છે; નાયકના મોહમાં નાટકનો અર્થ વીસરે છે, ભૂતકાળની રંગભૂમી પર હતા એવા પરશુરામ, મધુસૂદન ભગવાન શ્રી કૃષ્ણ, સમસ્ત જગતના મુત્સદ્દીઓના શિરોમણી–ભગવાન ચાણાક્ય; મધ્યકાલીન ગુજરાતની નાની રંગભૂમી પર એવો આ મુંજાલ હતો.

મુંજાલે ઉબકને આદર આપ્યો, ત્રિભુવનની ઓળખ કરાવી, અને તેના શૌર્યનાં વખાણ કરી ઉબકને પણ અદેખો બનાવ્યો. બે વર્ષે ત્રિભુવન પાછો પાટણ ફર્યો હતો એટલે લોકોમાં તેને જોવાની પણ લાલસા ઘણી હતી. આ લાલસાને લીધે જ્યારે હાથી પર બધા મંત્રીઓ ઉબકને

લઈ પાછા ફર્યા ત્યારે મંડલેશ્વર એ સ્વારીનો નાયક થઈ રહ્યો: તેને જોઈ લોકો હર્ષના પોકાર કરી રહ્યા, તેના હાથીની સૂંઢ પર હજારો ફૂલોના હાર નગરજનોએ નાંખ્યા, અને ફૂળવાયલા હાથીએ સૂંઢ ઊંચી કરી મંડલેશ્વરની અંબાડીમાં નાંખ્યા. આગળ જતાં હાથી પર બેઠેલા ચુંબલ અને ઉંબક સામું કોઈ જોતું નહોતું; પણ બધા તેમના યુવાન મંડલેશ્વરને, જે મહારથીએ પાટણનો ડંકો લાટમાં વગડાવ્યો હતો તેને જોઈ, ઘળી ઘળી, નમવા લાગ્યા. ઉંબકને આદર આપવા ગયેલું સરધસ ત્રિભુવનની વિજયસેના બની પાછું આવ્યું. લોકોના સબહુમાન નમસ્કાર, અટારીયે ચડેલી યુવતીઓનાં નયનકિરણો, બાલકોની પીચકારીનાં કેસરીમાં ઝીલતો ત્રિભુવનપાલ પોતાને પડેલી પીડા અને જયદેવની ઇર્ષ્યા, વીસરી ગયો.

પાછળ બેઠેલો કોક ત્રિભુવનની સાથે બેઠેલા ઉંબકના ભટ્ટરાજ કીર્તિદેવને જોઈ રહ્યો. તે દેવાંગના સમા શરીરતેજે દીપતો હતો; અને તેની બેદરકારીભરી બેસવાની રીતમાં ગૌરવ તેમ જ છટા રહ્યાં હતાં. પણ આ શરીર, આ છટા, તેજોમય, અસ્પર્શતાભરી આંખો, લલનાઓને લલચાવે એવા અર્ધ બીડેલા હોઠ—આ બધા તરફ કોક નહોતો જોતો; પણ એની મુખરેખામાં પરિચિતતા કેમ લાગતી હતી તેનો તે નિર્ણય કરતો હતો. તેણે ત્રિભુવનપાલ તરફ જોયું—શું એ બેનાં મોઢામાં કોઈ સામાન્ય લક્ષણો હતાં? કોક વિસ્મય પામ્યો. ક્યાં દેવપ્રસાદનો પુત્ર અને ક્યાં ઉર્જયણીનો ભટ્ટરાજ?

"આ લોકોનો પ્રેમ તમારા પર અથાગ લાગે છે?" કીર્તિદેવે એકદમ પૂછ્યું.

ત્રિભુવન જરા હસ્યો. "હા. હું એમનો માનીતો છું. પહેલાં મારા પિતા હતા, અને મામા છે."

"મામા?" સાશ્ચર્ય સુંદર નયનો ઊંચા કરી કીર્તિદેવે પૂછ્યું.

"મહાઅમાત્ય."

કીર્તિદેવના હોઠ બીડાઈ ગયા. કોકે તે જોયું અને વિચારમાં પડ્યો.

"તમે શ્રાવક છો?"

"ના" ખુલ્લે દિલે હસી ત્રિભુવને કહ્યું. "મારાં માતુશ્રી હતાં. સોલંકીઓ સોમનાથ ભગવાન વિના બીજા ઇષ્ટ દેવ માનતા નથી. કેમ એ પુછવાનું કાંઈ કારણ?"

"કારણ કાંઇ નહિ. તમે અવન્તી કયારે આવશો?"

"તે કેમ કહેવાય?"

હવે પાટણ ને અવન્તી વચ્ચે સંધિ થઈ છે. તમે આ સંધિના વિરોધી છો? મેં સાંભળ્યું છે કે "અહિયાં ઘણા એવા વિરોધીઓ છે." કીર્તિદેવે પુછ્યું.

"તમે શું ધારો છો?"

"હું? આ સંધિ મારે જ લીધે થઈ છે. મહાકાલેશ્વરને મારી તો અહોનિશ પ્રાર્થના છે કે આ સંધિ સતત રહે. પાટણ ને અવન્તી આર્યાવર્તની આંખો છે. એ બેનો વિરોધ તમને સાલતો નથી?"

"ના. એ વિરોધ અહિયાં ઘણાને તો ઉલટો રુચિકર છે." ત્રિભુવનપાલે કહ્યું. "સાચું પુછાવો તો મને નથી લાગતું કે આ સંધિ બહુ વાર ટકે."

"શા માટે નહિ ટકે? મંડલેશ્વર મહારાજ! બાહુમાં બળ હોય તો બતાવવાનાં સ્થાનો ઘણાં છે. ત્રણસે વર્ષો તો લડ્યા; હવે કેટલું લડવું છે? તમે બળીયા છો. આવી નાની લડાઇઓ છોડી મહાવિગ્રહો કેમ આરંભતા નથી?" કીર્તિદેવના શબ્દોમાં કાંઈ અકલ્પ્ય હૃદયભેદી પ્રતાપ હતો. ત્રિભુવનને તે ન સમજાયો; કાક તે જોઈ ફરીથી વિસ્મય પામ્યો. આ માણસની વાતમાં કાંઈ ગુઢાર્થ લાગ્યો.

"એ મારૂં કામ નથી. રાજ્યનીતિની વાતો મામા જાણે."

કીર્તિદેવની આંખો તિરસ્કારપૂર્વક હસી. કાક તે હાસ્ય સમજ્યો. એટલામાં રાજગઢ આવ્યો અને સ્વારી ઉતરી.

કાક પાટણ આવી પોતાના પર જાગ્રુતો ભય જરા વિસરી ગયો હતો; અને મુંજાલ અને ત્રિભુવનની આંથે તેને કાંઈ પણ થવાનું નથી એમ તેને લાગતું હતું. ત્રિભુવનપાલ તેને રજા આપે કે તરત કાશ્મીરાદેવી

પાસે જઈ મંજરીને મળે, એટલો જ વિચાર તેનું આખીયે હૃદય ફરી રહ્યું હતું.

તે હાથીપરથી ઉતર્યો એટલે ડુંગર નાયક તેની પાસે આવ્યો.

"બટ્ટજી! આપને બોલાવે છે."

"કોણ?" પાછા ફરી કાકે પુછ્યું.

"કાશ્મીરાજા."

કાકનું હૃદય ધબકી ઉઠ્યું. ત્રિભુવનપાલ, ઉંબકને જયદેવ મહારાજ પાસે લઈ જવામાં ગુંથાયા હતા એટલે તેને રજા લેવાનો લાગ સારો લાગ્યો: "બા રાજગઢમાં છે?"

"હા. મીનળબાની પાસે છે."

કાકને ત્રિભુવનની રજા લેવાનું મન થયું, પણ તેની આજુબાજુ એટલાં માણસો હતાં કે તેને મળવું અશક્ય હતું. કાક છાનોમાનો ડુંગરની પાછળ ચાલ્યો.

લોકોની ઠઠ વટાવી, બાજુપર થઈ વિશાળ રાજગઢના ઓતાડા ઓરડામાંથી કાકને ડુંગર લઈ ગયો. કાક રાજગઢથી હજુ પરિચિત નહોતો એટલે ક્યાંથી જામ છે તે જાણતો નહોતો. તે નિશ્ચિતપણે એક ઓરડામાં જવા લાગ્યો, અને ડુંગરે તેના ખભા પર હાથ મૂક્યો. તે તરત ફર્યો. પાછળથી કોઇએ એકદમ તેને બાથ ભીડાવી. કાક ઘૂમ મારે તે પહેલાં તેને મોઢે એક પીછોડી બંધાઈ ગઈ. થોડી પળમાં એક ભોંયરા આગળ તે ઘસડાયો. તે અંદર ધકેલાયો—પગો. ભોંયરામાંનાં જીવજન્તુઓ તેના પાતથી ખભળી ઉઠ્યાં. ઉપરથી ડુંગરે ભોંયરાનું ઢાંકણું દઈ દીધું.

એકદમ કાકને સમજ પડી. જયદેવ મહારાજ અને ઉદા મહેતા વેર વાળતા હતા.

# મહરણુ ત્રીજું.

## મુંજાલ મહેતાનું હૃદય.

જયદેવ મહારાજ શોકગ્રસ્ત હતા. ઉભક આવ્યો એટલે પાટણ પગું એમ એને લાગતું હતું. તેનો અભિમાની સ્વભાવ અલ્પતાની પરિસીમાએ પહોંચ્યો હતો. તેણે નવઘણને જીત્યો, પણ ઉભકે તેને જીત્યો હતો; તેની કીર્તિને કલંક લાગ્યું હતું. તેના હૃદયમાં ક્રોધ હતો, જનૂન હતું, સાથે ક્ષુદ્ર દૌર્બલ્યની નિરાશા પણ હતી. મોઢાપર તમાચો મારી તેણે હિમત રાખી અને બે ખંડમાં આ વાર્તાની શરૂઆતમાં પાટણના રાજ્યકર્તાઓ મળ્યા હતા ત્યાં જઈ તે બેઠો. મહામહેનતે તેણે મોઢાપરથી ક્રોધનાં અને નિરાશાનાં ચિન્હો દૂર કર્યાં.

મુંજાલ ઉભકને લઈ આવ્યો. સાથે મંડલેશ્વરો, મંત્રીઓ પણ હતા. જયદેવે ઉભકને આવકાર દીધો; બેહાએ બે ચાર મીઠાં વચનો કહી મહારાજની કૃપા યાચી; વિનયવિધિ પૂરી થતાં ઉભકે કહ્યું;

"કૃપાનાથ! મારા મહારાજે સંદેશો કહાવ્યા છે."

"શા?."

"મને સરસ્વતીમાનો પ્રસાદ નથી; એટલે થોડું કહું તો ઘણું માની લેજો."

"અરે એ શું બોલો છો? કહો અવન્તીનાથ શું કહાવે છે?"

"મારા મહારાજાધિરાજ આપના સંબંધી થવા ઇચ્છે છે."

"કેવી રીતે?"

"આપને પોતાની પુત્રી વરાવી."

જયદેવના મોઢાપર સંતોષ પ્રસરી રહ્યો. વિજેતા હોય તેને કન્યા આપી હારેલો રાજા રીઝવે; આ તો વિજયી રાજા હારેલાને કન્યા આપે! જયદેવનું મોઢું મલકાયું.

"બીજું આપને અવન્તી આવવાનું નિમંત્રણ મોકલાવ્યું છે."

"બીજું કાંઈ?"

"બીજું શું? આપની કૃપા અને પાટણની મૈત્રી."

હમેશની ટેવથી રાજાએ મુંજાલ અને બીજા મંત્રીઓ સામું જોયું. દરેકના મુખ પર સખ્તાઈ હતી. જે વાત જયદેવને રુચી હતી તે બધા વગર બોલ્યે નાપસંદ કરતા હતા.

"સેનાપતિરાજ!" મુંજાલે ઉમેર્યું "આપ બે ત્રણ દિવસ તો રોકાવાના છો ને? મહારાજા વિચાર કરી જવાબ દેશે. આવી બાબતોમાં કાંઇ ઉતાવળે આંબા પાકે છે? પૂર્ણિમાને દિવસે રાજ્યસભા છે તે વખતે મહારાજ ઉત્તર દેશે. મહારાજ! હવે સેનાપતિરાજને રજા આપો. મધ્યાહ્નને થોડીજ વાર રહી છે."

"હા. સાંજ સુધી તો પાટણમાં છોને?"

હા જી. જે સુભટો હું સાથે લાવ્યો છું તે સરસ્વતીને પેલે તીર પડાવ નાંખી પડ્યા છે. રાત્રે હું ત્યાં જઇશ." ગર્વથી ઉંબકે કહ્યું.

પરરાજ્યમાં જતા સ્વતંત્ર રાજાઓ ગામ બહાર પોતાનો પડાવ નાંખીજ રહેતા; આ રીતિનું એક સેનાપતિ અનુકરણ કરે તે જયદેવને રૂચ્યું નહિ. છતાં અત્યારે ઉંબકને તે શું કહી શકે? "જેવી મરજી" કહી તે ઉઠ્યો અને તેની સાથે બધા ઉઠ્યા. જયદેવ હોઠ કરડતો, અવન્તીનાથના જમાઇ થવાની આશાએ ખુશી થવું કે નહિ તે ગુંચવાડામાં ચાલ્યો ગયો.

બધા આવેલા નગરજનો વિખરાઇ ગયા. કેટલાક ઉંબકની આગતાસ્વાગતામાં રોકાયા, કેટલાક પોતાને ઘેર હોળી ખેલવા ગયા. ત્રિભુવનપાલ પોતાને મહેલે ગયા; પણ કોકને કોઇએ સંભાર્યો નહિ અને તેની ગેરહાજરીનો કોઇએ હિસાબ ગણ્યો નહિ. જમતી વખતે ત્રિભુવને તેને સંભાર્યો પણ તે કોઇ મિત્રને ત્યાં ગયો હશે એમ ધારી તેણે વધારે વિચાર કર્યો નહિ.

મુંજાલ મહેતા રાજગઢમાં વિચાર કરતા બેઠા. ઉંબકે જે બે સંદેશા કહ્યા હતા તેથી તે અજાયબ થયા. અવન્તીનાથનો તેમાં શું મુદ્દો હતો તે જાણવાની તેમણે મહેનત કરવા માંડી. તેને મન ઉંબક માત્ર બોદ્દો

લાગ્યો–તેનો કાંઈ હિસાબ નહોતો. પેલો સ્વરૂપવાન યુવક કોણ હતો? મુંજાલની આંખ આગળ કીર્તિદેવનું મોઢું ખડું થયું–તેને પણ કાકની માફક તે પરિચિત લાગ્યું. કોના જેવું એ છોકરાનું મોઢું છે? મુંજાલને તે સમજાયું નહિ. પણ એ છોકરાની આકર્ષક મુદ્રામાં કાંઈ સમાયેલું છે એમ એને લાગ્યું. "એના પર ધ્યાન રાખવું જોઇએ" તે બબડ્યો. "કોણ એના પર નજર રાખશે? આવાં રૂપાળાં મોઢાં ત્રણ ભુવનનું સત્યાનાશ વાળે. [1]હુંસામાં શું મણા હતી? તેણે શું ધમસાણ ઓછું ઘાલ્યું? શેઢાણી પણ ક્યાં રૂપમાં ઓછી હતી?" મુંજાલના મુખ પર ગ્લાનિ પ્રસરી રહી. તેની પત્ની જે સજ્જનની બહેન હતી તેના તરફ મુંજાલે એટલી ભેદકારી અને ક્રૂરતા બતાવી હતી કે તેણે રીબાઈ રીબાઈ પ્રાણ તજ્યો હતો. આ પાપનો પશ્ચાત્તાપ અમાત્ય સદાયે કરતો. અત્યારે તેનું મન તે દિશામાં વળ્યું. તેણે નિસાસો મૂક્યો અને ફરીથી બબડ્યો: "અત્યારે કુલકુંવર ક્યાંથી યાદ આવી? તે તો ગઇ પણ બીચારો છોકરોએ મરી ગયો. એ આજે હોત તોય વીશ વર્ષનો હોત. મારૂં ધડપણ તો પાળત. હવે મુંજાલ મહેતાનું નસંતાન જવાનું." મુંજાલ કઠોર રીતે હસ્યો. અને કપાળ પર હાથ ફેરવ્યો.

"ગયું તે તો ગયું." કહી તે ટટ્ટાર થયો અને કાળુમાંથી છટકી જતી મનોવૃત્તિને ઠેકાણે આણી. "મુંજાલને સંતાન કેવું? મારૂં સંતાન પાટણ. પણ આ કીર્તિદેવ પાછળ કોને મૂકું? અરે હા. પેલો ત્રિભુવનનો દોસ્ત ક્યાં ગયો? સવારે દીઠો હતો, અત્રે બહાર કોઇ છે કે?" મુંજાલે ઉંડા નિશ્વાસ મૂકી પુછયું.

એક પાર્શ્વક આવ્યો "જ! ત્રિભુવનપાલને ત્યાં જઈ કાકભટ્ટને જલદીથી બોલાવી લાવ" અડધી ઘડીમાં નોકર જવાબ લઇ આવ્યો કે કાક ભટ્ટ ત્યાં નથી અને સવાર પછી ક્યાં ગયા છે તેની કોઇને ખબર નથી.

મુંજાલ ઉઠ્યો અને પાછળ જ્યાં મીનળદેવી બેઠાં હતાં ત્યાં ગયો.

---

૧ મુંજાલની બહેન અને ત્રિભુવનની મા–પાટણની પ્રભુતા.

જયદેવ અને મુંજાલ નવઘણ રાજાને મહાત કરવા ગયા હતા તેટલામાં રાજ્યમાતા જાત્રાથી પાટણ પાછાં આવ્યાં હતાં.

મુંજાલ જેવો રાણીના ઓરડામાં ગયો કે ત્યાં બેઠેલી યુવતીઓની નાસભાગથી ઝાંઝરો ઝણુકી ઉઠ્યાં. તેમના ગભરાટને જરા હસીને તેણે નીહાળ્યો, અને પળવાર ઠમકી તેમને નાસી જવાની તક આપી. પણ મહામાત્યની તીક્ષ્ણ દૃષ્ટિએ એક નવું મુખ જોયું. તે મુખનું અલૌકિક સૌંદર્ય તેને અપરિચિત લાગ્યું. "માત્રા!" તેણે કહ્યું.

એક યુવતી ફરી. વાચસ્પતિ ગજાનન પંડિતની સ્ત્રી અને સ્વર્ગસ્થ વૈદ્ય લીલાની પુત્રી પાટણની પ્રભુતામાં વાચકને મળી હતી. "જી" તેણે જવાબ દીધો.

"આ તારી સાથે કોણ છે?" પેલી લજ્જાવતી બાલા તરફ હાથ કરી મુંજાલે પુછ્યું.

"મુંજાલ!" ખુણામાં બાજઠ પર બેસી જપ કરતાં મીનળદેવી બોલી ઉઠ્યાં: "એ તો આપણા કવિકુલશિરોમણિ રૂદ્રદત્તની છોકરી." સવારે કાશ્મીરાદેવી અને મંજરી આવ્યાં તેવાં રાજ્યમાતાને મળી સઘળી વાત કહી ગયાં હતાં.

"એ તો એના દાદાને ત્યાં જુનાગઢ હતી." મુંજાલે સંભારીને કહ્યું.

"ના" મીનળદેવીએ કહ્યું "એની માતા શ્રાવક છે. તે એને કોઈ શ્રાવક શેઠીયા જોડે પરણાવતી હતી. એની વાત ઘણી સરસ છે."

"શું?"

"ત્રિભુવનનો કોઈ ભટ્ટ છે. તે એને નસાડી લાવ્યો" મીનળદેવીએ હસતાં હસતાં કહ્યું. "આજે સવારે પ્રસન્ને[1] એ વાત કરી હસાવી હસાવી થકવી નાખ્યાં."

"કોણ કોકભટ્ટ?" મુંજાલે મંજરી સામું જોઈ પુછ્યું. મંજરી લજ્જાવતી હતી; પણ તેનાં પ્રફુલ્લ નયનો મહામાત્યને નીડરપણે નીરખી રહ્યાં હતાં. તે ધીમેથી માનભેર બોલી. "હા."

(૧) કાશ્મીરાદેવી.

"એ કોણ છે?" મીનળદેવીએ પુછ્યું "મારે એને જોવો છે."

"મારે પણ એનું કામ છે. પણ કોણ જાણે સવારનો ક્યાં ગયો છે. છોકરીઓ, જાઓ હવે" કહી મુંજાલે માત્રા અને મંજરીને રજા આપી, અને રાણી તરફ ગયો.

ચાર વર્ષમાં મીનળદેવીમાં ઘણો ફેરફાર પડયો હતો. તેનું શરીર પહેલા કરતાં જરા જાડું થયું હતું. જુવાનીમાં પણ તેના મુખ પર ગૌરવ તો હતું જ; હવે તે પાકટ થયું હતું અને સત્તા અને અડગતાની રેખાઓએ કુમાશ ને સાદાઈ તે ઉપરથી કાઢી નાખ્યાં હતાં. તેની આંખોમાં તેજ પહેલાંના જેવું હતું. માત્ર તે સ્થિર થયું હતું તેમાંથી પ્રતાપ સતત વહેતો–પહેલાંની માફક વધતો ઓછો કે ભયંકર ભાગ્યે જ થતો.

ગુજરાતના રાજ્યની તે અધિષ્ઠાતા દેવી હતી. તેણે બહારથી રાજ્યખટપટમાં ભાગ લેવો બંધ કર્યો હતો; પણ તેની નજર બધે હતી, તેની બુદ્ધિ સઘળું સમજતી. તે મુંજાલને ઓળખી ગઈ હતી; તેના આશયો સમજી હતી; તેના મુત્સદ્દીપણામાં તેને વિશ્વાસ હતો. અને તેથી તે કથામાં વચ્ચે પડતી દેખાતી નહોતી. પણ જે રાજગઢના ભોમીયા હતા તે જાણતા હતા કે જેવો મુંજાલનો પ્રભાવ ભયંકર હતો તેવો જ રાણીનો હતો; અને બન્ને અંતરમાં એક હતાં તેથી જ એ પ્રભાવોનો વિરોધ નહોતો થતો.

રાણીએ મંજરી પાસે ત્રિભુવનનાં અને કાકનાં પરાક્રમો સાંભળ્યાં હતાં તે મુંજાલને કહ્યાં: અને મુંજાલે સવારે બનેલી બીના કહી સંભળાવી.

મને લાગે છે કે આ ઉબક માત્ર શોભા લેવા નથી આવ્યો. તેનો હેતુ કાંઈ જૂદો જ છે. હું થોડા વખતમાં ખોળી કાઢીશ. પણ જયદેવે કાંઈ ઉતાવળ કરવી નહિ જોઇએ" મુંજાલે આખરે કહ્યું.

"એ શું કરવાનો હતો?"

"ઘણું. એ અધીરા બન્યા છે. લક્ષ્મવર્માની કન્યાનું માગું સાંભળી એના તો મ્હોમાં પાણી આવ્યું. એનું ચાલે તો ઉબક જોડે અવન્તી જાય."

"એ બહુ ઉતાવળીયો છે. પણ માલવાની કન્યા આવે તો ખોટું નહિ."

"ઘણું ખોટું" મુંજાલે ડોકું ધુણાવી કહ્યું.

"કેમ ?"

"પહેલાં તો લક્ષ્મવર્માને છોકરાં જ નથી. એ તો એના ભાઈ યશોવર્માની છોકરી હશે."

"એમ ?" ચમકીને રાણીએ કહ્યું.

"હા. અને માલવાની છોકરી આવે કે અહિયાં નહિ દુશ્મનનો દુશ્મન ઉભો થાય."

"એ ખરૂં."

"ત્યારે આપણે તો અહિયાં એક જ તંત્ર હાલ જોઇએ. હજુ લાટ ને સોરઠનાં ઠેકાણાં નથી તો વળી માલવાનું તોફાન કયાં નોતરીયે. નશીબમાં હશે તો માલવાની કન્યા નહિ મળે ?"

"હા. હા. હાલ પુરૂં ગુજરાત તો તાબે કરીયે. પછી સહુ થઇ રહેશે. આ નવઘણ પત્યો એ તો ઠીક થયું."

"હા. સાથે ઉદાને પણ સીધો કરવો પડશે. આ તમે કાકની વાત પણ ઠીક કહી. ઉદાને અને જયદેવને હાલ ઠીક ચાલે છે. એમાં કાંઈ ઉદાની ઉસ્તાદી છે."

"અરે એનો શો હિસાબ છે ?" રાણીએ કહ્યું.

"જે જે ભુલતાં ના, એ છે મીઠાબોલો, પણ જેટલો બહાર છે તેટલો ભોંયમાં છે. વારૂ. ત્યારે હું જયદેવને મળું છું; નહિ માને તો પછી તમે બે શબ્દ કહેજો."

"જરૂર" કહી મીનળદેવી જરા હસી; જવાબમાં મુંજાલની આંખ જરા હસી. આટલો જ વહેવાર તેમનો ભસ્મ થયેલો પ્રેમ રાખી રહ્યો હતો.

મુંજાલ જવા માટે ફર્યો.

"રે મુંજાલ !"

" કેમ ?"

"આજે કાશ્મીરાએ એક વાત કહી. એણે એક વ્રત લીધું છે."

"શું ?" મુંજાલે પુછ્યું.

"તને ફરી પરણાવવાનું" રાણીએ જરા છાસીયું કરી કહ્યું.

"મને ?" એકદમ ચમકી મહાઅમાત્યે ખેદયુક્ત અવાજે પુછ્યું.

"હા" મીનળદેવીએ પણ કોમળ, ભાવભર્યા અવાજે જવાબ દીધો "મને પણ લાગે છે કે તું આમ કયાં સુધી રહેશે ?" રાણીના અવાજમાં પૂર્વાશ્રમના કાંઇક પડઘા હતા.

"મને શું ખોટ છે ?"

"છુપાવે છે શું કામ ? તારા હૃદયમાં નિર્જનતા નથી પ્રસરવા માંડી ? સાચું કહેજે."

"દેવી ! આવી વાતો શા કામની ? મારે હૈયું જ નથી. કોઇક વખત" મુંજાલે દયામણાપણાથી કહ્યું "હૈયું સજીવન થાય છે; દહે છે. ઘડપણ આવે તેમ નિર્બલતા વધે."

"તેથી જ કાશ્મીરાની સલાહ વિચારવા જેવી છે."

"મારે એ વિચાર નથી કરવો."

"પણ મારે તને દુઃખી થતો પણ નથી જોવો. હું ગઇ, પછી તારૂં કોણ ?"

હૃદયમાં ઉભરાઈ આવતી એકલતાના દુસહ્ય ભારથી મુંજાલે આંખો મીચી, અને જવાબ નહિ આપ્યો. થોડી વારે તેણે કહ્યું: "નોધારાનો આધાર" અને ઉંચું જોયું; અને પીઠ ફેરવી ત્યાંથી ચાલતો થયો.

ઉમ્મર સાથે હૃદયની આ વ્યથા પણ અમાત્યને વધતી જતી હતી. તેને લાગતું હતું કે તેનો બુદ્ધિપ્રભાવ ફાલતો હતો; પણ હૃદયનો પ્રભાવ કરમાતો હતો. તેમાં સ્નેહ સિંચવા કોઇ અન્તરનું તેને સંબંધી નહોતું. સામાન્ય જનોથી અટુલા બનેલા મહાપુરુષો એકસ્તંભા મહેલના રહેવાથી બની જાય છે. બધાથી ઉંચા ખરા; પણ એ ઉંચાઇ એ જ એમનું કારાગૃહ.

## પ્રકરણ ૪ થું.

## વિધિ અને તેનાં સાધનો.

ગામની સ્ત્રીઓમાં વાચસ્પતિ ગજ્જનન પંડિત પાટણનું નાક ગણાતા. એમ કહેવાતું કે તેના ધાકથી વેદપારંગતો કાશીપુરીયાં રસ્તા રસ્તા પૂરેપૂરા વેદોચ્ચાર પણ કરી શકતા નથી; ઇન્દ્રનું ઇન્દ્રાસન ઘણી વખત ડામાડોળ થાય છે; દ્વાનવો નરકમાં પ્રજા પ્રજા સડવાનું ભૂલી જઈ ફાંફે છે; નક્ષત્ર, તારા, ધૂમકેતુઓ સુદ્ધાં એ કહે તે જ ઘરમાં, દરરાવે તેવી જ દ્રષ્ટિ ફેંકી જોયા કરે છે. તેની પાસે ભણવા દેશે દેશના શિષ્યો આવતા; તેની પાસે પરાજય પામવા દક્ષ દિશાના પંડિતો આવતા; તેની પાસે શાસ્ત્રવચન સાંભળવા નગરજનો ઉલટતા; તેની પાસે મુહૂર્ત માગવા મહાજનો તેનાં બારણાં તોડી પાડતા; તેની પાસે વેવાણોનો સંબંધ બાંધવા તલસતી સ્ત્રીઓ, વ્યતિપાત, વૈધૃત અને ખડા ખાષ્ટાની અટપટી મુશ્કેલીઓ અચૂક ન્યાય કરાવવા લાવતી.

તે કર્ણદેવના માનીતા વૈદ્ય લીલાની છોકરી માત્રાને પરણ્યા હતા; ત્રીનળબ્યાના માનીતા પંડિત અને જોષી હતા; પાટણની પાઠશાળાના મહામહોપાધ્યાય હતા. તે હતા જુવાન પણ ગણાતા વૃદ્ધોમાં પણ વૃદ્ધ.

વિઘ્નેશ શંકરપુત્રનું મંગલદાયક નામ તે ધારતા હતા; પણ ગણપતિમાં જે ગુણો વિશ્વવિખ્યાત છે તે એમનામાં ગેરહાજર હતા. ગજ્જનન તો કુંડાલા, અને આ ગજ્જનન માત્ર હાડ અને ચામ હતા. દેવ સુખ અને ચેનની મૂર્તિ; અને આ સતત અભ્યાસથી શુષ્ક અને ચિન્તાતુર. એકનું માથા કરતાં શરીર મોટું; બીજાનું શરીર કરતાં માથું ઘણું જ ભારે. એક ગજ્જનન બબ્બે સ્ત્રીઓની સેવા સ્વીકારતા; બીજા ગજ્જનન લોઢાની કુંડલીઓ જોવામાં એક સ્ત્રીને પણ ઘણી વખત ભૂલી જતા.

રાજ્ય અને સંસારની ખટપટોનું વાદળ ચારે તરફ મૂશળધાર પાડતું; છતાં વિદ્યાદેવીના છત્ર નીચે ગજ્જનન પંડિત સ્વસ્થ, અસ્પર્શ્ય અને પોતાનું કામ કરતા. આજે પાટણમાં વસન્તોત્સવ શરૂ થયો હતો. પરદેશી સેનાપતિનાં પગલાં આવ્યાં હતાં, ઘરમાં ઘરી ગયેલા મિત્રની પુત્રી આવી હતી–

ગજાનન પંડિત.

છતાં પંડિત ટીપણું લઈ પાટલા પર નિશ્ચલ અને બિરાજ્યા હતા. જમણે કાને તેણે કલમ ખોસી હતી; અને અંગુઠાથી આંગળીની રેખાઓ પર ગણત્રી કરતા હતા. તેની સામું એક મોટી જન્મોત્રીનું ટીપણું પડ્યું હતું. એક ખુણામાં ત્રણ શિષ્યો પાસે પાસે ભરાઈ, હાથમાં સત્ર ખાતા પોથી રાખી, ધીમે ધીમે કાનમાં વાતો કરતા અને ધાકથી અવારનવાર પોથી વાંચવાનો ડોળ કરતા બેઠા હતા. એક શિષ્યે ગુરુ તરફ આંખની અણીથી જ માત્ર નજર કરી, અને બીજાઓના શરીરમાં આંગળી ચોંચી તેમનું ધ્યાન ગુરુ તરફ ખેંચ્યું. કયો ગ્રહ કયા સ્થાનથી ઉપડી કયે સ્થાને પહોંચી જવાનો હતો તેનો એકાગ્રતાથી વિચાર કરતા પંડિતરાજનો અંગુઠો નહિ સીધો, નહિ વાંકો, પણ સ્તબ્ધ બની ઉભો રહ્યો—એક પળ એમ રહ્યો; બે પળ ગઈ પણ ડગ્યો નહિ. આવા અકસ્માતથી શિષ્યો ગભરાયા. તેમણે ગુરુદેવના મોઢા પર દૃષ્ટિ કરી, તેમની શાન્ત, ઝીણી આંખો આંગળીની રેખા પર ઠરી ગઈ હતી—સાથે ફાટી પણ રહી હતી. શિષ્યોનો શ્વાસ રૂંધાયો; ગુરુદેવ શું સમાધિસ્થ થવાની તૈયારીમાં હતા? એક પળની દશ થઈ—પણ નહિ હાલ્યો અંગુઠો, કે નહિ હાલી પાંપણ. શિષ્યોએ એક બીજાની તરફ જોયું. હવે શું કરવું?

એકદમ, નિર્મલ આકાશમાં જાણે વીજળીના કડાકા થઈ આવ્યા હોય તેમ તે વેદોચ્ચારે પુનિત કરેલા શાન્ત નિઃશબ્દ ખંડમાં ખડખડાટ હસવાનો ધ્વનિ ગાજી રહ્યો. શિષ્યો ગભરાઈ ઉભા થઈ ગયા; ગુરુનું હસવું માતું નહોતું. કોઈ દહાડો તેઓએ ગુરુને મંદહાસ્યથી ઉંચી પંક્તિનું આવું ગૌરવહીણું કર્તવ્ય કરતા જોયા નહોતા; અને તેથી તે ભાનમાં હશે કે ક્રમ તેની શંકા થઈ.

ગુરુદેવે થોડી વારે હસવું ખાળ્યું; આંખમાં આવેલાં આંસુ લૂછ્યાં; પાછી આંગળી પર ત્રણ વખત ગણ્યું—એક, બે, ત્રણ, ચાર, ને પાંચ, અને મલકાવા લાગ્યા; આખરે બોલ્યાઃ "આહાહા શું વૈચિત્ર્ય!" શિષ્યો પણ કેવી વિચિત્રતાએ ગુરુને આટલા અસ્વાભાવિક બનાવી મૂક્યા તેનો નિર્ણય કરવા પાસે આવ્યા. પંડિતે ઉંચું જોયું, ગુરુસાભર્યા મુખે આમ તેમ જોયું, અને

શિષ્યોને ત્યાંથી ચાલી જવા સૂચવ્યું. હાસ્યનો ભેદ પામવાને નિરાશ થયેલા શિષ્યો ત્યાંથી ચાલ્યા ગયા.

ગજાનન પંડિત ફરી થોડું હસ્યા. ટીપણું લીધું: જોયું અને પાછું હસ્યા. ટીપણામાં કાંઈ અજબ હાસ્ય જનક વસ્તુ હતી. પણ વધારે વખત તે વસ્તુનો તે વિચાર કરી શકયા નહિ. એક શિષ્ય દોડતો આવ્યો "ગુરુદેવ! કાશ્મીરાબા અહિયાં આવે છે."

"હેં!" આવું ઓચીન્તું આવાગમન જોઈ ચમકી ઉઠી તેણે કહ્યું.

"હા. પંડિતજી." કાશ્મીરાદેવીનો મીઠો મશકરીભર્યો અવાજ આવ્યો. "એક વાત કરવા, મારે ઘેર જતી જતી આવી છું. બેસી રહો બેસી રહો. શું કરવા ઉઠો છો?" માન આપવા ઉઠવા તૈયારી કરતા પંડિતને તેણે કહ્યું.

"બોલો પ્રસન્નબા—અરે—અરે–કા"–

પંડિત ગરવાઈ ગયા. "બા ભુલ"–

"એ વાત જવા દો. હું ઉતાવળમાં છું. હું લગ્નની વાત કરવા આવી છું."

કાશ્મીરાએ જરા આંખો નચાવી "ચાર ચાર વર્ષનાં વહાણાં વાયાં પણ તમારી જીભે પ્રસન્ન કાશ્મીરા નહિ થઈ. કોણ જાણે કોણે પંડિત બનાવ્યા."

પંડિતની ગંભીર મુખમુદ્રા વિચારમાં પડી–તેની નજર સામે પડેલા ટીપણાપર પડી–અને તે એકદમ હસી પડયા. કાશ્મીરા પહેલાં કાંઈ ન સમજી. પછી પંડિતને આવી વિચિત્ર રીતે હસતા દેખી પોતે પણ હસવા લાગી. "કેમ હસો છો?"

બોલ-બોલમાંથી પંડિતના અર્ધા શબ્દો નીકળ્યા "હું પણ લગ્નની જ વાત કરવા માગું છું."

કાશ્મીરાદેવી આ શુષ્ક, વેદાભ્યાસથી જડ બનેલા પંડિતની આવી વાતથી તે ભાનમાં છે કે નહિ તેનો વિચાર કરવા લાગી.

"કોનું લગ્ન?"

"મુંજાલ મહેતાનું" કહી પાછા ખડખડ હસતાં પંડિતે ટીપણા તરફ આંગળી કરી.

"આ ટીપણું મામાજીનું છે?"

"હા. આ વર્ષે તેમને સ્ત્રીયોગ છે."

"શું સાચી વાત?" કાશ્મીરાએ પુછ્યું.

"બા! મેં અનેક વાર ગણ્યું. જો આ વર્ષે મુંજાલ મહેતા ન પરણે તો હું પાણી મુકું–ફરી કોઇ ટીપણાને હાથ નહિ અડકાડું. યોગ એવો છે કે એ ભલેને ના કહે. મને તેજ કયારનું હસવું આવે છે. મુંજાલ મહેતા પરણે હા–હા–હા" કહી પંડિત ફરી હસવા લાગ્યા. કાશ્મીરા હવે આ હસવાનું કારણ સમજી. પંડિતને મન મુંજાલ પરણે એ ઘણી વિચિત્ર વાત હતી.

"ત્યારે તમારા મ્હોમાં ગોળ."

"કેમ કાંઇ વાત થાય છે?" પંડિતે પુછ્યું.

"ના. પણ મેં નિશ્ચય કર્યો છે એટલે થવાનુંજ" કાશ્મીરાએ કહ્યું "એમના યોગને લીધેજ મને પ્રેરણા થઇ હશે. પણ મુશ્કેલીની વાત એક છે."

"શું?"

"મામાજીને લાયક કન્યા કયાંથી લાવવી?"

પંડિતે એકદમ ભવાં ચડાવ્યાં, માથું ખોતર્યું, અને એક આંખ મીચી જવાબ દીધોઃ "હું બતાવું–ઈશ્વરે કન્યા સરજી નહિ હોય તો મ્રહયોગ આવે કેમ?"

"કોઇ નજરમાં ઉતરે એવી છે?" કાશ્મીરાએ પુછ્યું.

"હા."

"કોણ?"

પંડિતજી નીચા નમ્યા અને ધીમેથી કન્યાનું ઓળખાણ આપ્યું: કાશ્મીરા ચમકીને આઘી ખશી ગઇ.

"મામાજી એને કેમ પરણે?"

"ગ્રહયોગ. તેની કુંડલી મેં જોઇ છે. આવું જુગતે જોડું બ્રહ્માંડમાં મળે એમ નથી."

કાશ્મીરાએ ડોકું ધુણાવ્યું "ઉહું. કાલાન્તરે એને પરણે નહિ. પણ એ છે કેવી? મેં જોઇ નથી. હું જોઇશ હવે."

"જોઇને શું કામ છે. બન્નેના ગ્રહ શું પડ્યા છે? આ–હા–હા"– કહી પંડિતે મુંજલ્લ મહેતાનું ટીપણું હાથમાં લીધું.

"વારૂ. પણ હવે મારે જવું છે. એક વાત તમને કહેવી છે."

"સુખેથી કહોની."

"મંડલેશ્વર મહારાજનો એક કાકભટ્ટ કરીને મિત્ર છે."

"હા. જે મંજરીને લઇ આવ્યો તે."

"તે બીચારાને માથે કોઈ છે નહિ. તેથી માગું કરવા આવી છું."

"કોનું માગું?"

"મંજરીનું. જુઓ મંજરીનો કન્યાકાળ વીતી ગયો છે; અને બાપ છે નહિ; મા શ્રાવક છે; દાદા અપંગ છે અને જુનાગઢમાં પડ્યા છે. મંડલેશ્વર મહારાજનો એમ વિચાર છે કે એ બે પરણે તો બન્ને સુખી થાય."

"આ! કાકની કુંડલી છે?"

"કુંડલી ગઈ"–કાશ્મીરા બોલી ઉઠી.

"હા, હા, હા." પંડિત બોલ્યા "એ કેવો બ્રાહ્મણ છે?"

"લાટનો ચોધ્યો છે; બહુ ટેકીલો શરવીર ને કુલવાન છે. મારા ઘર ભરોસો નથી?"

"આ! મારા મિત્રના કુલને લાંછન નહિ લાગવું જોઇએ."

"પંડિતજી! પાંચ વર્ષમાં એ પાટણનો સેનાપતિ થશે."

"તેને શું કરે? બ્રાહ્મણ થઈ વેદોચ્ચાર પૂરો આવડતો ન હોય તો!"

"પંડિતજી! તમે એને જોજો, પછી વિચાર કરજો. એનાથી વધારે સારો પતિ મંજરીને ત્રણ ભુવનમાં નથી મળવાનો."

"વારૂ હું કાલે મળીશ. આશીર્વાદ આ! કુમાર કેમ છે? ને મહા-

રાજ ? હું મહારાજને મળવા આવીશ તો એ તો ગરીબ બ્રાહ્મણને ઓળખતાએ નહિ હશે."

"તમને ભૂલીને માણસ જનમ ક્યાં ?" કહી નીચા વળી પ્રણામ કરી, કાશ્મીરા ત્યાંથી નીકળી; પંડિતે પાછું ટીપણું હાથમાં લીધું.

થોડી વારમાં ઘરના આગલા ભાગમાં બારણાંની અફલાઅફલી થઈ અને માત્રા અને મંજરી હાફલાં ફાફલાં આવ્યાં. પાછળ વિસ્મય પામેલી કાશ્મીરાદેવી આ ગભરાટનું કારણ જાણવા પાછી આવી.

"દેવી ! શું છે ?" પંડિતજીએ માત્રાને પુછ્યું.

"ઉભા રહો કહું છું" કરીને તેણે મંજરીને બેસાડી. મંજરીના હોસકોસ ઉડી ગયા હતા; તેની કમલપત્રશી આંખો ફાટી ગઈ હતી; રમણીય અપૂર્વતાએ પહોંચેલી તેની છાતી જોસથી ઉંચી નીચી થઈ રહી હતી. આ ગભરાટમાં તેનું સૌંદર્ય, તેનું લાલિત્ય, ભયંકર મોહકતા ધારી રહ્યું હતું. શુકદેવજીએ રંભા પાછી કાઢી પણ આને જોઈ શું વિચાર કરત એ પ્રશ્ન પંડિતરાજના શુષ્ક હૃદયમાં પણ ઉભો થયો. તે ઉભા થઈ પાસે આવ્યા.

"બા ! પંડિતજી !" માત્રાએ કહ્યું. "અમે રાજગઢથી પાછાં આવતાં હતાં ત્યાં એકદમ મંજરી ચીસ પાડી ઉઠી અને મારો હાથ ઝાલી અહિયાં સુધી દોડાવી લાવી."

"કેમ ?"

મંજરીએ હોઠ દબાવી જરા સ્વસ્થતા આણી. "મેં જતો જોયો."

"કોને ?" કાશ્મીરાદેવીએ પુછ્યું.

મંજરીએ પોતાનું માથું હાથથી ઢાંકી દીધું અને ધ્રુસ્કાં ખાવા માંડી.

"જે તને ખંભાતમાં પરણાવવાનો હતો તે ?" કાશ્મીરાએ પુછ્યું.

ઉંધે માથે ડોકું હલાવી મંજરીએ હા કહી.

"શું કોઈ શેઠ ઉદા મહેતાની જોડે ખંભાતથી આવ્યો છે ?"

ફરીથી મંજરીએ હા કહી.

"હા હા" કાશ્મીરાએ કહ્યું તેને રસ્તેથી જતો જોયો હશે. તેમાં

એ ગભરાઈ" કહી તેણે પંડિતની સામું જોયું; પંડિત તે નજરનો અર્થ સમજ્યા.

મંજરીને પરણાવવી જોઇએ તેનું એક બીજું સબળ કારણ મળ્યું.

"બા! બા!" મંજરીએ કાશ્મીરાદેવીને દયામણે અવાજે કહ્યું, એણે મને પણ જોઈ. હવે હું ક્યાં જાઉં? મને જરૂર લઈ જશે.

"ગભરાય છે શું? ગાંડી! આ બંભાત નથી. પાટણ છે."

"બા! તમે એને ઓળખતાં નથી."

"ગભરાઓ નહિ પંડિતજી! મંજરીને મારે ઘેર લઈ જવા દો. એ અહિયાં ગભરાશે?"

"હા હા." માત્રાએ કહ્યું. ગજાનન પંડિત કાંઈ નિશ્ચય ઉપર આવી શક્યા નહિ.

"ચાલ મારી સાથે મંજરી! કોની મગદૂર છે કે મંડલેશ્વરને ત્યાં તારો વાળ વાંકો કરે" કહી કાશ્મીરાદેવી મંજરીને પોતાની સાથે લઈ ગઈ. તેના ગયા પછી પંડિતજી બોલ્યાઃ "શું વિધિનું વૈચિત્ર્ય."

"કેમ?" તેની અર્ધાંગનાએ પુછ્યું.

"કુંડલી જોયા વગર કહું છું કે મંજરીનો લગ્નયોગ આવી લાગ્યો."

"કેમ તમે પણ લગ્નયોગો જોતાં ગાંડા થઇ ગયા છો કે શું?"

"દેવિ! તું પ્રસન્નબાને ઓળખે છેને?"

" નાનાં નાનાં અમે કુંકા રમતાં ત્યારથી. પણ તેમાં મંજરીના લગ્નની વાત કયાંથી આવી?"

"પ્રસન્નબાએ નક્કી કર્યું છે કે મંજરીને પરણાવવી."

"કોની સાથે?"

"એક કાકભટ્ટ છે તેની સાથે."

"હું?" તેની કીર્તિ તો બધા ઘણા ગાય છે. તો તેમાં શું ખોટું? આપણે તે મંજરીને કયાં સુધી રાખીશું? એનાથી રૂડું શું?" પંડિત નક્ષત્રોપર સત્તા ચલાવતા; પણ તેના પર માત્રા સત્તા ચલાવતી. તે પણ એજ મતના થયા "એનાથી રૂડું શું?"

## પ્રકરણ ૫ મું.
## કોણ માલીક ?

જયદેવ મહારાજની માનસિક સ્થિતિ વિચિત્ર થઇ રહી હતી. સોરઠના નાથને હરાવ્યો તેથી તેનું મન પ્રફુલ્લ હતું; ત્રિભુવને પહેલ કરી તેથી અદેખું બન્યું હતું; ઉભક આવ્યો તેથી ખિન્ન થયું હતું; અને માલવેશની કન્યાનું માગું આવ્યાથી પરિતૃપ્ત થયું હતું. તે કાકપર ચીડાયો હતો; તે ત્રિભુવન પર ગુસ્સે થયો હતો; તે મુંજાલ સાથે કચવાયો હતો; તેને પોતાના તરફ તિરસ્કાર આવ્યો હતો, તેને સ્પષ્ટ લાગતું હતું કે પાટણના ચક્રની તે માત્ર નામનીજ ધરી હતો. ખરી ધરી બીજા હતા. તેને એમ પણ ભાન થતું ગયું હતું કે તે કાચો હતો, તેનામાં મુત્સદ્દીપણું થોડું જ હતું, તેની પાસે સત્તા મેળવવાનો મંત્ર હતોજ નહિ. તેના રાજ્યની વધતી ખટપટોનાં મોજાં પર રહી તેને તરી પાર ઉતરવું હતું; પણ તેના હાથમાં જોર નથી એમ તેને લાગ્યા કરતું હતું. આ નિર્બળતાના ભાનથી પેદા થયેલો કચવાટ કોના પર કાઢવો તેનો તે વિચાર કરતો.

તેની વિચારમાલા તુટી. એક ભારે પગનો અવાજ આવ્યો. મોઢાપરથી ચિન્તા અને નિરાશાનાં ચિન્હ જેમ બને તેમ દૂર કરવા તેણે પ્રયત્ન કર્યો.

"મહારાજ છો કે ?"

"કોણ ? ત્રિભુવન ! આવની. ઘણે વખતે મળ્યા. તું તો મોટો મહારથી થયો છે એટલે મોંઘો થાય તેમાં નવાઈ શું ?" કચવાટથી જયદેવે પુછ્યું.

"હું મહારથી થયો તો મહારાજને માટે જ."

"કે પછી હું રાજા છું તે તમારે લીધે" જરા તિરસ્કારથી જયદેવે કહ્યું.

ત્રિભુવનનો તેજી સ્વભાવ જરા ધવાયો; તેણે હોઠ કરડી, આંખો પહોળી કરી જયદેવ સામું થોડી વાર જોયા કર્યું.

ત્રિભુવનનું કદાવર શરીર, તેના હાથીની સુંઢ જેવા મહા બાહુઓ, તેની મોટી નિખાલસ હૃદયનો અકલંકિત ભાવ દર્શાવતી તેજસ્વી આંખો,

તે શૌર્યની પ્રતિમા હોય એવો ભાસ આપતાં જોઈ જયદેવ વધારે ચીડાયો. તેને લાગ્યું કે આ સિંહોના ટોળામાં માત્ર પોતે જ નિર્માલ્ય બકરા જેવો છે. તેણે હોઠ ખીડી મંડલેશ્વર સામું જોયા કર્યું.

"કાકા" રખાય તેટલી શાન્તિ રાખી ત્રિભુવને કહ્યું. "તમે ગુસ્સે થયા હો તો ક્ષમા કરજો. એ વાત જવા દો. હું એક કામે આવ્યો છું."

"શું ?"

"મારો સુભટ જડતો નથી. છેલ્લો તે રાજગઢમાં ડુંગર સાથે હતો. અને ડુંગર કહે છે કે હું કાંઈ જાણતો નથી. મને એમાં કાંઈ ભેદ લાગે છે."

જયદેવના બળતા મગજમાં ઘી હોમાયું. તેણે દાંત પીશી પુછ્યું. "કોણ કાક ?"

"હા, એ જ. જેને મેં લાટથી મોકલાવ્યો હતો તે."

"તે કેદમાં છે."

'કેદમાં ?" રાતા પીળા થઇ જતાં મંડલેશ્વરે પુછ્યું. "કોના હુકમથી ?"

"મારા." સત્તાથી જયદેવે જવાબ દીધો.

"મને કેમ નહિ પુછ્યું ? શા માટે કેદ કર્યો ?"

" મારી મરજી."

"મામાને અને મોટાં બાને ખબર છે ?"

"કોઇને પુછવાની મને શી જરૂર !"

"શી જરૂર ? શી જરૂર ? અમે તમારે માટે જીવ આપી મરીયે ને અમને પુછવાની શી જરૂર ?" ત્રિભુવને સ્વસ્થતા ખોવા માંડી; તેનું અંગ ક્રોધથી કાંપવા માંડ્યું.

" ત્રિભુવન ! તું મને બાલક સમજે છે. કેમ ? હું આવું નથી સાંખવાનો."

"સાંખવું પડશે, મહારાજ ! મારા સુભટને છોડી દો. પેલા ઉદાની સલાહે કાકને કેદમાં પૂરતાં વિચાર નહિ આવ્યો ? પહેલાં હું કે પહેલાં ઉદો ?"

"પહેલો મારો હુકમ. કાલે સવારે તારો કાક હાથીને પગે થશે. સમજ્યો ? એક નોકરડા પાછળ આટલી પંચાત ?" તિરસ્કારથી રાજાએ કહ્યું.

"હું તમારી માફક મારા સેવકોને પગની રજ નથી માનતો."

"ના. ના. તું મને પગની રજ માને છે. નહિ ?"

"જા, નથી છોડવાનો એને. તારાથી થાય તે કરી લે" કહી જયદેવ બેઠો હતો ત્યાંથી ઉભો થઈ ગયો અને અંદરના ઓરડા તરફ જવા માંડ્યું. ત્રિભુવન એક છલંગ મારી પાસે આવ્યો અને પોતાનો પંજો ભયંકર જોરથી જયદેવના ખભા પર મૂકયો. જયદેવે ઘૂમ મારી "ડુગર ! ડુગર !"

"તમારે જોવું છે કે મારાથી શું થાય છે ?"

જયદેવ ત્રાસદાયક બની રહેલી ત્રિભુવનની મુખમુદ્રા તરફ જોઈ ગભરાતો ઉભો. "તમને ખબર નથી કે હું કોણ છું ?"

મને ખબર છે કે જેવા તારા બાપ તોફાની હતા તેવો તું થવા લાગ્યો છે" હિંમત રાખી રાજાએ કહ્યું.

એટલામાં ડુંગર આવ્યો અને આ બન્નેનું તાંડવનૃત્ય જોઈ આઘો ઉભો રહ્યો.

"મારા બાપુ જેવો થઇશ" અભિમાનથી માથું પાછું નાખી તેણે કહ્યું. "ત્યારે તો મારૂં જીવન ખરેખરૂં કૃતાર્થ થશે. મેં ને મારા પૂર્વજોએ શું કર્યું છે તેનું કાંઈ તમને ભાન છે ? સિંહાસને ચડયા છો તો ખરા પણ એ સિંહાસન કોને લીધે છે તેનું કાંઈ ભાન છે ? પોતે સિંહાસને ચડી શકત-છતાં મારા દાદાએ[1] તે તમારા બાપને આપ્યું; પોતે એ સિંહાસન નિર્માલ્ય કરી શકત-છતાં મારા બાપે હજારો સમરાંગણો ખેલી તેનો પ્રતાપ વધાર્યો; હું પોતે એ સિંહાસને ચડી શકત-[2] છતાં તમારે માટે સાચવી રાખ્યું-આજે લાટ અને સોરઠ પર તેની સત્તા બેસાડી. હજુ તમે ઓળખતા નથી હું કોણ છું" ?

જયદેવ કાંઈ બોલી શકયો નહિ. તેની નજર આગળ ત્રિભુવન વધારે ઉંચો, વધારે પ્રચંડ થતો લાગ્યો. જયદેવને પોતાના દાદા ભીમદેવ બાણાવલીના પરાક્રમોની વાત યાદ આવી. પણ જેમ ત્રિભુવન વધારે

---

૧ ક્ષેમરાજ: કર્ણદેવનો મોટો ભાઈ જેણે જ્ઞાનમસ્થ થઈ ગાદી નાના ભાઇને સોંપી.

૨ જયદેવ સામું પટણીયાએ બળવો કર્યો હતો. જુઓ પાટણની પ્રભુતા.

પ્રતાપી લાગ્યો, તેમ તેના સ્વમાનને વધારે સખત ધા પડ્યો, અને પોતાની નિર્બલતાનો તેણે વધારે અનુભવ કર્યો. તેનો બાલક સ્વભાવ ઠલ્લાપણુ ભૂલી, ત્રિભુવનને ધુંદી નાંખવા તત્પર થયો.

"અને તું જાણે છે હું કોણ છું?" તેણે કહ્યું. "ડુંગર, તું ત્રિભુવનને જ પકડ. પકડ હું કહું છું."

ત્રિભુવન ગુસ્સામાં પણ ખડખડ હસી પડ્યો: ડુંગર આ તકરારથી ત્રાસી દૂરનો દૂર ઉભો રહ્યો.

"મને પકડવો છે?" અભિમાનભર્યા ઉચ્ચારણોથી ત્રિભુવન બોલ્યો. "હજુ બાલક છો તે ખબર નથી કે ત્રિભુવનપાલ મંડલેશ્વરને પકડવો કેટલા ગેરનો છે. ડુંગર! તું જાણે છે કે કાક કયાં છે? ચાલ, મને રસ્તો બતાવ."

ડુંગરે અનેક તોફાનના સપાટા ખમ્યા હતા, પણ આ સપાટો કાંઈ જુદો જ લાગ્યો. તે હિંમતવાન હતો, તે મલ્લોનાં માથાં રોજ ભાંગતો. પણ અત્યારે ગભરાયેલી ગાયની માફક એકથી બીજા તરફ જોઈ રહ્યો.

"ડુંગર! તું નથી માનતો? તું તારા મહારાજનું કહ્યું નથી માનતો? ઠીક ઉભો રહે" જયદેવે કહ્યું અને ત્રિભુવનને જતો અટકાવવા તેનો હાથ પકડ્યો. નાના બાલકનો હાથ છોડવી નાંખે તેમ ત્રિભુવને તેનો હાથ છોડવ્યો, અને ગૌરવથી ડુંગરને આગળ થવા નિશાની કરી.

"બાપુ! આપ અન્નદાતા છો–પણ મંડલેશ્વર મહારાજ તો મારા માલીક છે" કહી ડુંગર આગળ ચાલ્યો. જયદેવ તરફ એક તિરસ્કાર-ભરી દૃષ્ટિ નાંખી ત્રિભુવન તેની પાછળ ગયો.

જયદેવે બેભાન થઈ જોયા કર્યું. પોતાની નિરાધારતાનું ભાન થવાથી તેનો જીવ રહેંસાઈ ગયો, તેનું હૃદય કહેતું હતું કે જે ડુંગરે કહ્યું ને કર્યું તે આખું પાટણ આખું ગુજરાત–કહેશે અને કરશે; પોતે રાજા નહોતો પણ નામનું ઠીકું હતો. તેની આંખમાંથી, સ્વમાન ભેદાયું તેથી, આંસુ ડબડબ ખર્યાં.

તે આંસુની સાથે તેનો ગુસ્સો પણ સરી ગયો. તે મહત્વાકાંક્ષી હતો, વિચારશીલ હતો, કાર્યસાધકતા તેનામાં ખીલતી હતી; તે હતો બાલક

પણ પુખ્ત વિચારો, અને મુત્સદ્દીપણાનાં બીજ તેના સ્વભાવમાં ક્યારનાં ફુટવા માંડ્યાં હતાં. એક વિપલ તેણે અનેક વિચારો કર્યા, અનેક ઘાટો રચ્યા, ત્રિભુવનની પાછળ દોડ્યો અને ઉઘાડા બારણામાંથી બૂમ મારીઃ

"ત્રિભુવન ! ત્રિભુવન."

ભલા ભલાને અલ્પતાનો અનુભવ કરાવે એવા ગૌરવથી ત્રિભુવન પાછો ફર્યો અને જયદેવની સામું જોઇ રહ્યો. તેણે જયદેવની આંખમાં આંસુ જોયાં, પોતે તેના અભિમાનને કરેલા આઘાતનો ખ્યાલ આવ્યો, અને પોતાના બાલરાજા તરફ રાજભક્તિના અંકુરો તેને સ્ફુર્યા.

"કેમ ?" તેણે સખત અવાજે પુછ્યું.

"હું કાકને છુટો કરૂં છું. તું આમ આવ."

"ડુંગર ! જા, જઇને કાકભટ્ટને અહિયાં લઈ આવ."

ત્રિભુવનની વિસ્મયતાનો પાર રહ્યો નહિ. જયદેવ આમ છેક નમતું આપશે એવો તેને ખ્યાલ સરખો પણ આવ્યો નહોતો. "મને બધા વગર ચાલશે. તારા વગર કેમ ચાલશે ?" જયદેવે હાથ લંબાવી કહ્યું.

સ્નેહાળ, ભોળા મંડલેશ્વર આ સ્નેહભર્યા વાક્યો સાંભળી હસ્યોઃ અને પાસે આવી જયદેવના બે હાથ ઝાલ્યા.

"મહારાજ ! હું બોલ્યો તે ક્ષમા કરજો. પણ તમે ઘણી વખત મારો હિસાબ પણ ગણતા નથી. પછી કરવું શું ?"

"કરવું ? મારા પર ઉપકાર કરી મને શરમીન્દો કરવો. હું તારો ઉપકાર કેમ ભૂલું? તું તો મારો જમણો હાથ–મારા સામન્તોનો શિરોમણિ છે."

"ત્યારે શા માટે મને તમારો ગણી મારાં પરાક્રમોથી રાચતા નથી ? એમ કરશો તો રાજા કેમ થશો ?"

"રાજા–રાજા ! ત્રિભુવન ! હું રાજા ક્યારે થઇશ ? હું અદેખાઈ કરતો લાગું છું; હું ચીડાતો લાગું છું એ બધાનું કારણ મારી મહત્વાકાંક્ષા. અત્યારે હું કેવો અધમ છું. મુંજાલ છે–તું છે–શાન્તુ છે–તો મારૂં રાજ ચાલે છે. તેમાં હું તો માત્ર એક શોભા છું."

"એવું શું બોલો છો ?"

"એવું ? ત્રિભુવન, એ હું કોને કહું ? રાત અને દિવસ મને સ્વપ્નાં આવે છે. કોને સંભળાવું ? મારે ખરા રાજા થવું છે—ખરી સત્તા ચલાવવી છે. મારે આપણા પૂર્વજોની કીર્તિ ઝાંખી પાડવી છે. મારે ભરતખંડની ભૂમિ ધ્રૂજાવવી છે, મારી કરવી છે. આ અભિલાષાનો અગ્નિ મારૂં અંગે અંગ બાળે છે. એ અગ્નિ ક્યારે શમશે ? એ શમતો નથી તેમાં જ હું કચવાયા કરૂં છું, અદેખાઇએ બળું છું, તારા જેવા ભાંડુને દુશ્મન ગણું છું ભાઇ !" કહી જયદેવે બે લમણા પર બે હાથ મુકયા." "મને રસ્તો જડતો નથી."

"મહારાજ !" જરા સ્તબ્ધ થઈ રહેલા મંડલેશ્વરે ધીરેથી જવાબ આપ્યો. "એ અગ્નિ શમાવવાના રસ્તા લો."

"રસ્તો જડતો નથી."

"મેં રસ્તો દેખાડનાર આપને મોકલ્યો હતો."

"કોણ કાક ?" ચમકીને જયદેવે કહ્યું.

"હા."

"તું શું એને એવો કાબેલ ધારે છે?"

"હા, કાકા ! આપણામાં બુદ્ધિ ન હોય ત્યારે બુદ્ધિશાલીને આપણી સોડમાં રાખવા. મારામાં લાંબી પહોંચ નથી; પણ કાકની પહોંચથી મેં જેટલો વિજય મેળવ્યો છે તેટલા મારા બાહુબળથી મેળવ્યો નથી, રાજને કોણે હરાવ્યો ?"

"તેં."

"ભૂલ છે. કાકે. વિચાર કરી જુઓ. ઉદા મહેતા કોઇથી થાપ ખાતો નહોતો. તેને કોણે થાપ ખવરાવી ? કાકે."

"શું કહે છે ? ખંભાતમાં તો એણે જુલમ ગુજર્યો; અને તેથી મેં એને કેદમાં નાંખ્યો."જયદેવે કહ્યું.

"બધી વાત ખોટી."

"કેમ ? મને ઉદાએ કહ્યું."

"તેમાં જ ખોટી. ઉદા ઉસ્તાદ છે. એણે જાણ્યું કે કાક મારી ફરીયાદ કરશે. તેથી એણે પહેલાં આવી કાકને પકડાવ્યો" કહી ત્રિભુવને

કાકને ખંભાતમાં જે વીત્યું હતું તે બધું કહી સંભળાવ્યું. એટલામાં ડુગર કાકને લઈ આવ્યો.

## પ્રકરણ ૬ ઠું

### કાકનો ભાવ કેમ વધ્યો.

ભોંયરાની ભીની ધૂળથી ખરડાયેલો કાક હેઠ પીસી, તખીયેત વાળી, બેદરકારીથી ઉભો. તેણે નમન કરવાની પણ તસ્દી લીધી નહિ. ત્રિભવને ડુગરને હાથથી બહાર જવા સૂચવ્યું એટલે તે ગયો.

"કાક!" ત્રિભવને કહ્યું "જયદેવ મહારાજ તારી સલાહ માગે છે."

"એમને મારી સલાહની જરૂર નથી" જીદથી કાકે કહ્યું.

"ના, ના. મને જરૂર છે." જયદેવે કહ્યું.

કાકે જવાબ નહિ આપ્યો.

ત્રિભુવન! મહારાજ તને માફી આપે છે."

"મેં ગુન્હો કર્યો નથી કે માફીની પરવા હોય."

"કાક" રાજાએ કહ્યું "જેમ ગણ તેમ. મેં ભૂલ કરી. હવે કદી નહિ થાય. થયું!"

"કાક! હવે ઘણું થયું. મહારાજ કહે છે; પછી આડો થાય છે?" ત્રિભુવને કહ્યું.

"જે સ્વામીને મારી કદર નહિ, તો મને તેની શા માટે હોય?"

"ચાલ બહુ થયું" જયદેવે કહ્યું. "ગુસ્સો કરી કરીને તારા રાજા સાથે? કાક! હવે વધારે માન શા માટે કરાવે છે? તેં ગઈ વખતે સલાહ આપી તે બધી ખરી નીકળી. મને ત્રિભુવને ખંભાતની પણ વાત કરી છે. તારી સાથે હું સારી રીતે વર્ત્યો નથી; પણ હવે જોજે. તને વિચાર નથી આવતો? તારો મહારાજા અત્યારે એકલો છે, મદદગારની શોધમાં છે. તેને મદદ કરી, સત્તાને શિખરે તેને લઈ જવો એ કામ હું તને સોંપવા માગું છું. એથી વધારે મોટું કામ તારા જેવાને શોભે? તારે શું કાંઇ જોઇએ છે? એમ હોય તો માગ જે માગશે તે આપીશ."

"મારે આપની અને મારા મંડલેશ્વરની સેવા સિવાય કાંઈ જોઇતું નથી." કાક રાજાના શબ્દોથી પલળ્યો.

"ત્યારે હવે ગઈ ગુજરી જવા દે. ગઈ વખતે આપણે ત્રણ મુશ્કેલીની વાત કરી. સોરઠનો રા', ઉદા, અને ઉબક."

"જી!"

"તારે પ્રતાપે બે તો દૂર થઈ."

"પ્રતાપ મારા મહારાજનો ને આપનો."

જયદેવે "મારા મહારાજ" ને આપેલું અગ્રસ્થાન ફેમે કરી ગળે ઉતાર્યું.

"હવે ઉબકની પીડા રહી."

"એણે શું કર્યું? એની સાથે તો સંધિ થઈ."

જયદેવે તે બધું કહી સંભળાવ્યું. "મને જરા વધારે ખબર કાઢવા દો. પછી વાત.

"કાક! હવે ટુંકી વાત કર" ત્રિભુવને કહ્યું. "આજથી તારે જયદેવ મહારાજ કહે તે પ્રમાણે પાર ઉતારવાનું છે."

"મહારાજને રૂચતું હોય તો સેવક તૈયાર છે. ગઈ વખતે પણ મેં એમ જ કહ્યું હતું."

"ગઈ વખતની વાત ગઈ." જયદેવે અધીરાઇથી કહ્યું.

"જેવી બાપુની મરજી. પણ ગમે તે વખતે આપની પાસે આવવાની રજા મળવી જોઇએ."

"ઠીક. હું ડુંગરને કહી દઇશ."

"મહારાજ! રજા હોય તો હું સ્નાનસંધ્યા કરવા જાઉં. મધ્યાહ્ન તો ક્યારનો થઈ ગયો."

"હા. સવારનું તેં ખાધું પણ નહિ હોય?" ત્રિભુવને કહ્યું. "ચાલ ચાલ" કહી તેણે રજા લીધી.

"કેમ કાકને તારે ત્યાં લઈ જાય છે?"

"મહારાજ!" કાકે નીચા નમી કહ્યું "રજા હોય તો હું ત્યાંજ રહીશ. લોકો જાણે કે મને આપ અંતરનો ગણો છો તો મારી બધી

યુક્તિ નિષ્ફળ થાય. મહેરબાની કરી હું છૂટ્યો છું તે કોઇને કહેશો નહિ. નહિ તો ઉદા મહેતાને ખાવાનું નહિ ભાવશે." કહી તે અને ત્રિભુવનપાલ નીકળ્યા.

તે ગયા અને જયદેવ મહારાજ બોલ્યાઃ

"આ ભૂદેવ છે તો પહોંચેલો. જે થાય તે ખરૂં. જોઉં તો ખરો કે એની મદદથી કેટલું થાય છે? ગાજરની પીપી વગડશે ત્યાં સુધી ઠીક છે. પછી કરડી ખાતાં કેટલી વાર?"

જયદેવના સ્વભાવમાં અનેક ખૂણા હતા; જે ખૂણેથી તેને અનુભવ મળતો તેવું તેજ તે પ્રકાશતો. અત્યારે ખૂણો પક્ષાઘનો હતો અને તેથી તે ઉંડા, અગાધ અસ્પષ્ટ તેજે ચમકતો હતો.

ત્રિભુવન ને કાકા પાછા ફર્યા ને સામે મુંજાલ મહેતા આવતા મળ્યા.

"ક્યાં, જયદેવ મહારાજની પાસેથી આવ્યા?"

"હા" ત્રિભુવને કહ્યું.

"તારો કાક ક્યાં ભરાઈ ગયો હતો? હું ક્યારનો ખોળ્યા કરૂં છું."

"મહારાજ! હું હાજર છું." કાક ફૂલાયો. હવે તેનો ભાવ વધ્યો.

"ત્રિભુવન! તું મીનળબાને મળ્યો? જરા મળી આવ એટલે હું કાક જોડે વાત કરી લઉં."

"હા" કહી ત્રિભુવન ગયો અને મુગે મોઢે મુંજાલે પાછા જવા માંડયું, અને કાક તેની પાછળ ચાલવા લાગ્યો.

તે એક પાસેના ઓરડામાં પેઠા અને મુંજાલે સાંકળ વાસી. "તું ક્યાં ધૂળમાં આળોટી આવ્યો?" એકદમ આ સવાલ આવવાથી કાક ગુંચવાઈ ગયો. "ના, મહારાજ."

"ત્યારે?" પુછી મંત્રીએ તેના પગ, ઘુંટણ અને હાથે લાગેલી ધૂળ તરફ નજર કરી. "ચાલો! જયદેવ મહારાજ અને તારે હવે તો પાછી સલાહ થઇને?" શું ઝપટથી, શું સ્પષ્ટતાથી મુંજાલ મહેતાનું મગજ કાઢીએ સાંધી, અજાણી વાત જાણી લેતું હતું તે જોઈ કાક દિંગ થઈ ગયો.

"જી હા! મારા પર મહારાજના ચાર હાથ છે."

"હોવા જ જોઇએ. સોરઠના રા'ને ભીડાવ્યો તે તારી જ સલાહથી."

"મહારાજ! ત્રિભુવનપાલ નહિ જઈ પહોંચ્યા હોત તો આપે મોકલેલા પરશુરામ ભટ્ટરાજ જરૂર ભીડાવત"—મુંજાલ હસ્યો.

"બીજા કોઈ કરતાં રાજાએ તને સલાહકાર તરીકે લીધો છે એ મને ઘણું ગમે છે." કહી મંત્રી જરા થોભ્યા.

કાક કાંઈ બોલ્યો નહિ. "કારણ થોડા વખતમાં પણ તારામાં મને શ્રદ્ધા આવી છે."

ભાવ આટલો ક્રમ વધ્યો તેની કાકને કાંઈ સમજ પડી નહિ એટલે તેણે જવાબ દીધો. "ઘણો અનુગ્રહ થયો, મહારાજ!"

"તેથી તને એક કામ સોંપવું છે."

"શું?"

"આજે આપણે ત્યાં બે શૂરવીરો અતિથિ તરીકે આવ્યા છે."

"એક ડિંબક સેનાપતિ અને બીજો કીર્તિદેવ."

"તે જ. એ ક્રમ આવ્યા છે તે ખબર છે?"

"પાટણનું આતિથ્ય સ્વીકારવા."

"મેં જાણ્યું કે તારામાં બુદ્ધિ લાંબી હશે. મુત્સદ્દીઓ નિરર્થક આતિથ્ય પણ કદી સ્વીકારે છે?"

"ક્ષમા કરો, મહારાજ! મેં જાણ્યું કે આપ જ મને કહેવાના હશો કે તે ક્રમ આવ્યા છે તેથી હું બોલ્યો નહિ."

મુંજાલ જરા હસ્યો. "હવે ખરૂં બોલ, તું શું ધારે છે?"

"મારૂં ધારવું છે કે એ પાટણમાં માલવાનો પક્ષ સબળ કરવા આવ્યા છે."

"એનો કાંઈ હેતુ ખબર છે?"

"હેતુ એટલો જ કે અવન્તી અને પાટણ વચ્ચે સદાની સંધિ રહે."

"કાક!" મુંજાલે ખુલ્લા દીલથી કહ્યું "તું ભલા ભલા મંત્રીઓને પણ કાન પકડાવે એમ છે."

"ક્રમ?"

"જે વાતની કોઇને ખબર નથી, માત્ર મને પણ વહેમ છે, તેની તને ખાત્રી છે."

કાક જરા હસ્યો.

"તેટલા જ માટે તને બોલાવ્યો છે. ઉબક માત્ર યોદ્ધો છે–તેનો હિસાબ નથી; પેલો સાથે ગોરો ગબરૂ જેવો આવ્યો છે તે ભયંકર છે.

"જી. એણે ત્રિભુવનપાલ મહારાજ જોડે વાત કરી તેપરથી મને પણ એમજ લાગ્યું" કાકે કહ્યું.

"ત્યારે હવે જોવાનું માત્ર એટલુંજ છે કે કીર્તિદેવ ધાર્યું કરે છે કે તું તેને કરવા નથી દેતો."

"જેવી આજ્ઞા."

"હું મહારાજને કહીને તને રજા અપાવીશ. વખત છે ને મને કહેવા આવવાની પુરસદ નહિ મળે તો હરકત નહિ. પણ છેલ્લી વારે હિસાબ આપજે."

"જી."

"ત્યારે હું નિશ્ચિંત રહું?"

"હાજી. હા." પોતાનામાં મુંજલે શ્રદ્ધા બતાવી તેથી હરખાતાં કાકે કહ્યું.

"ઠીક. જા."

કાક ગયો. તેને લાગ્યું કે મુંજલે તેના પર વિશ્વાસ મુકી ઘણી છાનગી વાત કહી હતી. પણ મુંજલ મહેતાની ચાણક્યનીતિનો તે માહિતગાર નહોતો.

તે ગયો અને તરત જ એક ગુમાસ્તા જેવા લાગતા માણસને મુંજલે બોલાવ્યો.

"વિહારી! પેલો ગયો તે ભટ્ટ જોયો? એ ત્રિભુવનપાલનો સુભટ છે."

"જી જી."

"એનું નામ કાકભટ્ટ. એ ક્યાં જાય છે અને શું કરે છે તેની તપાસ રાખવાની છે."

"જેવી અન્નદાતાની આજ્ઞા."
"જોજે ધણો જબરો છે. મને દહાડામાં બે ત્રણ વખત ખબર કરજે."
"જી" કહી વિહારી ગયો.

## પ્રકરણ ૭ મું.
### મંજરીના સ્વામીઓ.

ત્રિભુવન અને કાક પાછા ત્રિભુવનને મહેલે આવ્યા. કાક પોતાની રસોઇની સામગ્રી તૈયાર કરવામાં ગુંથાયો, અને મંડલેશ્વર આરામ લેવા ગયા. કાકે પણ નિત્યકર્મ કરી, જમી, મુસાફરી અને બોંયરાની લીધેલી મુલાકાતનો થાક ઉતારવા જરા વાર સુવાનો વિચાર કર્યો. અંદરના ભાગમાં ખાસ ઘરનાં માણસો રહેતાં હતાં ત્યાં એક ખાલી ખૂણો ખોળી કાઢી તે નિદ્રાધીન થયો.

પણ નિદ્રાદેવીની આરાધના નીરાંતે કરવાનું તેના નશીબમાં નહોતું. એકદમ તે ચમકીને જાગ્યો–કારણ કે તેના કાન પર એક પરિચિત, સંસ્કારપૂર્ણ, સ્વર કાને પડ્યો; તેનું હૈયું ઉછળી આવ્યું; તેણે કાન દઈ સાંભળવા માંડ્યું; સાંભળતાં તેણે એકચિત્તે, સ્તબ્ધ બની સાંભળ્યા કર્યું. તે બધું ભૂલી ગયો–રાજ્યખટપટો, યુદ્ધપ્રસંગો, મહત્વાકાંક્ષા; માત્ર બે સ્ત્રીઓના સ્વરની રમઝટમાં લીન બની, તેમની વાતો હૃદયમાં ઉતારતો, તે રસતરંગે હીંચી રહ્યો.

તે સુતો હતો તેની પાછળના ઓરડામાં કાશ્મીરા અને મંજરી હિંચકા ખાતાં હતાં. હિંચકા જોરથી ઝુલતો હતો; અને બન્ને ઘડીમાં ધીમેથી ઘડીમાં મોટેથી વાત કરતાં હતાં.

બન્ને લલિતાઓ ભરજોબનમાં મહાલતી હતી; બનેનાં રૂપ, હસ્સો, છટા અનેરાં, ભિન્ન લક્ષણવાળાં, છતાં મોહક હતાં. કાશ્મીરા આછે ઘાટે ઘડેલી, શક્તિની પ્રતિમા હતી; મંજરી ખીલતાં અંગે ભરેલી લક્ષ્મીપદ પહોંચવાની તૈયારી કરતી હતી. કાશ્મીરા ચપલ, ઉત્સાહપ્રેરક, સત્તાધારી

લાગતી; મંજરી અપૂર્વ, ઉન્માદક, કલ્પનાશક્તિને કેદી બનાવે તેવી હતી. એમ લાગતું કે એકને જોઈ, પુરુષો તેનું શાસન સ્વીકારવા દોડે; બીજીને જોઈ, બધાં શાસનો તોડી, તેને પૂજવા લાગે. જ્યારે કાકનું ધ્યાન ગયું ત્યારે મંજરી બોલતી હતી. તેના કંઠમાં ગર્વ અને તિરસ્કાર સાથે નિરાશાના પણ ઝણકારો સંભળાતા હતા.

"બા! મને કોની જોડે સંબંધ હોય? મારા પિતા ગયા પછી સંસારમાં કોઈ મને સમજે, મને રૂચે એવું દેખાતું નથી. કયાં મારા મનોરાજ્યમાં મોંઘા માનેલા વીરો અને ક્યાં આ બધા નિર્માલ્ય નિરાધાર વહેંતીયાઓ? કોઇમાં નથી બુદ્ધિ, નથી બળ, નથી આદર્શ; બધાનું લક્ષણ જોઇએ તો અલ્પતા." જવાબમાં કાશ્મીરાદેવી હસી.

"મૂર્ખી! તને કાંઈ ભાન છે? પાટણમાં જેવા વીરો છે તેવા બીજે ક્યાંઈ પણ છે?"

"હું" તિરસ્કારથી મંજરી બોલી. "તમારા પાટણના વીરો અને પંડિતો બધા—"

"તેનો તને હિસાબ નથી?"

"બા! મારી સાથે વાત કરતાં માથું પાકશે. જવા દો. હું તમારા કાલની નથી—ત્રિભુવન ગજાવનારા મહાકવિઓના કાલની છું; હું પાટણની બ્રાહ્મણી નથી—પણ બ્રહ્મા, વિષ્ણુ અને રૂદ્રને ખોળામાં છુપાવવાની કૂંખ ધારતી બીજી અનસૂયા છું."

"તે તો કોણ જાણે, પણ તું ગાંડી તો છે."

"મારૂં ગાંડપણ મારે મન ડહાપણ છે."

"પણ તું આમ ને આમ કયાં સુધી રહેશે? નથી બાપ, નથી ભાઈ; તારી ઉમ્મરે તે આમ એકલવામાં ક્યાં સુધી ચાલશે? અનસૂયા થશે, તો કોઈ અત્રિ હશે ત્યારે ને?" કાશ્મીરાએ હસતાં હસતાં ઉમેર્યું.

"બા, તે હું જાણું છું. પેલો કાક નહિ હોત તો મારે મરવું પડત. મોહિનીએ જેમ દેવદાનવો ડોલાવ્યા તેમ મારા રૂપમાં પણ ભયંકર શક્તિ છે; એટલે લાલસાના સેવકો દુઃખ દેવા આવશે. દુઃખ દેશે—રીબાવશે.

પણ હું કોને પરણું? કોની જોડે સંબંધ બાંધું? બા! મેં તમને શું કહ્યું? જ્યાં જોઉં છું ત્યાં વહેંતીયાઓ નજરે ચડે છે. એમાંથી કોની દાસી થાઉં?" ભયંકર કટાક્ષમયતાથી મંજરીએ પુછ્યું. તેના શબ્દો કરતાં તેની બોલવાની રીત ગર્વભરી, હૃદયભેદક હતી. કાકનું હૈયું રડી ઉઠ્યું. મંજરીનાં વચનો ખરાં હતાં; છતાં તે તેની આશાઓની કતલ કરતાં હતાં.

"કોઈનો છુટકો થયો છે કે તારો થશે? તું મોટી પંડિત છે ને આમ ધર્મને કેમ કોરે મુકે છે? તું હમણાં તો ગભરાતી હતી કે રખેને ખંભાતનો શેઠીયો તને લઈ જાય, તો તારો ધર્મ કેમ રહેશે? કોઇની જોડે પરણી કેમ જતી નથી? પછી કોની મગદૂર છે કે તારો વાળ વાંકો કરી શકે?" કાશ્મીરાએ મંજરીના ખભા પર હાથ મુકી કહ્યું.

"શ્રાવક થવું કે કોઈ ક્ષુદ્ર પ્રાણીને પરણવું–મારે મન બન્ને અધમતાની અવધ છે."

"ખબરદાર! મારૂં પીયેર શ્રાવક છે-ને મારાં સાસુ શ્રાવક હતાં; અને તારે મન બધા જ ક્ષુદ્ર એટલે મારા મંડલેશ્વર પણ તેમ જ!" કહી કાશ્મીરા પાછી હસવા લાગી. તે મંજરીને ધીમે ધીમે લગ્નની વાત પર લાવતી હતી. બહાર પડેલો કાક તે સમજ્યો અને અંતરથી તેણે આભાર માન્યો.

"ત્યારે બોલાવો છો શું કામ?" જાણે પોતે મહારાણી હોય અને મંડલેશ્વરની પટરાણી કોઈ દાસી હોય તેવા ગૌરવથી મંજરીએ પુછ્યું. "મારાથી કેમ પરણાય?"

"એ તો એની મેળે સમજશે. ધણીયો આંધળા પાંગળા ધણી સેવે છે તેનું શું?"

"હું પણ સેવું છું જે મારે હૃદયે ઉતર્યા છે તે. બીજાને મન તે ધણાયે નકામા છે."

"કાશ્મીરા ચમકી" "હેં?"

"હા."

"એ શું?"

"વાત ખરી. બા! મેં તમને એક વખત કહ્યું કે મારો સ્વભાવ વિચિત્ર છે."

"પણ તારે હૃદયે કોણ ઉતર્યો છે તે તો કહે. વાત શું ઉડાવે છે?"

"હું ક્યાં વાત ઉડાવું છું? તમે કહો છો કે હું એકલી છું–ખરૂં જોતાં તો મારો સંસાર ભરચક છે. તમે કહો છો કે મારે પરણવું જોઇએ–ખરૂં કહું તો હું પરણેલી છું."

"શું બકે છે?"

"ખરી વાત. તમને પરણે જે સુખ મળે છે તેથી વધારે મારા નાથો મને આપે છે."

"નાથો! તું ભાનમાં છે કે નહિ?" કહી એકદમ હિંચકો રાખી, મંજરીને ગાંડી ધારી કાશ્મીરા હેઠળ ઉતરી, ડોળા ફાડી તેની સામું જોઈ રહી.

"ભાનમાં છું, ગભરાશો નહિ. મારે નાથ ઘણા છે. પાંચાળી કરતાંયે વધારે."

કાશ્મીરાને હસવું કે ગુસ્સે થવું તેની સમજ પડી નહિ. તેને લાગ્યું કે મંજરી મશ્કરી કરતી હતી, પણ તે ગંભીર અને શાન્ત હતી; તેનાં પ્રફુલ્લ નયનો નાથની વાત કરતાં નવોઢાનાં ચમકે તેમ ચમકતાં હતાં; તેના મોઢા પર કોઢાલી, લજ્જાતી નવવધૂને મોઢે પડતા શેરડાઓ દેખાતા હતા. અત્યાર સુધી જે ગર્વના સ્વાસ્થ્યથી તે વાત કરતી હતી તે જતું રહ્યું; તેણે ઉમળકા સાથે, હેતભર્યા વચનો બોલવા માંડ્યાં.

"એકનું નામ તો દે. તારૂં તો કાંઈ સમજાતું જ નથી."

કાકે નામ સાંભળવા એકચિત્તે કાન દીધા; અને તે બધાનો સંહાર કરવા મનમાં સંકલ્પ કર્યો.

"પહેલો મારો નાથ–મારા પિતાએ સોંપેલો પહેલો મુગટમણિ કોણ છે તે જાણો છો? કાલીદાસ."

"કાલીદાસ કોણ?"

"કાલીદાસ–મારા હૈયાનો હાર. અહોનિશ તે મારી સાથે સંચરે

છે." કોઇથી મંજરીએ કહ્યું. "ખાતાં, ઉઠતાં, બેસતાં અમારાં હૃદયો એક જ તાન મારે છેઃ અમે સાથે સાથે ગગને વિહરતા મેઘો જોઇએ છીયે–પાસે છતાં, આધાં બની મેઘદૂતોથી સંદેશા કહાવીયે છીયે; હૃદયના રસ રેડી એક બીજાને શોધીયે છીયે; જીવનના લ્હાવા લઈ અમારાં છોકરાં ઉછેરીયે છીયે."

કાકને સમજાયું કે મંજરી કોને વિષે વાત કરતી હતી: કાશ્મીરા પણ આભી બની જોઇ રહી.

"છોકરાં!"

"હા. અમને છોકરાં છે–શકુન્તલા, પુરૂરવા, માલવિકા–બધાં ઘણાં; તે મારાં છે–કારણ કે મારા નાથનાં છે."

"એ કોણ છે પણ?"

"ઓળખતાં નથી? સમસ્ત કવિમંડલોના તિલકરૂપ મારા કાલીદાસને–વિક્રમાદિત્યના પ્રિય વયસ્યને?" કાશ્મીરા તરફ તિરસ્કારભર્યાં નયને જોતાં તેણે પુછ્યું.

"પેલો વિક્રમ રાજાની સભાનો કવિ કાલીદાસ?" આખરે સમજ પડતાં કાશ્મીરાએ પુછ્યું.

"તે જ" જાણે વિજય મેળવ્યો હોય તેમ હસીને મંજરીએ કહ્યું.

કાશ્મીરા સમજી અને આ વિચિત્ર બાલાનું મનોરાજ્ય જોઈ ખડ-ખડાટ હસી.

"હાય હાય, નકામી મને ગભરાવી મારી." કાશ્મીરાએ કહ્યું. તે ઘણીજ પાકી હતી અને મંજરીનો સ્વભાવ અને તેની ઉર્મિઓ પામી ગઈ હતી; અને તેની મીનળ કાકીની કલાથી તે મંજરીને પોતાની ઇચ્છા પ્રમાણે દોરવા મથી. "બીજા કોણ કોણ છે? બધા આવા આવા જ છે કે કોઈ શરવીર યોધ્ધો પણ છે?"

"તમે નહિ જાણતાં કે તમેજ માત્ર યોદ્ધાઓ પૂજો છો. મેં પણ ઘણા યોદ્ધાઓને વરમાળ આરોપી છે."

"કોને કોને તે તો કહે."

"કોને? મારા વીરો તમારા વીરો જેવા નિર્માલ્ય નથી. મારો મહાપ્રતાપી સ્વામી, વીરોમાં પણ વીર એવો સકલ શસ્ત્રવિદ્યાનો પિતા પરશુરામ છે."

"કોણ સજ્જનનો છોકરો!"

"શું બોલો છો?" મંજરીની આંખોમાંથી ગર્વ અને ઉત્સાહના તનખા નીકળતા હતા; તેનું તેજસ્વી મુખ અનિવાર્ય ભાવોથી ઝળહળી રહ્યું હતું.

"મારા પરશુરામ! પરશુરામ તો ત્રિપુરારિનો અવતાર–અનેક ભીષ્મ અને કર્ણોને શસ્ત્રવિદ્યા શીખવનાર મહાગુરુ–એકવીશ વાર નક્ષત્રી કરી આખી અવનીને કંપાવનાર સમર્થ મહારથી–સર્વશાસ્ત્રવિશારદ મહર્ષિ–પલકમાં આખીધરા દાનમાં દેનાર–જમદગ્નિનો પુત્ર! બા! તમે મશ્કરી કરો છો? ભલે કરો. તમારે મન આ પોથીમાંના વેગણ છે–મારે મન તે પ્રાણનો આધાર છે. તમે મંડલેશ્વરનાં પટરાણી બની મગરીમાં મહાલો છો; હું બ્રાહ્મણશ્રેષ્ઠ ભગવાનની અર્ધાંગના છું તેમાં રાચું છું. બા! એને શબ્દે શાસ્ત્રો રચાતાં, એની હાકે શેષનાગ ડોલતો, એની પરશુની ચમકે મહારાજ્યો પાયમાલ થતાં, એને તપે દેવદેવેંદ્રો ત્રાસી મરતા. પ્રાણ અર્પવો તો એવાને."

"પણ એવી વાતો તે કામની શું? તેને તે કાંઇ સદેહે પરણાયું?"

"કેમ નહિ? તમે મંડલેશ્વરને જુઓ છો તેથી વધારે સ્પષ્ટતાથી હું તેને નીરખું છું–તેના શબ્દો સાંભળું છું–તેના જીવનના આદેશો સમજું છું. તમને તે નહિ દેખાતા હોય પણ હું તેને જોઉ છું.–જેવા તેને મહારાજ દશરથે જોયા એવા" કહી ભાવ અને ઉર્મિઓથી ઉછળતા, ધ્રૂજતા અવાજે તે બોલીઃ

ददर्श भीमसंकाशं जयमंङ्गलधारिणम् ।
भार्गवं जामदग्न्यं राजा राजवीमर्दनम् ॥
क्रैलासमिव दुर्धर्षं कालाग्निमिव दुःसहम् ।
ज्वलन्तमिव तेजोभिर्दुर्निरीक्ष्यं पृथग्जनैः ॥

स्कन्धे चासज्जपरशुं धनुर्विद्युद्गणोपमम् ।
प्रगृह्य शरमुग्रं च त्रिपुरघ्नं यथा शीवम्[1] ॥

છેલ્લા શબ્દો જાણે સુમધુર સંગીતમાં નાચતા ઝરણાંએ નીચે પડતાં ઉચ્ચાર્યા હોય એમ કાકને લાગ્યું. કાશ્મીરા ક્યાં સુધી ઉત્સાહની ઊર્મિઓના તેજથી દીપતી મંજરીને જોઇ રહી અને પછી કહ્યું:

"બળી તારી કથા, છોડની. સમજાય એવું તો કાંઇ બોલ. આ તો તું બોલે ને તું સમજે!" કાશ્મીરા, જે મંજરીનો અર્થ તેના શબ્દો કરતાં ચહેરા અને અવાજના ભાવથી વધારે સમજતી હતી, તેણે કહ્યું. મંજરીની કલ્પનાશક્તિનું ઘસતું પૂર અટકયું. તેણે કાશ્મીરાને શ્લોકોનો અર્થ સમજાવ્યો.

"બા! વીર વીર કરો છો તો આનું નામ વીર! માનશો? હું તો એની સાથે રહું છું; એને ડગલે ડગલું ધરું છું; એને વિજયે વિજય પામું છું; એનું ત્र्यંબક લક્ષ જનકને દરબારે જાઉં છું;–એની પરશુ લક્ષ મારે હાથે ક્ષત્રીઓનાં શીશ ઉડાવું છું." તેણે પોતાની નાનકડી મુઠી વાળી આગળ ચલાવ્યું. "અમે બે પૃથ્વી નક્ષત્રીઓ કરીએ છીએ, ત્રિભુવન કંપાવીએ છીયે, ઇંદ્રાસનો ડોલાવીયે છીયે. બા! બા! તમને હું ગાંડી લાગતી હોઇશ; પણ મારે મન તમારો સંસાર માયાજાલ છે–મારો આ સંસાર સત્ય છે, પ્રત્યક્ષ છે. હવે તમારા આજકાલના વહેંતીયા વીરોનો મારે મન શો હીસાબ હોય? શી બહાદુરી પર મારા જમદગ્નિની વરમાળ બીજાને આરોપું?" તેણે નાક મરડી, જરા વધારે સ્વસ્થ થઇ પુછયું. "તારે જમદગ્નિ જોઇતો હોય તો આપણો કાકભટ્ટ છે" કાશ્મીરાએ જાણે

---

૧. રામાયણ બાલકાંડ સર્ગ ૭૪.

બાલએ (દશરથે) ભયંકર, જટામંડળ ધારણ કરેલા બાલઓના વિનાશક, કૈલાસ સમ જીતાય નહિં એવા કાલાગ્નિ સમ સહન ન થાય એવા તેજથી ઝળહળીત, સામાન્ય નરોને ન દેખાય એવા, ખાંધે ફરસી મુકીને, વિજળી સમ ધનુષ અને હમ થર લઈ ત્રિપુરનો નાશ કરનારા શંકર જેવા લાગતા જમદગ્નિના પુત્ર ભૃગુ પુત્રને જોયા.

અમથી મશ્કરી જ કરતી હોય તેમ પુછ્યું. "એનું ગોત્ર પણ કાંઇ એવું જ છે. તે દિવસે તું ડાચાકૂટ કરતી હતી ને?"

બહાર કાકનો જીવ તાળવે ચોંટયો.

"કોણ કાક!" મંજરી પાછી હતી તેવી ગર્વિષ્ઠ, સ્વસ્થ થઇ ગઇ.

"બા! એવું નહિ બોલશો. એ તે મોટો થોધ્યો ને એ મોટો બ્રાહ્મણ! નથી આવડતું સંસ્કૃત–નથી પૂરા સંસ્કાર–નથી મોટો થોદ્યો. તમે તો એની પાછળ ગાંડાં થઇ ગયાં છો."

કાકનું હૃદય ધબકતું અટકી પડયું હોય એમ તેને લાગ્યું. મંજરીના તિરસ્કાર ભર્યા વચનો તેને અલ્પતાના વિષના ઘુંટડા પાતાં હતાં. તેના હૃદયમાં ઉભી થયેલી વ્યથાથી તેની આંખમાં પાણી આવ્યાં; મંજરીના ભયંકર શબ્દના પડધા તેના કાનમાં પડવા લાગ્યા; પોતે હતો એક અધમ સેવક–નહિ બ્રાહ્મણ, નહિ થોધ્યો.

"શું ખોટો છે? ભલા ભૂપતિને ભૂ પાય એવો છે. તું ક્યાં નથી જાણતી? એને લીધે તું બચી ને જીવતી આવી; એને લીધે રા' હારી ગયો, પકડાયો; એને મારા મંડલેશ્વર જમણો હાથ માને છે; કાલે ઉડીને ભટ્ટરાજ થશે; જમીન મળશે, મીલ્કત પામશે, વખત છે ને સેનાપતિ પણ થાય!"

"બા! હું–હું–કાકને પરણું? ક્યાં હું–અને ક્યાં લાટનો ભટકતો ભટ્ટ."

"તે એમ નહિ કહે કે ક્યાં હું મંડલેશ્વરનો માનીતો સુભટ અને ક્યાં તું ધરવિનાની, એક રખડતી છોકરી?" કાશ્મીરાએ એક પછી બીજી યુક્તિઓ અજમાવવા માંડી.

"ભલેને કહે? ન જોયાં રવિકિરણો, ન જાણ્યો તેનો પ્રતાપ–તેથી શું ધુવડ દૂરદર્શી થયો?"

કાશ્મીરા આ અભિમાન પલવાર સુધી જોઇ રહી. તેને મંજરી તરફ ખેંચાણ થતું હતું. તેનું સૌંદર્ય, સરલતા અને ગર્વ સુદ્ધાં કાશ્મીરાને અલૌકિક અને પ્રિય થઈ પડ્યાં હતાં. તેને હેતનો ઉભરો આવ્યો અને તે મંજરીને વળગી પડી.

"મંજરી! તું તો અદ્‌ભુત છે."

જાણે એમાં કાંઈ નવું નહિ કહ્યું હોય તેમ મંજરી સ્વાસ્થ્યથી આલિંગનથી છુટી પડી. "બા! દુનિયામાં પદવી, પૈસો, કે બહાદુરીથી શ્રેષ્ઠતા નથી મળતી."

"ત્યારે?"

"પહેલાં સંસ્કાર અને શુદ્ધતા જોઇએ. જો ભૂદેવો જ સંસ્કાર કે શુદ્ધતાથી ભ્રષ્ટ થાય તો પૃથ્વી રસાતાલ જાય" ગર્વથી મંજરીએ કહ્યું.

"એટલે તારે મન કાક સંસ્કારીએ નથી ને શુધ્ધે નથી. નહિ! ઠીક છે. કહેવા દે તેને."

"ભલે કહેજો."

કાક હૈયાસૂનો બની ઘડીભર પડી રહ્યો. જે થોડું સંસ્કૃત આવડતું હતું તેની મદદ લઇ મંજરીએ બોલેલા શ્લોક તે યાદ કરતો હતો. "**कैलासमिव दुर्धर्षं.** તેણે કપાલ કૂટયું. "ક્યાં હું જામદગ્નની ગોત્રજ ને ક્યાં ભગવાન જામદગ્નિ પરશુરામ, મંજરી સાચું બોલી. હું નિર્માલ્ય–નિરાધાર છું. ક્યાં મારા વીર પૂર્વજ અને ક્યાં હું વહેંતીયો વીર? **कालाग्निमिव दुःसहम्.** મંજરીને લાયક હું પતિ છું? નથી. નથી?" પા ઘડી તે મૂગો મૂગો પડી રહ્યો. "હું બુદ્ધિશાળી છું–બહાદુર છું–મંડલેશ્વરનો માનીતો છું. મંજરીને લાયક કેમ નથી? હા. અલ્પ છું–વિશાળતા નથી. **त्रिपुरघ्नं यथा शिवम्** મંજરી તારી વાત ખરી છે...મંજરી! ઠીક છે. તું પણ જોજે" કહી તે બેઠો થઈ ગયો. "કળીયુગ આવ્યો છે; પણ મારી રગમાં શુદ્ધ, સનાતન, લોહી ફરે છે. તું પણ જોજે કે કાક નિર્માલ્ય છે કે **राजवी मर्दन** છે" કહી કાક ઉભો થઈ ગયો.

## પ્રકરણ ૮ મું
## બે જુના મિત્રો.

ઉભક સેનાપતિ મહારાજા પાસેથી ઉઠી, સજ્જન સાથે રાજગઢના બીજા ભાગમાં ગયો. ઉભકનું આતિથ્ય સજ્જનને સોંપવામાં આવ્યું હતું.

તે બન્ને નીરાંતે બેઠા, અને વિનયશીલ અનુચરો પાણી અને પાન મુકી વદાય થયા. કીર્તિદેવ હજુ બહારના ખંડમાં કેટલાક યોદ્ધાઓ જોડે વાત કરતો ઉભો હતો. આ બે વૃદ્ધ યોદ્ધાઓએ એકલા પડતાં પહેલીવાર એક બીજા સામું સ્મિતભરી, સ્નેહભીની નજરે જોયું.

"કેટલે વર્ષે મળ્યા?" ઉબકે કહ્યું, "પણ તું તો તેવો ને તેવો જ છે."

"હા! પણ તમે જરા ઝરડાયા છો. થોડા ધા પણ વધારે પડ્યા છે. નહિ?" તકીયાપર નીરાંતે અઢેલી સજ્જન મહેતાએ કહ્યું.

"વયસ્ય! મારી ઉમર ધાએ ગણાય છે; વર્ષે નહિ" મુછપર તાલ દેતાં ઉબક બોલ્યો. "યાદ છે, આપણો પહેલો ધા?"

"કેમ નહિ? ભીમદેવ મહારાજે તમારા ભોજરાજાને પુરા કર્યા ત્યારે મેં કરેલો ને તે કેમ ભુલું?" કહી સજ્જન ખડખડાટ હસ્યો.

"આહા! શું તે અવસર!" ઉબકની અડધી આંખ બાલપણનો આનંદ સંભારી હસી ઉઠી.

"તે અવસર ગયા."

"અરે હારે" સજ્જને જોરથી કહ્યું "ક્યાં આપણાં કેસરીયાં અને ક્યાં આ આજકાલના છોકરાંઓની રમત. પણ પરમાર!" આસપાસ સાવચેતીથી જોઈ તે બોલ્યો. "પેલાનું શું?"

"કોણ?—"

"હા. તે જ."

"મંત્રીવર્ય! તમે મારાપર ઘણો જ અનુગ્રહ કર્યો. શું છોકરો?"

"કુલ લજ્જવે એવો તો નથી ને?"

"બન્ને કુલ તારે એવો છે. તે ઓળખ્યો નહિ? મારી સાથે—"

"પેલો છોકરો છે તે?" સજ્જને પુછ્યું.

"હા."

"નામ આપ્યું છે?"

"કીર્તિદેવ."

"શું રૂપાળો છે? શું વધી ગયો છે?" સાશ્ચર્ય બોલતાં સજ્જન ઠંડાર થઈ ગયો.

"ગાંડા! સોળ વર્ષનાં વ્હાણાં વાયાં."

"હું?"

"હારતો. હું દેવપટ્ટનની જાત્રાએ આવ્યો ત્યારે."

"શું વખત જાય છે? પણ યુદ્ધમાં કેવો એક છે?"

"મંત્રીજી! યુદ્ધમાં આપણને ગરમાવે. ચાતુર્યમાં કવિવરો માન મુકે." ટુંકામાં સેનાપતિએ કહ્યું.

"અમે એને ખોયો. નહિ તો એના બાપને ને અમને બન્નેને શોભા દેત."

"એનો બાપ કોણ? તે તો તમે કહ્યું જ નહિ."

સજ્જનને કપાળે કરચળી પડી; તેની આંખમાં ગ્લાનિનો ભાવ આવ્યો.

"સેનાપતિરાજ! એ કરમની કથા જવા દો. પણ છોકરાએ કુલની તપાસ નથી કરી?"

"કરી હતી. એ જાણવા તો તે ઘણો ઉત્સુક છે. પણ મેં કહ્યું કે મને ખબર નથી એટલે બીચારો વધારે પુછતો નથી. પણ એના હૃદયમાં એ અભિલાષા ઘણી છે. કહી દોની."

"હમણાં નહિ."

"કુલ કલંકિત તો નથી?"

"એવું કુલ આખી પૃથ્વીપર મળવું ભારે છે!" ખેદયુક્ત ગર્વથી સજ્જને કહ્યું "ઉંબરજી, પણ એની વધારે વાત કરવામાં માલ નથી."

"એ બીચારો તો એટલું જાણે છે કે એ ગુજરાતનો છે. એથી તો એ પાટણ આવવા તલસતો હતો."

"ત્યારે થોડા દહાડા અહિયાં રહેવા દો."

"પૂર્ણિમા સુધી તો છે. પછી વિચાર કરીશું."

"રહેવા દો આજે કેટલા દિવસથી એને મળવાનું મન હતું" સજ્જને કહ્યું "એને મારે ઘેર મોકલો."

"હા. કીર્તિ!" ઉંબરે ઘૂમ મારી.

"જી" કહી કીર્તિદેવ માનભેર આવીને હાથ જોડી ઉભો.

"એમને ઓળખે છે?" સજ્જન તરફ આંગળી કરી સેનાપતિએ પુછયું.

"ચાંપાનેર ગઢના દુર્જય પતિને કોણ નહિ ઓળખે." પોતાનાં સુંદર નયનો સવિનય ઉંચાં કરી કીર્તિદેવ બોલ્યો.

સજ્જન અવર્ણનીય સ્નેહથી તેની સામું જોઈ રહ્યો.

"પણ મારા મિત્ર તરીકે ક્યાં ઓળખે છે?" ઉભકે કહ્યું.

"પરમાર ને હું તો બાલપણના મિત્રો છીયે. જે યુદ્ધમાં પહેલો એ ઉતર્યો તેમાં જ મેં મંગલાચરણ કર્યું."

"જી."

"અને ત્યારથી એક બીજાના ઘા સહેતા, સંધિ થયે બેગા મળતાં આખી જીંદગી વીતાવી છે" સજ્જને કહ્યું "સેનાપતિ, આપણી દોસ્તીને કેટલાં વર્ષ થયાં હશે?"

"તારો છોકરો હતો ને? તેનાથી બે વર્ષ વધારે."

"હા. પરશુરામને ચાલીશ થયાં."

"બસ ત્યારે કીર્તિ" ઉભકે કહ્યું "અવનીપર સજ્જન મહેતાનો સમોવડીયો નથી."

"સમોવડીયો નથી; પણ એક યોદ્ધો ચડીયાતો છે—અને તે આપણા સેનાપતિરાજ."

"ઠીક ત્યારે. તું એમને ત્યાં જા."

"જી." કીર્તિદેવે કહ્યું.

"તું પણ વણિક છે એટલે વાંધો નહિ પડે."

"જેવી આજ્ઞા."

"ચાલો ત્યારે" કહી સજ્જન મહેતાએ રજા લીધી.

સજ્જન મહેતા કીર્તિદેવને લઈ હાથી પર ચઢ્યા અને પોતાના ઘર તરફ ચાલ્યા. રસ્તે વૃદ્ધ યોદ્ધાના મોં પર અનેક ભાવો દેખાતા હતા. જાણે ઘણા દિવસે ખોવાયેલું રત્ન સાંપડ્યું હોય તેમ તે કીર્તિદેવ સામે જોયા કરતા, ઘડીમાં નીસાસો મુકતા, ઘડીમાં મુછમાં હસ્તા.

કીર્તિદેવની અસ્પર્શ્યતા અડગ રહી. આ બધા ભાવો તેણે જોયા નહિ; તે માત્ર પાટણના લોકો તરફ જોઈ ઉંડો વિચાર કરી રહ્યો હતો.

—:o:—

## પ્રકરણ ૯ મું.

## કીર્તિદેવ કેમ આવ્યો.

મંજરીનાં વાક્યોનું રટણ કરતો કાક ઉઠીને ઘરની બહાર નીકળ્યો. તેની મહત્ત્વાકાંક્ષા ચેતી ઉઠી હતી; તેની ઇચ્છાશક્તિ નિશ્ચલ બની હતી. મંજરીને પરણવું એ બે શબ્દો તેના મગજમાં અંગારરૂપે ધગધગી રહ્યા હતા.

જે સ્ત્રીને પોતે દેવી સમાન પૂજતો હોય તેની પાસે સ્વામિત્વ સ્વીકારાવવું એ પુરુષના હૃદયની મોટામાં મોટી અભિલાષા છે. તે કાયરનો નર બનાવે છે–નરને દેવ કે પિશાચ બનાવે છે; સામાન્ય અવસરોને ઐતિહાસિક ગૌરવે અનેરા બનાવે છે, મનુષ્ય જીવનને સફલ કરે છે. તે અભિલાષા અત્યારે કાકને રોમે રોમ વ્યાપી રહી, અને તેની કલ્પનાશક્તિ ઉદ્દીપન કરી તેમાં *જમદગ્નિસુત પરશુરામનું* સ્વરૂપ લીધું. કાક રસ્તે બબડતો ચાલ્યો. "*कैलासमिव दुर्धर्षम् कालाग्निमिव दुःसहम्।*"

તે ઝપાટાબંધ પગ ઉપાડી *સજ્જન મહેતાના* ઘર તરફ ચાલ્યો. જ્યારથી તેણે પાટણમાં પગ મુકયો હતો ત્યારથી તેના જુના મિત્ર કૃષ્ણદેવને મળવાનું તેને ઘણું મન થયું હતું. કૃષ્ણદેવ વિષે તેણે અનેક સંકલ્પ વિકલ્પ કર્યા હતા, અને તે ખરેખરો કોણ છે તે ચોક્કસ જાણવું એને જરૂરનું લાગતું હતું.

તેણે *સજ્જન મહેતાને* ત્યાં જઈ કૃષ્ણદેવની તપાસ કરી, અને તે હજુ ત્યાંજ છે જાણી તેને ઘણો હરખ થયો. તે પુછતો પુછતો અંદર ગયો, અને ત્યાં છાબંધ ચોકની ઇંડકમાં *કીર્તિદેવ*, કૃષ્ણદેવ, *સજ્જનનો* નાનો છોકરો *લક્ષ્મણ* અને બીજા એક બે યુવાન યોદ્ધાઓ બેઠેલા જોયા.

*કીર્તિદેવ* ઉંધે પગે બેઠો હતો; તેનું આખું શરીર જાણે છલંગ મારતાં પહેલાં કેસરીનું હોય તેમ ચપલ, સંકુચિત, જુસ્સાના પૂરમાં ધ્રુજતું દેખાતું હતું. સ્વભાવજન્ય બેદરકારીથી તકીયાપર પડી, પગ લંબાવી કૃષ્ણદેવ સ્વસ્થપણે સાંભળતો હતો. પૂજ્યબુદ્ધિ દર્શાવતું મોટું *કીર્તિદેવ* તરફ ફેરવી, *લક્ષ્મણ* તેને એકી ટશે નીરખી રહ્યો હતો.

મંજરીના ચાબખાથી કાકનું સ્વમાન ચમચમતું હતું; પોતાની

અભિલાષા પરિતૃપ્ત કરવાનો દિવસ દૂર હોવાથી તે અલ્પતા અનુભવતો હતો. અને તેમાં કાર્તિકેય સમા લાગતા કીર્તિદેવની ભવ્યતા અને તેજોમયતા, સૃષ્ટિને શાસન કરવા ઉતરેલા રાજરાજેન્દ્ર જેવી બેદરકારી અને ગૌરવભરી કૃષ્ણદેવની મોહકતા જોઈ કાક મનમાં ઘણો જ મુંઝાયોઃ પોતાની અને આ બેની વચ્ચે અંતર ભાળી મનમાં બળવા લાગ્યો. બીજી જ પળે હૃદયદૌર્બલ્યનો ત્યાગ કરી પરંતપની માફક તેણે ગર્વથી વિચાર કર્યો. આ બન્ને સ્વરૂપવાન હોય, આ બન્ને ગૌરવશીલ લાગતા હોય તો પણ તે પોતે મંજરીએ કહ્યું તેમ શુદ્ધતા અને સંસ્કારમાં શ્રેષ્ઠ હતો. તેની રગમાં અનંત કાલથી વિશુદ્ધિ પામેલું ભૂદેવોનું લોહી ફરતું હતું–આખી ધરણી તેના પૂર્વજોના પ્રતાપથી ટકી રહી હતી. આ વિચાર આવતાં તેના શરીરમાં વિદ્યુત્ પ્રગટી; તેના મુખ પર ગૌરવ આવ્યું.

"નમસ્કાર કીર્તિદેવ! નમસ્કાર કૃષ્ણદેવ! કેમ છો?"

કીર્તિદેવે એકદમ ઉંચું જોયું. કૃષ્ણે ધીમેથી તિરસ્કારભરી નજર નાખી.

"તમે જ કાકભટ્ટ!" કીર્તિદેવે ઘણા જ મીઠા, મોહક હાસ્યથી કહ્યું. કાકનું હૃદય એકદમ આ અદ્‌ભુત વ્યક્તિ તરફ ખેંચાયું "મને સવારે શું ખબર કે તમે કાકભટ્ટ. મેં તમારી કીર્તિ ઘણી સાંભળી. લોકો વાતો કરે છે કે ખરેખર રા'ને તમે જ હરાવ્યો." કાક આ અચાનક મળેલી પ્રશંસા સાંભળી દિંગ થઈ ગયો. કૃષ્ણદેવનું મોઢું તિરસ્કારમાં મરડાયું.

કીર્તિદેવના અવાજમાં, બોલવાની છટામાં ઉચ્ચ કુલતિલકોને છાજે એવી સંસ્કારિતા હતી; તે ઉપરાંત તેમાં દેવવાણીનો રણકાર હોય તેમ ન કળાય એવી તટસ્થતાની સાથે ઉત્સાહ પણ હતો. તેના પ્રભાવભર્યા નયનોએ સ્નેહ અને મૈત્રિ આકર્ષે એવાં કિરણો ફેંકયાં. તે સૂર્યકિરણ સમાં કિરણોએ કાકના હૃદયને ખીલવ્યું અને આકર્ષ્યું.

"હા કાક" જરા મશ્કરીમાં કૃષ્ણે કહ્યું. તેં પણ મોટો મોર માર્યો છે. નહિ?"

કૃષ્ણદેવ તેવો ને તેવો જ શાન્ત, સ્વસ્થ, તિરસ્કારભર્યો હતો. કાકની ધારણા પ્રમાણે તો તે અત્યારે શોકગ્રસ્ત હોવો જોઈએ, પણ તે

ધારણા ખોટી ઠરી. કાકને લાગ્યું કે હજુ કૃષ્ણદેવ કોણ છે તે ઉખાણું તેણે બરાબર છોડ્યું નથી.

પણ કીર્તિદેવની વાતે તેને વધારે વાર વિચાર કરવાનો વખત આપ્યો નહિ. "કાક ભટ્ટજી! તમે આવ્યા તે ઘણું સારું થયું. તમારી ખ્યાતિ સાંભળી મને તમને મળવાનું મન થયું હતું. મારે પાટણના બધા વીરો સાથે મૈત્રી કરવી છે. પાટણ તો સ્થૂલ છે; તેનો આત્મા તો તમે બધા છો." કોઈ બીજે આવા શબ્દો કહે તો કાકને ખોટી પ્રશંસા જેવું લાગત; પણ કીર્તિદેવ આ શબ્દો બોલતો તે જાણે અક્ષરે અક્ષર સાર્થક હોય તેમ અને ઉચ્ચારતો જાણે તે સાધારણ વાત હોય તેમ. આથી સાંભળનારને ખુશામત લાગતી નહિ, છતાં શબ્દોનો જાદુ રગે રગમાં પ્રસરતો.

"મારાં પણ સદ્‌ભાગ્ય કે હું અહિયાં આવ્યો. કેમ પાટણ કેવું ગમે છે?" કહી કાક સામે બેઠો.

"તમે આવ્યા ત્યારે હું તે જ વાત કરતો હતો" કીર્તિદેવે કહ્યું. "પાટણ અને અવન્તી મને તો આર્યાવર્તની આંખો લાગે છે."

"માત્ર વાંધો એટલો જ છે કે બે આંખો સીધું જોઈ શકતી જ નથી." કૃષ્ણદેવે ઉમેર્યું.

"કેમ નહિ?" કીર્તિદેવે કહ્યું. "હવે તો સંધિ થઈ છે; અને મહાકાલેશ્વર પ્રભુ કરશે તો તે સદાયે રહેશે. તમે શું ધારો છો કાકભટ્ટ?"

"મને નથી લાગતું. પાટણને યુદ્ધથી વિરામવું ગમતું નથી."

"હું ક્યાં કહું છું? હું કહું છું કે યુદ્ધ કરો–પણ અવન્તીની સામું નહિ, તેને પડખે રહીને."

"આ યુગમાં તો નથી થવાનું." તિરસ્કારમાં કૃષ્ણે કહ્યું.

"શા માટે નહિ કૃષ્ણદેવજી! સમય સામું થવાનો નથી, પણ સંધિ રાખવાનો છે."

"રખાય તો સારું; પણ લાંબો વખત રખાય તેમ લાગતું નથી."

"કારણ કે આપણે માથે શું ઝઝુમે છે તેનું તમને ભાન નથી." કીર્તિદેવના અવાજમાં પહેલી વખત સત્તાનો પડઘો પડ્યો. કાક થોડીવાર તેની તેજસ્વી કાન્તિ સામું જોઈ રહ્યો. "હું એકલી અવન્તીમાં રહ્યો

નથી, આખા આર્યાવર્તમાં ફર્યો છું. અનેક દેશોમાં પર્યટન કરતાં મને સ્પષ્ટ ભાસ થયો છે કે જો આપણે બધા એક એકમાં જ લડ્યા કરશું તો આપણાં રાજ્યો જશે–આપણો ધર્મ જશે–આપણે લુટાઇશું–આપણે અવનીપરથી ઉખડી જઇશું."

કાકને લાગ્યું કે કીર્તિદેવને સનેપાત થયો કે શું; પણ તેની ગંભીર મુખમુદ્રા, તેની તેજસ્વી આંખો, તેના અવાજમાં સત્યતા અને લાગણીનો ધ્વનિ સ્પષ્ટ દેખાડતાં હતાં કે તે ખરી શુદ્ધિમાં, અને ખરા અંતઃકરણથી આ શબ્દો ઉચ્ચારતો હતો.

"પણ આટલું બધું કેમ કરતાં થઈ જવાનું?" કાણીઓ પર જરા ટટ્ટાર થઈ કૃષ્ણદેવે પુછયું.

"કેમ કરતાં? માથે ધનગર્જના થાય છે પણ તમને સંભળાતી નથી. જયદેવ મહારાજ અવન્તીનાથ સાથે લડે છે. જુનાગઢનો રા' પાટણ સાથે લડે છે; સપાદલક્ષનો[1] રાજા, ચીતોડના રાવલ સાથે લડે છે; કોઈ સમજતા નથી. કાશ્મીરાધિપ એકલો સમજે છે. તમારા ભીમદેવ મહારાજ હતા ત્યારે જે યવનોએ પાટણ તોડી, પરમધામ દેવપટ્ટણનો વિનાશ કર્યો હતો તે વાત યાદ છે? દાનવ સમા વિકરાળ, નિર્દય યવનોની મહાસેનાઓ ખાળતાં કાશ્મીરરાજની હિમત પણ હારી ગઈ છે."

"શું કહો છો?" લક્ષ્મણે પુછયું.

"હા તમે બધા બેઠા છો–આત્મબળના ગર્વમાં સંતોષ માનીને. પણ દર વર્ષે તે મહાવિનાશક યવનસાગર આગળનો આગળ વધે છે; કનોજ અને સપાદલક્ષે તેની ઉર્મિઓનો સ્પર્શ કર્યો છે; અમારા અવન્તીમાં તેની ભયંકર ગર્જનાના પડઘા સંભળાયા છે. વેળાસર ચેતશો, નહિ તો–કાશ્મીર પડશે; સપાદલક્ષ પણ ખુવાર થશે. મહાકાલેશ્વરની ધજા ધૂળમાં રોળાશે–અને પાટણનું નામ અને નીશાન પણ હાથ લાગવાનું નથી" ભાર મુકવા હાથને છટાથી હલાવી કીર્તિદેવે ભવિષ્યવાણી પુરી કરી. તેના શબ્દોમાં જુસ્સો હતો; તેનો સ્વર શોકગ્રસ્ત હતો; તેની અસ્પર્શતા જરા જરા અદૃહ થતી લાગતી હતી.

(૧) અજમેરની આસપાસનો પ્રદેશ.

કાકના મગજ પર કાંઈ નવું અજવાળું પડ્યું. તેણે આતુરતાથી પુછ્યું:
"તેથી તમે સંધિ કરવા માગો છો?"

"હા. અવન્તી અને પાટણ, કનોજ, ચિતોડ અને સપાદલક્ષ એ બધા ભેગા થઈ મદ્રદેશની[1] મદદે ધાય તો જ આર્યાવર્ત સહીસલામત રહેશે.

"શું યવનસૈન્ય એટલું પ્રબલ છે?" કૃષ્ણે પુછ્યું.

"પ્રબલ! પ્રલય સમયના ઝંઝાવાતોનો તેના આગળ હિસાબ નથી. કાકભટ્ટ! શું વિચાર કરો છો?"

"કીર્તિદેવ! તમે કહો છો તે બધું સત્ય હોય તો કાંઈ કરવું જોઇએ."

"હા. એક પળ યુગ સમી જાય છે. તેથી જ જયદેવ મહારાજ પાસે સંધિ યાચવા અમારા સેનાપતિ આવ્યા છે. અને તમને બધાને પણ મારી અભ્યર્થના એ જ છેઃ માંહોમાંહે કાપાકાપી કરવા કરતાં વીરતા વાપરો, અસુરો ઉપર." એટલામાં સજ્જનમંત્રી આવ્યા એટલે બધા યુવાનો ઉભા થયા; અને કીર્તિદેવે કહ્યું "અને આવા મહારથીઓને પણ મારી એ જ વિનંતિ છે કે પાટણને અને અવન્તીને એક થવા દો. તો જ આમાનું કાંઈ થશે" બેદથી માથું ધૂણાવતાં કીર્તિદેવે કહ્યું.

"થશે! થશે!" સજ્જન મહેતાએ જરા હેતથી હસતાં કહ્યું. "હું મુંજાલ મહેતાને વાત કરીશ." "મને મુંજાલ મહેતા સાથે મેળવો!" સજ્જનના મુખ પર જરા બેદ પ્રસર્યો.

"હું પુછી જોઇશ. કાંઈ કહેવાય નહિ. ભાઈ! ઉતાવળે આંબા પાકે નહિ."

"મંત્રીવર્ય! તો આંબા વખત છે ને જડમૂળથી ઉખડી જશે."

"કીર્તિદેવ! આર્યાવર્તના યોદ્ધાઓ હજી નિર્માલ્ય થયા નથી. ચાલો હવે પરમાર વાટ જોતા હશે" કહી સજ્જન કીર્તિદેવને લઈ રાજગઢ તરફ જવા નીકળ્યો.

---

૧ કાશ્મીર.

## પ્રકરણ ૧૦ મું.
## મધ્યરાત્રિની મૈત્રી.

કાક કૃષ્ણ જોડે થોડો વખત વાત કરી સજ્જન મહેતાને ઘેરથી નીકળ્યો. તેણે અનેક કાર્યો માથે ઉપાડ્યાં હતાં: જયદેવ મહારાજને સત્તા જોઇતી હતી, મુંજાલ મહેતાને કીર્તિદેવ પારખવો હતો, તેને પોતાને કૃષ્ણદેવને પારખવો હતો, અને મંજરીને મેળવવી હતી. આ કાર્યો સાધવાની યુક્તિઓ ઘડતો તે ઠેકાણે ઠેકાણે જવા લાગ્યો.

તે પહેલાં મહારાજાના મિત્ર શોભને મળ્યો; તેની સાથે કેટલીક વાત કરી, અને તેને સાથે લઈ કેટલાક બ્રાહ્મણ યુવાનોને મળ્યો.

ત્યારપછી તે રાજગઢ ગયો. ત્યાં એણે સાંભળ્યું કે ઉભક પરમાર પેલે તીર પોતાની છાવણીમાં ગયા અને માત્ર કીર્તિદેવ જ સજ્જન મહેતાને ત્યાં રહેવાનો હતો. તે જયદેવ મહારાજને મળવા ગયો પણ તે મીનળદેવી પાસે હતા એટલે મળી શકાયું નહિ. તે ત્યાંથી પુછતો પુછતો રાજગઢના એક ખૂણામાં એક વૃદ્ધ અને પ્રતિષ્ઠિત બારોટ રહેતા હતા તેની પાસે ગયો.

"બારોટજી જય જય!"

"કોણ ભાઇ?" વીરા બારોટે પુછ્યું.

"હું મંડલેશ્વર મહારાજનો ભટ્ટ છું."

"કેમ આવ્યો છે ભાઇ?"

"પરમ દિવસે રાજ્યસભા છે."

"હા. મને ખબર પડી છે" બારોટે જરા રોફમાં કહ્યું.

"જયદેવ મહારાજ રા'ને ભીડાવી આવ્યા તેની કાંઇ હકીકત જાણવી હોય તો તે હું કહેવા આવ્યો છું" તે પોતાની જાતને બધી હકીકતથી માહિતગાર ગણતા હતા એટલે આ ધૃષ્ટતા જોઈ બારોટ હસ્યો.

"કોઇએ મોકલ્યો કે તું તારી મેળે જ આવ્યો?"

"મારી મેળે જ. જયદેવ મહારાજે આ યુદ્ધમાં એટલું શૌર્ય બતાવ્યું છે કે તેનાં યશોગાન બરોબર કરવાં જોઇએ."

"છોકરા! સાઠ વર્ષે હવે મારે તે શીખવાનું રહ્યું."

"ઠીક ત્યારે! પણ જયદેવ મહારાજ નારાજ થાય તો મને દોષ નહિ દેશો."

"કેમ?" જરાક ગભરાઈ વીરા બારોટ નરમ થયા.

"કારણ કે આ લડાઈ વિષે એટલી ગપો ચાલે છે કે ખરૂં શું છે તે તો થોડાજ જાણે છે."

"તેં ક્યાંથી જાણ્યું?"

"કારણ પહેલેથી મહારાજની પડખે હું હતોઃ અને છેલ્લે સુધી લડાઇમાં ભાગ લીધો છે."

"તારૂં નામ શું?"

"કાક ભટ્ટ."

વીરા બારોટે એકદમ આંખો ફાડી જોયું.
એણે કાકભટ્ટની થોડી ઘણી ખ્યાતિ સાંભળી હતી.

"ઓહો ભટ્ટજી! એસો તો ખરા" ડોસાએ કહ્યું "ત્યારે યુદ્ધની વાત તો કરો."

"ના તમને ખબર છે ત્યારે શું કામ? હું હવે જાઉં."

"ના એસો એસો. તમારા જેવા શરવીરનો મેળાપ ક્યાં?" કાક બેઠો અને યુદ્ધની વાત કરવા લાગ્યોઃ અને ખરા ખોટાનો ખ્યાલ જરા આઘો રાખી જયદેવ મહારાજનો મહિમા વધાર્યો. બારોટે આખરે કાકને ઉપકાર માન્યો, કારણ કે મહારાજે આવી યુદ્ધ કુશળતા વાપરી તે વિષે જો કાક કહેવા નહિ આવ્યો હોત તો તેને ખબર પડત નહિ, અને પરિણામે જયદેવ મહારાજ બારોટપર ઘણા જ ખફા થઈ જાત.

કાક ત્યાંથી નીકળી **ત્રિભુવનપાલ**ના ઘર તરફ ચાલ્યો. આ બધી ખટપટોમાંથી છુટતાં તેને કીર્તિદેવ યાદ આવ્યો. તેના વ્યક્તિત્વનો પ્રભાવ કાકને અદ્‌ભૂત લાગ્યો; તેનું જ્ઞાન અને અનુભવ વિશાળ દેખાયાં; અને તેના વિચારો નવા ગૂઢાર્થી, અને વિશ્વવ્યાપી હોય એમ ભાસ્યું. મંજરીએ પેદા કરેલી ભાવનાના ઉત્સાહમાં, કાકની નજરે, તે વિચારોને લીધે તેના જેવા હિંમતવાન અને બુદ્ધિમાન વીર માટે અનેક અણજાણ

પડેલાં મહાક્ષેત્રો દેખાયાં; અને પાટણમાં જ પડી રહી પ્રતાપ મેળવવાની મહત્ત્વાકાંક્ષાનો હિસાબ માત્ર પણ રહ્યો નહિ. કાશ્મીર, સપાદલક્ષ એ કાકને મન માત્ર વાતો હતી; ત્યાંની રાજ્યનીતિ કીર્તિદેવને તો જીભે હતી. યવનોનો ત્રાસ તેને મન વર્ષો પહેલાં આવેલાં સ્વપ્ના જેવો હતો–કીર્તિદેવને મન તે તાજો, સચેતન, ભયંકર ત્રાસ હતો; તેણે–વખત છે ને યવનોને જોયા પણ હોય, પોતાની અસિધારા અસુરોના લોહીએ પાવન પણ કરી હોય. તેરસની મધ્ય રાત્રિની ચાંદનીમાં, એકાન્તમાં, પાટણની સૂની પડેલી શેરીઓમાં કાક આવા આવા અનેક વિચાર કરતો ચાલ્યો.

મધ્ય રાત્રિ વીતવા આવી હતી. નિઃશબ્દતાનો ભંગ માત્ર ઘૂમ મારતા ચોકીદાર દાંડીયા સિવાય કોઈ કરતું નહોતું. ખેમા (ક્ષેમરાજ)[1] બાપાના વાડામાં જ્યાં ત્રિભુવનપાલની હવેલી હતી તે વગામાં, શાન્તિ વિશેષ હતી; અને દશ ડગલાં દૂર મંજરી હશે એ વિચારે કાકનું ચપલ મગજ વધારે તીવ્ર થઈ રહ્યું હતું. જેવો તે હવેલીના પાછલા બારણા તરફ ગયો એટલે ધીમેથી બોલતા માણસોનો અવાજ આવ્યો; અને ખરૂં સંભળાયું કે ખોટું તેનો નિર્ણય પણ ન થાય તેવી એક ચીસ–જાણે માત્ર નિશ્વાસ જ હોય તેવી–તેને કાને પડી. બીજા કોઇ માણસનું ધ્યાન પણ નહિ ખેંચાત; પણ કાકની કર્ણેન્દ્રિય વિચક્ષણ હતી–અને આ ચીસનો સ્વર તેના મગજમાં રમતો હતો. શું મંજરીનો અવાજ? શું ખરી વાત કે ભ્રમણા?

મૃગરાજની ચપલતાથી તેણે છલંગ મારી; અને જ્યાંથી અવાજ આવ્યો હતો ત્યાં તે કુદ્યો. હવેલીના ઓથાથી બનેલા અંધારામાં બે ત્રણ માણસના ઓળા તેણે દીઠા "કોણ છે?" તેણે ઘૂમ મારી. પેલા ઓળા દોડવા લાગ્યા; કાકને ફાળ પડી. જરૂર આ કોઈ મંજરીને લઈ જવા આવ્યા હશે. મનમાં એમ પણ થયું કે ઘૂમ મારી મંડલેશ્વરના ચોકીદારોને જગાડવા. પણ તેથી વાર લાગે એમ હતું. એટલી વારમાં આ ચોરો કોઇ અંધારી ગલીમાં અલોપ થઇ જાય એમ હતું. તેણે વધારે વિચાર કર્યો નહિ પણ પેલા ઓળાઓ પછાડી પગો.

---

૧ ત્રિભુવનપાલના કાકા.

તે ઓળાઓ હવેલીનો ઓથો છોડી ચાંદનીની સરિતા પાર કરી, પેલી તરફ ખીજા ઓથામાં દોડી ગયા. કાકે જોયું કે બે માણસ પહેલાં દોડી ગયાં. તેમાંથી એકના હાથમાં કાંઇ લાંબુ, માણસ જેવું હતું; પાછળથી એક બીજો માણસ દોડયો. કાકને ખાત્રી થઇ કે આ લોકો જે બંબાતી શેઠથી મંજરી ત્રાસતી હતી તેના માણસો છે; અને તે શેઠના હુકમથી મંજરીને ઉપાડી લઇ જાય છે. દાંત પર દાંત પીસી કાક તેમની પુઠે ધાયો. તેને સદ્‌ભાગ્યે ચાંદની હતી એટલે તે મંજરીને લઈ જનારની પાછળ સહેલાઇથી પડી શકયો.

આગલા દિવસોની મુસાફરી, અને આજના આખા દિવસના થાકથી કાકનું વજ્ર સરખું શરીર પણ જોઇએ તેવું કામ કરી શકયું નહિ, અને ધીમે ધીમે આગળ દોડનાર પુરુષો અને તેની વચ્ચે અંતર પડવા લાગ્યો. શેરીઓ પર શેરીઓ તેઓએ વટાવી. ધીમે ધીમે તેઓ શહેરના બીજાજ ભાગ તરફ જવા લાગ્યા. કાકે દાંત કરડી વધારે દોડવા પ્રયત્ન કર્યો. તેનો શ્વાસ ભરાઈ ગયો હતો. દરેક પલે, મંજરીને લઈ જનારાઓ તેના હાથમાંથી સટકી જશે કે શું તે બ્હીકે તેનું હૃદય કાંપી રહ્યું હતું. એક મહા પ્રયત્ન કરી તેણે આગળ ધસવા પ્રયત્ન કર્યો.

તેઓ શહેરના કયા ભાગમાં આવ્યા તેનું કાકને ભાન નહોતું; પણ તેઓ એક મોટી હવેલીની પાછલી બાજુએ આવી પહોંચ્યા. મંજરીને ઉચકીને દોડનારા તે હવેલીની ભીંતથી પચાસ કદમ દૂર હતા; અને એક ભીંતના ઓથામાંથી એક પુરુષ નીકળ્યો.

"આ ચોરને પકડો" કાકે હાંફતાં હાંફતાં બૂમ મારી.

ભીંતના ઓથામાંથી નીકળેલા પુરુષે મંજરીને લઈ જનારાઓને રોકવાને બદલે તેમને હવેલી પાસેની ગલી તરફ રસ્તો બતાવ્યો.

"કાક ગુંચવાયો; મિત્રને બદલે આ કોઈ શત્રુ હતો. કાક તેની તરફ ધસ્યો પણ એકદમ મંજરીને ઉપાડી લઈ જનારાઓએ બૂમ મારીઃ "મહારાજ." પેલો નવો પુરુષ તે તરફ ફરે તે પહેલાં આગળ દોડતા પુરુષોને કોઈ માણસે અટકાવ્યા. આ ઓચીંતા આવી પહોંચેલા પુરુષના હાથમાં તરવાર ચમકી રહીઃ બીજી પળે તેની તરવાર મંજરીને ઉંચકનાર

પર પડી. ગભરાયેલા બદમાશો મંજરીને ભોંય પર ફેંકી દઈ જીવ લઈ નાઠા; અને જે નવો શાગીર્દ તેમને મળ્યો હતો તે પણ, કાક નવા આવનારને જોવા રહ્યો એટલે, જીવ લઈ નાઠો અને પાસેની ગલીમાં ભરાઈ ગયો.

નવો આવનાર મંજરી પડી હતી તે તરફ ગયો; અને કાક પણ ત્યાં ગયો. બન્નેએ એક એકની સામું જોયું અને બોલી ઉઠ્યાઃ "કોણ કીર્તિદેવ મહારાજ!" "કોણ કાકભટ્ટ?"

"કીર્તિદેવજી! ઘણું સારૂ થયું કે તમે અહિયાં મળ્યા. નહિ તો આ હરામખોર મંજરીને લઈ જાત."

ઘણી સ્વસ્થ રીતે કીર્તિદેવે, મંજરી કોણ છે તે જાણવાની ઉત્કંઠા પણ દેખાડ્યા વગર પુછ્યું "આને શું કરશો?"

"મહારાજ! એ ત્રિભુવનપાલ મંડલેશ્વરને ત્યાં રહે છે; અને કવિ રૂદ્રદત્તની છોકરી છે. હું એને હવે મંડલેશ્વર મહારાજને ત્યાં લઈ જઈશ" કહી કાકે મંજરીને ઉંચકીને ખભાપર નાંખી. મંજરી બેભાન થઈ ગઈ હતી. મંજરી ભયમાંથી બચી એટલે કાક સ્વસ્થ થઈ ગયો અને કીર્તિદેવ કેમ આવી ચઢ્યો તે જાણવાની તરકીબ કરવા લાગ્યોઃ "તમે આવ્યા અને મારી આબરૂ રહી." કાકે વાત કરવા પાછો મમરો મુક્યો; "અત્યારે ક્યાં જાઓ છો?"

"કાકભટ્ટજી! તમે બ્રાહ્મણ છો. નહિ?"

"હા!"

"અત્યારે જો મારા પર ખરેખરો અનુગ્રહ કરવો હોય તો એક વચન આપો. વચન તોડશો તો બ્રહ્મહત્યાનું પાપ."

કાકને શું કરવું તે સુજ્યું નહિ; પણ કીર્તિદેવે કરેલો ઉપકાર ધ્યાનમાં લઈ વચન આપ્યું "ત્યારે મને અત્યારે મળ્યા તે કોઇને કહેશો નહિ" સત્તાથી કીર્તિદેવે કહ્યું.

"જેવી આજ્ઞા. આપ સીધાવો."

"ના. તમે કહેતા હો તો હું તમને મંડલેશ્વરને મહેલે મુકી જાઉં. વખત છે ને પેલા બદમાશો પાછા આવે."

"હા. આવો તો વધારે સારૂં" કહી કાકે મંજરી સામું જોયું. તે બેભાન અવસ્થામાં હતી. કાકે તેને આમ બીજી વખત ઉંચકી હતી અને તેનું હૈયું પોતાના હૈયા પાસે ધબકતું સાંભળી કાકની રગે રગ ઉલ્લાસથી ગાંડી થઈ ગઈ હતી.

પણ આ ઉલ્લાસ કાક બહાર દર્શાવી શક્યો નહિ. જાણે પ્રસંગ છેક જ સામાન્ય હોય તેમ કીર્તિદેવ ગંભીર મુખ રાખી, અમાનુષી અસ્પૃશ્યતાથી સાથે ચાલતો હતો.

"કાકભટ્ટ! બપોરે મેં વાત કહી તે તમને રૂચી કે નહિ?"

"મહારાજ! મારી તો સાચું પુછો તો આંખો જ ઉઘડી ગઈ."

"જો મારૂં કહ્યું વાસ્તવિક હોય તો મને મદદ કરોની? મેં આજે તમારે વિષે ઘણું સાંભળ્યું–સજ્જન મહેતા પાસે અને ત્રિભુવનપાલ મંડલેશ્વર પાસે" કીર્તિદેવે કહ્યું.

"હું શું મદદ કરૂં? તમારે મદદ જોઇએ મોટાઓની."

"ના. મારે મદદ જોઇએ છે એવાની કે જેની બુદ્ધિ અને બળપર આર્યાવર્ત્તનો પાયો રચાયો છે. તમે તેમાંના એક છો."

"મહારાજ! હું રાજસેવક છું; હું મારા પોતાનો માલિક નથી. તમારી દીર્ઘ દૃષ્ટિએ મને દ્વિગ બનાવ્યો છે. તમે મને મહાપ્રતાપી લાગો છો. પણ જ્યાંસુધી મુંજાલ મહેતા તમે કહો છો તે રાજનીતિ ન સ્વીકારે ત્યાં સુધી મારાથી કેમ કાંઈ થાય?"

એકદમ કીર્તિદેવ કાક તરફ ફર્યો અને સ્નેહથી તેને ખભે હાથ મુક્યો. કાકના શરીરમાં જરા કંપારી થઈ. કીર્તિદેવે ગિરિધારીની મોરલી જેવા મીઠા સૂરે કહ્યું: "તમે ભૂદેવ છો; ભારતખંડની ભૂમિના અધિષ્ઠાતા છો. તમે તમારી ભૂમિને બચાવશો નહિ તો કોણ બચાવશે?"

સવાલમાં મૃદુતા, મોહકતા, દુર્જય હતી. કાકના કાનમાં, રગોમાં તેનો નાદ ગાજી રહ્યો. બેભાન મંજરીના શ્વાસોચ્છ્વાસ જાણે તેને બપોરના શબ્દો ઉચ્ચારતા હોય તેમ કાકના મનમાં "कैलासमिव दुर्धर्षम् कालाग्निमिव दुःसहम्*" ગુંજી રહ્યું.

* કૈલાસ જેવા ન પહોંચાય એવા અને કાલાગ્નિ જેવા ન સહન થાય એવા.

"કીર્તિદેવજી! ક્ષમા કરો. મને વધારે વિચાર કરવા દો. મારો પ્રાણ અર્પે કાર્ય સધાતું હશે તો હાજર છું."

કેટલીક વાર સુધી બન્ને મુગા મુગા ચાલ્યા. કાકનું હૃદય કીર્તિદેવ તરફ આકર્ષાયું; તેણે પોતે આદરેલી રાજસેવા સાલી.

"આ પેલું મંડલેશ્વર મહારાજનું ઘર આવ્યું." કાકે કહ્યું. "તમને રસ્તો જડશે?"

"હા. હું એક વખત રસ્તે જાઉં કે પછી ભૂલતોજ નથી. પણ તમે આ છોકરીને મુકી પાછા આવશો?"

"કેમ? કાંઈ કામ છે?"

"હા. મારે તમારા સાથની જરૂર છે."

"ત્યારે અહિયાં જ ઉભા રહો. મહેલમાં દીવાઓ દેખાય છે એટલે લોકો જાગ્યા હશે. તમે આવશો તો કોઈ ઓળખી જશે."

"ઠીક. હું અહિયાં જ ઉભો છું."

કાક મંજરીને લઈ આગળ ચાલ્યો; અને એક ખભું થાકી ગયું હોવાથી જરા વાર ઉભો રહી ખભું બદલવા લાગ્યો. મંજરીએ નિઃશ્વાસ મુક્યો. કાકનું હૃદય ચંદ્રની અપૂર્વતા શરમાવે એવું સુમધુર મુખ આટલું પાસે જોઈ પ્રેમ અર્ચનાથી તેને વધાવી લેવા તલસી રહ્યું. પણ તેણે પ્રયત્ન કરી મન માર્યું. કાક જોતો હતો એટલામાં મંજરી અડધી ભાનમાં આવી, અને બેબાકળી બની જોવા લાગી. કાકે ધીમેથી કહ્યું. "મંજરી! ગભરાતી નહિ."

"કોણ કાક! મને પેલો પકડી જાય છે" કહી તે ધાકની મારી કાકને વળગી પડી. અજાણતાં, કાકે તેને છાતી સરસી દબાવી.

"શું કામ ગભરાય છે? મેં બદમાશોને મારી હાંક્યા. હવે નિશ્ચિત થા."

મંજરીને આ શબ્દો સાંભળી જરા હિંમત આવી, અને પોતે બચી ગઈ તેની ખાત્રી થતાં તે તરત કાકના હાથમાંથી કુદી પડી. ભાન આવતાં તેનું અભિમાન ફરી પ્રગટયું. તેણે પોતાની ગર્વિષ્ઠ આંખે કાકને તિરસ્કારપૂર્વક નીહાળ્યો.

"મને ક્યાં લઈ જતા હતા?"

"હું!" કાકે જરા અપમાન પામેલે હૃદયે કહ્યું. "એમ પુછો કે હું ક્યાંથી લઈ આવ્યો. તમને હરામખોરો ઉપાડી જતા હતા, હું અડધો કોશ દોડી, તમને પાછો લઈ આવ્યો. તેમાં કાંઈ ગુનોહ કર્યો હોય તો ક્ષમા કરજો."

મંજરી નરમ પડી. તેણે કાકનો હાથ ઝાલ્યો. "કાક! માફ કરો. તમે મને બીજી વખત બચાવી. ચાલો ક્યાં જઈશું."

"આ રહ્યું મંડલેશ્વર મહારાજનું ઘર." કહી બન્ને ત્યાં ગયાં. મંડલેશ્વર અને કાશ્મીરાબા પણ ઉઠયાં હતાં અને આખા ઘરમાં શોધાશોધ થઈ રહી હતી. કાશ્મીરાદેવીને જોતાં મંજરી દોડીને તેની સોડમાં ભરાઈ. કાકે બનેલો બધો બનાવ કહ્યો.

મંજરી! કાકને શીરપાવ આપ્યા વિના છુટકો નથી."

"શો શીરપાવ?" અત્યાર સુધી મંજરીની કંપારી મટી નહોતી. તેને સમજ ન પડતાં તેણે પુછ્યું.

"આસ્તો" કહી કાશ્મીરાએ મંજરીના જમણા હાથ તરફ હાથ કર્યો. મંજરી કાશ્મીરાને બ્હીકથી વળગી પડી.

મંડલેશ્વરની રજા લઈ કાક પાછો બહાર નીકળ્યો.

## પ્રકરણ ૧૧ મું.

### હિંગળાજ ચાચરનો ઓવારો.

કાક ઝપાટાબંધ જ્યાં કીર્તિદેવ ઉભો હતો તે તરફ ગયો. મંજરીનો સ્પર્શ, અને તેને બચાવી તેની કરેલી સેવા, એ બેથી કાકનું મન પ્રફુલ્લ થયું હતું; અને કીર્તિદેવના નિષ્કપટી, આદર્શમય જીવને, તેના નિખાલસ, શુદ્ધ, નિઃસ્વાર્થી વિચારોએ કાકના પાકા હૃદયમાં પણ માનની અને સ્નેહની લાગણીઓ પેદા કરી હતી. કીર્તિદેવનું દિવ્ય સ્વરૂપ અને વ્યક્તિત્વ સાત્વિક, સ્નેહમય વાતાવરણ પ્રસારતું હતું. તે જેટલો બીજાથી

નીરાળો લાગતો હતો તેટલી જ તેની ભાવનામાં અસાધારણતા હતી. યુવાવસ્થા ભોગવતા **ભીષ્મ** પિતામહ તે હોય એવું કાકને લાગ્યું. તે હૉસબેર, જાણે **કીર્તિદેવ** તેનો પરમમિત્ર હોય તેમ, તેની તરફ દોડ્યો. તે પળવાર પોતાની સ્વાભાવિક ઉસ્તાદી, પોતાના અશ્રદ્ધાવાન હૃદયના વહેમો, અને પોતાને સોંપાયલું મહા વિકટ કામ વિસરી **કીર્તિદેવ**ની મૈત્રી મેળવવા ઉત્સુક બની રહ્યો.

**કીર્તિદેવ** સ્વસ્થ રીતે, તબીયેત વાળી ઉભો હતો; તેનું સ્વરૂપવાન મુખ ઉંડા વિચારમાં ગ્રસ્ત થઇ ગયું હતું; તેની આંખો ચંદ્રકિરણોમાં છુપાયેલાં રહસ્યો શોધતી હોય તેમ સ્થિર થઈ ગઈ હતી.

"**કીર્તિદેવજી**! બોલો શું કામ છે?"

"હું અત્યારે કેમ નીકળ્યો છું તેની મારે વાત કરવી છે."

કાકને **મુંજાલ** મહેતાનું ફરમાન યાદ આવ્યું; અને આવા માણસ સાથે દગલબાજી રમવા તેના હૃદયે ના પાડી. તે ક્ષોભભર્યા અવાજે બોલ્યોઃ

"મહારાજ! મને શું કામ કહો છો? હું રાજસેવક છું. અને તમે આજ સુધી અમારા કટ્ટા વેરી હતા. અત્યારે તમે પરગામમાં–દુશ્મનના ગામમાં–એકલા ગમે તે કાર્ય કરતા હશો; મને તે કામ જણાવવાની શી જરૂર? તમારે વધારે સાવધ રહેવું જોઇએ."

બેદરકારીથી **કીર્તિદેવ** હસ્યો. "ભટ્ટજી! તમને ખબર છે કે હું નબાપો, નિરાધાર, બાલક હતો? અને આજે ઉમક પરમાર જેવા મારે પિતા છે? જો **વિભુ**ને મારવો હોય તો આટલે સુધી શા માટે ઉગારત?" આ વાક્યોમાં મગરૂરી નહોતી પણ ભક્તિભાવની કોમળતા હતી.

"પણ **કીર્તિદેવજી**! તમે હજુ **મુંજાલ** મહેતાના સપાટામાં પહેલા જ આવો છો?"

"**શું મુંજાલ** મહેતા છેક એવા અંધ છે?"

"તે કોણ જાણે? પણ અવન્તીની સાથે વધારે વખત તે સંધિ ટકવા દેનાર નથી; એટલે, તમારે તો નકામા."

"**કાકભટ્ટ**! બધા જ આમ કહે છે. શું **મુંજાલ** મહેતા ખરેખરા રાક્ષસ છે?"

"ના. પણ મુત્સદ્દીના શિરોમણિ છે" કાકે કહ્યું.

"ત્યારે વાંધો નહિ. હું એને સમજાવી શકીશ. મને એટલી શ્રદ્ધા છે, પણ હું તમને બીજી જ વાત કહેતો હતો. પાટણમાં રહેવામાં મારો એક સ્વાર્થ સમાયો છે."

કાકે કાંઈ જવાબ ન આપ્યો.

"મારા પિતા મારે ખોળી કાઢવા છે."

"તમારા પિતા!"

"હા. હું બાલક હતો ત્યારથી ઉબકરાજે મને પાળી પોષી મોટો કર્યો છે: પણ મારૂં કુલ ગુજરાતનું-ઘણું ખરૂં પાટણનું છે."

"શું કહો છો?"

"હા" ખેદયુક્ત અવાજે કીર્તિદેવે કહ્યું.

"ત્રણ ચાર વર્ષનો હતો ત્યારે કોઈ કારમા ફેરને આધીન થઈ મારા માવિત્રે મને દેશનિકાલ દીધો. સેનાપતિરાજ મારા કુલને ઓળખતા નથી."

"ત્યારે કોણ ઓળખે છે?"

"પ્રભુ અને બીજું કોઈ જાણતું હોય તો સજ્જનમંત્રી" કીર્તિદેવના અવાજમાં પહેલી વખત મનુષ્ય સ્વભાવની નિર્બળતાનો પ્રતિધ્વનિ થયો.

"ત્યારે તેને પુછાની."

"તે કોઈ કહેતા નથી. તેથી તો હું અત્યારે નીકળ્યો છું."

"કોને પુછવા? ક્યાં જવા?"

"કોને? કાલભૈરવને."

કાકને ધ્રુજારી આવી "હું!"

"હા. તે શિવાય બીજો રસ્તો નથી."

"તે ક્યાં મળશે?"

"અહિયાં હિંગળાજ ચાચરનો ઓવારો છે. ત્યાંની યોગિનીઓને પુછતાં માલમ પડશે."

કાકનું હૃદય ગભરાઈ ઉઠ્યું. હિંગળાજ ચાચરના ઓવારા આગળ

પાટણનું સ્મશાન હતું; તેને પેલે પારે દશ કોશ સુધી એક મોટું જંગલ આવી રહ્યું હતું. આ જંગલમાં હિંગળાજ ચાચર દેવીની આરાધના કરનારાં યોગિનીઓ, પિશાચો અને પિશાચણીઓ રહેતાં હતાં એ વાત સુપ્રસિદ્ધ હતી. માત્ર નદી કીનારે આવેલા હિંગળાજ માતાના મંદિરમાં ક્વચિતજ લોકો જતા; પણ જંગલમાં જવાની તાંત્રિક વિદ્યાની સાધના કરનારા શિવાય, કોઇની હિંમત ચાલતી નહિ. તે જંગલમાં કાલભૈરવ પણ રહેતો હતો એવી માન્યતા હતી.

"શું અત્યારે તમે એકલા જતા હતા?"

"બીજું કોણ આવે? કહેવાય પણ કોને? આ તો આવો પ્રસંગ આવ્યો ત્યારે તમને પુછું છું. તમે આવશો?"

કાક અનિશ્ચિત ઉભો. તેને ક્રમકમાં આવ્યાં.

"પણ તમે કાલભૈરવ સાધશો કેમ?"

"અવન્તીની પાસે યોગિનીઓનો આવાસ છે. હું ત્યાંથી થોડીક તાંત્રિક વિદ્યા શીખ્યો છું."

"કીર્તિદેવજી! તમે એ વિદ્યા શું કામ શીખ્યા?"

"શું કામ? ભટ્ટજી! મારા મનની વ્યથા તમે જાણતા નથી. જ્યાં સુધી મારાં માતાપિતા ન જડે ત્યાં સુધી હું અપૂર્ણ છું; અનાથ છું; સૃષ્ટિમાં મારૂં સ્થાન જ નથી." કીર્તિદેવના અવાજમાં ખેદની ધ્રુજારી હતી; તેની આંખમાં નિરાધારતા સ્પષ્ટ દેખાતી હતી. કાકને દયા આવી. કેવો પ્રતાપી પુરુષ અને શી નિર્બલતા?

"શા માટે આવાં મૃગજલ પાછળ ભમો છો? કીર્તિદેવજી! માનો તો ભૈરવ આરાધવાનું છોડી દો."

"ભટ્ટજી! તમને ડર લાગતો હોય તો હું આગ્રહ નથી કરતો; પણ મારો તો નિશ્ચય છે અને હું જવાનો."

કાક થોડી વાર જોઈ રહ્યો. ડહાપણને દૂર કરી તે બોલ્યો "કીર્તિદેવજી! ત્યારે ચાલો. હું પણ આવું. જીવ્યા કરતાં જોયું ભલું."

કાકને કોઈ કોઈ વખત આવી રીતે ઝંપલાવાનો પ્રસંગ આવતો

અને ત્યારે ઝંપલાવવા તે ચુકતો નહિ. અત્યારે કીર્તિદેવના વ્યક્તિત્વે તેના પ્રભાવશાળી સ્વભાવમાં નજરે પડેલી નિરાધારતાએ કાકને જીતી લીધો. તે બન્ને વધારે બોલ્યા વિના ઝપાટાબંધ હિંગળાજ યાત્રાના ઓવારા તરફ ચાલ્યા.

તે સમયમાં જેવા આર્યધર્મના શુદ્ધ વિભાગોમાં પૌરાણિક અને જૈન મત હતા, તેવો અશુદ્ધ મત તાંત્રિકોનો પણ હતો; તાંત્રિકો મર્યાદા ત્યાગી માંસ ખાતા, મદિરા પીતા, મેલી વિદ્યાનો અભ્યાસ કરતા, અજ્ઞાન અને શ્રદ્ધાળુ જનોને ગભરાવી સમાજ અને રાજ્યનીતિપર દોર બેસાડતા. તેમની વિદ્યાને લીધે સ્વાર્થી અને દ્વેષી લોકો તેમની આરાધના કરતા; ભયને લીધે મોટા મોટા પુરુષો પણ તેમનાથી સંભાળીને ચાલતા. માત્ર જેમ જેમ બ્રાહ્મણો અને જૈન સાધુઓનો પ્રતાપ વધતો તેમ તેમ તાંત્રિકો જંગલોમાં અને માતાઓનાં મંદિરોમાં જ ભરાઈ રહેવા લાગ્યા અને જેમ જેમ તેઓ અદીઠ થતા ગયા તેમ તેમ તેમના પ્રભાવની ખ્યાતિ વધતી ગઈ. લોકો વધારે ડરતા ગયા; અસાધ્ય વસ્તુને સાધ્ય કરનારા તાંત્રિકો જ છે એમ સામાન્ય લોકોમાં મનાવા લાગ્યું. તાંત્રિકોના દેવતાઓ બીજા પંથોએ માનેલા દેવ અને દેવીઓની માફક અદૃષ્ટ નહોતા. સ્મશાનોમાં, વેરાન જંગલોમાં અધરાત મધરાતે બહુચરામાતા કે કાલિકા માતાના મંદિરોમાં ક્વચિત્ ક્વચિત્ ભયંકર બીભત્સસ્વરૂપો દેખાતા; અને પાટણ કે અવન્તી શહેરની પાસે કોઈ પ્રકારની અદ્‌ભૂત શક્તિઓ ધારતી યોગિનીઓ વસે છે એમ બધાની જાણમાં હતું. શુદ્ધ અને સાત્ત્વિક પુરુષો તેમને શોધવાનો પ્રયત્ન કરતા નહોતા; પણ જેઓ સિદ્ધ ગણાતા તેઓ યોગિનીઓને વશ કરી, તેમની મદદથી સામાન્ય લોકોને આંજી નાંખી પોતાની સત્તા વહેમી અને અજ્ઞાન સ્ત્રી પુરુષો પર બેસાડતા.

લાટમાં તાંત્રિકોનું જોર ઓછું હોવાથી કાક આ પંથથી માહિતગાર નહોતો; પણ બ્રાહ્મણકુલમાં અવતરી, વિશુદ્ધ સંસ્કારો પામેલો હોવાથી આ ભૂતપ્રેતની ભયાનક સૃષ્ટિની શોધ કરવા જતાં તેનું હૈયું ડગવા લાગ્યું; તે વારંવાર કીર્તિદેવના મુખ સામું જોતો. તે માલવી

ચોહાનું બાલિકા સરખું મ્હોં હતું તેવું જ નિર્દોષ, તેજસ્વી અને બુદ્ધિદર્શક લાગ્યું. કાકને લાગ્યું કે આ પુરુષ જ્યાં જાય ત્યાં પવિત્રતાનું ઉંચું અસ્પર્શ વાતાવરણ સાથે જ લઈ જતો હતો; અને તેની સાથે રહી કાલભૈરવને તો શું, પણ કાલિકા માતાને પણ તે મળી શકે એવી તેને હિંમત આવી.

થોડી વારે તેઓ હિંગળાજ ચાચરના ઓવારા સુધી આવ્યા; પણ કોટના દરવાજા બંધ હતા.

"કાકભટ્ટજી! તમને સાથે લાવવાનું હવે કારણ સમજ્યા? અત્યારે આ કોટની બહાર કેમ કરી નીકળાય? હું જાઉં તો ઓળખાઈ જાઉં."

"હું જોઉં કોઈ ઓળખીતો હશે તો બારી ઉઘડાવીશું."

કાક એમ કહી દરવાન પાસે ગયો. થોડી વાર દરવાને ઉઠતાં વાર લગાડી, પણ ત્રિભુવનપાલના નામથી તે ઉઠ્યો; સવારે મંડલેશ્વરના હાથી પર બીરાજી આખા નગરમાં ફરવાને ભાગ્યશાળી થયેલા લાટના યોદ્ધાને તેણે ઓળખ્યો; અને મુછમાં બબડતાં બબડતાં તેણે બારી ઉઘાડી. કીર્તિદેવે પોતાનું મોઢું છુપાવ્યું હતું એટલે દરવાન તેને ઓળખી શક્યો નહિ.

કોટની બહાર નીકળી કીર્તિદેવે ધીમેથી પુછ્યું. "કાક ભટ્ટ! સાથે આવશો કે આ મંદિરમાં બેસશો?"

"હવે આરંભ્યું છે તે કાર્ય પુરું જ કરીશ."

"ચાલો ત્યારે."

ઝપાટાબંધ તેઓ ઓવારાની નીચે ઉતર્યા અને જમણી તરફ વળ્યા. કાકને ફરીથી કમકમાં આવ્યાં. પાટણના સ્મશાનમાં તેઓ જતા હતા.

ચાંદનીમાં ઝલઝલામાં સ્મશાનભૂમિ સ્પષ્ટ દેખાતી નહોતી. માત્ર થોડી થોડી વારે રૂપેરી પટ પર લાલ, પીળા, વિચિત્રરંગી ભડકા અડધી બળેલી ચિતાનાં સ્થાન સૂચવતા હતા; અને તેના પર પડેલા ચેતતાં, હોલવાયલાં શબો પર નજર દોરવતાં હતા. ધુમાડો ઠેકાણે ઠેકાણેથી નીકળતો હતો; પવન આવતાં, ગુંગળાવે એવી દુર્ગંધ આવતી હતી;

ચિતા પર પડેલાં શબોમાંથી થોડીવારે ફટાકા થતા હતા અને ગાત્રો શરીરથી છુટાં પડી દૂર જઈ પડતાં હતાં. થોડાંક કુતરાં દૂર બેસી, આવાં ગાત્રો ભેગાં કરી આનંદથી જ્યાફત કરી રહ્યાં હતાં.

શ્મશાનમાં નિર્જનતા દેખાતી; પણ જાણે અનેક વર્ષો થયાં ત્યાં બળેલાં સ્ત્રીપુરુષો પ્રેત-લોકથી પાછાં ફર્યા હોય તેમ ત્યાં અકળાવે, ગભરાવે એવો–ધણી જ વસ્તીમાં પેદા થાય એવો ગુંગળાટ ફાકને થયો. અનેક સૈકાની માન્યતાથી, ફારમા અનુભવથી શ્મશાન ભયાનક સ્થાન ગણાય છે; હિંગળાજ દેવીના ત્રાસદાયક પ્રભાવથી પાટણનું શ્મશાન વધું જ ભયાનક મનાતું હતું. સંધ્યાકાલ થતાં ત્યાં આવવાની કોઇની મગદુર નહોતી. ત્યાં અચાનક આવતાં, અથવા ત્યાંથી કોઈ સંબંધીને બાળીને જતાં સૂર્યાસ્ત થઈ જતો તો નગરજનો ડાકણ કે યોગિની વળગી પડવાના ભયથી, મુઠી વાળી નાસી જતાં અને ઘેર જઈ અનેક જપ કરી શુદ્ધ અને નિર્ભય થતાં. તેવે સ્થાને તે શ્મશાનની અકલ્પ્ય ભયાનકતાના મૂળરૂપ મનાતા કાલભૈરવનાં દર્શન કરવા મધ્યરાત્રે આવ્યાથી બહાદુર ફાકના પણ હાંજા ગગડી ગયા. તેના પગ ધ્રુજતા હતા. તેને શરીરે શીત આવતાં હતાં. થરથરતા હોઠને તે મહામહેનતે બીડેલા રાખતો હતો. માત્ર તેના સાથીનું અડગ આચરણ અને તેનું કૃપાળું, ભય વગરનું મુખ ફાકને શરમાવી નાસી જતા અટકાવતાં હતાં.

જેવા તેઓ ચિતાઓ પાસે આવવા લાગ્યા એટલે કીર્તિદેવનું મુખ પણ સખ્તાઇમાં બીડાઈ ગયું. અને તેની આંખોનું તેજ દૃઢ છતાં ગભરાટ સૂચવવા લાગ્યું.

એકદમ ફાક ગભરાઈ ઉઠયો. એક તીણા અવાજની ભયંકર ચીચીયારી થઈ. તે ક્યાંથી આવી તે સમજાયું નહિ; તેનો પડઘો ચારે તરફ, આકાશમાં સરસ્વતીના નીરમાં થયો. કુતરાઓએ ધુરધુરાટ કરવા માંડ્યો. ફાકે આંખ બંધ કરી પુઠ ફેરવી, મુઠીઓવાળી અને પલાયન કરવાનો ઇરાદો કર્યો.

"ફાકભદ્રજી ! હિંમત રાખજો." કીર્તિદેવે કહ્યું. તેના પણ અવા-

જમાં ભયની થોડીક ધુજારી હતી. તેણે કાકનો હાથ પકડ્યો. બન્નેના હાથ પરસેવે ભીના હતા; બન્નેનાં આંગળાં થરથર કાંપતાં હતાં. કીર્તિદેવ ફર્યો અને મોટે અવાજે તેણે એક મંત્ર ભણ્યો.

કાક ન છુટકે ફર્યો. ચિતાઓની આસપાસ, માથે ધગધગતા અંગારા મુક્યા હોય એવા ઉજાસ સાથે કેટલાક આકારો દેખાયા. કાક વધારે જોઈ ન શક્યો. તેણે આંખો મીચી ગાયત્રી ભણવા માંડી. તરત તેમના પર હાડકાંની અને કેાલસાની વૃષ્ટિ થઈ. "કીર્તિદેવ"–કાકે કહ્યું અને પોતાનો હાથ છોડવવા પ્રયત્ન કર્યો. પણ કીર્તિદેવે તેનો હાથ સખ્ત રીતે પકડ્યો હતો.

તેણે આંખો ઉઘાડી. પેલા આકારો પાસે આવતા–ધસતા લાગ્યા. કાકને લાગ્યું કે તેના હાથમાં જે કીર્તિદેવનો હાથ હતો તેના તંતુઓ જોસથી ખેંચાયા. કીર્તિદેવ સ્વાસ્થ સાચવવા પ્રયત્ન કરતો હતો. તેણે મોટે અવાજે બીજો મંત્ર ભણ્યો. ગભરાયેલો કાક માત્ર એટલું જ સમજ્યો કે તેમાં કાલભૈરવનું આવાહન હતું.

તરત આગળ ધસી આવતા આકારો અટકી પડ્યા–બધાએ એક સામટી ચીચીયારી કરી. દશ દિશા ધુજતી જણાઈ. કાનના પડદા ફાટી ગયેલા લાગ્યા. કીર્તિદેવે મંત્ર ભણ્યા જ કર્યો.

કીર્તિદેવ બે ડગલાં આગળ વધ્યો, અને પાછળ કાક ઘસડાયો. તેમના પગ નીચે હાડકાં અને માંસ લાગતાં હતાં.

પેલા આકારો બધા આધા જઈ ઉભા; માત્ર એક કાળો આકાર પાસે ઉભો રહ્યો. કાકે ધ્યાનપૂર્વક જોયું. તે સ્ત્રી જેવો લાગતો. તેનો મોટો ચોટલો તેના નવસ્ત્રા શરીરની આસપાસ વિંટળાઈ પગ સુધી પહોંચતો હતો. તેને મોઢે લાલ–લોહીના હોય એવા ડાઘ હતા. તેના હાથમાં પગના હાડકાંનો દંડ હતો તે યોગિની માત્ર "હ્રીં"નું ઉચ્ચારણ કરી રહી હતી. કાકે મનમાં ને મનમાં ગાયત્રી બોલ્યા જ કરી.

કીર્તિદેવે મંત્ર બદલ્યો. તે મંત્ર સાંભળતાં પેલી યોગિની મુગી થઈ ગઈ. કીર્તિદેવે ફરીથી મંત્ર ભણ્યો.

"શું, શું, શું?" યોગિની અપભ્રંશ સંસ્કૃતમાં બોલી.

"મારે જાણવું છે" કીર્તિદેવે સંસ્કૃતમાં કહ્યું.

"શું?"

"મારા પિતા—મારું કુલ" કહી કીર્તિદેવે પાછો મંત્ર ભણ્યો.

"કૃષ્ણપક્ષ અને ચૌદશની મધ્યરાત્રે."

"એથી પહેલાં નહિ?"

"**कालभैरवाय नमः**" કીર્તિદેવે જવાબમાં માત્ર મંત્ર જ બોલ્યો.

"કોણ છે? લોહી લાવ" યોગિનીએ કહ્યું.

હોઠ પર હોઠ પીશી કીર્તિદેવે ડાબો હાથ લંબાવ્યો. યોગિનીએ વીજળીની ત્વરાથી પોતાનો દંડ ફેરવ્યો. અને કીર્તિદેવે એક સીત્કાર કર્યો. કાકે જોયું તો દંડના ઝપાટાથી યોગિનીએ કીર્તિદેવના ડાબા હાથ પર ઘા પાડ્યો હતો.

તરત પેલી યોગિની અંતર્ધાન થઈ. એકદમ ખડખડાટ હસવાનો અવાજ ચારે તરફ ગાજી રહ્યો; અને ચારે ગમથી હાડકાં અને માંસનો વરસાદ વરસવા લાગ્યો.

કીર્તિદેવે એકદમ પુઠ ફેરવી, અને સાથે કાકને ખેંચી તેણે નાસવા માંડ્યું. કાકને એટલું જ જોઈતું હતું. તેઓ જીવ લઈ નાઠા, અને થોડીવાર કોટના દરવાજા બહાર ઓવારા પર શ્વાસ લેવા ઉભા.

"કાક! તમે જરા ઉભા રહો તો મારા હાથને પાટો બાંધી દઉં." કીર્તિદેવે કહ્યું.

કાકે જોયું તો કીર્તિદેવના ડાબા હાથમાંથી લોહી ટપકતું હતું. કાકે આંખો વતી જ પુછ્યું કે એ ઘાનો અર્થ શો.

"હું કોણ છું તે પારખવા માટે લોહી લીધું."

"તમે નદી પર હાથ ધોવા જાઓ છો?"

"હા."

"ઉભા રહો. મારે પણ નહાવું છે. કીર્તિદેવજી! તમારી હિંમત પણ ભારે છે."

યોગીનીએ વીજળીની ત્વરાથી પોતાનો દંડ ફેરવ્યો.

"આ સ્મશાન ભયંકર છે; પણ માબાપ ન જાણવાં એ તેથી પણ ભયંકર છે."

"સોમનાથ ભગવાન કરે અને મને અહિયાં ફરી નહિ આણે" કાક કમકમાં ખાઇ બોલ્યો.

"હજુ એક વખત આવવું પડશે."

"શું કામ?"

"મારી સાથે. આવતી અંધારી ચૌદશે."

"ના ક્ષમા કરો. હવે મારી હિંમત નથી."

કહી પવિત્રતા પ્રાપ્ત કરવાના અનેક મંત્રો ભણતાં કાકે નદીમાં ડબકું માર્યું.

કીર્તિદેવે પણ ધા ધોયો, પાટો બાંધ્યો, અને નહાવા માંડ્યું.

"કાકભટ્ટજી! આરમ્ભ કરી અન્ત પામવો એ ડહાપણનું બીજું લક્ષણ. હું પાટણમાં પંદર દિવસ રહેવા ધારૂં છું. રહો તો તો ઠીક. પણ જો ન કરે મહાકાલેશ્વર અને મને જવાનું થાય તો તમે આવી જવાબ નહિ લઈ જાઓ?"

કાક મુગે મોઢે જોઈ રહ્યો. કીર્તિદેવ અત્યંત દુઃખી થયો; તેનું મુખ ખિન્ન થઇ ગયું; તેની આંખો અવર્ણનીય વાક્‌ચાતુર્યથી કાકને સમજાવી રહી હતી. કાક વધારે વાર ના નહિ કહી શકયો.

"પણ મને તાંત્રિક વિદ્યા નથી આવડતી."

"હું હમણાં શીખવું. પાણી લો! વચન આપો. આટલું કરો. એ ઉપકાર હું કદી નહિ વીસરૂં."

કાક સ્નાત થયો; તેણે મુગે મોઢે પાણી મુકયું. કીર્તિદેવ વિજયી થયો. ન છુટકે ધુજતાં ધુજતાં કાક મેલી વિદ્યાના મંત્ર શીખ્યો.

નાહી, ધોઇ, પરવારી બન્ને જણા શહેરમાં ગયા, અને કીર્તિદેવથી છુટો પડી કાક મંડલેશ્વરને ઘેર જઇ સુતો.

## પ્રકરણ ૧૨ મું

### મંજરીએ લગ્ન કેમ કબુલ કર્યું.

કાક ઘણો જ થાકી ગયો હતો, એટલે તેને તરત ઉંઘ આવી. ઉંઘમાં તેને અનેક સ્વપ્નાં આવ્યાં; મંજરીનું હરણ, અને યોગિનીનું દર્શન એ બે વાત ફરી ફરી આવ્યા કરી. આખરે સવાર પડી ત્યાર પછી પણ થોડી વારે તે જાગ્યો. તેના શરીરમાં થાક વેઠવાની અદ્‌ભુત શક્તિ હતી; તેથી તે આટલી થોડી ઉંઘ પછી પણ હતો તેવો થઇ રહ્યો.

તે મોડો ઉઠ્યો હતો એટલે ઘરમાં બધાં પોતપોતાને કામે લાગી ગયાં હતાં. તેણે મંડલેશ્વર માટે તપાસ કરી; પણ તે કાકને ઉંઘતો મુકી નદીયે નહાવા ગયા હતા.

જેવો તે કાશ્મીરાદેવીને મળવા જવા ગયો કે એક નવી મૂર્તિ પાટલા પર બેઠેલી તેણે જોઇ. તેણે નમસ્કાર કર્યા. આ નવી મૂર્તિને પગે પાવડી, ખાંધે શાલ, કપાળે ત્રિપુંડ્ર, હાથમાં જામ અને આચમની, અને કેટે રૂદ્રાક્ષની માળા હતી.

કાકે પુછ્યું: "કાશ્મીરાબા ક્યાં છે ?"

આ નવી મૂર્તિ આંગળીના વેઢા પર કાંઈ ગણતી હતી; તેણે ઉંચું જોયા વિના કહ્યું:

"અંદર ગયાં છે. હમણાં આવશે."

"મહારાજ ક્ષમા કરજો. મારે આપનું એક કામ છે" કહી કાક તેની પાસે ગયો.

ગજાનન પંડિત તે જ આ નવી મૂર્તિ હતા. તે વિસ્મય પામ્યા. તેણે કાકની સામું જોયું, ધીમે ધીમે આખા શરીર પર નજર નાંખી અને મુગે મોઢે જોઈ રહ્યા. એક ન જણાય એવો તિરસ્કારનો નિઃશ્વાસ પંડિતે મુકયો.

"હું રાજજ્યોષી છું."

"મહારાજ ! મારે પ્રાયશ્ચિત્ત કરવું છે. "

"શાનું ?"

"તાંત્રિક વિદ્યા શીખવાનું અને કાલભૈરવ આરાધવાનું."

પંડિતે ગભરાટમાં, તિરસ્કારમાં, ક્રોધમાં કાક સામું જોયું.

"જાતે કોણ છે ?"

"બ્રાહ્મણ–"

"કુવો ?"

"લાટનો."

"લાટનો"–કહી ગજાનન પંડિતે વધારે ધ્યાનથી જોયું અને જરા મુછમાં હસતાં જોવા માંડ્યું. "શું ધંધો કરે છે ?"

"ભટ્ટ છું."

"હું–વેદ કયો ?"

"મહારાજ! આટલી બધી તપાસનું કાંઈ કામ ?" કાકે જરા કચવાઈ પુછ્યું.

પંડિતે તે પ્રશ્ન તરફ ધ્યાન જ નહિ આપ્યું. "વેદ કયો ?" પુછી પંડિત ફરીથી જરા મુછમાં હસવા લાગ્યા.

"ઋગ્વેદ."

"રાશી નામ કયું ?"

"તમારે શી પંચાત ?" ગુસ્સામાં કાકે કહ્યું.

"મારે નહિ પંચાત તો બીજા કોને"

એક પળવાર કાક ગુસ્સામાં જોઈ રહ્યો.

એકદમ તેને કાંઈ યાદ આવ્યું. તેનો ગુસ્સો જતો રહ્યો. અને મોં મલકાવી તેણે નમ્રતાથી કહ્યું: "માફ નામ કાક."

"હું. ઉભો રહે. મિથુન, કર્ક, સિંહ." કાકનું મોઢું હસું હસું થઈ રહ્યું.

"આપ ગજાનન પંડિતજી?"

પંડિતે માત્ર ડોકા વડે હા કહી. "સિંહ, કન્યા, તુલા–"

"શું ગણો છો?" પંડિતે એક આંખ મીંચી, કાંઈ ઝપાટાબંધ ગણ્યું; અને તે વિચિત્ર રીતે હસ્યા.

"તારૂં નામ કાક–તારી રાશી મિથુન–શું ગણું છું ? કહું વિધાતાના લેખ. તારે સ્ત્રીયોગ સંપૂર્ણ છે."

કાકના મોઢામાં પાણી આવ્યું.

"ક્યારે છે?"

"હું કહું ત્યારે" પાછળથી મશ્કરી કરતો કાશ્મીરાદેવીનો અવાજ આવ્યો.

"તમે શું કહેતાં હતાં?" ગજાનન પંડિત તીણે સ્વરે બોલી ઉઠ્યા. "ગ્રહ કહે છે, રાશી કહે છે, નક્ષત્ર કહે છે, તમારે લગ્ન જોઇએ છે!"

"હા. જેમ બને તેમ ઉતાવળે."

એક આંખ મીંચી,ઉઘાડી આંખે કાશ્મીરા–દેવીથી કાક તરફ જોતાં, જાણે ઘણી મોટી મશ્કરી કરી નાંખી હોય તેમ પંડિતે કહ્યું: "ધૂળપડવો આપું?"

કાકને લાગ્યું કે સૃષ્ટિમાં સારામાં સારા અને હસમુખામાં હસમુખા માણસ તો ગજાનન પંડિત જ હતા.

"કેમ જોષીરાજ! બુદ્ધિ ગઈ છે કે?"

"હા, બા. બીજ સારી છે; પાંચેમ પણ સારી છે. તેરસ"—

"એ તો બહુ આઘાં કહેવાય."

કાક શરમનો માર્યો કાંઈ કહી નહિ શકયો. તેના મગજમાં આનંદનાં નગારાં વાગતાં હતાં,

"ત્યારે પાંચેમ."

"ઠીક. મારે તો ઉતાવળ કરવી છે. બીજની પણ તૈયારી રાખજો."

"જેવી બાની મરજી." કહી પંડિતરાજ ઉઠ્યા, અને રજા લીધી.

"કાક! હવે તું પણ તૈયાર થજે" કાકે મનમાં વિચાર કર્યો કે તે તે જ પળે મંજરીનું પાણિગ્રહણ કરવા તૈયાર હતો.

"બા! ક્યાં બહાર છો?" અંદરથી મંજરીના સ્વર આવ્યો. કાશ્મીરાએ કાક સામી જરા આંખો નચાવી.

"હા બ્હેન! જરા આમ આવ તો."

"આ આવી."

જાણે પોતે બાર વરસનો કેડીલો વરરાજા હોય તેમ કાક શરમાઈ, લાલ મોઢે નીચું જોતો ઉભો રહ્યો. મંજરી આવી અને કાકને જોયો. તેનું મોઢું પણ લાલ થયું–ગર્વમાં કે ક્ષોભમાં તે સમજાયું નહિ.

"મંજરી!" કાશ્મીરાએ મંજરીને અંદર ખેંચતાં મરકરીમાં કહ્યું. "આ કાક ભટ્ટજી! લાટના દંડનાયક. મહારાજના પરમમિત્ર."

આ મરકરી તરફ ધ્યાન નહિ આપતાં મંજરીએ પુછયું;

"કોણ પંડિતજી હતા?"

"હા. તારાં લગ્ન લેવાયાં?" મંજરી જરા ધુંચવાઈ. "આ બીજે."

"પણ—"

"જે પાછી ડાહી થઈ કે. પેલો ખંભાતીયો ભૂલી ગઈ. ચાલ ડાહી થઈ જા" કહી મંજરીને એક તમાચો મારી કાશ્મીરા બીજા ઓરડામાં ચાલી ગઈ અને જતાં જતાં બારણાં બંધ કર્યાં. જે બારણા પાસે કાક ઉભો હતો તે શિવાય જવાનો બીજો માર્ગ નહોતો. મંજરીનું મોહું ફીક્કું હતું; પણ તેના હોઠ ગર્વમાં બીડેલા હતા; તેની આંખો અભિમાનથી ભરપૂર હતી. તે કાકની સામું તિરસ્કારથી જોઈ રહી.

"શા માટે મને દગ્ધો છો?"

કાકને શો જવાબ દેવો તે સુઝયું નહિ. તે હર્ષના શિખરેથી ગબડી પડ્યો.

"હું દગ્ધું છું?"

"હા" અને મંજરીના અભિમાનભર્યા અવાજમાં પણ દયામણા-પણું આવ્યું. "તમે દગ્ધો છો, બા દગ્ધે છે, પંડિતજી દગ્ધે છે. હું નિરાધાર છું—નબાપી છું—મારા દાદા દૂર દેશ પડ્યા છે—મારી પાછળ હઝાર હાથના રાવણ પડ્યો છે. તેથી તમે મને ગભરાવો છો; તેથી મને કાંઈ સુઝતું નથી; તેથી મને તમારી સ્ત્રી બનાવા માગો છો; તમે બધાં આ ફેર વર્તાવતાં શરમાતાં નથી?"

"ફેર વર્તાવીએ છીએ? તમને એમ લાગે છે?—તો મારે નથી પરણવું."

"ના. તમે શા માટે ના પાડો?" તિરસ્કારથી, કટાક્ષમયતાથી મંજરીએ પુછયું. તમે બબ્બે વખત મને મરતી બચાવી;—કાશ્મીરાબા કહે છે કે તમે મારા હાથના અધિકારી થયા છો."

"પણ હું ક્યાં કહું છું?"

"તમે ભલે મોઢે નહિ કહેતા હો–મનમાં કહેતા હશો."

"શા માટે જુદું કહું? હું જાણું છું કે તમારા પતિ થવાની મારામાં યોગ્યતા નથી. તમે વિદ્વાન્ છો, હું વગર ભણેલો છું; તમે સંસ્કારી છો, હું ગામડીયો છું. હું અધિકારી નથી. માત્ર દાસ છું."

"જ્યારે એમ છે, ત્યારે શા માટે મને પરણવા તૈયાર થયા છો?" મંજરીએ તેનાં વિશાળ નયનો કાક પર ફેરવી પુછ્યું.

"તમારે માટે."

મંજરીએ કાંઈ જવાબ આપ્યો નહિ. કાકે ઉમેર્યું.

"તમારે માથે ચક્ર ભમે છે તે ખબર નથી?"

"મેં કાલે રાતે જ તેનો અનુભવ કર્યો" જરા કપાળ પર કરચળી પાડી મંજરીએ કહ્યું.

"ત્યારે હવે વધારે શું કહું? મંડલેશ્વરના મહેલમાંથી તમને ઉપાડી લઈ જવાં એ કાંઈ સહેલ વાત સમજો છો? જે માણસે એ કર્યું; એ બીજું શું ન કરી શકે? તે બળવાન્ હોવો જોઇએ, તેનો બાહુ તમે જો જુનાગઢ તમારા દાદા પાસે જશો તો પણ પકડી પાડશે; એ કોણ છે તે તમે જાણતાં હશો."

"હા, બા પણ તમે કહો છો તેમ જ કહે છે."

"શું?"

"કે એ પુરૂષ રાવણ સમો સમર્થ છે. પણ તમને પરણી કેમ બચી શકીશ?" મંજરી પોતાની લગ્નની વાત તદ્દન બેદરકારીથી કરતી હતી.

કાકે થોડી વાર વિચાર કર્યો. "બા શું કહે છે?"

"બા કહે છે કે જો હું કોઈ બીજાને પરણું તો તે તરત મારો કેડો છોડશે."

"કારણ?"

"મારા કરતાં તેને આબરૂ વ્હાલી છે." તિરસ્કારથી મંજરીએ કહ્યું. અને પછી નિરાશાથી હાથ હાથમાં આમળી નાંખી તેણે અડધા ગુસ્સામાં, અડધા કચવાટમાં, અડધી કટાક્ષમયતામાં કહ્યું; "એટલે તમને પરણ્યા વિના મને બીજો આરો જ લાગતો નથી."

કાક વિચારમાં પડ્યો. "મંજરી! મને પરણતાં આટલું દુઃખ થાય છે?"

"મને બચાવી છે, માટે જન્મભર તમારા પર હેત રાખીશ." કહી મંજરી ટટ્ટાર થઈ અને ગૌરવથી કાક તરફ જોઈ બોલીઃ "પણ મને મારી મરજી વિરૂદ્ધ પરણશો તો"—

"તો—"

"આખો જન્મારો ધિક્કારીશ."

કાકના હૃદયને ફટકો પડ્યો. તે મુગો થઈ ગયો. તેની આશાનો સૂર્ય અસ્ત થવા લાગ્યો. તે થોડી વારે બોલ્યોઃ "મંજરી! હું આટલો અકારો હોઇશ તે નહોતું જાણ્યું" કાકે નીસાસો મુકયો.

મંજરીએ જવાબ નહિ આપ્યો. તે મગરૂરીથી માત્ર જોઇ જ રહી. કાકે થોડીવારે પાછું કહ્યુંઃ "તમને નિર્ભય કરવાનો એક બીજો રસ્તો છે."

"શો?" મંજરીના સપ્ત બની રહેલા સુંદર મુખ પર કુમાશ આવી.

"એ પાપાચારી કોણ છે તે કહો. કાલે સવાર પહેલાં એને સ્વધામ પહોંચાડીશ" હોઠ પીશી કાકે કહ્યું અને કચવાટથી ઉમેર્યુંઃ "એટલે તમને નિરાંત થશે; અને પરણવાની પીડા પડશે નહિ." કાકનું સ્વમાન પણ ઘવાયું હતું. મંજરીએ ખિન્નતાથી ડોકું હલાવ્યું.

"કેમ?" કાકે પુછયું.

"કારણ કે એ પાપાચારીનું નામ જાણતા નથી તેમ."

"શું એવો દુર્જેય છે?"

"દુર્જેય નથી; પણ એવો અસ્પર્શ્ય છે."

"કોણ"—કહી કાક જરા પાસે આવ્યો. મંજરીએ ધીમેથી એક શબ્દ કહ્યો; જાણે સાપ ડંખ્યો હોય તેમ કાક કુદ્યો "કોણ ઉદા મહેતા?"

મંજરીએ નાકપર આંગળી મુકી, છાના રહેવા સૂચવ્યું. કાકે નિરાશામાં ડોકું હલાવ્યું.

"મંજરી! તમારી વાત સાચી છે. એ માણસ મરાય એમ નથી."

"અને બીજી વાત. તે પણ સાચી છે?"

"હા. એ ડરે છે માત્ર બેઆબરૂથી. તમે બીજાને પરણો તો એ પછી તમારા સ્વપ્ને પણ વિચાર નહિ કરે."

"ત્યારે પરણ્યા વિના મારો છુટકો જ નથી." તિરસ્કારથી મંજરીએ કહ્યું.

કાક મંજરીને પરણવા માગતો હતો. તેનાં પગલાં પૂજતો હતો. છતાં આવાં વચનોથી તેને ગુસ્સો લાગવા માંડયો હતો; જે તિરસ્કારથી મંજરી તેની સાથે વર્તતી હતી તે તેને સાલતો હતો. જેમ મંજરી વધારે તિરસ્કાર કરતી તેમ કાક તેને પોતાની પત્ની બનાવવા વધારે ઇચ્છતો હતો, અને તેની પાસે સ્વામિત્વ કબૂલાવવા તલસતો હતો. પોતાનું ગૌરવ સાચવવા તેણે પણ શાન્તિથી જવાબ આપ્યોઃ "હા. કાં તો મારી સાથે કે જૈન મંત્રી સાથે."

મંજરીએ હોઠ કરડ્યા. "આ વાત મેં ગઇ કાલે પચાસ વાર સાંભળી."

"સાચી વાત એકાવનમી વાર સાંભળવી પડે તોપણ સારી."

મંજરી કાક સામું અવર્ણનીય ગૌરવ અને તિરસ્કારથી જોઇ રહી. "મને પરણીને શું કરશો?" મંજરીની નાની રસાળ હડપચી જીદમાં દૃઢ બનીઃ તેની આંખમાંથી સ્થિર પ્રભાવશાળી તેજ નીકળતું હતું. કાકે જોયું કે મંજરી અને તેની વચ્ચે વિગ્રહ શરૂ થઇ ગયો હતો. અને તેમાંથી વિજયી નીવડવાનો તેણે નિશ્ચય કર્યો હતો; તેના કાનમાં મંજરીના શબ્દો અથડાતા હતા "कैलासमिव दुर्धर्षं कालाग्निमिव दुःसहम्। કાકની ગરડથી ઉંડી, તીક્ષ્ણ આંખ જરા મોટી અને સ્થિર થઇ; તેમાંથી નિશ્ચલ અસિધારા સમાન ચમકતું તેજ નીકળ્યું. બે તેજનાં ખડ્ગો એકમેકથી અથડાયાં. તેમાંથી અણુદીઠા તણખા ઉડ્યા.

"તે પરણ્યા પછી કહીશ."

"તમે જાણો છો? હું ગર્વિષ્ટ છું; મારા આચાર વિચાર વિચિત્ર છે. તમને તે કેમ રૂચશે?"

"તે મારે જોવાનું છે" કહી કાક જરા હસ્યો. મંજરીની તિરસ્કારભરી દૃષ્ટિ કાકને અલ્પતા અનુભવવા મથી રહી. એક સામ્રાજ્ઞીની શોભાથી, ગૌરવથી તે બહાર જવાને ટટ્ટાર થઈ. બારણા આગળ સ્વસ્થ, પ્રતાપની મૂર્તિ જેવો કાક અદબ વાળી ઉભો હતો. મંજરીને લાગ્યું કે

તેના સ્વાતંત્ર્યનો, સંસ્કારનો, તેની શુદ્ધતાનો ભવિષ્યનો વિનાશક-યમરાજ ત્યાં ઉભો હતો. એ વિચાર આવતાં તેની હિંમત, ગૌરવ, દૃઢતા જતાં રહ્યાં. તેણે આંખપર હાથ મુકી રડી દીધું.

કાક પલળી ગયો; તે મંજરીને રડતી જોઇ શકયો નહિ. "મંજરી! શું કામ રડે છે?"

"અનાથને નસીબે આંસુ. બીજું શું?"

"મારે નાથ થવું છે, ને એ આંસું સુકવવાં છે."

મંજરીએ આંસુભરી આંખે કાક સામું જોયું; તેના હોઠ જરા ધ્રુજ્યા અને તે એકદમ બોલીઃ "કાક! તમે મારા પર અનહદ ઉપકાર કર્યો છે." થોડી વાર તે જોઇ રહી; અને આંસુસરમાં તરતાં બે અપૂર્વ ચમકો કાક નીરખી રહ્યો.

"એક ઉપકાર વધારે કરશો? મંજરીના મોઢા પર, આંખમાં, અવાજમાં દયામણાપણું વ્યાપી રહ્યું હતું. તેના હોઠ કાંપતા હતા, તેની છાતી વિચાર, અને ઉર્મિના વમળોથી ઉછળી રહી હતી. મંજરીનું ભવ્ય, મોહીની સ્વરૂપ, અંગેઅંગનું લાલિત્ય વાક્ચાતુર્યથી યાચના કરી રહ્યું હતું; તે ચાતુર્યની સામો કાક નિર્બલ બન્યો.

"હા, જે કહેશો તે" કાકે કહ્યું.

"મને પરણ્યા પછી મારા દાદાને ઘેર મુકી આવજો."

મંજરી આ વાક્ય બોલી અને ચાલી ગઇ. તેના અદૃષ્ટ થતા શરીર સામું કાક બેભાન બની જોઇ રહ્યો. પૃથ્વી રસાતાલ ગઇ હોત તો તે આવો ગભરાત નહિ; તેને આવાં ચક્કર આવત નહિ. તેણે પાછલે હાથે ભીંત પર ટેકો શોધ્યો.

કયાં સુધી નીચે મોઢે વિચાર વગર, માત્ર નિરાશાનો જ અનુભવ કરતો તે ઉભો રહ્યો. ભારે હૈયે, તેણે આખરે નીસાસો મુકયો, અને તે બહાર નીકળ્યો. તેના હૃદયમાં સુખનો સૂર્ય અસ્ત થઇ ગયો. તેને લાગ્યું કે જીવનની વાડી સુકાઈ ગઈ; હવે માત્ર અરણ્ય જ રહ્યું.

તે બહાર નીકળ્યો ત્યારે જયદેવ મહારાજનો એક સેવક હુકમ લઈ આવ્યો હતો; મહારાજે કાકને બપોર પછી બોલાવ્યો હતો.

## પ્રકરણ ૧૩ મું.

### કાકને પોતાના વાક્‌ચાતુર્ય પરથી શ્રદ્ધા ઉઠી જાય છે.

કાકને સ્વાસ્થ્ય મેળવતાં થોડી વાર લાગી. તેના સ્વભાવમાં ઉછળતી ઉર્મિઓ તેમ જ શાન્ત દૂરદર્શિ બુદ્ધિનું અજાયબ મિશ્રણ થયું હતું. કોમલ બાલકની મૂર્ખાઈથી તેણે મંજરીને વચન આપ્યું; પણ પાષાણ હૃદયી મુત્સદ્દીની બુદ્ધિથી તેમાંથી રસ્તો કહાડવા તે પ્રયત્ન કરવા બેઠો.

પહેલો વિચાર મંજરીને પરણી, પછી તેને આપેલાં વચનનો ભંગ કરવાનો આવ્યો. પણ તે વિચાર તરત દૂર કર્યો. જો તેમ કરે તો મંજરીએ તેની અસંસ્કારિતા પર કરેલા આક્ષેપો ખરા ઠરે; મંજરીના મનમાં તે અબ્રાહ્મણ ઠરી જાય અને હમેશને માટે પોતાની પત્નીની નજરે અધમતા પામે.

બીજો શો રસ્તો? તેણે ઘણો જ વિચાર કર્યો; પણ રસ્તો એક ન દેખાયો. જો ઉદા મહેતાનો ધાક ન હોય તો મંજરી તેને પરણે નહિ; જો પરણે તો પોતાને વચન પાળવું પડે. બન્ને રસ્તા નિરાશાજનક હતા; બન્ને રસ્તાથી તેનું શ્રેય થતું નહોતું. શું કરવું? કાકને એકાએક વિચાર આવ્યો. શા માટે ઉદા મહેતા મંજરીની પુઠ ન છોડે? જો તે પુઠ છોડે, તો ભલે મંજરી પરણે નહિ, પણ સુખી તો થાય. કાકની કલ્પનામાં મંજરીનું સુમધુર મુખ, નિરાશા અને દુઃખથી કરમાયેલું તેણે જોયું. શું પોતાના સ્વાર્થ ખાતર તે મુખને સદાને માટે કરમાવા દેવું? ના ના. કદી નહિ–કાકે નિશ્ચય કર્યો. પણ બીજી મુશ્કેલી ભારે હતી. ઉદા મહેતા જીદ કેમ છોડે, કોના કહ્યાથી છોડે? કાકનું હૃદય કહેતું કે ઉદા મહેતાની દૃઢતા જેવી તેવી નહોતી. તો પછી કોની મદદ લેવી? તેણે અનેક–માણસોનો વિચાર કર્યો. પણ કોઈ ખપ લાગે એવો માણસ જડ્યો નહિ. કાકે આખરે પોતાની હિંમતથી ઉદા મહેતાની જીદ છોડાવવાનો નિશ્ચય કર્યો.

તે અત્યારે નવરો હતો; એટલે તરત જ ઉદાને મળવાનો તેણે વિચાર કર્યો.

હથીયાર સજી તે બહાર નિકળ્યો. ઉદા મહેતા પોતાના સસરા શાન્તુ મહેતાને ત્યાં ઉતર્યા હતા એટલે તેનું ઘર પુછતો પુછતો, રાત્રે જે જગ્યાએ કીર્તિદેવે પેલા બદમાશોને અટકાવ્યા હતા ત્યાં તે જઈ પહોંચ્યોઃ તેની બાજુમાં શાન્તુ મહેતાનો વાડો હતો. કાકને હવે ખાત્રી થઈ કે રાત્રે જે અજાણ્યો માણસ ભીંતના ઓથામાંથી નીકળી આખરે સટકી ગયો હતો તે ઉદા મહેતા જ હોવો જોઇએ.

તેણે શાન્તુ મહેતાને ત્યાં તપાસ કરી તો માલમ પડયું કે ઉદા મહેતા પૂજામાં હતા. કાક કચવાતો કચવાતો વાટ જોતો બેઠો, અને બે ત્રણ ઘડી પછી એક નોકર તેને ઉદા મહેતા પાસે તેડી લઈ ગયો.

જેવો તે દાખલ થયો કે ઉદામહેતા મીઠામાં મીઠું હાસ્ય ધારી, હેતના ઉભળકાભેર કાકને આવકાર દેવા આવ્યા.

"આવો! આવો! કાકભટ્ટજી! તમે ક્યાંથી? તમે અમારૂં ખંભાત છોડી ગયા તે ખબર પણ નહિ કરી? વાહ! વાહ!" આવો આવકાર કાકે કદી ધાર્યો નહોતો. ઉદામહેતા હસતાં હસતાં પાસે એક માણસ બેઠો હતો તેને કહેવા લાગ્યાઃ "ધર્મપાલ! આ કાકભટ્ટજી આપણે ત્યાં પરોણા હતા, તે પૂરૂં આતિથ્ય સ્વીકાર્યા વિના ચાલ્યા જ ગયા. હાસ્તો. આપણો બિચારો તિલક મરી ગયો તેજ રાતે તમે ગયા નહિ?" તિલકનો ઘાતક તે જ હતો એમ ઉદામહેતા જાણતા હતા એવું સ્પષ્ટ દેખાયું; પણ આ પ્રશ્નના જવાબમાં સપડાઇ જવું તેને ઠીક લાગ્યું નહિ.

"અરર! તિલકચંદ્ર મરી ગયા!" કાકે શોક દર્શાવવા ગંભીર મોઢું કરી કહ્યું. "શી કાચી વયમાં સોમનાથ ભગવાને લઇ લીધા?"

"લલાટના લેખ. ભટ્ટજી! આવો બેસો તો ખરા! આજે હું ખરે-ખર કૃતાર્થ થયો કે તમે મને ખોળતા આવ્યા."

આ સાકરના સમુદ્રમાંથી તરી પાર ઉતરવું એ કાકને મુશ્કેલ લાગ્યું.

"મારે જરા આપનું કામ છે."

"અરર! શું મારૂં દુર્ભાગ્ય કે મારે અત્યારે રાજગઢ જવું છે."

"અત્યારે?"

"હાસ્તો! તમને ખબર નહિ હોય. એમ તે હોય? અત્યારે બધા મંત્રીઓને મહારાજાએ બોલાવ્યા છે. બીજી કોઇ વખતે તરદી લો તો?"

"કાલના દરબાર વિષે વિચાર કરવા?" કાકે પુછ્યું.

"તે તો મહારાજ જાણે; હું તો બહુ ખટપટમાં પડતો જ નથી."

"બે પાંચ પળ મારી વાત નહિ સાંભળો?"

"બે પાંચ પળ! જરૂર. ધર્મપાલ! જરા શાન્તુમહેતાને કહોની કે પાલખી તૈયાર થાય કે મને બોલાવે."

"જી" કહી ધર્મપાલ ગયો.

"બોલો–મારા સરખું જે કાંઇ કામકાજ હોય તે નિરાંતે" કહી ઉદામહેતા હસીને તકીયે બેઠા. માત્ર તેની આંખો જ કાકના મોઢાના ભાવપર અચૂક ચોકી પહેરો કરી રહી હતી. કાક ઘુંટણીયે પડી સામે બેઠો. તે પણ કેમ વાત કરવી તેનો વિચાર આટલો વખત કરી રહ્યો હતો.

"મંત્રીરાજ! એક વખત તમે મને તમારા મિત્ર થવાનું કહ્યું હતું."

"જરૂર! હું તમને મારા પરમ મિત્રોની જ પંક્તિમાં લેખું છું."

"તમને ખબર છે કે મારા જેવાની મૈત્રીનો ખપ તમને અત્યારે છે તેટલો કોઇ વખત નહોતો?"

"સાચો મિત્ર સદાયે કામનો" કહી ઉદા મહેતાએ માત્ર મોઢાના ભાવથી જ ઉતાવળ દર્શાવી.

"જુઓ વખત થોડો છે એટલે વિનય ન સચવાય તો ક્ષમા કરશો. હું તમારા જેવો ડાહ્યો કે મુત્સદ્દી નથી. તમે મારી શક્તિ અને પ્રભાવ જાણ્યાં છે."

ઉદા જવાબમાં મીઠું હસ્યો.

"આજે તમે સત્તા અને પ્રતાપ ભોગવો છો. આ પળે–કાલે વખત છે ને તે ચાલ્યાં જશે."

"સુખ ચંચલ છે: દેહ ક્ષણભંગુર છે." ઉદાએ ગાંભીર્યથી આ સૂત્રો ઉચ્ચાર્યા.

"અને રાજાઓની મહેરબાની તેથી પણ વધારે ચંચલ છે."

"આ વિષય ઘણો જ્ઞાનથી ભરેલો છે. આપણે એ વિષે નિરાંતે વાત કરીયે તો નહિ ચાલે?"

કાકે હોઠ કરડ્યા, ઉદો તેની મશ્કરી કરતો હતો.

"ના. આ પળે જ એ વાત કરવાની છે. હું એક વચન માગવા આવ્યો છું. એ વચન આપશો તો હું સદાનો તમારો સેવક થઈ રહીશ; નહિ આપશો તો હું કટ્ટો દુશ્મન થઈશ."

"શું વચન છે, તે કહોની." ઘણી જ મીઠાશથી ઉદાએ કહ્યું અને પછી જરાક તોછડાઈભર્યો સ્વરથી ઉમેર્યું: "જો કે રાગ અને દ્વેષ તો બન્ને તજવાં જોઈએ. એ વસ્તુ પર વધારે ભાર દેવાની જરૂર નથી.

"કવિકુલશિરોમણી રૂદ્રદત્તની છોકરીનો કેડો છોડી દો." કાકે ઉદા પર આંખો ઠેરવી કહ્યું. ઉદાના મોઢા પર જરા ફેર પડ્યો ન પડ્યો અને તદ્દન અજાણપણાથી તે જોઈ રહ્યો. "શું કહ્યું? રૂદ્રદત્ત કવિ તો ગુજરી ગયા નહિ? તેની છોકરી ક્યાં છે?"

ખંભાતમાં હતી; અને તમે પરણવા માગો છો?

થોડી વાર ઉદો કાક સામું જોઈ રહ્યો. "ભટ્ટજી! તમે શુદ્ધ બ્રાહ્મણ ન હોત તો અત્યારે તમે કાંઈ કેફની ધૂનમાં છો એમ હું કહેત. તમે શું બોલો છો તેની મને કાંઈ સમજ પડતી નથી."

કાક ગુસ્સાથી જોઈ રહ્યો. શું ઉદો તેને ઉડાડતો હતો? કે શું મંજરીની વાત ખોટી હતી?

"મહેતા! શું તમે રૂદ્રદત્તની સ્ત્રીને નથી ઓળખતા? શું મંજરીને નથી ઓળખતા?" કટાક્ષમયતાથી કાકે પુછ્યું.

"એમને ઓળખવાનું સદ્‌ભાગ્ય હોત, તો ના શા માટે કહેતે?" સાદી રીતે ઉદાએ જવાબ આપ્યો.

"ઠીક ત્યારે નમસ્કાર, મંત્રીરાજ!" કહી કાક ઉભો થઇ ગયો. "વધારે વાત કરવાનું પ્રયોજન નથી."

"ભટ્ટજી! માર્‌ માનો તો આવી ધૂનો પર બહુ ધ્યાન જ નહિ આપીયે. સાહસ કરતા પહેલાં લાંબો વિચાર કરીયે" કહી કાકને વદાય કરવા ઉદો ઉઠ્યો.

એકાગ્રતા પામેલા ક્રોધથી કાકે તેના સામું જોયું. તેની આંખો ચમકી ઉઠી; અને ક્રોધકંપિત સ્વરે કહ્યું: મહેતાજી! હવે સમાલજો. મારૂં ભવિષ્ય પણ પાટણ સાથે નાગળેલું છે."

"સારૂં! આપણે ફરીથી મળીશું. એનાથી રૂડું શું?" હંડે પેટે ઉદાએ જવાબ આપ્યો. તેનું સ્વાસ્થ્ય અડગ હતું; માત્ર તેના હોઠ પરથી તેનો વિજય સમજાતો હતો.

"એનાથી રૂડું શું તે હવે ખબર પડશે." કહી કાકે પુઠ ફેરવી.

"આવજો હોં" ઘણી જ નમ્રતાથી ઉદાએ કહ્યું.

કાક જવાબ આપ્યા વિના ચાલ્યો ગયો. તેણે જોયું કે વાક્ચાતુર્યમાં તે હાર્યો હતો; અને મંજરીને પરણ્યા વિના બીજો છૂટકો નહોતો.

## પ્રકરણ ૧૪ મું.

### સત્તાનાં સૂત્રો.

બપોર પડતાં મહારાજને શો જવાબ આપવો તેનો વિચાર કરતો કાક રાજગઢ પહોંચ્યો. તે વખતે મંત્રીઓની સભા ચાલતી હતી, એટલે વખત કાઢવા તે વીરા બારોટ પાસે જઈ બેઠો. છેક સાંજ પડવા આવી ત્યારે તેને ખબર પડી કે સભા બરખાસ્ત થઈ છે. તે ઉઠીને જયદેવ મહારાજ પાસે ગયો.

જે ખંડમાં મહારાજ હતા તેના બારણા આગળ ડુંગર ઉભો હતો. તેણે કાકને રોકયો. મહારાજ કોઇની સાથે વાત કરતા હતા. થોડી વારે એક સામાન્ય રજપૂત બહાર નીકળ્યો, અને જયદેવનો અંદરથી અવાજ આવ્યો: "ડુંગર! પેલો કાક હજુ જણાયો નથી, કેમ?" કાકને નીરાંત વળી; મહારાજના સ્વરમાં આનંદનો પ્રતિધ્વનિ હતો.

"મહારાજ! હું કયારનો હાજર છું. આપને પુરસદ મળે તેની રાહ જોતો હતો." કહી કાક અંદર દાખલ થયો.

કાકની ધારણા ખરી હતી. જયદેવનું મોઢું હસું હસું કરતું હતું; તેની આંખો ચમકતી હતી. તેના હાથમાં એક કેસુડાનું ફૂલ હતું. કાકને જોઈ તેણે મુઠ્ઠી વાળી, ફૂલ છુપાવી દીધું.

"કેમ કાકભટ્ટ! કાંઈ કર્યું.?"

"મહારાજ!" હાથ જોડી કાકે કહ્યું, "બધું તૈયાર છે."

"શું?"

"કાલે સવારે ભલા ભલા પણ આપના પ્રતાપથી દિંગ થઈ જશે. હવે માત્ર રહ્યું છે એક જ વાનું."

"શું રહ્યું છે?"

"આપનો નિશ્ચય જાણવાનો. આપે માલવરાજની કન્યાનું માગું સ્વીકાર્યું કે નહિ?"

"તેનો નિશ્ચય નથી થયો. માલવાની સાથે લાંબો વખત સંધિ નહિ રાખવી એ તો નક્કી થયું; માત્ર કન્યાના માગાની જ વાત રહી છે. મુંજાલ મહેતા અને બા બન્ને ના પાડે છે."

"પણ આપની શી ઇચ્છા છે?"

"મારો વિચાર માગું સ્વીકારવાનો છે; એટલે આટલો વખત નકામો જ ગયો."

કાક જવાબ ખાઈ ગયો. જયદેવના વિચારનું વલણ જણાય નહિ ત્યાં સુધી કાંઈ પણ બોલવું તેને દુરસ્ત લાગ્યું નહિ.

"માગું સ્વીકારવું કે નહિ તે કાંઈ સમજ પડતી નથી." કહી અજાણતાં જયદેવની નજર તેની મુઠ્ઠીમાં છુપાયેલા કેસુડાના ફૂલ તરફ ગઈ. કાકે તે નજરની ધ્યાનપૂર્વક નોંધ લીધી.

કાક કાંઈ જવાબ આપે તે પહેલાં દુંગર અંદર આવ્યો. "બાપુ! બા આ તરફ આવે છે."

"મીનળબા!" જયદેવે અચંબામાં આંખો ફાડી કહ્યું.

"હા અન્નદાતા!"

જયદેવે હોઠ કરડ્યા; તેના મોઢાપર ગભરાટ પ્રસર્યો. "કાક! તું

બહાર ઉભો રહે" તેણે ઉતાવળથી કહ્યું. કાક નીચો નમી ડુંગર જોડે બહાર નીકળ્યો.

કાક જેવો બહાર ગયો કે જયદેવે મુઠ્ઠીમાંનું ફેસુડાનું ફૂલ એકદમ કાઢી ઓટીમાં ઓસી દીધું; અને મલકાતું મ્હોં ગંભીર બનાવા પ્રયત્ન કરવા માંડ્યો.

પાંચ દશ પળમાં મીનળદેવી આવ્યાં. મીનળદેવીના મોઢાપર અપૂર્વ ભવ્યતા હતી; તેની ચાલ, મીમી ગૌરવશીલ હતી. તે આવ્યાં અને એક તીક્ષ્ણ નજર જયદેવ પર, અને આખા ખંડમાં નાંખી. જયદેવ મનમાં જરા ગભરાયો; મીનળદેવીનો ધાક એને ઘણો જ લાગતો હતો.

"જયદેવ!"

"કેમ બા?"

"ડુંગરની જોડે પેલો કોણ ઉભો છે?"

"એ તો બા! લાટનો ભટ્ટ છે!"

"કાકભટ્ટ" મીનળદેવીએ કહ્યું.

જયદેવ હસ્યો. "તમે ક્યાંથી જાણ્યું?"

"તારા રાજ્યમાં શું થાય છે તે હું નહિ જાણું તો તારું રાજ્ય ચાલશે કેમ?" જરાક હસીને રાજ્યમાતાએ કહ્યું "માણસ ઠીક છે. નહિ?"

"હા. સારો છે."

"જયદેવ! પછી આ માલવાના માગાનું શું કરવું છે?"

"બા! ફરી ફરી પુછે શો ફાયદો? મારો વિચાર સ્વીકારવાનો છે." જયદેવે કહ્યું.

"મેં કહ્યું તે વધારે સારું છે."

"બા!" જયદેવે જરા અધીરાઇથી કહ્યું. "જ્યારે તમારા વિચાર પ્રમાણે મને ચલાવવો છે ત્યારે પુછોછો શું કરવા? તમે કહો છો કે 'તું રાજ ચલાવ.' મુંજાલ મહેતા કહે છે 'તું રાજ ચલાવ' અને રાજ ચલાવવાનો વખત આવે છે કે તમે કહો છો કે તમારા વિચાર પ્રમાણે મારે ચાલવું. પછી હું રાજ ચલાવું તે કેમ?"

"અકળા નહિ બેટા! પણ હજુ તું બાલક છે."

"મને તો એમ લાગે છે કે મરતાં સુધી હું બાલક જ રહેવાનો." કંટાળો ખાઇ રાજાએ કહ્યું.

"માને મન છોરૂ સદાયે બાલક" મીનળદેવીએ કહ્યું.

"ત્યારે તમે કહો તો હું રાજ ચલાવવાની તસ્દી જ નહિ લઉં?"

"તે કોણ કહે છે?"

"તમે. મારો વિચાર તમે જાણો છો, બધા મંત્રીઓ જાણે છે; અડધી ઘડીમાં આખું ગામ જાણશે. અને પછી તે વિચાર છોડી તમારૂં કહ્યું કરૂં? રાજા થવાનું લક્ષણ તો બહુ સારૂં!" કહી દૃઢતાથી જયદેવ બેઠ રહ્યો.

"આવા ગંભીર પ્રસંગોમાં અમારૂં કહ્યું નહિ સાંભળે" મીનળદેવીએ ધીમેથી સમજાવતાં કહ્યું "તો પરિણામ શું આવે?"

"આનું નામ ગંભીર પ્રસંગ!"

"હા. તને હજુ કેટલીક વાતોની ખબર નથી."

"શું?"

"ઉબક પાટણ સાથે સંધિ કરવા આવ્યો છે, અને આપણે ના કહીશું તોપણ તે સંધિ કરવા મથામણ તો કરશે. આવી વખતે તું વગર વિચારે કાંઈ કરી નાખે તો પછી શું થાય?"

"પણ સંધિની તો આપણે ના કહીશું."

"પણ પેલી છોકરી અહિયાં આવે કે પાટણમાં અને રાજગઢમાં બે પક્ષ થાય."

"બે પક્ષ!"

"હા. એક મારો ને એક લક્ષ્મવર્માની છોકરીનો. તારી બે રાણીઓનું પીયેર આપણાથી હલકું છે; આ નવી રાણીનું પીયેર હાલ આપણાથી ચડી જાય. અમારાં મૈરાંની કહેવત ખબર છે? આપણાથી વધારે પ્રતાપી કુલની કન્યા નહિ લાવીયે. સમજ્યો? તે આવે, સાથે માણસો લાવે, અહિયાં પોતાની સત્તા સ્થાપવા મથે; અને આખરે પાટણ પોતા-

પણું ભૂલી અવન્તીનું મંડળ બનીને રહે. એ તારે કરવું છે ?" સખ્તાઇથી રાજ્યમાતાએ પુછયું.

"એટલે મારે કોઈ પ્રતાપી રાજ્ય જોડે સંબંધ જ ન કરવો ?"

"ના કરવો–પણ જ્યારે તેને હરાવી તાબે કરે ત્યારે."

જયદેવ થોડી વાર જોઈ રહ્યો.

"આપણે અહિયાં તો એક જ તંત્ર જોઇએ." રાણીએ આગળ ચલાવ્યું "નહિ તો આપણી સત્તા ઉગતી ડમાઇ જશે."

"એક તંત્ર! એક તંત્ર! એનો અર્થ એટલો જ કે તમે ને મુંજાલ-મહેતા કહો તે મારે કરવું. નહિ ?"

"ના એનો અર્થ એટલો જ કે જ્યારે ધણી ગંભીર વાત હોય, તો જ હું ને મુંજાલ તારી ઇચ્છા વિરુદ્ધ જઇએ."

"નહિ તો નહિ ?" જયદેવની આંખો જરા ચમકી, અને મોં મલકયું.

"કદી નહિ."

"જો જો હોં, હવે બીજી કોઇનું માગું આવે ત્યારે એમ નહિ કહેતાં કે આ કુલ તો છેક ગરીબ છે."

"કેમ કોઇનું આવ્યું છે કે શું ?" જરા હસીને મીનળદેવીએ કહ્યું.

"તે તમે જાણો. માત્ર તમારૂં વચન પાળજો."

"હા. પણ બીજું કાંઇ કલંક નહિ હોવું જોઇએ. હવે ખુશ થયો ? ત્યારે આ માગાની ના કહેજે."

"તમે આટલું કહો છો ત્યારે ઠીક, ના તો કહીશ. પણ બા ! હું મારી નિર્માલ્યતાથી થાકી ગયો છું."

"એનાથી રડું શું ? હું જીવું છું, તે માત્ર તને ચક્રવર્તી જોવા જ. તું ચક્રવર્તી થશે, કે હું સદ્‌ગતિ પામીશ."

"હું જાણું છું બા ! તમે જ રાજ્યને અત્યાર સુધી ટકાવી રાખ્યું છે પણ હવે એ રાજ્યને હું ખરેખર માર્ગ કરવાનો છું."

"તારૂં જ છે ને ?" મીનળદેવી હસી.

"ના" ગાંભીર્યથી જયદેવે કહ્યું. તેની મોટી આંખો વધારે વિશાળ

થઇ. અને તેનાં નસકોરાં ફૂલી ઉઠ્યાં. "બા! હવેથી તેને હું માફ કરીશ. અત્યાર સુધી મને માત્ર સ્વપ્નાં આવતાં હતાં, હવે તે સ્વપ્નાં હું સિદ્ધ કરવાનો છું. આપણે જ્યારથી જાત્રા કરીને આવ્યાં ત્યારથી મારા મનમાં એ વાત ઘોળાયા કરતી હતી; હવે મેં નિશ્ચય કર્યો છે."

"શો?" રાજાના ગંભીર વચનોથી મીનળદેવીને હસવું આવ્યું.

"પાટણની ધજા ભરતખંડમાં ફરકાવવાનો." પોતાના હૃદયમાં રહેલી મહત્ત્વાકાંક્ષાની મૂર્તિસમો પોતાનો પુત્ર જોઈ મીનળદેવી હર્ષભેર જોઈ રહી.

"સાફ દીકરા! તારા પૂર્વજોની કીર્તિ સાચવજે."

"બા! મૂલરાજદેવ મહારાજ્ય સ્થાપતા પહેલાં મરી ગયા; ભીમદેવ મહારાજ ભરતખંડમાં ડંકો ન વગડાવી શક્યા. મારે તો મહારાજ્ય પણ સ્થાપવું છે, ને દશ દિશામાં ડંકો પણ વગડાવવો છે."

વાત કરતાં જયદેવના હૃદયમાં રહેલી મહત્ત્વાકાંક્ષાનો અગ્નિ પ્રજ્વળી ઉઠ્યો. તેના ઉંચા કરેલા માથા પર તેના જ્વલંત મુખ પર, તેની મોટી ચમકતી આંખોમાં પૃથ્વીપરના મહાવિજેતાઓની અમર, નિશ્ચલ, ભવ્ય મુખ મુદ્રાપર ઓપતો તેજનો અંબાર વર્ષી રહ્યો. મીનળદેવી પાસે આવીઃ જયદેવને ભેટી પડી. તેની આંખમાંથી દડદડ આંસુ પડ્યાં તેનો સ્વર ગળગળો થઇ ગયો. તેણે જયદેવનું માથું સુંઘ્યું; અને છેડાવતી પોતાની આંખો લુછી.

"દીકરા! બીજે વિક્રમરાજા થજે ને મારી કુખ દીપાવજે." ગદ્‌ગદ કંઠે મીનળદેવીએ કહ્યું.

"બા!" એકદમ ઝીણી આંખો કરી રાજાએ ઉમળકાભેર કહ્યું "તમે મારી અંતરની વાત ખરેખરી કહી. મારા મનમાં પણ તે પરદુઃખભંજન જ રમ્યા કરે છે. દિવસ ને રાત મને તેના પરાક્રમનાં સ્વપ્નાં આવ્યાં કરે છે."

"ત્યારે જરૂર તું તેવો જ થવાનો. માત્ર તારામાં ખામી એક છે."

"શી?"

"તું સત્તાશીલ નથી."

"હું!" માનભંગ થયેલા જયદેવે પુછ્યું. તેની ગર્વભરી વાતોથી આવેલા જુસ્સા પર ટાઢું પાણી રેડાયું.

"હા. ખરેખરો પ્રતાપ કોણ પાડી શકે તે ખબર છે?"

જયદેવ જોઇ રહ્યો.

"જે સૂર્ય સમો હોય તે."

"એટલે પ્રભાવશાલી—"

"ના. પ્રભાવ તો હોય; બુદ્ધિનો કે સત્તાનો; પણ તેને શું કરે?" મીનળદેવીએ કહ્યું.

"ત્યારે?"

સૂર્યનારાયણ પેલા જોયા? દૂરથી લોકો દાઝે ને શીશ નમાવી અર્ઘ્ય આપે. જો તે પણ ધરની દીવી પર આવી બેસે તો લોકો ફૂંક મારી હોલવવા જાય. મુંજાલમહેતાને તું જાણતો નથી? તેની બુદ્ધિનો પ્રભાવ કોઇએ જોયો છે? છતાં દરેક જણ તે શું કરી શકે શું ન કરી શકે એવી બીક ત્રાસે છે; ને તેનો પડતો બોલ ઉઠાવે છે. અંતર વિના સત્તા નહિ, સમજ્યો."

થોડો વખત જયદેવ મુગો મુગો જોઈ રહ્યો. "ખરી વાત! કેટલાક આવતાં વાર જ પ્રતાપ પાડે છે. મારામાં એવી સિદ્ધિ નથી."

"સિદ્ધિ ન હોય તો મેળવ્યા વિના કાંઈ છૂટકો છે? વૈતાલ વિના વિક્રમનો કોણ ભાવ પુછત? ગભરાય છે શું કામ? તને પણ એવી સિદ્ધિ મળશે. હજુ ઘણો વખત છે. ચાલ મારી સાથે આવે છે? રાણીએ વાત ટુંકી પતાવવા પુછ્યું.

જયદેવ વિચારમાંથી જાગ્યો; "ના–ના–મારે જરા કામ છે." કહી બારણા સુધી વળાવા આવ્યો અને મીનળદેવી ત્યાંથી વદાય થયાં.

## પ્રકરણ ૧૫ મું.

### પ્રતાપનાં બીજ.

મીનળદેવીએ ઘણો વિચાર કર્યો પછી આ શીખામણ દીધી હતી. તેની આંખે જયદેવમાં મહાન્ થવાના બધા ગુણ દેખાતા; અને માત્ર એક જ મોટો દુર્ગુણ તે બધા ગુણોને ધોઈ નાંખશે કે કેમ એવી તેને ધાસ્તી હતી. તે દુર્ગુણ, ભીલનસારપણું.

જયદેવનો સ્વભાવ ભાવાર્થી હતો. જ્યારે ગુસ્સાના કે ઈર્ષ્યાના વાદળથી છવાયો નહિ હોય ત્યારે એ બધાને માટે સ્નેહ ધારતો, બધાને પોતાના માનતો. બધાની સાથે ભાવથી બોલતો ચાલતો. તેના સ્વભાવમાં રહેલાં લુચ્ચાઈ, અને મુત્સદ્દીપણું પરિપક્વ અને સર્વગ્રાહી નહોતાં; એટલે સત્તાશીલ પુરુષો જે શાન્તિથી, અને પક્કાઈથી બધાને પોતાની સત્તામાં રાખી શકે તેમ તે કોઇને રાખી શકતો નહોતો.

મીનળદેવીનાં સૂત્રની ચીનગારી સમય સાધીને અનુકૂલ વસ્તુ પર પડી. ઘણી વખત ઉગતા સ્વભાવમાં બધી સામગ્રીઓ હોય છે; અણજાણતાં તેને ભણકારા વાગે છે. પણ શાના તે સમજ પડતી નથી. અચાનક કોઈ શબ્દ સંભળાય છે, કોઇનું ચારિત્ર્ય જણાય છે, કોઈ પ્રસંગ બને છે; અને તૈયાર થઈ રહેલી સામગ્રીઓનો ભડકો થઈ ઉઠે છે. તેમ જયદેવને થયું.

સ્વભાવથી, માએ પ્રેરેલી ભાવનાથી, આસપાસ રહેલા મંત્રીઓના ચારિત્ર્યથી તેને સત્તાનાં સ્વપ્નાં આવ્યા કરતાં હતાં; જાણ્યે અજાણ્યે તે સ્વપ્નાં કેમ ખરાં કરાય તે માટે તે અનેક વિચારો કરતો હતો. રાજ્ય-માતાના વચનથી તેના વિચારો પર પડેલો પટ ખશી ગયો. શૌર્ય છતાં બુદ્ધિ છતાં તેના પિતા કેમ પ્રતાપ ન પાડી શક્યા તેની સમજ પડી; ધરને ખૂણે બેઠાં મીનળદેવીની હાક આખા દેશમાં કેમ વાગતી હતી તેની સમજ પડી; રાજગઢમાં જ રહ્યા રહ્યા મુંજાલ મહેતા કેમ સત્તા અને પ્રતાપ એક હાથ કરી રહ્યા હતા તેની સમજ પડી: પોતાની નિર્બળતાની પણ સમજ પડી: પોતે દુર્ગમ નહોતો; પોતાના વિચારો બધા જાણતા

હતા; તેની શક્તિનું માપ બધા કાઢતા હતા. તેના પ્રભાવનું માપ ઊખડે, કાકને કેદ કરાવી ઉદાએ, ત્રિભુવને, કાકે આ બે દિવસમાં કાઢયું હતું; આટલાં વર્ષો થયાં મુંજાલનું માપ કોણ કાઢી શક્યું હતું?

પણ મુંજાલ જેટલું તેનામાં મુત્સદ્દીપણું નહોતું—એ વિચાર તેને આવ્યો. સાથે સાથે ત્રિભુવનપાલના શબ્દો સાંભર્યા "આપણામાં બુદ્ધિ ન હોય ત્યારે બુદ્ધિશાળીને સેડામાં રાખવા." મંત્રીઓની બુદ્ધિ, વીરોની વીરતા, એ બધાનો ઉપયોગ કરવા જેટલી તેનામાં શક્તિ શું નહોતી? એ બધાનો ઉપયોગ કેમ થાય? જેમ એક પછી એક દીવો થાય તેમ તેના અંતરમાં વધારે અજવાળું પડ્યું. તેની અને તેના રાજપુરુષો વચ્ચે અંતર વધવો જોઇએ; પોતે તે બધા કરતાં વધારે અગમ્ય પ્રભાવ ધારે છે એમ બધાને થવું જોઇએ; તેમની મદદ વિના પોતે સત્તા ચલાવી શકે છે એમ તે બધાને લાગવું જોઇએ.

જ્યારે આ વિચારમાળાનો અંત આવતાં તેણે ઉંચું જોયું ત્યારે સામે કાક ઉભો હતો. વિચારો કરતાં, તે કાકને વિસરી ગયો હતો. કાકે પણ મહારાજની મુખમુદ્રાપરથી તેના વિચારોના ગાંભીર્યની ગણત્રી કરી હતી; અને માનભેર મુગો મુગો તે ઉભો હતો. કાક જ્યારે બહાર નીકળ્યો ત્યારે આનંદમાં ઉભરાતો જયદેવ તેણે જોયો હતો; અત્યારે તે દૃઢ, નિશ્ચલ નયનોથી જોતો પ્રભાવશાળી નરેશ તેણે જોયો. આવા ન સમજ પડે એવા ફેરફારો જયદેવમાં તેણે ઘણા જોયા હતા. કાકને કાંઈ અજાયબી લાગી નહિ.

ધીમેથી, સભ્તાઈથી, વિચારના ભારથી સ્થિર થયેલી નજર જયદેવે કાક પર ઠારી; અને પછી પુછ્યું.

"કાક! તું શું તૈયારીની વાત કરતો હતો?"

બીજે કોઈ વખતે કાક મહારાજનું આવું સ્વરૂપ જોઈ, નમતું આપી તેને રીઝવવા પ્રયત્ન કરત; પણ મંજરીએ લીધેલા વચનથી તેના સ્વભાવમાં કડવાશ આવી હતી; નિરાશાના દુઃખે, તે બેપરવા બન્યો હતો; નિષ્ફળતાના ભાનથી પેદા થયેલી વ્યથા તે અભિમાનથી દબાવવા માગતો હતો. જે

સવાલ પુછવાની રીત જયદેવ જેવા નરેશમાં તે સાધારણ ગણુત તે તેને અત્યારે સાલી. તેણે ગૌરવથી મહારાજ સામું જોયું અને શાન્તિથી જવાબ આપ્યોઃ "મહારાજે કહી હતી તે."

જયદેવ આ જવાબે કરેલો સત્તાનો પ્રતિધ્વનિ સમજ્યો તેને મીનળદેવીનું વાકય ખરૂં લાગ્યું; આ માણસે તેને પરખ્યો હતો અને તેને મન એનો હિસાબ નહોતો. તેની પક્કાઇએ તેને સૂચવ્યું કે રાજ્યમાતાનું સૂત્ર પૂરેપૂરૂં અમલમાં મુકાય એમ નહોતું; એટલે જરા ધીમેથી પણ શાન્તિથી તેણે પુછ્યુંઃ "શું, શું કર્યું?"

"મેં કર્યું તેનો ઘણો ખરો આધાર આપના નિશ્ચય પર રહેશે. આપે મારું સ્વીકારવાનો નિર્ણય કર્યો?"

"ના." રાજાએ ટુંકું પતાવ્યું. કાકે કાંઇ જવાબ નહિ આપ્યો. "એટલે કાલે રાજ્યસભામાં જરા કચવાટ થશે. પણ મને તેની પરવા નથી."

જે સત્તાશીલતા રાજા દાખવવા પ્રયત્ન કરતો હતો તેથી કાકને મનમાં હસવું આવ્યું; પણ તે જીદે ભરાયો હતો અને ખુશામત કરવા ઇચ્છતો નહોતો. તેણે જવાબ દીધોઃ "જી."

"મારે ઉભકને બતાવવું છે કે પાટણનો રાજા રમકડું નથી પણ ખરો સત્તાધીશ છે."

કાક નિશ્ચલ હતો; તે માત્ર હાથ જોડી ઉભો રહ્યો. તેના મનમાં થયું કે શું મીનળદેવીએ શીખવેલા પાઠ ઉચરાય છે?

"મારે આપણા મંત્રીઓને પણ ખાત્રી કરી આપવી છે કે પાટણનો ધણી હું છું" જયદેવે આગળ ચલાવ્યું.

"જેવી અન્નદાતાની મરજી" મુછમાં હસવું દબાવી કાકે કહ્યું.

"એ ઇચ્છા પાર પાડવી કાંઇ સહેલ નથી. અવન્તીનો સેનાપતી જેમ તેમ અંજાય એવો નથી" રાજાએ વિચાર કરતાં કહ્યું.

"મને ખબર છે મહારાજ. આપણે ત્યાં રાજ્યસભા મહાજનના પંચ જેવી વધારે લાગે છે." જયદેવ કાકની હિંમતથી દિંગ થઈ ગયો; તેણે ગૌરવ જાળવવા સભ્યતાથી પુછ્યું. "એટલે?"

"એટલે," કાકે શાન્તિથી આગળ ચલાવ્યું "ઉબક જેવા દુર્જય સેનાપતિને વેપારીઓના પંચથી ડારવો બને એમ નથી; એને તો યોદ્ધાઓના તેજથી આંજવો જોઇએ."

"બરોબર" જયદેવને કહ્યા વગર નહિ ચાલ્યું.

"આપ રજા આપો એટલી જ વાર છે."

"શી રજા?"

"લાટના ત્રણસેં સુભટો મંડલેશ્વર મહારાજની સાથે સભામાં આવવા તૈયાર છે."

"પણ મહાસભામાં ભટ્ટરાજ વિના કેમ આવી શકે? મહાઅમાત્યની રજા જોઇએ."

"દશ યુદ્ધ લડે તે ભટ્ટરાજનો પણ ભટ્ટ. અને મહારાજની આજ્ઞા હોય તો મહાઅમાત્યને પુછવાની શી જરૂર?"

જયદેવ સખ્તાઈ વિસરી હસ્યો; તેને લાગ્યું કે કાક તેના હૃદયની અભિલાષાઓ ખરેખરી સિદ્ધ કરે એવો છે. "પણ તેથી શું? ત્રણસેં યોદ્ધાઓથી શું ઉબક ગભરાશે?"

"આપણે તેને ક્યાં ગભરાવવો છે? આપણે તો એટલું જ બતાવવું છે કે પાટણનો પ્રતાપ કાંઈ અવન્તીથી ઓછો નથી."

"પણ આટલાથી તે કેમ થશે?"

"આટલાથી આપ ક્યાં અટકવાના છો? ચોસઠ પરમાર વિના અવન્તીનાથ બહાર નીકળતો નથી; પાટણના નાથે સો સુભટ વિના સભામાં આવવું જોઇએ નહિ."

"સો સુભટ!" આંખો ફાડી રાજાએ કહ્યું. "ત્રણસો તો તેં કહ્યા અને આ બીજા સો!"

તે યોદ્ધાઓ તો સામાન્ય; આ તો શ્રેષ્ઠ વર્ણના, દેવ સમાન તેજસ્વી વિશાળબાહુ સો વીર. તેમનો ધર્મ માત્ર આપના અંગની અને ગૌરવની રક્ષા" ધીમે ધીમે દરેક શબ્દની પુરી અસર કરવા કાકે કહ્યું.

"શું કહે છે! એ બધા લાવશે ક્યાંથી?"

"સો બ્રાહ્મણ યોદ્ધાઓ આપના અંગરક્ષકો થવા તૈયાર છે; આપની રજા મળે એટલી જ વાર છે. આપનો મિત્ર શૌભ તેનો નાયક થવા પણ ખુશી છે."

જયદેવે જવાબ ન આપ્યો. આવા યોદ્ધાઓથી વિંટાયેલો પોતે કેવો ભવ્ય લાગશે તેનો પળવાર વિચાર કરતાં તે દિંગ થઈ ગયો.

"પણ બ્રાહ્મણ અંગરક્ષકો—"

"હાજી. મનુષ્યોમાં શ્રેષ્ઠ બ્રાહ્મણ" ગૌરવથી કાકે કહ્યું; અને પછી ઉમેર્યું "અને નહિ જૈન કે નહિ રજપૂત."

રાજા સમજ્યો. કાકની બુદ્ધિ પર તે ફીદા થઇ ગયો.

"પછી?" તેણે પુછ્યું. કાકે જોયું કે તેણે વિજય મેળવ્યો હતો.

"પછી શું? આપના છેલ્લા પરાક્રમે અવધિ કરી છે; તેનાં યશોગાન આપના બારોટ ગાશે."

"કયું છેલ્લું પરાક્રમ!" જરા વિસ્મય પામતાં જયદેવે કહ્યું.

"વીરા બારોટે એક અમર કવિતામાં ઉતાર્યું છે તે—આપે જુનાગઢના રા'ને પાંચાળમાં ભીડાવ્યો તે." ગંભીર મુખ રાખી કાક બોલ્યો. તેની આંખમાં જરાક હાસ્યનું દર્શન થતું હતું.

"તું શું બોલે છે?"

"હું નથી બોલતો. વીરાની વીરતાના પ્રમાણ રૂપ કવિતો બોલે છે."

"તેં સાંભળ્યું?"

"હું તે સાંભળીને જ ચાલ્યો આવ્યો છું."

"તેં જ બનાવરાવ્યું હશે?" હરખાતાં રાજાએ કહ્યું.

"મને તો પુછ્યું તે કહ્યું."

"કાક તું પુરો મુત્સદ્દી છે." રાજાએ ખુશ થઇ જતાં કહ્યું.

"આપની સેવા એ મારો ધર્મ છે."

"હીક. ત્યારે હું કાલે બીજું પણ કરવાનો છું." રાજાએ કહ્યું.

"શું?"

"ન્યાય. ઉદાએ મારી બંભાતની પ્રજા રંજાડી છે."

"જી!" જરા હોઠ પીશી કાક બોલ્યો.

"મારા રાજ્યમાં મારે ન્યાય પ્રવર્તાવવો છે; અને તેની શરૂઆત હું જ કરવા માગું છું."

"કાક સમજ્યો નહિ કે શા વિચારે જયદેવનું મોઢું પાછું હસી ઉઠ્યું."

"પહેલી શિક્ષા હું વેઠીશ. પાંચાળ જતાં મારા સૈનિકોએ બે ગામ ઉજ્જડ કરી મૂક્યાં છે, તેના માલિકને મારે પાંચ ગામ આપી બદલો વાળવો છે. તે પણ કાલે જ કરવું છે."

"તેનાથી રૂડું શું?" કાકે રાજાની ચતુરાઇ પર પ્રીદા થતાં કહ્યું. "કોનાં ગામ ઉજ્જડ કર્યાં છે?"

"કાલડીના દેવડાનાં. બીચારો ન્યાય માગવા આજે કેટલા દિવસથી આવ્યો છે, પણ કોઇ દાદ દેતું નથી. વારૂ કાક!" રાજાએ કહ્યું. અને તેની આંખોમાં કાંઈ જૂદું જ તેજ આવ્યું "તું અત્યારે તેની પાસે જા. તે વડાપાડામાં રૂપસિંહ જાદવને ત્યાં ઉતર્યો છે. તેને કહેજે કે મહારાજ કાલે તમારી અરજ ધ્યાનમાં લેશે."

"જેવી આજ્ઞા" કહી કાક રજા લેવાનો વિચાર કરતો હતો, તેટલામાં જયદેવની નજરે તેને રોકયો. તે નજર સ્નેહાલ, આનંદે પ્રફુલ્લ બની રહી અને તેણે ધીમેથી કહ્યું:

"કાક!" રાજાનો હાથ અજાણતાં તેની ઓટીમાં રહેલા ફૂલ તરફ ગયો. "દેવડાને મળી, પછી રૂપસિંહના ઘરની પાછળની ગલીમાં જજે."

"જી"

"જ્યારે જરા અંધારૂ થાય કે ત્યાં એક કબુતરખાનું છે ત્યાં ઉભા રહી બે તાળી પાડજે. એટલે સામેની બારીમાં એક છોકરી આવશે. તેને એક ગુલાલનું પડીકું આપજે ને કહેજે—"

કાક સખ્તાઇમાં, ગૌરવથી ટટ્ટાર બન્યો અને મર્યાદા છોડી વચ્ચે બોલ્યોઃ "મહારાજ, હું યોદ્ધો છું.—બ્રાહ્મણ છું. આ કામ મારૂં નહિ. આપના મહેલમાં આ કામ માટે હજાર હજુરીયા છે."

રાજાએ હોઠ કરડ્યા; આવું કહેવાની હિમત તેણે ભાગ્યે જ સાધા-

રણ માણસોમાં જોઈ હતી, છતાં તેનામાં આ ગર્વની કિમત આંકવાની તેની ખુબી પીછાણવાની બુદ્ધિ હતી.

"કાકભટ્ટ!" તેણે નરમાશથી કહ્યું "ઓછું નહિ આણશો. હું તમને હજુરીયો નથી ગણતો–પણ મારો મિત્ર માનું છું."

"ત્યારે મિત્ર તરીકે બધું કરવા તૈયાર છું–પણ આ હજુરીયાનું કામ—"

"ના. આ માત્ર હોળીનું ગુલાલ હું નથી મોકલતો; લગ્ન કરવાનું વચન આપું છું."

"લગ્ન! કાલડીના દેવડાની—"

"દીકરી. હા. કાક! તેથી જ હું તને એની પાસે મોકલું છું. રાણક સ્ત્રી નથી—દેવી છે. એનામાં દેવી અંશ છે; મારા રાજ્યની એને રાજ્ય લક્ષ્મી બનાવવી છે. કાક! તું વિશ્વાસપાત્ર છે એટલે તને કહેતાં હરકત નહિ. થોડા દિવસ પર જ અમે મળ્યાં; પણ એટલા દિવસમાં મારી રગમાં જૂનું જ લોહી ફરે છે. એ છે બાળક, પણ ખરી ક્ષત્રીયાણી છે; અગ્નિનાં ભભક ને પ્રતાપ તેને ડગલે ડગલે ઝરે છે."

કાકને જયદેવના સ્વભાવનો એક અણજાણીતો પ્રદેશ દેખાયો. તેના સ્વભાવનાં વિચિત્ર સ્વરૂપો અને તેનાં પ્રભાવશાળી રૂપાંતરો કાકને પણ અદ્‌ભુત લાગ્યાં.

કાકે સંદેશો લઈ જવાનું કબૂલ કર્યું.

## પ્રકરણ ૧૬ મું.

### કાલડીનો દેવડો.

કાક રાજમહેલમાંથી બહાર નીકળ્યો એટલે સામે પાલખીમાં બેસી ઉદા મહેતા આવતા મળ્યા. ઉદાએ નીચા વળી નમસ્કાર કર્યા; કાકે આડું જોયું. ઉદા અંદર ગયો એટલે તે શું કામ આવ્યો છે તે જાણવા તે પણ પાછો અંદર ગયો.

ઉદા જયદેવ પાસે ગયો. પણ તેણે તેને મળવા ના પાડી હોય એમ

જણાયું, કારણ કે થોડી વારે મંત્રી પાછો આવ્યો અને પાલખીએ ચઢી રાજગઢની બહાર ગયો કાકને કાંઈ સમજ પડી નહિ.

ઉદા મહેતાને પોતાનો પ્રભાવ દુર્જય છે એમ ખાત્રી હતી. જયદેવને તે રમકડું સમજતો હતો; અને શાન્તુનો જમાઈ અને શ્રાવકોની આંખની કીકીને કાંઈ પણ કરી શકવાની કોઇની હિંમત નહોતી એમ તે માનતો હતો. કાક છૂટ્યો–પણ તે રાજ્ય ખટપટમાં તેને મન મગતરા સમાન હતો. આ કારણોથી જયદેવ મહારાજ રણવાસમાં હોવાથી મળવાની ના પાડી તેથી તે કાંઈ ગભરાયો નહિ; અને સાંજ પડી જતાં કાંઈ કાક તરફથી ભય આડે આવે એવી બીક તેણે ઘેર વહેલા જ પાછા વળવાનું દુરસ્ત ધાર્યું. હજુ તે કાકનો પ્રભાવ શો છે તે બરાબર સમજ્યો નહોતો.

ઉદો ઘેર તરફ વળ્યો એટલે કાક રૂપસિંહ જાદવને ઘેર ગયો; અને કાલડીના દેવડાને તેણે મહારાજનો સંદેશો કહ્યો. તે વખતે સાંજ પડવાની વાર હતી એટલે આમતેમ ફરી તેણે વખત કાઢવાનો વિચાર કર્યો.

સાંજ પડતાં લહેરી લોકોનાં ટોળેટોળાં રંગ ઉડાડતાં, પીચકારી મારતાં શેરીયે શેરીયે ફરતાં હતાં; અને હોળીચકલે ગમ્મત કરતા, તોફાન મચાવતા, ગાળાગાળી કરતા ઘેરૈયાઓ આવતી કાલને માટે બધી સામગ્રીઓ તૈયાર કરતા હતા. લોકોની ભીડમાંથી પસાર થતાં હમેશનું ચાપલ્ય વીસરી કાક પોતાના વિચારોમાં મશગૂલ રહ્યો. આખરે સાંજ પડવા આવી એટલે તે પાછો રૂપસિંહ જાદવના ઘર તરફ આવ્યો.

એકદમ એક જણે આવીને તેનો હાથ પકડી તેને હલાવ્યો.

"કાક!" કાક વિચારમાંથી જાગ્યો.

"કોણ કૃષ્ણદેવજી! તમે ક્યાંથી." કાકનો હાથ ઝાલનાર સજ્જન મંત્રીનો અતિથિ કૃષ્ણદેવ હતો. "તમે ક્યાંથી?"

"અત્યારે આમ ક્યાં મરવા જાય છે?" કૃષ્ણે ઠંડે પેટે પુછ્યું.

"એટલે?"

"એટલે તારામાં અક્કલ નથી. દશેક ઘેરૈયાઓનું ટોળું ક્યારનું તારી

પાછળ ભમે છે.” કૃષ્ણદેવે ધીમેથી કહ્યું. “તે જોતો નથી? હમણાં જ તને વટાવી પેલી શેરી આગળ ઉભું છે.”

“મારી પાછળ શા માટે ભમે?”

“તે તું જાણે: પણ કાલ્યો હોય તો પાછો જા.” કૃષ્ણે કહ્યું.

“મારે એ શેરીમાં જ કામ છે” કાકે કહ્યું.

“ત્યારે તું જીવતો પાછો આવવાનો નથી.”

“કેમ જાણ્યું?”

“તારી પાછળ એ ધેરૈયા હતા; તેની પાછળ હું હતો. ધેરૈયામાંના પાંચ છ પાસે તરવાર છે; ને ચારેક પાસે ડાંગ છે. એકે આવી તને ઓળખાવ્યો. ‘આ પેલો કાક’ તેણે કહ્યું. તારૂં નામ સાંભળી મેં ધ્યાન આપ્યું. બીજાએ કહ્યું. ‘એને પૂરો જ કરવો છે’ પહેલાએ હા,કહી ‘મહેતાનો હુકમ છે.’ એટલે તને સ્વધામ મોકલાવવાની તૈયારી છે. હવે જવું હોય તો જા.”

કાકે વિચાર કર્યો; ઉદા મહેતાનો કાંઇ પ્રપંચ હશે એમ લાગ્યું. “પણ મારે આ શેરીમાં કામ છે. તેનું શું?”

“તે બધાનો વિચાર હું કરૂં?” કટાક્ષમયતાથી કૃષ્ણે કહ્યું.

“ત્યારે મારા પર એક અનુગ્રહ કરશો?”

“એક તો કર્યો; હવે બીજો બાકી છે. બોલ, શું છે?”

“આ શેરીમાં એક કબૂતરખાનું છે. ત્યાં જઇ બે તાળી પાડજો, એટલે સામી બારીએ એક છોકરી આવશે.”

“અરે વાહરે કાકલદૂ! તમે પણ આવાં કારસ્તાન કરો છો કે” કહી કૃષ્ણદેવ ખડખડ હસ્યો. “વારૂ પછી.”

“તેને આ રંગનું પડીકું આપજો.”

કૃષ્ણદેવ રંગીલો હતો; તેને મજાહ પડી.

“છોકરી આંખ ઠારે એવી છે કે?”

“ખબરદાર!” કાકે પણ કૃષ્ણ વ્હેમાય નહિ માટે ખોટો ઢોંગ કરી તેને ચેતાવ્યો.

"મૈત્રીમાં દગલબાજી નહિ. વારૂ ત્યારે આટલું જરૂર કરશો ?"

"હા. વચન. પણ તું અહિંયાથી જા. નહિ તો સો વર્ષ આજે પૂરાં. મેં શું કહ્યું હતું. પાટણના મહેતાઓથી તોબા" કહી તિરસ્કારથી તેણે ભવાં ચઢાવ્યાં અને રંગનું પડીકું કાકની પાસેથી લીધું.

કાકને વિચાર થયો કે કૃષ્ણ જૂઠું તો નહિ બોલતો હોય. પણ તેને જૂઠું બોલવાનું શું કારણ? અને ગમે તે હોય પણ અત્યારે પાછા જવું ડહાપણભરેલું દેખાયું. વખત છે ને તે ધાયલ થાય કે મરી જાય તો મંજરીનું બેલી કોણ? તેના દુશ્મનની મુરાદ બર આવે અને મંજરી સદાને માટે દુઃખી થાય. આ વિચારથી તેણે કૃષ્ણની સલાહ માની. પણ તેને પૂરેપૂરૂં જાણ્યા વિના કળ વળી નહિ એટલે કૃષ્ણદેવ આગળ ગયો કે તેની પાછળ ધરોને ઓથે લપાતો લપાતો તે આગળ વધ્યો.

એક ઓટલા પર આઠ દશ ઘેરૈયાઓ લપાઈને બેઠા હતા, અને અવારનવાર ટીકી ટીકીને કોઈના આવ્યાની વાટ જોયા કરતા હતા. કાક બને તેટલો પાસે ગયો. જ્યારે કૃષ્ણદેવ ગાતો ગાતો ત્યાંથી ગયો ત્યારે એ સંતાઈને બેઠેલા માણસોમાંનો એક બોલ્યોઃ "આ ચાલ્યો."

"નારે" બીજાએ ધીમેથી કહ્યું. "આ તો ઘેરૈયો છે. પેલો તો સાદે વેશે છે."

કાકને ખાત્રી થઈ અને તે ત્યાંથી ઝપાટાબંધ ઘેર ચાલ્યો.

કૃષ્ણદેવ આનંદથી ગાતો ગાતો આગળ વધ્યો. તે પાટણ આવી અહિંયાની રસિક જીંદગીનો પૂરેપૂરો સ્વાદ ચાખતો હતો; અને વસન્તોત્સવ જેવા પ્રસંગે બધા લ્હાવા તેણે લેવા માંડયા હતા. તે પાટણ આવ્યો ત્યારે લ્હેર ઉપરાંત કાંઈ કામ પણ તે કરવા આવ્યો હતો; તે કામ વીસરતો ગયો, અને લ્હેર વધારે કરવા લાગ્યો. તેનો સ્વભાવ જેવો બેદરકાર હતો તેવો જ ન કળાય એવો હતો. તે હતો ગમ્મતી, પણ તેને કોઈ મિત્ર નહોતો. તે પોતે બધાથી નિરાળો, તટસ્થ રહેતો. આ કારણથી તે અત્યારે એકલો જ મજાહ કરવા નીકળ્યો હતો. અને તેમાં કાકે સોંપેલું કામ તેને ઘણું જ પસંદ પડ્યું.

તે કબૂતરખાના આગળ પહોંચ્યો. સામું એક નાની નીચી ગોખવાળી બારી હતી. તેણે કાકે કહ્યું હતું તે પ્રમાણે તાળી પાડી. તરતજ જાણે તાળીની વાટ જોતીજ બેઠી હોય તેમ એક છોકરી નીકળી. સાંજના વખતના અંધારામાં કૃષ્ણદેવ તેને બરોબર આબેથી જોઇ શકતો નહિ. હિમ-તથી તે પાસે આવ્યો.

છોકરીનું મુખ સ્પષ્ટ નહોતું દેખાતું, માત્ર તેમાંથી બે કાળી ચમકતી આંખો જ દેખાઇ.

"જેની વાટ જુઓ છો તેણે સંદેશો મોકલ્યો છે." ટોળામાં કૃષ્ણે કહ્યું. છોકરી ચમકીને પાછી હઠી.

"કોણ છે?" અવાજમાં મૃદુતા હતી. "જેની વાટ જુઓ છો તેનો મિત્ર."

"મિત્ર!"

"હા. આ રંગ મોકલ્યો છે; કાલે આ રંગે રંગાઈ હોળી ઉજવજો" કૃષ્ણે જરાક હસી ઉમેર્યું. કૃષ્ણદેવનો મોરલી જેવો અવાજ, તેની બોલ-વાની રીત આગળ વર્ણવી હતી; તેણે આ છોકરીનું પણ ધ્યાન ખેંચ્યું.

"વારૂ મહારાજને કહેજે—" છોકરી બોલી.

"મહારાજ—" જરા વિસ્મય પામી કૃષ્ણે પુછયું. તે તો માત્ર ધારતો હતો કે આ કાકનીજ પ્રિયતમા છે.

"હા. તારા મિત્ર." જરાક હસી છોકરી બોલી.

"તેને કહેજે કે મને કાલે મળે."

"વારૂ. બીજું કાંઇ મહારાજને કહેવવું છે?" મહારાજ કોણ છે તે જાણવા કૃષ્ણે કહ્યું.

"બીજું શું? હા કહેજે કે કાલ સભામાં કસોટી છે. મહારાજા છો ને મહારાજાજ થશો." કહી બારી બંધ કરી છોકરી ચાલી ગઇ.

કૃષ્ણદેવ દિંગ થઇ ગયો. મહારાજ—સભા—મહારાજા! શું આ છોકરી જયદેવની પ્રિયતમા હતી? ત્વરાથી તે નિર્ણય પર આવ્યો અને જે ઘર-માંથી તે છોકરી નીકળી હતી તેને આગલે બારણે જઇ બેઠો.

થોડી વારે બે જણ અંદરથી નીકળ્યા, અને એક જણે ઘર તરફ હાથ કરી કહ્યું: "દેવડોમાળો નસીબદાર તો બહુ."

કૃષ્ણદેવને એટલું જ જોઇતું હતું. તેણે આગળ આવી પુછયું:

"અહિયા દેવડા રહે છે ને?"

પેલામાંથી એકે જવાબ આપ્યો: "કોણ કાલડીનો?"

"હા."

"હા. અહિયાજ છે."

"પણ આ ઘર કોનું? હું નામ જ ભૂલી ગયો." કૃષ્ણે કહ્યું.

"રૂપસિંહ જાદવ."

"અરે હા." કરી કૃષ્ણદેવ નમસ્કાર કરી ઘરમાં પેઠો.

## પ્રકરણ ૧૭ મું

### રાજ્યસભા

પૂર્ણિમાની સવારે રાજગઢ ઉભરાઇ રહ્યો હતો. અને તેનો સભામંડ ઇંદ્રની દેવસભાના સ્થાન સમો દીપી રહ્યો હતો. મંડના ચોથા ભાગમાં સોને મઢેલો જરાક ઉંચો ચોરો હતો; અને તેની વચમાં મહારાજને માટે ઝગમગતા મખમલના ગાદી તકીયા હતા. તેની પાછળ ચાર પુરુષો હાથમાં ચામર લઇ, પત્થરના પૂતળાંની માફક ઉભા હતા. તેમની વચ્ચે એક જણ બંધ કરેલું જરીથી ભરેલું છત્ર લઇ ઉભો હતો.

સવાર પડતાંજ આયુધમલ્લ ભટ્ટરાજ લાટના રૂષ્ટ પુષ્ટ, શસ્ત્રોથી સજ્જ બનેલા, ત્રણેથી વિભૂષિત, ત્રણસો યોદ્ધાઓ લઇને આવ્યો. તે બધા આ માન મળ્યાથી મલકાતા હતા, અને અભિમાનના તોરમાં મુછો પર તાલ દેતા હતા. આવતાં વાર કાક આયુધમલ્લને મહારાજ પાસે લઇ ગયો; મહારાજે એક હજુરીયાને બોલાવી બધા યોદ્ધાઓને રાજ્યસભામાં લઇ જવાનું ફરમાવ્યું.

મહારનું ચોગાન લોકોથી ઉભરાવા લાગ્યું; સભામંડ ધીમે ધીમે

ભરાવા લાગ્યો. તે ખંડમાં લાટના ચૌહા ચારે તરફ છેક ભીંત પાસે ઉભા રહ્યા. ત્યાર પછી ભટ્ટરાજો આવ્યા. મુછો મરડતા ગરાસીઆઓ, રંગથી રંગાયલા, કોઇ ઘોડા પર તો કોઇ પગે ચાલતા, ધીમે ધીમે આવી લાગ્યા; અને બારણાથી સિંહાસન સુધી જવાનો સીધો રસ્તો મૂકી, શીરસ્તા મુજબ ડાબી બાજુએ બેઠા. મહાજનો આવ્યા–પાધડી અને બેસની ચમકથી દીપતા, નીચા નમી નમી ચારે તરફ હસ્તા અને નમસ્કાર કરતા; અને સભામંડની જમણી તરફ પાછળથી બેઠા. જટામંડલ ધારતા, રૂદ્રાક્ષની માલાના ભારથી નીચા નમેલા, જમ અને આચમની હાથ ધરી, વિપ્રવર્યો ધીમે ધીમે આવવા લાગ્યા; અને મહાજનોની આગળ બીરાજ્યા. સાધુઓ આવ્યા; અને વંશપરંપરાનો દ્વેષ ભૂલી બ્રાહ્મણોની સાથે બેઠા.

પછી ચોરા પર બેસવાના અધિકારીઓ રસાલા સાથે આવવા લાવ્યા–કેટલાક ઘોડા પર, કેટલાક પાલખીમાં, કેટલાક રથમાં કે હાથી પર; અને પોતાની પદવી પ્રમાણે ચોરા પર બીરાજ્યા. ચારે દિશામાં પાટણની પતાકા ફરકાવનાર સેનાપતિઓ; ગુજરાતની સત્તાના સ્તંભરૂપ સામન્તો, સરસ્વતીના પાટવી પુત્રો સમા મહાપંડિતો; અને પાટણના ગૌરવના સ્રષ્ટા મનાતા મંત્રીવર્યો ધીમે ધીમે ચોરા પર બીરાજવા માંડયા. કેટલાક અગ્રગણ્યોના કુટુંબીઓ, દેશ દેશના સંધિવિગ્રહકો[૧] અને અતિથિઓ પણ ચોરા પર બેઠા. ચોરો ઉતરતાં જ બારોટો માટે સ્થાન હતું ત્યાં આઠ પ્રતિષ્ઠિત બારોટો બેઠા. નવઘણ રા' હાર્યો તેથી નિરાશાભર્યા મુખે, અને રાજ્યનો પ્રતાપ જોઈ નિરંતર બળતા હૃદયે દેશળદેવ મંડલેશ્વર અને તેનો ભાઈ વિશળ આવ્યા; ગ્રહોની ગણના કરતા ગજાનન પંડિત અને ભવિષ્યમાં જયદેવની સભાના શોભારૂપ થનાર રાજ્યગુરુ આમશર્મા[૨] નમસ્કારો સ્વીકારતા આવ્યા; પંચાસર પારસનાથની પોષધશાળાના અધિષ્ઠાતા, સાધુગણમાં શ્રેષ્ઠ એવા મુનિ વિજયચંદ્રસૂરિ બે શિષ્ય સમેત આવ્યા; નાયક વૃદ્ધ મંત્રિ લુલો, અને ધરણી ધ્રુજવતે ડગલે ચાલતો ચાંપાનેરનો ધણી સજ્જન તેના પુત્ર લક્ષ્મણ સાથે, આવ્યા.

---

૧ બ્રહ્મા. ૨ કીર્તિ–કૌ.–આમિગર. પ્ર. ચિ.

તરત જ હાથીપર ચઢી ઉદ્દો આવ્યો. તેના મનમાં જરા ઉચાટ હતો. કાલે જયદેવ મહારાજને ન મળાયું, રાતે કાક હાથમાંથી છટકી ગયો, મોડી રાતે સાંભળ્યું કે રાજ્યસભાની ગોઠવણ માટે મહારાજ પોતે હુકમ આપે છે, એ બધા બનાવો છતાં તેને ગભરાવાનું કારણ લાગ્યું નહિ. પાટણના જૈનોનો તે માનીતો હતો; ખંભાત તેનું હતું; ખતીબ તેના વિશ્વાસુ માણસોના કબજામાં ખંભાતમાં હતો; બીજી કોઈ દિશામાંથી ભય નહોતો.

સભામંડપમાં આવતાં તેણે લાટના યોદ્ધાને જોયા, અને તેને કપાલે કરચલીઓ પડી. શું તેઓની હાજરી કાકનો પ્રતાપ સૂચવતી હતી? તેણે એ વિચાર હસી કાઢયો. કાક સભામાં દેખાતો નહોતો. તે જઈને સજ્જન મહેતા પાસે બેઠો, અને આડી તેડી વાતો કરવા લાગ્યો.

* * *

તે વખતે રાજગઢના અંદરના ભાગમાં જયદેવ મહારાજ તૈયાર થતા હતા. ત્રિભુવનપાલ ત્યાં આવી પહોંચ્યા હતા; અને દૂર કાક અદબ વાળી ઉભો હતો. જયદેવ મનમાં મલકાતો હતો; અને આજના પ્રસંગનો વિચાર કરી ક્ષોભ પામતો હતો. કેટે ધરેણાં પહેરતાં પણ તેનો હાથ ધ્રુજતો હતો.

એકદમ બારણામાંથી મુંજાલનો અવાજ આવ્યો અને ત્રણે જણ ચમક્યા; ત્રણે જણ પોતપોતાના હૃદયમાં તેનાથી બ્હીતા હતા.

"કેમ મહારાજ! તૈયાર થયા? મુંજાલ મહેતા સફેદ પાઘડી, અને સાદા, કિમતી વસ્ત્રોમાં શોભતા આવ્યા. તેની ભવ્ય મુખમુદ્રા અદ્‌ભુત લાગતી હતી. એક તીક્ષ્ણ નજરથી તેણે ત્રણે જણને જોયા.

"હા. તૈયાર થાઉં છું ને."

"મારા મનમાં કે હેઠળ જતા પહેલાં મળી આવું. જોજો આજે તમારી પરીક્ષા છે."

આ માયાભર્યા, મહેરબાનીભર્યા શબ્દો સાંભળી જયદેવને જાણે પોતે બાલક હોય તેવો ભાસ થયો. શું બોલવું તે તેને સુઝયું નહિ.

"આજે રાજસભામાં તમે લાટના યોદ્ધાઓ બોલાવ્યા એ ઘણું સારૂં કર્યું" કહી તેણે કાક તરફ નજર નાંખી. "અંકુશથી જેમ હાથી ચાલે તેમ માન અને આદરથી જ યોધ્ધો શૂર દર્શાવે. કેમ ત્રિભુવન?" ત્રણે જણે એકમેકની સામું જોયું. અને જાણે ચોરી કરતાં પકડાઈ ગયા હોય એમ તેમને ભાસ્યું.

"તમને વાત પસંદ પડીને?" આખરે જયદેવે પુછ્યું.

"જે તમારૂં ગૌરવ વધારે તે મને પસંદ પડે જ; પણ કરવું ત્યારે તમારા કુલને શોભે એવું કરવું."

"શું?"

"એ બધાને એકેક ગામ આપી ભટ્ટ બનાવો" જયદેવનો જીવ તાળવે ચોટયો; ત્રિભુવનપાળ આંખ ફાડી રહ્યા. કાકે નિસાસો નાંખ્યો. તેને લાગ્યું મુંજલમહેતાને કદી પહોંચાવાનું નહિ. એક શબ્દે તેણે તેમના મુત્સદ્દીપણાને અલ્પ કરી મૂક્યું.

"હા. એ પણ ઘણું સારૂં" જયદેવે કહ્યું. "બીચારાઓએ લાટ અને સોરઠ બે સર કર્યા.–"

"અને રાજ્યસભામાં તમારા બોલાવ્યા આવે ને ખાલી હાથે જાય!" મુંજલે ઉમેર્યું.

"બરોબર છે." ત્રિભુવને ઉમેર્યું.

"વારૂ! ત્યારે હું જાઉં છું. તમે આવી પહોંચો." મુંજલે કહ્યું. "અરે પણ હા. મહારાજ! જો પેલી ખંભાતની વાત આજે છેડવાનો વિચાર હોય તો જરૂર કરજો."

"કેમ?" પોતાની બધી હોંશીયારી પર પાણી ફરતું જોઈ જયદેવ મહારાજે પુછ્યું.

"કાકની વાત સાચી છે. ઉદાએ પેલા યવનને કેદ કરી રાખ્યો હતો."

"તમે કેમ જાણ્યું?" આશ્ચર્ય પામી રાજાએ પૂછ્યું.

"આપણે પાંચાલ હતા ને ત્રિભુવને મને વાત કહી કે મેં તરત ખતીબને તેડવા માણસ મોકલ્યો હતો. તે મ્લેચ્છ આજે જ આવ્યો

છે; બહાર ઉભો છે. ઉભા રહો. હું એને અંદર મોકલું. ચાલો ત્યારે આવી પહોંચજો." કહી, કાક તરફ એક વિજયદર્શક દૃષ્ટિ નાંખી મુત્સદ્દી મહાઅમાત્ય ત્યાંથી ચાલ્યા ગયા.

રાજા, ત્રિભુવનપાળ અને કાક જાણે પગ નીચેની ભોંય સરી ગઈ હોય તેમ બેભાન બની ઉભા; બધાને લાગ્યું કે મુંજાલમહેતાએ તેમને સખ્ત હાર ખવરાવી હતી, અને તેના આગળ તેઓ બાલક સમાન હતા.

"મામા બહુ જબરા છે" ત્રિભુવને ત્રણેના હૃદયની વાત કહી નાંખી.

કોઇ જવાબ આપે તે પહેલાં બારણામાં ખતીબ આવ્યો. તે હાથ જોડી ધ્રૂજતો ઉભો રહ્યો.

"આ કતીપ?" રાજાએ પુછયું.

"હા જી."

"ઠીક. એને બોલાવું ત્યારે તું એને લઈને આવજે." કહી રાજા અને ત્રિભુવનપાળ સભાખંડમાં ગયા. મુંજાલ અને શાન્તુ ઉભકને ત્યાં પહેલેથી લઇ ગયા હતા.

"કાકની કલ્પનાશક્તિ સચોટ હતી. લાટના યોદ્ધાઓની હાર સભાને કાંઇ ન્યારૂં જ સ્વરૂપ આપતી હતી; અને ન્યારે પચાસ શસ્ત્રથી સજ્જ અંગરક્ષકો સભામાં દાખલ થયા ત્યારે સભાજનોના આશ્ચર્યનો પાર રહ્યો નહિ—બધા દિંગ થઇ ગયા—સત્તાના આડંબરથી મહાત થયા. એ અંગરક્ષકોની પાછળ જયદેવ મહારાજ ત્રિભુવનપાલ સાથે દાખલ થયા. તેમની પાછળ બીજા પચાસ અંગરક્ષકો આવ્યા.

બહાર ડંકા ગડગડયાઃ અંદર મેદની ઉભી થઇ ગઇ. ચારે દિશા 'જય સોમનાથ" અને "જયદેવ મહારાજનો જય" ના ઘોષથી ગાજી રહી.

રાજાએ સભામાં આવેલા છસો સાતસો પુરુષોના મ્હોં સામું જોયું; શરવીરો, બુદ્ધિવીરો, ધનવીરોનો આવો અપ્રતિમ સમૂહ પોતાનો તાબેદાર છે તે જોઈ તેનું મ્હોં મલકયું; તેની આંખમાં સત્તાની ચમક આવી; તેના ડગલામાં દેવોની નિશ્ચલતા જણાઈ. અભિમાન ભર્યો હાસ્યથી, દુર્જેય

દૃષ્ટિપાતથી તેણે ઉબકને સામું જોયું. માલવાનો સેનાપતિ–અણુડારેલો–સ્વસ્થપણે ઉભો હતો; આ બધો ભભકો ગમે તેવો હોમ પણ પહૃણીયો તેની મહેરબાનીથી આજે જીવતા હતા. આ વિચાર તેના મોઢા પરથી સ્પષ્ટ દેખાતો હતો.

રાજા ખીરાજ્યા ને વીરા બારોટે કવિત શરૂ કર્યું. બારોટે અનહદ વીરરસની જમાવટ કરી હતી; તેના શબ્દે શબ્દે શૌર્ય ઝરવા લાગ્યું; તેની ઉપમાએ ઉપમાએ જયદેવની કિંમત વધતી ગઈ. જ્યારે કવિત પુરૂં થયું ત્યારે સભાજનને ખાત્રી થઈ ગઈ કે જયદેવ જેવો શૂરવીર યોધ્ધો ભૂત કે ભવિષ્યમાં થયો નથી ને થવાનો નથી; પાંચાલમાં થયું એવું દારુણ યુદ્ધ આંખે કોઇએ જોયું નથી, અને કાને કોઇએ સાંભળ્યું નથી અને જયદેવે રા' પર મેળવેલા વિજય જેવો વિજય ભૂલેચૂકે ઈંદ્રે પણ કોઇ દિવસ મેળવ્યો નહોતો. ઉબકે એક આંખ ફાડી; જયદેવે આટલું કર્યું તેની તેને ખબર નહોતી; તેના હૃદયમાં જયદેવ માટે માનનાં અંકુર ફુટયાં. જયદેવ જરા શરમાયો. શું તેણે કર્યું; અને કેવું તેનું આ વર્ણન! તેણે મનથી કાકનો ઉપકાર માન્યો.

બીજી થોડી વિધિ તથા વાતચીત થયા પછી જયદેવે ઉબકને પુછ્યું:

"કેમ સેનાપતિરાજ! પાટણમાં ફાવે છે ને? અમારા આતિથ્યમાં કાંઇ ઉણપ તો નથી રહી ગઇ ને?"

"ના ઉપણ શાની? હવે આપ અમારી અભ્યર્થના સ્વીકારો એટલી જ વાર છે."

"કેમ શું અમારાથી થાકી ગયા?"

"ના. પણ આજે સાંજે મારે મુકામ ઉપાડવો છે. કામ હશે તો મારો કીર્તિદેવ અહિયાં થોડા દહાડા રહેવાનો છે."

"હા. ભલે રહે. પણ મહેતાજી! મારે મારા લાટના યોહાઓને શિરપાવ આપવો છે."

"જેવી આપની મરજી" કહી મુંજાલ જરા હસ્યો. ઉદાએ ચમકી આમ તેમ જોયું; પણ કાંઇ કાક જણાયો નહિ એટલે તેને નિરાંત વળી.

"મારા બહાદુર સૈનિકો!" જયદેવે જરા મોટે ધાંટે સભાને છેવટે ઉભેલા સૈનિકોને ઉદ્દેશી, અને કહ્યું. "મેં ભંડલેશ્વરે જે કાંઈ કર્યું તે તમારે લીધે છે. અને તે શૌર્યના શિરપાવ તરીકે તમને દરેકને એકેક ગામ આપી ભટ્ટ બનાવું છું."

આ ઔદાર્ય જોઈ સભા પળવાર વિસ્મય પામી; અને પછી એકદમ આનંદના પોકાર કરી ઉઠી. ભટ્ટરાજની પંક્તિથી નીચેની પંક્તિના માણસો કામ વગર સભામાં આવ્યાથી કેટલાક લોકોને અયોગ્યતા લાગી હતી; તે લોકો પણ હવે સમજ્યા; અને શૂરવીરોની કદર કરી માટે ઉભક મનમાં જયદેવનાં વખાણ કરવા લાગ્યો.

"મહેતાજી!" સભાના શીરસ્તા મુજબ પાછું મહારાજે મહાઅમાત્યને કહેવા માંડ્યું "મારે હવે ન્યાય કરવો છે."

"જી" મુંજાલે કહ્યું. અને માત્ર સામાન્ય રાજ્યસભા ધારી આવેલા પુરુષોને અસામાન્યતાના ભણકા વાગવાથી, તેઓ ઉંચી ડોકે અક્ષરે અક્ષર સાંભળવા તલસી રહ્યા.

"કાલડીના દેવડાને એક ભારે અન્યાય થયો છે. તેમનાં ગામ આપણા લશ્કરના કેરથી ઉજ્જડ થઇ ગયાં છે. દેવડાજી!" કહી રાજાએ ચારે બાજુએ જોયું. અને ચોરાપર પાછળ ભરાઇ બેઠેલો દેવડો ગભરાતો આગળ આવ્યો. "મારા રાજ્યમાં મારે અન્યાય માત્રનો વિનાશ કરવો છે. એ બે ગામ ફરી વસાવવા, તમને મારે પાંચ ગામ આપવાં જોઇએ." લોકો ફરીથી હર્ષનાદ કરી ઉઠ્યા; દેવડો રાજાનો ઉપકાર માનતો, ઉભો હતો ત્યાં જ બેસી ગયો.

"બીજો ન્યાય મારી ખંભાતની પ્રજાને કરવો છે." રાજાએ આગળ ચલાવ્યું. ઉદો ચમક્યો; સભામાં તેના શાગીર્દ હતા એટલા ચમક્યા. તે મંત્રીનું હૃદય ધબકી ઉઠ્યું. "શું મહારાજ!" તેણે મીઠામાં મીઠો અવાજ કાઢી પુછ્યું. રાજાએ તે શબ્દ તરફ ધ્યાન જ નહિ આપ્યું.

"ખંભાતની મ્લેચ્છ પણ રાંકડી પ્રજાને ત્યાંના લોકોએ રખડતી કરી દીધી છે, અને તેમનાં ઘરબાર ટુંકી મૂકયાં છે."

"મહારાજ! વાત તદ્દન જુ—"

રાજાએ એક સત્તાવાહી દ્રષ્ટિથી ઉદાને ડાર્યો.

તેનું મોઢું ભવ્યતાથી તપતું હતું. મોટો ધાંટો કાઢી તે બોલ્યોઃ "જયદેવ સત્ય શિવાય કાંઇ પણ કાને ધરતો જ નથી."

"મહારાજાધિરાજ! પણ એની તપાસ થવી જોઇએ." શાન્તુમહેતાએ ધીમેથી જમાદારનો પક્ષ ખેંચ્યો.

"તપાસ થવાની જરૂર નથી; મેં પોતેજ તપાસ કરી છે." વધારે ને વધારે વધતા ગૌરવથી જયદેવે કહ્યું.

"આપે!" ઉદો બોલ્યો.

"હા! તમે એમ ધારો છો કે તમારા કારભારમાં રામનું જ રાજ્ય ચાલે છે. નહિ?" મહાજનોમાં ખળભળાટ થઈ ગયો; ઉદો લોકપ્રિય હતો, અને તેની પ્રતિષ્ઠાને થતા આઘાતો સામાન્ય લોકોને રૂચ્યા નહિ. "મેંજ તપાસ કરી છે. શોભ!"

"જી."

"કાકને બોલાવ" શોભ નમસ્કાર કરીને બહાર ગયો. ઉદાએ કાકનો પ્રભાવ જોયો, અને તે પ્રભાવને શમાવવા પોતાની શક્તિ એકઠી કરવા લાગ્યો. તેણે મદદ માટે શ્રાવક મંત્રીઓ તરફ જોયું.

તરત સભામાં કાક ખતીબને લઇને આવ્યો. ઘણાએ યવન પહેલી વાર જોયો હતો, બધા વિસ્મય પામી જોઈ રહ્યા.

"મ્લેચ્છોની કત્તલમાંથી આ એક બચ્યો તે" રાજાએ કહ્યું.

ઉદાએ ખતીબને જોયો અને તેના હાંજા ગગડી ગયા. તે નીચેથી ઉંચું જોઈ ન શકયો. કાકે મુછ મરડી.

"મહેતાજી! ખંભાતનો રાજ્યવહીવટ આવો ચાલે છે તેનો મને ખ્યાલ નહોતો." રાજાએ પાછું મુંજાલને કહેવા માંડયું. "મારા રાજ્યમાં બધા સલાહ શાંતિથી રહી શકે એ પ્રમાણે મારે શાસન ચલાવવું જોઇએ. ખંભાતના બ્રાહ્મણોથી માંડી દરેક ન્યાતના અગ્રેસરોએ મળી લાખ ટંકા આને આપવા અને એની જાતના બધાનાં ઘરબાર ફરીથી બાંધી આપવાં. આ ખંભાતને શિક્ષા. શોભ! પેલાં વસ્ત્રાભૂષણ લાવ."

શોભ વસ્ત્ર અને આભૂષણ લાવ્યો. અને રાજાએ તે ખતીબને આપ્યાં. તે બીચારો ગરવાઈ, ભોંયે પડી પોતાની ભાષામાં અનેકાનેક ઉપકાર માનવા બેઠો. કાકે તેને સમશ્યામાં સમજાવ્યું કે તેણે હવે રજા લેવી. એટલે તે પ્રમાણે તેણે કર્યું.[૧]

ક્લેચ્છને પણ આવો ન્યાય મળતો જોઈ ઉબક વિચારમાં પડ્યો અને સભા જયદેવ પર આફરીન થઇ ગઇ. રાજા ઉબક તરફ ફરવા જતો હતો, એટલામાં નીચા વળી મુંજાલે રાજાના કાનમાં કહ્યું:

"બધાને ન્યાય મળ્યો. પણ એક રહી ગયો."

"કોણ?"

"જેણે જીવતો રા' પકડ્યો, ને ખતીબને મરતો બચાવ્યો તે."

"કોણ કાક!" રાજા બીજી ભાંજગડોમાં મહેનતનો પણ કાકને કાંઈ બદલો આપવાનો હોય એ વાત વિસરી ગયા હતા. સત્તાધારી હમેશા માન લેવાની ફરજ સમજે છે—આપવાની ફરજ યાદ રાખતા નથી. મુંજાલ એ સિદ્ધાન્તના અપવાદરૂપ હતો.

"હાસ્તો."

"જરૂર" કહી જયદેવ ખતીબને લઇ, પાછા વળવાની તૈયારી કરતા કાક તરફ જોઇ બોલ્યાઃ "કાકભટ્ટ! પાંચાલના યુદ્ધમાં, તેમ જ ખતીબને બચાવીને તમે જે સેવા બજાવી છે, તેનો બદલો વળાય તેમ નથી. છતાં ભટ્ટરાજનું પદ સ્વીકારી મારી સભાની શોભા વધારશો. તે મોભાને યોગ્ય તમને આઠ ગામની બક્ષીસ આપું છું."

કાક નીચું નમ્યો, અને રાજાએ આપેલાં વસ્ત્રાભૂષણો તેણે લીધાં. ખતીબને એક અંગરક્ષક સાથે વળાવી તે ચોરાપર બેઠો.

"ઉબકરાજ! હવે આપને જવાબ આપું. તમારા જેવા વીર પુરુષના દર્શનથી અમે પાવન થયા. અવન્તી આવવાનું અને તમારું ને તમારા રાજાનું આતિથ્ય સ્વીકારવાનું મન તો મને ઘણું થાય છે, પણ હાલ બને એમ નથી તે ક્ષમા કરશો."

---

૧. નમી ઉલ્લહિકાયત.

પછીથી તેણે ઉમેર્યું "પ્રભુ કરશે તો ફરી મળીશું."

"અમારૂં આણેલું માગું આપ સ્વીકારો છો ને?"

"તે પણ મારાથી અની શકે એમ નથી." સભામાં એકદમ શાન્તિ પ્રસરી; આજે અણધારેલી બનવાનો દિવસ હતો. આ જવાબ સાંભળી ઉંબરના હોઠ ફરકી ઉઠયો; તેની આંખ ભભુકી ઉઠી. તેણે હોઠ કરડી સ્વાસ્થ્ય રાખ્યું "કેમ?"

"સેનાપતિરાજ! તમે ક્યાં રાજાઓના આચારથી અજાણ્યા છો, નશીબમાં હશે" શાન્તિથી રાજાએ ઉમેર્યું "તો અવન્તીરાજની કન્યાનું પાણી ગ્રહણ કરીશ; પણ તે અવન્તીને પાદ, જ્યારે તમે પાટણને પાદરે હો ત્યારે નહિ."

રાજાનાં માર્મિક વચનથી પટ્ટણીઓ ખુશ થઇ ગયા; તેમાં ફરીથી યુદ્ધ કરી, અવન્તી જીતવાની આગાહી સમાયેલી હતી. ઉંબરે ગર્વથી માથું ઉચું કરી મોટે અવાજે પુછયું "શું અપમાન કરો છો, ચાલુક્યરાજ!"

"અતિથિનું અપમાન થાય?" જયદેવે મીઠાશથી જવાબ આપ્યો "પણ તમે જેમ પાટણ આવ્યા તેમ મારે અવન્તી આવવું પડશે ને? મારો સંદેશ પરમભટ્ટારક લક્ષ્મવર્મને પહોંચાડજો. ચાલો જય સોમનાથ." રાજાની ઉઠવાની તૈયારી જોઇ વિપ્રવર્યોએ આશીર્વચન કહ્યાં અને લોકોની હર્ષ ગર્જનાથી વધાવેલો જયદેવ અંગરક્ષકો સમેત ખંડની બહાર નીકળ્યો.

ઘણા હરખ્યા; કેટલાક નારાજ થયા; કેટલાક બળી ઉઠયા; કેટલાક ગુસ્સે થયા. ઉદાના કચવાટનો પાર નહોતો; ઉંબરના ગુસ્સાનો પાર નહોતો; કીર્તિદેવની નિરાશાનો પાર નહોતો.

કાકના હર્ષનો પણ પાર નહિ રહેત; પણ મંજરીએ લીધેલું વચન સદાએ તેને સાલતું હતું.

મુંજાલ મહેતા ઉઠયા અને કાકને ખભે હેતથી હાથ મૂકયો. મંત્રીની દીક્ષ જીતવાની કળાઓ કાંઇ ન્યારી જ હતી "કાક! આ એના બાપદાદા કરતાં મોટો રાજા થવાનો."

"જી હા!" કાકે જવાબ દીધો "અને ભલા ભલા મુત્સદ્દીઓને પાણી પણ ભરાવાનો."

# વિભાગ ત્રીજો.

## પ્રકરણ ૧ લું.

### કીર્તિદેવનો નિશ્ચય.

સજ્જન મહેતાના ઘરની પાછલી વાડીમાં, ફાગણ વદ પડવાની સાંજે ચાર જણ એક ઝાડના થાળાપર બેઠા હતા. ચારેની મુખમુદ્રા ગંભીર હતી; ચારે ધીમે અવાજે કાંઇ વાત કરી રહ્યા હતા. એ ચાર જણાઃ કીર્તિદેવ, કાકભટ્ટ, કૃષ્ણદેવ અને દેશળદેવ હતા.

આગલે દિવસે દરબાર પૂરો થયા પછી ઉબક લશ્કર લઈ વદાય થયો હતો; અને તેના રસાલામાંથી માત્ર કીર્તિદેવ અને દશ બેાદ્ધાઓ જ પાટણમાં રહ્યા હતા. અત્યારે ખાસ નિમંત્રણ કરી કીર્તિદેવે કાકને અને દેશળને બોલાવ્યા હતા. કૃષ્ણદેવ ઘરમાં જ હતો.

નાસીપાસીથી મ્લાન બનેલું કીર્તિદેવનું મુખ અત્યારે દૃઢતા દાખવતું હતું.

"કાલે હું છેલ્લો પાસો નાખું છું."

"કેવી રીતે?" દેશળે ડોક લંબાવી પુછયું.

"કેવી રીતે! કાલે સવારે તમારા મુંજાલને હું મળવાનો છું. તેને સમજાવવાનો છેલ્લો પ્રયત્ન આદરું છું."

કાકે ડોકું ધુણાવ્યું. "કીર્તિદેવજી! તમારો પ્રયત્ન વ્યર્થ જવાનો છે."

"મને પણ એવી ધાસ્તી લાગે છે" કીર્તિદેવે કહ્યું. "કાલની સભા જોઈ મને ખાત્રી થઈ ગઈ. મુંજાલમહેતો ગુજરાતને અને આખા આર્યાવર્તને ગરદન મારવા બેઠો છે."

"એમાં કાંઈ નવું નથી" કૃષ્ણદેવ બોલ્યો. "પહેલેથી પાટણની પ્રણાલિકા સ્વાર્થી જ છે."

"પણ મેં આટલી મૂર્ખાઈ નહોતી ધારી. અવન્તીનો આવો તિરસ્કાર! હવે વેર વધવાનાં; અને મ્લેચ્છો આપણને મારે તે પહેલાં કુસંપથી માંહ્યોમાંહ્ય આપણે કપાઈ મરવાના. તમારા મુંજાલે મારી કેટલા

દિવસની મહેનત ધૂળ મેળવી.' ભોંય તરફ એકાગ્રતાથી જોઈ રહી કીર્તિદેવે કહ્યું.

"પણ હવે કાંઈ રસ્તો નથી. નિરાંત રાખજો" જરા ટોળમાં કૃષ્ણદેવે કહ્યું.

"રસ્તો!—" ઘણો ઉંડો વિચાર કરતો હોય તેમ કીર્તિદેવ બોલ્યો. "રસ્તો નહિ જડશે તો આર્યાવર્તનું થશે શું! આ તમારા બાહોશ મંત્રીમાં એટલી બુદ્ધિ નથી, એટલું જોવાની શક્તિ નથી? શું સપાદલક્ષ અને અવન્તી મ્લેચ્છો જીતશે, અને પાટણને રહેવા દેશે? શું તમારા મંત્રીનું મુત્સદ્દીપણું!"

"અમારે ત્યાં તો એ જ મુત્સદ્દીપણું ચાલવાનું, કીર્તિદેવજી!" કૃષ્ણદેવે શાંતિથી કહ્યું.

"જોઇએ કાલે શું થાય છે" કીર્તિદેવે કહ્યું.

"અને કાંઈ ન થયું તો?" કાકે પુછ્યું.

"મહાકાલેશ્વર કરે ને મુંજાલ માને. અને તે નહિ માને તો"—કહી કીર્તિદેવ દાંત પીશી મુગો રહ્યો.

"તો—" દેશળે પુછ્યું.

"તો—" અને કીર્તિદેવની આંખમાં ભયંકર તેજ આવ્યું. તેણે મુઠી વાળી દીધી. "તો એક પલ્લામાં આર્યાવર્ત્તનું ભવિષ્ય; બીજામાં મુંજાલ મહેતો; શંભુ મુંજાલમહેતાનું પલ્લું કેમ નમતું રાખશે?"

"એટલે" ઘણી જ આતુરતાથી દેશળે પુછ્યું.

"એટલે–આપણે કાલે નક્કી કરીશું. હું સ્વાર્થ માટે નથી લડતો; મારા દેશની દાઝ મને ઘેરે છે. તો શું મુંજાલ જેવાને સીધો કરવાની શક્તિ શંકર નહિ આપે?"

દેશળ અને કાક ચમકયા. કીર્તિદેવનો અર્થ હતો સ્પષ્ટ પણ સમજતાં તેમને કંપારી આવી. પાટણ અને મુંજાલ એક છે એ ખ્યાલ તેમના મનમાં એટલો હતો, કે એક રાખી બીજાને ખસેડાય એ તેમના મનમાં સહેલાઇથી આવી શકયું નહિ. એ બન્નેને અશ્રદ્ધાવાન જોઈ

કીર્તિદેવ ઉમેર્યું: તમે મને ઓળખતા નથી; જીવીશ તો હું જીત્યા વિના રહેવાનો નથી. તમે મને કાલે સવારે મળશો?"

"હા." કૃષ્ણે અને દેશળે કહ્યું.

"મારાથી કાલે સવારે મળવાનું નહિ બને" કાકે કહ્યું.

"કેમ?"

"મારે સહેજ કામ છે," જરા અતડાપણાથી કાકે કહ્યું.

"ત્યારે કાલે રાતના મને જરૂર મળજે; મધ્યરાત્રે આ વાડીમાં છેક પેલી તરફ જેટલા આપણા મિત્રો છે તે બધાને બોલાવી આપણે કાંઈ નિશ્ચય પર આવીશું."

"વારૂ."

"જરૂર હોં; અને કાંઈ મને થાય તો પેલું વચન પાળજે."

"હા." કહી કાકે રજા લીધી.

"કૃષ્ણદેવજી! તમારા વિશ્વાસુ મિત્રો કેટલા છે? કારણ કે હવે બાજી ગંભીર થશે. ઢીલા પોચાનું કામ હવે નથી."

"કીર્તિદેવજી! જરા ગભરાશો નહિ. હું દેશળદેવ, અને લક્ષ્મણ ત્રણ મળીશું તો આકાશ પાતાળ એક કરીશું. ત્રીશ ચાલીશ સામન્તો તો જરૂર મદદ કરશે."

## પ્રકરણ ૨ જું.

### કાકનું સહેજ કામ.

કાશ્મીરાદેવી મરદ હોત તો પાટણની સેનાનો નાયક તો સહેજમાં બની જાત. તેમાં નિશ્ચયાત્મક બુદ્ધિ ઘણી હતી.

તેણે એક કામ હાથ ધર્યું હતું: કાક અને મંજરીને પરણાવવાનું અને તેની પાછળ તે ખાઈ પીને મંડી રહેતાં. મંજરીને સમજાવવાનું, અને કોઈ ન જાણે એમ લગ્નની ગોઠવણ કરવાનું તેને માટે નાનામાં નાની વસ્તુ મેળવવાનું કામ તે આખો દિવસ કર્યા કરતાં.

મહાસેનાનાયકનો બીજો ગુણ તેનામાં હતો. એક ગઢ સર થાય કે તે બીજા ઉપર ધસારો કરતી. કાક ને મંજરી પરણી ઉઠે કે એક બીજું વધારે અઘરું કામ તેને કરવાનું હતું. તે કામનો આરમ્ભ તેણે કરવા માંડ્યો–એટલે, ગજાનન પંડિતને ત્યાંથી પાછા આવતાં તેણે પાલખી સજ્જનમહેતાના ઘર તરફ લેવરાવી.

કાશ્મીરાદેવીની સ્વારી સજ્જન મંત્રીના અંતઃપુરમાં આવતાં આખું ઘર ખળભળી ઉઠ્યું. મંત્રીની સ્ત્રીઓ, છોકરાં, દાસ, દાસીઓ માનથી, ક્ષોભથી ઉંચા નીચાં થઈ રહ્યાં.

મંત્રીની પટરાણી પાનકુંવરબાએ જે આવકાર દીધો તે સ્વીકારી કાશ્મીરા ખાનગી વાત કરવા તેમને બીજા ઓરડામાં લઈ ગયાં.

"માસીજી! હું તો એક ઘણા જ જરૂરના કામે આવી છું" ત્રિભુવનપાલની મા હુંસા (મુંજાલની બહેન) શેઠાણીનાં દૂરનાં બહેન થતાં હતાં.

"તમારી દીકરી સોમને હું તો જોવા આવી છું."

"ભલે. બોલાવું!" સોમ! દીકરા!

બીજી પળે જે સોમસુંદરી સરોવરીયામાં સ્નાન કરતી પહેલા વિભાગમાં આપણે જોઈ હતી તે આવી; તેનું આકર્ષક રૂપ વધારે ને વધારે ખીલ્યું જતું હતું. કાશ્મીરાએ એક દૃષ્ટિથી તેને નીહાળી લીધી.

"જા બેટા! કાશ્મીરાબા વાસ્તે પાણી લઇ આવ તો." પાનકુંવરે કહ્યું: અને તે ગઇ એટલે ધીમેથી પુછ્યું "કેમ વારૂ?"

"મારે એનું વેવિશાળ સાંધવું છે."

"હું!" હરખાઇ શેઠાણી બોલ્યાં. "કોની સાથે બહેન કહેાની! અમને તો દીવો લઈ જોતાં પણ કોઇ જડતો નથી; ને આ તો વધતી જ જાય છે."

"એક મારી નજરમાં છે."

"કોણ?"

એટલામાં સોમ પાણી લઇ આવી અને લોટો મૂકી ચાલી ગઇ.

"કોણ?"

"છે એક."

"કોઇ લાયક તો છે ને?" ડોસીએ ધીમે રહી નક્કી કરવા માંડ્યું. "મારી દીકરીને બારણે મારે ધજા ફરકતી જોવી છે." પાટણમાં માત્ર કરોડાધીશને બારણે ધજા ફરકતી.

"બસ કરોડમાં જ સંતોષ પામશો? આ તો તેથી પણ વધારે છે."

શેઠાણીના મોઢામાં પાણી આવ્યાં. "કોઇ છપ્પન કોટીવાળો છે?"

"હંહ" શેઠાણીની જિજ્ઞાસા વધારવા કાશ્મીરાએ તિરસ્કારથી કહ્યું. "તેને શું કરે? તેથી પણ વધારે."

ડોસી વિચારમાં પડ્યાં; પાટણમાં કોઇ ગણ્યા ગાંઠ્યા હતા તે તે ગણવા લાગી. "કોઇ મહાજનનો શેઠ છે, ભોલાની બહેન! મારી ઘરડા માણસની મશ્કરી શું કરો છો?"

"મારા સમ, ખરી વાત! એથી પણ વધારે."

"શું કહો છો? પાટણનો છે કે પરદેશનો."

"પાટણ-પાટણ ચોખ્ખું. સાત પહેડીનું પાટણ."

"ત્યારે તો કોઇ મંત્રી હશે?"

"તેથી પણ વધારે" ખડખડ હસતાં કાશ્મીરાએ કહ્યું. "શું કહું? કોઇને હમણાં કહેશો નહિ."

"હાય હાય! ત્યારે કહેતાં કેમ નથી?"

"તમારો ભાઇ." કાશ્મીરાએ કહ્યું.

"કોણ? મુંજાલ મહે—"

"શી-શી-શી." નાક પર આંગળી મુકીને કાશ્મીરાએ કહ્યું. "વા પણ વાત નહિ લઇ જાય-હો."

ડોસી પીગળીને પાણી થઇ ગયાં. "નારે બહેન! પણ એ કમારે?"

"ઉતાવળે કાંઇ આંબા પાકે? એ કરતાં તો કાંઇ કાંઇ ઉંધા ચતાં કરવાં પડશે."

"તમારા મ્હોમાં ગોળ બહેન! હું શેઠને વાત કરું કે નહિ?"

"માસીજી! તમે પણ એવાં જ રહ્યાં. તેને કહેશો તો બીજી ઘડીયે આખું ગામ જાણશે."

"ના બહેન! ત્યારે નહિ કહું."

કાશ્મીરાદેવીએ રજા લીધી અને પાલખીમાં બેસી પોતાને ઘેર આવ્યાં.

મંજરી ગંભીર અને સખ્ત મ્હોં લઈ બેઠી હતી; તેના હોઠ હમણાં ગર્વમાં અને તિરસ્કારમાં મરડાયલા રહેતા. તે ધીમે અવાજે કાંઈ સંસ્કૃત કાવ્ય ગણગણતી હતી.

"મંજરી! હવે બધી તૈયારી થઈ ગઈ. હવે તું ને તારો વર જઈ બેસો એટલી જ વાર છે."

મંજરીએ નિસાસો મૂક્યો, અને અભિમાનદર્શી ભ્રૂભંગ કરી જોઈ રહી.

"કેમ પાછી ચસ્કી કે?"

"હું ક્યારે ચસ્કેલી નહોતી?"

"હાય! હાય! તારૂં થશે શું?"

"ભોળાનાથ જે કરશે તે."

"શું કપાળ કરશે? છેલ્લી વખત સુધી આમ અમળાયા શું કરે છે?" સખ્તાઇથી કાશ્મીરાએ પુછ્યું. "શરમ નથી આવતી? આમ ને આમ કરી બીચારા કાકને દુઃખી કરવો છે. નહિ? આટલું આટલું સમજાવીએ છીયે પણ તને તો હિસાબ જ નથી કેમ?"

"મંજરી મુગે મોઢે જોઈ રહી."

"જાણે છે–સમજે છે.–તોપણ જીદ કેટલી? કાકની જગ્યાએ હું હોઉં તો તારી સામું પણ નહિ જોઉં. તેને પણ દબાવ દબાવ કરતી હશે? તે બીચારો તો પોતાના સુખ કરતાં તારૂં સુખ જોયા કરે છે; અને તને તો કાંઈ દરકાર જ ન મળે?"

કાશ્મીરાનો ઠપકો સખ્ત હતો; તેની યોગ્યતા સ્વીકારી મંજરીએ માથું નીચું નમાવ્યું.

"ચાલ, હવે ઉઠ. કાલ સવારની તૈયારી કર."

મુગે મોઢે મંજરી ઉઠી. તેની આંખમાં આંસુ નહોતાં; તેના મોઢા પર ગર્વ હતો. છતાં સખ્તાઇ, સંયમ ને એકલતાની મૂર્તિ સમી તે આંસુ સારતી નિરાધાર સુંદરી કરતાં પણ, વધારે દયાજનક દેખાતી હતી.

* * * * * *

સવારે બ્રાહ્મમુહૂર્ત પહેલાં ત્રિભુવનપાલના મહેલમાંથી બે પાલખી, બે મશાલ અને પંદર વીશ ઘોડેસ્વારોનું સરઘસ છાનુંમાનું ગજનન પંડિતના ઘર તરફ ચાલ્યું.

એક પાલખીમાં મંજરી હોઠ પર હોઠ પીશી બેઠી હતી; સામાં કાશ્મીરાદેવી કાંઈ કાંઈ વાતો કરી રહ્યાં હતાં. ઘોડેસ્વારોની પાછળ બે જણ ઘોડા પર, જરાક પાછળ, મુગા મુગા આવતા હતાઃ એક કાક અને બીજો ત્રિભુવનપાલ.

સરઘસ પંડિતને ત્યાં ઉતર્યું; અને સ્વારો પાછા ગયા. બને ત્યાં સુધી ગુપ્ત રીતે કાક અને મંજરીનું લગ્ન કરવું એવો બધાનો નિશ્ચય હતો. પંડિતજીએ બે ચાર વિપ્રવર્યોને બોલાવી મૂક્યા હતા; અને માત્રા જમાઇને આદર આપવા તૈયાર હતી.

ઝપાટાબંધ વિધિઓની તૈયારી થઈ. મુહૂર્ત પાસે આવવા લાગ્યું, એટલે બધાને પંડિતજી યાદ આવ્યા. કન્યાદાનદાતા તે હતા; અને આવે અવસરે તે ક્યાં અદૃષ્ટ થયા તે કોઇને સમજાયું નહિ. એક શિષ્ય કહે નહાવા ગયા હતા તે પાછા આવ્યા નથી; એક વિપ્ર કહે કે નદીમાં મગર આવ્યો હતો એવી ગપ ઉડતી હતી; માત્રા કહે કે તેને પાછા આવેલા તેણે જોયા હતા; કાશ્મીરાના કચવાટનો પાર રહ્યો નહિ; કાક અને મંજરી બન્ને જણ લગ્નની ફાંસીએ ચડવાનાં હોય તેમ ક્યારે તેનો છેડો આવી જાય એમ અધીરાં બન્યાં હતાં.

આખરે માત્રાએ કહ્યુંઃ "ઉભા રહો! હું ઘરમાં જોઈ આવું. ન જડે તો પછી નદી કિનારે કોઇને મોકલીયે. આવી વખતે તે ક્યાં ગયા?"

બધા સામગ્રી તૈયાર કરી વાટ જોતા બેઠા; અને માત્રા એક કોડીયું સળગાવી પંડિતની શોધમાં બડબડતી બડબડતી નીકળી.

તે એક ખંડમાંથી બીજા ખંડમાં ગઈ પણ પંડિતજી ગ્રહણ વખતે સાપ કાઢી કંઈ એવા જપને બેઠા હતા કે કાંઈ પત્તો લાગ્યો જ નહિ. પણ તે નિરાશ થઈને પાછી ફરતી હતી એટલામાં એક આચમનીનો અવાજ આવ્યો. તે એકદમ કોઠાર તરફ દોડી, અને ત્યાં પંડિતજી—

પંડિતજી ત્યાં અંધારામાં, કાંઈ ધણું જ ઝડપથી ગણુગણુતા હતા. અને ડોકું ધુણાવતા હતા; તેણે આંખો જોરથી મીંચી હતી.

"અરે પંડિતજી! ક્યાં ભરાઈ બેઠા છો? આ બધા તમારી વાટ જુવે છે."

પંડિતજીએ બોલ્યા વિના ધુણ્યા જ કર્યું; અને ગણુગણાટની ઝડપ વધવા લાગી.

"કેમ સાંભળો છો કે બહેરા થયા છો?"

ઉત્તર નહિ આવ્યો; ધુણવાની ઝડપ વધી.

"કેમ તમને થયું છે શું?" કહી માત્રા પાસે આવી અને પંડિતનું ખભું પકડ્યું.

પંડિતજી ધુણતા, ગણુગણતા અટકયા; બીકથી આંખો ઉઘાડી ને બોલ્યા: "શાન્તમ્ પાપમ્."

"અરે બધું ગયું ચુલામાં. ચાલોની મુહૂર્ત ચાલ્યું જશે. મંડલેશ્વર મહારાજ ને બા બોટી થાય છે."

"ઉહું."

"જાનું ઉહું?" ડોળા કાઢી પંડિતાણીએ પુછયું.

"અશકય."

"શું?"

"હું નહિ આવું."

"કેમ? એકદમ શું થયું? આમ ગાંડાં શું કાઢો છો?"

"નાદાન! તારામાં અક્કલ નથી. મારાથી નહિ અવાય."

"પણ શા માટે?"

"કન્યાદાન મારાથી નહિ દેવાય. મહા પાતક થાય."

"અરે તમારૂં આ નવું શાસ્ત્ર ક્યાંથી કાઢયું. રાત સુધી બધું ઠીક હતું; ને આ વળી ભુત ક્યાંથી વળગ્યું?"

"ભુત નહોય, માત્રા! હું અધમ છું; અશુદ્ધ છું; કન્યાદાન દેવા યોગ્ય નથી." ગંભીરાઇથી પંડિતે કહ્યું.

"શું બકો છો? મને તો સમજ નથી પડતી."

"મને પડે છે દેવી! મને પડે છે. મારાથી મંજરીનું દાન નહિ દેવાય."

"કેમ? ત્યારે બીજું કોણ દે? કવિકુલ શિરોમણિના મિત્ર તે એના પિતા જેવા—"

"તે નથી તેની જ પીડા ઊભી થઇ છે." હાસ્યજનક રીતે દયામણો થઇ વાચસ્પતિએ કહ્યું.

"હાય હાય! તે કેમ થયું" ખડખડ હસતાં માત્રાએ પુછયું.

"હું તે જ પ્રાયશ્ચિત્ત કરતો હતો. પાપ ત્રણ પ્રકારે થાય છે—મનસા, વચસા, કર્મણા."

"જરા દુંકી વાત તો કરો. મુહૂર્ત જવા બેઠું છે."

"દેવી! હું રાત્રે સુતો એટલે સ્વપ્નું આવ્યું કે જાણે રૂદ્રદત્ત જીવતો થયો."

"વારૂ."

"ને તેણે કહ્યું કે મારી કન્યાને વિદ્વાન સિવાય કોઇને નહિ આપવી. મેં કહ્યું કે વિદ્વાન ક્યાંથી ખોળશો? ત્યારે તે કહે બોલતાં બોલતાં પંડિતનું મોઢું હસી ઉઠયું કે 'કોઇ નહિ હોય તો તમે પરણો.' હું તરત ઝબકીને જાગ્યો; અને મને વિચાર આવ્યો કે હું એને શા માટે ન પરણું? બરોબર યાજ્ઞવલ્ક્ય અને મૈત્રેયીની જોડી થાય."

"પછી!" હસ્તાં હસ્તાં માત્રાએ પુછયું.

"દેવી! એ વિચાર આવતાં મને મારા ઘોર માનસિક પાતકનું ભાન થયું. આવો વિચાર આવ્યા પછી મારાથી એનું કન્યાદાન કેમ દેવાય? તું જ બોલની!"

"એટલે મારાપર બીજી બૈરી લાવવી હતી કેમ?" મહા મહેનતે હસવું ખાળતાં માત્રા બોલી, "મોટા મૈત્રેયીવાળા! હવે ઉઠો છો કે નહિ?"

"કેમ ઉઠાય?"

"ઉભા રહો, દેખાડું" કહી માત્રાએ હાથ ઝાલ્યો "ઉઠો છો કે નહિ? નહિ તો હાથ પકડીને બહાર ઘસડી જઇશ."

"દેવી! મારે હાથે આવું પાપ કરાવો છો? હું નહિ આવું."

કેમે કર્યું હસવું દબાવી માત્રાએ તે જ્ઞાનના ભંડારને ધસડવા માંડ્યા; એટલામાં પાછળથી કાશ્મીરાદેવી આવી પહોંચ્યાં.

"અરે વાહ! ત્યાં મુહૂર્ત જ્યા છે, ને તમે અહિં મસ્તી કરો છો? ચાલોની?"

બન્ને શરમાઇ ગયાં; માત્રાને રસ્તો સુઝ્યો.

"ચાલો છો કે નહિ. નહિ તો બાને કહી દઇશ."

"ના. ના. કહેતી નહિ."

"ત્યારે ઉઠો" માત્રાએ કહ્યું.

"શું છે?" કાશ્મીરાએ પુછ્યું. "આ ખેંચાતાણી શાની?"

"કહી દઉં?" માત્રાએ ધમકી આપી.

"ના–ના–ના."

"ઉઠો. નહિ તો કહી દઇશ" માત્રાએ કહ્યું.

"શું કહેવાનું છે?" કાશ્મીરાએ પુછ્યું.

"ના. કાંઇ નહિ" પંડિતે કહ્યું.

"ત્યારે ઉઠો."

"હે શંભો!" કહી દયામણે મોઢે પંડિતે આકાશ તરફ જોયું; પણ શંકરના દરબારમાં તે અરજીનો સ્વીકાર થયો કે નહિ તે ન સમજાયાથી નિરાધાર બકરૂં જેમ હોમાવા ધસડાય તેમ ગજાનન પંડિત ઉઠ્યા; અને માત્રાએ છેડો મોઢે ઢાંકી હસવું છુપાવ્યું.

કન્યાદાન–દાતા આવી પહોંચવાથી મુહૂર્ત સચવાયું; કાક અને મંજરી પરણ્યાં; અને સવાર પડતાં ઘણાંખરાં વિખરાઈ ગયાં.

કાક અને મંજરી ગંભીર, સખ્ત, સ્વસ્થ હતાં; બન્ને તટસ્થતાથી પરણીને ઉઠ્યાં. કાકના મોઢા પર દીલગીરી દેખાતી; મંજરીના મોઢા પર અભિમાન દેખાતું. બન્નેની આંખોમાં ચિન્તા હતી.

## પ્રકરણ ત્રીજું.

## કીર્તિદેવનો મુંજાલ સાથે મેળાપ.

જ્યારે કાક મંજરીનું પાણિગ્રહણ કરવામાં ગુંથાયો હતો, ત્યારે કીર્તિદેવ તેના જીવનનું મહાકાર્ય આરમ્ભવા તત્પર થયો હતો. તે મહાકાર્ય મુંજાલને મળવાનું હતું.

સજ્જને તેને અનેક વાર વાર્યો, પણ તે માલવી યોદ્ધો અડગ રહ્યો. તેના જીવનની બે નેમ હતીઃ તેના પિતાની શોધ, અને તેના દેશનું ઐક્ય. એ બે ભાવના માટે તે જીવતો હતો; અને તે સિદ્ધ કરવા જતાં તે અમાનુષિ–અચેતન સૃષ્ટિના મહાતત્ત્વ જેવો નિશ્ચલ–સચોટ બની રહેતો. જેવી રીતે એક કામ સાધવા તેણે કાલભૈરવ આરાધ્યો હતો, તેવી જ રીતે બીજું કામ સાધવા રાજ્યખટપટમાં ભૈરવ સમા ભયાનક મંત્રીને મનાવા તે જતો હતો.

કીર્તિદેવની બુદ્ધિપ્રધાન નજરે મુંજાલ એક માત્ર કાર્ય સાધવા જતાં ઉભી થયેલી આડી ખીલી હતો; પણ પાટણની નાની સૃષ્ટિની નજરે તે બધી વસ્તુનો કર્તાહર્તા હતો. લોકોને પુછતાં કીર્તિદેવને તેનામાં પ્રભાવનાં કાંઈ ઘણાં અસાધારણ લક્ષણો કે પરિણામની ખ્યાતી તેણે સાંભળી નહોતી. તે જુવાનીમાં તોફાની હતો, ઉડાઉ હતો, લોકોને ગાંડા કરતો હતો; તેણે અઢળક ધનને પણ અધિક કર્યું હતું; ચંદ્રપુર જઈ હાલની રાજ્યમાતાનું માગું પાટણ લઈ આવ્યો હતો; થોડાં યુદ્ધો લડ્યો હતો, થોડાં શહેરો સર કર્યાં હતાં; ભલા કર્ણદેવના વખતમાં રાજ્યસત્તા હાથ કરી હતી; રાજાના ભત્રીજા અને પોતાના બનેવી દેવપ્રસાદને દુઃખી કરી દુર્દશાએ પહોંચાડ્યો હતો; રાણીની સેવા કરતાં, પોતાનાં સ્ત્રી અને પુત્રનો ત્યાગ કરી, બન્નેને મરવા દીધાં હતાં; રાજા મરી ગયા પછી બળવાખોર પદ્મણીઓને રાજી કરી મીનળદેવીની સત્તા પાછી પાટણ પર બેસાડી હતી; અત્યારે તે રાણી અને રાજાની મહેરબાની અને બીજા મંત્રીઓની નિર્બળતાથી સર્વ–સત્તાધિકારી થઈ બેઠો હતો.

કીર્તિદેવને આ બધામાં કાંઈ અસામાન્યતા ન લાગી; પણ માત્ર અસામાન્યતા તેણે પેદા કરેલા વાતાવરણમાં લાગી. જેમ વાતાવરણમાં

ગમગીની હોય, સુગંધ હોય, ધાસ્તી હોય તેમ ગુજરાતમાં પગ મુકતાં મુંજાલના પ્રભાવથી ભરેલું વાતાવરણ તેને સ્પષ્ટ લાગ્યું હતું. ન કળાય એવા ધાકથી, ન સમજાય એવા માનથી, ન જણાય એવી મમતાથી બધા તેની તરફ જોતા. કીર્તિદેવ મહાપુરૂષ હતો; છતાં તેની વય કોમલ હતી. આ કારણથી તેણે આ પ્રભાવ બધો વૃદ્ધોની નિર્બળતાથી ઉદ્ભવ્યો છે એમ માની લીધું.

તેની ભાવનામય દૃષ્ટિ, અણઘડાયલી કલ્પનાશક્તિ–એ બેથી મુંજાલના પ્રૌઢ વ્યક્તિત્વનો ખરેખરો પ્રભાવ તે પારખી શકયો નહિ. મુંજાલથી અપરિચિત તે હતો તેથી તેના પ્રભાવમાં જે પ્રતાપી સર્જક શક્તિ હતી તે પણ તે જોઇ શકયો નહોતો. તે તેને મળ્યો નહોતો; તેના અદ્‌ભુત વ્યક્તિત્વનો અસલ પ્રતાપ તેણે જોયો નહોતો; નાના ગામડાના માલીકમાંથી પાટણ આજે બાર મંડળ ને બાવન શહેર પર એકહથ્થુ સત્તા કોને લીધે ચલાવતું હતું તેની એને ખબર નહોતી.

પણ જ્યારે સજ્જનમહેતા સાથે તે રાજગઢ આવ્યો ત્યારે તેને પળવાર પાછા હઠવાનું મન થયું; —ડરથી નહિ, પણ માત્ર એવા જ વિચારે કે મુંજાલને મળવાથી તેણે ઉપાડેલા કર્તવ્યને કાંઈ હાનિ તો નહિ પહોંચે. બીજી પળે તે વિચાર અદૃષ્ટ થયો; અને બાણાસુરની સાથે દ્વંદ્વ યુદ્ધ કરવા ઉતરેલા અનિરૂદ્ધ સમો કીર્તિદેવ મુંજાલ પાસે ગયો.

મુંજાલની માનસિક સ્થિતિ વળી જુદી જ હતી. જ્યારથી તેણે કીર્તિદેવને જોયો ત્યારથી તેના પ્રભાવના ભણકા તેને વાગ્યા હતા; તેની મોહક, બાલિકા સમી મુખમુદ્રા કોણ જાણે કેમ તેના મનમાં રમી રહી હતી; અને તેની ભાવના અને કર્તવ્યો સાંભળી અજાયબી લાગી હતી. આ કારણોથી સજ્જને પુરસદની વખતે કીર્તિદેવને મળવા મુંજાલ પાસે યાચના કરી કે તેણે તરત તે સ્વીકારી. મુંજાલ મનુષ્યોનો હીરાપારખુ હતોઃ અને પોતાની શક્તિ નવા ઝગમગતા રત્ન પર અજમાવવાનું તેને મન થયું હતું.

જ્યારે કીર્તિદેવ આવ્યો ત્યારે મુંજાલ તકીયે બેઠોબેઠો પાન ખાતો હતો. મીઠાશથી ભરપૂર હાસ્યથી મુંજાલે કીર્તિદેવને આવકાર દીધો.

"આવો કીર્તિદેવ! સજ્જન મહેતાને તમે ઘણા જીતી લીધા છે; તમારાં ને તમારાં જ વખાણ કર્યા કરે છે."

"મંત્રીરાજ! परगुणकथनैः स्वान् गुणान् ख्यापयंतः[1] એવા પણ વિરલા દુનિયામાં પડ્યા છે." નમ્રતાથી કીર્તિદેવે જવાબ વાળ્યો.

"મહેતાજી! તમે કીર્તિદેવને ક્યાંથી ઓળખો?" મુંજાલે એકદમ સજ્જન સામું જોઈ પુછ્યું.

સજ્જનમંત્રી ગભરાઈ ગયા; તેમનું મોઢું લાલચોળ થઈ ગયું. "હું" તે જરા ગુંચવાઈ બોલ્યા. "કીર્તિ–હું–ઉભકનો પુત્ર–દત્તક પુત્ર એટલે ઓળખું."

"એમ" મુંજાલે ડોકું હલાવી કહ્યું.

"તમે તો વણીક છો? તમારાં પણ સદ્‌ભાગ્ય કે ઉભકરાજ જેવા શિરછત્ર મેળવી શક્યા?"

"જી હા! મારાં માબાપ જે હોય તે–તેમણે મને બાલપણથી છોડી દીધો; પણ પરમારે બધી ખોટ પૂરી છે." પણ આ વાત કાંઈ સજ્જનને રૂચી નહિ. તે એકદમ ઉભા થઈ ગયા. તેને કાંઈ માનસિક ગભરામણ થતું હોય એમ લાગ્યું.

"મહેતાજી! હું હવે જાઉં છું."

"કેમ બેસોની."

"ના. મારે મહારાજને મળવું છે; પછી બીજું કામ છે. હું જઈશ." કહી ઉતાવળથી રજા લઈ તે ચાલવા લાગ્યા. મુંજાલની આંખ જરાક ઝીણી થઈ; તેને આ વર્તણુકની સમજ નહિ પડી.

"ઠીક મહેતા! આવજો" તેણે કહ્યું. અને સજ્જન ગયો એટલે કીર્તિદેવ તરફ ફરી તેણે જરાક હસીને કહ્યું: "બોલો કીર્તિદેવજી! શું કામ છે?"

કીર્તિદેવ અડધી પળ મુંજાલનું વિશાળ ભાલ અને અગમ્ય આંખો જોઈ રહ્યો. તેને લાગ્યું કે તે એક મહારથી જોડે વાગ્યુદ્ધમાં ઉતરતો હતો.

"મંત્રીવર્ય! હું બે કામે આવ્યો છું. એક આપનાં દર્શન પામી કૃતાર્થ

---

[1] પારકાના ગુણના વખાણથી જ પોતાના ગુણ જણાવતા.

કીર્તિદેવ અને મુંજાલ.

થવા; બીજું એક યાચના કરી ભિક્ષા મેળવવા" કીર્તિદેવે કહ્યું. તેની તેજસ્વી આંખોમાં કપટ નહોતું, ઉંડાણ નહોતું; માત્ર સરલતા, શ્રદ્ધા હતી. તેનો સ્વર કોમલ હતો.

તે સ્વરે, તે નજરે મંત્રીના હૃદયમાં ન સમજાય એવા સૂરો પેદા કર્યા; પણ મુંજાલે તે સાંભળવાની કે સમજવાની તસ્દી લીધી નહિ. તેણે મીઠાશથી જવાબ આપ્યોઃ "બોલો શું કામ છે?" કીર્તિદેવને મંત્રીની મીઠાશથી આશા આવી; તેણે કહ્યું "કામ તમારા જેવાને સહેલ છે. આપ કરશો?"

"ભટ્ટરાજ! તમને સહેલ લાગેઃ પણ ગમે તેવો પણ હું રાજસેવક" પોતાના શબ્દોને બોડું પાડતું, સત્તાદર્શક હાસ્ય હસીને મુંજાલે કહ્યું.

"આપ રાજસેવક નથી; રાજના ભાગ્યવિધાતા છો."

"તમારો ખ્યાલ બોટો છે."

"ના મંત્રીવર્ય! એટલું જ નહિ, પણ ભરતખંડનું ભાગ્ય પણ તમારા હાથમાં છે."

"મારા હાથમાં!" જરા વિસ્મય પામી મુંજાલે કહ્યું.

"હા. મેં ગુર્જર ભૂમિમાં પગ મૂક્યો ત્યારથી તમારા પ્રભાવનો પરચો જોતો અને સાંભળતો હું આવ્યો છું. અને તેથી જ એક યાચના કરું છું."

"શી?"

"જેમ ગુજરાતનું રાજ્યતંત્ર એક આંગળીએ ધારો છો, તેમ આર્યાવર્ત્તનું રાજ્યતંત્ર પણ ધારો" કીર્તિદેવે કહ્યું.

"એટલે?"

"મહારાજ! તમારા જેવાએ માત્ર એક રાષ્ટ્રની રાજનીતિ પાછળ જીવન સમર્પવું ન જોઇએ. આખા આર્યાવર્ત્તની રાજનીતિ હાથ કરો; છિન્ન ભિન્ન થઈ ગયેલા રાષ્ટ્રો, કુસંપી બનેલાં રાજ્યોને એકતંતે બાંધો. તમારા જેવાની શક્તિ વિના તે કોઈ કરી શકવાનું નથી."

થોડી વાર મુંજાલ જોઈ રહ્યોઃ તેને કીર્તિદેવનું મગજ ભમતું લાગ્યું.

"કીર્તિદેવજી! શું અવન્તી ને પાટણની સંધિ વિષે કહો છો? જરા સ્પષ્ટ કહો."

"મંત્રીવર્ય! તમે એમ ધારો છો કે હું પાટણને અવન્તીની સંધિ યાચવા આવ્યો છું? મહારાજ ઉભટ પરમાર તરવારની ધાર વડે સંધિ કરાવે છે; સંધિ યાચતા નથી. ગઈ કાલે એમણે ગૌરવ છોડી માગણી કરી, તે માત્ર મારે લીધે. તે માગણી ફરીથી કરી, માનભંગ થવા અવન્તીને અલ્પતા પમાડવા હું ફરી આવું એવો નથી. પટ્ટણીઓ વિગ્રહ માગશે, તો શું માલવીઓ આપશે નહિ?"

"ત્યારે તમે શું માગો છો?"

"મહારાજ! માત્ર પાટણ અને અવન્તી વચ્ચે કુસંપ છે એમ નથી. સપાદલક્ષ અને માલવાને વેર છેઃ [1]કાન્યકુબ્જાધિપ ચંદ્રદેવ મહારાજ માલવા અને સપાદલક્ષ [2]એ સાથે લઢે છે; [3]ચેદીરાજ કીર્તિવર્મા વા સાથે વઢે છે; ચીતોડના રાવલની મહેચ્છા દિનપ્રતિદિન વધતી જાય છે. આ બધાનાં વેર સમાવવાં છે. આ બધાને ભેગા કરી એક મહા પ્રબલ સૈન્ય પેદા કરવું છે. એ બધું કરવા આર્યાવર્ત્તને એક મુત્સદ્દી જોઇએ છે. એ પદવી તમે લેશો?" મુંજાલના મુખપર એકાગ્ર થયેલી કીર્તિદેવની આંખોમાંથી તેજના તણખા નીકળવા માંડ્યા. જેમ તેની વાચાનો પ્રવાહ વધ્યો, તેમ મુંજાલના પ્રભાવનો ખ્યાલ પણ ઓછા થયો. કીર્તિદેવ એક દેવનો દૂત હોય તેવો લાગતો; તેની નિર્મલ કાન્તિ ભભુકી ઉઠી; તેની એકવડી, સુકોમલ દીસતી કાઠી અણદીઠી રીતે ઘુજવા લાગી.

"આ બધી મહેનતનું કાંઈ કારણ?" શાન્તિથી મુંજાલે પુછ્યું.

"કારણ? આર્યાવર્તને માથે ભય ઝઝુમે છે, મંત્રીરાજ!"

"કેવા પ્રકારનો?"

"મહારાજ! કાલે રાજ્યસભામાં તમે પેલો અર્ધ નગ્ન મ્લેચ્છ જોયો; એ અઢિયાં તો એકલો છે. કાશ્મીર પાસે એની જાતના અબજ યોદ્ધા છે; તે બધા આર્યાવર્ત્તને ભસ્મીભૂત કરવા એક પગે થઈ રહ્યા છે; તેમનાં ભયંકર રણચીંગડાં—તેમની ભયાનક હાક ઉત્તર પ્રદેશોમાં ગાજે છે. તમે પણ ભૂલ્યા મંત્રીવીર, ગીઝનીના સુલતાને કરેલો પાટણ અને દેવપાટણનો

---

૧ કનોજ. ૨ અજમેર. ૩ બુંદેલખંડ.

વિનાશ. કાલે તો જયદેવ મહારાજે એક પાપીને પંચાંગ પોશાક આપ્યો; તેના પૌત્રો તમારાં ને મારાં છોકરાનાં દિલપર એક કાપડનો કકડો રહેવા નહિ દે."

"એટલે આપણાં રાજ્યો વચ્ચે સંધિ કરાવી એ અરિદળો સંહારવાં છે? એ મ્લેચ્છોને પાછા હાંકી કહાડવા છે?"

"હા, મુંજાલ મહેતા! અને તે તમારા વિના કોઈ કરી શકે એમ નથી."

મુંજાલ વિચાર કરતો હતો; તેની પ્રભાવશાળી આંખો કીર્તિદેવ પર ઠરી રહી હતી: તે મનમાં આ બાલયોદ્ધાની પ્રશંસા કરી રહ્યો હતો. તે થોડી વારે બોલ્યો:

"કીર્તિદેવજી! તમારી વાત સાચી છે; પણ મારાથી કે ગુજરાતથી એમાંનું કાંઈ નહિ બને."

"કેમ?" ચમકીને કીર્તિદેવે પુછ્યું.

"તમે બાલક છો; નહિ સમજો. આવી સ્પષ્ટ રીતે કોઇએ અત્યાર સુધી કહ્યું નહોતું; પણ ચાર વર્ષ પર એક અમારો જતિ હતો તે પણ એમ જ કહેતો હતો" મુંજાલે કહ્યું.

"શું?"

"મને તેના બોલો યાદ આવે છે." કહી મુંજાલે ઝીણી આંખો કરી તેના શબ્દો સંભાર્યા. "તે કહી ગયો હતો તમારા મંત્રીઓની મહેનત ધૂળ મળશે; તમારા દીકરા દીકરી ગીઝનીનાં બઝારમાં વેચાશે;[1] એ સ્પષ્ટ સાંભરે છે."

"તેની વાત સાચી છે. માટે જ કહું છું કે મારું કહ્યું માનો."

"કીર્તિદેવ!" ડોકું ધુણાવી મુંજાલે કહ્યું "તમારી વાત સાચી ભલે હોય; પણ દરેક સત્ય વાત શક્ય નથી હોતી."

"શક્ય ન હોય તો થવી જોઇએ."

"ત્યારે દુનીયાનો છેડો આવે" મુંજાલે કહ્યું. "શક્ય વસ્તુ ન હોય તો હાથમાં ન રહાવી એ મારું સૂત્ર છે."

---

૧ પાટણની પ્રભુતા.

"પણ તમે બધું શકય કરી શકો એમ છો. તમે મહાઅમાત્ય થયા ત્યારે ગુજરાત કેવું હતું? અને આજે કેવું છે?"

"પણ હું મહાઅમાત્ય હતો–તે ખબર છે? અને તે છતાં મારી પીડા હું જાણું છું. કીર્તિદેવજી! તમે માગણી કરી મારું ગૌરવ વધાર્યું છે; જો હું એક મહારાજ્યનો મંત્રી હોત; મારા તાબામાં દશ હજાર સામંત હોત તો હું તે સ્વીકારત. તે નથી, એટલે–લાચાર." કહી મુંજાલ મુગો રહ્યો. કીર્તિદેવે તેને અજબ રીતે પીગળાવ્યો હતો.

"તમે બધું કરી શકશો. મેં ઘણાખરા રાજાઓને સમજાવ્યા છે; તે બધા તમારું માનશે."

"એક ચલ્લું નહિ માને. ભય વિના પ્રીતિ સાંભળી છે? તમારા વિચારના તેજમાં તમને આંખે અંધારાં આવ્યાં છે. કુસંપ કરતાં સંપ કરવો વધારે કઠણ છે."

"તે તો મેં કાલે જ જોયું. તમારે ઘેર બેઠો સંપ આવ્યો પણ તમે સ્વીકાર્યો નહિ. નહિ તો તમારી પીઠે આજે પાટણ અને અવન્તી બે હોત."

"કીર્તિદેવ! શબ્દોની શોભાથી હું છેતરાતો નથી. હું અને પાટણ ઉભક પરમારના ગુલામ થઈ રહેત; પાટણના ઉગતા ગૌરવનો અસ્ત થાત."

"એમ જ બધા માને તો કોઈ ભેગા મળી યવનોની સામે થાયજ નહિ."

"જેણે તમને ભેગા થવાનું વચન આપ્યું હશે તેનો મુદ્દો હું સમજું છું."

"શો?"

"યવનોને હરાવી દરેક જણ ચક્રવર્તી થવા આશા રાખતો હશે." મુંજાલે કહ્યું.

"ત્યારે એ આશાએ તમે કેમ નથી જોડાતા?"

"ગુજરાત હજી નાનું છે; તે હજી હમણાં જ પગભર થાય છે. તે એવી આશા રાખે તો મૂર્ખ ઠરે. યવનો તો કોણ જાણે ક્યારે હારે–પણ આવતે વર્ષે અમારું નખોદ વળી જાય."

નિરાશાભર્યો હૃદયથી કીર્તિદેવ જોઈ રહ્યો.

મુંજાલે આગળ ચલાવ્યું.

"તમારા જેવા નિઃસ્વાર્થી માણસ આગળ સત્ય બોલતાં મને શી હરકત? મહા મહેનતે મેં મારી ઝુંપડી ઉભી કરી છે; આર્યાવર્ત્તનો મહેલ ચણવા જાઉં તો એ ઝુંપડી ચગદાઈ જાય. સમજ્યા? તમને જે મહેલ બાંધવાની હોંશ છે–તે તમે ભલે બાંધો; મુંજાલ તો એની મહુલીજ સંભાળશે."

"એટલે મારાં સ્વપ્નો તો નષ્ટ થવાનાં?" દીલગીરીભર્યા અવાજે કીર્તિદેવે કહ્યું.

"ત્યારે તમારાં સ્વપ્ન ખાતર, શું હું મારાં સિદ્ધ થયેલાં સ્વપ્નો નષ્ટ કરૂં?"

"ત્યારે એક નાના રાજ્યની મહત્ત્વાકાંક્ષા સાચવવા આર્યાવર્ત્તનું સત્યાનાશ વાળવા દેવું, એમાં તમારૂં મુત્સદ્દીપણું?" નિરાશાએ ડંખેલા હૃદયથી કીર્તિદેવે કહ્યું–કહેવાઈ ગયું. મુંજાલે ગૌરવથી ઉંચું જોયું; તેને લાગ્યું કે કીર્તિદેવની નિઃસ્વાર્થ બુદ્ધિ જોઈ તેણે અણધારેલી અયોગ્ય ભલમનસાઈ દેખાડી હતી. તેની આંખો નિશ્ચલ થઈ.

"તેનો જવાબ લેવાનો તમારો અધિકાર નથી." શાન્તિથી તેણે કહ્યું "હું છું ત્યાં સુધી મારૂં મુત્સદ્દીપણું ગમે તેવું હશે તોપણ–ચાલશે."

"અને મારૂં ચાલશે ત્યાં સુધી નહિ ચાલવા દઉં" સત્તાથી કીર્તિદેવે કહ્યું.

મુંજાલ તિરસ્કારભર્યું હસ્યો "એવું મને ઘણા કહેનારા મળ્યા છે. અને"–

"અને તમે તે બધાનો પરાજય કર્યો છે." કીર્તિદેવે ઉમેર્યું. નિરાશાથી તેના મગજમાં ગુસ્સો પેદા થયો હતો. "તમે એમ ધારો છો કે આર્યાવર્ત્તના ભવિષ્યને આડે આવતાં તમે ફાવશો? મંત્રીરાજ! તમને ડરાવતો નથી; પણ ખરી વાત કહું છું. હું થોડે દિવસે અવન્તી જઈશ. સમય આવે મારી ઈચ્છા સિદ્ધ કરીશ. દેશ દેશના રાજાઓનાં સૈન્યો વડે મ્લેચ્છોનો સંહાર કરાવીશ. અને જીવતો રહીશ તો બતાવીશ કે **सत्यमेव जयते**–નહિ, કે તમારી ટુંક બુદ્ધિની સ્વાર્થી રાજ્યનીતિની–તો ખાત્રી કરી દઈશ કે **ગુજરાત એ આર્યાવર્ત્તનું અંગ** નથી, પણ સ્વાર્થી **શ્રાવક** ધનાઢ્યોને ધન સંચય કરવાનું ચૌટું છે. **ઉંબરરાજ** કહે છે તેમ **પાટણ** માત્ર **અવન્તીનું** મંડલ થવાને જ યોગ્ય છે." કહેતાં કહેતાં કીર્તિદેવ ઉભો થઈ ગયો તેની જાજ્વલ્યમાન કાન્તિ દેવ જેવી દીપી રહી. આ ઉભરાકાનો ઉછળતો સાગર મુંજાલના શાન્ત ગૌરવ પર અથડાયો અને વિખેરાઈ ગયો.

"તમારી આશાઓ સિદ્ધ ન થઈ તો?"

"તો હું જગતને કહીશ કે જ્યારે બધાં રાજ્યો સંધિ કરવા તૈયાર હતાં—જ્યારે બધાના સંપથી યવનોનો સંહાર થાત અને ભરતખંડ બચી જાત—ત્યારે એક મંત્રીએ તેમ ન થવા દીધું. જ્યારે તમારાં રાજ્યોનો વિનાશ થશે—તમારૂં પાટણ પાધર થશે—ત્યારે કહીશ કે આ બધો પ્રતાપ એક મંત્રીનો—એક સ્વાર્થપરાયણ મુત્સદ્દીનો. તમારો જતિ કહી ગયો તેમ જ્યારે તમારા દીકરા દીકરીઓ ગુલામીમાં વેચાશે—ત્યારે તમારાં કર્તવ્યનું પરિણામ શું છે, તે સમજશો." જુસ્સાથી કીર્તિદેવના અંગેઅંગ ધ્રુજતાં હતાં.

"કીર્તિદેવ!" એક પળ વાર થોભી મુંજાલે સખ્તાઈથી કહ્યું. "તમે ઉશ્કેરાઈ ગયા છો, એટલે વધારે વાત કરવામાં માલ નથી. તમે અવન્તી ક્યારે જાઓ છો?"

"આવતી અમાવાસ્યાએ."

"મારૂં માનો તો આજે જ વદાય થાઓ."

"કેમ?"

"કારણ જાણવાની જરૂર નથી."

"શું મહાઅમાત્ય તરીકે શાસન કરો છો? હું અવંતીનો સંધિવિગ્રહક છું, હોં" ગૌરવથી કીર્તિદેવે કહ્યું.

"હું શાસન નથી કરતો, શીખામણ આપું છું. માટે જેમ વહેલા પાટણ છોડો તેમ સારૂં."

"ડરાવો છો?" ગુસ્સે થઈ કીર્તિદેવે પુછયું.

"જેની પાસે શક્તિ કે સત્તા ન હોય તે ડરાવે; મારી પાસે બન્ને છે. જય સોમનાથ આવજો" શાંતિથી મુંજાલે કહ્યું અને તે ઉભો થઈ ગયો.

કીર્તિદેવ નીકળ્યો; તેના મનમાં નિશ્ચયાત્મક બુદ્ધિનો પ્રવેશ થયો હતો; તેનું હૈયું ગુસ્સાથી, નિરાશાથી બળી રહ્યું હતું.

તેના ગયા પછી તેની પાછળ મુંજાલ જોઈ રહ્યો; અને આખરે બબડ્યોઃ "શું છોકરો! શું પ્રભાવ! આવો પુત્ર હોય તો ઇકોતેર પેઢી તારે. શું બોલવાની છટા—ભયંકર! એને અહિયાં રહેવા નહિ દેવો જોઇએ.

પર્વત પણ પીગળાવવાનું એની જીભમાં જોર છે. અરે બહાર કોઈ છે કે?" બહારથી વિહારી આવ્યો "બાપુ! શો હુકમ છે?"

"કેમ! શી ખબર છે?"

"રાતના બાર વાગે સજ્જન મહેતાની વાડીમાં બધા ભેગા થવાના છે. વિહારીએ કહ્યું."

"કોણ કોણ?"

"એક તો આ ગયો તે–કીર્તિદેવ; બીજો કાક, પેલો કૃષ્ણદેવ"–

"તે હજુ અહિયાંજ છે?"

"જી, હા. કીર્તિદેવનો જમણો હાથ છે."

"પછી?"

"દ્વિજદેવ ને બીજા થોડાક છે. હું પછી બધાનાં નામ કહીશ."

"શું કામ?"

"આપે જે જવાબ આપ્યો હોય તેના પર વિચાર કરવા."

"પેલો કાક કેમ છે?"

"બાપુ! તે સમજ્યાનું નથી. એ તો બધાનોજ ખાસ મિત્ર દેખાય છે. કીર્તિદેવનો, કૃષ્ણદેવનો, મંડલેશ્વર મહારાજનો, ને મહારાજ્ઞાનો."

મુંજાલ હસ્યો. "હરકત નહિ. એ બધું તારે સમજવાની જરૂર નથી. બીજું કાંઈ?"

"બાપુ! અત્યારે એ કાક પરણ્યો."

મુંજાલ હસ્યો. "પરણ્યો? કોની સાથે?"

"રૂદ્રદત્ત કવિ હતા ને તેની છોકરી જોડે. મંડલેશ્વર મહારાજ ને કાશ્મીરાબા પણ હતાં."

"ક્યાં પરણ્યો?"

"જનાર્દન પંડિતના ઘરમાં."

"વાહ! ડુંગરનાયકને કહી આવ કે મને મળી જાય ને દશ મલ્લ તૈયાર રાખે."

"જેવી આજ્ઞા" કહી વિહારી ગયો.

"જોઇશ હવે એ રાતના બધા શું કરે છે." કહી મુંજલ મીનળદેવી પાસે ગયો.

## પ્રકરણ ચોથું.

### કાશ્મીરાદેવી ગુરૂપદે.

મુંજલમહેતાએ રાજ્યમાતા પાસે જઇ કીર્તિદેવ સાથે થયેલી વાતચીતનો સાર કહ્યો. આખરે મીનળદેવીએ કહ્યું:

"ત્યારે મહેતા, હવે શું કરવાના?"

"રાત્રે શું થાય છે તે હું જોવા જઇશ."

"તું પોતે? બીજા કોઇને મોકલની તારો જીવ શા માટે જોખમમાં નાખે છે?"

"આપ મુવા વગર સ્વર્ગે જવાય? મારે જાતે જ જોવું છે કે કાવત્રાંબાજો શો વિચાર કરી રહ્યા છે. તમે ફીકર કરશો નહિ. મને કાંઈ થવાનું નથી."

"કેમ જાણ્યું?" મીનળદેવીએ હસીને પુછ્યું.

"તમારો આશીર્વાદ છે ને." મુંજલનાં નેત્રો જરા ચમકી ઉઠ્યાં. "અને એ કાવત્રાંબાજના નાયકને મારા હાથમાં રાખીશ."

"કોણ કીર્તિદેવ?"

"હા. આજે સાંજે તેને પકડીને કેદમાં પુરીશ. એ માણસ ભયંકર છે. દેવી! તમે તો એને જોયો નથી; પણ પર્વત ડોલાવે એવો છે. એના જેવો જો આપણે ત્યાં હોય, તો કેટલો કામ લાગે?"

"અવન્તીમાં કોણ જાણે કેટલાં કેટલાં રત્નો ભર્યાં છે?" રાણીએ વિચાર કરીને કહ્યું.

"તેથીજ અવન્તી આટલું પ્રભાવશાળી છે. આપણે ત્યાં શૂર પણ છે ને ધન પણ છે. પણ જોઇએ તેટલી મહત્તા નથી."

"એટલે ?"

"દેવી ! આપણે ત્યાં છે બધું; પણ સાથે સ્વાર્થીપણું પણ છે. સ્વાર્થ અને મહત્તા એ બે સાથે કેમ રહે ?"

"કેમ કરવું ? આપણા મંત્રીમાં જોઇએ તો ઉદા, ને સામન્તમાં પેલો દ્રેશળ" રાણીએ કહ્યું.

"છેક એવું નથી" મશ્કરીમાં હસી મહાઅમાત્યે કહ્યું. "મંત્રીમાં હું, અને સામન્તમાં ત્રિભુવન છે ની? અને હમણાં એક ત્રીજો આવ્યો છે. તે પણ આગળ જતાં બધાને ટક્કર મારશે."

"કોણ ?"

"કાક. એ ભટ્ટરાજ તો કાલે થયો; પણ એ બધાને પાણી ભરાવશે. તેની પણ કસોટી મારે આજે રાત્રે જ કરવી છે."

"એ પણ કાવત્રાંબાજ છે ?"

"કાંઈ સમજાતું નથી. જયદેવ, ત્રિભુવન, કીર્તિદેવ અને કૃષ્ણદેવ–બધા એને મિત્ર માની બેઠા છે."

"કૃષ્ણદેવ કોણ ? પેલો જુનાગઢીયો."

"હા."

"એ પણ ઠીક હાથમાં આવ્યો છે. નવલણને કહીએ કે તું"—

"લો, આ કાશ્મીરાદેવી આવ્યાં" મુંજાલે હસતાં હસતાં કહ્યું, અને શોભા ખાતર શરમાતી કાશ્મીરાદેવી ત્યાં આવી.

"કેમ દીકરી ! કેમ છે ?" મીનળદેવીએ પુછયું.

"સારૂં" કહી કાશ્મીરા જરા આઘી ઉભી રહી, એટલે મુંજાલ ઉઠી ઉભો થયો.

"કેમ ? તું તો લગન મહાલી આવી ?" મુંજાલે પુછયું. કાશ્મીરા ચમકી. તેણે ધાર્યું હતું કે કાકના લગ્નની વાત કોઇ જાણતું નહોતું. મુંજાલે મીનળદેવી તરફ ફરીને કહ્યું: "તમે જાણ્યું ? આ તો વરની મા છે."

"મામાજી !" કાશ્મીરાએ માર્મિક અર્થમાં કહ્યું "લગ્ન ગાળો ખરો તો હજુ હવે આવવાનો છે."

મુંજાલ હસતો હસતો ત્યાંથી ગયો અને મીનળદેવીએ પુછ્યું: "કોનાં લગ્ન થયાં?"

"કાક અને મંજરીનાં પણ એ વાત કોઇને કહેશો નહિ."

"કેમ?"

"કારણ કે ઉદો એ છોકરીને પરણવા માગતો હતો. એટલે મેં એ બે જણને પરણાવી દીધાં." હસીને કાશ્મીરાએ કહ્યું.

જવાબમાં હસીને મીનળદેવીએ કહ્યું: "હવે એક જણ પરણાવવો રહ્યો છે."

"કોણ?"

"ત્રિભુવન, લાટની મૃણાલ કુંવરીને લાવવી છે ને."

"અહં—પણ હજુ એક જણ રહી ગયું."

"કોણ?" મીનળદેવીએ કહ્યું.

"મામાજી." હસવું છોડી એકદમ ગંભીરતાથી કાશ્મીરાદેવીએ કહ્યું.

મીનળદેવીનું હસતું મોઢું ફીકકું પડી ગયું. સત્તાથી તે જોઈ રહી; અને હોઠ પર હોઠ દાબ્યા.

"તમે કેમ એને પરણવાનું નથી કહેતાં?" સચોટતાથી કાશ્મીરાએ પુછ્યું. આખા રાજ્યમાં કોઇને હક ન હોય તેવા હક્કો કાશ્મીરા ભોગવતી. અને તેમાંનો એક રાજ્યમાતા કે મહાઅમાત્ય જેવી ભયંકર ગૌરવશીલ વ્યક્તિઓને પણ સીધી અને સચોટ રીતે ઠેકાણે લાવવાનો.

"હું શું કહું?" કાંઈ જવાબ નહિ સુઝતાં મીનળદેવીએ કહ્યું.

"બા! તમે નહિ કહેશો તો કહેશે કોણ? તમે રાજ્યમાતા છો. રાજ્ય સેવકોનું હિત તમે નહિ સાચવશો તો કોણ સાચવશે?"

"મુંજાલ માને એવો નથી."

"બીજા કોઇનું નહિ માને. તમારૂં માનશે." દ્રઢતાથી રાણીના સત્તાશીલ મુખપર સત્તાભરી આંખો ઠેરવી કાશ્મીરાએ કહ્યું. થોડી વાર થોભી તેણે ઉમેર્યું. "તમારી જગ્યાએ હું હોત તો એમને મ્હારના પરણાવ્યા હોત."

મીનળદેવીનાં ભવાં ચઢ્યાં; તે આ વાચાળ ભત્રીજી તરફ જોઈ રહી. "કાશ્મીરા!" તેણે સત્તાથી કહ્યું. "તું નાને મોઢે કેટલું બોલે છે?"

"શું કરું? મોટા મોઢાવાળાં કાંઈ કરતાં નથી. તે પહેલાના મામા-જીજ ક્યાં છે? તે તમે જોયું છે? એના ખભાંને ખુંધ આવી છે. એની તરવારની ધાર જેવી આંખો પર કાટ ચઢ્યો છે. રાજ્યકારભાર ચલાવતાં એ થાકી જાય છે. કોઇક વખત અણજાણતાં નિસાસો પણ મુકે છે. કોઇ દિવસ એમને "પ્રભુની મરજી" એમ કહેતાં સાંભળ્યા હતા? મેં છેલ્લા થોડા દહાડામાં ચાર પાંચ વખત એ શબ્દો તેને મોઢે સાંભળ્યા. બા! બા! એમને અણજાણીતું કષ્ટ સહોરે છે; અને તમે તે જોવાની તસ્દી પણ લેતાં નથી."

કાશ્મીરાનો દરેક શબ્દ મીનળદેવીના હૃદયને ઘા દેતો હતો; પણ હિમતથી તેણે સ્વાસ્થ્ય રાખી, વાત ઉડાવવા પ્રયત્ન કર્યો.

"કેમ, તને ત્રિભુવને મામાનો પક્ષ લેવા મોકલી છે કે શું?"

"તે શું કામ મામાનો પક્ષ લે–? તમે જાગતાં જ્યોત બેઠાં છો ને?"

"તે ગમે તેવો પણ ભાણેજ–ને હું તો રાજ્યમાતા." મીનળદેવીએ કહ્યું.

કાશ્મીરા તિરસ્કારપૂર્વક હસી. "બા! તમે જાણો છો ને આમ વાત શા માટે ઉડાવા મથો છો? આખી દુનીયા જાણે છે કે તમારા ને તમારા દીકરા માટે એણે જેટલું કર્યું છે, તેટલું કોઇએ કર્યું નથી ને કોઈ કરવાનું નથી." કાશ્મીરાએ અનુભવી યોદ્ધાની ઝડપથી ઘા પર ઘા કરવા માંડ્યાઃ રાણીએ તે વારવા એક મહા પ્રયત્ન કર્યો.

"પ્રસન્ન! જે કાંઈ કર્યું તે અમાત્ય તરીકે કર્યું."

"બા! આ શબ્દો તમને નહિ શોભે. કૃતઘ્ની શેઠના ભાડુતી વાણોતર છે તે મેં આજે જ જાણ્યું. મામાજી એ જાણતા હોત તો મામીજીને તે મરવા દેત નહિ." કહી કાશ્મીરાએ બ્રહ્માસ્ત્ર છોડ્યું, મીનળદેવીને આ વાગ્બાણે વિંધી નાંખી, પ્રીક્ષા હોઠે તે જોઈ રહી "તું મારી જોડે લડવા આવી છે?"

"ના બા! પણ કોઇ કોઈ વખત સાચું કહેનાર પણ માણસ જોઇએ."

"ત્યારે કહે જોઇએ" રાણીએ ગુસ્સો ગળે ઉતારી ધીમેથી પુછ્યું. "મુંજાલ શાથી આમ કરે છે?"

"એમની એકલતા એમને સાલે છે. એ બીજાની તજવીજ કરનારૂં કોઈ નથી એજ પીડા છે."

"આટલા સેવકો ઓછા છે?"

"સેવકે ચાલતું હોય તો લોકો સ્ત્રી કરે શું કામ?"

રાણીના મુખપરથી ખીન્નતાનું વાદળું પસાર થયું. "તું એને પરણાવવા માગે છે?"

"હા."

"એ નહિ પરણે" રાણીએ કહ્યું. કાશ્મીરા જાણે ધા ઉગામવા વખત લેતી હોય તેમ થોભી અને કહ્યું "તમે કહેશો તો પરણશે."

"કેમ જાણ્યું?"

"તમારો બોલ એણે કદી ઉથામ્યો છે?"

રાણી કાંઈ જવાબ આપી શકી નહિ.

"એને લાયક સ્ત્રી પણ મેં જોઈ કાઢી છે."

"કઈ?"

"સજ્જન મહેતાની દીકરી સોમ."

મીનળદેવી ચમકી; તેનાં ભવાં ચઢ્યાં.

"જુની શેઠાણીની ભત્રીજી! મુંજાલ એને કેમ સ્વીકારશે?"

"બધું તમારા હાથમાં છે. આજે સાંજે હું સોમને અહિયાં મોકલાવીશ. જોજો. વિચાર કરજો. આટલી આટલી સેવા પછી મામાજીને આ બદલો વાળવો જોઇએ; નહિ તો એમનું દુઃખ વધશે. ચાલો હું જઉં છું." કહી કાશ્મીરા ઉઠી અને રજા લઈ વિદાય થઈ.

રાજ્યમાતા સ્થિર દૃષ્ટિએ ક્યાં સુધી ભોંય સામું જોઈ રહ્યાં; અને આંખમાંથી એક આંસુ ધીરે રહીને ખર્યું. થોડી વારે તેણે આંસુ લુછ્યાં અને તે બબડ્યાં: "કાશ્મીરાની વાત ખરી છે. મુંજાલનું કાંઈ કરવું જોઇએ."

## પ્રકરણ ૫ મું.

### આનંદરાત્રીનો અનુભવ

પાણિગ્રહણથી પરવાર્યા પછી કાક સજ્જનમહેતાને ત્યાં ગયો. મુંજાલે કીર્તિદેવને શો જવાબ આપ્યો તે જાણવાને તે ઉત્સુક હતો; પણ કીર્તિદેવ આવ્યો નહોતો એટલે તે પાછો આવ્યો.

કીર્તિદેવે કાકને આંજ્યો હતો; અને તેના દિવ્ય ગુણોનું ગાન કાકે મંડલેશ્વર અને કાશ્મીરાદેવી આગળ કર્યું હતું. તે બન્ને ગુણગ્રાહી પતિ-પત્નીમાં આવા અસાધારણ યોદ્ધાને જોવાની જીજ્ઞાસા વધી હતી; અને રાત્રે કીર્તિદેવના મિત્રો સજ્જનને ત્યાં ખાનગીમાં મળવાના છે એ વાત જાણી બન્નેએ ત્યાં આવી તેને છુપી રીતે જોવાની ઇચ્છા દર્શાવી. કાકે પણ ત્યાં તેમને લઈ જવા કબૂલ કર્યું.

નવવધૂ રૂખેને ઘેર એકલી રહી જાય એમ ધારી કાશ્મીરાએ જીદ કરી મંજરીને પણ સાથે લેવાનું નક્કી કરાવ્યું.

સજ્જન મહેતાના વાડામાં મધરાત પછી જવાનું હતું, એટલે રાત પડતાં કાક પોતાની મેડીયે ગયો. એનું હૃદય કંપતું હતું. જે લગ્ન માટે તે તલસતો હતો—જે લગ્નને તે નિર્વાણ સમું આનંદમય માનતો હતો, તે લગ્ન થઈ ગયે તે વધારે દુઃખી થયો. મંજરી માટે તેને માન અને પ્રેમ હતાં; તેને તે દેવસુંદરી માનતો હતો. પણ મંજરીનું નિશ્ચલ હૃદય, તેનું અસ્પર્શ્ય અભિમાન, તેણે માગી લીધેલું વચન—આ બધાથી કાકનું જીવન ખારૂં થઈ ગયું હતું. તેના હૃદયમાં માત્ર એક આશાનું બિન્દુ હતું. કાક હવે ભટ્ટ-રાજ થયો હતો; તેની સેવાની કૃતજ્ઞતા જાહેરમાં પાટણના નરપતિએ કરી હતી; આ બધું જોઈ શા સારૂ મંજરી નહિ પીગળે—શા સારૂ તેના વચ-નમાંથી કાકને મુક્ત નહિ કરે?

બ્હીતો બ્હીતો તે મેડીમાં આવ્યો. કોડીલી કાશ્મીરાદેવીએ, કાક દીયેર હોય તેવી હોંસથી, કાક અને મંજરીના સહજીવનનો સમારમ્ભ અને તેટલો રસિક કરવા પ્રયત્ન કર્યો હતો; અને યુધ્ધોમાંજ ઉછરેલો યોધ્ધો પળવાર શણગારેલા ખંડની સામગ્રીઓ તરફ, તેમાં વિરાજી રહેલી અનુ-

પમ લાવણ્યમયી મંજરી તરફ જોઈ રહ્યો. સ્વર્ગનાં અનેરાં સુખનો ભંડાર નજર આગળ ખુલતો હોય તેમ એને લાગ્યું. તે આ દૃશ્યથી ચડેલા નિશામાં મસ્ત બની ઉભો રહ્યો.

પણ તેનો આ મોહ તરત ઉતરી ગયો. સામે હિંચકાપર બેઠેલી રંભાસમી મોહક માનિનીના ગર્વમાં મરડાયેલા હોઠ તેની આંખની તેજસ્વી, ટાઢી, અભિમાન ભરી નિશ્ચલતા—આ બધે તેને ચડેલા નિશાને ઉતારી મૂક્યો. સંસ્કારરૂપી ગિરિરાજના ગગનચુમ્બી હિમવાન શિખરપર તે બેઠી હતી; પોતે હતો પૃથ્વીના એક નિર્જીવ સ્થાનમાં, માત્ર એક અસંસ્કારી લડવૈયો.

ક્ષોભે તે મહારથીને મહાત કર્યો. જાણે પોતે નવવધૂ હોય તેમ તેનું અંગ કાંપતું હતું. માત્ર તેના અંતરમાં એક મંત્રનો જપ ચાલતો હતો. "કૈલાસમિવ દુર્ધર્ષમ્ કાલાગ્નિમિવ દુઃસહમ્." તેણે મંજરીનું ધ્યાન ખેંચવા ખાંસી ખાધી.

ગર્વથી મંજરીએ માથું ઉંચું કર્યું; અને સ્વાસ્થ્યથી તેની સામું જોઈ રહી. સ્પષ્ટ જણાતી ઈક્ષાશ વિના તેના મોઢાપર કાંઈ ફેરફાર નહોતો. કાક ધીમેથી ડગલાં ઉપાડતો પાસે આવ્યો. હોઠ દાબી,તે પણ હૈયું શાન્ત કરવા મથતો હતો. તે આવીને આઘે બેઠો અને મંજરીની સામું જોઈ રહ્યો.

મંજરી થોડીવારે બોલીઃ "કેમ પરણ્યા? હવે વચન ક્યારે પાળો છો?" તેના અવાજમાં તિરસ્કાર હતો.

કાક ચમક્યો; તેને ગળે ડુમો આવ્યો; તેણે મહા મહેનતે ખંખારી ગળું સાફ કર્યું; સખ્તાઈને લીધે સામ્રાજ્ઞી સમી મંજરી જવાબની વાટ જોઈ રહી.

કાકે ધીમેથી કહ્યુંઃ "વચન!"

"હા—વચન! મને ખબર નહોતી કે લાટના બ્રાહ્મણો આટલી વખતમાં વચન વિસરે છે" શાન્તિથી મંજરીએ કહ્યું. તેનો શાન્ત તિરસ્કાર કાકને વિંછીના ડંખ જેવો કરડ્યો.

"મંજરી! વચન હું ભૂલી ગયો નથી."

"ત્યારે ક્યારે પાળો છો?" રોકડમાં મંજરીએ પુછ્યું. તેનો દરેક પ્રશ્ન કાકના ગૌરવના ચૂરેચૂરા કરતો હતો.

"મંજરી! મંજરી! તું આવી પાષાણ હૃદયની છે? મેં નહોતું ધાર્યું કે તું આવી હશે" કાકે નિરાશાથી કહ્યું.

"મેં તમને પહેલેથી કહ્યું હતું."

"હા. પણ તેને તું વળગી રહેશે એમ મેં નહોતું ધાર્યું."

"તમે તમારે કાટલે મને જોખી હશે." અવર્ણનીય તિરસ્કારથી મંજરીએ કહ્યું.

"હા–હા" કાક ઉભો થઈ ગયો અને બોલ્યો. તેનો પિત્તો ઉછળી આવ્યો હતો; તેનું માનભંગ થયેલું હૃદય ગુસ્સામાં, નિરાશામાં ફાટી જતું હતું. મેં માણસને કાટલે તને માપી હતી. મેં ધાર્યું હતું કે તારા હૈયામાં અમી હશે. મેં આશા રાખી હતી કે, પરણ્યા પછી તું પીગળશે–મારી સેવાથી રીઝી મારૂં અંતર ઠારશે."

"કાકભટ્ટજી! દરેક સેવકને સ્વામી કરૂં તો પરણતાં પારે ન આવે." અભિમાનથી ઉભી થઈ, કાક તરફ અડધી પુઠ ફેરવતાં મંજરીએ કહ્યું.

એક પળ આ અડગ અભિમાને કરેલા ભયંકર ઘાથી કાક ઘવાયો–મુંઝાયો. શું કરવું તે તેને સુઝયું નહિ. તેના અંતરે એક મંત્ર ભણી રસ્તો સુઝાડયો. તે મંત્ર તે મનમાં બબડયો "ઠીક છે. હું કૈલાસ જેવો દુર્ધર્ષ થઈશ; કાલગ્નિ જેવો અસહ્ય થઈશ" તેણે દાંત કચકચાવ્યા.

"મંજરી! ગમે તેવો પણ હું તારો સ્વામી છું." મંજરીએ જવાબ નહિ દીધો; તેણે માત્ર પુરેપુરી પુઠ ફેરવી.

"આ તારા સંસ્કાર! આ તારી ભાવના! શું પતિપરાયણ સ્ત્રી!" કાકે તિરસ્કારથી ઉમેર્યું.

"પતિપરાયણ!" ધીમેથી ફરીને તિરસ્કારપૂર્ણ નયનોની પ્રભા કાક-પર નાંખી મંજરીએ કહ્યું: અને તે જરા હસી "તમે મારા પતિ!"

"હા! અગ્નિદેવની સાક્ષી વિસરી ગઈ?"

મંજરીએ જવાબ નહિ આપ્યો.

"મંજરી! તું સમજે છે કે હું અધમ છું–તું કહેશે તે સાંખી રહીશ. હા તે પણ કરીશ–જ્યાં સુધી હૃદયેશ્વરી માનું છું ત્યાં સુધી. પણ

જો તું મને વધારે દુઃખ દેશે, તો હું નહિ સાંખું. હું ચેાહ્લો છું; મારૂં હૃદય પણ વીર ભાવે ઉછળે છે; મારી રગેામાં પણ ભગવાન્ જમદગ્નીનું શુદ્ધ સનાતન લેાહી વહે છે હોં."

"તમે શું કરશેા?" માથું ગર્વમાં ઉંચું કરી નિડરપણે મંજરીએ પુછ્યું.

"મારેા અધિકાર છે તે" ગુસ્સામાં હેાઠપર હેાઠ દાબી, કાકે કહ્યું. તેની આંખમાંથી તનખા ખરતા હતા.

"તમારેા અધિકાર?" જરાક હસી મંજરીએ પુછ્યું.

"હા. તારા સ્વામી તારા નાથ તરીકેનેા" વિજય નાદથી ગાજતા અવાજે કાકે કહ્યું. જવાબમાં મંજરી તિરસ્કારભર્યું ફરીથી હસી. તે હાસ્યે કાકનેા સંયમ તેાડી નાંખ્યેા "મંજરી! તું મારી છે—સમજી" કહી તેણે એક છલંગ મારી, મંજરીને બાથમાં ભીડી; તેણે પ્રચંડ ઉર્મિઓના સત્વ સરખું એક ચુંબન તેને કર્યું.

પણ પ્રત્યુત્તર વિચિત્ર, અણધારેલેા મળ્યેા. તેણે ચીસની, ગભરાટની આશા રાખી હતી. તેને બદલે જવાબમાં મંજરી ખડખડાટ હસી; અને તેના દરેક હાસ્ય તરંગમાં અવર્ણનીય તિરસ્કાર હતેા. આ હાસ્યથી કાક ચમકયેા, તેનેા જુસ્સેા જતેા રહ્યેા, તે બાથ છેાડી આધેા જઈ ઉભેા રહ્યેા.

"સાબાશ" શબ્દેશબ્દને ભયંકર ગર્વભર્યા ઉચ્ચારણથી ઉચ્ચારતાં મંજરીએ કહ્યું: "સાબાશ ભૃગુપુત્ર! સાબાશ બ્રાહ્મણશ્રેષ્ઠ! શેા તમારેા સંયમ? શા તમારા સંસ્કાર? શું પ્રતિજ્ઞાનું પાલન? શી તમારી વીરતા? આ શુદ્રસમ અધમ આચરણથી મારા સ્વામી થવું છે? શું મને લાટની બ્રાહ્મણી ધારી કે આ બહાદુરીપર વારી જઈ હું તમારી હૃદયેશ્વરી થઈ જઇશ? કાકભટ્ટજી! તમારામાં અનેક પ્રકારની ક્ષુદ્રતા મેં કલ્પી હતી; પણ આવી નહેાતી ધારી" તેના શબ્દેા તેના બીડેલા હેાઠમાંથી સાપના સુસવાટની પેઠે નીકળતા; તેની આંખની ચમક તરવારની ધાર સમી કાકનું અંતર કાપી નાંખતી.

કામદેવના કેટલાંક ફરમાનને તાબે થવું પડે છે—જાણ્યાં અજાણ્યાં તાબે થઈ જવાય છે; અને તાબે થતાં થતાં તે માટે પશ્ચાત્તાપ શરૂ થઈ

જાય છે. કાકે દુઃસહ, પ્રબલ ઉમળકાને વશ થઇ મંજરીને બાથ ભીડી હતી. પણ તેને તરત પસ્તાવો થવા માંડ્યો; તેને પોતાની અધમતાનો ખ્યાલ આવ્યો. અને તે સાથે મંજરીના હૃદયભેદક શબ્દકટાક્ષે તેને વીંધી નાંખ્યો. તે શરમીન્દો થઇ રડવા જેવો બની ઉભો રહ્યો. સત્તાના અવતાર સરીખી દીસતી મંજરી સચોટતાથી વિષમય વાક્પ્રાણની પરંપરા છોડતી હતી; તે કાયરની માફક તેની સામે શિર નમાવી ઉભો; તેનાથી નીચેથી ઉંચું ન જોવાયું. જો જીભ કરડી નાંખે થયું ન થયું થઇ શકત તો તે કરવા રાજી હતો. તેનો ક્રોધ જતો રહ્યો; તેનો જુસ્સો અને મોહ ઓસરી ગયાં.

"કાકભટ્ટ" થોડીકવાર થોભી મંજરીએ આગળ ચલાવ્યું "શું કામ શરમિન્દા પડો છો? તમારી યોગ્યતા તમે તમારે હાથે જ સિદ્ધ કરી." મંજરીના અવાજમાં તિરસ્કાર જઇ કરૂણાપૂર્ણ ગાંભીર્ય આવ્યું અને તેણે ધીમેથી ઉમેર્યું: "બ્રાહ્મણો સંયમ છોડે તો પૃથ્વી રસાતલ જાય–એમ મારા પિતા કહેતા હતા. કાક! તમે આવા અબ્રાહ્મણ થશો એમ મેં નહોતું ધાર્યું."

"મંજરી!" મહામુશ્કેલીએ કાકે જવાબ દીધો "મંજરી! તારાથી કહેવાય તે કહે–પણ વધારે ટાંણાં મારે શું ફાયદો?"

"હાસ્તો! પત્થર પર પાણી."

કાકે હોઠ દાબ્યા. તેણે કહ્યું: "જો! પરિણામ એવું આવશે કે તું પસ્તાશે." કાકમાં ફરીથી જુદાજ પ્રકારનો જુસ્સો ઉછળવા માંડ્યો છે.

"એનો અર્થ એટલો જ કે, તમે તમારૂં જોર ફરીથી જણાવશો. એ તો હું જાણું છું." તિરસ્કારથી મંજરીએ કહ્યું. "ભર્તૃહરિ મહારાજ કહી જ ગયા છે ગુનીમન્વેતિ શ્વા[1]–બ્રહ્મદેવ! તમારો સંયમ ગયો–તમારૂં વચન ગયું. તમારી શ્વાનતા સિદ્ધ કરવી છે! આવો હું આ ઉભી" કહી ગૌરવથી, માત્ર નેત્રમાં દીપતા તેજથી જ કાકને ડરાવતી તે ઉભી રહી.

શ્રીકૃષ્ણને પણ સહિષ્ણુતા છોડાવે એવા અપમાનકારી વચનથી કાકના ગુસ્સાનો પાર રહ્યો નહિ. તે ટટ્ટાર થયો અને સ્થિર નયને મંજરીને જોઇ રહ્યો. ગુસ્સામાં તેની કાન્તિ પણ ભવ્ય બની હતી.

---

૧ 'કુતરો કુતરી પછાડી જાય છે.' ભર્તૃહરી વૈરાગ્ય શતક.

"બહુ થયું! મંજરી! અપશબ્દોને પણ હદ હોય છે. તું તારી જાતને ગર્વના મદમાં શ્રેષ્ઠ માને છે, ક્રમ? ઠીક! તારી જોડે જીભાજોડીમાં સાર નથી. જુનાગઢ કયારે જવા તૈયાર થશે?"

મંજરી એકદમ ગુંચવાઇ ગઇ. કાક એકદમ આમ કહેશે એમ તેણે ધાર્યું નહોતું.

"આવતી અમાવાસ્યાએ આપણે જુનાગઢ જઇશું." કાકે સખ્તાઇથી કહ્યું.

"એટલા બધા દિવસ શું કામ છે?" મંજરીએ જરા સ્વાસ્થ મેળવી કહ્યું.

"મંજરી! મને શ્વાન નહિ માનનારા ઘણાયે પડ્યા છે; તેમને આપેલાં વચન મારે પહેલાં પાળવાં જોઇએ."

મંજરી તિરસ્કારમાં હસી.

"અમાવાસ્યાએ પ્રયાણ શરૂ કરીશું. પણ ખબરદાર! ત્યાંસુધી આપણા વચ્ચે પડેલો વાંધો કોઇ જાણે નહિ; તેમાં નથી તને શોભા ને નથી મને." આટલું કહી બંધ કરેલા બારણા આગળ જઈ કાક પોતાની પાઘડી માથા નીચે મુકી સુવાનો ઢોંગ કરી સુઈ ગયો. ચકિત થયેલી મંજરી એકદમ સમજી નહિ. આખરે ટાઢે પાણીએ ખસ ગયેલી માની તે ગર્વગ્રસ્ત રમણી પોતાની પથારીપર જઇ નિરાંતે સુતી.

## પ્રકરણ ૬ ઠું.

### કાવત્રાબાજ.

મધ્યરાત્રીને એક પ્રહર બાકી હતો અને ચોઘડીયાં વાગતાંજ કાક ઉઠીને ઉભો થઇ ગયો; અને ત્રિભુવનપાલ અને કાશ્મીરાદેવીને તૈયાર થવાનું કહ્યું. કાશ્મીરાદેવીએ મંજરીને ઉઠાડી, અને બન્નેએ પુરૂષનો વેશ પહેર્યો. પાછલે દરવાજેથી ચારે જણાં ખેમાબાપાના વાડામાંથી બહાર પડી, સજ્જનના ઘર તરફ ઝપાટાબંધ ચાલ્યાં.

સજ્જન મહેતાની વાડીની પાછલી બાજુએ ચારે જણ ગયાં એટલે કાક ત્રણેને ત્યાં ઉભા રહેવાનું કહી અંદર પેસવાનો રસ્તો ખોળવા ગયો.

વાડી વિશાળ હતી; અને તેની ચારે પાસ ઉંચી ભીંત હતી. તે ફરતો ફરતો, તેના પાછલા બારણા સુધી ગયો. ભીતમાં એક નાના બારણા આગળ એક પુરૂષને ઉભેલો તેણે આઘેથી જોયો; કેટલાક પુરૂષો એકડ-એકડ તેને પુછીને અંદર જતા હતા. કાકને આઘેથી લાગ્યું કે દરવાન તરીકે ઉભેલો પુરૂષ કૃષ્ણદેવ હતો. તે નિરાશ થઈ પાછો આવ્યો. કૃષ્ણદેવની તીક્ષ્ણ નજર ચુકવી ત્રણ જણ—જેમાંથી બે પાટણમાં સુવિખ્યાત હતાં—તેને શી રીતે લઈ જવાં?

તેણે વાડાની પ્રદક્ષિણા કરવા માંડી. આખરે તેની નજરે ભીંતમાં આવેલી એક નાની જીર્ણ બારી ચડી. તેની આગળથી કોઇએ રસ્તો કરવા માટે કાંટા ખસેડી નાંખ્યા હતા. કાકે બારી બનાવનારને આશીર્વાદ દીધો અને ઝપાટાબંધ પેલાં ત્રણ જણને ત્યાં લઈ આવ્યો.

ચારે જણના મનની સ્થિતિ અત્યારે જુદી જુદી હતી. ગંભીર, દુઃખ-ગ્રસ્ત, કાક અત્યારે કોઈ પણ રીતે કોઇનાપર કાળ કાઢવા તૈયાર હતો; બહાદુર મંડલેશ્વર એક અપ્રતિમ યોદ્ધાને જોવા નાના છોકરાની ઉત્સુક-તાથી તલસી રહ્યા હતા; કાશ્મીરાદેવીનું હસવું માતું નહોતું. કારણ કે આ તોફાનથી તેને અત્યંત આનંદ થતો હતો; મંજરી કાકે વર્ણવેલા એ બાલ-મહાવીરને નજરે જોવા, કાને સાંભળવા, એક રસિક કવિની આતુરતાથી એકે પગે થઈ રહી હતી.

કાકે ભીંતપર ચડતાં પહેલાં બારણું ધકેલી જોયું. તે વિસ્મિત થયો. બારણું લાગતું હતું જીર્ણ, પણ કોઇએ થોડા વખતપર જ ઉઘાડયું દેખાતું હતું. ચોરોના ચાપલ્યથી તે બધાં અંદર પેઠાં; અને કાક તેમને રસ્તો બતાવી બહાર આવ્યો. તે કીર્તિદેવના અનુયાયીઓમાં આગળ પડતો હતો, એટલે તેણે તો જે બારણે કૃષ્ણદેવ ઉભો હતો, ત્યાંથી જ જવાનો ઇરાદો રાખ્યો હતો.

આ ચારે જણે તો એમ જ ધાર્યું કે તેઓ વાડીમાં પેઠાં તે કોઇએ જોયું નહોતું. પણ તે તેમની ભૂલ હતી. કાક અદૃષ્ટ થયો કે થોડે દૂર, ભીંતને ઓથે ઉભો રહેલો એક શસ્ત્રસજ્જિત પુરૂષ આગળ આવ્યો. તે

પુરૂષ રજપૂત વેશમાં હતો. તેનું મોહું ઢાંકેલું હતું તેનું કદ ઉંચું અને સશક્ત હતું. તેનું ડોકું ગૌરવમાં તેણે ટટ્ટાર રાખ્યું હતું. ધીમે પણ દૃઢ અને સત્તાદર્શક ડગલે તે બારણા પાસે આવ્યો, આસપાસ જોયું અને ધીમેથી બારણું ધકેલ્યું. મંડલેશ્વરે અંદરથી બારણું દીધું નહોતું એટલે તે ઉઘડી ગયું અને તે પુરૂષ પણ વાડીમાં પેઠો.

ચાંપામહેતાના વાડાની પાછળની વિશાળ વાડીનું વર્ણન એક વખત આગળ આપવામાં આવ્યું હતું. આ વાડીના એક ઓતાડા ખૂણામાં આ બધા અત્યારે મળતા હતા. તેનો પાછલો રસ્તો નિર્જન હતો એટલે આ છુટા છવાયા, લપાતા છુપાતા માણસોની આવજા કોઈથી જણાય એવી નહોતી. વાડાના માલીક નિરાંતે ઘરમાં ઉંઘતા હતા; તે ભોળા મંત્રીને ભાન પણ નહોતું કે તેની વાડીનો અત્યારે આવો ઉપયોગ કરવામાં આવે છે.

જે બારણા આગળ કૃષ્ણદેવ ઉભો હતો તે તરફ કાક ગયો. ત્યાં કૃષ્ણદેવ એકલો જ ઉભો હતો.

"કેમ કૃષ્ણદેવજી! બધા આવ્યા?"

"જન આવી છે; વરરાજા જ નથી" કૃષ્ણદેવે કહ્યું.

"એટલે?"

"હજું કીર્તિદેવ નથી આવ્યો. મુંજલે માલવી યોદ્ધાને ડરાવી કાઢ્યો કે શું?"

"શું કહો છો?" સાશ્ચર્ય કાકે કહ્યું.

"હા."

"ત્યારે આ બધા ભેગા કર્યા છે તેનું શું? જેમ આવ્યા તેમ પાછા જવાએ?"

"શું કરવા?" કૃષ્ણદેવે કહ્યું. "બીચારા કીર્તિદેવનું કર્યું કારવ્યું ધૂળ મળી જશે."

"ત્યારે?" કાકે પુછ્યું.

"વાત ઘણી ટુંકી છે. માલવાની સાથે સંધિ કરે એવો એક સબળ પક્ષ આપણે ઉભો કરવો છે. એટલું જ જોઇએ છે ને? જ્યારે કીર્તિદેવ પાછો આવશે ત્યારે એ પક્ષ ખપ લાગશે."

"મને એ વાત અશક્ય લાગે છે" કાકે ડોકું ધૂણાવ્યું.

"આવો જુવો તો ખરા" કહી કૃષ્ણદેવ ફર્યો અને તેણે કમાડ અંદરથી અડકાવ્યું. બન્ને જણે ન્હાં ઢાક્યાં અને જ્યાં બીજા બધા માણસો ઉભાં હતાં ત્યાં તેઓ આવ્યા. ત્યાં હથીયારબંધ ત્રીશ ચાલીશ માણસો મોઢાં છુપાવી એક બીજાથી દૂર, રખેને એક એકને ઓળખી જાય એવા ડરથી મુંગા મુંગા ઉભા હતા. કાકે તેમાં એક ઝાડની ઓથે ઉભેલા ત્રણ જણને ઓળખ્યાં. ચંદ્રના તેજમાં આ બધા પ્રેત લોકમાં ફરતા યોદ્ધાઓ જેવા લાગતા હતા.

કૃષ્ણદેવે આવી દેશળદેવ જોડે થોડી વાર મસલત કરી, અને પછી હાથ વતી બધાને પાસે બોલાવ્યા. બધા પાસે આવ્યા અને થોડે થોડે દૂર ભોંયપર બેઠા. બધા બેઠા પછી કૃષ્ણદેવે ધીમેથી કહ્યું: "મિત્રો! હજુ કીર્તિદેવજી આવ્યા નથી."

એક જણે મોટો અવાજ કાઢી પુછ્યું: "કેમ?"

"સવારે મુંજલે તેની યાચના સ્વીકારી નહિ" દેશળદેવે કહ્યું "મને લાગે છે કે તેને કેકાણે કર્યા હશે."

થોડી વાર બધા મુંગા રહ્યા. ઘણા ખરા આશાભંગ થઈ ગયા.

"કેકાણે?" કોઇએ પુછ્યું.

"તમારા મહામાત્યને પુછી આવો. તે કહેશે" કૃષ્ણદેવે શાન્તિથી કહ્યું.

"પાછા માલવે તો નહિ ગયા હોય?" એક જણે જેના ઘાટો કાકને વિશળ જેવો લાગ્યો—તે બોલ્યો.

"ના" કાકે કહ્યું. "તેની હું ખાત્રી આપું. કીર્તિદેવ એવા કાયર નર નથી."

"ત્યારે શું કરીયે? ચાલો પાછા જઇએ?" સજ્જનના પુત્ર લક્ષ્મણે નિરાશાભર્યા અવાજે કહ્યું. આ બધા કીર્તિદેવના ગુરૂત્વાકર્ષણથી ખેંચાઈ આવ્યા હતા; અને તે જતાં શું કરવું તેની સમજ પડતી નહોતી.

"શા માટે? કીર્તિદેવ ભલે નથી; આપણે શું મરી ગયા છીએ? કીર્તિદેવ કરી શકે તે શું આપણે નહિ કરી શકીયે?" દેશળે કહ્યું.

"આપણે શું કરીએ?" એક કોઈ સાદા સ્વભાવના માણસે પુછ્યું.

"માલવાની જોડે સંધિ કરાવી શકાયે" કૃષ્ણદેવે કહ્યું. બે ચાર જણ તિરસ્કારથી હસ્યા. કાકે પુછયું: "કેવી રીતે કરાવશો? આપણે જાણીયે છીયે કે મુંજલમહેતાને એ સાંધ પસંદ નથી. પછી?"

"એટલે?" સત્તાવાહી અવાજથી કૃષ્ણદેવે પુછયું. "શું એક જ માણસ એક ચકે પાટણમાં રાજ કરશે?"

"હમણાં તો કરે છે. તેનું શું?" એક જણ દૂરથી બોલ્યો.

"તમારામાં પાણી નથી તેથી" દેશળે કહ્યું.

"કીર્તિદેવના તમે બધા મિત્રો છો. તેના ઉદ્દેશો તમે જાણો છો." લક્ષ્મણે કહ્યું. "આર્યાવર્ત્તને યવનોના ભયથી દૂર કરવા સંપની જરૂર છે. કોઈ પણ રીતે એ સંપ સંધાવો જોઇએ."

"મુંજલ હા કહે કે ના પણ આપણે શા સારૂ સંપ સાધવા પ્રયત્ન ન કરવો?" એક જણે બોખરે અવાજે કહ્યું. કાક ચમક્યો; બોખરો ઘાટો કૃત્રિમ લાગ્યો, પણ તે પરથી અસલ અવાજ તેને ઉદા મહેતા જેવો લાગ્યો.

કાકે પળવાર વિચાર કર્યો. કીર્તિદેવ વિના આ બધા આવેલા માણસો એકતંત વિનાના હતા; એક બીજાપર વિશ્વાસ રાખતા નહોતા; દરેક પોતે કોણ છે તે છુપાવા મથતા હતા; અને બીજા કોણ છે તે જાણવા પ્રયત્ન કરતા હતા. કાકને લાગ્યું કે આ અવિશ્વાસને લીધે કાંઈ મહત્વનું કાર્ય અત્યારે થઈ શકવાનું નથી. તેમાં આવા પંચરંગી સમૂહમાં કોણ કોને દગો દે તેની શી ખાત્રી? તેણે મોટો અવાજ કહાડી કહ્યું;

"મિત્રો! આપણે બધા કીર્તિદેવજીના મિત્રો છીયે. આપણને તેનામાં શ્રદ્ધા હતી; તેને આપણામાં વિશ્વાસ હતો. તેના વગર આમ મોઢાં છુપાવી કાવત્રાંબાજોની માફક શું આપણાથી રાજકારભારનાં કામ થવાનાં છે? ચાલો આપણે રજા લઇએ."

"શા માટે?" જવાબમાં કૃષ્ણદેવનો સંસ્કારી શાંત અવાજ ગાજ્યો "શું કીર્તિદેવના, વિશ્વાસપાત્ર આપણે થઇએ અને એક બીજાના નહિ? પટ્ટણીઓ તો તમે છો—પાટણનું ગૌરવ જેટલું મુંજલને વ્હાલું છે તેટ-

હું જ તમને છે. કીર્તિદેવ જતા રહે એટલે પાટણની પરવા આપણે છોડી દેવી? વાહ! શું આપણે માણસ છીયે કે ઢોર?"

"ત્યારે કરવું શું?" કોઇએ પુછ્યું.

"શું કરવું?" કૃષ્ણદેવે કહ્યું "તમે બધા શું બુદ્ધિહીણ છો? માલવા સાથે સંધિ કરવી જોઇએ; આપણા બધાં રાજ્યોએ મળી યવનોને મારી હઠાવવા જોઇએ. એ કામ કરવું સહેલું નથી; તે કરતાં પહેલાં ઘણા વાંધા નડશે. એ બધા વાંધા દૂર કરવા માટે આપણે એક સબળ પક્ષ ઉભો કરવો જોઇએ. એ કરવાનું છે. અહિયાં અત્યારે મંડલેશ્વરો છે, સામન્તો છે, કોઈક મંત્રીઓ પણ હશે. એ પક્ષ ઉભો કરવો એ તમને રમતની વાત છે. અને પછી કોની મગદુર છે કે તમારા હુકમનો અનાદર કરી શકે?" કૃષ્ણદેવે કહ્યું.

કૃષ્ણદેવને ધ્યાનપૂર્વક સાંભળવા બધા પાસે ખસ્યા અને એક નાનું સરખું કુંડાળું વળાઇને બેઠા.

"એનો અર્થ તો એ કે પાટણનો કારભાર આપણા હાથમાં લેવો." એક કોઈ બોલ્યો.

"એમ નહિ કરીયે તો આખો દેશ પાયમાલ થઈ જશે" દેશળે જવાબ દીધો.

"એટલે આપણે રાજના વિરોધી થવું પડે." બીજાએ કહ્યું.

"કોણે કહ્યું?" લક્ષ્મણે પુછ્યું. "આપણે તો માત્ર કોઈ પ્રકારે આપણી નેમ પુરી પાડવી છે. આખું આર્યાવર્ત યવનોની સાથે લડે ને આપણે બેસી રહીયે?"

"મુંજાલ મહેતાનું શું કરશો?" એક જણે પાછળથી પુછ્યું. કોકે અવાજ ઓળખ્યો; તે ત્રીભુવનપાલનો હતો. કોકને બ્હીક લાગી કે વખત છે ને તે વધારે બોલે તો પકડાઈ જાય; પણ બીજા બધા ઉશ્કેરાઈ રહેલા હતા, એટલે તે અવાજ પારખવાની કોઇને પુરસદ નહોતી.

મુંજાલ મહેતા પાસે આપણું ધાર્યું કરાવીશું? નિર્દોષ ને ઉત્સાહી લક્ષ્મણે કહ્યું. એક જણ ખડખડ હસ્યો. "તેણે કોઈ દિવસ કોઈ બીજાનું ધાર્યું કર્યું છે?" તેણે કહ્યું.

"તે નહિ કરે" કૃષ્ણદેવે કહ્યું. "તો તેને મંત્રિપદ પરથી ખસેડવો પડશે" કૃષ્ણદેવનાં શાન્ત, માર્મિક વાક્યે ગગનની ગર્જનાની માફક બધાના હૃદયમાં ત્રાસ પ્રેર્યો. બધા મુંગા રહ્યા.

"એ વાત સહેલી નથી" કાકે કહ્યું. "અને સહેલી હોય તોપણ કરવી યોગ્ય નથી. એ આજે પટ્ટણીઓમાં શ્રેષ્ઠ છે, એકાગ્રતાથી પાટણનું ગૌરવ સાચવી રહ્યા છે. એ જશે પછી એની જગ્યાએ કોણ?"

"આવી ને આવી બ્હીકે આપણે કાંઈ કરી શકતા નથી." દેશળદેવે કહ્યું "નેળનાં ગાડાં કદી નેળમાં રહ્યાં સાંભળ્યાં છે?"

"શું આવી નાની નાની વાત કરો છો?" કૃષ્ણદેવે પ્રભાવશાળી અવાજે પુછ્યું "આખું આર્યાવર્ત રસાતલ જવા બેઠું છે, ને તમે વિચાર કરો છો કે એક મંત્રીને રજા આપીયે તો રાજ ચાલે કે નહિ?"

"પણ એવી શી ખાત્રી કે મુંજલને કાઢયાથી આપણે બધું બરોબર કરી શકશું?" એક જણે પુછ્યું.

"શા માટે નહિ?" કોઈ બીજો બોલ્યો. માલવાનું માગું પાછું વાળ્યું એણે; ઉભકને પાછો કાઢયો એણે; કીર્તિદેવને ના કહી તે પણ એણે. મુંજલમહેતો સમજે છે કે માલવા જોડે સંધિ થશે કે મહારાજા એને રજા આપશે."

"ત્યારે તમે ભૂલ ખાઓ છો" કાકે કહ્યું મુંજલને પાટણની પરવા નથી: પાટણને મુંજલની છે.

"મારા મુંજલિયા મિત્ર!" કૃષ્ણદેવે મશ્કરીમાં કહ્યું અને ઘણાખરા હસી પડ્યા. "તમારાથી ન થાય તો ના કહો. પણ મુંજલને છાપરે ચડાવી પાટણને હલકું શા માટે પાડો છો?"

વાળેલા પગપર ઉંચા થઈ કાકે દૃઢતાથી જવાબ આપ્યો: "ફીકર નહિ કરશો. મારાથી થાય તેની હું નાજ કહીશ. અત્યારે શા માટે આપણે મળ્યા છીએ? માલવા સાથે સંધિ કરી શકાય એવા ઉપાય યોજવા;–મુંજલમહેતાની સામું કાવતું રચવા નહિ. મને મુંજલીયો કહો કે ગમે તે કહો. હું તેનો ગુલામ નથી. મને તેની તલ માત્ર પરવા નથી.

તમે બધાયે તો તેની મહેરબાની યાચી હશે અને યાચનાનાં ફળ ચાખ્યાં હશે—મેં બેમાંથી એકે નથી કર્યું. જો મને ખાત્રી થાય કે તે મંત્રીપદથી હઠે તો જરૂર આર્યાવર્ત બચે, તો કાલે સવારે હું હાથ પકડી તેને ઉઠાડી આવું. હું કોઇની મદદ માગું એવો નથી. રાજ્યોમાં સંપ થાય એ વાત સારી છે; પણ મુંજાલ જતાં સંપ થશે જ તેની શી ખાત્રી?"

અમને તો ખાત્રી છે" બે ચાર જણે કહ્યું.

મને જરા સંશય નથી." છાતી ઠોકી દેશળે કહ્યું.

કૃષ્ણદેવે જોયું કે કાકના શબ્દોથી ઘણાપર અસર થઈ છે. તે અસર નાબૂદ કરવા તેણે પ્રયત્ન કર્યો. "ખાત્રી ન હોય તોયે શું? તમે પાટણ હાથપર લો પાટણની રાજ્ય સત્તા હાથપર લો અને કીર્તિદેવ કહેતા હતા તે જ લક્ષ્યબિન્દુ રાખો; પછી શા સારૂ આપણો પ્રયત્ન સફલ નહિ થાય? એક કીર્તિદેવ આટલું કરી શકયા, તો આખું પાટણ શું ન કરી શકે?"

"અરે પછી તો ચાલ્યા તે થાય' એક યોદ્ધાએ કહ્યું "પાટણ શું ન કરી શકે?"

"યવનોને દૂર કરવાનો બીજો કોઈ રસ્તો નથી?" બીજાએ પુછયું "મુંજાલ પણ રહે ને કામ પણ સધાય તો સારૂં."

"મને એવો રસ્તો દેખાતો નથી," જેનો અવાજ ઉદા જેવો લાગ્યો હતો તેણે કહ્યું.

"એવો રસ્તો જડે તો તેમ કરીયે." લક્ષ્મણે કહ્યું.

"પણ મુંજાલ શા માટે ના પાડે છે તેનો કોઇએ વિચાર કર્યો?" એક જણે પુછયું. પાછળથી એક કોમળ અવાજ આવ્યો–"માથું ફોડવા," બધાનું ધ્યાન તે તરફ ગયું. કાકે હોઠ કરડ્યા. કાશ્મીરાદેવીથી છાનામાના બેસી ન રહેવાયું તેથી તેણે આ પ્રમાણે કહ્યું હતું. જે માણસ કાકે ઉદેા ધાર્યો હતો તેની પાછળ મંડલેશ્વર, કાશ્મીરા અને મંજરી બેઠાં હતાં. તે ત્રણ કોણ છે તે જણાઈ ન જાય માટે કાકે જરા મોટે અવાજે બોલી બધાનું ધ્યાન પાછું ખેંચ્યું. મુંજાલમહેતાનો અભિપ્રાય તો એટલો જ છે કે જ્યાં સુધી ગુજરાત સબળ ન થાય, જ્યાં સુધી તેનો કારભાર એક તંતે નહિ ચાલે ત્યાં સુધી માલવા જોડે સંધિ કરવી નહિ."

"કારણ?"

"શાન્તિથી આપણા દેશમાં વિરોધ પેસે માટે."

બે ચાર જણ હસ્યા. "વિગ્રહથી વિરોધ શમ્યો સાંભળ્યો છે?" એક જણે પુછ્યું.

"હા." કાકે કહ્યું. "આપણામાં વિરોધ ન હોય તો જ વિજય મળે. ભલે એની માન્યતા ખોટી હોય—ભલે મને મારા શબ્દોમાં વિશ્વાસ ન હોય. પણ મુંજલને કાઢી આપણે શું કરી શકીશું? તેના કરતાં તો જો તમારામાં હિમત હોય—તમારે પક્ષ ઉભો જ કરવો હોય તો કરો. મુંજલ પણ રહેશે; આપણો પક્ષ પણ રહેશે; કીર્તિદેવની નેમ પણ સચવાશે; અને યવનોની મગદુર નથી કે આર્યાવર્ત્તમાં એક ડગલું ધરી શકે."

"એવું શું છે?" પાંચ સાત જણ બોલી ઉઠ્યા.

"એવું!" બોલવાના જુસ્સાથી કાકનો અવાજ ધ્રુજતો હતો. તેમાં પ્રભાવ હતો, ગૌરવ હતું, સચોટતા હતી. "કીર્તિદેવે જ્યારથી યવનોના ભયની વાત કહી હતી ત્યારથી એ વિચાર મને થયા કરે છે; તમે બધા પ્રતિજ્ઞા લ્યો તો કાલે સવારે એ વિચાર પ્રમાણે કરી શકો."

"શું?" લક્ષ્મણે અધીરાઇથી પુછ્યું.

"કીર્તિદેવજી સંપ કરવા મથે છે. એવો સંપ કદી થયો છે કે થવાનો છે? હજુ કોઈ રાજ્યે સ્વાર્થ ત્યાગી પરમાર્થી સંપ સ્વીકાર્યો છે? મહિનાપર તો બધ્બે દુશ્મનો તમારાપર ધસી આવતા હતા. શું તે ભૂલી ગયા? નામનો સંપ કરશો તો બીજાં રાજ્યો તમને ખાઇ જશે. તેમને તો એટલું જ જોઇએ છે. આર્યાવર્ત્તમાં સંપ કયારે થશે તે ખબર છે? જ્યારે એક રાજા એકચક્રે રાજ્ય કરશે ત્યારે. સમજ્યા? તમારામાં હિમત હોય તો મુંજલ મહેતાને જઇને કહો કે, આમ વિગ્રહો લડવાથી ગુજરાત સબળ નથી થવાનું—જે રાજાઓને હરાવો, તેનો દેશ ગુજરાતને તાબે કરો, તેનાપર તમારા દંડનાયકો નીમો. તમારામાં શક્તિ હોય તો કીર્તિદેવને કહો કે જ્યારે જુનાગઢ, અવન્તી ને શાકંભરીમાં ગુજરાતના દંડનાયકો નીમાશે ત્યારે ખરો સંપ થશે, ને યવનો ઉભી પૂંછડીયે ભાગશે.

જયદેવ મહારાજને કહો જઇને કે અમારે દંડનાયકો જોઇએ છે–નથી જોઇતા સામન્તો ને નથી જોઇતા ખંડીયા રાજાઓ."

કાકના શબ્દોમાં અકલ્પ્ય પ્રતાપ હતો; તેણે દર્શાવેલા વિચારમાં નવિનતા હતી. બીજા રાજાઓને હરાવવા, તેમની પાસે ખંડણી લેવી, ગામ લેવાં, ગ્રાસ લેવા એ રાજ્યનીતિ–અનુસાર ગણાતું; પણ તેમને પદભ્રષ્ટ કરી, સુબાઓ નીમી રાજ ચલાવવું એનો ખ્યાલ સરખો પણ રાજ્યકર્તાઓને ઝાઝો આવતો નહિ. સોરઠમાં અને લાટમાં નામના દંડનાયકો પાટણે નીમ્યા હતા; પણ છતાં ત્યાંના સ્થાનિક રાજાઓ નિરાંતે રાજ્ય કરતા, દંડનાયકની સાથે સતત વિગ્રહ કરતા, અને આપણે પહેલા ભાગમાં જોઈ ગયા તેમ વખત આવે પાટણને પણ હાની પહોંચાડવા ચુકતા નહિ. કાકે જે સિદ્ધાંતો કહ્યા, તેથી તેના સાંભળનારાઓ દિંગ થઈ ગયા; કેટલાકની કલ્પનાશક્તિ થંભી રહી. કેટલાક વિચારવંત પુરૂષોના મગજ આગળથી પડદો ખસી ગયો. તેઓને નવી રાજ્યપદ્ધતિનાં ઉગતાં કિરણો જણાયાં. ત્રિભુવનપાળ અને કાશ્મીરાદેવી જે કાકને એક ડાહ્યો, શૂરો નિમકહલાલ મિત્ર ગણતાં હતાં તે માનભેર જોઈ રહ્યાં.

મંજરી પણ જોઈ રહી. તેણે કાકને આવો કદી ધાર્યો નહોતો. તેના હોઠના અશુદ્ધ સ્પર્શના સ્મરણથી મંજરીનો જીવ હજુ કચવાતો હતો; તેના તરફ તેના તિરસ્કારનો પ્રવાહ ચાલુ હતો. આ બધી કડવાશમાં જાણ્યે અજાણ્યે એક અમીનું બિન્દુ પડ્યું.

જે ઉંચો પુરૂષ ત્રિભુવનપાલ આવ્યા તે બારણેથી આવ્યો હતો તે બધાથી પાછળ મુંગો મુંગો બેઠો હતો; તેની માત્ર આંખોજ બહાર દેખાતી હતી. તેનાં વિશાળ, તેજસ્વી, પ્રભાવશાળી નયનો ચમકી ઉઠ્યાં.

કૃષ્ણદેવના ગુસ્સાનો પાર રહ્યો નહિ. તેણે કરવા ધાર્યું હતું કાંઈ અને થયું કાંઈ. તેની તરફોબો ઉંધી વળી એટલુંજ નહિ, પણ જે વિચારો કાકે દર્શાવ્યા હતા તેથી તેનો જીવ ઉડી ગયો, તેનું સ્વાસ્થ્ય જતું રહ્યું, તેના હોઠ ધ્રુજી ઉઠ્યા, તેની આંખ લાલ થઈ ગઈ. તેનો પિત્તો ઉછળી આવ્યો. તેણે પાસે બેઠેલા દેશળના હાથમાં અણજાણે નખ ખોસી દીધા. તેણે

ગુસ્સો દબાવવા ઘણો પ્રયત્ન કર્યો અને આખરે કહ્યું: "સાબાશ આર્યાવર્તના રાજાઓના કાળ ! પણ આ તમારી યુક્તિઓ સફલ કેમ કરશો?"

"એનાથી સહેલું શું? આપણે સદ્‌ભાગ્યે પાટણમાં મુત્સદ્દીઓના મુકુટમણિ સમાન મંત્રી છે અને ઉત્સાહી વીરોમાં શ્રેષ્ઠ એવો જુવાન રાજા છે. એ બન્ને આ માનશે."

"પણ ક્ષત્રિયન્યાયો સાંખશે કેમ? શું અમારાં કાંડાં કપાઈ ગયાં છે કે કોઇને હાથે ઈશ્વરના સાક્ષાત્ અવતાર રાજાઓને પદભ્રષ્ટ થવા દઇશું?" દેશળે કહ્યું.

"મંડલેશ્વરો તો મુંજાલે નામના કરી મૂકયા છે–હવે રાજાઓનો વારો" એકે કહ્યું. આ શબ્દોથી દેશળને નખશિખ વિષ વ્યાપી ગયું.

"ગમે તેનો વારો આવે તેની પરવા નથી. કીર્તિદેવે આપણને વખતસર ચેતવ્યા છે. રાજ્યો હતાં અને નથી તેથી શું? તે માટે શું આપણું સનાતન ગૌરવ હાથથી જવા દઇશું?"

સાંભળનારાઓમાંના ઘણા અનિશ્ચિત મને જોઇ રહ્યા. તેમને સમજ નહિ પડી કે આ બે પક્ષમાં કયો વાસ્તવિક હતો. કૃષ્ણદેવ ખેલાડી ઉસ્તાદની કલાથી તેમના મગજપરથી કાકના શબ્દોની અસર ઓછી થાય તેની વાટ જોતો હતો. તેણે અપમાનભર્યા અવાજે મશ્કરીમાં કહ્યું: "તમે બ્રાહ્મણ રહ્યા એટલે બધી પીડા તમારેજને!"

"હા! હું બ્રાહ્મણ છું" કહી કાકે મોઢા પરનો ખેસ કાઢી નાખ્યો. "શું કહેવું છે?"

"તેથી જ નક્ષત્રી કરવાની ધૂન થઈ આવી હશે?" એકે જણે કહ્યું.

બોલનાર સામું કાક પળવાર જોઈ રહ્યો. તેની આંખો ચંદ્રમાના તેજમાં પણ અંગારાભરી લાગી. તેના જુસ્સામાં ઘીની જરૂર હતી તે પરશુરામના પરાક્રમની યાદે પૂરી પાડી.

"નક્ષત્રીની જરૂર પડશે તો તે પણ કરવી પડશે."

"તે પહેલાં પાટણ અને તમે બન્ને અવની પરથી ઉખડી જશો. તેની ખબર છે?" યમરાજની ગર્જના સમા ધીમા પણ ભયંકર અવાજે કૃષ્ણદેવે કહ્યું. તેની આંખો પણ ચમકી રહી હતી.

"એટલે મને ખ્હીવરાવો છો?"

"ખ્હીવરાવતો નથી—ચેતવું છું."

"તમારી ચેતવણીની કોને પરવા છે?"

"પણ આપણી અસલ વાત તો આધી જ રહી ગઈ." ભોળા લક્ષ્મણે કહ્યું કાકલદૂની વાત મને ઠીક લાગે છે."

"તો ભારતમાં યાદવાસ્થલી થશે. ખબર છે?" કૃષ્ણદેવે પુછ્યું.

"નહિ તો પણ ક્યાં થતી નથી?" એક જણ જે કાકથી અંજાઈ ગયો હતો તેણે કહ્યું.

"ભોલા! પણ હવે કરવું છે શું?" એક બે જણે પુછ્યું.

"શું?" કાકે ઉભા થઇ જતાં કહ્યું "પક્ષ જો ઉભો કરવો હોય તો બધા બુકાનીઓ છોડી નાખો. ચાલો! પાસે શિવાલય છે ત્યાં જઈ પ્રતિજ્ઞા લઇએ કે, જ્યાં સુધી આર્યાવર્ત્તપર એક ચક્રે પાટણનું રાજ થાય નહિ ત્યાં સુધી આપણે જંપીને બેસવું નહિ. છે હિંમત?" કાક સત્તાથી બધા તરફ જોઇ રહ્યો. કોઈ બોલ્યા નહિ; કેટલાક ઉભા થવા લાગ્યા. "નહિ તો ચાલો જઇએ પોતપોતાને ઘેર."

કૃષ્ણદેવ ઉભો થઈ ગયો અને તેટલાજ ગૌરવથી કાકની સામું જોઈ રહ્યો; અને તેવી જ સચોટતાથી તેણે કહ્યું: "અને હું કહું છું કે તમારામાં જો કોઇ મર્દો હોય તો મુંજાલમહેતાને અને તેના ખુશામતીયાઓને રાજ્યકારભારમાંથી દૂર કરો. નહિ તો પાટણ પડશે અને સાથે આર્યાવર્ત્તને પાડશે."

"પાટણ પડે તેમાં તમે ક્યાં રાજી નથી?" કાકે કૃષ્ણદેવ સાંભળે એમ કહ્યું. કૃષ્ણદેવ વધારે ટટ્ટાર થયો, તેની આંખમાંથી તનખા ખરવા લાગ્યા. તેના ભવાંપર રૌદ્રરસ છાઈ રહ્યો હતો. "અને પ્રતિજ્ઞા લઇને કહું છું"—

એટલામાં રખેને કાંઇ તકરાર થાય તો તેને અટકાવવા કેટલાક ઉભા થઇ વચ્ચે પડવા તૈયાર થઈ ગયા હતા. તેમાંથી એક જણ આ અભિમાન સાંભળી બોલ્યોઃ "તેમાં શું?" ઘણાખરા કૃષ્ણદેવને સજ્જનને ઘેર પડી

રહેતા ગરાસીયા તરીકે ઓળખતા હતા. જવાબમાં તેણે અપૂર્વ છટાથી માથા-પરનો પોતાનો ફેંટો કાઢી નાખ્યોઃ તેના સુંદર મુખપર, ચંદ્ર તેજમાં અવર્ણનીય ગૌરવ અને દિવ્યતાનો આભાસ જણાયોઃ તેની મોહક આંખોમાં જાણે દાવાનળ પ્રગટયો.

"મારી પ્રતિજ્ઞા" તેના કંપતા, પ્રભાવશાળી સ્વરના ભયંકર પડઘા પડ્યા. 'દેવના પણ દેવ ભગવાન શ્રી કૃષ્ણ મુરારિના વંશજની પ્રતિજ્ઞા છે.' કહી તેણે મ્યાનમાંથી તરવાર કાઢી ઉંચે ધરી "કે જ્યાં સુધી આ કરમાં બળ છે ત્યાં સુધી જો પાટણ કોઇ રાજાઓને ગાદીપરથી ઉઠાડશે તો પાટણનું નામ કે નીશાન રહેવા દેનાર નથી."

કૃષ્ણદેવના શબ્દો પુરા થયા ન થયા અને બધા એકદમ ખભળી ઉઠ્યા; બધાને લાગ્યું કે કૃષ્ણદેવ પટ્ટણી નથી અને તેણે અત્યારે પાટણનું અપમાન કર્યું. ઝપાટાબંધ તરવાર પર તરવાર નીકળી. બધા કૃષ્ણદેવ અને કાક ઉભા હતા તે તરફ ધસ્યા. કૃષ્ણદેવ વધારે બોલવા જતો હતો પણ તેને કાકે અટકાવ્યો. "ખેંગાર૩ !" આ નામ સાંભળી કૃષ્ણદેવ ચમક્યો. અને તેનો પોતાના સ્વભાવપરથી ગયેલો કાબુ થોડો થોડો પાછો આવ્યો.

"આ પાટણ છે. જુનાગઢ નથી." એમ કહી કાકે કૃષ્ણદેવનો હાથ પકડ્યો અને મહા મુશ્કેલીયે દેશળ અને લક્ષ્મણની મદદથી તેને દૂર મૂકી આવ્યો.

## પ્રકરણ ૭ મું.

### સ્મરણ સૃષ્ટિનો અનુભવ.

કાવત્રાંબાજોમાં ભંગાણ પડ્યું. ઘણા ખરા ઉશ્કેરાઈ ગયા, અને છુપા રહેવાનું પ્રયોજન નહિ રહેવાથી એક એકની સાથે વાતો કરવા લાગ્યા.

આખરે બધા બહાર નીકળવા માંડ્યા. સાંકડા બારણામાંથી બહાર નીકળતાં ભીડાભીડ થઈ; અને પળવાર ભીડમાં મંજરી મંડલેશ્વર અને કાશ્મીરાદેવીથી છૂટી પડી ગઈ. કાક બધા ટોળાની પાછળ આવતો હતો.

બારણાની બહાર નીકળી એક બાજુએ મંડલેશ્વર ઉભા; કાશ્મીરાદેવી આવી પહોંચી–પણ મંજરી નીકળતી જણાઈ નહિ. બન્નેના પેટમાં ફાળ પડી. તેમણે પહેલાં તો એમ ધાર્યું કે મંજરી પાછળ રહી ગઈ હશે, પણ આ ધારણા ખોટી પડી. કાક પણ બહાર નીકળ્યો—પણ તેની સાથે મંજરી નહોતી.

"કાક!" ત્રિભુવનપાલે કહ્યું. "મંજરી ક્યાં છે?"

"તમારી સાથે હતીને?"

"નીકળીજ નથી" કાશ્મીરાદેવીએ કહ્યું. તે ગભરાઈ ગઈ હતી.

કાકે હોઠ કરડ્યા. "તમે બહાર જુવો હું અંદર જઈ આવું" કહી તે પાછો અંદર ગયો. તેણે અંદર ઘણીએ શોધ કરી; પણ મંજરીનો પત્તો લાગ્યો નહિ. તે હાંફળો ફાંફળો બહાર આવ્યો.

"મહારાજ! અંદર તે ક્યાંય પણ નથી."

"ત્યારે!"

"ઉદો ઉપાડી ગયો" કાકે કહ્યું.

"શું કહે છે?"

"હા. મેં એનો અવાજ ઓળખ્યો હતો. બા વચ્ચે બોલ્યાં તે વખત એનું ધ્યાન તમારા તરફ ગયું હતું તે મેં જોયું."

મંડલેશ્વરે દાંત કચકચાવ્યા "ચાલ! એ હરામખોરને પુરો કરીયે."

"ના. મહારાજ! મનેજ જવા દો. તમે આવો તેમાં શોભા નહિ. અને હવે મંજરી—" કાકે કડવાશથી કહ્યું "નિર્ભય છે. તેના ગળામાં ગ્રંથી જોશે કે ઉદો એક પળવાર એને રાખવાનો નથી. તમે એકલા જશો?"

"હા પણ તું વહેલો ખબર આપજે" બીલે મોઢે કાશ્મીરાદેવીએ કહ્યું. પોતાની મૂર્ખાઈથી મંજરીનો જીવ જોખમમાં પડ્યો હતો તેથી તેને પસ્તાવો થતો હતો."

"વારૂ!" કહી કાક ઝપાટાબંધ આગળ ચાલી જતા માણસો તરફ ગયો. તે થોડાક માણસો પાસે થઈને ગયો પણ તેમાં ઉદો દેખાયો નહિ. એકદમ તે ઉભો રહ્યો. તેને એક વિચાર આવ્યો. પેલી ઓતાડી બારી

તેમના પેઠા પહેલાં કોઇએ ઉઘાડી હતી. ઉદા મહેતા તે રસ્તે તો નહિ પેઠા હોય? જો એમ હોય તો તે તેજ રસ્તે પાછો જાય એમ પણ બને. આ વિચાર આવતાં કાકે દોટ મૂકી; અને તે બારણા આગળ પહોંચ્યો.

એક ઉંચો રજપૂત ભીંતે અઢેલી વિચારમાં ઉભો હતો. જે ત્રિભુવનપાલની પાછળ આ બારીવાટે પેઠો હતો તેજ આ પુરૂષ હતો.

"રજપૂતરાજ!" હાંફળા ફાંફળા કાકે પુછ્યું "આ બારીએથી કે અહિંયાથી કોઇને તમે જતા જોયા?"

રજપૂતે ધીમેથી માથું ઉંચું કર્યું અને તીક્ષ્ણ દૃષ્ટિ કાકપર ફેરવી. તે ધીમેથી અને ખોટો અવાજ કાઢી બોલ્યોઃ "હા! એક જણ બીજાને ઉંચકી ગયો."

"કેટલી વાર થઈ?"

"થોડીક વાર થઈ."

કાક એકદમ ત્યાંથી જતો રહેતો હતો પણ પેલા માણસે હાથ ઉંચો કરી તેને રોકયો.

કાકને આ હાથ ઉંચા કરવાની રીત કાંઈ પરિચિત લાગી. તેણે પુછ્યુંઃ "કેમ?"

"એ માણસ તું ધારે છે ત્યાં નહિ મળે" સ્વાભાવિક અવાજ કાઢી પેલા પુરૂષે કહ્યું. કાકે અવાજ પારખ્યો, અને દિંગ થઈ તે બે ડગલાં પાછળ ખસ્યો ને બોલ્યોઃ "મહેતાજી!"

"હા," મુંજાલ મહેતાએ કહ્યું. "તારે એ માણસનું કામ છે?"

"મહારાજ! મારી સ્ત્રી એ અત્યારે ઉપાડી ગયો. એ ક્યાં ગયો? કાંઈ ખબર છે?"

"તારી સ્ત્રી? તું આજે પરણ્યો તે?"

કાકની અજ્ઞયબીનો પાર રહ્યો નહિ.

"આહ!"

"ત્યારે બોદેરા દરવાજે થઇને જા. તે રસ્તે ઉદા અત્યારે ખંભાત જાય છે."

"હું!"

"હા. અને બને તો સાથે ઉદા મહેતાને પણ પાછા લઈ આવજે. એના વગર મને ગમતું નથી."

કાક નમસ્કાર કરી, આ વિલક્ષણ મહા પુરૂષના પ્રભાવથી સ્તબ્ધ બની, બનતી ત્વરાથી મોટેરા દરવાજે જવા નીકળ્યો.

મુંજાલ ઉભો હતો તેમ ને તેમ જ ભીંતને અઢેલી ઉભો રહ્યો. ઘણે વખતે, નિર્જનસ્થાનમાં, ચાંદની રાતના રસ પ્રેરનારા વાતાવરણમાં તેને નીરાંતે વિચાર કરવાની પુરસદ મળી હતી. તેણે ક્યાં સુધી કાક વિષે વિચાર કર્યો. તેનું મુત્સદીપણું, તેનું શૌર્ય, તેની નીમકહલાલી, તેનું લમ, તેની કારકીર્દી એ બધાનું અવલોકન કર્યું. તેમ કરતાં કીર્તિદેવ સાંભર્યો. થોડાક દિવસમાં તે બાલ યોદ્ધાએ શું વાતાવરણ પેદા કર્યું હતું, કેવા વિચારોને જન્મ પમાડ્યા હતા? શું તેની મહત્તા હતી? તેને કેદમાં પૂર્યો નહિ હોત તો તે શું નહિ કરત? આ વિચારો કરતાં મુંદરીઓનું મદમર્દન કરે એવું તેનું મુખ તેને સાંભર્યું. છાતી પર માથું લટકાવી અડધી બીડેલી આંખે તે મુત્સદ્દી મહામાત્ય કલ્પના પર સ્વાર થયો. પલકમાં ભુવનોનાં અંતર કાપતી તે અશ્વિનીને પાંખો આવીને એકદમ ન કહેવાય તેમ, ન સમજાય તેમ કીર્તિદેવનું મુખ કોઈ સ્ત્રીના મુખમાં ફેરવાઈ ગયું. મુખ પરિચિત તો લાગ્યું—ઓળખાયું કુલકુંવર શેઠાણીનું![1]

મુંજાલે માથું ઉંચું કર્યું; કલ્પનાની પાંખોનો પ્રભાવ જોઈ તે હસ્યો. તેણે આસપાસ નજર કરી. કલ્પનાની ઘોડી વધારે જોરથી ઉડવા લાગી.

કુલકુંવરનું શું મીઠું, ભલું, નિર્દોષ મુખ હતું? શું તેનો પૂજ્યભાવ હતો? "કેટલાં વર્ષ થયાં?" મુંજાલ બબડ્યો "અઢાર વર્ષ પહેલાં તો એ બીચારી સ્વધામ ગઈ? વખત જતાં વાર લાગે છે? ચાલીશ તો મને ક્યારનાં થઈ ગયાં."

---

૧ મુંજાલની મરી ગયેલી સ્ત્રી; સજ્જનની બ્હેન.

ઘોડીએ પાંખો ફફડાવી; ભૂત વ્યોમમાં તે વિહરવા લાગી; અમાપ અંતર આંખની એક પલકમાં તેણે વિતાવ્યું.

મુંજાલની આંખ અગાડી દૃશ્યપરંપરા આવવા માંડી.

તે નાનો છોકરો હતો. આ વાડીમાં ફૂલ ચોરવા તે આવતો. સજ્જનનો નાનો ભાઈ ને તે ગોઠીઆ હતા. દેવ સમો દેદિપ્યમાન તે હતો; કુલકુંવર સ્વપ્નામાં સરજેલી અપ્સરા સમી હતી. તે બન્ને રમતાં, તોફાન કરતાં, આ ભીંત પર અનેક વખત ચડતાં, આ બારણેથી અનેક વખત પેસનીકલ કરતાં. તે પરણ્યો. અગ્નિની ચોરી–વરરાજા–વરકન્યા સ્ત્રી પુરૂષોની ઠઠ–વરઘોડો–આખું નગર જમવા આવેલું તેની અનન્ત પંક્તિ : શું ઠાઠ? શું લજ્જાતી, જરા હસતી, જરા ગભરાતી કોડીલી નવવધૂ?

તેના પિતા મરી ગયા–તે નગર શેઠ થયો. તેણે પૈસા ઉડાવ્યા; કુલકુંવર સહિત, તેમ જ વગર, મોજે કરી; દેશ અને પરદેશ રખડયો; કમાયો અને ખોયું.

તેને છોકરો થયો. શું કુલકુંવરનો અને તેનો હર્ષ? તે આજ બારણે વદીલોથી છાનો, તેને મળવા આવતો. તે લાડથેલી સુંદરી શા ઉભળકાથી, પત્નીવ્રતથી ચલિત થયેલા પતિને પોતાનો કરવા, હાથમાં લાડકડો પુત્ર લઈ હોંસભરી આવતી. તેના પિતાની વાડીમાં એક સરવરીયું હતું; તેની તટે તે બેસતાં. એક પળ તે આનંદનો અમૃતસર ચાખવા મુંજાલે ઘોડી થોભાવી અને આંખો મીચી તે રસ ચાખ્યો.

પછી તે ચંદ્રપૂર ગયો; મીનળદેવીને મળ્યો; તેનો ગુલામ થઈ રહ્યો. ત્યાંથી પાછો આવ્યો. મીનળદેવી પાટણ આવ્યાં. સામ્રાજ્યનાં સ્વપ્નાં સિદ્ધ કરવા તે મહાઅમાત્ય થયો; રાજતંત્ર હાથમાં લીધું; આકાશમાં રહેલા ચંદ્રની સાથે પ્રણય કરનારાની માફક તે મીનળદેવીને દૂરથી, પૂજી રહ્યો; ઘરમાં રહેલી પોતાની નાની પણ રઢીયાળી દીપિકા વિસરી ગયો.

અશ્વિની અંધકાર પ્રદેશમાં ઉડતી ગઈ; મુંજાલે કપાલેથી પરસેવો લુછ્યો.

તેણે કુલકુંવરની પરવા કરી નહિ. તે કુમળી વેલ કરમાઈ ગઈ. કરમાતાં પણ પળવાર તેણે ઉભ્યાં દાખવી. તે પોતે ઝનૂની થયો–ક્રૂરતાથી

તે નિરાધાર અબળાને દૂર ધકેલી–નિરાધાર પુત્રને ઘર બહાર કર્યો. તે વંથલી ગયાં; તેમણે સજ્જનમહેતાની પાંખનો આશ્રય શોધ્યો. પોતે ખુની બન્યો; સજ્જન જોડે વેર બાંધ્યું. પરિણામે પુત્ર મરી ગયો–સ્ત્રી રીબાઇ રીબાઇ સ્વધામ ગઇ; પ્રુલ ગઇ, સુવાસ પણ ગઇ.

મુંજાલનો જીવ રહેંસાઈ ગયેા. તેણે ચંદ્ર સામું જોયું. તે એની મશ્કરી કરતેા લાગ્યેા.

તે બબડ્યો, "મીનળદેવી નહેાત તેા હું ક્ષુદ્ર શેઠીઓજ રહેત; પૈસા ને કુટુંબ બે વચ્ચે જીવન સમાપ્ત કરત." તે થેાડીવાર દાંત વચ્ચે અંગુઠેા ધાલી થેાભ્યેા, "કુલ શેઠાણી નથી–" તેનામાં વાક્ય પુરૂં કરવાની હિમત રહી નહિ "જીવને...સ્મશાન થઈ ગયું. હું અમાત્ય રાજાઓનું રાજ વધારવાનું હથિયાર–લેાભીયાઓનેા લેાભ પૂરેા કરવાનું સાધન. જીવીશ ત્યાં સુધી આમ ને આમ. અગ્નિ દેવની ભભકતી જ્વાલા જ્યારે શાન્તિ આપશે ત્યારે. આટલેા છેાકરેાએ ન જીત્યેા કે જોઇને દહાડા કાઢું."

હજારને રડાવનારી નિષ્ઠુર આંખમાંથી એક આંસુ પડ્યું. તે ટટ્ટાર થયેા, ચારે તરફ જોયું, ગળું ખોંખાર્યું.

"હમણાં મળકું થશે. ચાલ જાઉં." પણ પગ ઉપડ્યો નહિ. વીશ વર્ષે તે આ સ્થલે ઉભેા હતેા. સ્થલનાં સ્મરણેા સચેત થયાં હતાં; તેના હૃદયને ભૂત જીવનની ભભક અર્પી, તેને આર્દ્ર બનાવી રહ્યા હતાં. અત્યારે મુંજાલ પાટણનેા અમાત્ય નહેાતેા; પ્રુલકુંવરનેા કેાડીલેા કંઠ હતેા. તેની ડેાકના મરેાડમાંથી ગર્વ ગયેા; તેના હેાઠ પરથી દૃઢતા ગઈ; તેના ખભામાં જરા ખુંધ આવી. તે ત્યાંથી બારણા તરફ ફર્યો–બારણું ઉઘાડ્યું અને વાડીની અંદર પેઠેા. વીશ વર્ષ ઉપર આ વાડીમાં કરેલા વિવિધ વિહારના અણુવિસરેલાં સ્મરણેાનું આકર્ષણ દુર્જય નીવડ્યું.

ઈશ્વરના કેાપથી નષ્ટ થયેલા નગરનેા જીવતેા રહેલેા એક પૂરેા નગરજન ખંડીયેરેામાં જાણે ફરતેા હેાય–રાખના ઢગલાથી જ પરખાય એવા પ્રાસાદેાનાં સ્થાન શેાધી, મનમાં ને મનમાં, તેમની વિનષ્ટ ભવ્યતા ખરેખરી મેાજુદ છે એમ માની, મરેલાં માનવીઓથી–તેમના વિસરાયેલા વાર્તા-

લાપથી–તેમનાં અણદીઠેલાં હાસ્ય અને ચુંબનોથી તે ભવ્યતા સજીવન કરતો હોય તેમ મુંજાલ તે વાડીમાં ફરવા લાગ્યો. કેટલાંક ઝાડને ઓળખવા લાગ્યો–કેટલીક જાણીતી પગથીઓને ચુમ્બને ચર્ચિત કરેલા પાદના કાલ્પનિક ઝણકારથી ગજવવા લાગ્યો–કેટલાંક પ્રિય વૃક્ષોની છાંયને સંભળાતાં ન સંભળાતાં પ્રણયવાક્યો સશબ્દ બનાવવા લાગ્યો. પ્રણયયોગથી ભ્રષ્ટ થયેલો તે સ્મરણપૂજક મંત્રી ડહાપણ છોડી મુત્સદ્દીઓનો વિવેક ત્યાગી–ઉર્વશી ખોલા પુરૂરવા જેવો બની રહ્યો.

દુનિયાના વ્યવહારમાં નજરે ચડતા અનેક દુર્ગ સમા દુર્જય, કાર્યદક્ષ પુરૂષો માત્ર બુદ્ધિયંત્ર બની રહે છે; સ્વાર્થ સાધવાના સાધનરૂપ જ તેમનું હૃદય થઇ જાય છે. તેવાં હૃદય પર સપાટી વળી ગયેલી હોય છે ખરી; પણ કોઇક સ્થળે, કોઇક સમયે પગ દેતાં સપાટી છુટી જાય છે. નીચે વહેતો મહાપ્રયત્ને ઢાંકેલો રસસ્રોત–અંદર ઉકળતો ઊર્મિઓનો સાગર ઉભરાય છે–તૂટેલી સપાટીમાંથી ઉપર આવે છે, સપાટી પર ફરી વળે છે. અત્યારે મુંજાલને પણ તેમજ થયું. સ્મરણ–આનંદ અનુભવતો તે ધીમે ધીમે–કંજુસ ધણી મેહનતે મળેલું ધન છોડતાં વિલમ્બ કરે તેમ–પાછો જવા માંડ્યો. એટલામાં તેને જલકુંડ સાંભર્યો; તે જોયા વગર પાછા જવાનો તેનો જીવ ચાલ્યો નહિ ને ત્યાં જવાની પગથીયે વળ્યો.



## પ્રકરણ ૮ મું.

### જલ કુંડની જાત્રા.

કુંડ પાસે જતાં તેને કોઇ વાત કરતા સંભળાયા. તે ડમકીને ઉભો અને સાંભળવા લાગ્યો. બોલનારા ધીમેથી પણ જુસ્સાથી, દાંત પીસી બોલતા હતા. મુંજાલે અવાજ પરથી ઓળખવાને પ્રયત્ન કર્યો. એક અવાજ કૃષ્ણદેવનો હતો; બીજો જરાક પરિચિત લાગ્યો.

"ઠીક ત્યારે" પેલો પરિચિત અવાજવાળો પુરૂષ કહેતો હતો "તમે કાણુ છો તે તમારે નથી કહેવું? હું કાલે આપાને કહીશ." મુંજાલને ભાન

આવ્યું: તે અવાજ સજ્જનના છોકરા લક્ષ્મણનો હતો. "તમને અમે મિત્ર તરીકે આદરસત્કાર આપ્યો. અમને શું ખબર કે તમે દુશ્મન છો?"

"ભાઇ! એવું શું કહે છે?" એક સ્ત્રીનો અવાજ આવ્યો. મુંજલ ધીમે પગે જરા આગળ આવ્યો અને ઝાડને ઓથે ઉભા રહી તેણે ધ્યાનપૂર્વક જોયું.

લક્ષ્મણ ઉભો હતો; તેની પાસે પુરૂષના વેશમાં આ છેલ્લા શબ્દો બોલનારી છોકરી ઉભી હતી. કૃષ્ણદેવ પગ કુંડની પાળપરથી નીચે લટકાવી બેઠો હતો.

મુંજલ તે છોકરીને જોઇ ચમકયો. છોકરીનું રૂપ ચંદ્રિકામાં મનોહર લાગતું. જે સ્મરણપટમાં ચિતરેલો મુખનો તે અત્યારે કલ્પનાદ્વારા સાક્ષાત્કાર કરતો હતો તેની અપૂર્વ રેખાઓ કાંઇક અંશે તેમાં હતી. મુંજલને ચોક્કસ ખબર નહોતી કે સજ્જનને કેટલી છોકરીઓ છે. પણ ફોઇના મુખની યાદપરથી આ ભત્રીજી તે સહેલાઇથી ઓળખી શકયો.

"દોસ્ત!" ઠંડે પેટે કૃષ્ણદેવે કહ્યું.

"મને કોઇનો ડર નથી તો શું હું સજ્જન–મહેતાથી ડરીશ? તમારા બાપા તો ભલા માણસ છે. હું કોણ છું ને કોણ નહિ તેની તમારે શી પંચાત?"

લક્ષ્મણે ગુસ્સામાં પગ ઠોકયો. "ઠીક છે. હવે કોને પંચાત છે તે જોશો."

"બહુ સારૂં" નકટાઇથી હસતાં કૃષ્ણદેવે કહ્યું.

"ભાઇ! લક્ષ્મણભાઇ!" સોમસુંદરીએ ભાઇનો હાથ પકડી કહ્યું. "હવે ઘેર ચાલો સવારે સઉ થઇ રહેશે. કેટલું મોડું થયું છે તેનો કાંઇ વિચાર છે?"

"હા ચાલ" કહી ગુસ્સામાં લક્ષ્મણ ત્યાંથી સોમનો હાથ પકડી ચાલ્યો ગયો. જતાં જતાં સોમે પાછળ કૃષ્ણદેવ સામું બે ચાર વાર દૃષ્ટિ ફેંકી આશ્વાસન દીધું. કૃષ્ણદેવે ઇશારાથી જ સોમને મળવાની ઇચ્છા દર્શાવી; ઇશારાથી જ સોમે તેને શોભવા સૂચવ્યું. ગુસ્સાભર્યો લક્ષ્મણ આગળ ચાલતો ગયો.

મુંજલે આ ઇશારા જોયા; તેને હસવું આવ્યું "દુનીમાં તેની તે જ

રહી હું." તે મનમાં બબડયો. તેણે આ નાટક ઇતિ સુધી જોવા નિશ્ચય કર્યો અને હતો ત્યાં જ ઉભો રહ્યો.

અડધી ઘડી આમ ચાલી ગઇ; અને સોમસુંદરી ઉતાવળી પાછી આવી. તેણે પુરૂષવેશ કાઢી નાંખ્યો હતો.

"બોલો, શું કહો છો?"

"કેમ બહુ ઉતાવળ છે?" કૃષ્ણે પુછ્યું.

"હા હમણાં સવાર પડશે."

"સોમસુંદરી!" ગાંભીર્યથી કૃષ્ણદેવે પુછ્યું. "તમારામાં હિંમત છે?"

છોકરીને સમજ પડી નહિ. તે સાશ્ચર્ય જોઇ રહી; તેની મોટી તેજોમય આંખોના અવર્ણનીય ભાવોએ મુંજલનું પણ ધ્યાન ખેંચ્યું.

"કેમ?" તેણે પુછ્યું.

"તમે કાલ દીધો હતો તે પાળશો કે નહિ?"

"શું તમને પરણવાનો? તેની વાત અત્યારે?" અંધીરાધમાં ઘર તરફ જોતાં સોમે કહ્યું.

"હા. અત્યારે. તમારા ઘરમાં હવે મારાથી નહિ રહેવાય." પોતાના મોહક અવાજે કૃષ્ણદેવે વાત કરવા માંડી. સોમની આંખોમાં સ્નેહ અને પ્રશંસા સ્પષ્ટ રીતે ચમકતાં હતાં. "ચાલીશ માણસો અત્યારે હું કોણ છું તે જાણે છે; કાલે સવારે મુંજલ ને જયદેવ જાણશે. એટલે આમ ને આમ મારાથી નહિ રહેવાય. બોલો. કાલ પાળશો?" તેણે છોકરી પર નયન ફેરવી સત્તાથી પુછ્યું.

"બાપાને પુછ્યા વગર?"

"બાપાને કાલ પાળવો છે કે તમારે? તમને બાપાની બીક લાગતી હોય તો ગભરાશો નહિ. મને નથી લાગતી."

"કેમ?"

"હું તમારું હરણ કરીશ. મારા પૂર્વજ રૂક્મિણી લાવ્યા હતા તો મને શું વાંધો? એ તો પરા પૂર્વેથી ચાલ્યું જ આવે છે." કૃષ્ણદેવે હસીને કહ્યું. કૃષ્ણદેવનું હાસ્ય તેના પૂર્વજ ગોપીજનવલ્લભની વેણુ સમું મોહક

સર્વ સંશયોનો નાશ કરનાર હતું. શ્રદ્ધાળુ, સ્નેહભીની બાલાના હૃદયમાં શબ્દ કરતાં તે હાસ્યથી વધારે ખાત્રી થઈ. તે પણ હસી.

"શું તમે યાદવકુલના છો?" તેણે આશાભર્યા મુખભાવથી પુછ્યું. મુંજલને લાગ્યું કે છોકરી પર કૃષ્ણદેવની સત્તા પૂરેપૂરી જામી હતી.

"યાદવકુલ! યાદવકુલનું ગૌરવ આજે મારે લીધે છે." તેણે અભિમાનથી કહ્યું. "તમે કહ્યું હતું કે મારૂં કુલ ઉંચું હશે તો પરણશો. બોલો હવે શું કહેવું છે?" કહી કૃષ્ણદેવ ઉઠીને ઉભો થયો.

છોકરી થોડી વાર જોઈ રહી. તેણે નીસાસો મૂકી કહ્યું "મારા બાપા વંથળીમાં દંડનાયક; અને હું તમને પરણી ત્યાં આવું તો શું થાય?"

"કેમ?"

"દંડનાયકની પુત્રી સાધારણ યાદવને ઘેર! મારાં માબાપ લાજી મરે."

કૃષ્ણદેવ ખડખડાટ હસ્યો. તે પાસે આવ્યો; અને પોતાની આંખના તેજે સોમને ભુરકી નાંખી. તે વશ થઈ ગઈ.

"સોમસુંદરી! મને પરણી લાજી મરશો?" તેણે કહ્યું "ગાંડી! તમારી સીતેતેર પેઢીનું ગૌરવ વધશે."

"કેવી રીતે?"

કૃષ્ણદેવે ઉમળકાથી તેનો હાથ ઝાલ્યો. "તું રાણી થશે. જયદેવની રાણીઓ તારી પદવી જોઈ આંગળાં કરડશે. ચાલ આવશે?" કહી કૃષ્ણદેવે માલીકાઈથી એક હાથ સોમની આસપાસ નાંખ્યો "આ રાત હમણાં વીતી જશે." મોહાન્ધ બનેલી વિશ્વાસુ બાલા ઉમળકાભેર કૃષ્ણના હાથમાં લપાઈ ગઈ. વચ્ચે પડવું કે નહિ તે મુંજલ વિચાર કરવા લાગ્યો; અને એ કાંઈ પણ નિશ્ચયપર આવે તે પહેલાં કૃષ્ણદેવે સોમને પાછલા બારણા તરફ જતી પગથીયે ઘસડવા માંડી. મુંજલ પાછળ પાછળ લપાતો ચાલ્યો. સોમે થોડીક વારે ઉંચું જોયું; અને હેતથી પુછ્યું "તમે ક્યાંના રાજા છો?"

"હજુ સમજી નહિ બોળા?"

"ના."

"હું જુનાગઢના રા'નો ખેંગાર!" હસતાં હસતાં કૃષ્ણદેવે કહ્યું.

શબ્દો તેના મોઢામાંથી નીકળી રહે તે પહેલાં તેના બાથમાંથી સોમ કુદી, અને થોડે દૂર ઉભી.

"નવઘણ રા'ના ખેંગાર!" તેની આંખ શુષ્ક, ભયપૂર્ણ થઈ; તેનું મોઢું ફીકું પડી ગયું.

"હા! શા માટે ગભરાય છે? ચાલ."

સોમ એક ડગલું પાછળ ખસી. "નવઘણ રા'–પાટણનો કટ્ટો વેરી–જેણે મારા બાપાનો સંહાર કરવાનું વ્રત લીધું છે તે–" દરેક વાક્યે તે એકેક ડગલું પાછળ ખસતી.

"હા. તે જ." પાસે આવતાં ખેંગારે–જેણે કૃષ્ણદેવ નામધારી પોતાનું ખરૂં નામ છુપાવ્યું હતું–તેણે કહ્યું, એ વેરની ગાંઠ અત્યારે સમળ કરીએ. ચાલ વખત જાય છે."

"હવે હું તમારી પ્રતિજ્ઞા પણ સમજી" કાકના જવાબમાં કૃષ્ણે કહ્યું હતું તેનો અર્થ સમજતાં સોમે જવાબ દીધો;

"ચાલ" સત્તાથી ખેંગારે કહ્યું.

"ના." દૃઢતાથી સોમે કહ્યું.

"કેમ?"

"સજ્જન મહેતાની દીકરી રા'ના છોકરા જોડે કેમ પરણે?" કહી સોમે ડોકું ધુણાવ્યું.

"ચાલ દેખાડાવું."

"ના." કહી સોમ પાછી જવા વળી.

"શું એમ કોલ તુટશે?" કહી ખેંગાર એક છલંગ મારી તેની પાસે આવ્યો.

"નહિ–નહિ–" એમ સોમ બોલવા જતી હતી તે પહેલાં ખેંગારે એક હાથે તેનું મોઢું દાબ્યું, અને બીજે હાથે તેને ઉંચકી લીધી. બારણા તરફ દોડવા તેણે એક છલંગ ભરી.

ચુંનાલે ખેંગારની બોચી પકડી. અચાનક સ્પર્શથી ખેંગાર ચમક્યો–ક્યોં–તરવાર કાઢવા ગયો. મંત્રીના સબલ બાહુના જોરથી ખેંગારનો હાથ

વળી ગયો;–સોમ ધરણીપર સરી ગઈ;–ખેંગાર દૂર હઠી ગયો–હઠ્યા વિના તેનો છુટકો થયો નહિ. સિંહસમું વિકાળ બનેલું તેનું વદન ગુસ્સામાં ભયાનક થયું; શક્તિના શાંત ગૌરવથી મંત્રી જોઈ રહ્યો. એક વિપલમાં ખેંગારે તરવાર ખેંચી–તે કુદ્યો. મુંજલની લાંબી પ્રચંડ તરવારે તેનો ઘા ઝીલ્યો–તરવારોમાંથી તણખા ઉઠ્યા. ખેંગાર પણ તરવારી હતો; મુંજલની ખડ્ગવિદ્યા, તેનું બાહુબલ અપ્રતિમ હતું. પાંચ પળજ માત્ર આ મહારથીઓનું ભયંકર યુદ્ધ ચાલ્યું. આખરે મંત્રીના પ્રાબલ્યથી ખેંગારની તરવાર દૂર જઈ પડી–તેના પગ વળી ગયા. યમરાજ સમો મહાઅમાત્ય તરવારની અણી ખેંગારને ગળે રાખી ઉભો રહ્યો.

ચંદ્રના તેજમાં ખેંગારે મંત્રીને ઓળખ્યો; તે અંગેઅંગ કાંપી ઉઠ્યો. તે બોલ્યો;

"મુંજલ–કે બ્રહ્મરાક્ષસ!" તરવારની શક્તિ કરતાં મંત્રીના અણુધારેલા મેળાપથી ખેંગારનાં ગાત્ર ગળી ગયાં.

"બન્ને" જરા હસી મુંજલે કહ્યું. પાટણ વિજયી નિવડ્યું–જુનાગઢ પડ્યું. ખેંગારે આશા છોડી આંખો મીચી. "ઉઠો ખેંગારજી! ભૂમિ પડેલા દુશ્મનને હું મારતો નથી. હવે સારા ઘરમાં તમે રેહેવા લાયક નથી. સીધાવો." કહી સત્તાથી તે બારણા તરફ આંગળી કરી ઉભો.

માનભંગ થયેલો ખેંગાર ઉઠ્યો, પડેલો ટૂંટો ને તરવાર લીધાં અને દાંત કચકચાવતો બારણેથી બહાર ગયો. મુંજલે અંદરથી સાંકળ દીધી.

ગભરાયેલી સોમ આ યુદ્ધ–આ વાત–દિગ્મૂઢ બની જોઇ, સાંભળી રહી હતી. તે નવા આવનારને ઓળખી ન શકી. ખેંગારે નામ ઉચ્ચાર્યું તે તેણે બરોબર સાંભળ્યું નહોતું. મુંજલ બારણું વાસી આવ્યો ત્યારે સોમ ઉભી થઈ ગઈ હતી.

"છોકરી!" તેણે સખ્ત અવાજે કહ્યું "સારે વેર અવતાર લીધો, છતાં આવું કરે છે કે? જા! દોડી જા! ફરી અજાણ્યા જોડે બહુ વ્યવહાર નહિ રાખતી."

શરમીન્દી સોમ નીચું જોઇ ઝપાટાબંધ ચાલી ગઇ. મુંજાલ બબડ્યો "આવી છોકરીઓ હશે ત્યાં સુધી જ પાટણનો જય વારો છે."

છોકરી અદૃષ્ટ થઇ કે મંત્રી જે બારણેથી આવ્યો હતો ત્યાંથી પાછો નીકળ્યો.

## પ્રકરણ ૯ મું.

### ઉદાની શોધમા ઉદાના જ ઘોડાએ કરેલી મદદ.

કાક દોડતો દોડતો ત્રિભુવનપાલને મહેલે ગયો, તેને બે બોલમાં વાત કહી, તેના તબેલામાંથી પાણીપંથી ઘોડી લીધી, અને ઝપાટાબંધ મોઢેરા દરવાજા તરફ ગયો.

મંજરીએ જે રીતે કાકનો તિરસ્કાર કર્યો હતો તે હજુ તેને સાલતો હતો; અને તેથી જે હોંસથી તે પહેલાં મંજરીની વારે ધાતો તેવી હોંસ અત્યારે તેના હૃદયમાં નહોતી. એક વિચાર પણ આવ્યો, કે આવી અભિમાની ભાર્યાને શા સારૂ દુઃખમાંથી બચાવવા પ્રયત્ન કરવો. પણ પોતાની સ્ત્રીને ઉદો લઇ જાય એ અસહ્ય લાગ્યું; એ તેના શૌર્ય વિષે હલકો વિચાર આણે તે પણ તેને ન ગમ્યું, અને એ ઉપરાંત વિજયથી હસતું ઉદાનું મોહું મોહું અને કેદ થયેલી નિર્દોષ રમણીનું દયામણું મોહું-એ બે મોહાં કલ્પનાશક્તિએ તેના મન આગળ ખડાં કર્યાં. તે મુખદર્શનથી તેની ઝનૂન અત્યંત વધી ગઇ; અને ચપલ અશ્વરાજના અપ્રતિમ જુસ્સાથી તે શરતમાં ઉતર્યો.

તે મોઢેરા દરવાજે ગયો તો દરવાન ઉઘ્યો હતો.

"બારણું ઉઘાડ તો."

"અત્યારે નહિ ઉઘડે. જરા વાર છે."

"મૂર્ખા! હમણાં ઉઘાડ્યું હતું તે ભૂલી ગયો?" દરવાન ચમક્યો.

"મંત્રી મહારાજ કહેતા નથી ગયા કે હું આવવાનો છું?"

"ના. મને કાંઈ કહ્યું નથી. તમે એ લોકો ગયા તેના માણસ છો?"

"હા. નહિ તો હું જાણું કયાંથી ? પાંચ સાત જણ હતા નહિ ?" કાકે પુછ્યું.

"ચારેક જણ હતા" કહી દરવાને બારણું ખોલવા માંડ્યું.

કાક વિચારમાં પડ્યો. શું ત્યારે બે જ માણસ લઈ ઉદામહેતા ખંભાત જવાનું સાહસ ખેડતા હતા ? પણ લાંબો વિચાર કર્યા વિના જેવો દરવાજો ખુલ્યો કે તરતજ તેણે ઘોડીને એડી મારી, અને પવન વેગે પંથે પડ્યો.

થોડેક આગળ જતાં બે રસ્તા આવ્યા એટલે કાક વિચારમાં પડ્યો. તેને સદ્‌ભાગ્યે ભલભાખ્યું થવાની તૈયારી થતી હતી એટલે થોડો ઘણો આભાસ હતો. તે આભાસમાં તેણે તાજાં ઘોડાનાં પગલાં પારખ્યાં અને તે જે રસ્તે ગયાં હતાં તે રસ્તો લીધો.

ઘડી, બે ઘડીમાં સવાર પડી, અને બનતી ત્વરાથી કાકે ઘોડી આગળ ચલાવી. આગળ ચાલતા ઘોડાઓ ઝપાટાબંધ જતા હતા, એટલે તે સહેલાઈથી પકડાય એમ નહોતું.

ઘોડી પોતાનું કામ કર્યા જ જતી હતી, એટલે કાકને વિચાર કરવાનો વખત મળ્યો. આગળ જતા ઘોડાઓ એટલા ઝડપથી જતા હતા કે એક પણ ઘોડા પર મંજરી બેઠી હોય એમ લાગ્યું નહિ. શું ઉદાએ તેને પોતાના ઘોડાપર લઈ લીધી હશે ? મંજરીને પોતાના હાથમાં રાખી ઉદો ઘોડાપર બેઠો હશે ? એ વિચાર આવતાં કાકનાં રૂવાં ઉભાં થઇ ગયાં. તેણે ઘોડીને જોરથી એડ મારી.

રસ્તામાં એક બેદુત મળ્યો તેને પુછતાં, તેની ખાત્રી થઈ કે આગળ જનારા ચારજ ઘોડેસ્વારો હતા. તેમને મહાત કરવા જતાં પોતે મહાત થઈ જાય એવો સંભવ ન રહે એવી યુક્તિ તેણે શોધવા માંડી.

એટલામાં એક ગામડું આવ્યું. અને કાક ઘોડીને પાણી પાવા તળાવ આગળ ગયો એટલે તેણે પેલા ચાર સ્વારને એક ઝાડ નીચે બેઠેલા જોયા. તેની અજાયબીનો પાર રહ્યો નહિ; એ ચારમાંથી એક જણ પણ ઉદાના જેવો લાગતો નહોતો. નિરાશાથી કાકની આંખે અંધારાં આવ્યાં અને તળાવની પાળ પર બેસી શું કરવું તેના તે વિચાર કરવા લાગ્યો.

પહેલો વિચાર તો આ સ્વારોનો પીછો છોડી પાછા જવાનો થયો; પણ પછી એમની પાસેથી કાંઇ માહીતી મેળવવા તે પોતાની ઘોડી દોરીને પેલા સ્વારો પઝ્યા હતા ત્યાં ગયો.

"ભટ્ટજી" કાકે નમ્રતાથી પુછ્યું "આપ પાટણથી આવ્યા છો?"

"કેમ?" એકે પુછ્યું.

"ના. અમે દેથળીથી આવીએ છીયે." બીજાએ જવાબ આપ્યો. આ વાત સ્પષ્ટ રીતે ખોટી લાગી; કારણ કે દધિસ્થલી ત્રિભુવનપાલનું ગામ હતું અને ત્યાંના સ્વારો આમ અમથા રખડે એ બનવું સંભવિત નહોતું.

"તમે રસ્તે કોઇ ઘોડેસ્વારો જોયા?"

"ઘોડેસ્વાર!" ઉમ્મરે સૌથી મોટો સ્વાર હતો તેણે કહ્યું. "હું ધારૂં છું કે અમારી આગળ ઘોડેસ્વારો હતા ખરા. નહિ?" કહી બીજા પાસે સાક્ષી પુરાવી.

"તે કઇ તરફ ગયા?"

"ચોઢેરાનો રસ્તો લીધો લાગે છે."

શું આ માણસો ખરૂં બોલતા હતા? ચાર માણસજ દરવાજેથી નીકળ્યા હતા; અને તેના ધારવા પ્રમાણે આ જ તે હતા. ત્યારે ઉદા મહેતા કયાં?

"તમે ક્યાં જાઓ છો?"

"ભાઇ! તમને તો આખા ગામની પીડા લાગે છે."

કાક જરા હસ્યો. "ત્યારે જ પુછું છું ને. મારે તમારી સાથે આવવું છે."

"અમે તો માલપૂર જઇએ છીએ."

કાક ગુંચવાયો. આ લોકોની વાત સાચી હોય તો ક્યાં માલપૂર, અને ક્યાં કર્ણાવતી?

"ના. ત્યારે મને નહિ ફાવે. મારે તો કર્ણાવતી જવું છે." આ લોકો સાથે જવું તેને નિરર્થક લાગવાથી કાકે કહ્યું.

પેલા વૃદ્ધે એક જણ તરફ આંખ મારી અને કહ્યું: "બેસો! અમે ભાતું છોડીયે છીયે."

"મારે કાંઈ નહિ જોઇએ" કાકે કહ્યું. "હું તો રસ્તે જોઈ લઈશ."

"તમે બ્રાહ્મણ છો?" પેલા સ્વારોમાં એક જુવાન હતો તેણે તિરસ્કારથી પુછ્યું.

"હા" કહી કાક ઘોડીપર ચડી ચાલવા માંડ્યો.

તે થોડોક આગળ ગયો અને તેને પેલા જુવાનનું મોઢું પરિચિત લાગવાથી તે કોનું હશે તે સંભારવા લાગ્યો. એટલામાં પેલા સ્વારો એના તરફ આવતા દેખાયા. પેલો જુવાન સૌથી આગળ હતો તેનું મોઢું તેણે જોયું અને તે કોના જેવો હતો તે યાદ આવ્યું. શું આ જે તિલક-ચંદ્રને ખંભાતમાં મારી નાંખ્યો હતો તેનો ભાઈ! જો તેમ હોય તો જરૂર આ ઉદાનાં જ માણસો હોવાં જોઇએ. કાકે એકદમ ઘોડીનું મોઢું ફેરવી નાંખ્યું, અને સામું ફરી પુછ્યું:

"કેમ ભાઇઓ! કાંઇ એકદમ કુચ કરવા માંડી?"

"અમને થયું કે ચાલો થોડે સુધી તમારી સાથે જ જઇએ" ઘરડા સ્વારે કહ્યું. અને બધા સાથે સાથે ઘોડા ચલાવવા લાગ્યા.

કાકને લાગ્યું કે આ ભલમનસાઇમાં કાંઇ પણ દગો સમાયો હતો. તે દગો જાણવા તેણે કહ્યું: "ચાલો! મને પણ રસ્તે મજા પડશે. તેમાં આ ભાઇ તો ઓળખીતા લાગે છે."

"હું!" જરા ચમકીને પેલા જુવાને કહ્યું.

"તમે ખંભાતના કેની?"

"ના."

"તમારા જ મોટા ભાઇ જેવો મારે એક ખંભાતમાં દોસ્ત હતો, તેથી પુછું છું."

તે જુવાનના મોઢાપર જરાક ગુસ્સાનો ભાવ આવ્યો. કાકે તે ભાવ જોયો; અને આગળ ચલાવ્યું: "તિલકચંદ્ર એવો બાહોશ અને વિદ્વાન્ હતો કે કાંઇ કહેવાની વાત નહિ પણ એક રાતે કોઇએ તેને મારી નાંખ્યો." પેલા જુવાનનું મોઢું લાલચોળ થઇ ગયું; પણ વૃદ્ધ સૈનિકે પુછ્યું:

"કેમ કરતાં મરી ગયો?"

"કોણ જાણે. અમારા-ઉદામંત્રીને મ તેનું કારણ પુછ્યું પણ તેણે કાંઈ જણાવ્યું નહિ."

"એમ કે?" પેલા વૃદ્ધે પુછ્યું.

"તમે ઉદા મહેતાને ઓળખો છો કે?" કહી એકદમ કોકે પેલા જુવાન તરફ જોયું. તે ચુંચવાઈ ગયો.

"હા—ના—ના—ના—"

"અરે ના શું હા!" કહી પેલા વૃદ્ધ સૈનિકે કોકની ઘોડીની પીઠ પર પાછળથી ઘણા જ જોરથી તરવાર મારી. કોક સમજી શકે—ભાનમાંથી તરવાર કાઢી શકે—તે પહેલાં ઘોડી કુદી, લથડી, અને પડી; અને સાથે કોક પણ પડ્યો. તેનો પગ ઘોડી નીચે ચગદાઈ રહ્યો. તરત જ ખૂનતરશી ચાર નાગી તરવારો સહિત પેલા ચાર સ્વારો પોતાના ઘોડા-પરથી કુદી પડ્યા, અને કોક તરફ ધસ્યા.

"તિલકચંદ્રના દોસ્ત!" પેલા જુવાને બરાડો માર્યો અને તરવારની અણી કોકની ગરદન તરફ ધરી તે દોડ્યો.

પેલા વૃદ્ધે તેને ધક્કો મારી ખસેડી નાંખ્યો, અને આગળ જઈ બીજાઓની મદદથી કોક જે ઘોડી નીચેથી પગ કાઢવાને શક્તિવાન થયો હતો તેને પકડ્યો, ઘસડ્યો, અને ઝપાટાબંધ ચારે તરફથી બાંધ્યો. છુટા થવાને તેણે પ્રયત્ન કર્યો પણ કાંઈ વળ્યું નહિ, હથીયાર હાથમાં લેવાને ફાંફાં માર્યાં પણ બન્યું નહિ. હાકોટો, બાંધનારાને બળથી ચારે તરફ ફેંકતો, તે પોતાથી બનતું કરી રહ્યો; પણ છતાં આખરે પેલાઓએ તેને એક ઝાડ સાથે બાંધ્યો.

"સબુર! મને એ હરામખોરને પૂરો કરવા દે" પેલા જુવાને કહ્યું. "મારા ભાઇનું વેર લેવું છે."

"ધર્મભાઇ! મારા દેખતાં હું બ્રહ્મહત્યા નહિ થવા દઉં" પેલા વૃદ્ધે દ્રઢતાથી કહ્યું "મહેતા પાસે લઇ જઇએ, પછી એનું જે કરવું હોય તે કરજો."

"ઠીક છે." કહી ધર્મચંદ્ર મુગો રહ્યો.

પોતે કરેલી અવિચારી સોબતથી પસ્તાતો કાક મુગો મુગો પડી રહ્યો; ફાંફાં મારે પણ છુટાય એમ તેને લાગ્યું નહિ. પણ મંજરીનું શું? તેને સ્પષ્ટ લાગ્યું કે ઉદો પાટણમાં જ રહ્યો, અને કાકને ફસાવવા માટે આ માણસો મોકલી તેને તેમની પાછળ મોકલ્યો. મંત્રીની ઉસ્તાદીને શાપ આપતો તે કાંઇ યુક્તિ શોધવા બેઠો.

પેલા સૈનિકોએ થોડો વાર વિસામો ખાધો અને પછી નીકળ્યા. જકડીને બાંધેલા કાકના બંધ પેલા વૃદ્ધ નાયકે પોતાના હાથમાં લીધા અને તેને પોતાના ઘોડા સાથે ચલાવા લાગ્યો. કાક પણ ઝપાટાબંધ ઘોડા સાથે ચાલવા લાગ્યો.

પેલા સ્વારો તેની મશ્કરી કરવા લાગ્યા, અને કાકે તેમની મશ્કરીના બરોબર જવાબ આપવા માંડ્યા. તેની શાન્તિ, તેનું ધૈર્ય, તેની હસમુખી વાત, તેમના પરાક્રમની કહાણીઓ: એ બધાથી પેલા જુવાન ગ્રિવાયના ત્રણ સૈનિકો કાક પર ખુશ થઇ ગયા. કાકને પણ એટલું જ જોઇતું હતું; તેણે પણ તેમનાં દીલ જીતવાનો પ્રયત્ન કરવા માંડ્યો.

સૂર્ય ઉંચે ચડવા લાગ્યો તેમ તાપ વધ્યો, અને મુસાફરી જરા અધરી થવા લાગી. એટલામાં એક ગામ આવી લાગ્યું, અને ત્યાં થોભી, જમવાની ગોઠવણ કરવાનો પેલા સ્વારોએ મનસુબો કર્યો. તેમાંથી એકે જઈ ગામના મુખીને ઢુંઢી કાઢયો અને ઉતરવા માટે એક ઘર મેળવ્યું. મુખીએ તેમને ખાવા પીવાની સોઈ કરી આપી.

કાક બ્રાહ્મણ હતો એટલે બંધ છોડાવી, નાહી ધોઈ, પાછલા વાડામાં એક જુદો ચુલો માંડી તેણે પોતાનું ખાવાનું તૈયાર કરવા માંડ્યું; અને નાસવાની યુક્તિઓ ખોળવા માંડી. વાડાની ત્રણ તરફ ઉંચી ભીંત હતી, અને ચોથી તરફ ઘર હતું. ઘરના પાછલા બારણા આગળ ચુલો માંડી પેલો વૃદ્ધ અને બીજો એક જણ રાંધતા હતા; અને ધર્મચંદ્ર અને ચોથો સ્વાર પરસાળમાં આડા પડ્યા હતા. થોડીવારે ધર્મચંદ્ર અને પેલો વૃદ્ધ સૈનિક ઘોડાઓ માટે ચંદીની તજવીજ કરવા ગયા.

કાકે જોયું કે આ લાગ ઘણો જ સરસ હતો. તેણે ચારે બાજુએ

જોયું, વાડાના ઘેારાની ઉંચાઈ આંખ વતી માપી, અને પાણી લેવાને બહાને એક બે વખત ચુલા પાસેથી ઉઠી ઘેારા પાસે જઈ આવ્યેા. પેલા બે જણ કાંઈ પણ વહેમ લાવ્યા વગર નીરાંતે પેાતપેાતાનું કામ કરી રહ્યા હતા.

ધીમેથી કાક ઉઠ્યેા, છાપરૂં અને ઘેારેા મળતા હતા તે તરફ ગયેા, હાથ ઉંચેા કરી પેાતાના હાથ છાપરાની પાંખને અડકાડી જોયા. તેના હાથ અડક્યા એટલે તેને હિંમત આવી. "જય સેામનાથ" બબડી તેણે પાંખ પકડી, અને શરીર ઉંચું કર્યું; સ્નાયુવાળા ગાત્રેાના સચેાટ પ્રયત્નથી ઘેારા પર કુદ્યેા; જોતજોતામાં ઘેારાપર થઈ બહારની બાજુએ પડ્યેા; પડતાં વાર મુઠી વાળી દેાટ મુકી. તેની બધી ઇચ્છાશક્તિ, તેનું બધું બળ તેના પગમાં આવ્યું; અને ધનુષ્યમાંથી શર છુટે તેમ તેણે દેાડવા માંડ્યું.

બેચાર પલકમાં તેણે તે નાનું ગામડું વટાવ્યું, અને ખેતરેા ઓળંગતેા મેાટા રસ્તાઓ બાજુ પર રાખતેા, બને ત્યાં સુધી ખેતરમાં ફરતા બેડુતેાની નજર ચુકવતેા, તે દેાડવા લાગ્યેા.

એમ તે બે ત્રણ ઘડી સુધી દેાડ્યેા, અને એ વડની શાન્ત છાયા નીચે શ્વાસ લેવા ઉભેા રહ્યેા. સવારની અને અત્યારની દેાડથી તે થાકી ગયેા હતેા એટલે બપેાર અહિયાં ગાળવાનું તેને મન થયું. એકદમ તેને ઘેાડાનાં પગલાં સંભળાયાં. વડ પાસેથી જતા રસ્તાવાટે કેાઈ ઘેાડેસ્વાર આવતેા હતેા. કાક તરત ઝાડ પર ચડી ગયેા; અને તેની ઘટામાં લપાઈ જોઈ રહ્યેા.

થેાડી વારે ધર્મચંદ્ર દેાડતે ઘેાડે, ચારે તરફ ધ્યાનથી જોતેા, આવી લાગ્યેા. કાક જેવેા નાહેા એમ સાંભળ્યું કે તે ઘેાડે ચડી તેની પાછળ પડ્યેા હતેા. કાક કઈ દિશામાં ગયેા હતેા તે તેણે જોયું હતું; અને તેથી તે તરફ તેણે ઘેાડેા મારી મુકયેા. પણ ઉતાવળમાં તેણે બીજા સૈનિકેાને કાંઈ પણ કહ્યું નહિ એટલે તે સમજ્યા કે ધર્મચંદ્ર ગયેા તેનાથી બીજી દિશામાં કાકને ખેાળવા જવું તે વધારે ડહાપણભરેલું હતું. આ કારણથી બીજી ત્રણ દિશામાં તે ત્રણે ચાલ્યા ગયા.

ધર્મચંદ્ર ક્યાં સુધી તેા દૂરથી કાકને દેાડતેા જોઇ શકયેા; પણ ખેતરેામાંથી ઘેાડેા તદ્દન સીધે રસ્તે લેવાનું બન્યું નહિ એટલે તેની અને

કાકની વચ્ચે અંતર તેટલો ને તેટલો જ રહ્યો. આખરે કાક અદૃષ્ટ થયો એટલે તે ગુંચવાયો; પણ કાક આ દિશામાં ગયો છે તે આ તરફ જ નીકળશે એમ અનુમાન કરી તેણે બાજુનો રસ્તો લીધો, અને આ વડ આગળ આવી પહોંચ્યો.

કાક હાથમાંથી છટકી જવા પામ્યો તેથી ધર્મચંદ્ર ઝનુને ભરાયો હતો. તેણે ચારે તરફ ધ્યાનથી જોયું, પણ કાંઈ દેખાયું નહિ. આખરે તેણે ઉંચે જોયું.

બીજો કોઈ આ સ્થિતિમાં ગભરાઈ જાત, પણ કાકની તીક્ષ્ણ બુદ્ધિએ આ અણીને વખતે અકલ્પ્ય રસ્તો દેખાડ્યો. ઘટામાં છુપાવાને બદલે તેણે મોઢું બહાર કાઢી, હસતે મોઢે કહ્યું: "ધર્મચન્દ્ર! જય સોમનાથ."

"હો! પાપાચારી તું ઉપર છે? ઉતર હેઠળ, નહિ તો ઠાર કરીશ."

"અરે એમ શું કરો છો? જરા ઠંડા તો થાવ."

"ઉતર" ધર્મચંદ્રે અધીરાઇથી કહ્યું, "નહિ તો હમણાં નીચો પાડીશ" પણ તેને કેમ નીચે પાડવો? તે પોતાનું તીરકામઠું તો ઉતારામાં ભૂલી આવ્યો હતો.

"જરા પાડો તો ખરા" ખડખડ હસીને કાકે કહ્યું. તેનો હેતુ માત્ર ધર્મચન્દ્રને ચીડાવવાનો જ હતો; અને તે હેતુ પાર પાડવામાં તે સફળ થયો. ધર્મચન્દ્ર ઘોડાપરથી નીચે ઉતર્યો, અને પથરો લઈ તેણે કાક તરફ ફેંક્યો. કાકે બીજી ડાળ પર કુદીને પથરો ચુકાવ્યો. નિષ્ફળ બનેલા પ્રયત્નથી ધુંધવાયેલો, મોટા ભાઇના ખુનનું વેર લેવા તલસતો ધર્મચન્દ્ર તરવાર કાઢી ઝાડ પર ચડવા લાગ્યો. કાક મનમાં હસ્યો; તેને એટલું જ જોઇતું હતું.

ધર્મચન્દ્ર ઝાડ પર ચડી, કાકને પકડવા ગયો. કાક ધીમે ધીમે ડાળી કુદાવતો, જ્યાં નીચે ઘોડો ઉભો હતો, તેની ઉપરની ડાળપર આવ્યો. ઉતાવળથી હાંફળો ફાંફળો ધર્મચન્દ્ર ઝપાટાબંધ કાક જે ડાળ પર હતો તે પર ગયો.

"જય સોમનાથ"ની ધૂમ મારી કાકે ડાળપરથી પડતું મૂકયું, અને ઘોડાની ડોકપર પડ્યો. ઘોડો ખીજીને કુદ્યો. પલકમાં તેની યાળ પકડી ટટ્ટાર થઈ કાક તેના પર બેઠો.

તેણે પાછા ફરી ડાળપરથી કુદી ભોંયપર પડેલા ધર્મચન્દ્રને કહ્યું "આવજો ધર્મચન્દ્રભાઇ!" અને ઘોડો મારી મુકયો.

કાકની ઓડીના પ્રભાવે ઘોડો પંખાળો બની રહ્યો.

## પ્રકરણ ૧૦ મું.

### પાતાલ—નિવાસ.

આપણા મુત્સદ્દી મંત્રી ઉદયન કયાં હતા તે આપણે જોવું જોઇએ.

તે બાહોશ મારવાડીની નજર ચારે ખુણે હતી; તેનો હાથ બધાની નાડ પર હતો. તે કીર્તિદેવનો મિત્ર બન્યો હતો; અને તેનું નિમંત્રણ સ્વીકારી સજ્જન મહેતાના વાડામાં છુપે વેશે આવ્યો હતો. ત્યાં તેણે મંજરીને ઓળખી અને બહાર જતી વખતે કાવત્રાંબાજોએ કરેલી ધક્કા-મુક્કીનો લાભ લઈ તેને ઉચકી, ઉપાડી ગયો. જે ઓતાડે બારણેથી ત્રિભુવનપાળ અને મુંજાલ આવ્યા હતા ત્યાંથી જ તે આવ્યો હતો; એટલે ત્યાંથી જ પાછો બહાર નીકળ્યો. તેને ભાન નહોતું કે મુંજાલે તેને જોયો હતો.

મંજરીએ છુટા થવાને ફાંફાં તો ઘણાં માર્યાં પણ કાંઇ વળ્યું નહિ. આખરે તે થાકી, બેભાન બની, અને પડી રહી.

ઉદાએ તે રાતના છાનામાના પાટણ છોડી ખંભાત જવાનો વિચાર રાખ્યો હતો. પણ મંજરી તેના હાથમાં આવવાથી તેણે પોતાનો ઇરાદો બદલી નાખ્યો. તેને લાગ્યું કે કાક જરૂર મંજરીને શોધવા નીકળવાનો; અને પોતે ગામ બહાર ગયો છે એમ ખબર પડતાં જરૂર તેની પુઠે લાગ-વાનો. તો આ તકનો લાભ લઈ, શા માટે દિવસે દિવસે સામર્થ્યવાન થતા જતા હતા તે શત્રુને પુરો નહિ કરવો? આ કાર્ય સિદ્ધ કરવા તેણે કરેલી યુક્તિ ખરેખર ઉદાની બાહોશીને છાજે એવી હતી.

જે ઘોડેસ્વારો પોતાની સાથે આવવાના હતા તેને તે મળ્યો; અને મોઢેરા દરવાજેથી ખંભાતને રસ્તે જવું, કાક પાછળ આવે તો તેને ફસા-

ચવો, પકડવો, સામો થાય તો પુરો કરવો, અને પકડાય તો ચંદ્રાવતી લઈ જઈ કેદ રાખવો, એવો હુકમ કર્યો. ધર્મચન્દ્ર અને બીજા ઘોડેસ્વારો એ હુકમ પાળવા પાટણ બહાર ગયા તે આપણે જોયા.

તે સ્વારો ગયા એટલે ઉદો ઝપાટાબંધ બેહાન મંજરીને ખાંધ પર નાખી પાસે આવેલા એક ચૈત્ય[1]ના પાછલા વાડામાં પેઠો. પળવાર દરવાને તેને રોકયો; પણ ઉદા મહેતા જેવા જીનશાસનના ધુરંધરને ઓળખી ઝટ માનભેર આઘો ખસ્યો, અને બારી ઉઘાડી આપી. ઉદો હડહડતી ગરીબાઇમાંથી મોટો થયો હતો, એટલે નાનામાં નાની ગલીકુંચી જાણતો હતો. તે વાડાની ભીંતની અંદરની બાજુમાં એક નાની ગલી હતી તેમાં તે પેઠો; અને તે ઠોકર ખાતો, મંજરીને સાચવતો, રખેને તે ગુમ મારે તે પર ધ્યાન આપતો, પોતાના મનમાં અનેક ઘાટ ઘડતો તે આગળ વધ્યો.

જીવનની શરૂઆતમાં ઉદાનું લક્ષ્યબિન્દુ પાટણની મહાઅમાત્યની પદવી હતું; પણ નિષ્ફળ પ્રયાસોએ તેને શીખવ્યું હતું કે મુંજાલ મહેતા જીવતાં એ સ્થાન ખાલી પડે એ અશક્ય હતું. એ નિષ્ફળતાનું ભાન થતાં તેણે બીજું લક્ષ્ય નજર આગળ રાખ્યું: શ્રાવકોમાં શ્રેષ્ઠ બની, જીનશાસનના પ્રતિનિધિ બનવું. એ લક્ષ્ય તેણે ઘણે અંશે સાધ્યું હતું;-બુદ્ધિથી, ઉદારતાથી, ધર્મપરાયણતાથી તેણે ખંભાતને જીનશાસનનું મથક બનાવ્યું હતું; અને ત્યાંનું મંત્રીપદ નિરંકુશપણે ભોગવી, ધીમે ધીમે સત્તા અને પ્રતાપ વધારી, મુંજાલના પ્રતાપને પણ ઝાંખો પાડવાના પ્રયાસો તે કરી રહ્યો હતો. ધીમેથી પણ ધૈર્યથી તેની નેમ સધાતી જતી હતી.

આ અરસામાં તેને મંજરી મળી. મંજરીના લાલિત્યે તેના ઠરી ગયેલા હૃદયને ઉકળાવ્યું; તેની વિદ્વત્તાએ તેને આકર્ષ્યો; તેના બ્રાહ્મણ વર્ણે અને શ્રેષ્ઠ કુલે તેને આંજ્યો; તેની દૃઢતાએ તેને પાનો ચડાવ્યો. મંજરીને પોતાની સ્ત્રી કરવી એ વિચારને તેનાં હૃદય, બુદ્ધિ અને અભિમાને વધાવી લીધો.

---

૧ જૈન મંદિર.

એકદમ તેના રસ્તામાં રાહુસમાન ફ્રાક આવ્યો; તેનું ખંભાત ગયું; તેની મંજરી ગઇ; તેની પ્રતિષ્ઠાને હાનિ પહોંચી. શાન્ત પણ નિશ્ચલ મને તેણે દઢ નિશ્ચય કર્યો કે ફ્રાકને કાંકરાની માફક ફાડી નાંખવો. પણ ઉદો ઉછાળીને ટાંટીયો ભાંગે એવો નહોતો. તેણે ધીમેથી, શાન્તિથી પોતાનો રસ્તો લીધો. અત્યારે તેને લાગ્યું કે ફ્રાક તેના હાથમાં જરૂર સપડાઇ જવાનો. મંજરી તો હાથમાં જ હતી. છતાં તે દૂરન્દેશી હતો; રખેને બાજી પલટાય તેની બ્હીકે તે પોતાના કરેલાં કામની નીશાની પણ રહેવા દેવા માગતો નહોતો.

ચૈત્યના વાડાની ગલીમાં થઇ પાસે ખુંજલેશ્વર મહાદેવના મંદિરમાં આવેલી એક અંધારા ભોંયરા જેવી ઓસરીમાં તે નીકળ્યો. ઓસરી અડધી ભોંયમાં હતી, અને કાળા પથ્થરની બાંધેલી હતી. તે કાલભૈરવનું નિવાસસ્થાન ગણાતી, અને મધ્યાન્હે મહાદેવના પૂજારીઓ પણ ત્યાં જવાની હિંમત કરતા નહિ.

તે અંધારી ઓસરીમાં પગથીયાં હતાં. પરિચિત માણસની નીડરતાથી ઉદો તેની નીચે ઉતર્યો. ત્યાં મંજરીને તેણે જમીન પર મૂકી અને ચકમકથી એક રૂનો કાકડો ચેતાવ્યો. આ અચાનક પડેલા પ્રકાશથી પથ્થરના નાના ઓરડામાં ચામાચીડીયાં ઉડી રહ્યાં અને પાંખો ફફડાવી ભયાનક પડછાયા પાડવા લાગ્યાં.

ઉદાને બ્હીવા જેટલી પણ ફુરસદ નહોતી. ભીંતમાં એક કડું હતું તે પકડી તેણે જોરથી ખેંચવા માંડયું. થોડીક વારે, કઠાંવાળો પથ્થર હાલ્યો—મહા મહેનતે તેણે તે ખસેડયો. ભીંતમાં એક બાકોરૂં હતું તે આખરે ખુલ્લું થયું; અને તેમાંથી જોરથી પવન આવ્યો.

આ બાકોરૂં એક સલંગ ભોંયરામાં પડતું હતું; અને તે ભોંયરૂં રાજ-મહેલમાંથી ગામ બહાર વિમળશાહના સ્થાનકની વાવમાં નીકળતું હતું. રાજા, મહાઅમાત્ય કે ઘણા જ વિશ્વાસુ રાજસેવકોને આ ચોરવાટની હસ્તીની ખબર હતી; કારણ કે દુશ્મન ઘેરો ઘાલે ત્યારે જ ગામમાંથી નાસી જવા માટે તેનો ઉપયોગ કરવામાં આવતો. જ્યારે ઉદો નિર્ધન

અવસ્થામાં પાસેના ચૈત્યની ધર્મશાળામાં પડી રહેતો ત્યારે એક વૃદ્ધ રાજસેવકની પાસેથી આ છુપા રસ્તાનો ભેદ જાણ્યો હતો; અને નવરા બેઠાં બેઠાં, નીડરતાથી તેનું સંશોધન કર્યું હતું. તે રસ્તો તેને અત્યારે ખપ લાગ્યો.

કાકડો ધરી ધ્યાનપૂર્વક જોતાં તેને રસ્તો ચોખ્ખો અને સીધો લાગ્યો એટલે તેણે કાકડો હોલવી નાખ્યો અને મંજરીને ધીમેથી ઉપાડી રસ્તે પડ્યો. રસ્તામાં થોડે થોડે દૂર ઉપરથી કાચેલાં બાકોરાં હતાં. તેનાં મુખ કોઇક મંદિર, કોઇક ચૈત્યની ભીંતમાં, અગાસીમાં, બહારથી ન જણાય તેમ પડતાં; અને તેમાંથી આ રસ્તામાં સહેજસાજ હવા–અજવાળું આવતાં. આને લીધે માર્ગ સુગમ હતો. ને કોઇક ઠેકાણે આવતા પ્રભાતના ઉજાસથી નહિ જેવો આભાસ મારતો.

દોઢેક કોશ જેટલું ચાલતાં આ ભોંયરાનો અંત વિમલમહેતાની વાવમાં આવ્યો. વાવ વિશાળ હતી, કેટલોક ભાગ પડી ગયો હતો; અને અસલના સ્થાપત્યના નિયમ મુજબ તેમાં ઓરડાઓ ઘણા હતા. આવા એક નાના ઓરડામાં તે નીકળ્યો. ત્યાંથી બહાર આવી, તેણે મંજરીને ભોંયપર સુવાડી; અને વાવમાં જઇ ઉજાગરો અને શ્રમ ઉતારવા મોઢું ધોઇ આવ્યો.

પછી, તે પાસેના સ્થાનકના રખેવાલ પાસે ગયો. રખેવાલ ઉઠીને પોતાની ઓરડી આગળ દાતણ કરતો હતો, અને ધીમેથી પરભાતીયું ગાતો હતો. તે જુના જમાનાનો વૃદ્ધ જૈન સૈનિક હતો; અને મીનળદેવીની મહેરબાનીથી પોતાનું વાનપ્રસ્થ આ સ્થલે ગાળતો હતો. તે એકમાર્ગી, શુદ્ધ, અડગ ડોસો હતો, અને વચન પાળવામાં એક્કો મનાતો. "જય અરહંત" ઉદાએ ચુસ્ત ધામષ્ઠ તરીકે તેને ઉદ્દેશ્યો "કેમ છો?"

રખેવાલે ધ્યાનપૂર્વક જોયું, અને લાંબી મુછો જરા વિસ્મયતામાં ખેંચી "જય અરિહંત ઓહોહો ઉદા મહેતા અત્યારે?"

"હા. તમારું એક ખાસ કામ છે સુરપાલ!"

"શું?"

"મારે એક માણસને છુપાવવું છે. તે તમે રાખી શકશો?"

"હું મહારાજ! કેવી રીતે? આ અપાસરામાં તે કાંઇ બને. હજાર જણ આવે ને હજાર જણ જાય" કહી ડોસો ત્રીજી આંખ કરી જોઇ રહ્યો.

"સુરપાલ! જુઓ હું ઉતાવળમાં છું. તમે જાણો છો કે હું રાજ્યનો મંત્રી છું. જરૂર પડ્યા વિના અહિયાં આવું નહિ."

"પણ અહિયાં રાખું કેમ?" જરા કચવાઇ રખેવાલે કહ્યું.

"વિમલમહેતાને સ્થાનકે નહિ રહે તે કાંઇ બને?" ઉદાએ માર્મિક પ્રશ્ન કર્યો.

"આખું ગામ પડ્યું છે."

"ના. પણ અહિયાંના ભોંયરાનો મારે ખપ છે."

"ભોંયરા!" જરા ચમકીને સુરપાલે પુછ્યું "અહિયાં ભોંયરાં!"

"ભુલી ગયા?" ઉદાએ મીઠાશથી પુછ્યું. "જ્યાં હુંસાદેવીને[1] પુર્યા હતાં તે? ઉઠો. વાર લાગશે તો છેક સવાર પડશે."

"હુંસાદેવી પુર્યા હતાં તે!" જરાક ધ્રુજતે અવાજે સુરપાલે કહ્યું. "શું કહો છો? મને ખબર નથી."

"સુરપાલ! તે હું માનું? હુંસાદેવી તે મુંજાલ મહેતાની બહેન ને મંડલેશ્વરની મા. તમે શું જાણતા નથી? ઉઠો."

"ઉદા મહેતા! એ શું ગાંડી વાત કરો છો?" ડોસાએ જરા તોછડાઇથી પુછ્યું. "અહિયાં ભોંયરાએ નથી ને કાંઇ નથી.

"જુઓ" જરાક મીઠા અવાજમાં સત્તાનો પડઘો પાડતા ઉદાએ કહ્યું "હું બધું જાણું છું. શા માટે મારૂં કહ્યું નથી માનતા?"

પેલા વૃદ્ધ સૈનિકના હોઠ દઢતામાં દબાયા. "મહેતા! તમે માલીક નથી–માલીક તો જયદેવ મહારાજ ને મીનળબા છે."

"સુરપાલ! ભુલ્યા. તે પણ માલીક નથી. માલીક તો જીનપ્રભુજી છે? તેનો હુકમ છે."

"જીનમહાપ્રભુજી" ધર્મચુસ્ત સુરપાલે વિસ્મય પામી પુછ્યું.

"સુરપાલ! મારી વાત સાંભળો! તમે જાણો છો કે હું ચુસ્ત

---

૧ પાટણની પ્રભુતા.

શ્રાવક છું; જીન ભગવાનનો કિંકર છું. મારે માથે એક મહા ધર્મ-સંકટ આવી પડ્યું છે. એક બ્રાહ્મણ કન્યાને તેનાં દુષ્ટ સગાં જૈન ધર્મનો સ્વીકાર કરતી અટકાવે છે. તેનાં સગાં પ્રતાપી અને શક્તિમાન છે, એટલે તે મારે શરણે આવી છે. પણ હું કાંઇ કરી ન શક્યો. મેં પ્રભુજીને બહુ વિનવ્યા, બહુ ઉપવાસ કર્યા, બહુ માનતા રાખી; આખરે કાલે પ્રભુ-જીએ પ્રેરણા મુકી. હંસાદેવીને આખી દુનિયાથી અણુનાણ વર્ષો સુધી રાખવામાં આવ્યાં હતાં તે સ્થલનું મને જ્ઞાન થયું–પ્રભુજીએ કર્યું. તમારા જેવા શ્રદ્ધાળુ શ્રાવકની મને યાદ દીધી. અને તેથી હું અહિયાં આવ્યો છું. એક થોડા દહાડા એ છોકરીને સંતાડી મુકો તેનું કલ્યાણ થાય એમ છે; અને તે આ સ્થાનકના ભોંયરા સિવાય બીજે કોઇ પણ ઠેકાણે બને એમ નથી." ઝપાટાબંધ અપ્રતીમ કલાથી ઉદાએ સમજાવવા માંડ્યું. "તમે નહિ માનશો તો મારાં અને એ છોકરીનાં દુર્ભાગ્ય; મારી પ્રેરણા ખોટી–માત્ર ભ્રમ–એટલું જ. અને જે કંઈ પાપ થશે તેના અધિકારી તમે." કૃત્રિમ બેદરકારીથી ઉદાએ કહ્યું.

"મહેતાજી! તમારૂં સંકટ તો ખરૂં છે." સુરપાલે ધીમેથી ડોકું ધુણાવી કહેવા માંડ્યું "પણ મારાથી બનવું કઠણ છે."

"જેવું નશીબ! જીનશાસનનો વિજય મારે ને તમારે હાથે થવાનો નહિ જ લખાયો."

"પણ—"

"આપણે તો પાપના પોટલાના ધણી!"

"મહારાજ!" ઉદાની પ્રેરણાની વાત સુરપાલને ગળે ઉતરી ગઈ હતી. "પણ એક રસ્તો છે."

"શો?" આતુરતાથી ઉદાએ પુછ્યું.

"તમે કહેતા હો તો હું રાખું. જ્યારે જોઇએ ત્યારે પાછી લઈ જજો."

"પણ એનાં સગાંઓ તો પાતાળ ફોડે એવાં છે, ને મોટા મંડલે-શ્વરોની એને ઓથ છે."

"તે વાતમાં નીડર રહેજો."

મને ન બતાવવું હોય તો ભલે, પણ જેમ હુંસાબાને સંતાડ્યાં તેમ આને સંતાડી આપો એટલે મારે કાંઈ કહેવું નથી." હસીને ઉદા મહેતાએ કહ્યું.

"એ હુંસાબાની વાત હું કાંઈ નહિ જાણું. હું તો માત્ર મારા વચનની વાત જાણું. લાવો છોકરી ક્યાં છે ?"

"આ પાસે જ છે. હું આ લઈને આવ્યો." કહી ઉદો ત્યાંથી ગયો, અને થોડી વારમાં બેબાન મંજરીને લઈને પાછો આવ્યો. સુરપાલ પર શ્રદ્ધા રાખ્યા વિના છુટકો નહોતો.

"સુરપાલ ! પણ મારે એ છોકરીને મળવું હોય તો ?"

"તે તમે જાણો. એ કાંઈ ન બને."

"એક વાત કહું ? માનશો ?" ધીમેથી ઉદાએ કહ્યું.

"મારે એને મળવું હોય ત્યારે આંખે પાટા બાંધી મને લઈ જશો ? પછી હું ક્યાંથી જાણવાનો હતો ?" ડોસો ઉદાની પાકાઈ પર હસ્યો. સુરપાલ ! આ વાતની ના નહિ કહેશો. તમારે જોઈએ તે લો—જોઈએ તે શરત કરો."

"મહેતા ! તમો કહી રહ્યા ? આ ડોકું જોયું ? જોઈએ તો ધડથી જુદું કરો, પણ એ વાત બનવાની નથી."

ઉદો વિચારમાં જોઈ રહ્યો. સુરપાલે આગળ ચલાવ્યું. "હા. એક વાત બનશે. હું એ છોકરીને જોઈએ ત્યારે તમને મેળવી આપીશ."

"વારૂ ! જેવી તમારી ઇચ્છા. પણ સુરપાલ ! તમારા જેવાને કહેવું તો નહિ પડે—પણ કોઇને આ વાત કહેશો નહિ."

"વારૂ."

"ને એને છોડશો નહિ."

"ભારૂ બનશે ત્યાં સુધી."

"હું જાઉં ?"

"હાસ્તો," ઠંડે પેટે સુરપાલે કહ્યું. રખેને કરીકારવેલી મહેનત ધૂળ મળે એવી ચિન્તા કરતો ઉદો ત્યાંથી ઝપાટાબંધ કોટનાં દરવાજા તરફ ચાલ્યો. પણ એને ખાત્રી હતી કે સુરપાલની પાસે જેટલી મંજરી સંતાડાઈ

શકાશે તેટલી પાતાળમાં પણ સંતાડવી નહિ બને; અને જો કાકનું કાસળ જાય તો તો એક દિવસમાં તે પાછી લઈ જઈ શકશે એમ એનું ધારવું હતું.

ઉદો ગયો કે સુરપાલ ઉઠયો ને મનમાં બબડ્યો "દરરોજ અકેકું– આ થવા શું બેઠું છે?" તેણે કમરે ધોતીયાની પાટલી વીંટી અને મંજરીને ઉચકી પોતાના ઓરડાની પાસેનો ઓરડો ખોલી તેમાં લઈ ગયો. તે ઓરડામાં ત્રણ ચાર તાળાં મારેલાં મોટાં મોટાં બારણાં હતાં, તેમાંથી એક તેણે ઉઘાડ્યું, અને અંદર પેસી અંદરથી દઈ દીધું. અંદર એક અંધારો રસ્તો હતો, અને તેમાં ઠેકાણે ઠેકાણે બાંકોરાનું અજવાળું પડતું હતું. આ રસ્તાનાં પગથીયાં તે ઉતર્યો. આ માર્ગ સ્થાનક અને વાવની વચ્ચેના રસ્તાની નીચેથી જતો હતો.

કોટ અને વાવનાં સંગીન ચણતરકામો જ્યાં જમીનપર ભેગાં થતાં હતાં તેની નીચે તે પહોંચ્યો. વાવનાં અટપટાં ચણતરનો લાભ લઈ જમીનમાં કરવામાં આવેલી એક બે નાની ઓશરીઓ હતી ત્યાં તે પહોંચ્યો. તેમાં ઘણીજ યુક્તિસર રાખેલી જાળીયોમાંથી આછો પ્રકાશ આવતો હતો. આ ઓશરીમાં બે ત્રણ ખંડનાં બારણાં પડતાં હતાં તેમાંથી એક ઉઘાડી સુરપાલ મંજરીને અંદર લઈ ગયો.

તે ઓરડામાં રહેવાની અને સુવાની કાંઇક સામગ્રીઓ હતી, તેમ હવા અને ઉજાસ પણ બહાર કરતાં કાંઇક વધારે હતાં. સુરપાલે ત્યાં મંજરીને સુવાડી અને દરેક વસ્તુ પર પડેલી ધૂળ ખંખેરી. તે કર્યા પછી તે એક ગોળી ભરીને પાણી લઈ આવ્યો અને ત્યાં મુકયું; અને બારણું વાસી ઉપર ચાલ્યો ગયો.

## પ્રકરણ ૧૧ મું.

### તપાસ.

રાત પડ્યા પછી મંડલેશ્વર અને કાશ્મીરાદેવી વિચાર કરતાં, ચિન્તા કરતાં બેઠાં હતાં; અને એટલામાં વાડામાં ઘોડાના પગલાંનો ખડખડાટ

થયો. બન્ને ઉભાં થઈ ગયાં, અને કાન માંડ્યા; તેમનાં અંતઃકરણ આશાએ, ચિન્તાએ ધબકી ઉઠ્યાં. એ કોણ આવ્યું છે તે નક્કી કરવા ત્રિભુવનપાલ જાય તે પહેલાં કાક આવ્યો; પ્રતાપ પાડતો, દઢ ડગલાં ધરતો ભટ્ટરાજ નહિ, પણ ઉઘાડે માથે, ફાટેલે લુગડે, પરસેવાની રેલથી ટપકતો, હાંફતો, નિસ્તેજ કાક આવ્યો, અને ત્યાં ફસડાઈ પડ્યો. બન્ને ચિન્તાતુર મુખે જોઈ રહ્યાં; કાક બે હાથમાં માથું મુકી જોઈ રહ્યો.

"કેમ?" કાશ્મીરાએ પુછ્યું.

"હારી ખાધું. ઉદાની ઉસ્તાદીમાં ફસાઈ ગયો." હાંફતાં હાંફતાં ધીમે ધીમે કાકે કહ્યું. "એ તો અહિયાં છે–મંજરી પણ અહિયાં છે–પણ મને મારવા ચાર મારા મોકલ્યા હતા."

"હેં!" ત્રિભુવનપાલે કહ્યું.

"હા. પણ નસીબયેાગે બચી ગયો, ને જીવતો પાછો આવ્યો." કહી કાકે પોતાનો ઇતિહાસ કહી સંભળાવ્યો.

"ત્યારે મંજરી અહિયાં હોવી જોઇએ."

"હાસ્તો." કાકે ડોકું ધુણાવ્યું. "આજે તો થાકીને મરણતોલ થઈ ગયો છું.

"ઉભો રહે! તને કાંઈ ખાવાનું આપું" કહી કાશ્મીરાએ તેને માટે ગોઠવણ કરવા માંડી. થાકેલો–હારેલો કાક અને નિરાશાગ્રસ્ત મંડલેશ્વર અને તેની સ્ત્રી અનેક યોજનાઓ ઘડી આખરે સુતાં.

સવારનો પહોર થતાં કાક રાજગઢ ગયો; અને રાજા મૃગયા રમવા આગલા દિવસના ગયા હોવાથી મુંજલ મહેતાને મળવા ગયો. જાણે પોતાને કાંઈ ખબર હોય જ નહિ એવી આડીતેડી વાત કરી મુંજલે તેને રજા આપી. મુંજલ ઘણા કામમાં હોવાથી તે પણ વધારે પુછી શકયો નહિ. માત્ર એટલી ખબર પડી કે ગઈ કાલે ઉદા મહેતા રાજગઢમાં જણાયા નહોતા.

આ સમાચારથી અસંતોષ પામી શું કરવું તેનો વિચાર કરતો તે રાજગઢની બહાર નીકળ્યો. પણ ઉદા મહેતા પાટણમાં છે કે નહિ તે

પ્રશ્નનો નિવેડો એકદમ અચાનક રીતે આવ્યોઃ સામેથી પાલખીમાં બેસી તે પોતે જ આવ્યા.

બન્નેએ એક બીજા સામું જોયું. એક પલવાર બન્ને ચમકયા, અને તરત ઉદા મહેતાનો મીઠો પ્રશ્ન આવ્યોઃ "કેમ કાકભટ્ટજી! ખુશ તો ખરા?"

કાકે હોઠ દાબ્યા "હા મહેતાજી! કેમ છો? લોકો તો વાતો કરે છે કે તમે પાટણ છોડી ખંભાત ગયા?" કહી તેણે તેની પાલખી સાથે ચાલવા માંડયું.

"કાંઈ કારણ? ઘણે વખતે રાજ્યકારભારમાંથી જરા નિવૃત્તિ મળી છે તે શા સારૂ મોજ નહિ કરૂં?"

કાકને તેની ડોક મરડી નાખવાનું મન થયું "હા કરો! નશીબદાર છો. શા માટે મોજ ન કરો?"

"તમારે પણ ક્યાં નથી?" જરા હસીને ઉદાએ કહ્યું, "તમારી ઉમ્મરે હું તો ભીખારી હતો–અને તમે તો સુખમાં મહાલો છો." કાકને આ મશ્કરીમાં મર્મ લાગ્યો.

"સુખ અને દુઃખ–અમારે તો ઠીક જ છે તો જીવ હાથમાં લઈને ફરવું પડે છે. કાલે ચાર જણ જોડે લડવું પડ્યું" જાણે સામાન્ય વાત કરતો હોય તેમ કાકે કહ્યું.

"હેં!" ઉદાએ સ્વસ્થતા ખોઈ પુછયું "શું થયું?"

"અરે મને તો સોમનાથ ભગવાનનું અભય વચન છે. હું અણિ-શુદ્ધ આવ્યો, ને પેલા—"

અક્ષર બોલ્યા વિના, આતુર આંખે જ ઉદાએ પ્રશ્ન કર્યો.

"ઠેકાણે" કહી કાક હસતો હસતો, છુટો પડ્યો.

ઉદાની ચિન્તાનો, નિરાશાનો પાર રહ્યો નહિ. કાક સજીવ પાછો આવ્યો, અને તેના ચાર યોદ્ધા ઠેકાણે! શું કાકનું ભાગ્ય દુર્જય હતું? શું તેની પોતાની હાર થશે? આ વિચારોના વમળમાં પડી ચિન્તાતુર હૃદયે ઉદો રાજગઢમાં ગયો.

કાકે ચારે તરફ જોયું. સામે રસ્તાપર નજર કરતાં લાટનો એક સુભટ જતો તેણે જોયો.

"રૂદ્રમલ્લ !"

"ઓહો ભટ્ટજી !—અરે ભટ્ટરાજ જયજય !" પેલાએ હેતથી કહ્યું. રાજદરબારના પ્રસંગ પછી લાટના યોદ્ધાઓમાં કાક અત્યંત પ્રિય થઈ પડ્યો હતો.

"એક કામ કરશો ?"

"શું ?"

"આ પેલો પાલખીમાં મંત્રી ગયો તેને ઓળખ્યો ?"

"હા. એ તો પેલો ખંભાતવાળો. મહારાજે દંડ કર્યો હતો તે."

"તે જ. આખો દહાડો એ ક્યાં જાય છે, અને શું કરે છે તેની ખબર આપતા રહેશો ?"

"જરૂર." લાટના ઘણાખરા યોદ્ધાઓ પાટણમાં નવરા પડ્યા મજાહ કર્યા કરતા હતા; એટલે ગમે તે કાંઈ નવું ટીખલ તેમને પસંદ પડે એમ હતું. રૂદ્રમલ્લ ઉદાની વાટ જોતો સામા ઓટલાપર જઈને બેઠો.

કાક ઘેર આવ્યો ત્યારે કાશ્મીરાદેવી તેની વાટ જોતી બેઠી હતી.

"કાક ! ઉદો અહિયાં છે; પણ મંજરી અહિયાં નથી."

"કેમ જાણ્યું ?"

"મેં મારી દાસી મારફતે ખબર કઢાવી. શાન્તુ મહેતાને ત્યાં મંજરી નથી."

"શું કહો છો ?" કાકનું મોઢું ઉતરી ગયું. "તે પાટણમાં તો હોવી જોઇએ."

"તે ભલે હોય. પણ ઉદો તો કાલે સવારે એકલો ઘેર આવ્યો."

"કોણે જોયો ?"

"આપણી સોનની માસી છે તેણે જાતે જોયો."

"બહીલે મોઢે બન્નેએ એક બીજા સામું જોયું.

"મહારાજ ક્યાં ગયા છે ?"

"કોઇબાને કહેવા."

"અરે રામ રામ" કાકે નીસાસો મુકયો.

"કેમ ?"

"એ શું કામનું? મીનળબાને કહેવાથી કાંઈ વળે. એ તો આપણે જ શોધી કાઢવી પડશે. એવાં મોટાં માણસો કાંઈ ખપ લાગે નહિ. ઊલટાં હસી કાઢશે. નહિ તો પણ પુરાવા વિના ઉદાને કાંઈ કહેવાય? એ તો એ ઉધાડે છોગે રાજગઢમાં જાય."

"ત્યારે શું કરીયે?"

"જુઓ. કાંઈ રસ્તો કાઢું છું."

## પ્રકરણ ૧૨ મું.

### શાસન.

તે રાતના સ્મરણ–આનંદ પછી મુંજાલનું હૃદય ઘણું જ ખિન્ન રહેતું હતું. દિવસ અને રાત તેનો જીવ ચણચણ્યા કરતો; અને અનેક પ્રવૃત્તિ હાથપર હતી; છતાં ફુલકુંવર અને તેનો છોકરો મનમાં વારંવાર આવ્યાં કરતાં. અને આ કારણથી મન ઉચાટમાં રહેતું હોવાથી તે મીનળદેવીને પણ નીરાંતે મળવા જતો નહિ.

રાત પડ્યા પછી મીનળદેવીએ તેને બોલાવ્યો. તે ગયો અને હમેશના રીવાજ મુજબ આખા દિવસના સમાચાર કહી સંભળાવ્યા; અને પછી રજા લેવા માંડી.

"મુંજાલ!" જરા ખિન્નતાભર્યો અવાજે મીનળદેવીએ પ્રશ્ન કર્યો "એક નવા જુની રહી નથી જતી?"

"શી?"

"તારૂં હૈયું ભરેલું છે તે."

મુંજાલ ચમકયો; સ્વસ્થતા મેળવી હસ્યો.

"શું કહો છો? મારૂં હૈયું?"

નયનો મુંજાલના મ્હોંપર ઠેરવી રાણીએ જવાબ દીધોઃ "હા."

"હા." મુંજાલે વાત ઉડાવી "મારૂં હૃદય તો સદાયે ભરેલું છે. તમારી ને રાજાની ભક્તિથી."

"હા. ને સાથે બેચેનીથી પણ ભરેલું છે તે કેમ ભુલી જાય છે?"

"કોણે કહ્યું?"

"કોણ કહે? જોવાને મને આંખો નથી?" પારખવાને અંતર નથી? મુંજાલ! હૈયું જીભે નથી લાવતી–એટલે શું હૈયું નથી જ એમ માને છે?" ઘણે દિવસે રાણીએ આ બે વચ્ચે નિષિદ્ધ થયેલી વાતો આણવા માંડી.

"ધારો કે એમ હોય? તેથી શું કાંઈ પોક મુકે માણસ સજીવન થતું હશે? જે વાતમાં માલ નહિ, એ વાત કરવી નહિ."

"ના." મીનળદેવીએ કહ્યું. "એ વાતમાં માલ છે. અત્યાર સુધી હસવામાં અનેક વાર વાત થઈ છે; અત્યારે સીધે સીધી રીતે કહું છું."

"શું?" યુદ્ધ માટે તૈયાર થતાં મુંજાલે પુછ્યું.

"તારે બીજીવાર પરણવું પડશે" રાણીએ કહ્યું.

"મારે—બીજી—વાર—પરણવું—પડશે" ધીમેથી એકેક બોલ બોલતાં મુંજાલે કહ્યું; અને એકદમ માથું ઉંચું કરી તેજસ્વી આંખોમાંથી ચમકતાં તેજ ફેંકતો તે બોલ્યો. "અને નહિ પરણું તો શું કરશો?"

"પણ" શાન્તિથી અને સત્તાથી રાણીએ જવાબ દીધો. "એ બનવાનું જ નથી ને." રાણી આ બળવા માટે તૈયાર હતી.

"કેમ?"

"કારણ કે તું મારો બોલ ઉથામે જ નહિ."

આ જવાબથી મુંજાલના જુસ્સાપર અંકુશ આવ્યો.

"શા માટે એવી ખોટી જીદ કરો છો? એથી હું કાંઈ વધારે સુખી થવાનો છું?

"તું નહિ થતો–પણ હું થઈશ."

"પણ આ નવી વાત આવી ક્યાંથી?"

"મારા હૈયામાંથી. મારે તને પ્રતાપી જોવો હતો–તે મેં જોયો. હવે મારે તને સુખી જોવો છે."

"ના–ના દેવી! એ ભ્રમ છે. હું પુરેપુરો સુખી નથી, તો ભલે નથી.

પણ મારૂં સુખ મારી રાજ્યખટપટમાં સમાયું છે. તે નેમની સાધના એજ મારા જીવનનો આદેશ થઈ રહ્યો છે. હવે ફરીથી સંસાર માંડી, ઘરડી ઘોડી ને લાલ લગામ લગાવી મને સુખ મળે? એ તો જે છે તે છે. વધારે ફાંફાં મારવા જાઉં તો ઉલટો ઘડપણમાં પગ ઘસતો થાઉં."

"ઘરડા! પણ તું તો બેતાલીશનો થયો."

"પણ સ્વભાવે ચોર્યાંશીનો છું ને."

"તેથી જ નાનો બનાવવાની યોજના કરી છે. તું કહેશે તે બધું નિરર્થક જશે. તારૂં વાક્યાતુર્યં કાંઈ ચાલવાનું નથી. મારો નિશ્ચય દૃઢ છે. તારે પરણવું પડશે." કહી રાણી દૃઢ અને સત્તાવાહી નજરે જોઈ રહ્યાં.

"પણ—"

"મુંજાલ!" એકદમ સત્તાથી તેને બોલતો અટકાવી રાણીએ કહ્યું.

"કેમ?"

"દરેક દૃષ્ટિએ મેં વિચાર કર્યો છે. રાજ્યમાતા તરીકે, તારી,—" કહી રાણી બરોબર શબ્દો બોલવા જરા અટકયાં અને આગળ ચલાવ્યું—"માલીક તરીકે, મારૂં શાસન છે. હવે થયું?"

"પણ મારૂં સાંભળો નહિ?"

"ના—"

"ત્યારે મારે તમારૂં શાસન પણ કબુલ નથી" કહી જીદમાં મુંજાલ ઉઠીને ઉભો થઇ ગયો.

"મારા શબ્દે સેંકડો પરણ્યાં છે-ને સેંકડો રાંડ્યાં છે. તે શબ્દ શું ઉથામશે? ને તે તું જ" કહી રાણી જોઇ રહી. "બોલ તું શું કહેવા માગે છે."

"દેવી! તમે આટલા જુસ્સામાં આવી બોલો છો તે શું બતાવે તે ખબર છે?" ધીમેથી મુંજાલે પુછ્યું. "મીનળદેવીને આવાં આપખુદી કોઇએ જોયાં છે? તે જ બતાવે છે કે નથી મારૂં હૈયું બદલાયું-કે નથી તમારૂં."

"તેથી શું?"

"તેથી જ બધું."

"મને સમજ નથી પડતી" મીનળદેવીએ વિચારમાં પડી કહ્યું.

"એક કુલકુંવરને તો રીબાવી રીબાવી મારી નાંખી; બીજીને મારી નાંખવાનું મારામાં જોર નથી."

મીનળદેવીને સખત ફટકો લાગ્યો–તે ચમકીને આભાં બની ગયાં. જાણતાં અજાણતાં હાથ છાતીપર મુકી દાબ્યો, દબાઇ ગયો.

"બેઠેલા પોપડા ઉપાડવા નહિ. ચાલે તેમ ચાલવા દેવામાંજ માલ છે."

"મુંજાલ! મારી બીક લાગે છે?"

"ના–મારા પોતાના હૃદયની."

"આ પશ્ચાત્તાપ પરથી નથી લાગતું કે એવો વખત નહિ આવે?"

"અત્યારે આપણા હૈયાપરથી નથી લાગતું કે એવો વખત જરૂર આવે?"

"ના. ના. મેં કુલકુંવર તને ખોવડાવી" ખિન્ન અવાજે રાણીએ કહ્યું "બીજી મારે અપાવવી જોઇએ."

"ના. જેણે મને મંત્રીઓમાં શ્રેષ્ઠ થતાં શીખવ્યું તેજ મારે બસ છે" ગર્વથી મુંજાલે કહ્યું.

થોડીવાર કોઇ બોલ્યું નહિ; આખરે રાણીએ કહ્યું: ભલે જે થશે તે તારે પરણવું તો પડશે જ"

મુંજાલે ગ્લાનવદને તબીયત વાળી દીધી ને છાતીપર માથું ઝુકાવ્યું.

"ઉલટાં આપણે દુઃખી થઇશું."

"કદી નહિ. તને સુખી જોઈ હું સુખ માનીશ."

"તે પણ દુઃખી થશે."

"નહિ થવા દઉં. તે મારા હાથમાં છે."

"આ માત્ર જીદ છે. હોં."

"ભલે."

"જીદ! જીદ!" વિચારના ઉંડાણમાંથી મુંજાલ બોલ્યો "હજુ એ તમારી ટેવ ગઈ નથી."

"અને જવાની નથી."

"ઠીક. ત્યારે હું પણ રાતે વિચાર કરી જોઇશ. સવારે વાત" કહી નમસ્કાર કરી, ખિન્ન હૃદયે મુંજાલ ચાલવા માંડ્યો.

# પ્રકરણ ૧૩ મું.

## હૃદયયજ્ઞ.

મુંજાલ હૃદયની અકથ્ય વ્યથાથી મુગો બની ચાલ્યો ગયો; અને મીનળદેવી થોડો વખત બારણા તરફ જોઈ રહ્યાં. તેની આંખમાં આંસુ આવ્યાં; તેનું હૈયું ભરાઈ આવ્યું. જ્યારથી આ પ્રશ્ન પાછો ઉભો થયો હતો ત્યારથી તેનું હૈયું ચીરાઈ જતું હતું; અને મહા મહેનતે, રાત અને દિવસના વિચારને પરિણામે મુંજાલને કહેવા જેટલું સ્વાસ્થ્ય તેમણે મેળવ્યું હતું. અને આ મુશ્કેલીને લીધેજ જેવી જોઇએ તેવી ખુબીથી તે મુંજાલને સમજાવી શકી નહિ.

કાશ્મીરાદેવીના સચોટ વચનથી તેના વિચારો જુદી જ દિશામાં વળ્યા હતા; અને તેમ થવાથી નવાં દૃષ્ટિબિન્દુ, નવા ભાવો નજરે ચઢ્યા હતા. તેના વિશુદ્ધ પ્રેમનું વધારે શુદ્ધ પ્રેમમાં રૂપાંતર થયું હતું; અને તે રૂપાન્તરથી મુંજાલને પરણાવવાનો તેનો નિશ્ચય દૃઢ થયો હતો. મુંજાલ ના કહેતો હતો તેનું કારણ પણ તે સમજતી હતી; પણ તે કારણ તેને તે નજીવું લાગતું હતું.

મુંજાલ ગયા પછી તેણે કયાં સુધી વિચાર કર્યો; વિચાર કરતાં તેનું હૈયું ભરાઈ ગયું: રસસાગરના તરંગોની પરંપરા તેમાં ઉછળી રહી; તેની આંખમાંથી આંસુ ખરવા લાગ્યાં.

તેણે સુવા પ્રયત્ન કર્યો, પણ તેમાં સફલ થઈ નહિ. આખરે ઉઠી–બધો ગઢ શાન્ત થઈ રહ્યો હતો.

"રૂપાં!" તેણે પોતાની દાસીને બૂમ મારી.

"આ" દાસી ઉઠીને આગળ આવી.

"પેલો દીવો હાથમાં લે."

મુગે મોઢે દાસીએ દીવો લીધો અને તે બન્ને મુંજાલ સુતો હતો ત્યાં ગયાં.

રાણી અને મુંજાલનો સંબંધ નિષ્કલંક અને શુદ્ધ હતો. તેમની

પવિત્રતા કલંકને સ્વપ્ને પણ આવવા દેતી નહિ. મીનળદેવીએ દાસીને બારણા વચ્ચે–જોઈ શકે પણ સાંભળી ન શકે–એમ બેસાડી; અને પોતે અગાશીમાં જ્યાં મુંજાલ સુતો હતો ત્યાં ગઈ.

રાણીએ ધીમેથી 'મુંજાલ' કહી ભૂમ મારી–ચપલ અમાત્ય તરત જ જાગ્યો, અને બેઠો થઈ ગયો.

"દેવી! કહી અચંબો પામેલો મુંજાલ પથારીમાંથી નીચે ઉતરી બેઠો. મીનળદેવી પથારીની કોર પર બેઠી.

"મુંજાલ! તું ગયો, પણ મને ઉંઘ નહિ આવી. આ બાબતની વાત આપણે પુરી કરવી જોઇએ."

"શું પુરી કરીયે? તમે મને પરણાવવા માગો છો, મારે પરણવું નથી. તમે ધારો છો કે હું તેથી સુખી થઇશ, હું માનુંછું કે આપણે બન્ને દુઃખી થઇશું, એમાં હવે પુરૂં શું કરવું હતું?"

"પુરૂં કરવાનું હજુ ઘણું છે."

"શું?"

"મારા પાપનું પ્રાયશ્ચિત્ત. મુંજાલ! તું નિઃસ્વાર્થી છે. કોઈ દિવસ તેં એમ વિચાર કર્યો છે કે આપણા બેમાં હું ઘણી જ અધમ અને સ્વાર્થી છું?"

"ના."

"ત્યારે એ તારી મોટાઈ દેખાડે છે એટલું જ."

"કેમ?" જરા હસીને મુંજાલે કહ્યું.

"કેમ શું? મારે અત્યારે બધું ભૂંસું પુરૂં છે. સ્નેહસમર્પણ કરવા મહારાજની યાદ છે–કલ્પનાનો આનંદ ભોગવવો હોય તો તું છે–મારૂં હૈયું ઠારવા જયદેવ જેવો જાયો છે–માન ને ભક્તિની ભૂખ પુરવા વહુઓ છે. અને તારે કોઈ નથી."

"કેમ કોઇ નથી?" કૃત્રિમ હાસ્ય કરી મુંજાલે પુછ્યું. "તમે છો–જયદેવ છે–ત્રિભુવન છે."

"નામનાં–કહેવાનાં. તને બધાની ખોટ છે. તું તો અરણ્યમાં એકલા

ઉભેલા તાડ જેવો અટૂલો છે." કહી મીનળદેવીએ આંસુ લુછ્યાં–મુંજલનું પણ હૈયું જરા ભરાઇ આવ્યું. "સંસાર, મર્યાદા, નીતિ મને તારાથી દૂર રાખે છે–તારો ધાક બીજાને દૂર રાખે છે; એટલે તું તો એકલો ને એકલો જ."

"દેવી! દેવી!" જરા અશાંતપણે મુંજલે કહ્યું "આવું આવું શા માટે બોલો છો? નકામું તમારૂં હૃદય ચીરાય છે, ને મારૂં હૃદય ચીરાય છે."

"ચીરાવા દે. પણ કોઇ કોઇ વખત અંદર રહેલા વિચારો બહાર નીકળવા તો દે. જ્યારે તારો ને મારો હું વિચાર કરૂં છું ત્યારે મારો જીવ કહ્યું કરતો નથી."

"કેમ?"

"કેમ શું? પ્રભુએ મુગા રહેવા તો સરજ્યાં છે. પણ હું નહિ ગાઇશ ત્યારે તારા ગુણ કોણ ગાશે?"

"પણ મારે ગુણ ગવરાવવા નથી. હું જે કાંઇ કરૂં છું તે મારા સ્વાર્થ માટે કરૂં છું–મારા સુખ માટે કરૂં છું."

"મુંજલ" રાણી વચ્ચે બોલી "પાંચ વર્ષ પહેલાં હું એ માનત. તને ખબર છે? જુવાનીનું હૃદય બધું લેવા માગે છે–અધોડ વયે આપવા ઇચ્છે છે. મારે રાણી થવું હતું–મારા પાટણને પ્રભાવશાળી બનાવવું હતું –મારા દીકરાને તેનો માલીક બનાવવો હતો. એ બધું કામ કરવાનું મેં તારી પાસે વચન લીધું–અને તે વચન પાળ્યું. પહેલાં મારામાં મદ હતો –હવે તે ગળી ગયો છે. તેં શું કર્યું તે હું જોઇ શકું છું. આ વચન પાળવા તેં અભિમાનનો, સુખનો, સ્વાર્થનો, સંસારનો ત્યાગ કર્યો; ભરજુવાનીમાં મારા જેવી સ્વાર્થીનું હાસ્ય તારૂં ધ્યેય બનાવી તું અડગ પ્રેમતપ આચરી રહ્યો, તારી બાહોશી ને બુદ્ધિનો અખૂટ ભંડાર મારા પગ આગળ ખાલી કર્યો; તું સ્વાર્થી હતો છતાં મારે ખાતર પરમાર્થી બની પરમ રાજ્ય ભક્ત થઇ રહ્યો; સંસારી છતાં તું મારે માટે સંન્યાસી બન્યો. મુંજલ! મુંજલ! તેં શું કરવામાં મણા રાખી? હું જોઉં છું–તું નહિ હોત તો મારૂં મારા છોકરાનું શું થાત!"

"દેવી! કેટલું કહેશો? માત્ર જમે પાસું જ દેખાડશો? હું આ બધું કોને પ્રતાપે કરી શક્યો તે કેમ વિસરી જાઓ છો?"

"તારે પોતાને."

"ના. તમારે પ્રતાપે–મારી બુદ્ધિ ચાલી હોય તે તમારી પ્રેરણાથી. મારો બાહુ ચાલ્યો હોય તો તમારી શક્તિથી. તેથી જ દેવી, હવે એ પ્રેરણા, એ શક્તિ નથી છોડાતાં–તે જીવનના તંતુએ તંતુ સાથે વણાઈ ગયાં છે. તેથી જ હવે નવો વણાટ વણવાની હિંમત નથી ચાલતી, ને મન પણ નથી થતું."

"એ જ ભૂલ છે."

"કેમ?"

"તારા વિચાર હજુ જુવાનીની આંખે જુવે છે. તને ભાન નથી કે તારૂં હૈયું હવે જુવાન નથી."

"કોણે કહ્યું?"

"હું કહું છું. આધી બેઠી બેઠી તારી રગે રગ હું પારખી શકું છું."

"તેમાં શું પારખ્યું?"

"ઘણી વસ્તુઓ. એક તો એ કે સત્તા, પ્રભાવ એ જુવાનીમાં ચાલે; અધોડ વયે તો જીવનનું લક્ષ્યબિન્દુ બદલાય."

"તમારા અનુભવથી કહો છો?"

"હા–ને તારા અનુભવથી પણ–."

"એટલે તમે એમ માનો છો,કે મારામાં સત્તાનો શોખ, મહત્તાની અભિલાષા જતાં રહ્યાં છે?"

"ના. પણ સુખની અભિલાષા વધી છે."

"ત્યારે તમારી ભૂલ છે. હું તેવો ને તેવો જ છું."

"ત્યારે તું નરપિશાચ હોવો જોઇએ. પણ તે તું નથી; તું તો બત્રીસ લક્ષણો છે. તારા સંસ્કાર પુરેપુરા ખીલ્યા છે. માટે જ તારો પ્રભાવ સાચવી રાખવા યોગ્ય સામગ્રી જોઇએ."

"અને તે સામગ્રી શું બૈરી પુરી પાડશે?"

"હા."

"કેવી રીતે?"

"તને સંસાર જોડે સોનાની સાંકળે બાંધશે. ખરૂં કહે તને પોતાને નથી લાગતું કે તું એકલો અટુલો થઈ ગયો છે." રાણીએ સ્નેહભીની નજરે પુછયું. એ બે દૂર બેઠાં હતાં; ધીમેથી, સંયમથી વાત કરતાં હતાં; પણ એમના નયનોમાં અનિવાર્ય પ્રેમનાં પ્રતિબિંબો પડતાં હતાં.

"ખરૂં કહું?" શોકમય અવાજે મુંજાલે કહ્યું. "લાગે છે. તે દિવસે જાજ્જન મહેતાના વાડામાં ગયો ત્યારે મારો જીવ છેદે ચઢ્યો હતો. મને રોઠાણી યાદ આવ્યાં. જો તેનો છોકરો જીવ્યો હોત તો મને આટલું લાગત નહિ" વેદનાની કરચલીઓ રાણીએ કપાળ પરથી પરસેવો લુછી દૂર કરી.

"હું શું કહેતી હતી?"

"તમારી વાત ખરી છે. પણ આ ઉમ્મરે નવા પ્રયોગો કરવાની હિંમત નથી."

"મૂરખ છે. એમાં શું?"

"પછી આપણું શું?" માર્મિક દૃષ્ટિ નાખી મુંજાલે પુછયું.

"મુંજાલ!" રાણીએ ગંભીર અવાજે કહ્યું "આપણે ખાતર જ તારે પરણવું જોઇએ."

"કેમ?"

"જ્યાં સુધી તું આમ એકલો રહેશે ત્યાં સુધી આપણાં હૃદય કલંકિત રહેવાનાં."

"શું કહો છો?" ચમકીને મુંજાલે પુછયું.

"મુંજાલ! તું નથી પરણતો કારણ કે તારાથી ચંદ્રપૂરની મીનળ-કુંવરી વિસરાતી નથી; હું મારા ખરા હૃદયથી તને પરણાવા નથી માગતી કારણ કે તું ચંદ્રપુર આવેલો જુવાન નગરશેઠ જ છે એમ માઁ હૈયું માનવા માગે છે. બન્ને વિચારમાં પાપ છે."

"કેવો પાપ એ ભયંકર શબ્દ છે. વર્ષો થયાં આમ રહ્યાં-છતાં પાપ!"

"હા આપણે ડાહ્યાં છીએ-નીતિમાન છીએ-છતાં પાપી છીએ. બે

હૈયાં એક તાલે નાચે છે." મુંજાલ જોઇ રહ્યો. રાણીએ આગળ ચલાવ્યું "એટલું જ નહિ, પણ હજુ એમ નાચ્યા જ કરવા માગે છે. એ બંધ કરવું જોઇએ."

"એ કાંઇ બંધ થવાનું હતું?"

"ભલે બંધ ન થાય. પણ તેને એક તાલે નાચવા દેવાની સુગમતા શા માટે કરી આપવી? મુંજાલ! તું મંત્રીઓમાં શ્રેષ્ઠ થાય તે મારે જોવાનું છે. હું સતીઓમાં શ્રેષ્ઠ થાઉં એ તારે જોવું જોઇએ."

"અને તમે છો જ. દેવી! આટલો પ્રેમ છતાં, આટલી સુગમતા છતાં, આટલા પ્રસંગ છતાં આવું સતીત્વ કોણ સાચવી રહ્યું છે?"

"ના. મુંજાલ, ના! મારૂં સતીત્વ તું પરણે ત્યારે સંપૂર્ણ થાય."

"કેમ?"

"તું કોઇ બીજાનો થાય તે મને સાલે છે; કારણ કે હું તને મારો ગણું છું. જ્યાં સુધી એ હૈયું સાલે છે ત્યાં સુધી તે નિમકહરામ છે. કોઇ જાણતું નથી પણ એ જીવતું જાગતું કલંક છે. એ કલંક તને પરણાવી મારે દૂર કરવું છે."

"એટલે?" ઉંડા વિચારમાં પડેલો મુંજાલ ધીમેથી બોલ્યો "તમારે મારા પરથી હક દાવો ઉઠાવવો છે?"

"ના. તું મારો જ છે–કાચા સુતરને તાંતણે બાંધેલો."

"ત્યારે."

"પણ મારે એ તાંતણો શુદ્ધ અને દૈવી બનાવવો છે. એમ મારે અપવિત્રતાનો અંશ પણ જોઇતો નથી. મારા હૈયાની મારે આહુતિ આપવી છે. તે વગર મારૂં સતીત્વ કેમ સિદ્ધ થાય? તે વગર આપણી પ્રતિજ્ઞા કેમ પળાય?"

"દેવી! તમે ગુરુઓનાં પણ ગુરુ છો. આપણી પ્રતિજ્ઞા પાળતાં તો હૈયાનાં ટીપેટીપાં સુકાઇ જશે."

"મુંજાલ! આવી પ્રતિજ્ઞા આપણા જેવાં જ કરે ને આપણા જેવાં જ પાળે. એમાંજ આપણી મોટાઇ છે એમાંજ આપણે રાચવું જોઇએ."

"તે તો મને પણ લાગે છે." વિચારમાંથી મુક્ત થતાં દૃઢતાથી મુંજાલે કહ્યું. "ખરી વાત છે. આપણી પ્રતિજ્ઞા પર જ આપણી મહત્તા રચાઇ છે. જો આપણને સુબુદ્ધિ નહિ આવી હોત, જો આપણે કલંકિત થયાં હોત તો આજે પાટણનું નામ નિશાને ન હોત; આજે દેખાતા સૂર્યસમા તેજસ્વી ભવિષ્યનું કયારનુંએ ગ્રહણ થઈ ગયું હોત."

પાંચ પળ બન્નેએ એક બીજાની સામું જોયા કર્યું. પ્રતિજ્ઞાના સ્મરણે પેદા કરેલા પવિત્ર વાતાવરણથી બન્ને જણ ગંભીર બની, નિઃશબ્દ થયાં. થોડીવારે મીનળદેવીએ પુછયું "કેમ હવે પરણશે?"

મુંજાલે માત્ર ડોકું છાતીપર ઝુકાવ્યું.

"મુંજાલ!" કહી મીનળદેવી ઉભી થઇ ગઇ. મુંજાલ પણ ઉભો થયો; પણ તે અસ્વસ્થ બની ભોંય સામું જોઇ રહ્યો. મીનળદેવી તેની પાસે ગઇ, ધીમેથી તેના ખભા પર હાથ મુકયો. "મુંજાલ! ખેદ કરવાનું કામ નથી."

"હું ખેદ કરતો નથી" મહામહેનતે ગળું ખંખારી મુંજાલે કહ્યું "હું તો એક મુનિ મહારાજનો પ્રશ્ન સંભારૂં છું."

"શો?"

"ત્યાગ મોટો કે તૃપ્તિ?"

"તું શું ધારે છે?" મુંજાલના હૈયામાં ચાલતી ધડભાંગ જોઈ આંખમાં આંસુ લાવી મીનળદેવીએ પુછયું.

"તમારી આજ્ઞા છે કે ત્યાગ મોટો."

"પણ તું શું ધારે છે?"

"હું ધારતો નથી—હું તમારી આજ્ઞા પાળું છું. ત્યાગ મોટો, તૃપ્તિ નહિ." કહી નિશ્ચયાત્મક બુદ્ધિથી તબીયત વાળી મુંજાલે ઉંચું જોયું અને રાણી સામું સ્થિર નયને જોઈ રહ્યો.

"દેવી તમે પાટણનાં ખરેખરાં જગદમ્બા છો."

"મુંજાલ!" અશ્રુપૂર્ણ અવાજે મોનળે કહ્યું "તે તારે જ લીધે" અને ત્યાંથી ઝપાટાબંધ તે ચાલી ગઇ.

## પ્રકરણ ૧૪ મું.

## બે કેદીઓ.

જ્યારે મંજરી જાગી ત્યારે તે એકલી એક ઓરડીમાં પડી હતી. તે ઉઠી, ચારે તરફ ગભરાઇને જોયું, અને વિચાર કરવા લાગી. આખરે તેને યાદ આવ્યું કે તે છેલ્લી ભાનમાં હતી ત્યારે મંડલેશ્વર તથા કાશ્મીરાદેવી સાથે તે હતી, અને ત્યાંથી તેને કોઈ ઉપાડી લાવ્યું. તેને ઉપાડી લાવનાર ઉદ્દા જ હોવો જોઇએ એમ તેને ખાત્રી થઈ.

તે એકલી હતી એટલે તેને હિંમત આવી. તે ઉઠી. ઓરડી નાની પણ સગવડ ભરેલી હતી; બારણું બહારથી વાસેલું હતું; માત્ર બે મજબુત પત્થરની જાળીમાંથી આભાસ આવતો હતો. તેણે કયાં સુધી જાળીમાંથી જોયા કર્યું, ત્યારે તેને સમજાયું કે તે જાળી બાર નહોતી પડતી પણ એક મોટા કુવાની અંદરની ગોળ ભીંતમાં પડતી હતી.

"મંજરીની કલ્પના ખરી હતી. બહારથી જણાય નહિ તેમ, આ ઓરડીમાં અજવાળું પડે માટે કોઈ ઉસ્તાદ કારીગરે વાવનો એક જુનો કુવો પુરી નાંખી તેની ભીંતોમાં અંદરથી આ જાળીઓ પાડી હતી; અને આ કુવો ઘણો ઉંડો, અને અવડ હોવાથી કોઈ તેની પાસે આવતું નહિ, અને આવે તો આટલા મોટા કુવામાં અડધે પત્થરમાં કાણાં છે કે નહિ તે જોવાની તસ્દી લેતું નહિ; આથી આ નિવાસનો ભેદ જળવાતો.

પોતાની કલ્પના ખરી છે કે કેમ તેની ખાત્રી કરવા મંજરીએ જરાક ધાંટો કાઢી "ઓ" કર્યું; જવાબમાં કુવાએ ગંભીર પ્રતિશબ્દ કર્યો.

મંજરીને પોતાની સ્થિતિનો ખ્યાલ આવ્યો. પોતે નિરાધાર, એકલી જીવન્ત સૃષ્ટિથી વિખુટી પડી હતી. મનમાં એમ પણ વિચાર આવ્યો કે કોક તેને ખોળી કાઢયા વિના રહેવાનો નહોતો. પણ તેના ગર્વિષ્ટ હૃદયે આ વિચાર દબાવ્યો. તે હોઠ દાબી ઉભી થઇ ગઇ. તે કવિકુલશિરોમ-

ણીની છોકરી, આવા નિર્માલ્ય વિચારો કરે! मन एव मनुष्याणां कारणं बंध-मोक्षयोः" તે બબડી.

થોડી વારે બારણું ઉઘડ્યું અને મુગો મુગો સુરપાલ આવ્યો. તે પરસારતથી મંજરીને બહાર લઇ ગયો, અને બહારની ઓરડીમાં એક ચોક હતો ત્યાં તેને નાહાવાનું પાણી આપ્યું. રખેને પોતે આ બન્દીખાનાના રખેવાળ આગળ કાંઇ નિર્બલતા બતાવી દે એવા ભયથી મંજરીએ તેની સામું જોયું પણ નહિ. ત્યાં આગળ દેવતા અને રાંધવાની સામગ્રી હતી તે દેખાડી સુરપાળ મુગો મુગો ચાલ્યો ગયો.

મંજરીએ સ્નાન કર્યું; થોડુક રાંધી ખાધું; અને પછી પોતાની ઓરડીમાં આવી. થોડી વારે રખેવાળ આવી તેનાં બારણાં બંધ કરી ગયો.

મંજરી થોડો વખત નિર્ગત થઇ પડી રહી, થોડુંક ઉંઘી અને કુવામાં પડતા સૂર્યના તેજના ઓળા ઓછા થવા માંડ્યા એટલે જાળી આગળ આવી બેઠી. જેમ ઓળા ઓછા થતા ગયા તેમ તેના રસિક હૃદયમાં કવિ-ઓનાં અનેક પદો ઉભરાવા માંડ્યાં. શૃંગાર અને વીરરસમાં ઝુલતી તે ધીમે ધીમે ગણગણવા માંડી; કરૂણારસ પ્રધાન થતાં ગણગણાટ સ્પષ્ટ થયો–તેણે ધીમેથી ગાવા માંડ્યું.

ગાતાં તે ચમકી, ગભરાઇ, જોઇ રહી–સામું કોઇ તે જ શબ્દો બોલતું હતું. તેણે ધ્યાન પૂર્વક જોયું, અને પોતાની મૂર્ખાઇ પર હસી: સામું કોઇ બોલતું નહોતું, માત્ર કુવામાં તેના બોલનો સ્પષ્ટ પડઘો પડતો હતો. તે હસી; પ્રભુએ તેને અણધારેલો મિત્ર મોકલ્યો હોય તેમ લાગ્યું. તેણે મોટેથી ગાવા માંડ્યું–કુવાએ તેવો જ મીઠો પ્રતિશબ્દ કર્યો. બોલતાં બોલતાં તેનું હૃદય, વૈરાગ્ય પામવા લાગ્યું–દુનિયાની લાલસાની નિરર્થકતાનું ભાન અનુભવવા લાગ્યું. પોતાના તરફ, સૃષ્ટિ તરફ તિરસ્કાર દર્શાવતાં તેને ભર્તૃહરિના પ્રશ્નો યાદ આવ્યા.

जीर्णा कन्था ततः किं सितममलपटं पट्टवस्त्रं ततः कि–
मेका भार्या ततः किं हयकरिसुगणैरावृतो वा ततः किम् ।

भक्तं भुक्तं ततः किं कदशनमथवा वासरान्ते ततः किं ॥
व्यक्तज्योतिर्नवान्तर्मथितभवभयं वैभवो वा ततः किम् ॥ १ ॥

તેણે દયાર્દ્ર સૂરે આ ગાયું; કુવામાંથી તેનો તેથી પણ શોકભર્યો જવાબ આવ્યો. મંજરી પોતાના દુઃખમાં ગરકાવ થઈ ગઇ; અને હૃદયમાં ઉભાં થતાં ડુસકાંઓ રોકવાનું મથામણ કરી રહી.

તે મુગી રહી એટલે કુવામાંથી પ્રતિશબ્દોનો પડઘો આવ્યો. કોઇ સંસ્કૃત શ્લોકથી તેને સંબોધતું હતું. તે સમયમાં વિદ્યા મેળવવી મુશ્કેલ હતી, અને શુદ્ધ સંસ્કૃતમાં બોલી શકે એવા ગણ્યા ગાંઠ્યા જ માણસો જડતા; આ કારણથી તે ભાષાના બોલનારાઓ ઉચ્ચ કોટીના વિદ્વજ્જનોજ હોઇ શકે એમ મનાતું. એકાન્તવાસમાં અચાનક સંભળાતા સંગીતથી મંજરી ચકિત બની અને ધ્યાન પૂર્વક સાંભળી રહી.

બોલનારનો અવાજ સંસ્કારી અને મરદાની હતો. તેના ઉચ્ચાર અને ભાષા ઉંચા પ્રકારની વિદ્વત્તા દાખવતાં. વિદ્યાવિલાસી મંજરી આ પ્રમાણે સાંભળી રહી—

कारागारं सुधाभिर्बलिसदनमिव प्लावयन्ती समन्ताद् ।
वाग्भिः कर्णप्रियाभिर्विशरणशरणे कासि कारुण्यमूर्ते ॥
ज्ञात्वा तृष्णां ममैकामघहृमहृमहाकालपादोपसेवाम् ।
प्राप्ता किं भक्तरक्ता सकलकलिहरा शर्मदा शाभवी श्रीः ॥ ( २ )

---

૧ જ્યાં કંઈ ન હોય તેથે શું. શ્વેત શુદ્ધ રેશમી લુગડું હોય તેથે શું? માત્ર એકલી સ્ત્રીજ હોય તેથે શું અથવા ઘોડા અને હાથીનો શોભીતો સમુહ આસપાસ હોય તેથે શું. સરસ ખાવાનું હોય તેથે શું અથવા દિવસને અન્તે નહું ખાવાનું હોય તેથે શું? અન્તરમાં ભવના ભયનો નાશ કરનાર જ્યોતિ પ્રગટી હોય તેથે શું કે વૈભવ હોય તેથે શું?

૨ સુધાવડે બલિસદનનું પ્લાવન કરતી હો તેમ સર્વતઃ કારાગારનું કર્ણપ્રિય વાણીથી પ્લાવન કરતી, હે કારુણ્યમૂર્તિ, વિશ્વશરણ્યશરણ, તું કોણ છે? પાપરૂપહિમનો નાશ કરનાર મહાકાલની ચરણસેવારૂપ મારી એક-તૃષ્ણા છે તે જાણીને શું, ભક્ત-રક્ત, સકલકલિહરા, શાન્તિદા શ્રીશંકરની શ્રી આવી પહોંચી છે?

अवन्तिनाथेन सनाथकं मां विज्ञाय कल्याणविधायिनी त्वम् ।
किमागता दुर्गतसाक्षशीला मातर् वृषाङ्कसुखं विहाय ॥ ३ ॥

માણુસના સહવાસથી પેદા થતા આશ્વાસનથી મંજરીને હિંમત આવી જ્યાં ચલીયું પણ ન સંચરે ત્યાં બીજા માણુસનો અવાજ—અને તે સંસ્કારી, મીઠા, તેના હૃદયની માતૃભાષા સંસ્કૃતમાં. હર્ષઘેલી મંજરી ઉભી થઇ જાળી પાસે આવી—થોડી વારમાં મનમાં શ્લોક બનાવ્યો—અને પોતાનો પ્રત્યુત્તર આપ્યો.

પ્રયુત્તર આપતાં ઉદાએ દીધેલાં દુઃખો તેને યાદ આવ્યાં; અને બીજી લીટી બોલતાં જગતને શાપ દેવા તૈયાર બનેલી ચંડિકા હોય તેમ તેન, નયનોમાં વિશ્વસંહારક અગ્નિ પ્રજ્વલ્યો. બોલીઃ

नो देवी—परिदेविनी मनुसुता मर्मार्तिभिः पीडिता ॥
पापौघैर्निखिलैः खलै रहमिमां कष्टां दशां प्रापिता ॥
पीयूषप्रतिमूर्तिभिर्जलधरः सारङ्गमद्धिर्यथा ।
वाग्भिर्मां पुनरत्र कोऽसि भगवन् दीनां त्वमुज्जीवयन् ॥ ४ ॥

શ્લોક ધીમેથી, સ્પષ્ટતાથી બોલી, આનંદમાં આવી ગયેલી મંજરી જવાબની રાહ જોતી ઉભી રહી. પોતાનું દુઃખ, પોતાની નિરાધારી, પોતાના પર ઉદાએ ગુજારેલો જુલમ તે વિસરી ગઈ અને આવા સ્થાનમાં આવા સંસ્કારવાળો માણુસ ક્યાંથી આવવા પામ્યો તે જાણવા એ તલસી રહી.

થોડીવારે જવાબ આવ્યો, અને કાન માંડી તે સાંભળવા લાગી.

---

૩ અવન્તિનાથ મારો નાથ છે એ જાણીને, હે માતા, કલ્યાણકારિણી અને દુઃખોને સાફ કરવાવાળી તું ચંદ્રના ઉત્સંગનું સુખ તજીને આવી છે શું?

૪ હું દેવી નથી—મર્મવ્યાધિથી પીડાએલી, પાપના ઓઘરૂપ સર્વ ખલોએ આવી કષ્ટમય દશાએ પહોંચાડેલી, હું મનુસુતા—માનવ જાતિની સ્ત્રી-છું. જલધર અમૃતસમાન જળધારા વડે ચાતકને જીવાડે તેમ અમૃતરૂપ વાણી વડે મને ઉજ્જીવિત કરતો, હે ભગવન, તું કોણ છે?

निःशेषै राजवृन्दैर्मुकुटमणिरुचाधौतपादाब्जयुग्मः
नित्यं जाज्वल्यमानः परंविपिनदवोऽवन्तिपो लक्ष्मवर्मा ।
योऽसौ तत्प्रीतिपात्रं प्रथममुपगवः क्षत्रवंशावतंसः
तस्याहं दिव्यकीर्तेः प्रथितभुजबलः कीर्तिदेवस्तनूजः ॥५॥

કીર્તિદેવ જરા થોભ્યો, મંજરી ઉંચે શ્વાસે સાંભળી રહી.

प्रद्वेषिणो यस्य भुजप्रभावाद्यमालयातिथ्यभुजो भवन्ति ।
सोऽहं यथानाम सुकीर्तिदेवोऽप्यकीर्तिदे वेश्मनि संनिविष्टः ॥ ६ ॥

ભગરથીથી કીર્તિદેવે પોતાના ગુણ વર્ણવ્યા અને પછી મીઠાશથી પુછ્યું.

बद्धोऽस्यबध्योऽप्यसखश्छलेन प्रधानमुख्यैः पिशुनप्रधानैः ।
कारागता त्वं वद कासि भद्रे संस्कारभद्रां गिरमुद्गिरन्ती ॥ ७ ॥

पुण्याक्षरैः कैरभिधीयसे त्वं पुनासि वासेन निकेतनं किम्
को भाग्यशाली रिपुदण्डचण्डस्त्वनन्यवासस्तवहृन्निवासः ॥ ८ ॥

આ શ્લોક સાંભળતાં તેનું હૈયું ઉછળી રહ્યું. શું કીર્તિદેવ અહિયાં? જે મહારથીની પ્રશંસા તેણે કાકને મોઢે સાંભળી હતી, જેનાં રૂપ અને

---

૫ સર્વ રાજમંડળ મુકુટમણિની પ્રભાવડે જેનું ચરણકમળદ્વય ધોવે છે એવો હંમેશા શત્રુવનના દાવાનલ સમો જાજ્વલ્યમાન અવન્તિપતિ લક્ષ્મવર્મા–છે. તેની પ્રીતિનું પ્રથમ પાત્ર, ક્ષત્રવંશનું આભૂષણ બનેલો, જે ઉપગવ (ઉગક) છે, તે દિવ્યકીર્તિ નરનો હું વિખ્યાત ભુજબળવાળો કીર્તિદેવ નામક પુત્ર છું.

૬ જેના ભુજપ્રભાવથી શત્રુઓ યમરાજના મહેલનું આતિથ્ય લેવા જાય છે તે હું યથાર્થનામ કીર્તિદેવ છતાં પણ આજે આ અકીર્તિકર મકાનમાં પડ્યો છું.

૭ દુર્જનો જેમાં મુખ્ય છે તેવા પ્રધાન વગેરે પુરૂષોથી હું, અબધ્ય છતાં પણ ઓચિંતો દોષી ઠરીથી બંધાયો છું. સંસ્કારથી કલ્યાણરૂપ બનેલી વાણી ઉચ્ચારતી હે ભદ્રે, આ કારાગૃહમાં પડેલી તું કોણ છે?

૮ કયા પુણ્યાક્ષરોનું તારૂં નામ બનેલું છે, તારા વાસથી કયું સ્થાન પાવન બને છે. શત્રુને દંડ દેવામાં ચંડ એવો કયો ભાગ્યશાળી નર છે કે જે અન્ય વાસ તજીને તારાં હૃદયમાં જ વાસ કરી રહ્યો છે?

ગુણની ખ્યાતિથી આકર્ષાઈ ગઈ રાતે તે કાક સાથે મરદનો વેશ પહેરી સજ્જન મહેતાની વાડીમાં ગઈ હતી તેને અહિયાં પડેલો જોઈ તે વિસ્મય પામી. તેની સંસ્કારી ભાષા જોઈ તેને માટે માન વધ્યું. આવા સુવિખ્યાત થોદ્ધાની સોબતથી તેનું ભાવનાવિલાસી હૃદય ગાંડું થઈ ગયું. તે થોડી વાર મુગી મુગી ઉભી; પ્રશ્નનો શો જવાબ આપવો તે વિચાર કરવા લાગી.

આ પ્રશ્નોએ મંજરીના હરખાતા હૃદયને જરાક ગંભીર બનાવ્યું. રૂદ્રદત્ત જેવા કવિકુલશિરોમણિની પુત્રી તરીકે ઓલખાવું એ તો સારૂં; પણ પોતે કોની–કેવાની–કેવી રીતે બનેલી પત્ની! પોતાના ધિક્કારને પાત્ર બનેલો કાક તેને સાંભર્યો. તેનું પરિચિત પણ અનાકર્ષક મુખ યાદ આવ્યું. આવાની પોતે સ્ત્રી, આ તેનો સૌભાગ્યપાલક! તેણે પહેલાં પોતાના બાપનું ઓળખાણ આપવાનો ધરાદો દર્શાવ્યો. તેના પ્રેમના પાત્રરૂપ પિતાના ગુણ ગાતાં તેનું હૈયું ગર્વથી ઉછળી રહ્યું. તેણે ધીમે ધીમે ગાયું.

पाखण्डाशयखण्डनैकरसिको गीर्वाणगीर्मण्डनः
चण्डः पण्डितमण्डले प्रतिदिनं मार्तण्डवद् भाति यः।
यं पादप्रणतः स्तुते कविगणः सद्धारतीभारत-
स्तातो मानपदं स पट्टनपतेः श्रीरुद्रभट्टो मम ॥ ९ ॥
समस्तसारस्वतवारिराशेः पारंगतो यः स्वधियाः वभासे।
विनाशहेतोरिव दुष्कवीनां तनुं दधानः कवितावतारः ॥ १० ॥

આટલું બોલ્યા પછી તે અચકાઈને ઉભી રહી. શું પોતાના પરણેલા ધણીની વાત ન જ કરવી? શું તેને વિશે પુછેલા સવાલનો જવાબ બાઇ

---

૯ પાખણ્ડના આશયનું ખંડન કરવાનો અનન્ય રસિયો, ગીર્વાણવાણીનો અલંકાર, પણ્ડિતમંડલમાં જે સર્વદા સૂર્યસમ ચમકે બની પ્રકાશી રહે છે અને સુંદર વાણીની પ્રભામાં આનંદ લેતો કવિગણ જેમાં નમીને જેની સ્તુતિ કરે છે એવો પટ્ટ નરેશનું માનપાત્ર શ્રીરૂદ્રભટ્ટ મારો પિતા છે.

૧૦ જે સમસ્ત સારસ્વતરૂપ જલનિધિને પાર પહોંચેલો પોતાની બુદ્ધિથી દુષ્ટ વિના નાશ માટે દેહ ધરી રહેલો કવિતાવતાર હોય તેમ પ્રકાશી રહ્યો છે.

જવો ? તેના પ્રમાણિક અંતઃકરણને આ ગમ્યું નહિ. ત્યારે શું કરવું ? કમુલ કરવું કે કાક–એક રખડતો સુભટ્ટ તેનો સૌભાગ્યપાલક ! મંજરીને શરમના માર્યા ગુંગલામણ થયું. કાકને પતિ તરીકે ઓળખાવવામાં તેનો જીવ જતો હતો, તેનો ગર્વ નષ્ટ થતો હતો. તેનું નામ ન દઇ તેનો અને પોતાનો સંબંધ છુપાવવો તે પણ ગર્વ કરવા દે એમ નહોતું. આ વિચારોના ગભરામણથી આવેલો પરસેવો તેણે લુછી મગજ સ્થિર કર્યું. તેના મગજમાં ઝપાટાબંધ વિચારો પેદા થયા. પોતે કાકની સ્ત્રી હતી એ વાત હવે ફેરવાય એમ નહોતી. તેનું કુલ શુદ્ધ બ્રાહ્મણનું હતું. જે જામદગ્નિની તે હૃદયમાં જપમાળ ધારતી હતી તેનો જ તે ગોત્રજ હતો. તેણે લાટને વશ કર્યું હતું–એકલે હાથે નવઘણને મહાત કર્યો હતો. જયદેવનો તે જમણો હાથ હતો—તેને પોતાને તેણે ઘણીજ બહાદુરીથી બચાવી હતી. કોઈ કથાકાર પોતાની કથાના નાયકના પરાક્રમની યાદી કરે તેમ તેના મગજે ઝપાટાબંધ યાદી કરી. તેને સરવાળો સારો લાગ્યો તેમાં ઘણી અધમતા નજરે ન ચડી. કવિની અતિશયોક્તિ કરવાની સ્વાભાવિક ટેવથી તેણે કાકનું ઓળખાણ આપવા માંડયું. ઓળખાણ આપતાં તેની કલ્પનાશક્તિ ઉત્તેજીત બની અને જાણે કાકને બદલે પરશુરામનું જ તે વર્ણન કરતી હોય તેમ બોલીઃ

भीमाचारगुरुः पुरन्नसदृशः प्रोद्दण्डशौण्डो मुनिः
मातृघ्नो जमदग्निजोऽग्निदहनस्तद्गोत्रमौलिर्यथा ।
शौर्यक्रौर्यविधौ तथैव निपुणः पुण्यप्रभावान्वितः
रेवातीरविवर्तिकीर्तिनिकरः काकारियच्छत्रुकः ॥ ११ ॥

આટલું બોલતાં તેનો જીવ ગયો—હૃદય ધ્રુંચવાયું–મગરૂર સ્વભાવે

---

૧૧ મુનિ છતાં ભીષણ આચરણનો ગુરૂ, પુરન્ન (એટલે મહાદેવ) સમો, દંડ આપવામાં ચાલાક એવો, માતાનો વધ કરનાર અને અગ્નિ જેવો દાહક જમદગ્નિતનય પરશુરામ જે ગોત્રના મુકુટરૂપ જેવા હતા, તેવોજ શૌર્યક્રૌર્ય વિધિમાં નિપુણ અને પુણ્યપ્રભાવયુક્ત રેવાતીરે જેની કીર્તિ ફેલાઇ છે તેવો, અને જેના શત્રુ કાકારિ એટલે ધુવડ બને છે [અંધારામાંજ છુપાઇ રહે છે] એવો—

મ્હોમાંથી કાકનું નામ નીકળવા દીધું નહિ; તેણે તેના રસીલા હોઠ અરસિક દઢતામાં બીડ્યા; ગર્વના બળે, નેત્રમાંથી તેજ ફેંકતી તે અવગણના કરેલા પતિનું નામ બોલી—

काकः,—જરા અટકી અને ઝપાટાબંધ ચરણ પૂરું કર્યું.

काकरुकारिरग्रवयसः शुष्काशनिस्तेजसा

બીજું ચરણ બનાવતાં વાર લાગી. કાકે એકલે હાથે જુનાગઢના નવઘણ રા'ને પકડી લાવી કરેલું અપ્રતિમ પરાક્રમ યાદ આવવાથી તેણે ચલાવ્યું.

शीर्णं येन हि जीर्णदुर्गनृपतेर्मानं माहात्मानिना ।

આ ચરણથી ઉભી થયેલી માનસિક છબીથી તે કાક તરફનો ધિક્કાર પલવાર વિસરી જઈ તેના ગુણ ગાવા લાગી.

नीतिज्ञश्चकितप्रधानसचिवः कर्णात्मजाभ्यर्चितः श्रीमन्मण्डलनाथसख्ययुगसो

વર્ણન પુરું થયું; ચરણ અધુરું રહ્યું. ગુસ્સામાં-તિરસ્કારમાં તે બાકીના શબ્દો બોલી;

सौभाग्यनाथो मम ॥ १२ ॥

છેલ્લા શબ્દો બોલતાં તેનું હૃદય ચીરાઈ ગયું; તેને આંખે અંધારાં આવ્યાં. તે પોતાના મનથી પડી-ગંગાની માફક નીચે અને નીચે; ગર્વ છોડી કાકને પતિ સ્વીકારવાનું! તેને ભીંત સાથે માથું પટકી મરી જવાની ઇચ્છા થઈ.

છેલ્લું એક પુરકું આવ્યું જે મહા મ્હેનતે તેણે દબાવ્યું. તેને ખાત્રી થઈ કે તે અધમતાની નીચામાં નીચી પંક્તિ પર અત્યારે આવી રહી હતી. આ શ્લોક સાંભળી કીર્તિદેવના આશ્ચર્યનો પાર રહ્યો નહિ.

"શું કહેા છેા?" તે સંસ્કૃત છોડી બોલી ઉઠ્યો. અને પડઘાએ તે પ્રશ્ન મંજરીને કર્યો "ભટ્ટરાજ કાક-મારેા વયસ્ય. તમે અહિયાં કયાંથી?"

---

૧૨ કાક-કે જે તેજના સૂર્યવીજ જેવા બીકણના બાળપણથી જ શત્રુ છે, જે મહામાની પુરૂષે જુર્જુદુર્ગના નૃપતિનું માન શીર્ણ કર્યું છે. જેણે નીતિજ્ઞ એવાશ્રી મુખ્યમંત્રીઓને ચોકાવ્યા છે, જે, કર્ણાત્મજ જયદેવથી પૂજાય છે તે શ્રીમાન્ મણ્ડલનાથની મૈત્રી પામેલેા તે કાક--મારેા સૌભાગ્યનાથ છે.

મંજરીએ ધીમે ધીમે પોતાનો ઇતિહાસ જણાવ્યો; અને આગલી રાતે સજ્જન મહેતાના વાડામાં ભરાયેલી કાવતરાંબાજોની સભાનું વર્ણન આપ્યું. કીર્તિદેવ આશ્ચર્યથી સાંભળી રહ્યો.

"બહેન" તેણે કાકે દર્શાવેલા વિચાર સાંભળી કહ્યું "તમારા ભાગ્યનો પાર નથી."

"કેમ?" અજાયબીથી મંજરીએ પુછયું.

"ત્યાર વગર આવા પતિને પામ્યાં છો?"

મંજરી ઠિંગ થઇ ગઇ. શું કાક આવો બાહોશ ગણાતો હતો? આના જવાબમાં તેના ગર્વિષ્ઠ હૃદયમાં માત્ર તિરસ્કાર પ્રસર્યો—એકાન્ત છતાં અભિમાનમાં તેના હોઠ મરડાયા.

"અને મને પણ ખાત્રી છે.—"

"શું?"

"કે કાક તમને છોડવ્યા વિના રહેવાનો નથી" પોતાનાજ વિચારનું પ્રતિબિમ્બ આ શબ્દમાં જોઈ મંજરી વિચારમાં પડી. શું કાક તેને શોધી કહાડશે? શુનીમન્વેતિ શ્વા [1] આ અપમાન ભર્યાં વાકયનો તેણે ગઈ રાતે કરેલો ઉપયોગ તેને યાદ આવ્યો. તેણે હૈયું કઠણ કર્યું. કાક જેવો માણસ તેને છોડવે, તેનાપર બેહદ ઉપકાર ચડાવે તેના કરતાં આ પાતાલ નિવાસમાં જીવનભર સજ્જા કરવું સારૂં એમ તેને લાગ્યું.

એટલામાં કીર્તિદેવનો અવાજ આવ્યો. "હવે બોલશો નહિ રખેવાલ આવે છે."

મંજરી ચૂપ થઈ બેઠી. તેનું હૈયું ભરાઈ આવ્યું હતું. શું તેનું જીવન! શું તેની અધોગતિ! તેની પ્રબલ કલ્પનાશક્તિએ તેના ગત જીવનની યાદ આપી.

તે રડી—પિતાને સંભારી—પોતાનો વિદ્યાનો વિલાસ, પોતાના બાલપણની ચેષ્ટાઓ સંભારી. પોતાની માના અધર્મી આચરણે—ઉદ્દાએ કરેલા જુલમે, કાકના કરેલાં પરિગ્રહણે, આંસુડાઓનાં દ્વાર ખુલ્લાં કર્યાં. ભાવનાઓના શિખરેથી પડવું એ દુઃખ છે; પણ તેનું જો ભાન હોય તો એ દુઃખનો પાર નથી રહેતોઃ—અને તેમાં આ તો સંસ્કાર અને શુદ્ધતાના ગર્વમાં નિરંતર મસ્ત રહેતી માનિની.

## પ્રકરણ ૧૫ મું.

## પત્તો લાગ્યો.

એક દિવસ થયો–બે દિવસ થયા–ત્રણ દિવસ થયા–પણ કાકને મંજરીનો પત્તો મળ્યો નહિ. તેના કચવાટનો પાર રહ્યો નહિ: ત્રિભુવનપાલ અને કાશ્મીરાદેવી પણ નિરાશામાં પડ્યાં.

કાકને પાનો ચઢ્યો. તે રોજ મુંજલને મળી આવતો, મહારાજા શીકાર કરી આવ્યા ત્યાર પછી તેને મળી આવતો–અને બાકીનો વખત મંજરીની તલાસ કરવામાં ગુમાવતો. તે ઉદાની પાછળ પડ્યો, તેના નિર્જન ઘરની તપાસ લઈ આવ્યો–વિશ્વાસુ માણસો દ્વારા શાન્તુ મહેતાના ઘરની જડતી લેવાડી પણ મંજરીનું નામ કે નિશાન દેખાયું નહિ.

તેનો ભટ્ટ રૂદ્રમલ્લ પણ કાંઈ પત્તો મેળવવા ભાગ્યશાળી થયો નહિ.

"રૂદ્રમલ્લ! લાટનું પાણી જવાનું" કાકે કહ્યું.

"મહારાજ, પણ શું કરવું?"

"એ સવારે ક્યાં જાય છે?"

"કોણ ઉદો મ્હે—"

"શ–શ–શ—ધીમેથી."

"સવારે પોપટશાળે જાય છે. પછી ત્યાંથી રાજગઢમાં આવે છે. પછી ત્યાંથી પાછો શાન્તુ મહેતાને ત્યાં આવી, ખાઈ કરી બપોર પછી બહાર નીકળે છે."

"પછી?"

"ઘણી વખત તો પાછો રાજગઢમાં મીનળમાને મળવા જાય છે. ને કોઈ કોઈ વખત મુંજલેશ્વર મહાદેવની પાસે જુનું ચૈત્ય છે ત્યાં જાય છે."

"પેલા જુનાં ચૈત્યમાં શું કરવા?"

"તે ખબર નથી પડતી."

"તેના અપાસરામાં કોઈ એમનો મુનિ છે?"

"ના. કોઈ ખાસ તો નથી."

"વારૂ પછી" કાકે પુછ્યું "ક્યાં જાય છે?"

"પછી તો કાં તો કોઈ શેઠને ત્યાં કે શાન્તુ મહેતાની હવેલી પાસેના અપાસરામાં બેસે છે."

"ને રાતે?—"

"આખી રાત ઘરમાંથી બહાર નથી નીકળતા."

"વારૂ" ધુંચવાઈ કાકે કહ્યું.

કાકે બીજે દિવસે શાન્તુ મહેતાની બાજુમાં આવેલા અપાસરામાં તજવીજ કરી. ઉદો ત્યાં ખુલ્લી રીતે મુનિઓનાં સંભાષણો સાંભળવા બેસતો હતો; અને સુસ્ત જૈનને છાજે તેવી એકાગ્રતાથી શ્રવણ કરી બહાર નીકળતો હતો. તેને એક વિચાર આવ્યો—શા સારૂ ઉદો રોજ પેલા ચૈત્યમાં જાય છે? ત્યાં તો મંજરીને નહિ રાખી હોય?

એક શ્રાવક સુભટની મદદથી તેણે ચૈત્યમાં તપાસ કરાવી, પણ ત્યાં કોઈ જાણીતા મુનિ કે આચાર્ય ઉતર્યા હોય તેમ લાગ્યું નહિ. એક વખત ત્યાં પોતે જઈ તેણે જોયું તો ત્યાં કોઇને સંતાડાય એવી સોઈ દેખાઈ નહિ. ઉદો ત્યાં અકેક દિવસને આંતરે આવતો, ચૈત્યમાં જતો; અને મોટે બારણેથી પાછો આવતો દેખાતો નહિ. એક વખત ઉદાને અંદર ગયાને અડધી ઘડી થઈ એટલે તેણે રૂદ્રમલ્લને બરોબર શીખવી અંદર મોકલ્યો.

તે ગયો અને ઉદાને માટે તપાસ કરી. આ જુના ચૈત્યમાં માત્ર નામનાંજ માણસો આવતાં. મહા મુશ્કેલીએ એક જણે કહ્યું કે ઘણુંખરૂં ઉદા મહેતા ત્યાં આવ્યા હતા ખરા, પણ ગયા.

"ના, ના. અહિયાં જ છે. મને કહ્યું હતું કે હું અહિયાં જ મળીશ. રાજગઢમાં એમનું જરૂરી કામ છે માટે આવ્યો છું."

"ત્યારે તો પેલી તરફ પુછો. ત્યાં એક બે સાધુઓ છે તેને મળવા આવતા હશે."

રૂદ્રમલ્લે ત્યાં તપાસ કરી. "હા," એક વૃદ્ધ, મરવાને આળસે જીવતા સાધુએ કહ્યું. "ઉદામહેતા આવ્યા હતા. કેમ?"

"ક્યાં છે?"

"તે કેમ કહેવાય? પણ ખરા શ્રાવકોના હૃદયમાં તે વસે છે."

"તમારી પાસે આવે છે?"

"ત્યારે કોની પાસે? સૃષ્ટિમાં ગુણ પારખનાર ક્યાં છે? આ એક છે. આટલે વર્ષે મારામાં ગુણ હતો તે મને પારખ્યો."

"ક્યારના ગયા?"

"વિનયશીલ છે–શુદ્ધ શ્રાવક છે" ડોસાએ આંખો મીંચી ઉદાના ગુણ ગાવા માંડ્યા "વિદ્વાન–"

"પણ મહારાજ! હમણાં એ છે ક્યાં?"

"ગયા. માણસને કસોટી કરતાં આવડવી જોઇએ."

રૂદ્રમલ્લ ત્યાંથી ચાલ્યો ગયો, અને કાકને બધું કહ્યું. બીજી વખતે ચૈત્યનાં જેટલાં નાનાં બારણાં હતાં ત્યાં અકેક માણસ રાખી કાકે તપાસ કરાવી પણ ઉદો ત્યાંથી નીકળતો જણાયો નહિ. કાકને ખાત્રી થઈ કે મંજરીનો પત્તો હવે જરૂર લાગવાનો.

ફરીથી જ્યારે કાકને આ ચૈત્યમાં આવવાનો વખત થયો ત્યારે ફાટેલાં તુટેલાં લુગડાં પહેરી તે ત્યાં આવ્યો, અને પેલો વૃદ્ધ સાધુ ઉતર્યો હતો તે એકાન્ત ઓશરીની સામે સંતાઇને બેઠો. થોડીવારે ઉદો આવ્યો અને તે ઓશરીમાં ગયો. કાક તેની પાછળ ગયો અને સંતાઇ રહ્યો.

ઉદાએ થોડીવાર સાધુ જોડે વાત કરી અને રજા લીધી. પત્થરના એક થાંભલા પછાડી ઉભા રહી કાકે જોયા કર્યું. મંત્રી બારણા સુધી આવ્યો, બારણા બહાર નજર કરી અને બહાર કોઇ નહિ દેખાવાથી પાછો અંદર ગયો. કાક ઉંચે શ્વાસે જોઇ રહ્યો. ઉદાએ આમ તેમ જોયું અને ભીંતમાં એક જુની, મોટી બારી હતી તે ઉઘાડી બહાર કુદ્યો. ચીકાર પકડવા સાવજ કુદે તેમ કાક કુદ્યો, અને ઉદાએ અમથું દીધેલું બારણું ઉઘાડી નજર કરી અને બહાર ભુરકો માર્યો.

આ બારી મુંજલેશ્વરના મંદિરની ભીંત અને આ ચૈત્યની ભીંત વચ્ચેની ગંદી, અંધારી ગલીમાં પડતી હતી. કાકે આગળ જતાં ઉદાના સફેદ વસ્ત્રનો આભાસ દીઠો, અને તેની પાછળ ભીંતમાં લપાઇ ચાલવા માંડ્યું.

ઉદાએ એ ગલીમાંથી પડતું મુંજાલેશ્વરના મંદિરમાં જવાનું બારણું વટાવ્યું અને તે મંદિરની પાછળ તે નીકળ્યો. અને ત્યાંથી ઝપાટાબંધ પાછલા ભોંયરામાં તે પેઠો. રખેને પકડાય એવા ડરથી બ્હીતો બ્હીતો ચાલતો કાક પણ પાછળ ગયો. તેને કંપારી આવી. કારણ કે આ ભોંયરાઓમાં કાળભૈરવ વસતો હતો એમ મનાતું હતું. પણ કાકે વિચાર કર્યો કે જ્યાં જૈન મારવાડી જાય ત્યાં તેના જેવા બ્રાહ્મણ વીરને શો ડર!

થોડુ ચાલી ઉદાએ કાકડો ચેતાવ્યો—અને કાક એક ખુણાને ઓથે ભરાઈ ગયો. ભોંયરામાંના પત્થર ખસેડી તેણે પેલું બાકોરૂં ખુલ્લું કર્યું અને તેમાં તે પેઠો. જ્યાં ઉદાએ કાકડો ઓલવ્યો કે કાક આગળ વધી તે બાકોરામાં થઇ સુરંગમાં આવ્યો. સુરંગનો રસ્તો સીધો હતો.

કાકને આ તકનો લાભ લઇ ઉદામહેતાને યમસદનમાં મોકલવાનો વિચાર થયો; પણ તેમ કર્યે કાંઇ મંજરી મળે એમ નહોતું એટલે તેણે તે વિચાર મુલતવી રાખ્યો.

ઘણું ચાલ્યા પછી વિમલશાહની વાવમાં તેઓ નીકળ્યા. આ રસ્તો જોઈ કાક અચંબો પામ્યો, અને મંજરીની શી દશા હશે તેનો વિચાર કરવા લાગ્યો. મંજરીની વર્તણુકથી તેને ઘણોએ તિરસ્કાર આવ્યો હતો છતાં તેના હૃદયપર તે ગર્વિષ્ટ સુંદરીનું સામ્રાજ્ય નિશ્ચલ હતું; અને તેને જીતવાની આશા તેણે હજુ લગી મૂકી નહોતી.

ઉદો ઝપાટાબંધ ત્યાંથી નીકળી સામે આવેલા અપાસરામાં ગયો. અને તેના એક વિભાગમાં સુરપાળ રખેવાલ રહેતો હતો ત્યાં ગયો. કાકે તેની પાછલી બાજુએ જઈ, અપાસરાની રચના નજરમાં ઘાલી.

બે ઘડી સુધી તેણે વાટ જોઈ ત્યારે ઉદો પાછો નીકળ્યો, અને વાવ તરફ ગયો. કાકને હવે તેની પરવા નહોતી તેને ખાત્રી થઈ કે મંજરી આ અપાસરામાંજ હોવી જોઇએ. એટલામાં સાંજ પડી, અંધારૂં થયું અને પાટણના દરવાજા બંધ થયા. દરવાજા બંધ થયા એટલે કાક નીકળી સુરપાલનું બારણું ઠોક્યું.

"કોણ મહારાજ?" તેણે ધીમેથી પુછ્યું.

"ભાઈ! હું તો વટમાર્ગુ છું. મને અત્યારે પડી રહેવા દેશો?" 'મહારાજ' કોણ હશે તેનો વિચાર કરતો કાક બોલ્યો.

"ગામમાં જવું હતું ત્યારે જરા વહેલા આવીયે ને" સુરપાલે કહ્યું "જાઓ આ અંદરની ઓસરીમાં પડો." કહી તેણે બારણું અડકાવી દીધું.

કાકને એટલું જ જોઇતું હતું. તે અંદરની ઓસરીમાં ગયો. અને ત્યાંથી આખા અપાસરામાં ફરવા લાગ્યો. બે ચાર સાધુ શિવાય ત્યાં કોઈ હતું નહિ. તે બધે ક્યાં પણ મંજરી રહી શકી હોય એવી જગ્યા જડી નહિ. અને ચિન્તામાં ને ચિન્તામાં તેણે આખી રાત ગાળી.

તે સવારે વહેલો ઉઠી ફરીથી અપાસરો તપાસવા બેઠો. તેને એ તો ખાત્રી જ થઈ હતી કે મંજરી અહિયાં જ હોવી જોઇએ. પણ ક્યાં? સુરપાલ વખત છે ને જાણતો હોય. પણ તે ઉદાનો શાગીર્દ હોય તો તેને પુછવું શા કામનું? એટલામાં સુરપાલ હાથમાં બેડું લઈ વાવ પર જતો જણાયો. કાક તેની સાથે થયો.

"કેમ ગામમાં નથી ગયો?" સુરપાલે પુછ્યું.

"ના. મારા મનમાં કે સ્નાન સંધ્યા કરીને જ જઈશ,"

"બ્રાહ્મણ છો?"

"હા" કાકે કહ્યું.

બન્ને વાવે પહોંચ્યા, અને સુરપાલે પાણી વહેવા માંડ્યું. સુરપાલ ધણો ઓછાબોલો હતો એટલે તેની જોડે વધારે વાત થઈ શકે તેમ નહોતું. કાકે ધીમે ધીમે નાહવા માંડ્યું. થોડીવારે તેને એક વસ્તુ આશ્ચર્યજનક લાગી. સુરપાલ એક માણસને જોઇએ તેના કરતાં ઘણું જ વધારે પાણી વહી જતો હતો.

એકદમ કાકને વિચાર આવ્યો કે મંજરીને સુરપાલે ભોંયરામાં તો નહિ રાખી હોય. એ વિચાર આવતાં જ તેને હુંસાબાની વાત સાંભરી. ત્રિભુવનપાલે તેને તે કહી હતી. તેનાં રોમેરોમ ઉભાં થઇ ગયાં. શું મંજરીની પણ તેવી દશા થવાની? તેણે નાહી, સંધ્યા કરી સુરપાલની રજા લીધી અને ઝપાટાબંધ ઘેર આવ્યો.

"કેમ રાતે ક્યાં હતો?" ચિન્તાતુર મંડલેશ્વરે પુછ્યું.

"એની એજ પીડા તો."

"કાલે મેં મીનળબાને વાત કરી હતી, તેણે વચન આપ્યું છે કે જો મંજરીને ઉંચકી જનાર પકડાય તો તેને સખ્ત શિક્ષા કરવી."

"પકડાય તો ને?" કાકે હસીને કહ્યું.

"કાંઈ પત્તો લાગ્યો?" કાકનો અવાજ સાંભળી આવેલી કાશ્મીરાએ પુછ્યું.

"હા." ક્યાં છે?"

"કહું. ઉભા રહો. પણ હું પુછું તે કહો."

"શું?" બન્ને બોલી ઉઠ્યા.

"હમ્મીરાને વર્ષો સુધી કેદ રાખ્યા હતાં. કઇ જગ્યાએ?" ત્રિભુવનપાલને વિસરેલા દુઃખનું સંભારણું થયું. તેને કપાલે કરચલીઓ પડી. "કેમ?"

"મારે કામ છે?"

"તે જગ્યાની કોઇને ખબર નથી. મામા જાણે છે કે મીનળબા."

"પણ લોકવાયકા શું કહે છે?"

"–કે વિમલ મહેતાના અપાસરામાં રાખી હતી."

"સાચી વાત" કાકે કહ્યું.

"કેમ જાણ્યું?" કાકનું મગજ કળી ગયું છે કે નહિ તેનો સંશય આવતાં કાશ્મીરાદેવીએ પુછ્યું.

"કારણ કે મંજરી પણ ત્યાંજ છે." "હું"

"ત્યાં શું ભોંયરાં છે?"

"લોકોમાં એમ ગપ્પાં ચાલે છે."

"ત્યારે તે પણ વાત સાચી. તમે એ અપાસરાના રખેવાળને ઓળખો છો?"

"ના. પણ ઘણો જુનો માણસ છે."

"તે પલળે એમ છે કે?"

"તે કેમ ખબર પડે?" મંડલેશ્વરે પુછ્યું.

"એ ભોંયરા વિષે ત્યારે કાંઇ માહિતી મળે ખરી?"

ત્રિભુવનપાલે ડોકું હલાવ્યું. "નહિ. એ તો તું કહે છે ત્યારે. મારૂં તો માનવું એમજ છે કે એ ભોંયરાં છેજ નહિ."

"ઠીક છે. હું ખાત્રી કરીશ."

"કેવી રીતે?"

"ત્યાંથી મંજરીને છોડવી લાવીને."

## પ્રકરણ ૧૬ મું.

## મંજરીએ પોતાના પતિની આબરૂ સાચવી.

કાકે એક દહાડામાં બધી તૈયારી કરી; અને જ્યારે ઉદાને વિમલ-શાહના અપાસરામાં જવાનો વખત થયો ત્યારે તે તેને મહાત કરવાને તત્પર થયો.

આટલા વખતમાં કાક અને રૂદ્રમલ્લ બેએ મળીને જે ઓરડીઓમાં સુરપાલ રહેતો હતો તેનાં કેટલાંક નળીયાં ખસેડી, વાંસ તોડી નાંખ્યા હતા. નિશ્ચિંત સુરપાલ પોતાનું કામ કર્યા જતો હતો; પોતાની હોંશીયા-રીમાં મલકાતો ઉદો નિડર થઈ રહ્યો હતો.

તે દિવસે ઉદો અજવાળા છતાં ન આવે માટે કાશ્મીરાદેવીએ એક યુક્તિ ઘડી કાઢી હતી. સોરઠમાંથી કર્કસુરિ કરીને એક વિદ્વાન દિગમ્બરી સાધુ બે ચાર દિવસથી પાટણમાં આવ્યો હતો. અને તેને મળવા મીનળદેવી બપોર પછી જવાનાં હતાં. કર્કસુરિએ રાજ્યમાતાને સહકુટુંબપરિવાર આવ-વાનું સુચવ્યું હતું. કાશ્મીરાએ આગ્રહ કરી ઉદાને પણ આવવાનું નિમંત્રણ કહાવ્યું. રાજ્યમાતાના હુકમનો અનાદર થાય નહિ. એટલે ઉદાને આવવું પડ્યું. ત્યાં સહેજે સાંજ પડી ગઈ. ત્યાંથી નીકળી ઉદો બનતી ત્વરાએ સુરંગને રસ્તે વિમલ મહેતાને અપાસરે આવ્યો. તે વખતે સુરપાલ ઓટલે બેઠો હતો; છાપરા પર ધ્યાન દઈ કાક સંતાઈ રહ્યો હતો.

"કેમ મહેતા વાર લાગી?"

"શું કરું? આજે મીનળબાએ બોલાવ્યો હતો."

"ભાઈ હવે કાંઈ ગોઠવણ કરો હો. હું બહુ દહાડા નહિ રાખું.

"હવે બે ચાર દિવસ. વધારે નહિ."

"વારૂ. ત્યારે બેસો. હું લઈ આવું."

"કેમ હવે આવે છે કે?" ઉદાએ મીઠાશથી પુછ્યું.

"અરે શિવ શિવ કરો. એ તો એવી જબરી છે. હંમેશા મારે ધાક બતાવવો પડે છે."

"શા?"

"કે ચાલશે નહિ તો ઉંચકીને લઇ જઇશ. આવો પેલી ઓરડીમાં બેસો."

"હા" કહી ઉદો પાસેની ઓરડીમાં આવ્યો. અને સુરપાલ મંજરીને લેવા ગયો.

ઓરડી નાની હતી અને તેમાં એક નાનો દીવો બળતો હતો. અશાંત થઈ રહેલા ઉદાએ કેડે હાથ મુકી આમ તેમ આંટા મારવા માંડયા. કાકને આ લાગ અમુલ્ય લાગ્યો. તેને ખાત્રી હતી કે સુરપાળને પાછા આવતાં થોડીક વાર તો લાગશેજ. તેણે એક દીલો કરી મુકેલો છાપરાંનો વાંસ તોડ્યો, અને બાકાંમાંથી તે નીચે પડયો. એ પડયો ત્યારે તેના તરફ ઉદાની પીઠ હતી; પણ તે ધબાકાથી ચમકીને પાછળ ફરી રહે તે પહેલાં કાક તેનાપર કુદ્યો; કેટલા દિવસની ઘેરાઈ રહેલી ઝનુનથી તેને વળગ્યો, તેને મોઢે ડુચો માર્યો, તેને ભોંયે પાડી તેનાપર ચડી બેઠો. ઉદાએ તેને જોયો, ઓળખ્યો, અને તેના હોસકોસ ઉડી ગયા. તેને લાગ્યું કે હવે તેને કાક જરૂર ઠાર કરવાનો.

પણ કાકનો તેવો વિચાર નહોતો. કમ્મરે બાંધેલું ધોતીયું છોડી તેણે ઉદાના હાથ પગ બાંધ્યા અને તેનાં શાલ, વસ્ત્ર અને પાધડી લઇ લીધાં. પછી તેના શરીરપરથી ઉઠી, બારી ઉઘાડી રૂદ્રમલ્લને બોલાવ્યો. અને મંત્રીને ઉંચકી ગાંસડીની માફક બારીએથી બહાર ફેંકયો—રૂદ્રમલ્લે તેને લીધો.

"રૂદ્ર!"

"જી!"

"પેલા ઝાડ પાસે ઉભા રહેજે. પણ આને જવા દેતો નહિ." કહી કાકે બારી બંધ કરી અને ઉદાની શાલ ઓઢી, પાધડી પહેરી અને તેની માફક ઝુકાની બાંધી.

સુરપાલને આવતાં તેના ધાર્યા કરતાં વાર લાગી. આખરે તેનાં અને બીજા કોઇનાં પગલાં સંભળાયાં. કાક સજ્જ થઇ જરા અંધારામાં ઉભો.

મંજરી અંદર આવી અને બહારથી સુરપાલે બારણાં વાસી દીધાં. તે આવી—તિરસ્કારની મૂર્તિ સમી; અને બારણા આગળ ઉભી રહી, ગર્વમાં

માથું ટટ્ટાર રાખી, નિડરતાથી જોઇ રહી. કાકે તેનો ગર્વ, તેનો તિરસ્કાર, નિશ્ચલ બનેલા મધુરા હોઠ જોયા; અને છેલ્લા શબ્દો "**ગુનીમન્વેતિશ્વા.** તેણે તેને કહ્યા હતા તે યાદ આવ્યા. કાકનું ઉછળતું હૃદય ભાવહીન થઇ ગયું. જે પ્રેમ હૃદયમાં ઉછળતો હતો તેપર ગૌરવ અને તિરસ્કારની સપાટી ફરી વળી.

"**મંજરી**" તેણે ધીમેથી કહ્યું.

**મંજરીએ** તેને ઓળખ્યો નહિ. ટાઢા તિરસ્કારથી તે જોઇજ રહી.

"**મંજરી** ! વાર નહિ લગાડ. આ બારી ઉઘાડી છે."

"કેાણ!" અજામળીમાં એક ડગલું પાછું ખસી **મંજરીએ** કહ્યું. તેના અવાજમાં એકદમ ઉમળકા આવ્યેા. "તમે !"

"હા." સખ્તાઇથી કાકે કહ્યું " તેં કહ્યું હતું તેમ કુતરી પછાડી કુતરેા આવ્યેા છે. વખત જાય છે." કહી તે બારી પાસે ગયેા. **મંજરી** તેની પાસે આવી.

"પણ ઉદેા—"

"મેં બાંધીને બહાર નાખ્યેા છે. ચાલ" સત્તાથી કાકે કહ્યું. **મંજ-રીએ** પાછું ગર્વથી માથું ઉંચું કર્યું.

"હું એકલી કેમ આવું ! મારી જોડે બીજો એક કેદી છે. તેને મુકીને કેમ અવાય ?"

"મને બીજા કેદીની પરવા નથી" ટાઢે પેટે કાકે કહ્યું.

"પણ તે તમારેા મિત્ર છે."

"કેાણ ?"

"**કીર્તિદેવ.**"

"**કીર્તિદેવ** ! અહં. હવે સમજ પડી. તેની વાત કાલે, અત્યારે તું તેા ચાલ. નહિ તેા પેલેા રખેવાળ હમણાં આવશે."

"મારાથી નહિ અવાય."

"કેમ ?" ગુસ્સામાં કાકે પુછયું.

"મારે **કીર્તિદેવને** નિરાશ નથી કરવેા."

"શી રીતે ?"

"તે આશા રાખે છે કે તેનો મિત્ર કાક તેને અને મને છોડવવા જરૂર આવવાનો."

"પણ મારાથી ન બન્યું તો!" અધીરાઇમાં કાકે પુછ્યું.

"જે તેની વલે તે મારી વલે."

"તું મુરખ છે" કચવાયેલા કાકે દાંત કચકચાવી કહ્યું.

"તમારા જેવા નિમકહરામ મિત્રની મદદથી છુટવા કરતાં, તે બીચારા આશાજીવી મિત્રની સાથે મરવું સારૂં."

"તું નહિ માને?"

"હું કારાગારમાં પડી પડી માનીશ કે કીર્તિદેવનો મિત્ર એને છોડવવા આવશે ત્યારે મને છોડાવશે."

"શું બોલે છે?" કહી કાક પાસે આવ્યો.

"મને જોરજુલમથી લઇ જશો તો બૂમ પાડીશ." કહી મંજરીએ દૃઢતાથી તબીયેત વાળી દીધી. ગુસ્સામાં કાકે મુઠ્ઠીઓ વાળી નખ હાથમાં ખોસી દીધા. મંજરીએ ધીમેથી ઉમેર્યું: "તે ધારે છે કે અસાધ્ય વસ્તુ પણ તમે સાધ્ય કરો એમ છે."

"તમે ક્યાં મુઆં છો?"

"કોઈ કુવાની નીચે છીએ. અમારી જાળીઓ તેમાં પડે છે."

"એમ?" નિરાશામાં કાકે પુછ્યું, "પણ તે જણાય કેમ? વિમલ મહેતાની વાવને તો સાત કુવા છે."

"અમે જાળીમાંથી વાતો કરી ગોંધાટ કરીએ છીએ. એટલે તે જરૂર જડવાનો."

"ઠીક. કાલે વાત. મંજરી તું નહિ જ માને? કીર્તિદેવની કાલે વાત. એ ક્યાં જાણવાનો હતો કે અત્યારે તને હું લઇ જાઉં છું."

"પણ આ પક્ષપાતથી મને લાંછન કેટલું લાગે" તેણે ગૌરવથી કહ્યું.

"તને?"

"હા, ભુલી ગયા? તેણે તિરસ્કારથી કહ્યું. અમિદેવે મને તમારી સહધર્મચારિણી બનાવી છે."

" ઠીક. ત્યારે હું જાઉં છું." ચીડાઈ કાકે કહ્યું.

" વારૂ."

કાક ઝપાટાબંધ બહાર નીકળી ગયો. આ દેવાંગના હતી કે ડાકણ તેનો નિર્ણય કરવા તે આ વખતે અશક્ત હતો. બહાર નીકળી, ધીમે અવાજે સુરપાળને કાક "જય સોમનાથ" કહી ચાલ્યો ગયો. આ નવા પ્રકારનો જયજય સુરપાલને અપરિચિત લાગ્યો, પણ તેને કાંઈ વહેમ પડ્યો નહિ. બહાર નીકળ્યા પછી, કાક અને રૂદ્રમલ્લ ઉદાને ઘસડી થોડે દૂર લઈ ગયા. ત્યાં બે ઘોડા તૈયાર હતા તેમાંથી એક પર તેને બાંધી રૂદ્રમલ્લ બીજાપર સ્વાર થયો, અને કાકની સુચનાને આધીન થઈ બન્ને ઘોડાઓ તેણે દક્ષિસ્થલી તરફ હાંકી મુકયા.

## પ્રકરણ ૧૭ મું.

## કર્કસૂરિની વૃદ્ધ હરણીની વાર્તા.

જે સોરઠી દિગમ્બરી સાધુને મળવા મીનળદેવી ગયાં હતાં તે હાડકાંના માળા સમો, કદરૂપી મુખમુદ્રાનો પુરૂષ હતો. તેની આંખો સદાયે અડધી મીચાયેલી રહેતી; અને તેમાં રહેલાં ઉંડાણનો પાર કોઈ પામી શકતું નહિ.

મીનળદેવી અને તેનો સાથ તેને મળીને ગયાં અને આવેલા લોકો વિખરાઇ ગયા. માત્ર એક બે રક્ષાખડ્ગા પુરૂષો જ સૂરિની પાસે રહ્યા હતા, એટલામાં એક નોકર જેવો લાગતો પુરૂષ કોઈ ન ઓળખી શકે એમ મોઢું બાંધીને ત્યાં આવ્યો, તેને પગે પડ્યો અને સૂરિને સોરઠના ક્ષેમકુશળ પુછ્યા.

" કેમ છે ?" તેણે ધીમેથી પુછ્યું. કર્કસૂરિની તીક્ષ્ણ નજર તેનાપર ફરી રહી. તે એક અક્ષર બોલ્યા નહિ.

" રૂપાંબા મીનળના જોડે આપને મળી ગયાં, પણ તે સોરઠના સમાચાર પુછી શક્યાં નહિ. તેણે ખબર પુછાવી છે" પેલા નોકરે પુછ્યું

રૂપાંદેવી દ્વેશળ ને વિશળની મા અને જુનાગઢના રા'નવઘણની પુત્રી થતાં હતાં.

"ખબર શું? બધું ક્ષેમકુશળ છે" કર્કસૂરિએ મોટેથી કહ્યું અને પછી ધીમે ધીમે શબ્દો ઉચ્ચારવા માંડ્યા. "આ ક્ષણભંગુર સંસારમાં ક્ષેમ અને કુશળ શું. એક દૃષ્ટાંત છે. એક અમારે ત્યાં હરણી હતી–હતી શું છે–એ વાત જાણવાજેવી છે." પેલા નોકરના કપાળ પર અધિરાઇની કરચલી પડી.

"ઓ!" કહી સૂરિની વાણી સાંભળવા ત્યાં બેઠેલા બધાએ ધ્યાન દેવા માંડ્યું.

"તે હરણીને બે પ્રતાપી બચ્ચાં–તેમાં એક હરણી અને બીજું હરણ; બાકીનાં બધાં નમાલાં–એવાં જ." પેલા નોકરે વાત સાંભળવા માંડી.

"તે હરણી પડી માંદી–જુઓ આ સંસારની ખુબી–મરવા પડી; મરતાં મરતાં પોતાનાં બાલકો સાંભર્યાં. બધાં હતાં તેની પાસે માત્ર ન મળે પેલાં પ્રતાપી બચ્ચાં–પેલી હરણી અને હરણ."

"અરરર" પેલા નોકરે સૂરિની સામું જોઈ કહ્યું.

"હા–શોચવા જેવી વાત. ધરડી હરણી તરફડીયાં મારતી હતી એવે સમયે ત્યાં એક વીતરાગ સાધુ જઈ ચઢ્યો–એક મહાન દિગમ્બરી" કહી કર્કસૂરિએ પહેલી વાર આંખો પુરી ઉઘાડી પેલા નોકર સામું જોયું.

"ઓહો" કહી એક ભાવિક દિગમ્બરી શ્રોતાજને ઉંચું જોયું.

"તેને હરણીએ કહ્યું 'મહારાજ! ગમે ત્યાંથી મારાં છોરૂ લાવો. મારો પ્રાણ જતો નથી.' સૂરિએ કહ્યું આ લાવ્યો."

"પછી?" પેલા નોકરે પુછ્યું.

"સાધુ મહારાજ પવન પાવડીએ ચડી પૃથ્વીની પ્રદક્ષિણા કરી આવ્યા પણ પેલાં છોકરાં મળ્યાં નહિ. જુઓ, પેલી તરફ હરણી તરફડે–આમ પેલાં બચ્ચાં ગમે ત્યાં રખડે. આ દુનિયાની ક્ષેમકુશળતાનું દૃષ્ટાંત."

"પણ મહારાજ! એ બચ્ચાં કઈ દિશામાં ગયાં તેની કાંઈ માહીતી નહિ મળી?" પેલા નોકરે પુછ્યું.

"તે તો મળી."

"ત્યારે સાધુ મહારાજને પત્તો કેમ નહિ મળ્યો?"

"પત્તો મળે તોયે શું? પોતાના સ્વચ્છંદમાં પડેલાં છોકરાં કાંઈ ઘરડાં માવિત્રની દરકાર કરે? એકલું હરણ પણ જાય તો પેલી ઘરડી હરણીનો જીવ ગતે જાય."

"ત્યારે મહારાજ પછી શું થયું?"

"પછી શું? કાંઈ નહિ. જા અલ્યા કહેજે તારાં શેઠાણીને આ સોરઠી હરણીની વાત. આ દુનિયામાં ક્ષેમ શું અને કુશળ શું? આ વાત કહેજે. મને મળ્યે શું ફાયદો?"

પેલો નોકર આ વાત સાંભળી ચાલ્યો ગયો; અને બધા વિખેરાઈ ગયા.

## પ્રકરણ ૧૮ મું

## વૃદ્ધ હરણીના બચ્ચાંની કથા.

બીજે દિવસે પરોઢીયે સોમ તેના હંમેશના શિરસ્તા મુજબ પોતાની વાડીમાં પેલા નાના જલકુંડ આગળ ફૂલ વીણતી હતી. તેના હૃદયમાં ગ્લાની હતી. કારણ કે તેના બાલજીવનમાં કૃષ્ણદેવ જતે નિરાશા પ્રસરી રહી હતી.

એકદમ તેની પાછળનાં ઝાડ હાલ્યાં. તે ચમકી, પાછી ફરી. હાથવતી ઝાડ આઘાં કરી કૃષ્ણદેવ સામે આવી ઉભો. તેનું મોહું હસતું હતું, તેની આંખો ચમકતી હતી. પરોઢીયાના મીઠા ઉજાસમાં તે સાક્ષાત્ શ્રીકૃષ્ણ જેવો જ લાગતો.

"ખેંગાર"—

"હા, તે જ. ખેંગાર યાદવ—"

સોમે જવા માંડયું "સોમ!" ખેંગારે કહ્યું.

"કેમ?" સખ્તાઈથી સોમે પુછ્યું.

"હું છેલ્લી વાર તારાં દર્શન કરવા આવ્યો છું. હું આજે પાટણ છોડી જવાનો છું."

"મેં જાણ્યું કે ગયા હશો." તેણે આડાં ફરતાં કહ્યું.

"તું અહિયાં ને હું કેમ જાઉં?"

"મારે ને તમારે શું?"

"બધું જ. તું નહિ માને?"

"ના. મેં એકવાર કહ્યું–પાટણનો દુશ્મન તે મારો પણ."

"પણ પાટણનો હું દુશ્મન કયાં છું?"

"તમારી સાત પેઢી છે."

"ભલે હોય. હું નથી. કારણ કે મારૂં મન–"

સોમે ઉંચું જોયું.

"તારા ચરણ સેવવા તલસ્યા કરે છે" હિંમતથી હસી બેંગારે કહ્યું.

"એ વાત તમારે કરવી નહિ."

"એ શિવાય મારે બીજી કરવી નથી. આ ભવે સોમ–આવતે ભવે સોમનાથ—એ બે મારા બેલી."

સોમને હસ્યા વિના ચાલ્યું નહિ.

"ખરી વાત. તું મને ઓળખતી નથી. તું નહિ માને તો હું પાટણને પાધર કરીશ–સજ્જન મહેતાને પકડીશ–તેની છોકરીને પટ્ટરાણી બનાવીશ પછી મને કોણ રોકવાની હિંમત કરશે."

"આ બધી વાતો નથી સાંભળવી" કહી સોમે કાને હાથ દીધા.

"પણ મારે કહેવી છે. તું માનશે તો તારૂં પિયર તે મારૂં સાસરૂં ગણી હું પાટણ સાથે સંધી કરીશ."

"નહિ તો?"

"તું મને ઓળખતી નથી. યાદવાસ્થલી કરાવી તે જ શ્રી કૃષ્ણ મારા પૂર્વજ."

સોમને કંપારી આવી. તેણે ચિત્ત સ્વસ્થ કરી કહ્યું "આ તમારા તડાકાથી હું થાકી ગઈ."

"તડાકા કેમ?"

"તમારા હાથમાં એ બધી સત્તા જ કેમ આવવાની?"

"કારણ કે જુનાગઢની ગાદીનો માલીક હું થવાનો."

"હું—" તિરસ્કારમાં સોમે કહ્યું.

"હા–મારા પિતા મરવા પડ્યા છે."

"કોણ રા'!" ચમકીને સોમે કહ્યું. "કેમ જાણ્યું?"

"તેણે મને એક સોરઠના સૂરિ જોડે સંદેશો મોકલી બોલાવ્યો છે– મને ગાદી આપવાનો તેનો વિચાર છે."

"તે કેમ બને?" સોમે વિસ્મય પામી પુછ્યું.

"મારા મોટા ભાઇઓમાં પાણી નથી. તેથી મારા પિતા મને જ ગાદી આપશે." ખાત્રીથી ખેંગારે કહ્યું. સોમની આંખમાં જરાક મીઠાશ આવી; ખેંગારે તરત તેનો હાથ પકડ્યો.

"સોમ! તું જુનાગઢની પટ્ટરાણી થશે."

"છોડી દો!" કહી સોમે તેનો હાથ તરછોડી નાખ્યો." "મારે ને જુનાગઢને શું?"

"વાહ!" હસીને ખેંગારે કહ્યું. "જુનાગઢ માડું એટલે તાડું પણ ખરું ને? જુનાગઢ ને પાટણ એ બે સંબંધ બાંધે તો સારું કે નહિ?"

"જોઇશ" સોમે જવાની ઇચ્છા દર્શાવી કહ્યું.

"ઠીક. હું રાતે આવીશ અને રાતે આપણે પાટણ છોડીશું."

સોમે જવાબ નહિ દીધો.

"હું પેલી બારી આગળ વાટ જોઇશ."

"ના."

"ના શું? હા જરૂર. ગામ ભલે જુદાં હોય; હૈયાં કયાં જુદાં છે?" કહી ખેંગાર ત્યાંથી કુદીને, ઝાડીમાં થઇ જતો રહ્યો. વિચારના વમળમાં ગભરાઇ ગયેલી સોમ ત્યાં પત્થર જેવી બની ઉભી રહી. તેના અસ્વસ્થ બનેલા મગજ આગળ જુનાગઢની ગાદી રમી રહી. તેનું ભોળું પ્રેમાળ હૃદય ખેંગાર પાછળ ગયું–તરત પાછું આવી ન શકયું.

* * * * *

આ વાતને ઘડી બે ઘડી થઇ ને કર્કસૂરિ ઉતર્યા હતા ત્યાં પેલો રૂપાંદેવીનો નોકર જે ગઇ રાત્રે આવ્યો હતો તે આવ્યો, અને સૂરિને પગે પડ્યો. તે વખતે પણ સૂરિની પાસે બે ત્રણ જણ બેઠા હતા.

"મહારાજ! રૂપાંબાને મેં આપની હરિણીની વાત કહી."

"વારૂ ?"

"તેનો જવાબ કહાવ્યો છે."

"શો ?"

"રાતના બાને સ્વપ્નું આવ્યું કે જાણે પેલી તરફડતી હરણીને મળવા તેનું એક બચ્ચું જઈ પહોંચ્યું."

"કયું ? હરણી કે હરણ."

"હરણી તો પોતાની જંજાલમાં હતી, પણ હરણ સફાળું સોરઠ ભણી ચાલ્યું. અને વૃદ્ધ હરણીનો જીવ ગતે ગયો."

"રૂપાદેવીને કહેજો કે આ સ્વપ્નું બહુ શુભસૂચક છે. હરણું જાય એ યોગ્યજ છે. આવી વખતે તેને બીજે શું કામ ? જા ખેંગાર ! બાને જઈને કહેજે કે મારા આશીર્વાદ."

પોતાનું નામ સાંભળી પેલો નોકર ચમકયો; પોતાનું મોઢું વધારે છુપાવવા મોઢે હાથ મુકી ખાંસી ખાવા લાગ્યો. કર્કસૂરિએ તેને આશીર્વાદ દીધો અને તે નોકરે ત્યાંથી ઉઠી ચાલવા માંડ્યું.

## પ્રકરણ ૧૯ મું.

### પાટણનું પરદેશખાતું.

સવારના ઉઠી કાકે મંજરીને છોડવવાની વેત્રણ કરવા માંડી. પહેલાં તે વિમળ મહેતાની વાવ આગળ જઈ, મંજરીએ કહ્યો હતો તે કુવો પારખી આવ્યો; તેમાં ઉતરવા માટે જોઈએ એટલું દોરડું ત્યાં સાંજના પહોંચી જાય તેની ગોઠવણ કરી; અને પછી તેણે મંજરીને અમાવાસ્યાને દિવસે જુનાગઢ લઈ જવાનું વચન આપ્યું હતું તે પાળવાની તૈયારી કરવા માંડી. તે રાતે પાટણ છોડવાનો પોતાનો ઇરાદો મંડલેશ્વરને દેખાડ્યો.

મંડલેશ્વર ચકિત થયા અને આનાકાની કરવા લાગ્યા.

"પણ મહારાજ ! મંજરી આંખ આગળથી અદૃશ્ય થશે નહિ ત્યાં સુધી ઉદો જંપીને બેસવા દેવાનો નથી. એ રીતે મંજરીને પણ દાદાને મળવાને હોંસ છે તે પુરી પડશે. માટે જવા દો." કાકે કહ્યું.

"પણ રસ્તે શું થશે?"

"કાંઇ નહિ? હું છુંને. સાથે પાંચ દશ માણસ લઇ જઇશ."

"પણ મહિનામાં તું પાછો ફરે ત્યારે."

"જરૂર. મારે ત્યાં શું કામ છે?"

"પણ મામાની રજા લીધી?"

"મુંજાલ મહેતાની રજા લેવા હું આ ચાલ્યો." કહી તે રાજગઢ આવ્યો.

જયદેવ મહારાજ હતા નહિ એટલે તે મુંજાલ મહેતાને મારોબાર મળવા ગયો. પણ તેની સાથે કેાઇ ખાનગી મસલત ચલાવવું હતું એટલે થોડો વખત તેને ઉભા રહેવું પડ્યું. આખરે મહાઅમાત્ય બેઠા હતા તે ખંડમાંથી એક ધૂળેટો સ્વાર બહાર નીકળ્યો. તે માણસ ઘણી લાંબી મુસાફરી કરીને આવ્યો હોય એમ લાગતું હતું. પણ કાક પોતાના વિચારોમાં એવો ગુંથાયેલો હતો કે તેણે તેના સામે પણ જોયું નહિ; અને જ્યારે મુંજાલના માણસ તેને કહેવા આવ્યો ત્યારે જ તે આસપાસ નજર કરી, સ્વસ્થ બની અંદર ગયો.

"કેમ ભટ્ટરાજ! હમણાં કાંઇ દેખાતા નથી" મુંજાલમહેતાએ હસીને ટોળમાં પુછ્યું.

"દરરોજ આપની સેવામાં હાજર થાઉં છું ને?"

"વાહ બોલો! કેમ?"

"આપની પાસે એક યાચના કરવા આવ્યો છું."

"શી? બોલો ખુશીથી" કાક મુંજાલમહેતાની મીઠાશ જોઇ વિસ્મય પામ્યો.

"મારે મહિનાની રજા જોઇએ છે."

"રજા!" જરા વિસ્મય પામી મહાઅમાત્યે પુછ્યું. "પાટણમાં શું ખોટ છે? એટલામાં લાટ સાંભર્યું?"

"ના! મહારાજ."

"ત્યારે?"

"મારે જરા કામ છે" કાક ખંચાતાં બોલ્યો.

"એવું શું છે?" ઘણાજ હેતભર્યા હાસ્યથી મુંજાલે પુછ્યું.

"મારી સ્ત્રીને તેને મોસાળ મુકી આવવી છે" મુંજાલ તે રાતની વાત સંભારે છે કે નહિ તે જોવા કાક બોલ્યો.

"હમણાં રજા નહિ મળે. મારે તમારૂં ઘણું કામ છે" તટસ્થતાથી અમાત્યે કહ્યું.

"મહારાજ બનતી ઉતાવળે હું પાછો આવીશ."

"પણ અહિયાં મારૂં કામ રખડે તે?" મુંજાલે પુછયું.

"મહારાજ!—"

"અરે હા—" મુંજાલને કાંઇ યાદ આવતાં તેણે કહ્યું.

"શું જી?" કાકે પુછ્યું.

"તમે તો કવિકુલશિરોમણીની છોકરી પરણ્યા છો નહિ?"

કાકે ડોકાં વતે હા કહી.

"ત્યારે તો તેનું મોશાળ જુનાગઢ."

"હા જી."

"ચાલો. એક પંથ અને બે કાજ. મારે પણ તમને જુનાગઢ જ મોકલવાના છે."

"જુનાગઢ!"

"હા. અને એ કામ કાકભટ્ટ શિવાય બીજું કોઇ કરી શકે એવું નથી. તમે આવ્યા ત્યારે હું તમારો જ વિચાર કરતો હતો." કાક જરાક હસ્યો અને જોઇ રહ્યો. હવે તેને મુંજાલમહેતાની મીઠાશનું કારણ જડ્યું.

"તમે રા'ને ઓળખો છો?"

"જી. હા."

"તેનો છોકરો અહિયાં છે." કાક સ્વાસ્થ્યથી જોઇ રહ્યો—"તે તમારો દોસ્તદાર—નહિ?"

"જી હા!" કાકે હિંમતથી મંત્રીને કહ્યું. "તે દિવસે આપણે સજ્જન-મહેતાની વાડીમાં હતા ત્યાં જ એને ઓળખ્યો."

"તે પહેલાં તમે એને પારખ્યો નહોતો?"

"શંકા હતી—ખાત્રી નહોતી પડતી."

"ત્યારે મને કેમ નહિ કહ્યું?"

"આપે મને પુછ્યું નહિ તેમાં."

મુંજાલ હસ્યો "કાકભટ્ટ! તમે ભયંકર માણસ છો,"

"સાથે વિશ્વાસપાત્ર પણ છું." કાકે હસીને કહ્યું.

"વારૂ," મુંજાલે ગાંભીર્યથી પુછ્યું "એ ખેંગારનું શું થયું?"

"તે દિવસે રાત પછી તે અદૃષ્ટ થઇ ગયો છે."

"હું-તેને અહિયાંજ રાખવો છે. અને તમારે જુનાગઢ જવાનું છે."

"જેવી આજ્ઞા."

"રા' મરવા પડ્યો છે. તેને કેટલા છોકરા છે તે ખબર છે?"

"જી, હા. રાયધણ, શેરસિંહ, ચુડચંદ્ર ને ખેંગાર."

"આપણે અહિયાં નાનો આવ્યો હતો? નહિ?"

"જી. હા! ખેંગાર." અજાણપણાનો ડોળ કરતા મંત્રી તરફ હસીને કાકે કહ્યું.

"ઠીક. એમાં નવઘણનો વ્હાલો છોકરો ખેંગાર છે. તે એને ગાદી આપવા માગે છે. પણ આપણી રાજ્યનીતિ ન્યાયી છે—મોટા દીકરા રાયધણને ગાદી મળવી જોઇએ." ધીમે ધીમે મુંજાલે કહ્યું.

"જી."

"કોઇ પણ પ્રકારે ચુડચંદ્ર કે ખેંગારને ગાદી ન મળે એ જોવાનું છે."

"જી."

"નહિ તો પછી આપણે મોટાનો પક્ષ લઇ બીજા સાથે લડ્યા વિના છુટકો નથી."

"જેવી આજ્ઞા."

"પરશુરામને હું એક દૂત જોડે સંદેશો કહાવું છું. તે બનતી મદદ કરશે; પણ આમાં માત્ર શૌર્યનું કામ નથી. કામ માથે લેનારો શૂરો પણ જોઇએ અને મુત્સદ્દીપણ જોઇએ."

"મારાથી બનતું કરીશ."

"બસ મારે એટલુંજ જોઇએ છે. કયારે નીકળશો?"

"કાલ સવાર પછી—આપ કહો ત્યારે."

મુંજાલ આ હિંમતવાન જુવાનીયા તરફ જોઇ રહ્યો. "ઠીક. કાલે પરોઢીયે નીકળજો. સાથે કેટલાં માણસ જોઇશે?"

"કાંઇ જરૂર નથી. મેં આઠ દશ મારે માટે લીધાં છે તે પુરતાં છે. હું વધારે માણસ લઇ જાઉં તો કામ બગડે."

"વારૂ. સાંજના મને મળજો. બીજું કાંઇ હશે તો કહીશ."

## પ્રકરણ ૨૦ મું.

### કાકને લાગે છે કે કીર્તિદેવ ગાંડો થઇ ગયો છે.

મુંજાલે આ કામ તેને સોંપ્યું તેથી એક રીતે કાક ખુશી થયો. મંજરીને મોસાળ મુકવા જવું એ એને નાનમભર્યું લાગતું હતું. આ કામથી હવે તે નાનમ જતી રહી અને ગર્વિષ્ઠ સ્ત્રીની સાથે ગર્વભેર તે જઇ શકશે એમ લાગ્યું. મંજરીના ગર્વને પણ અલ્પતા પમાડે એવો ગર્વ પોતે ધારવા તેણે નિશ્ચય કર્યો હતો; અને તે ગર્વ સકારણ છે એમ પુરવાર કરવા માટે જ તે કીર્તિદેવ જેવા રાજ્યકેદીને છોડાવવા તત્પર થયો હતો. છતાં મંજરીના ગર્વમાં રહેલી ભવ્યતા તે જોઇ શકતો હતો, અને તેને લીધે મંજરી તરફ તેનું માન વધતું જતું હતું. આ ઉપરાંત તે એ નિરીક્ષણ પણ કરી શકતો હતો કે મંજરી જેવી શુદ્ધ, ભાવનાશાલી સ્ત્રીના આદર્શો પુરા પાડવાને તે જે મથન કર્યા કરતો હતો તેનાથી તેનાં પોતાના ચારિત્ર્ય અને પરાક્રમ અદ્‌ભુત થતાં જતાં હતાં.

તે સાંજ પડતાં મુંજાલ મહેતાને મળી, છેલ્લા બે શબ્દ શિખામણના સાંભળી મુંજાલેશ્વરના ભોંયરામાં થઇ, વાવ પર આવ્યો. ત્યાં નક્કી કરી રાખેલી જગ્યાએ લાટના બે ઘોડાઓ કુંભારને વેશે બે ગધેડાં પર દોરડાં ભરી ઉભા હતા. થોડે દૂર, સંકેત પ્રમાણે કીર્તિદેવને સારૂ આણેલા એક પવનવેગી ઘોડાને ઝાડે બાંધી રાખ્યો હતો.

કાકે ઝપાટાબંધ બે દોરડાં કઢાવ્યાં અને તેને પેલા કુવામાં નાખ્યાં. તેમાંથી એક દોરડું કેડે બાંધી, બીજે દોરડે સરતો સરતો તે નીચે ઉતર્યો.

તે જેમ નીચે નીચે ઉતર્યો, તેમ શ્લોકના શબ્દોના પડઘા તેના કાને પડ્યા; અને તે પડઘામાં તેણે મંજરીનો અવાજ પારખ્યો.

તેને જેવું લાગ્યું કે તે ઉતરતો ઉતરતો જળીઓ સુધી આવી લાગ્યો કે તેણે ચકમક ઘસી, રૂનો કાકડો ચેતાવ્યો. અપરિચિત પ્રકાશથી ગભરાઈ ઊઠેલા જીવજન્તુ ને પંખીઓનો ખળભળાટ ત્યાં થઈ રહ્યો; થોડેક દૂર કુવાની ભીંતપર એક મોટા સાપને ગભરામણમાં જીભ કાઢતો જોયો. જાણે પોતે નરકમાં સંદેહે આવ્યો હોય એમ તેને લાગ્યું.

તે દોરડું હલાવતો, ઉપરના ઝાલી રાખનારને દિશા બદલવાની સૂચના આપતો, આખરે ચેલી જળીઓ પાસે ગયો.

મંજરીની આંખમાં હર્ષનાં આંસુ આવ્યાં.

"આવ્યા?" તે ઉમળકાભરી બોલી ઉઠી.

"હા." ઠંડે પેટે કાકે જવાબ આપ્યો.

"કીર્તિદેવજી!"

"કાક! વયસ્ય! તું! સાબાશ" બીજી જળીમાંથી કીર્તિદેવ બોલી ઉઠ્યો.

"કેમ જળી જબરી છે કે?"

"ના. મેં ઢીલી કરી મુકી છે. પણ કાક! હમણાં હું આવી શું કરું"

"કેમ?"

"આજે વદ ચૌદશ છે."

"હા" એકદમ સ્મરણ થતાં કાકે કહ્યું. "કાળભૈરવ—"

"હા. તેણે આજે મધરાતે આપણને બોલાવ્યા છે."

"હા. ચાલો આપણે અહિયાંથી ત્યાં જઈએ."

"અને રસ્તે પકડાઈ જઉં તો?"

"તો ભોળાનાથની મરજી."

"એટલે મારૂં તો મૃત્યુ જ થાય."

"હારતો."

"અને તે મારો પિતા કોણ છે તે જાણ્યા વિના—" કીર્તિદેવે સખેદ ડોકું ધુણાવ્યું. "કાક! ભાઈ! મને એ ત્રાસ સદાએ થયા કરે છે."

"શું ?"

"કે મારો બાપ જાણ્યા વિના જ હું મરી જવાનો. આવું થાય તો એ ત્રાસ ખરો ફરે" નિરાશાભર્યા અવાજે માલવી યોદ્ધાએ કહ્યું. કાકે દાંત કચકચાવ્યા, અને પુછ્યું, "ત્યારે શું કરવું ?"

"તમે જઈ કાળભૈરવને પુછીને પાછા આવો." કીર્તિદેવે શાંતિ-થી કહ્યું.

કાકનો મીજાજ ગયો. "તમને કાંઈ ભાન છે ? આમ તમને છોડવા એ કાંઈ હસવાનો ખેલ છે ? આ બીજી વખત ઘેર આવેલી ગંગા પાછી ઠેલો છો."

"પ્રારબ્ધમાં હશે તો જરૂર છુટીશું. જે તમે હમણાં કર્યું, તે જરૂર મધરાત પછી કરી શકશો." કીર્તિદેવે પત્થરને પીગળાવે એવા અવાજે કહ્યું. કોના તરફ મિજાજ કાઢવો તે નહિ સુઝતાં મનમાં કાકે કીર્તિદેવને બે ચાર ગાળો દીધી.

કીર્તિદેવ તેનું કુળ શોધવા કેટલો આતુર હતો તે કાક જાણતો હતો; અને તે માલવી યોદ્ધા માટે તેને એટલું માન હતું કે તેનું હૃદય દુઃખાવવા તેનો જીવ ચાલ્યો નહિ. તે મંજરીની જાળી તરફ ફર્યો.

"મંજરી! તું ચાલે છે ?"

"કેમ તમે કાળભૈરવ પાસે જઇને પાછા આવો છો ને ? ત્યારે."

"ને પાછો નહિ આવ્યો તો ?"

"વૈધવ્ય મળ્યા પછી—આ સ્થળ કે બીજું સ્થળ તેની શી પરવા ?"

એક શબ્દ પણ બોલ્યા વિના કાકે સંકેત પ્રમાણે પોતાની કેડે બાંધેલું દોરડું હલાવ્યું; અને ઉપર ઉભેલા પેલા બે પુરૂષોએ તેને ખેંચી લીધો.

"મંજરીએ કહેલા છેલ્લા શબ્દોથી કાકનો નિશ્ચય એકદમ થઈ ગયો હતો. "વૈધવ્ય" શબ્દથી મંજરીએ જો કાક જીવતો રહે તો જરૂર આવે એવી તેનામાં નિશ્ચલ શ્રદ્ધાનું સૂચન કર્યું હતું; અને આ શ્રદ્ધાથી કાક તાબે થયો હતો. આટલું કર્યા છતાં પણ અણુમણુતાં મંજરીની સત્તા તેનાપર તેવી ને તેવી જ જામેલી હતી.

કાક ઉપર ગયો ત્યારે પેલા બે યોદ્ધાઓએ ચકિત થઈ પુછ્યું "કયાં છે ?"

"બધાં ગાંડાં છે. હજુ આપણી મહેનત પુરી થઈ નથી. હું બે ત્રણ ઘડીમાં પાછો આવું છું. ત્યાં સુધી તમે નીરાંતે બેસો."

"આ રાતે" એકે પુછવાની હિમત કરી.

"સોમભટ્ટ! હિંમત ન ચાલે તો પાછા જવા માંડો" સખ્તાઇથી કાકે કહ્યું.

"ના–ના–ના બાપુ! હું તો તમારે માટે પુછું છું."

"ગાંડા! મારે માથે ઓંકારેશ્વર* ભગવાન છે-"

"જી."

"જો જો. બસતા—"

"નારે."

"કાક ત્યાંથી ગયો, થોડે દૂર બાંધેલા ઘોડા પલાણ્યો, અને હિંગ-જાજ ચાચરને ઓવારે કાળભૈરવને કીર્તિદેવનું કુળ પુછવા નીકળ્યો."

## પ્રકરણ ૨૧ મું.
## શ્રીમાલી દરવાજો.

કાક કીર્તિદેવ અને મંજરીને છોડાવવા મથતો હતો તે વખત મુંજાલ મહેતા વિહારી સાથે બાનગીમાં બેઠા હતા.

"બાપુ! મને કાક સમજતો નથી."

"મને સમજાય છે તો. આજે શું કર્યું?"

"એ બધા પક્ષમાં ઘુસે છે."

"વારૂ પછી. આજે શું કર્યું?" મુંજાલે અધીરાઇથી પુછ્યું.

"સવારે એ ગામ બહાર જઈ આવ્યો; પછી આપની પાસે આવ્યો. પછી એક લાટના ચોહ્રા પાસે શું મંગાવ્યું તે બબર છે?"

"શું?"

"બાપુ! બસેં બસેં હાથનાં બે દોરડાં–"

* રેવા તીરે પવીત્ર મનાતું એક શીવનું લિંગ.

"વારૂ."

"તે મંડલેશ્વર મહારાજને ત્યાં મોકલાવ્યાં."

"પછી."

"પછી બે કુંભારો ગધેડાં લઇ આવ્યા."

મુંજાલ મહેતા ખડખડ હસી પડયા.

"મૂર્ખા! વળી વાતમાં ગધેડાં કયાંથી આવ્યાં? આજે તને શું થયું છે?"

"બાપુ! કાંઇ નહિ, પણ કાંઇ સમજ પડતી નથી."

"પછી."

"તે ગધેડાં મંડલેશ્વર મહારાજને પાછલે બારણેથી ભાર ભરી નીકળ્યાં અને સંધ્યાકાળે શ્રીમાલી દરવાજેથી બહાર ગયાં."

"પછી પાછાં કયારે આવ્યાં?" હસીને મુંજાલે પુછયું.

"હજુ આવ્યાં જ નથી. ને દરવાજા બંધ થઈ ગયા."

"વારૂ? ગધેડાંની વાત પુરી થઈ. હવે કાંઈ રહી છે?"

"પછી ધોડા પર બેસી એક લાટનો યોદ્ધો મંડલેશ્વર મહારાજના વાડામાંથી નીકળ્યો. જતાં જતાં તે સવારને કાંઈ કાનમાં કહ્યું."

"પછી?"

"પછી આપને મળી એ મુંજાલેશ્વર મહાદેવમાં ગયો."

"બીજું કાંઇ?" કંટાળી મહામાત્યે પુછયું.

"હજુ તેમાંથી પાછો આવ્યો નથી." મંત્રી બેકદર લાગવાથી ઉઠવાની તૈયારી કરતો વિહારી બોલ્યો.

"શું કહે છે?"

"ને મંદિરમાં પણ નથી." છેલ્લું બાણ ફેંકી વિહારી ઉઠયો.

"વિહારી!" જરા ધ્યાન દઈ મુંજાલે પુછયું. "તેને ગયે કેટલો વખત થયો?"

"પાંચ સાત ઘડી થઈ હશે." પોતાની બાહોશીપર મલકાતો વિહારી બોલ્યો.

"તે ત્યાં પહેલાં જતો હતો?"

"ના. એક બે વખત સાંજના પાસેના પેલા જુના અપાસરામાં જતો હતો. હું નહોતો–"મુંજલની એકાગ્ર દૃષ્ટિપાત જોઈ તે મુગો રહ્યો.

"કાક સવારે ગામ બહાર કયાં ગયો હતો?" મંત્રીએ પુછ્યું.

"કોણ જાણે. પણ તે પણ શ્રીમાલી દરવાજેથી."

"અંહ. વારૂ પેલાં ગધેડાંની ગુણોમાં શું હતું.

"મને પેલાં દોરડાં લાગ્યાં."

"ઘોડો કેવો હતો?"

"જબરો પાણીપંથો."

"ઠીક જા. બીજું કાંઈ?"

"કાંઈ નહિ બાપુ" કહી પોતાના સંશયો પર મુંજલે આટલું વજન મુકયાથી મલકાતો વિહારી બહાર ગયો પાંચ દશ પળ મુંજલે એકાગ્રતાથી, ભોંયપર નજર ટેકવી વિચાર કર્યો. વિહારીની ધ્યાનપૂર્વક જોવાની શક્તિમાં તેને વિશ્વાસ હતો.

"દોરડું-શ્રીમાલી દરવાજે-મુંજલેશ્વર મહાદેવ;-આ છોકરો ભયંકર છે."

એકદમ મુંજલને એક વિચાર આવ્યો. તેના ડોળા ચળકી ઉઠ્યા–તેના કપાળપર ક્રોધ આવ્યો. તેણે હાથપર હાથ પછાડ્યો. તે "હવે સમજ્યો." કહી ઉભો થઇ ગયો.

"બહાર કોઇ છે!" એક અનુચર આવ્યો "જા મારૂં ખડ્ગ ને જમૈયો લઇ આવ."

"જી."

"સાથે વક્ષસ્ત્રાણ પણ લાવજે."

દશ પળમાં મહાઅમાત્ય શસ્ત્ર સજી છાનામાના રાજગઢની એક નાની બારીએથી બહાર પડ્યા અને ઝપાટાબંધ શ્રીમાલી દરવાજે ગયા.

"રેવાદત્ત!"

દરવાન ચમકી જોઈ રહ્યો "કોણ ભાઇ!"

"બારી ઉઘાડ" સત્તાથી મુંજલે કહ્યું.

"નહિ ઉઘડે. હવે બંધ થઇ ગઇ."

"કોને કહે છે તે ખબર છે? તારી મશાલ લાવ." દરવાન આટલી સત્તાથી આ માણસને બોલતો જોઇ, ગભરાતો મશાલ લઇ આવ્યો.

"કોણ છો મહારાજ?"

જેવી મશાલ આવી એટલે મુંજાલમહેતાએ મોઢાપરની બુકાની કાઢી નાંખી. તેને જોતાં જ દરવાન ગભરાઇ પાછો હઠ્યો. "મહારાજ!"

"હા. ચાલ બારી ઉઘાડ. રેવાદત્ત! અહિયાંથી સાંજના બે ગધેડાં જતાં જોયાં હતાં કે?"

"હા. મહારાજ."

"તે પાછાં ફર્યાં?"

"ના અન્નદાતા!" કહી બને તેટલો અવાજ કરી, તેણે બારી ઉઘાડી અને પહેલાં મશાલ આગળ ધરી.

જેને થોડી વખત પર જ લાંચ લઇ રેવાદત્તે કોટ બહાર જવા દીધા હતા તે માણસોને ચેતવવા તેણે મશાલ આગળ કરી. કોટની બહાર થોડે દૂર ઉભેલાં પેલાં બે માણસો મશાલ જોઇ ગભરાયાં અને તરત કોટની પાસે એક ઝાડને ઓથે ભરાઇ ગયાં.

રેવાદત્ત! વખત છે ને હમણાં હું પાછો ફરું. જાગતો રહેજે."

"જેવી આજ્ઞા."

મશાલનું તેજ મુંજાલના મોઢા પર પડતું હતું. જે પેલાં બે માણસો ઝાડને ઓથે ભરાયાં હતાં તેણે પણ મહાઅમાત્યને ઓળખ્યો, અને બેમાંથી જે ઉંચો હતો તેણે બીજાનો હાથ દાબ્યો.

"સોમ! જોયો કે?"

"હા. એ કયાંથી અત્યારે અહિયાં? આપણને પકડવા તો નહિ આવ્યા હોય?"

"ગાંડી થઇ છે?" બેંગારે સોમનો હાથ દાબી કહ્યું "મુંજાલમહેતાને તારી શી પરવા પડી છે?"

"હા. મને હવે યાદ આવ્યું." એકદમ સોમે ધીમેથી કહ્યું. "તે દિવસ પણ તમે મને લઇ જતા હતા ત્યારે પુઆજી જ આડે આવ્યા હતા."

"હા" દાંત કચકચાવી ખેંગારે કહ્યું. "એક વખત તો એ વચ્ચે આવ્યો ફરી આવશે તો—" કહી ખેંગાર મુગો રહ્યો.

સોમના માથામાં રણશીંગડાં ફુંકાવા માંડ્યાં. ખેંગારે તેનો બોલ પાળ્યો હતો અને રાત પડતાં સજ્જનમહેતાની વાડીમાં હાજર થયો હતો. સોમના મનમાં અનેક ધડભાંગ થયા કરી. જુનાગઢની ગાદી–ખેંગારનો મોહ–એ બે એક તરફ આકર્ષતાં હતાં—પાટણ તરફનો પ્રેમ અને પિતૃભક્તિ બીજી તરફ ખેંચતાં હતાં. એ ધડભાંગ પુરી થઇ, ન થઇ અને તે ખેંગારને ના કહેવા ઉતરી—ના કહેવા જતાં હા કહેવાઇ ગઇ, અને ખેંગારની મોહિનીને વશ થઈ ઘરથી નાઠી. ખેંગારની ધારણા કે આ ભોળી છોકરી તેની ઇચ્છાની સામે થઇ શકવાની નથી તે ખરી નીકળી. ખેંગારે બે તેજી ઘોડા આ દરવાજા બહાર રાખ્યા હતા, એટલે તેઓ દરવાજાના દરવાનને લાંચ આપી ત્યાંથી હમણાંજ બહાર પડ્યાં હતાં.

મુંજલને–તેના પૂજ્ય પુઆને–તેના પાટણની સત્તાના પ્રતિનિધિને–તેને એક વખત બચાવનાર અને જેની જોડે તેનો વેવિશાળ કરવાનો વિચાર ચાલતો હતો તે પુરૂષને અહિયાં, આ વખતે, અચાનક આવતો જોઇ તેનું મન ભાંગી ગયું–વ્હેમાયું–ધુંચવાયું. જાણે પોતાને નાસી જતી રોકવા માટે મૂર્તિમાન પાટણ અહિયાં આવ્યું હોય એમ તેને લાગ્યું. આ મૂર્તિ આગળ જુનાગઢની ગાદીની મહત્તા ઓછી થઇ. તેની પાસે ઉભેલા ખેંગારના શબ્દો સાંભળી, તેનો હાથ હાથથી કુજતો પારખી, તેને કાંઇ અજબ જેવી લાગણી થઇ. ગમે તેવો પ્રિય ખેંગાર હતો છતાં, આ દૂરથીજ જોયેલો અમાત્ય પોતાનો વધારે છે એમ લાગ્યું. પણ હવે પાછું જવાય એમ નહોતું–તેણે હોઠપર હોઠ ખીડી મુઠ્ઠીઓ વાળી મન દૃઢ કર્યું. પિયર–પિયરનું ગૌરવ તેનું નહોતું; પાટણ હવે પારકું હતું–તેનું તો હવે જુનાગઢ–આમ તેણે વિચાર કર્યો. તોપણ પિયર છોડતી છોકરીની સ્વાભાવિક ખિન્નતાએ તેની હોંસ, તેના ગાદીનો લોભ બન્નેને વશ કર્યો.

મુંજલ મહેતા બારીમાંથી નીકળ્યા–જરા વાર ઉભા રહ્યા; ચારે તરફ જોયું, કમ્મરમાં તલવાર ઢીલી કરી અને આ ઝાડ તરફ આવવા લાગ્યા.

અંધારી રાતે તારાના પ્રકાશમાં પણ તેનો કદાવર ઘાટ, તેનાં સ્પષ્ટ ડગલાં ગૌરવશીલ દેખાતાં હતાં.

તે ઝાડની પાસે આવ્યા અને ખેંગારે સોમનો હાથ પોતાના હાથમાંથી છોડી નાંખ્યો. સોમ વિચારમાં પડી–એકપલ પાસે આવતા મુંજલ તરફ નજર કરી–બીજી પલે પાસે ઉભેલા ખેંગાર સામે જોયું. તેણે ખેંગારને કાંઇ કહેવાની મથામણ કરી–પણ તેની જીભ સુકાઇ ગઇ હતી. તે બેબાકળી થઇ રહી. તેણે ખેંગારની આંખમાં ભયાનક તેજ જોયું–તેને બબડતો સાંભળ્યો "ફરી આવો લાગ કયે ભવે મળવાનો!"

સોમને સમજ ન પડી કે લાગ શું–ભવ શું–તેના મગજપર અંધકાર ઉતર્યો. તેમાં માત્ર બેજ વસ્તુ દેખાઈ–પાસે આવી રહેલો મુંજલ–જમણો હાથ તરવાર પર મુકી ઉભેલો ખેંગાર. મુંજલ આવી લાગ્યો છેક ઝાડની પાસે. સોમના મગજમાં આવી પડેલા અંધકારમાં એક જ્યોત જાગી–મુંજલ એટલે પાટણ–એક નહિ એટલે બીજું પણ નહિ. તેણે ખેંગારને તરવાર ખેંચતો જોયો–કુદવાની તૈયારી કરતો જોયો. બધો વિચાર છોડી તે કુદી–

નિઃશંક મને મહાઅમાત્ય ચાલ્યા આવતા હતા. ઝાડની એક તરફથી ખેંગાર કુદી તેના પર તુટી પડયો; બીજી તરફથી "ધ્રુઆ" કહી ચીસ પાડતી સોમ તેના પર તુટી પડી. અજાયબ થયેલો મુંજલ ચમકયો. તેણે ખડ્ગ ખેંચ્યું. તે ક્યાં. કોઇ તેના પર "ધ્રુઆ" કહી પડ્યું–બીજાએ તેના પર ખડ્ગનો પ્રહાર કર્યો. મુંજલે સ્વસ્થ થઇ તરવાર ખેંચી ત્યારે એક જણ ભોંયે પડ્યું હતું–બીજું તે પડેલાના શરીરમાંથી પોતાની તરવાર ખેંચતું હતું–પોતે અણધવાયેલો ઉભો હતો.

"ચાંડાળ" કહી મુંજલ પેલા મારનાર તરફ ક્યો. મારનારે થયેલો અકસ્માત્ જોયો. "હાય હાય કરી ઘુમ પાડી; અને પાછું જોયા વિના તે નાઠો. મુંજલે તેની પુઠ પકડી–પણ ખેંગાર ઝાડીમાં ભરાઇ ગયો. "હરકત નહિ–જોઇએ પેલો બીચારો ક્રાણ છે?" કહી તે પાછો આવ્યો. સોમે મુંજલમહેતાને બચાવા જતાં ખેંગારનો ઘા પોતે સહ્યો હતો.

મુંજલે નીચા વળી જોયું, પણ અંધારામાં સોમને ઓળખી નહિ. "મારા પ્રાણરક્ષકને અહિયાં કેમ છોડી જવાય" કહી તેણે સોમને ઉંચકી અને ઝપાટાબંધ તે વિમળશાહને અપાસરે આવી પહોંચ્યો.

## પ્રકરણ ૨૨ મું.

## બરબાદ થયેલી કાકની મહેનત.

મહાઅમાત્યે સુરપાલને બારણાં ઠોકી ઉઘાડ્યો. મુંજલને મધરાતે અહિયાં જોઇ બીચારો ગભરાઇ ગયો.

"સુરપાલ, દીવો લાવ" કહી મુંજલે સોમને ભોંયપર મુકી. "ઘા બાજરીયું છે? હોય તો તે લાવ."

સુરપાલ મુગે મોઢે દીવો લાવ્યો. તેના પ્રકાશમાં મુંજલે સોમને ઓળખીને તે વિચારમાં પડ્યો. શું એનો સાથી બેંગાર! અને તે નાઠો! મુંજલે નિરાશામાં હોઠ કરડ્યા. તેના ગુસ્સાનો પાર રહ્યો નહિ. "એ હરામખોર જબરો નીકળ્યો" તે મનમાં બોલ્યો.

સુરપાલે અનુભવી યોદ્ધાની કળાથી સોમનો ઘા બાંધ્યો અને તેને ઉંચકી પથારીમાં સુવાડી. મંત્રીના કપાળપર ઘેરાઇ આવેલું વાદળ જોઇ તેને ધુજારી છુટવા માંડી હતી. તે સોમને સુવાડી મુંજલ પાસે આવ્યો.

"સુરપાલ! તને દેહાન્તશિક્ષા કરવી પડશે."

"કેમ મહારાજ?" સુરપાલના હાંજા ગગડી ગયા.

"તારો કેદી નાસી ગયો."

"શું કહો છો મહારાજ?"

"ચાલ એક મશાલ ચેતાવ. પછી ડહાપણ કરજે."

પળવારમાં, ગભરાતે હાથે સુરપાલે મશાલ ચેતાવી.

"અપાસરામાં કોઇ માણસો ઉતર્યા છે કે?" મુંજલે પુછ્યું.

"ના જી."

"તારી પાસે કેટલાં માણસ છે?"

"મહારાજ! બે અંદર છે, અને ત્રણેક જણ પેલી તરફની ઝુંપડીમાં છે."

"બોલાવ."

સુરપાલ બહાર ગયો, અને બેતરમાં કોણું રડે એવી ચીસ પાડી. થોડી વારમાં બે માણસો અપાસરામાંથી નીકળ્યા, અને બીજા બે બહારથી દોડતા આવ્યા.

"બધાને ખબર આપ."

"જી" કહી સુરપાલે તે પ્રમાણે કર્યું. અને મશાલ લઇ તે આગળ ચાલ્યો. પાછળ પાછળ મુંજલ ચાલવા લાગ્યો. તેના હોઠ પ્રેત સમા નિશ્ચલ બની રહ્યા હતા; તેની આંખો બે તરવારની અણી હોય તેમ ચમકી રહી હતી. પેલા બે બીજા પુરૂષો, જે સુરપાલના છુપા મદદગારો હતા, તે મુંજલને અત્યારે જોઇ, કોઇ ભયંકર બનાવની આગાહી કરતા મુગા મુગા પાછળ આવ્યા.

મુંજલ ઝપાટાબંધ વાવ આગળ જઇ પહોંચ્યો. "પેલો કુવો કયો?"

"આ પેલો" સુરપાલે કહ્યું.

મુંજલ તે તરફ ફર્યો અને તેની તીક્ષ્ણ નજરે પાળ પર બેઠેલા બે પુરૂષો દેખાયા.

મુંજલે તેના અનુચરોને પેલા પુરૂષો આંગળી વતીજ દેખાડ્યા. "પેલાઓને પકડો–જીવતા કે મરેલા."

અંધારામાં ઠોકરો ખાતા અનુચરો પાળ તરફ દોડ્યા, પણ મશાલનું અજવાળું જોઇ ત્યાં બેઠેલા લાટના યોદ્ધાઓ ચેતી ગયા હતા એટલે તેમણે ઉભી પુછડીયે નાસવા માંડ્યું. તેમની પાછળ પેલા અનુચરો પડ્યા મુંજલે તેમાંના એક જણને પાછો બોલાવવા સુરપાલને હુકમ કર્યો, અને તે પ્રમાણે તેણે બુમ મારી "મેઘા!"

મેઘો પાછો આવ્યો.

"જોઇએ તારી મશાલ આમ લાવ" કુવાની પાળ પર પહોંચતાં મુંજલે કહ્યું.

સુરપાલે મશાલ ધરી, અને તેને કપાળે પરસેવો પરસેવો થઇ ગયો. કુવામાં બે દોરડાં લટકતાં હતાં. તેને લાગ્યું કે આ ઉદામહેતાવાળી છોકરીને લઇ જવા કોઇએ યુક્તિ રચી હશે. તેણે મનમાં ઉદાને અને પોતાને કાંઇ કાંઇ કહી નાંખ્યું.

"મૂર્ખા! આમ કેટી સાચવે છે?" મુંજલે કહ્યું.

"મહા—"

"ચુપ કર" કહી મુંજલે નીચા વળી તરવારથી બન્ને દોરડાં કાપી નાખ્યાં.

"હું નહિ આવ્યો હોત તો કેદી નાસી જાત. ચાલો હજુ કાંઈ ખાટું મોળું થયું નથી. તું અને આ મેઘો બે જણા અહિયાં ઉભા રહો. વખત છે ને પેલા પાછા આવે. આવે તો પકડીને મારી પાસે લાવજો. ખબરદાર કોઇને હાથમાંથી જવા દીધો તો."

"જેવી આજ્ઞા."

"અંદરના ઓરડાની કુંચી ક્યાં છે?"

"આ રહી મહારાજ" કહી કેટે ખોસેલી ચાર પાંચ મોટી કુંચીઓનો ગુમખો સુરપાલે આપ્યો.

"લાવ તારી મશાલ" કહી મુંજલે સુરપાલની મશાલ લીધી અને ધીમે ધીમે તે પાછો અપાસરે આવ્યો.

અપાસરે આવી તેણે સુરપાલની ખોલી ઉઘાડી, અને બેભાન સોમસુંદરી જ્યાં પડી હતી ત્યાં ગયો. તેણે મશાલ ધરી તેજ તેના મોઢા પર પાડ્યું: અને તેના શ્વાસોચ્છ્વાસ અનિયમિત લાગવાથી નીચાં વળી, તેણે ધ્યાન પૂર્વક એકીટશે જોયા કર્યું; હેતાળ માતાની અનિર્વાચ્ય મૃદુતાથી તેના નાક ઉપર પડેલી લટ ખસેડી; નાકપર આંગળી ધરી બે પલ જોઈ રહ્યો.

"નહિ. જીવ છે."

મશાલના અસ્થિર તેજથી અનેક રૂપાંતરો પામતા તે ખંડના અંધકારના પટપર તે ચિત્ર અદ્‌ભુત લાગતું. કદાવર મુંજલ વાંકો વળી, એક હાથે મશાલ આડી ધરી, ઉભો હતો; ભોંયપર જખમમાંથી નીકળેલા રૂધિરથી શ્વેત, સંગેમરમર સમી બની રહેલી બેભાન સોમ મરણ ને જીવનની સંધ્યામાં પડી હતી. મંત્રીનું મુખ નિશ્ચલ હતું, તેની આંખો એકાગ્ર પણ અમી ભરી હતી, વાંકા વળી ઉભા રહેવાની તેની છટામાં પણ સ્વાસ્થ્ય હતું. સોમ નિશ્ચેતન હતી છતાં તેના સૌંદર્યમાં ચેતન હતું, નિરાધાર છતાં તેની મુખરેખામાં ગૌરવ હતું. આ દૃશ્યપરથી ઉપજાવાતો વિષય કોઈ અપૂર્વ ચિત્રકારની સર્જકશક્તિ ભરી પીંછીની કસોટી કરે એવું હતું: અમીભર્યો પ્રભાવ અને મોહક નિરાધારી.

પણ મુંજાલમહેતાને આવા વિચારો માટે જોઈતી ફૂરસદ, કેલવણી કે પરવા નહોતાં. સોમ જીવે છે એ જોઈ તે ટટ્ટાર થયો, અને નીચે ભોંયરા તરફ જવા વળ્યો.

## પ્રકરણ ૨૩ મું.

### લોહી તરસ્યો મહાઅમાત્ય.

મુંજાલની નિશ્ચયાત્મક બુદ્ધિએ અત્યારે ભયંકર સ્વરૂપ લીધું હતું. તેની ઇચ્છાશક્તિ મૂળમાં તો પ્રબલ હતી; અભ્યાસે, સમોવડીયાને અભાવે, નિશ્ચલ બની હતી; અને સામે પડનારને અચૂક કચરી નાખે એવી થઈ રહી હતી. એવી દુર્ધર્ષ શક્તિ અત્યારે ઘણી જ છંછેડાઈ હતી. ઘણા એની સામે થવા મથતા–પણ થોડા વખતમાં જ ડરી જઈ, હાર ખાઈ જતા; પણ આ એક નિર્મોલ્ય સુભટ તેનાથી ડરતો નહોતો, અને તેની યોજનાઓ ઉંધી વાળતો હતો. આ અવિચારી છોકરાને છુંદી નાંખવા મુંજાલે અત્યારે દૃઢ નિશ્ચય કર્યો હતો. કેસરીના પંજામાં ઉંદર આવતો હતો; પંજો બીડાતો હતો; પંજે બીડી તે નિર્જીવ પ્રાણીને ચગદી નાંખવા વનરાજ તૈયાર થઈ બેઠો હતો.

મુંજાલ ભોંયરામાં ઉતર્યો, ભીંત ટેકવી ને મશાલ મુકી અને એક સાથેની ઓરડીનું બારણું ખોલવા માંડ્યું. તેણે આસપાસ નજર કરી અને જરા વિચારમાં પડ્યો કારણ કે કયા ઓરડામાં કીર્તિદેવ હતો તે એ વીસરી ગયો. કાંઈ નિર્ણય પર ન આવી શકવાથી કુંચી લગાડી પહેલી ઓરડી ઉઘાડી.

તાળું ઉઘાડવાનો અવાજ થતાં કોઇએ અંદરથી મધુર સ્વરે પુછયું. "કોણ એ?" અવાજ કોઈ સ્ત્રીનો લાગ્યો એટલે મુંજાલ ચમક્યોઃ સુરપાલને તે શુષ્ક, વૃદ્ધ, સૈનિક ધારતો હતો;—તે વળી અહિયાં સ્ત્રી લાવી રાખે! મનમાં તે હસ્યો, અને પલ જરા ઉભો રહ્યો.

કોણ "સુરપાલ?" ફરીથી પ્રશ્ન આવ્યો. મુંજાલ કાંઈ બોલ્યો

નહિ પણ બારણું ઉઘાડ્યા વિના જ તે પાસેની બીજી ઓરડીનું તાળું ખોલવા બેઠો.

તે તાળું ખોલી તેણે બારણું ઉઘાડ્યું કે કીર્તિદેવે પુછ્યું "કોણ?" મુંજલે જવાબ નહિ દીધો, પણ ભોંયપર પડેલી મશાલ ઉંચકી, કમરપર લટકતી તરવારનો બંધ જરા ઢીલો કર્યો અને અંદર પેઠો.

મશાલના અજવાળામાં તેણે કીર્તિદેવને જોયો. તે માલવી યોદ્ધાએ પણ મુંજલને ઓળખ્યો, જરાક આંખ ચોળી, અને તેના મોઢાનું તુર ઉડી ગયું. અત્યારે–આ–જ્યારે તે પલેપલ છુટવાની વાટ જોતો હતો ત્યારે તેના કટ્ટા વેરીને આવતો જોઇ તે અડગ યોદ્ધો પણ ડગ્યો.

"કેમ છો? કીર્તિદેવ?" જરાક મજાકમાં મુંજલે પુછ્યું.

શું જવાબ દેવો તે કીર્તિદેવને એકદમ સુઝ્યું નહિ; પણ મુંજલ નીચો વળી પાસે પડેલી દીવીનું કોડીયું ચેતાવતો હતો એટલે તેને સ્વાસ્થ્ય મેળવવાનો વખત મળ્યો.

"ઓહો, મંત્રીરાજ તમે અત્યારે?"

"હા." કહી મુંજલ ભોંયપર મશાલ મુકી કીર્તિદેવ તરફ ફર્યો.

"કેમ?" રખેને કાક આવી પહોંચે એવી ધાસ્તીથી જાળી તરફ નજર નાંખી કીર્તિદેવે પુછ્યું.

"તમને નાસી છુટતા અટકાવવા."

"આ તમારા યમસદનમાંથી કોની મગદુર કે નાસી છુટે?" છાસીયું કરી ધ્રુજતું હૃદય મહામહેનતે કાબુમાં રાખી માલવી યોદ્ધાએ કહ્યું.

"હું તે જ જોવા માગું છું" સખ્તાઇથી મહાઅમાત્યે કહ્યું.

"હવે ખાત્રી થઇ?"

"જાળી તરફ શા માટે જુવો છો?" મુંજલે તિરસ્કારપૂર્વક કહ્યું "તમારે જવાનાં દોરડાં કયારનાં કપાઇને કુવાને તળીએ પડયાં છે."

ધામેથી કીર્તિદેવે તબીયત વાળી; હતાશ થતાં તેની હિંમત પાછી આવી. "તે તો તમને અહિયાં દીઠા એટલે મારી ખાત્રી થઇ ગઇ. બોલો! હવે તમારે શું કામ છે?"

"કેમ આટલી અધિરાઇ આવી?" તિરસ્કારથી મંત્રીએ પુછ્યું.

"રાત ઘણી ગઇ છે. મને ઉંઘ આવે છે" શાન્તિથી કીર્તિદેવે કહ્યું.

"તમારે અત્યારે અહિયાં ઉંઘવાનું નથી."

"કેમ? ત્યારે કયાં?"

"કાં તો મારી સાથે રાજગઢમાં-અથવા તમે કહ્યું ત્યાં-યમસદનમાં."

કીર્તિદેવ નિશ્ચલ નયને જોઇ રહ્યો અને મુંજાલે આગળ ચલાવ્યું "રાજગઢમાં સુવું હોય તો માફ કહ્યું માનો."

"શું?"

"જયદેવ મહારાજની સેવા સ્વીકારો."

ગુસ્સામાં કીર્તિદેવે ઉંચું જોયું; અને ધીમેથી ગુસ્સો દબાવી તે બોલ્યોઃ "મંત્રી! તમારા જયદેવ મહારાજને કહો કે અવન્તીનાથના સામન્ત થાય-એટલે હું તેની સેવા સ્વીકારીશ."

મુંજાલે હોઠ કરડ્યા અને ગૌરવથી પુછ્યું "એટલે?"

"એટલે આ ભવે મારા સ્વામી અવન્તીનાથ-આવતે ભવે ભગવાન પિનાકપાણી. સમજ્યા?" કીર્તિદેવનો અવાજ સખ્ત હતો.

"માફ કહેવું નહિ માનવાનું પરિણામ શું આવશે તે ખબર છે?" મુંજાલે ગુસ્સામાં પુછ્યું.

"પરિણામ જાણવાની મને પરવા નથી." શાન્તિથી કીર્તિદેવે કહ્યું.

ગુસ્સામાં પણ મુંજાલ થોડો વખત આ માલવી યોદ્ધાનું નિર્દોષ મુખ, તેની ભવ્ય તેજોમય આંખો, તેની અડગતા જોઈ રહ્યો. આવા સુંદર, પ્રભાવશાળી પુરૂષને મારવાનું મન તેને થયું નહિ.

"કીર્તિદેવ! એક બીજો રસ્તો છે."

કીર્તિદેવે જવાબ ન આપ્યો. તે અદબ વાળી હોઠ બીડી શાન્તિથી ઉભો હતો.

"તમે આ તમારૂં ગાંડપણ છોડી દેશો?"

"કયું?"

"અવન્તી અને પાટણ વચ્ચે સંધિ કરવાનું?"

"પાટણના તો તમે મુખત્યાર છો. પછી સંધિ કેમ થવાની હતી?"

"પણ તમારી હોંસ પાટણ અને અવન્તી બન્નેના મુખત્યાર થવાની છે." તિરસ્કારથી મહાઅમાત્યે કહ્યું. "યવનને કાઢવાને બ્હાને લક્ષ્મવર્માને આર્યાવર્ત્તનો ચક્રવર્તિ કરવો છે કેમ? એ કદી થવાનું નથી."

"મુંજાલમહેતા વિધિની નિશ્ચલતાનો આડંબર શા કામનો?" તેની મોટી આંખ પણ જરા ઉઘડી. અંધારામાં પણ તેમાંથી તેજના પુંજ વછ્યા "ભારતનું ભાગ્ય તમારા હાથમાં નથી કે તમે કાંઇ કહી શકો. તમે એક કીર્તિદેવ મારશો—તો બીજા સહસ્ર ઉભા થશે. જો પાટણની મદદથી યવનોનો સંહાર થવાનો હશે તો હજાર મુંજાલો છતાં સંધિ થશે; તેના વિના થવાનો હશે તો પાટણને પાધર થતાં વાર કેટલી?" ગર્વથી કીર્તિદેવે કહ્યું.

"પાટણને પાધર થતાં ઘણી વાર છે" તિરસ્કારથી મુંજાલે કહ્યું "તે પહેલાં તો તેનો પતિ પૃથ્વીપતિ થશે."

"કે નહિ તો પછી ગજ્જનાધિપ[1]નો સામન્ત બનશે. તમે મને કેદ કર્યો છે; અત્યારે હવે મારી નાંખશો. બીજું શું કરશો, તેની મને પરવા નથી. તમારી કલંકી રાજ્યનીતિને એજ શોભશે" મુંજાલ બોલ્યો નહિ, તેને આ યુવાન યોદ્ધાના બોલ સાંભળવા ગમતા હતા. કીર્તિદેવના પળે-પળે વધારે તેજસ્વી થતા મુખ તરફ તે જોઈ રહ્યો.

"પાટણના શ્રાવકમંત્રીઓને રાજ્યસત્તા હાથમાં રાખવી છે; અને તેથી તેઓ આર્યવર્તનાં બીજાં રાજ્યો સાથે સંધિ કરતાં નથી. ભૂતકાળમાં એ તમારી રાજ્યનીતિ હતી—આજે પણ તે જ છે. હું આ રાજ્યનીતિનો વેરી છું તેથી તો તમે મને મારવા માગો છો. ભલે મને મારી નાંખો—તમારી સ્વાર્થબુદ્ધિ રાખો; કરો છો તેમ કર્યા જાઓ. પણ જે સ્વપ્નાં સિદ્ધ કરવા હું માંગતો હતો તે સિદ્ધ ન થયાં તો આખા ભરતખંડના ભોગ મળશે. મને મર્યાની બ્હીક નથી—પછી શું થશે તેની બ્હીક છે. અને ભવિષ્યનો ખ્યાલ લાવતાં હું કંપું છું. પણ મારૂં કહેવું નિરર્થક છે. વાણી-

---

૧ ગીજનીનો સુલતાન.

યાને એ ખ્યાલ ક્યાંથી આવે?" કહી કીર્તિદેવે ખેદથી ડોકું ધુણાવ્યું. મુંજાલમહેતા! જ્યારથી તમારા જેવાના હાથમાં રાજ્યસત્તા આવી ત્યારથીજ આર્યાવર્ત્તનાં ભાગ્ય ફુટયાં." આ શબ્દો પણ કીર્તિદેવે સામાન્ય સિદ્ધાન્ત ઉચ્ચારતો હોય એવી તટસ્થતાથી કહ્યાં.

મુંજાલના હોઠ તિરસ્કારમાં મરડાયા. "છોકરા! હું અત્યારે જીભાજોડી કરવા નથી આવ્યો; અને આવ્યો હોત તોયે તારા જેવા નબાપા જોડે કરવાની તસ્દી નહિ લેત"–

કીર્તિદેવના મોઢાપર ગુસ્સો પ્રસરી રહ્યો. તેણે ચમકી, દાંત કરજ્યા અને એકાગ્ર દૃષ્ટિએ મુંજાલ તરફ જોઈ કહ્યું: "મહેતાજી! હું નબાપો હોઈશ–નિર્ભવ હોઈશ; પણ પાટણને જીતનાર–યવનદળને સંહારનાર–મહારથીઓના પણ મહારથી ઉબક પરમારને ખોળે ઉછર્યો છું; કાશીને શરમાવનાર અવન્તીના વિદ્વાન શ્રોત્રીયાના ચરણ ધોઈ વિદ્વત્તા મેળવી છે. મારી શક્તિ નથી ઘી કાંટે બેસીને આવી કે નથી શુષ્ક જતિઓની સેવા કરી,"

"ઠીક. તું વચન નથી આપતો એમ?" મુંજાલે દાંત પીસી, ધીમે, ખોખરે ભયંકર અવાજે પુછયું.

"નહિ આપું તો શું કરશો?" તિરસ્કારથી હસી કીર્તિદેવે કહ્યું.

મુંજાલના સ્વસ્થ મગજમાં ક્રોધની જ્વાળા ભભુકી ઉઠી. અનેક વાર તેણે સમોવડીયા સાથે બાથ ભીડી હતી, પણ કોઇએ તેને આવો તુચ્છકાર્યો નહોતો; અને તેના ગૌરવને હાનિ પહોંચાડવાની ધૃષ્ટતા કરનાર દુશ્મનને પુરો કરવા તેણે નિશ્ચય કર્યો "છોકરા! તારૂં આવી બન્યું છે." કહી તેણે હાથ તરવાર પર નાંખ્યો.

"તે તો લલાટના લેખની વાત છે" શાન્તિથી, તિરસ્કારથી કીર્તિદેવે કહ્યું. "તેમાં તમે શું કરશો."

"જોવું છે?" કહી વીજળીની માફક મુંજાલે તરવાર કાઢી.

પણ મુંજાલ પુરી તરવાર કાઢે તે પહેલાં કીર્તિદેવ કુદ્યો અને બે હાથે મુંજાલનો તરવારવાળો હાથ તેણે પકડ્યો. શસ્ત્રસજ્જીત મંત્રી નિઃશંક મને ઉભો હતો, અને આ અચાનક તરાપથી જરા પાછો પડ્યો. કીર્તિ-

દેવના હાથ–શીકારી કુતરાના દાંતની માફક–તેના જમણા હાથ પર સજ્જડ ચોટ્યા હતા. તરત સાવધ બની તેણે જમણા હાથમાંથી ડાબે હાથે તરવાર લેવા પ્રયત્ન કર્યો. દ્વંદ્વ યુદ્ધમાં કુશળ કીર્તિદેવ સમજ્યો ! અને મંત્રીના હાથ આમળી તરવાર લેવા મથામણ કરવા માંડી. ચાર હાથ માત્ર ઝપાઝપી કરતા હતા; અને તેને બળે બન્ને જણ તેના નાના ઓરડામાં ચકર ચકર ફરવા લાગ્યા. નાની સાંકડી ઓરડીમાં બે દીવાના અસ્થિર અજવાળામાં આ જીવલેણ દ્વંદ્વ યુદ્ધ ભયંકર રીતે જામ્યું.

આખરે મુંજાલનું અપ્રતિમ બાહુબળ કીર્તિદેવના ચાપલ્યથી ચડ્યું. તેણે માલવી યોદ્ધાને ખૂણામાં ચગદી ઘાલ્યો; અને પોતાનો તરવારવાળો હાથ છુટો કરવા એક મહાયત્ન કર્યો. તેણે પોતાનો હાથ જોરથી વાળ્યો. સાથે કીર્તિદેવના પણ હાથ વળ્યા. બેમાંથી જેનો હાથ પહેલો ભાગે તે હારે એવો વખત આવ્યો પણ મંત્રીએ પોતાના ઘુંટણના જોરથી ખૂણે દબાયલા કીર્તિદેવને દાબ્યો. તે દબાણ દુઃસહ થઈ પડવાથી કીર્તિદેવના હાથ છુટી ગયા–વિફરેલા મુંજાલના ઘુંટણ નીચે તે સપડાઈ પડયો. મુંજાલે યમદંડ જેવા વિજયી ખડ્ગની તીક્ષ્ણ અણી કીર્તિદેવની છાતી પર ધરી.

"પાપી ! જો હવે તારે લલાટે શું લખાવ્યું છે" હાંફતાં હાંફતાં મંત્રીએ કહ્યું.

"ખબરદાર" પાછળથી કાકની પ્રચંડ ગર્જના સંભળાઇ. મુંજાલે ચમકીને પાછળ જોયું: બારણામાં કાક અને સુરપાલ ઉભા હતા.

—:o:—

## પ્રકરણ ૨૪ મું.

## કીર્તિદેવનું કુલ.

મધ્યરાત્રીને ઘડી બે ઘડી થઈ એટલે કાક દોડતે ઘોડે પાછો આવ્યો, અને ઘોડાને બાંધી, પગે પેલા કુવા પાસે આવ્યો. તે જેવો આવ્યો એટલે સુરપાલ અને તેના શાગીર્દો તેના પર તુટી પડ્યા, અને મહા મુશ્કેલીએ તેને પકડયો. સુરપાલે એક દોરડું લાવી તેના હાથ પાછળથી બાંધ્યા.

"સુરપાલ! તું જાણે છે હું ભટ્ટરાજ છું?"
"ભલે ને મોટો રાજા હોય."
"કોના હુકમથી પકડે છે?"
"મુંજાલમહેતાના."
"હેં! તે અહિયાં છે?"
"હા. અપાશરામાં."
"મને તેની પાસે લઇ જા."

"હું તે જ કરૂં છું." કહી ઝપાટાબંધ સુરપાલ તેને ભોંયરામાં લઈ આવ્યો.

સુરપાલની મશાલનું તેજ દેખી, અધ ઉઘાડા બારણામાંથી પેલું ભયંકર દ્વંદ્વ યુદ્ધ જોઇ રહેલી મંજરી, પાછળ ખસી અને ખુણામાં લપાઇ ગઇ. કાકના ગયા પછી કયાં સુધી તે તેની વાટ જોતી બેઠી. જેમ પલ જતી ગઇ, તેમ તેની ચિંતા વધતી ગઇ. તેને લાગ્યું કે કાક જેવા અપ્રતિમ વીરની અણમોલી જીંદગીને તેણે અને કીર્તિદેવે નકામી જોખમમાં નાંખી હતી; અને જેમ મોડું થતું ગયું તેમ તેનું હૃદય અધિકૂં બન્યું.

તે અધિરા હૃદયે કાકનાં પરાક્રમો અને તેણે કરેલી સેવાનું સ્મરણ કરાવ્યું. તે મધ્યરાત્રીના ગંભીર, ભયંકર વાતાવરણમાં તેની ઉત્તેજીત થયેલા કલ્પનાશક્તિએ કાકની છબીમાં અનેરા રંગ પુર્યા. જે શ્લોકોથી તેણે કીર્તિદેવને કાકનું ઓળખાણ આપ્યું હતું તે યાદ આવ્યાઃ અને તે ખરા છે કે કેમ તે જોવા તેને ગુંજવા લાગી; અને તેમાં કહેલું વર્ણન આછું, નિરસ લાગ્યું. તેણે કાવ્ય અને ઇતિહાસમાં આલેખેલા વીરોનું સ્મરણ કર્યું;–તેમના જેવો, તેથી પણ ચઢીયાતો કાક લાગ્યો. અને તે બધા તો કાલ્પનિક હતા; અને આ તો "सौभाग्यनाथो मम."–તે બબડી. બારણું ખખડયું અને આ રસ-ભરી વિચારમાળા તુટી. અત્યારે સુરપાલ! તે ચમકી, ગભરાઇ અને વાટ જોતી ઉભી, પણ કોઇ આવ્યું નહિ. ઉલટું બારણું ઉઘાડું રહ્યું. શું થયું તેનો તેને સ્પષ્ટ ખ્યાલ આવ્યો નહિ.–પણ કાંઇ મોટી પીડા માથે પડી હોય તેમ તેનું હૃદય ખિન્ન થઇ ગયું. તેણે ધડીમાં બારણા સામું, ધડીમાં બહાર તરફ જોવા માંડયું.

એકદમ પાસેની ઓરડીમાં જુસ્સાભેર થતો સંવાદ, બારણામાંથી તેમજ કુવામાંથી પડઘા રૂપે સાંભળ્યો. તે ઘણીજ ગભરાઇ; પણ જેમ સંવાદ આગળ ચાલ્યો, તેના અસ્પષ્ટ શબ્દો કાને પડવા લાગ્યા, તેમ તેને હિંમત આવી; અને બારણું ઉઘાડી બહાર નીકળી. પાસેની ઓરડીના અધ ઉઘાડા બારણામાંથી મુંજાલ ને કીર્તિદેવનો સંવાદ સાંભળી, તે દિંગ બની ગઇ. જ્યારે દ્વંદ્વ યુદ્ધ શરૂ થયું ત્યારે તેનું હૃદય કાંપી ઉઠ્યું;–તેને પાછા જવાનું મન થયું; પણ ડરને લીધે તેના પગ ઉપડ્યા નહિ. એટલામાં સુરપાલની મશાલનું અજવાળું જોયું અને તે ખૂણામાં લપાઇ ગઇ.

સુરપાલની સાથે કેદી બનેલા કાકને જોઇ તેના હોસ કોસ ઉડી ગયા. તે બધું સમજી: તેમનું કાવતું ઝલાઇ ગયું; કાક પકડાઇ ગયો; બહાર નીકળવાની આશા નષ્ટ થઇ; વખત છે ને કાકને દેહાન્ત શિક્ષા થશે, તેને લીધે કાકે આટલું જોખમ ખેડ્યું, તેને લીધે આવો મહારથી આમ જીવથી જાય! તેણે કાકની સામું જોયું. બાંધેલે હાથે પણ તે ટટ્ટાર, સગર્વ ચાલતો હતો; તેને ગળેથી લોહી વહેતું હતું; તેના કેશ વીખરાઇ મોઢાપર પડ્યા હતા; તેની આંખો બે તારાની માફક ચમકતી હતી–અને તેનું મોઢું ભયંકર દૃઢતામાં બીડેલું હતું. કાકનું આ મુખ તેના હૃદયમાં કોતરાઇ રહ્યું.

સુરપાલે ઓરડીનું બારણું ઉઘાડ્યું કે કાક છલંગ મારી અંદર ગયો અને "ખબરદાર" ની ગર્જના કરી.

કીર્તિદેવનું લોહી રેડવા તલસી રહેલા મુંજાલને કાને આ ગર્જના જતાં તેણે પાછળ જોયું અને કાકને જોઇ તેના ક્રોધાગ્નિમાં ઘી હોમાયું. તેની નસેનસમાં તોફાન જામ્યું. પણ સત્તા અને ગૌરવનો અવતાર ગણાતો મહામાત્ય આ પળે પણ ગૌરવ વિસર્યો નહિ. તે ધીમેથી સ્વાસ્થ્ય રાખી કીર્તિદેવ પરથી ઉઠ્યો; અને કહ્યું:

"સુરપાલ! આ હરામખોરને પકડ. એ બારે છે કે મુંજાલને હાત કરવો એ રમત વાત છે."

સુરપાલે પોતાની મશાલ પણ ભીંતે ટેકવી મુકી અને આવી કીર્તિદેવને પકડ્યો.

અધ ઉઘાડા બારણામાંથી મંજરી મુંજાલનું ક્રોધથી જ્વલંત બની રહેલું મુખ જોઇ રહી. તેના પણ વાળ કપાળ પર વિખરાઈ ગયા હતા; તેની વિશાળ આંખો લાલ ચોળ થઇ હતી.

મુંજાલ કાક તરફ ફર્યો.

"તું પણ આવ્યો?" મેઘ ગર્જના સમા ચિત્તભેદક અવાજે મુંજાલે પુછ્યું.

"હા. અને વખતસરજ. પાટણના મહાઅમાત્ય આમ મારાની માફક મધ્યરાતે લોકોનાં ખુન કરવા ક્યારથી શીખ્યા?" કાક હસ્યો.

મુંજાલનાં નેત્રો ફાટી ગયાં. તે એક ડગલું આગળ આવ્યો, તરવાર ઉગામી પણ તરવાર પડે તે પહેલાં બારણામાંથી મંજરી કુદી, અને પાસેજ ઉભેલા કાકની ફોટે વળગી પડી.

મુંજાલ ચમક્યો. એને લાગ્યું કે બેભાન સોમ આવી. તેણે તરવાર પાછી ખેંચી લીધી;–અને ધ્યાનપૂર્વક જોયું.

"કોણ છે તું?"

"હું!" ગર્વથી માથું ઉંચું કરી મંજરીએ સ્પષ્ટ રીતે કહ્યું. મોરના ટકારવ સમો તેનો સુમધુર અવાજ ટહુકી રહ્યો. "કાક ભટ્ટની અર્ધાંગના."

"કોણ કવિકુલશિરોમણીની છોકરી! તું અહિયાં ક્યાંથી?" મુંજાલે વિસ્મય પામી પુછ્યું.

"મારા સૌભાગ્ય નાથની સાથે" મંજરી કાકને ગળે વળગી રહી.

"મંજરી!" શાન્તિથી કાકે કહ્યું "અમારી તકરારમાં તું નહિ પડ. નહિ તો કહેવાશે કે સ્ત્રીહત્યાથી ડરી મુંજાલમહેતાએ મને જીવવા દીધો." કહી તેણે મંજરીને હેતભરી દૃઢતાથી જરા દૂર કરી.

"જે બ્રહ્મહત્યાથી નહિ ડરે તેને સ્ત્રીહત્યા શી બિસાતમાં?" તિરસ્કારથી કીર્તિદેવ–જેના હાથ સુરપાલે બાંધ્યા હતા તે–બોલ્યો. "મુંજાલમહેતા! એને શું મારો છો? એણે શું ગુન્હો કર્યો છે? ગુન્હો તો મેં કર્યો છે."

કાંઇ પણ જવાબ આપ્યા વિના મુંજાલે એના તરફ પુઠ ફેરવી અને કાકને દાંત પીસી કહ્યું:

"મારો રાજ્યકેદી તારે નસાડવો હતો. કેમ?"

"હું રાજ્યકેદીને ઓળખતો નથી. મારી સ્ત્રીને અહિયાં કેદ કરી છે, મારા મિત્રને કર્યો છે–તમને છોડાવવાં એ હું મારો ધર્મ સમજું છું."

"તારી સ્ત્રી!"

"ભુલી ગયા! સજ્જનમહેતાના વાડામાંથી ઉદેામહેતો મંજરીને ઉપાડી લઇ ગયો તે. પારકાની પૈરી લોકો ઉપાડી જાય–અને તેને પાછી લઇ જવાય નહિ. વાહ તમારો ન્યાય!"

"તે વાતની મારે પંચાત નથી જોઇતી. તેં રાજ્યદ્રોહ કર્યો છે, એજ બસ છે."

"રાજ્યદ્રોહ? મેં? હા. મેં લાટ જીતી આપ્યું, નવઘણને પકડી આપ્યો, અને કીર્તિદેવનું કાવતું ફેડયું."

"તેમાંજ તું ફાટયો છે. કાલે તેને તો હાથીને પગે કરાવીશ."

"કરાવો–તમારી મગદુર હોય તો. તમે હજુ મને ઓળખ્યો નહિ. મને હાથીને પગે કરો–પછી જુઓ; કાલે, મંડલેશ્વર તમારા દુશ્મન થશે–પાટણમાં વસેલા હજાર લાટના સુભટો બારવટું લેશે ને લાટ જીત્યું અણજીત્યું થઈ જશે."

"છોકરા! તું કોને ડરાવે છે?'

"તમે તે કોણ થયા કે ન ડરો?" ગર્વથી કાકે પુછ્યું. મંજરી કાકના મુખની પ્રભાવભરી ભભક જોઈ રહી.

"તે હું તને બતાવીશ."

"તમે પાટણની સત્તાના પ્રતિનિધિ હશો તો હું પણ છું."

"તું—" તિરસ્કારથી મુંજાલે પુછ્યું.

"હા–તમે ભૂતકાળના–પણ હું તો ભવિષ્યનો." શાન્તિથી કાકે કહ્યું

મુંજાલ મુગો રહ્યો. આ વાતમાં તેને કાંઇ માલ લાગ્યો નહિ. થોડી વારે તેણે કહ્યું: "સુરપાલ! આની કાલે વાત; લે તરવાર પેલાનો શિરચ્છેદ કર!"

સુરપાલ આગળ આવ્યો, અને તરવાર લેવા હાથ આગળ ધર્યો કાક વચ્ચે આવ્યોઃ "ખબરદાર."

"ચુપ રહે" ગુસ્સામાં મુંજાલે ગર્જના કરી.

"શા માટે? એ અવન્તીનો સંધિવિગ્રહક છે; એનો દેહ પવિત્ર છે."

"એ કાવત્રાંબાજનો દેહ પવિત્ર! લે સુરપાલ!" કહી મુંજાલે ફરી તરવાર ધરી.

"મુંજાલમહેતા!"—

સુરપાલે તરવાર લીધી; ગર્વમાં માથું ઉંચું રાખી કીર્તિદેવ તરવારના ઝપાટાની રાહ જોતો હતો.

"સુરપાલ!" કાકે કહ્યું "એક પળ સબુર કર. મારે કીર્તિદેવને બે બોલ કહેવા છે." સુરપાલે મુંજાલ સામે જોયું, અને મંત્રીએ નજરથી હા કહી એટલે તે થોભ્યો.

"કીર્તિદેવજી! હું કાલભૈરવ પાસે જઇ આવ્યો."

કીર્તિદેવના મુખ પર તેજ છાયું. તેની આંખોમાં અમી આવ્યું.

"મારૂં કુલ કયું? મારો પિતા કોણ?" આતુરતાથી કીર્તિદેવે પુછ્યું

જરાક હસી કાકે તિરસ્કારભરી નજર મુંજાલ પર નાંખીને કહ્યું:

"કીર્તિદેવજી! તમે બાલક હતા ત્યારે સજ્જનમહેતાએ નબાપા તરીકે જાત્રાએ આવેલા સેનાપતિ ઉખડને સોંપ્યા હતા, નહિ?"

મુંજાલે કાન ફફડાવ્યા; તે ધ્યાનથી સાંભળી રહ્યો.

"હા. એ તો મેં તમને વાત કહી હતી."

"સજ્જનમહેતા તમારા કોઇ સગા હોય એમ લાગે છે નહિ?"

"મને વ્હેમ છે." અધિરાઇથી કીર્તિદેવે કહ્યું."

"કીર્તિદેવજી" મોટે અવાજે કાકે કહ્યું "ત્યારે તમારા પિતાનું નામ જાણવાની ઉત્સુકતા છોડી દો."

"કેમ? કાલભૈરવે નહિ કહ્યું?"

"ના. કહ્યું છે. પણ મરણ અણિએ પિતાનું નામ જાણવાથી તમારૂં નિષ્કલંક જીવન કલંકિત થશે."

"હું!" નિસ્તેજ બની કીર્તિદેવે કહ્યું.

"હા." કાકે મુંજાલ તરફ વિજયદર્શક નજરે જોતાં કહ્યું.

"દ્વિજ છું?"

"કુલ કેવું છે?" નિરાશાભર્યા અવાજે કીર્તિદેવે કહ્યું.

"કુલ પ્રાગ્વાટ[1] છે. તેની નામના નવેખંડે પ્રસરે છે. તમારા પિતા છે સુવિખ્યાત."—

"પણ"—

"બૈરી મારી, બહેન મારી, પુત્રને મારવા તલસી રહે એવા છે" કહી કાક હસીને મુંજાલ તરફ ફર્યો "સુરપાલ! હવે શિરચ્છેદ કર."



## પ્રકરણ ૨૫ મું

### કીર્તિદેવનો પિતા.

મુંજાલ આ વાતચિત સાંભળી દિંગ થઇ ગયો. તેના મોઢા પરથી ગુસ્સો અને સખ્તાઈ જતાં રહ્યાં. મધ્યાન્હના ભભુકતા ગગનમાં વાદળ છવાઇ આવે તેમ મુખપર આંખમાં વેદના છવાઇ ગઈ. તેને કપાળે પરસેવો થયો. તે એકથી બીજા સામું જોઇ રહ્યો.

"સુરપાલ! સબુર કર" તેણે એકદમ કહ્યું "કાક! તું કોની વાત કરે છે?"

કાક કઠોર રીતે હસ્યો "કીર્તિદેવનો શિરચ્છેદ કરો પછી કહું. એ બિચારાનું નિષ્કલંકિત મન નાહકનું અપવિત્ર થશે."

મુંજાલ આ ઘાથી ચીકકો પડયો. શું પુછવું તેને સુઝ ન પડી.

"બોલ બોલ! પ્રાગ્વાટ કુલ કયાનું?"

"પાટણનું."

મુંજાલ ગુંચવાઇ કીર્તિદેવ તરફ ફર્યો; તે માલવી યોદ્ધો સમજી ન શકયો કે મુંજાલમાં આ ફેરફાર કેમ થયો.

"કીર્તિદેવ!" આતુરતાથી ફાટેલ આંખે અને કુજતે સ્વરે મુંજાલે પુછયું "તમે સજ્જનને ત્યાં ઉછર્યા હતા?"

---

૧ પોરવાડ.

"હા."

મુંજાલ કાક તરફ ફર્યો; પણ તે તો હસ્તો હતો. તેની આંખમાં કાંઈ મર્મ સમાયો હતો.

"કાક! બોલ–બોલ. એનો બાપ કોણ–એની મા કોણ? તું આવું શું બોલે છે? હું પણ પ્રાગ્વાટ છું. મેં પણ બાપરીને મરવા દીધી, બહેનને મરવા દીધી" મુંજાલે ઉતાવળથી ગુચવાડામાં પુછ્યું "કીર્તિદેવની માનું નામ શું?" તેનો અવાજ રડવા જેવો થયો હતો.

"બીજું શું હોય? કુલકુંવરબા." હસીને કાકે કહ્યું.

એક ફાળ ભરી મુંજાલ કીર્તિદેવને ભેટી પડ્યો; તેની આંખમાંથી ચોધાર આંસુ પડ્યાં; તેણે રડતે અવાજે કહ્યું:

"મારા દિકરા."

કીર્તિદેવ સમજ્યો; તેના મુખપર નુર આવ્યું–"પિતાજી."

"સુરપાલ! શિરચ્છેદ તો આપો રહ્યો પણ બંધચ્છેદ તો કર" કાકે કહ્યું. સુરપાલે કીર્તિદેવના બંધન કાપી નાખ્યાં, દરેકની આંખમાંથી ચોધાર આંસુ પડવા માંડ્યાં: અને વૃદ્ધ સુરપાલે મર્યાદા છોડી જોરથી નાક સીંકવા માંડ્યું.

થોડી વારે મુંજાલ અને કીર્તિદેવ છુટા પડ્યા અને બન્નેએ આંખો લુછી. મુંજાલે સ્વાસ્થ્ય મેળવી આસપાસ જોયું અને જરા હસી કહ્યું:

"મને આટલાં વર્ષ એમજ થયા કરતું હતું કે તું જીવે છે; સજ્જનમહેતા તો કહ્યા જ કરતા હતા કે તું મરી ગયો. મને એણે સ્પષ્ટ કહ્યું હોત તો હું કેટલો સુખી થાત!"

"પિતાજી! મને પણ તમારી ભાળ મેળવતાં કેટલું થયું. આખરે કાલભૈરવ આરાધી સગપણ જાણ્યું ત્યારે."

"ચાલો!" હજી આંખમાં રહ્યાં સહ્યાં આંસુ લુછતો મુંજાલ બોલ્યો "સોમનાથ ભગવાને મારી સામું જોયું. તારી મા પાછળ, તારી પાછળ કેટલાંયે મેં આંસુ પાડ્યાં છે. મને એવું એકલું લાગતું હતું" જાણે રખેને કીર્તિદેવ અલોપ થઈ જાય, એવી બ્હીકે વારંવાર સ્નેહદૃષ્ટિએ તેને નીર-

ખતાં મુંજાલે કહેવા માંડ્યું. "મારૂં હૃદય અરણ્ય જેવું ઉજ્જડ થઈ ગયું હતું. કીર્તિદેવ! કીર્તિદેવ! આજે પણ મારા હાથથી તારૂં ખુન થતું રહી ગયું."

"ન થયું એ પ્રતાપ આ મારા મિત્રનો" કહી કીર્તિદેવ કાકતરફ આવ્યો.

"અરે હા સુરપાલ! એના બંધ કાપી નાંખ; મુંજાલે કહ્યું અને રખવાલે તે પ્રમાણે કર્યું. કાકના હાથ છુટા થયા કે કીર્તિદેવ અને તે ભેટી પડ્યા.

"કાક!" મુંજાલે હસતાં હસતાં કહ્યું. હજુ તને શિક્ષા કરવી બાકી રહી છે."

"હું પણ શિક્ષા ખમવા તૈયાર છું." કાકે પણ હસીને કહ્યું.

"ના-ના"-કીર્તિદેવે કહ્યું.

"અને શિક્ષા એ કે" મુંજાલે હસીને કાક અને મંજરી તરફ હાથ કરી કહ્યું "તમારે બેએ બારોબહાર ઘેર નહિ જવું, પણ મારી જોડે રાજગઢ આવવું."

"જેવી આજ્ઞા."

"ચાલો!" કહી મુંજાલ આગળ થયો. અકેકી મશાલ સુરપાલ અને કાકે લીધી અને બધા ઉપર આવ્યા. જાણે રખેને કીર્તિદેવ એનો પુત્ર મટી જાય એમ મુંજાલ તેના ખભાપર હાથ મુકી ચાલતો હતો.

"કાક" મુંજાલે કહ્યું "તારૂં કામ હવે વધારે મુશ્કેલ થયું."

"મારૂં કામ!"

"હા. જુનાગઢ જવાનું."

"પણ હું તો કેદી છું." જરા ટોળમાં કાકે કહ્યું.

"ભુલી ગયો? તું તો પાટણની સત્તાનો પ્રતિનિધિ છે." મુંજાલે પણ હસતાં જવાબ આપ્યો. "જેને આપણે પાટણમાં રાખવા ધારતા હતા તે નાઠો."

"હં!" કાક ચકિત થઈ પુછ્યું.

"હા! સાથે સજ્જન મહેતાની છોકરી પણ ઉપાડી જતો હતો.

"કોણ સોમ?" કીર્તિદેવે પુછ્યું.

"હા પણ આપણે સદ્‌ભાગ્યે એ તે આ પડી." કહી મુંજાલે સોમ કેમ ઘાયલ થઈ તેનું વૃત્તાંત કહ્યું.

થોડીવારે એક ખાટલાપર સોમને ઉંચકી બધા નીકળ્યા અને પાટણ આવ્યા.

શ્રીમાલી દરવાજેથી કાક પોતાનો ઘોડો લઈ સજ્જન મહેતાને તેડવા ગયો, અને બાકીના બધાં રાજગઢ આવ્યાં. કાક સજ્જન મહેતાને તેડી આવ્યો અને સાથે સાથે ઉદા મહેતાને દધિસ્થલીથી પાછા લઈ આવવા પોતાના એક માણસને દોડતો સાંઢણીયે મોકલ્યો.



## પ્રકરણ ૨૬ મું.
## મંજરીની મેડી.

સજ્જન મહેતા આવી પહોંચ્યા, અને તેણે બધી વાત કરી. જુવાનીના મદથી—વહેમથી ઉશ્કેરાઈ મુંજલે કુલકુંવરને ત્યાગી હતી. હેતાળ કુલકુંવર પોતાના પુત્ર જેવા છોકરાને લઈ ભાઇને ઘેર જઈ રહી; સજ્જન બ્રહ્મભાણેજને સોરઠ લઈ ગયો અને ઉગતા અમાત્યનો તાપ ફેમે કરી સહ્યો. એ બધાં સોરઠમાં હતાં ત્યારે છોકરાને ઉપાડી લઈ જવા મુંજલે ઘણી મહેનત કરી; પણ સજ્જનની સાવચેતીથી તે બન્યું નહિ.

મુંજલને છોકરો તેની માથી જુદો રાખવો હતો; સજ્જને અને કુલકુંવરે ધાર્યું કે માપરનો કોપ દીકરાને ઠાર કરી કાઢવા મંત્રી છોકરો લઈ જવા માગતા હતા. આ ગેરસમજ દિવસે દિવસે વધતી ગઈ.

વિરહ દુઃખે પીડાઇ કુલકુંવર આખરે સ્વધામ ગઇ; અને દીકરો સંતાડી રાખવાનું વચન ભાઇ પાસે લીધું. એ અરસામાં મુંજલ મહાઅમાત્ય થયો. અને રખેને મહાઅમાત્યની સત્તા ઘણી પ્રબળ નીકળે એમ ધારી સોમનાથની જાત્રા કરવા આવેલા ઉભટ પરમારને તે છોકરો સજ્જને આપી દીધો.

સજ્જને, મુંજલે, મીનળદેવીએ આ વાત ફરીથી, મરેલી કુલકુંવરને સંભારી સંભારી કરી. બધાં રડયાં—બધાં કીર્તિદેવને ભેટયાં—બધાએ કાકનો ઉપકાર માન્યો.

સવાર થવા આવી ત્યારે બધાએ ઘડી બે ઘડી આરામ લેવાનો વિચાર કર્યો; અને મુંજાલે કાક અને મંજરીને માટે રાજગઢમાં જુદી મેડી તૈયાર કરાવી હતી ત્યાં તેઓ ગયાં.

મંજરીનું હૃદય કાકનાં પરાક્રમો જોઈ ઉભરાઈ જતું હતું. કલ્પના-સૃષ્ટિમાં પરણેલા કાલીદાસને અને પરશુરામને તે વિસરી ગઈ. જીવન્ત સૃષ્ટિનો કાક–જેણે કાલભૈરવ આરાધ્યો હતો, મુંજાલને તોબા પોકરાવી હતી એવો મહારથીજ તેની નજર આગળ રમી રહ્યો. તેના મગજમાં અનેક ભાવો ઉદ્ભવતા હતા, અનેક રસવાકયો ઝરતાં હતાં. તેનું હૈયું તે અનેરાં પુષ્પે તેના સૌભાગ્યનાથને ઓવારવા તલસી રહ્યું હતું. તેનો પતિ, હવે પોતાને લાયક તેને લાગ્યો.

તેને આશા હતી કે મેડીમાં પેસતાં કાક ઉમળકાભેર પહેલાં જેમ આવતો હતો તેમ હોંસથી આવશે; તેને હૃદયે સંકેલશે. પણ મેડીમાં પેસતાં કાક જુદોજ થઇ ગયો;–તેનું શાન્ત, સ્વસ્થ, તિરસ્કારપૂર્ણ વદન જોઇ મંજરી નિસ્તેજ બની રહી.

કાકે મેળવેલો વિજય અપ્રતિમ હતો; અને તેથી તેના મગજમાં સકારણે ગર્વ આવ્યો હતો; અને પહેલી રાતે મંજરીએ કરેલું અપમાન તે વિસર્યો નહોતો; તે રમણીના હૃદયમાં થયેલા ફેરફારની તેને માહિતી નહોતી; અને તેના ગર્વના ચૂરેચૂરા કરવા તે માગતો હતો. આથી એકાન્તમાં આવતાં તે સ્વસ્થ, અને અતડો થઈ રહ્યો; તેના મગજમાં તે પ્રથમ રાતે અભિમાની મંજરીએ કહેલાં વાકયો અત્યારે સંભળાતાં હતાં.

તે આવ્યો, અને તે રાતે કર્યું હતું તેમ પોતાની પાઘડી બારણા આગળ નાંખી સુવા તૈયાર થયો. પથારી પર બેઠેલી મંજરીનું અંતઃકરણ માંહ્ય ને માંહ્ય ચીમળાઈ ગયું. તે ઉઠી, ધીમેથી પાસે આવી. તેનાં હમેશનાં ગૌરવ અને ગર્વ જૂતાં રહ્યાં હતાં; ક્ષોભથી તેની નસેનસ કાંપતી હતી.

"તમે જુનાગઢ જવાના છો?"

"હા. તને અમાવાસ્યાએ લઈ જવાનું વચન આપ્યું હતું તે પાળીશ, ગભરાઈશ નહિ" બેદરકારીથી કાકે જવાબ દીધો.

મંજરીનો ગર્વ આ ભેદરકારીથી ઘવાયો અને હૃદયના ભાવો વણ-બોલ્યા રહી ગયા; તે ખિન્ન હૃદયે પણ કૃત્રિમ દૃઢતાથી પથારીમાં આવીને પડી.

થાકેલા કાકે નિરાંતે ઉઘવા માંડ્યું. હૃદયની વ્યથાથી ગુંચવાઈ રહેલી મંજરી જાગતી માગતી પડી રહી. પતિ હતો, છતાં તેની મેડી સૂની હતી.



## વિભાગ ૪ થો.

## પ્રકરણ ૧ લું.

### ન્યાય.

બીજે દિવસે સવારે વિજળી પડે તેમ પાટણપર એક વાત પડી.–કે મુંજાલમહેતાનો મરી ગયેલો છોકરો ફરીથી સજીવન થયો.

આ વાતે અનેક સ્વરૂપ લીધાં–અનેક મુખે જઈ આવી–અનેક રૂપાન્તરો કર્યાં–અનેક સુધારા વધારા સાથે પાટણની પરકમ્મા કરી; અને પુરૂષો, સ્ત્રીઓ, છોકરાંઓ બધાને વશ કર્યાં.

વાત ચોક્કસ હતી–તેના પૂરાવા પ્રત્યક્ષ હતા. તે આ પ્રમાણે હતીઃ મુંજાલમહેતાનો છોકરો મામાને ત્યાં સોરઠમાં રહેતો હતો ત્યારે શેષનાગ સોમનાથની જાત્રા કરવા આવ્યો; આ નાગરાજ જાત્રા કરી પાછા ફર્યા ત્યારે વંથળી આગળ આ કંદર્પની કાન્તિને લજવાવે એવી કાન્તિવાળો કુંવર રમતો દીઠો. શેષનાગ આ કાન્તિ જોઈ મોહ્યા. પાતાળમાં રહેલી અનેક નાગીણીઓને અને તેની જાયાઓને વિસરી ગયા, અને છોકરાને ઉપાડી ચાલતા થયા. મુંજાલમહેતાને ખબર પડતાં તેણે પુત્ર ફરી મેળવવા અનેક પ્રયાસો કર્યાં; પણ બધા વ્યર્થ ગયા. આખરે જ્યારે ભટ્ટરાજ કાક પાટણ આવ્યો ત્યારે પાતાળ જઈ પુત્ર લઈ આવવાનું બીડું તેણે ઝડપ્યું. તેણે નર્મદાજીની આરાધના કરી; અને તે મહાદેવી પ્રસન્ન થતાં, અભય વચન લઈ આ અડગ ભટ્ટરાજે હિંગળાજવ્યાચરને ઓવારે જઈ સાત દિવસ ને રાત સુધી કાળભૈરવ સાથે યુદ્ધ કર્યું–આખરે કાળભૈરવ હાર્યો,

અને બન્ને બેસાડી કાકને પાતાળમાં લઇ ગયો. ત્યાં શેષનાગે મુંજલસુતને છોડવાની ના કહી–કાક તેને વળગ્યો; અને કાક ધસડતો ધસડતો તેને વિમલશાહની વાવ સુધી લઇ આવ્યો. ત્યાં કાક ને નાગરાજ વચ્ચે યુદ્ધ થયું; કાળભૈરવની સહાયતાથી શેષનાગ હાર્યોઃ અને મુંજલ સુતને લાટનો યોધ્ધો રાજગઢમાં લઇ આવ્યો.

કોઇએ એક વાત સાચી માની–બીજાએ બીજી ખોટી ઠેરવી–ત્રીજાએ પુરાવા આપ્યા–ચોથાએ સામાં પ્રમાણો કહ્યાં. પણ સામાન્ય વર્ગે આ વાત ખરી માની. અને તેનું કારણ એ હતું કે આ વાત દામોદર વાલંદે કહી હતી; અને તેનો પુરાવો એ હતો કે એ ગૃહસ્થે મુંજલમહેતા, તેનો છોકરો અને કાક, ત્રણેની રાજગઢમાં સવારે પોતાને હાથે હજામત કરી હતી, અને કાકને શેષનાગે પુછડા વતી કરેલા પ્રહારના જખમોપર જાતે, પોતે, ધાબાજરીયું લગાવ્યું હતું.

જો આ વાલંદ શિરોમણીને અધમ કે અલ્પ ગણીને આ ઇતિહાસમાંથી બાતલ કરવામાં આવે તો પાટણની નરરત્નાવલીમાંનો એક મોટો મણકો જતો રહે–અને માલા અધુરી રહી જાય.

જેમ દેવલોકની વાત મર્ત્ય લોકને નારદમુનિ મારફતે મળતી–જેમ ઉમરાવ કુટુમ્બોની વાત સામાજીક છાપાં મારફતે આજ મળે છે.–તેમ ગુજરાતના મહાજનોની ખાનગી વાતો સામાન્ય વર્ગને દામોદરના ન્યાતીલાઓ મારફતે મળતી. જ્યારથી દાઢી રાખવાનું છોડી પાટણના અગ્રેસરોએ આ ગૃહસ્થો આગળ નીચું માથું નમાવવાનો આરમ્ભ કર્યો ત્યારથી એમનો મોભો અને સત્તા સર્વોપરી થઇ ગયાઃ ત્યારથી વાલંદ વીરોની પરંપરાને એ ગુજરાતી ઘરોમાં અગત્યનું સ્થાન મળ્યું.

અસ્ત્રો પટપટાવતાં તેઓ પ્રશ્નો પુછતા, પાણી લગાડતાં ભલા ભલાને પાણી પાણી કરી નાંખતા, મુછો કાતરતાં મુત્સદીઓને પણ મોહિની લગાડતા, રાતના દીવા કરવા આવતાં ઘરધણીઆણીઓનાં હૃદય પણ વશ કરી દેતા. તેઓ ઘેરે ઘેરની વાત જાણતા, સ્વાર્થ કે પરમાર્થના વિચાર વગર, સુધારી વધારી, પ્રસારતા, ઘણાની કજેતી કે બેડોપાર કરતા, ઘણાંનાં ઘરો ભંગાવતા કે મંડાવતા. દરેક કુટુમ્બીને નહિ ચાલે, કુલગોર કે કુલગાંયજા

વિના; લગ્ન કરવાં હોય કે તોડવાં હોય, નોતરાં દેવાં હોય કે ટાળવાં હોય, સંદેશા કહાવવા હોય કે ચાડી કરવી હોય, સ્વાર્થ સાધવો હોય કે શ્રાદ્ધ સારવું હોય તો આ બે મહાત્માઓ વિના પાટલો ફરતોજ નહોતો.

આવા ગૃહસ્થોમાં શ્રેષ્ઠ કાણો અને વૃદ્ધ વાલંદ દામોદર હતો. પાટણ સ્થપાયું ત્યારથી તેના પૂર્વજોએ પાટણના પતિઓના મુખારવિન્દો રઢિયાળાં કર્યાં છે. અને તેઓ ન હોત તો એ બધા નરેશોનાં નૂર ઝાંખાં જ પડી જાત એવું અભિમાન તે ધારતો; અને ઘણે અંશે પાટણની મહત્તા તેણે તેના રાજા અને મંત્રીઓપર ચલાવેલા અસ્ત્રાની અણીથીજ વધતી હતી એમ તેનું માનવું હતું. આ ગૃહસ્થ ગામના ગપાટાઓનું સંગ્રહસ્થાન હતા; અને તે સંગ્રહસ્થાનનો બનતો ઉપયોગ કરવા મુંજાલમહેતા ચુકતા નહિ. પણ તે લાભની કિંમત તરીકે રાજગઢની કાંઇક વાતો અમાત્યને પણ કરવી પડતી.

અમાત્ય પાસેથી થોડીક વાત કઢાવી દામોદર કીર્તિદેવ પાસે ગયો. અને બીજી થોડીક વાત કઢાવી; ત્યાંથી કાક પાસે ગયો. અને જે માણસની દહાડી સામે તે તિરસ્કારની નજર પણ ન કરત તેને પંપાળી પંપાળી થોડીક પાદપૂર્તિ કરાવી. જે ખુટ્યું તે પોતાની કલ્પનાશક્તિ ચલાવી ઉમેર્યું; અને ઉપર આપેલી ખબર બને તેટલી ત્વરાથી બને તેટલે ઘેર પહોંચાડી દીધી. આ શુભ પ્રયાસને પરિણામે મુંજાલમહેતાના પુત્રને અને શેષનાગના વિજેતાને નિરખવા આખું પાટણ રાજગઢ આવ્યું: અને સ્નેહીજનોનાં, નાગરિકોનાં અભિનંદનો સ્વીકારતાં મુંજાલમહેતાની ધીરજ પણ ખુટવા લાગી. તેના હૃદયપરથી દિવસો થયાં ઘેરાયેલું વાદળ વિખરાઈ ગયું. કીર્તિદેવ તો તેવો ને તેવોજ રહ્યો.–તટસ્થ, તેજસ્વી ને નિરાળો; માત્ર તેના મુખપર અસ્પષ્ટ ગ્લાની જણાતી હતી, પણ આવે પ્રસંગે, તે કોઈ જોઈ શક્યું નહિ.

બપોર થઈ ત્યારે ઉદામહેતા રાજગઢ આવી પહોંચ્યા. તેનું મ્હોં જરા કરમાયેલું લાગતું હતું, છતાં તેવી ને તેવીજ મીઠાશથી તે બધા સાથે હસીને બોલવા લાગ્યો. ત્યાં ભેગા થયેલા પુરુષોમાંના થોડાજ જાણતા હતા કે પરોઢીયામાં સાંઢણીની પીઠપર મુશ્કેટાટ બની તેણે દ્વિપસ્થલીથી પાટણ સુધી–મને કમને–મુસાફરી કરી હતી. તેણે પણ શેષનાગવાળી

વાત સાંભળી હતી; અને દિવસે દિવસે વધારે સબળ થયલા શત્રુને જોઈ, તેને બનતી ત્વરાએ પુરો કરવાની ગાંઠ જે મનમાં વળી હતી તેને સપ્ત કરી. આવા સંકલ્પ કરી રાજગઢ આવતાં તે મુંજાલમહેતા બેસતા હતા તે ખંડમાં ગયો, પણ ત્યાં માત્ર કાકને જ નિરાંતે ઉભેલો જોઈ તેના ક્રોધાગ્નિમાં ઘી હોમાયું.

તેને જોઈ કાક કૂર્યો અને માર્મિક હાસ્યે તેને આવકાર આપી બોલ્યોઃ "ઓહોહો ઉદામહેતા! તમે ક્યાંથી? મુંજાલમહેતા તમારી જ વાટ જોયા કરતા હતા."

"એમ?" જરાક તિરસ્કારભર્યું હસીને ઉદાએ કહ્યું. "હું તમારી પ્રશંસા સાંભળવામાં રોકાયો હતો. કેમ શેષનાગને પુરો કરી આવ્યા?"

તરવાર જેવી ધારદાર દૃષ્ટિએ કાકે ઉદા સામું જોયું, અને તેના શબ્દોમાં રહેલું વિષ પારખ્યું. તેને લાગ્યું કે મીઠાશથી હવે કાંઈ વળવાનું નથી. તેણે પણ હસીને જવાબ આપ્યોઃ "અરે હા! નાગને તો આંધી, જકડી નિરાધાર બનાવી મુકયો."

"નાગ વિફરશે ત્યારે?" મંત્રીએ દાંત પીશી કહ્યું.

"આ વખત તો બાંધ્યો; પણ આવતી વખત બત્રીશે દાંત તોડી નાંખીશ.'

"શેષનાગ અનંત છે, હોં. જોજો."

"હા. તેથીજ ધણો વૃદ્ધ ને નિર્વીર્ય છે."

ઉદાએ હોઠ કરડ્યા, અને તુચ્છકારથી હસ્યો "કાકભટ્ટ! તમે તો પાટણ જીતવા નીકળ્યા લાગો છો? જોજો ક્યાંઈ ચામુંડદેવ[1] ન મળે!" એમ કહી તે જવા માટે કૂર્યો; પણ કાકનો વિચાર તેને તેમ જવા દેવાનો નહોતો.

"તમેજ સંભાળજો. કોઇ સેનાપતિ આરપ[2] મળશે તો ભાગતાં ભોંય ભારે પડશે." કાકે પ્રત્યુત્તર વાળ્યો "લાટના યોદ્ધાઓ પાટણની અનાથ છોકરીઓ નથી કે ઉપાડી જવાય."

---

૧ મુળરાજના પુત્ર ચામુંડ લાટ જીત્યું હતું. ૨ મુળરાજ સોલંકીને લાટના સેનાપતિ આરપે નહસાવ્યો હતો.

ઉદો કૂર્યો; તેની આંખનો ચમકાર ઉડો ને ભયંકર થયો; અને સખ્તાઈથી કહ્યું: "તમે પાટણના મંત્રી સાથે વાત કરો છો—હોં."

"ના. હું તો નિરાધાર બાળકીઓના રંજાડનાર સાથે વાત કરું છું."

ઉદાનો હાથ તેના ખર્જા પર ગયો; તે એક ડગલું પાછો કૂર્યો. "એક શબ્દ વધુ બોલશો તો—"

"એક શું—એકસો કહીશ. કવિકુલશિરોમણીની છોકરી એટલામાં વિસરી ગયા?" હસીને કાકે પુછ્યું.

ઉદાને ભાન આવ્યું કે રાજગઢમાં ઉઘાડે બારણે મારામારી કરવાથી કૂજેતી થયા વિના રહેશે નહિ. તેણે મહા પ્રયત્ન કરી ગુસ્સો શમાવ્યો અને તરવાર પરથી હાથ લઇ લીધો. કાક સમજ્યો અને કહ્યું:

"શું કામ ગુસ્સો દેખાડો છો? છાનાં છપનાં કરેલાં કામ આખી દુનીયા જાણશે."

મંજરી કાકને પરણી છે એ વાત ઉદો જાણતો નહોતો; અને તેથી તેને પોતાના કર્તવ્યની અધમતાનો પુરેપુરો ખ્યાલ નહોતો. તેણે હિંમતથી કહ્યું: "ભલે આખી દુનીયા જાણે!"

પાછળથી મુંજાલમહેતાનો હસ્તો અવાજ આવ્યો. "શું આખી દુનીયાને જણાવો છો?"

કાક અને ઉદો બન્ને ચમકયા—દિંગ થઇ ગયા; અને શું કહેવું તેના વિચારમાં પડ્યા. આખરે ઉદાએ કહ્યું: "આ ભટ્ટરાજનાં પરાક્રમ."

"હાસ્તો" શા વિષે ઉદો વાત કરે છે તે ન સમજતાં મુંજાલે કહ્યું.

ઉદાએ સ્વાસ્થ્ય મેળવી, મીઠાશથી કહ્યું: "મહેતાજી! હું પરાક્રમ કહું છું તેની આપને ખબર નહિ હોય."

"શું?"

"એક મારે ત્યાંની આશ્રિત બ્રાહ્મણ કન્યા છે. તેને એ ઉપાડી લાવ્યા છે." મીઠાશ ઝરતો અટકેલો શબ્દ બોલતાં ઉદાએ કહ્યું "અને તેની મા તેના વગર મરવા પડી છે. હું એમને કહેતો હતો કે શા માટે બીચારીને રંજાડો છો?"

"કાક! આ શું?" જરાક સખ્તાઇથી મુંજલે પુછ્યું. મુંજલના મ્હોંપરથી કેાઇ કહી શકે નહિ કે તે કાંઇ પણ જાણતેા હતેા. "મહારાજ! પણ રાતેારાત તેને ઉદામહેતા ઉપાડી ગયા, અને સંતાડી આવ્યા."

મુંજલ ઉદા તરફ ફર્યો.

"હા. બીજો રસ્તેા શું? પણ છતાં ભટ્ટરાજનેા જીવ રહ્યો નહિ તે પાછી ઉપાડી ગયા."

"એ છેાકરીની મા કયાં છે?" મુંજલે પુછ્યું.

"ખંભાતમાં."

"વાહ!" સખ્તાઇથી મુંજલે કહ્યું "આ તેા પાટણ છે કે વેરાન; એક બીચારી છેાકરીની તાણાતાણી શી? કાક ભટ્ટ! એ છેાકરી તમારી પાસે છે?"

"જી હા." હિંમતથી કાકે કહ્યું.

"ત્યારે તેની માને સ્વાધીન કરવી જોઇએ." ઉદાએ કહ્યું.

"મહારાજ! આપ ન્યાયમૂર્તિ છેા." જરાક મુછમાં હસીને કાકે મુંજલને કહ્યું "આપની આજ્ઞા મને શિરસાવંદ્ય છે. પણ ઉદામહેતા શ્રાવક થઇ એ બ્રાહ્મણ કન્યાને પરણવા માગતા હતા. અને હજુ એમનેા એ વિચાર છે!"

"મારેા વિચાર શું છે તે તમારે જાણવાની શી જરૂર?"

"ત્યારે મહારાજ!" કાકે શાન્તિથી મુંજલને કહ્યું "હું એ કન્યા એમને કેમ આપું? આપની આજ્ઞા પાળવી જોઇએ તેા હું જાતે ખંભાત જઇ તેની માને સોંપી આવીશ."

"શા માટે?" મહાઅમાત્યે પુછ્યું.

"ઉદામહેતાપર મને વિશ્વાસ નથી."

"વિશ્વાસ" મુંજલે સખ્તાઇથી પુછ્યું.

"હાજી! જે છાનામાના પરદારા ઉપાડી જાય તેના પર વિશ્વાસ કેમ રખાય?" શાન્તિથી કાકે કહ્યું.

"પરદારા!" ગુસ્સામાં ઉદાએ જવાબ આપ્યેા "શું? તેની માન વચનદાને તે મારી દારા થઇ છે."

"અગ્નિસાંનિધ્યે તે મારી ભાર્યા થઇ છે." ગર્વથી કાકે કહ્યું.

વિજળી પડત તોપણ બંભાતના મંત્રી આવા દિંગ ન થઇ જાત; માત્ર મોઢું ઉઘાડી જોઇ રહેવા જેટલાજ તેનામાં હોશકોશ રહ્યા.

"કોની કવિકુલશિરોમણીની મંજરીની વાત કરો છો?"

"જી હા."

"તેનું તો તમે પાણી ગ્રહણ કર્યું છે" મુંજાલે ગંભીર અવાજે કહ્યું.

"જી હા."

"અને તે પરણેલી સ્ત્રીને તમે ઉપાડી ગયા" મુંજાલે ઉદા તરફ ફરીને કહ્યું. "તમે? આવકોના શિરોમણી થઇને? વાહ! મીનળદેવીએ તો તેને પોતાની છોકરી કરી છે. ખબર છે?" દરેક પ્રશ્ને ગુંગળાતો ઉદો ભોંયમાં માગ માગતો પાછળ ખસવા લાગ્યો, અને ભીંતનો ટેકો શોધ્યો.

"મહારાજ! આપની આજ્ઞા હોય તો હું મારી પત્નીને તેની મા પાસે–" જરાક હસીને કાક કહેવા ગયો પણ મુંજાલની આંખોમાં વ્યાપી રહેલી સત્તાથી અંજાઈ તે મુગો રહ્યો.

મુંજાલે ગાંભીર્યથી આગળ ચલાવ્યું: "મેં તમને ડાહ્યા ધાર્યા હતા મહેતા! બોલો હવે શું કરૂં? તમે ન્યાય માગતા હતા. ન્યાય કરૂં?"

થોડી વાર કોઇ બોલ્યું નહિ. પછી મુંજાલે કહ્યું:

"કાકભટ્ટ! મહેતા! પાટણના અગ્રેસરોમાં આવી તકરારો શોભે? તમે તો રાજ્યનીતિના સ્તંભો છો. ચાલો હવે થયું તે થયું; પણ તમારૂં વેર વિસરી જજો." કહી મુંજાલ ત્યાંથી ચાલ્યો ગયો.

તે ગયો એટલે બન્ને જણ અકેક સામું ધુરકયા.

"આને માટે પસ્તાવું પડશે." મુઠ્ઠ પર હાથ નાંખી જતાં જતાં ઉદાએ કહ્યું.

"હમણાં તો તમે પસ્તાવો કરો. મારો વારો આવશે ત્યારે જોઈ લઇશ."

## પ્રકરણ ૨ જું.

### સોરઠ તરફ પ્રયાણ.

બીજે દિવસે અંધારામાં કાક અને મંજરીએ રસાલા સાથે સાંઢણીપર, પાટણ છોડ્યું. કાકનું મન પ્રફુલ્લ હતું; મંજરીનું ભારે હતું. કાક ટૂંક વખતમાં પાટણના રાજ્યકારભારમાં પોતાનો એકડો દાખલ કરી, સોરઠમાં નવાં પરાક્રમનાં અણુદીઠાં ક્ષેત્રો ખોળવા જતો હતો; મંજરી પોતાની મરજી વિરૂદ્ધ, ગર્વથી જ ખેંચાઈ, કાકનું ઘર છોડી મોસાળ જતી હતી.

જેમ આગળ જતાં, ઉષાનો આભાસ ચોમેર પ્રસરવા માંડ્યો તેમ ગામો, ખેતરો સીમમાં જતા ખેડુતો તેમની નજરે ચડવા લાગ્યા; અને તેમ તેમ મંજરીનું હૃદય વધારે ખિન્ન થવા માંડ્યું.

ગર્વ એ મનનો કોટ છે; બહારનો પ્રતાપ અંદર ન આવવા દેવાનું મુખ્ય સાધન છે; એનાથી અંદર રહેલું મન નિર્ભય, તટસ્થ, સંતુષ્ટ રહે છે. જ્યાંસુધી આમાનિની પોતાને શુદ્ધ અને શ્રેષ્ઠ માનતી હતી, ત્યાં સુધી આસપાસનાં તોફાનો કે ભાવો તેને સ્પર્શતાજ નહિ; બીજા બધા ગમે તે કરે, કે કહે પણ તેની ગર્વભરી શાંતિ અડગજ રહેતી. તેને લાગતું કે તે આ દુનિયાથી નિરાળી છે. આ એની શાન્તિનું, અસ્પર્શતાનું મુળ હતું; અને આથીજ તે પોતાની માનસિક સૃષ્ટિમાં નિરાંતે મ્હાલી શકતી.

પણ તેના ગર્વનો ગઢ તુટ્યો હતો; તેમાંથી બહારનાં તોફાન અંદર આવતાં હતાં; તેનો અને સૃષ્ટિનો સંસર્ગ સરલ થયો હતો, તે પોતાની જાતને ઋષિઓની કન્યા, અને કવિવરોની વધૂ માની શકી નહિ; હવે તેને ભાન થયું કે તે એક નિરાધાર કન્યા છે–અને અણમાનીતી સ્ત્રી છે. ઉદાસે પાડેલાં દુઃખ તે સહેલાઈથી સહી શકી કારણ કે તે બધાં સ્વપ્ન-સૃષ્ટિમાં પડેલાં જેવાં દુઃખો તે માનતી હતી; પણ કાકની બેદરકારી તેને સાલવા લાગી કારણ કે કાકની દુનીયા તે હવે તેની થવા લાગી હતી. હવે પરશુરામનું વર્ણન ગાઈ સંતોષ નહિ મળ્યો, કાલીદાસનો નિર્જીવ પ્રેમ અકારો લાગ્યો; હવે તેને કાકનું હાસ્ય જોઇતું હતું, તેનાં પ્રેમભીનાં વચન સાંભળવાં હતાં.

મુસાફરીમાં તેને કાંઇપણ અડચણ ન પડે એમ કાક બધી ગોઠવણ કરતો. પણ તેથી તે સંતુષ્ટ નહોતી. ઘણીયે વખત કાંઈ લાવી આપતાં, મુકામ કરવાની જગ્યાની પસંદગી કરતાં, કાક તેની જોડે વાતચિત કરતો, પણ આ વાતચિત તેને ચુંગળાવતી; તેમાં નહોતો રસ કે ભાવ; નહોતી હોંસ કે ઉમળકો; આ શાન્ત વ્યવહાર વાતચિત તેનું હૃદય ભેદી રહી હતી. તેના રસિક હૃદયને રસ ઝરતાં પ્રેમવાકયો જોઇતાં હતાં.

જેમ વખત ગયો તેમ તે અધીરી બની. સ્વાસ્થ્ય મેળવવાના, ગર્વ સજીવન કરવાના બધા પ્રયત્નો નિષ્ફલ થયા. કાકની શું ઇચ્છા છે, તે કયું રમણીય સ્થળ પસંદ કરે છે, તે શું હુકમ કરે છે—આ બધી વસ્તુઓ તેના ચિત્તને વશ કરી રહી. જે કલ્પનાસૃષ્ટિમાં તે અત્યાર સુધી જીવતી હતી તે સ્મરણરૂપ થઇ રહેવા લાગી; અને જ્યારે તેને મન આગળ ખડી કરવા તે પ્રયત્ન કરતી ત્યારે કાક તેમાં આવી મધ્યસ્થાને વિરાજતો અને તે ત્યાં પણ તેનેજ નિરખ્યા કરતી.

કલ્પનાસૃષ્ટિમાંજ તરવરી રહેલા તેના ભાવો હવે ખરી સૃષ્ટિમાં આશ્રય શોધતા હતા; આશ્રયદાતા હતો ખરો, પણ આશ્રય દેતો નહોતો અને પરિણામે તેના ભાવોના પ્રાબલ્યે તેનો અસંતોષ વધતો હતો. અને શું સુંદર પ્રસંગો? સાંઢણી પર, શુકલપક્ષના ઉગતા બાલચંદ્ર સાથે લાડ કરતી કોડીલી સંધ્યાના ઉદ્દીપક આભાસમાં તેઓ સાથે સાથે બેસતાં; બપોરે તે રાંધતી, એ ખાતો; રાતે ઉતારામાં કે પ્રેમીઓની પર્ણકુટી સમી વટવૃક્ષની વટ નીચે તે સુતાં. પણ નહોતો રસ, નહોતો સંવાદ કે નહોતો આનંદ. અણમોલા દિવસો વહી જતા હતા—પણ જીવા અણજીવ્યા જેવા.

તેમની મુસાફરી દોઢ દહાડો તો નિર્વિઘ્ને થઇ. બીજે દિવસે સાંજના ગામનો ઉતારો શોધવા મુખીને ઘેર ગયો પણ મુખીની સ્ત્રીએ કહ્યું કે તે સીમથી હજુ આવ્યા નથી. રાત પડી હતી એટલે કાકે તે માન્યું નહિ.

"પણ ઉતારો કયાં છે?"

જવાબમાં મુખીની સ્ત્રીએ બારણું અડકાવી દીધું. તેણે પડોશીને પુછ્યું. તે પણ જવાબ દીધા વગર ઘરમાં પેસી ગયો. કાકને ગુસ્સો લાગ્યો. તેણે જોર તેનાં બારણાંને બે લાત લગાવી.

"બોલ! નહિ તો હમણાં બારણાં તોડી નાખીશ. હું પાટણનો ભટ્ટરાજ છું."

એના બરાડાથી ગભરાઇ ઘરવાળાએ ધીમેથી બારણાં ઉઘાડ્યાં. "કેમ બાપુ?"

"હરામખોર! જવાબ આપતાં તસ્દી પડે છે. જીભજ ખેંચી કાઢીશ. બોલ ઉતારો કયાં છે?"

"મુખી જાણે. અન્નદાતા!"

કાકે દાંત કચકચાવી તરવાર પર હાથ મુકયો. "બોલ."

ધ્રુજતા હાથ જોડી પેલો બોલ્યોઃ "બાપુ આ સામે રસ્તે જાઓ. ત્રીજું ઘર."

કાક તેના સામે તિરસ્કારની નજર નાખી ચાલ્યો અને ઉતારા પાસે ગયો. ત્યાં આઠ દશ ગામડીયા હાથમાં ધારીયાં લઇ રસ્તામાં બેઠા હતા. કાક જાણે ઉતારાનો માલીક હોય તેમ પોતાની સાંઢણીઓ પાછળ દોરાવી આવ્યો; પણ તેને જોઇ પેલા ગામડીઆઓ ઉભા થઇ ગયા.–

"બાપુ! ઉતારામાં જગ્યા નથી."

"મુખી કયાં છે?" સત્તાથી કાકે પુછયું."

"નથી."

"મારે ઉતારામાં રાત રહેવું છે."

"નહિ રહેવાય બાપુ! મુખીનો હુકમ નથી."

"મુખીનો હુકમ!" કાકે ગુસ્સામાં કહ્યું "તમારા મુખીને મારી પાસે આવવા દો પછી દેખાડું. ચાલો, બાજુ હટો."

ગામડીઆઓ ધારીયાં લઇ પાસે આવ્યા; કાકના રોફથી તે દબાય એમ લાગ્યું નહિ. એટલામાં પાછળથી એક વૃદ્ધ ગામડીયો આવ્યો.

"કેમ, છે શું? હું મુખી છું. શું કહેવું છે?"

"એટલુંજ કે મારે ઉતારામાં રાત ગાળવી છે."

"તમે કોણ છો?"

"પાટણનો ભટ્ટરાજ છું."

"ઉભા રહો. તમને એક ગામમાં ઘર ખાલી કરાવી આપું."

કાક જીદે ભરાયો "એટલે? આ ઉતારો શું કામ કરાવ્યો છે?"

"એ ઉતારામાં બાપુ!" વિનયથી સમજાવી મુખી બોલવા લાગ્યો "બીજા કોઈ ઉતર્યા છે."

"પણ ઉતારો તો મોટો છે?"

"પણ એમને કોઈ પસંદ નથી."

કાકનો અહંકાર ઘવાયો. "એવો તે કોણ છે? નહિ. હું અહિયાંજ ઉતરીશ" તેણે ડોળા કાઢી કહ્યું.

"અહિયાં નહિ ઉતરાય" તેવીજ દૃઢતાથી મુખીએ કહ્યું. કાક વિસ્મય પામ્યો. આ ગામડીયાઓ આટલી દૃઢતા દાખવી શકે તેમ તેણે આશા રાખી ન હોતી. પણ હવે આ નમતું આપવું તેને રૂચ્યું નહિ તેમજ ઉતારામાં કોણ છે તે જાણવાની જીજ્ઞાસા પણ તેને થઈ આવી.

"તે જોશો. રબારી! સાંઢણી આગળ ચલાવ."

આડાં રાખેલાં દશ ધારીયાના અન્તરાયે તેને રોકયો; અને તે જોઈ સાંઢણી બેસાડી કાકના અનુચરો નીચે ઉતર્યા અને તેની આસપાસ આવીને ઉભા.

કાકે જોયું તો તેનાં બાર માણસ આગળ આ ગામડીઆઓનો હિસાબ નહોતો. "પાટણના ભટ્ટરાજનો હાથ જોવો છે કેમ?" કહી તેણે તરવાર કાઢી છતાં પેલો મુખી હાથ જોડી સામે ઉભો રહ્યો.

"અન્નદાતા! મારૂં કહ્યું માનો ને જીદ જવા દો."

શું કરવું તેનો વિચાર કરતો કાક એક પળ થંભ્યો. તે પળમાં બધા શાન્ત રહ્યા—માત્ર અંદરથી કોઈનો અવાજ આવ્યો—"હુંગર! જોની એ શું ગડબડ છે?"

કાકે એ પરિચિત નામ, પરિચિત અવાજે, સત્તાવાહી, અભિમાની રીતે ઉચ્ચારેલું સાંભળ્યું; અને તે પાછો હઠયો. તેની અજયબીના પાર રહ્યો નહિ "હેં."

મુખી સમજ્યો અને જવાબમાં કહ્યું: "હા! મહારાજ."

કાક હસ્યો. "ઠીક, મારાં માણસોને સારૂ ગોઠવણ કરો. અને જઈને કહો કે ભટ્ટરાજ કાક આપને મળવા માગે છે."

નમસ્કાર કરી મુખી અંદર ગયો, અને ગામડીઆઓ રસ્તો રોકી ઉભા રહ્યા. મુખી અંદર ગયો કે એક સામાન્ય વેશે કોઈ ઓટલા પર બહાર નીકળ્યું, અને તેણે પુછયુંઃ

"કોણ લાટનો કાક?" આ અવાજ સાંભળી ગામડીઆઓ સમાન દૂર હઠયા.

"હા. મહારાધિરાજ!" કહી કાક ઉતારાના ઓટલા પર ચડયો. આ ઉતારામાં ઉતરેલો પુરૂષ તે ગુજરાતનો નાથ જયદેવ હતો.

## પ્રકરણ ૩ જું.

## જયદેવની મૃગયા.

અન્નદાતા! આપ અહિયાં? મેં તો સાંભલ્યું કે "આપ મૃગયા રમવા નીકળ્યા છો." કાકે પુછયું.

જયદેવ મહારાજ જરા હસ્યા, અને બોલ્યાઃ "હા. કેમ અહિયાં મૃગયા નહિ રમાય?"

"આપ મહારાજ ચાહો તે વસ્તુ ધારો ત્યાં કરી શકો. કાંઈ ના કહેવાય.?"

"પાટણના સમાચાર શા છે?"

"કાંઈ નવિન નથી. મુંજાલમહેતાનો પુત્ર જગ્યો" કહી તેણે કીર્તિદેવની વાત કહી. "પણ આપ પાટણ ક્યારે જાઓ છો?"

"મારૂં કાંઈ નક્કી નથી. પણ હવે ગયા વિના છુટકો નથી."

જરા હસી કાકે કહ્યુંઃ "મૃગયામાં ઘણી મજાહ પડી હોય એમ લાગે છે. શું માર્યું?"

જયદેવ જરા ઘુંચવાઈ આસપાસ જોવા લાગ્યો "હા. કાંઈ હરણાં માર્યાં."

"આ તરફ હરણ છે? મંડલેશ્વર મહારાજ તો ના કહેતા હતા. આપના શીકારીઓ ક્યાં બીજે ગામ પડયા છે.?"

ફરી મહારાજ ઘુંચવાયા "હા."

"મહારાજ! આપે હવે પાટણ જવું જોઇએ. મુંજાલમહેતા આપની વાટ જુવે છે."

"કેમ?"

"ગઈ કાલેજ એણે આપને પાછા બોલાવા માણસો મોકલ્યાં."

"શું કામ છે એવું?" જરા ભવાં ચડાવી જયદેવે કહ્યું.

"જુનાગઢમાં પાછી ખટપટ ચાલી છે. નવઘણ રા' મરવા પડયો છે."

"તેમાં મારૂં શું કામ છે? મારે ક્યાં એને અમિદાહ આપવો છે?"

"ના. પણ કઈ ઘડીયે શું નવી રમત ઉભી થાય એ કેમ કહેવાય? તેમાં તો હું ત્યાં જાઉ છું" કહી ધીમેથી કાકે મહારાજને તે શા માટે સોરઠ જતો હતો તે કહી સંભળાવ્યું. અને કહ્યું: "એટલે મુંજાલમહેતાનો સંદેશો આપને આજ કાલ મળવાને!" એક પળવાર જયદેવ વિચારમાં પડી મુગો રહ્યો.

"મુંજાલમહેતા જાણે છે કે હું કઈ તરફ છું?"

"તે કેમ કહેવાય? મુંજાલમહેતા શું જાણે છે ને શું નહિ તે કેમ કહેવાય?"

"એ પણ પીડા આવી" જયદેવથી બોલાઈ જવાયું.

"પણ મહારાજ! આપને શીકાર કરવા નીકળે દશ બાર દિવસ થયા. હવે કેટલુંક રહેશો?"

"આ રાજ્યખટપટથી પણ તોબા છે; પાંચ દિવસ પણ જંપીને બેસાતું નથી. તું ક્યારે જવાનો છે?"

"કાલ પરોઢીયે. મારે તો દોડતી સાંઢણીયે જવાનું છે."

"ઠીક! તું અહિયાં જમશે?"

"ના અન્નદાતા! મારી સ્ત્રી સાથે છે. તેણે રાંધ્યું હશે."

"તારી સ્ત્રી! તું પરણ્યો?"

"જી હા! કવિકુલશિરોમણિની છોકરી જોડે."

"વારૂ. કાલે જતાં પહેલાં મને મળી જજે."

"જેવી આજ્ઞા" કહી કાકે રજા લીધી. બહાર નીકળીને કાકને ચટપટ થઈ આવી. જયદેવ મહારાજની મૃગયામાં તેને કાંઇ ભરમ લાગ્યોઃ અને આ ભરમ ભાંગવાનો તેણે નિશ્ચય કર્યો.

તેણે બહાર નીકળી ડુંગર નાયક સાથે કાંઇક વાતો કરી, પણ તે ઉસ્તાદ અનુચર પાસેથી કાંઇ ઝાઝી વાત મેળવવા તે પામ્યો નહિ; આખરે બે ચાર જણ પાસેથી થોડી થોડી ખબર મેળવી તે પોતાને ઉતારે ગયો. ત્યાં જઇ તેણે એક લાટના ભટ્ટને બોલાવ્યો.

"સોમભટ્ટ!"

"કેમ?"

"પરોડીયે એક કામ છે."

"શું?"

"અહિયાં જયદેવ મહારાજ આવીને રહ્યા છે. એમને પાછા પાટણ જવું નથી, અને પાટણમાં એમનું કામ છે. ત્યાંથી મુંજલમહેતાએ એમને પાછા બોલાવવા માણસો મોકલ્યાં છે."

"જી."

"પણ આ તરફ કોઇ આવ્યું નથી. માટે તારે સવારે જઇ એમને કહી આવવાનું છે કે મીનળબા તમને તાકીદે પાછા બોલાવે છે"

"અને નહિ માને તો"

"તેની તારે પંચાત છે?"

"જેવી આજ્ઞા."

"અને કહેજે કે એમને સંદેશો કહી મને મળવાનો હુકમ કર્યો છે. નહિ તો એ તને એની સાથે ધસડી જશે."

"વારૂ."

આ નક્કી કરી, કાકે ખાધું, અને રસભુખી મંજરીની દરકાર કર્યા વિના તે સુઈ ગયો.

સવારમાં નીકળતાં પહેલાં તે જયદેવ મહારાજને મળવા ગયો. ઉતારે થોડી ઘણી ગડબડ ચાલી રહી હતી, અને એક મશાલ લઇ ઓટલાપર ડુંગર ઉભો હતો.

"નાયક! મહારાજને મળવા દેશો કે? એમણે મને બોલાવ્યો છે."

"હા. તમારીજ વાટ જુએ છે."

"કેમ?"

"હમણાં પાટણથી એક જણ પેગામ લઈને આવ્યો છે."

"કોણ કાક આવ્યો?" અંદરથી જયદેવ મહારાજનો અવાજ આવ્યો.

"હા. અન્નદાતા" કહી કાક અંદર પેઠો. સોમભટ્ટ હાથ જોડી ઉભો હતો.

"તારી વાત ખરી પડી. આ મીનળબાનો સંદેશો લાવ્યો છે."

"શો?"

"મારા વગર ત્યાં લવંગની વખારે તાળાં દેવાઇ જાય છે." કચવાઇ પથારીમાં પગ્યા પડ્યા મહારાજ બોલ્યા. "મને બોલાવે છે."

"કોણ સોમભટ્ટ?" જાણે હમણાંજ મળ્યો હોય તેમ કાક તેની તરફ ફરી બોલ્યો "તમે સંદેશો લાવ્યા છો?"

"જી હા અને મુંજાલમહેતાએ કહ્યું છે કે આ સંદેશો કહી મારે આપની સાથે સોરઠ જવું."

"ઠીક! તું બહાર જા" સોમભટ્ટને જયદેવ મહારાજે કહ્યું. "કાક! હવે શું કરૂં?"

"પાટણ જઓ." શાન્તિથી કાકે કહ્યું.

"મૂરખ! તે કરવું હોત તો તને પુછત શું કરવા?"

"ત્યારે આપને કયાં જવું છે?"

"સોરઠ તરફ."

"સોરઠ તરફ!"

"હા. જોની હું તને માંડીમેલીને વાત કહું."

"જી."

"હોળીને દિવસે મેં તને રંગ લઇ મોકલ્યો હતો તે યાદ છે?"

"હા. કેમ નહિ?"

"તે કુંવરીની સાથે મારે જવું છે."

કાકને હવે આ મૃગયાની સમજ પડી. "તે કયાં જાય છે?"

"એ કાલડીના દેવડાની છોકરી થાય છે ને ભાદરના સામન્તને ત્યાં એનું મોશાળ છે. એ મોશાળ જાય છે."

"ભાદર કયાં આવ્યું?"

"સોરઠ જતાં."

"પણ ત્યાં તમે જઇ શું કરશો ?"

"ભાદરનો સામન્ત હા કહે તો ઢેવડો રાણુકને મને આપે."

"પણ બાપુ! પાટણના નરેશને આ શોભે?" કાકે કહ્યું.

"તું પણ મુંજાલમહેતાની સીખતે વાત કરે છે કે ? મારે તો એ ઢેવડીને મારી કરવી છે. એના વિના મને પાટણની ગાદી પણ સુની લાગે છે. તેં તો એને જોઇ છે. છે એવી આખા ભૂતલમાં કોઇ?"

"બાપુ! પણ આપના કુલને આમ એકલા રખડવું ઘટે? મોકલોને આપણા ભાટને માગું લઇ."

"તું મીનળબાને ઓળખતો નથી. એ કાંઇ એવું સાલ પેસાડે કે ભાટ ઓડનું ચોડ કરી આવે. અને ભાદરનો સામન્ત છે તીખો; જરા અપમાન લાગે તો ફરી બેસે. તેથી મારે જાતે જવું પડે છે."

"બાપુ ! એક વાત મારી સાંભળશો?"

"બોલ!"

"જો આપ હમણાં પાટણ નહિ જશો તો મીનળબા ઉલટાં ગુસ્સે થશે. થોડો ઘણો વહેમ તો બધાને પડ્યો છે એ મેં એમની વાત પરથી જાણ્યું છે. માટે હમણાં જાઓ, અને પંદર દિવસે પાછા ભાદર આવજો. જુનાગઢની ગાદીયે જો બેંગાર બેસશે તો આપણું લશ્કર સોરઠના સીમાડા પર લાવવું જ પડશે. આપ તેની સાથે આવજો. અને હું જઇ ઢેવડાને કહીશ કે આપ જરૂરને કામે પાટણ ગયા છો ને દશ પંદર દિવસે ભાદર આવશો."

જયદેવ વિચારમાં પડ્યો.

"એટલામાં હું પણ પાછો જુનાગઢથી આવી લાગીશ."

"એ પણ ઠીક છે."

"આપ આમ જાઓ એ મને ઠીક લાગતું નથી. આખરે ભાદરનો સામન્ત પણ માણસ છે. ભપકા અને પ્રતાપથી તે પણ અંજાશે. એટલામાં કોઇ વરી જાય એમ તો નથી?"

"ના. બે ચારનાં માગાં આવે છે. પણ રત્નો સામન્ત માને એમ નથી તો."

"ત્યારે હરકત નહિ."

"પણ જરૂર દેવડી સાંભળે એમ કહેજે નહિ તો મને નગુણો ગણશે."

"એ વાતની જરા ફીકર કરશો નહિ, અન્નદાતા! પ્રભુ કરશે તો એજ કન્યા પાટણની પટ્ટરાણી થશે. પછી કાંઇ છે?"

જયદેવ હસ્યો. "કાક! તું જબરો છે."

"હળુ કેમ કહેવાય?" કહી હસીને કાકે રજા લીધી.

કાલડીના દેવડાનો મુકામ પાસેના ગામમાં હતો ત્યાં કાક ગયો, અને પોતાની સાંઢણીઓ થોડે દૂર ઉભી રાખી દેવડાને મળવા ગયો.

દેવડાને ઉતારે નીકળવાની બધી તૈયારીઓ થઇ રહી હતી; અને દેવડો બહાર આવે તેનીજ ખોટી હતી. ઓટલા આગળ એક ઘણીજ સરસ કાઠી ઘોડી થનથનતી હતી.

"દેવડા છે?"

"આ અહિયાં જાઓ" કહી એક ઓરડી તરફ અનુચરે આંગળી કરી. કાક તે તરફ ગયો. અને ભલભાંખલાના આછા ઉજાસમાં કોઇ ઝડપથી બહાર આવતા માણસ સાથે અથડાયો.

"કોણ દેવડા?" કાકે કહ્યું.

"જોતો નથી?" સામા પુરૂષે કહ્યું. કાકે અવાજ ઓળખ્યો.

"કોણ કૃષ્ણદેવ—"

"કાક તું—"

પણ કાક કરે તે પહેલાં વિદ્યુત્‌ની ત્વરાથી ખેંગાર પેલી થનગનતી ઘોડીપર બેઠો, અને તેને મારી મૂકી. કાક થોડીવાર આંખો ચોળતો ઉભો રહ્યો અને પછી અંદર પેઠો.

"કોણ! મહારાજ?"

"ના! મહારાજનો દાસ."

"કેમ?"

"મહારાજ જરૂરી કામે પાટણ જાય છે; અને પંદર દિવસ રહી તમને ભાદર આવીને મળશે."

"એમ ?"

"અને અહિયાં આવ્યો છું તો એક વાત પણ કહેતો જાઉં."

"શું ?"

"આ માણસ અહિયાંથી નીકળ્યો તે અહિંયાં રાત રહ્યો હતો ?"

"હા. એ પણ મહારાજનોજ માણસ છે."

"જયદેવ મહારાજનો ?"

"હા. પાટણમાં મને મળ્યો હતો. રાણુક પણ એને ઓળખે છે."

"જોને ફસાતા ના ! મહારાજની એનાપર ખતરાજી છે. જો મળે તો પકડીજ રાખજો. સમજ્યા ?"

"હેં. હાય હાય ! એવું જાણત તો ઉભોજ નહિ રાખત."

"હરકત નહિ. પણ ભવિષ્યમાં જોજો."

## પ્રકરણ ૪ થું.

## ખેંગારની પુઠ.

પોતાનો શીકાર પંઝામાંથી જતો જોઈ, ફાક ગુસ્સે થયો, અને મંજરી અને તેના અનુચરો હતા ત્યાં ઝપાટાબંધ આવ્યો. જેમ નવઘણ રા'ની પુઠ તેણે પકડી હતી, તેમ તેના પુત્રની પકડવા તે એકે પગે થઈ રહ્યો.

"સોમભટ્ટ ! મારે તમારાથી છુટા પડવું પડશે."

"કેમ !"

"એક જણ આગળ નાસે છે તેને મારે પકડવો છે."

"આ હમણાં એક દોડતો ઘોડો ગયો, તેને ?"

"ધોળી ઘોડી હતી ?"

"હા બાપુ."

"ત્યારે તે જ. તું એક સાંઢણી લઈ પાછો જયદેવ મહારાજને ઉતારે જા, ને મારે નામે મહારાજ પાસેથી સરસમાં સરસ ઘોડી લઈ આવ."

"ને તમે?"

"હું બનતી ઉતાવળે એ ઘોડેસ્વાર પાછળ સાંઢણીઓ લઈ જાઉં છું. પણ આ રસ્તે ઘોડી વિના પત્તો નહિ લાગે. જા."

"જેવી આજ્ઞા." કહી સોમભટ્ટ એક સૈનિકને લઈ પાછો ગયો અને કાક પોતાની સાંઢણી પર ચઢયો.

મંજરી મુગી મુગી આ વાત સાંભળી રહી હતી; અને કાકથી તે છુટી પડવાની છે જાણી તેનાં હૈયામાં કાંઈ કાંઈ થવા માંડ્યું હતું.

"મંજરી" સાંઢણી ચાલવા માંડી એટલે કાકે કહ્યું "મારે જરા આગળ જવું પડશે."

"કેમ?" મહા મહેનતે અવાજ શાન્ત રાખી મંજરીએ કહ્યું.

"આગળ એક ઘોડેસ્વાર જાય છે તેને પકડવો છે."

મંજરી ગભરાઈ; તેનું સ્વાભાવિક સ્વારસ્થ જતું રહ્યું તેના મોઢાપર ખિન્નતા છવાઈ. ચિન્તાતુર અવાજે તેણે પુછયું.

"આપણે આમ જઈયે તો નહિ પકડાય?"

કાકને આ પ્રશ્નમાં કાંઈ અપરિચિત રણકાર લાગ્યો, પણ ખેંગારને પકડવાની ઉત્સુકતામાં વધારે ધ્યાન આપ્યું નહિ.

"ના. આ તે કાંઈ કાઠી ઘોડીને પહોંચે."

"તમે—" મંજરી પુછવા ગઈ, પણ તેનો પ્રશ્ન અધૂરો રહ્યો. કાક એકાગ્ર દૃષ્ટિએ ચોમેર જોયા કરતો હતો. થોડી વાર કોઈ બોલ્યું નહિ.

મંજરીના હૃદયમાં પણ અપરિચિત નવા ભાવો પેદા થયા. તેને કાકનો હાથ પકડવાનું મન થયું, પગે વળગી તેને જતો રોકવાનું મન થયું, હસ્તલક્તાથી તેને ગળે વિટાઈ તેને પોતાની પાસે રાખવાનું મન થયું; પણ તેનો ગર્વિષ્ઠ સ્વભાવ એમ નમતું આપે એવો નહોતો. બહારથી તેવી ને તેવીજ સ્વસ્થ રહી. માત્ર આંખો રડું રડું કર્યા કરતી હતી.

"હું કેમ જઈશ?" થોડી વારે તેણે સવાલ કર્યો.

"સોમભટ્ટ કાબેલ છે. ને જટાનાથ આચાર્યની દુહિતાને જુનાગઢમાં જતાં હરકત શું?"

મંજરીએ હોઠ કરડ્યા. પોતાની નિરાધારતા દર્શાવવી એ તેને રૂચ્યું નહિ.

એટલામાં સોમભટ્ટ ઘોડી લઈ આવી પહોંચ્યો, અને પોતાની સાંઢણી બેસાડી કાક ઉતરવા તૈયાર થયો. ઉતરતાં ઉતરતાં તેનું હૃદય મંજરીને હૃદયે ચાંપતાં તલસ્યું; પણ તેની સામું જોતાં તે કૃત્રિમ ગર્વમાં બેઠેલી દેખાઈ.

"મંજરી! હું જાઉં છું. બનશે તો રસ્તે મળીશ."

મંજરીએ દયામણી આંખે જોયા કર્યું; "અને નહિ તો."—

"જુનાગઢમાં તો જરૂર" હસીને કાકે ઉત્તર વાળ્યો. તેને પણ ગળામાં ડુંગળાટ થતો હતો.

"જો આ પ્રદેશ અરણ્ય સમો છે. સાવધાન થઈને રહેજે. જો જરૂર પડે તો સજ્જન મહેતાનો પુત્ર પરશુરામ અહિયાં દંડનાયક છે. અને સોરઠીઓની મદદ જોઇતી હોય તો રા'ખેંગારનો હું મિત્ર થાઉં છું. તેને નામે બધા માર્ગ ખુલ્લા થઈ જશે."

"વારૂ–પણ"–મંજરીની જીભ નહિ ઉપડી. તેનો હાથ આગળ આવ્યો—પાછો ખેંચાયો. શું કરવું તે તેને સુઝયું નહિ.

"ભટ્ટરાજ"—તે હોઠમાં ને હોઠમાં બોલી.

"કેમ શું છે?" સાંઢણીપરથી ભોંયપર કુદી કાકે પુછ્યું.

એટલામાં પાલવ વડે મંજરીએ આંખો લુછી. "ના. કાંઈ નહિ. પણ સંભાળજો."

કાકને મંજરીનો ગર્વિષ્ઠ સ્વભાવ યાદ આવ્યો; તેને મંજરીએ કાશ્મીરા-દેવી જોડે વાત કરી હતી, તેનું સ્મરણ થયું. તેણે પણ ગર્વથી પુછ્યું "શા માટે?"

"તમને કાંઈ થાય નહિ." ધીમેથી મંજરીએ કહ્યું.

કાકે હૈયું કઠોર કરી, તિરસ્કારમાં હસી, જવાબ દીધોઃ "ગભરાશો નહિ. હું પણ કૈલાસ જેવો દુર્ધર્ષ ને કાલાગ્નિ જેવો દુઃસહ થવા લાગ્યો છું.'

આ કઠોર ટાણાના વજ્રઘાતથી મંજરી મુગી રહી ગઈ, અને હોઠ બીડી હિંમત રાખી મનમાં તે બબડીઃ "મારાજ શબ્દો! છે–છે–એને ના કેમ કહેવાય?"

કાક નવી આણેલી ઘોડીપર બેઠો. "સોમભટ્ટ! તું મારા ભાઈ સમાન છે."

"જી."

"જો. તારી ભાભીને ઉની આંચ આવે નહિ. હું જુનાગઢમાં ભેગો થઈશ."

"જેવી આજ્ઞા."

"તું કૃષ્ણદેવને ઓળખે છે. તે ખેંગાર છે—નવઘણ રા'નો પુત્ર છે. પરશુરામ દંડનાયકને પણ તું ઓળખે છે."

"જી હા."

"સમાલીને કામ લેજે. જટાનાથ પંડિત નવઘણ રા'ના આચાર્ય છે. એટલે તેને નામે પણ તમને રસ્તો મળશે. પણ વખત છે ને કાંઈ મને થાય તો મંજરીને પાટણ લઈ જઈ કાશ્મીરાબાને સોંપજે."

"જેવી આજ્ઞા."

કાક ઘોડીપર ફર્યો, પાછું જોયું, મંજરીની પાસે જવાનું મન થયું પણ મન માર્યું; અને ઘોડી મારી મુકી.

મંજરીની આંખમાંથી દડદડ આંસુ પડવા લાગ્યાં.

## પ્રકરણ ૫ મું.

### ખેંગાર કુંવર.

કાક દોડતી ઘોડીયે ખેંગારની પાછળ પડ્યો. ઘડીયો ગઈ, સૂર્યનારાયણ અસ્તાચલ પર જવા લાગ્યા, પણ આગળ જતો ઘોડેસ્વાર અને તેની વચ્ચેનો અંતર કપાયો નહિ. જોતજોતામાં જુદો પ્રદેશ આવવા લાગ્યો.

એટલામાં એક નાનું ગામ આવ્યું. ત્યાં થોભી થોડું દુધ પી ભૂખ ગમાવવા કાક ચૌટામાં ગયો; અને દુધ પી ખેંગારની તપાસ કરવા લાગ્યો. તપાસ કરતાં તેને માલુમ પડ્યું કે એક ઘોડેસ્વાર થોડાજ વખત ઉપર ગામમાંથી ગયો હતો. એક કહ્યું કે તે ગામમાં જ છે. ખબર સાંભળી જે તરફ આ ઘોડેસ્વાર ગયો એમ કહેવામાં આવતું હતું તે તરફ એ ગયે

એકદમ તેણે ઘોડાઓનાં પગલાં સાંભળ્યાં; અને તે તરફ જતાં પંદર વીશેક ઘોડેસ્વારોને તેણે ગામ બહાર જતા જોયા. તે ઘોડેસ્વારોના પહેરવેશ પરથી તે સોરઠી લાગતા હતા.

"ભાઇઓ! જરા ઉભા રહો."

પેલા ઘોડેસ્વારોએ ઘોડા વધારે ઝડપથી દોડાવ્યા, અને કાક તેમની પાછળ દોડ્યો. થોડુક જતાં કાકને લાગ્યું કે પેલા સ્વારો તેને ગામ બહાર જાણી જોઈને ખેંચી લઇ જતા હતા. આ વહેમ પડતાં તેણે પોતાની ઘોડીનું મ્હોં ફેરવ્યું, અને ગામ તરફ જવાનો ઇરાદો દેખાડયો.

તરત પેલા સ્વારો થંભ્યા અને એક જણ આગળ આવ્યો. કાકે ઘોડીને એડ મારી. ઘોડી પાછી ફરી, અને ગામ તરફ ધસી; પણ તે જોઈ પેલા બધા સ્વારો તેની પાછળ પડ્યા. જોતજોતામાં કાકની આસપાસ બધા વીંટાઈ વળ્યા.

"કોણ છો તમે?"

"એ તો હું કાકભટ્ટજી!" એક જણ હસીને આગળ આવ્યો.

"કોણ ખેંગાર કુંવર!" કાકે ચમકીને પુછ્યું.

"હા! પાટણની આણ ગઇ; હવે જુનાગઢની શરૂ થઇ." ખેંગારે હસીને કહ્યું.

"પણ મને રોકવાનું કારણ?" કાકે પુછ્યું.

"તમારી પરોણાચાકરી કરવા.

"જયદેવ મહારાજ ને રા' વચ્ચે તો સંધિ છે. શા માટે આવી પરોણાચાકરી કરો છો?"

"કાકભટ્ટ! અમારા દેશમાં તમને કાંઈ ઉણું નહિ આવવું જોઇએ. નહિ તો અમારૂં નામ લાજે."

"શું કરવા માગો છો?" શાન્તિથી હસી, મનની ચિન્તા છુપાવતાં કાકે કહ્યું.

"તમને જુનાગઢ લઇ જઇશું. ચાલો. વિલમ્બ થાય છે." ખેંગારે પેલા સ્વારોને હુકમ આપ્યો.

"મારે નથી આવવું." કાકે કહ્યું.

"ભટ્ટરાજ! એ જીદ શા કામની? આવવું જ પડશે.'

"ના."

"ત્યારે જોરજુલમથી લઇ જવા પડશે."

"ત્યારે એમજ કહો કે હું કેદી છું."

"ના. મારા અતિથિ છો." ખેંગારે કહ્યું.

કાકે પળવાર વિચાર કર્યો અને હસીને કહ્યું: "કુંવર! તમારૂં કહ્યું માન્યા વગર ચાલે? ચાલો આવું છું."

"ચાલો."

"રા' કેમ છે?" તેઓ ચાલવા માંડ્યા એટલે કાકે પુછ્યું.

"આ લોકો તો કહે છે, કે મરણ અણિએ આવી લાગ્યા છે."

"જીવતા હોય તો સારૂં. પાટણથી તમારૂં આવેલું સાર્થક થાય." કાકે માર્મિક હાસ્યથી કહ્યું.

"મને તો ખાત્રી છે કે થશેજ" કહી તે રસાલા સાથે આગળ વધ્યો.

આખી રાત અને દિવસ દોડતે ઘોડે તેઓ જુનાગઢ તરફ ચાલ્યા. રસ્તામાં કાકને ખેંગારમાં અનયબ જેવો ફેરફાર દેખાયો. તે પાટણનો વહેમી, શાંત, તિરસ્કારપૂર્ણ કૃષ્ણદેવ નહોતો–પણ ઉત્સાહી, ખુલ્લાદીલો લોકોનો પિતા હતો. ગામેગામના લોકો તેને મળવા આવતા, તે બધાની સાથે હેતથી, નિખાલસપણાથી વાત કરતો. જે ગુણો પાટણની વેરભૂમિમાં પ્રગટતા નહોતા, તે પોતાની ભૂમિમાં ઝળકી ઉઠ્યા. કાકને પણ તે મિત્ર સમાન ગણવા લાગ્યો. અને અનેક રીતે તેને રીઝવવાના પ્રયાસો કરવા માંડ્યા.

કાક પણ ખેંગારના ખીલતા ગુણો જોઇ ખુશ થઇ ગયો.

વૃદ્ધ સોરઠી યોદ્ધાઓને આવા નાના કુંવરને અનહદ માન અને પ્રેમથી આદર દેતાં જોઈ, ખેંગારના શૌર્ય વિષે તેનો પણ અભિપ્રાય બદલાયો. ત્રીજે દિવસે તે જુનાગઢ પહોંચ્યા ત્યારે ખેંગાર જાણે દિગ્વિજય કરી આવ્યો હોય તેમ નગરજનોમાં ઉત્સાહ અને આનંદ પ્રસરી રહ્યો.

દરવાજા પર એક દરવાનને ખેંગારે પુછ્યું: "બાપુ કેમ છે?"

"અન્નદાતા! આપને મળવાજ જીવ ગળે અટકી રહ્યો છે."

"એમ!" કહી ખેંગારે ઘોડીને એડ મારી.

## પ્રકરણ ૬ ઠું.

## રા' નવઘણની પ્રતિજ્ઞા.

શહેરમાં પેસતાં કાકને એક નવાઇ લાગી. જુનાગઢ શહેર નહોતું. પણ સઈ થયેલા યોદ્ધાઓની છાવણી લાગતા રાજા મરણુ પથારીએ હોય તે વખત પણ શહેરનો આવો ઠાઠ જોઇ તેના અચંબાનો પાર રહ્યો નહિ.

ગઢમાં જતાં, ખેંગાર ઘોડી પરથી નીચે કુદ્યો.

"કાક! મારી સાથે ચાલ!"

"મહારાજ!" કાકે ગૌરવથી કહ્યું "હું પાટણનો ભટ્ટરાજ છું; દુશ્મનનો માણસ છું. આવે પ્રસંગે પારકા માણસને સાથે રાખવો કામનો નહિ."

ખેંગાર ખુલ્લે દીલે ખડખડ હસ્યો.

"કાક! હું તને ઓળખું છું;-મને તારા પર વિશ્વાસ છે. તારા જેવો દુશ્મન હોય તોયે શું? ચાલ."

"જેવી આજ્ઞા" કહી કાક સાથે થયો. ખેંગારના વિશ્વાસે તેને જીતી લીધો; તેના મનમાં વિચાર આવ્યો કે આવો પતિ પાટણને હોય તો શું નું શું થાય?

પરિચિત મહેલમાં ખેંગાર ઝપાટાબંધ ગયો; અને જે જે મળ્યાં, તે એને જોઇ હરખાઇ રહ્યાં.

અંદર જતાં એક પથ્થરના ચોકમાં નવઘણ રા' મરણુ પથારીએ પડ્યા હતા. આસપાસ તેનાં કુટુમ્બીઓ અને યોદ્ધાઓ વિંટાઇ વળ્યા હતા. ખેંગાર આવ્યો જોઇ બધાએ જરા દુર ખસી રસ્તો આપ્યો.

ચિન્તાતુર, સ્નેહભીની આંખે ખેંગાર ઉતાવળથી આગળ ધસ્યો. પાછળ કાક આવ્યો. તેણે એક સાધારણ ખાટ પર સોરઠના વૃદ્ધપતિને પડેલો જોયો; અને કેવે પ્રસંગે તેઓ ગઇ વખત મળ્યા હતા તે યાદ આવ્યું.

મરતી વખતે પણ તે વૃદ્ધ મહારથીના પ્રચંડ અંગના સ્નાયુએ સ્નાયુઓ પહેલાં જેવાજ સશક્ત લાગતા હતા; માત્ર તેના ગાલમાં ખાડા પડ્યા

હતા, અને આંખો ઉંડી જતી રહી હતી. તેના કપાલપર કરચલી વળી રહી હતી. અને થોડી થોડી વારે આંખો ઉઘાડી તે આસપાસ જોતા હતા.

ખેંગાર દોડીને આવી, ખાટલા પાસે બેસી ગયો, અને પિતાનો હાથ લઇ છાતી સરસો ચાંપ્યો. ખેંગારની વૃદ્ધ માતા ઉંચી, ઘડપણમાં પણ તેજસ્વી લાગતી સોરઠી વીરાંગના ખાટલા પર બેઠી બેઠી પતિના પગ ચાંપતી હતી. તેણે ખેંગારને જોઇ કહ્યું: "ગગા! તારા વિના જીવ ગતે નથી જતો."

જેવો ખેંગાર રા'ને અડકયો કે તેણે ડોળા ફાડી ચારે તરફ જોવા માંડયું. ખેંગારે કાન આગળ જઇ ધુમ પાડીઃ

"બાપુ–એ તો હું ખેંગાર–બાપુ!" ડોસાએ આંખો મીંચી; તેનો શ્વાસ જરા નરમ પડ્યો; અને પછી પાછી આંખો ઉઘાડી.

"ગગા" ધીમેથી ડોસા બોલ્યા.

"બાપુ."

દરેક સ્ત્રી પુરૂષ એક ચિત્તે સાંભળી રહ્યાં.

"બેટા–આ–ણે–" મહામુશ્કેલીયે ડોસા બોલ્યા. મહા મહેનત કરી છેલ્લી વખત તે જોર ભેગું કરતા હતા એમ સ્પષ્ટ લાગ્યું અને તેની આંખમાં આવી રહેલું અમાનુષી તેજ દૂર થયું.

"રાયા–"

તરત પાસે ઉભેલો ખેંગારનો મોટો ભાઇ પાસે આવ્યો."

"બીજા કયાં?"

"આ રહ્યા બાપુ!" શેરસિંહ અને ચંદ્રચૂડ–ખેંગારના મોટા ભાઇઓ–પણ પાસે આવ્યા.

ડોસાએ આંખવતી પાણી માગ્યું; અને વૃદ્ધ રાણીએ આંગળા વતી પાણી તેના મોઢામાં મૂકયું.

"સોમનાથ ભગ–વા–ન્ પ્ર–તિ–"

"હા. બાપુ! "ચારેએ કહ્યું. "સોમનાથ ભગવાનની પ્રતિજ્ઞા. શું કહેવું છે?"

"બધું–ર–હી–ગયું" ડોસાને ધીમે ધીમે જોર આવવા લાગ્યું.

"કાંઈ નહિ, બાપુ! અમે છીયે ને;" ખેંગારે કહ્યું.
ડોસાના મોઢાપર તિરસ્કાર આવ્યો. "તમે!–"
"બાપુ! શું કરવાનું છે?"
"મારી ગાદી–"
"તમે કહો તે લેશે. જરા ગભરાશો નહિ–" રામધણે કહ્યું.
ડોસીએ પાછાં પાણીનાં ટીપાં મુકયાં.–અને રા' ની જીભ ઉકળી.
"દીકરા!" કહી તેણે "પણ લેવાં સહેલ છે.–પણ પાળવાં–"
"પાળીશું! બાપુ–"
"લઢી મરશો તો જુનાગઢ"–
"તમે બોલો." શેરસિંહે કહ્યું "તમે કહેશો તે જુનાગઢ લેશે. પછી કાંઈ છે?"
"પાણી મુકો" કહી ડોસાએ પોતાને બેઠા કરવા કહ્યું. મહા મહેનતે ચાર દીકરાઓએ ઉંચકી ડોસાને બેઠા કર્યા અને તકીએ અઢેલી બેસાડ્યા. તેનો શ્વાસ પાછો રૂંધાતો હોય એમ લાગ્યું.
તરત એક વૃદ્ધ બ્રાહ્મણે ચારે પાસે પાણી મુકાવ્યું.
"કોણ લે બાપુ?"
ડોસાએ ધીમે ધીમે ચારે તરફ જોતાં કહ્યું: "પાણી!"
"માફ વેર વાળો, તે પિંડ સારે–ને જુનાગઢ લે."
"હા બોલો. શું વેર વાળવું છે."
"ભોંયરૂં ભાંગવું છે[1]"
"ભાંગીશ બાપા" રામધણે કહ્યું.
"ને–ને–"
બધા ધ્યાનપૂર્વક સાંભળી રહ્યા.
"બહિડો[2] મારવો છે."

---

૧ ભોંયરાનો કિલ્લો તોડવાનું નવઘણે વ્રત લીધું હતું. ૨ ઉમેઠાના રાજવી ભોકરે હંસરાજ, તેની બહેન રા' પરણી લાવ્યા હતો તેથી વેર થયું હતું.

બધા થોડીવાર મુગા રહ્યાઃ અને શેરસિંહ બોલવા જતો હતો એટલે રા' એ આંખો વડેજ તેને મુગા રહેવા સુચવ્યું.

"દાનો ચારણ[1] છે ને"—

"હા."

"તેના ગાલ ફાડવા છે."

બધા ચમકયા. પવિત્ર મનાતા ચારણને આવી ક્રૂર શિક્ષા કરવાની અનીતિ કોઈ રજપૂત કરે એમ નહોતું. ચારે છોકરાઓ ખંચાયા. રા' એ તેના તરફ કરડી નજરે જોયું. તેની મરતી આંખોમાં પણ ઝનૂન આવ્યું.

"પછી?—" ચૂડચંદ્રે પુછયું.

"સોલંકીએ તરણું લેવડાવ્યું" ડોસાની આંખોમાં ભયંકર વિષ વ્યાપી રહ્યું. બધા એકચિત્તે સાંભળી રહ્યા.

"હા. બાપુ"—

"એટલે શું" તિરસ્કારથી રા' એ કહ્યું.

"ત્યારે?"

"જે સોલંકીનું નાક કાપે—"

"હા"—ચારે જણા ઉંચે શ્વાસે બોલ્યા.

"તે બારમું સારે-ને-જુના-ગઢ"—"લે" રાણીએ શબ્દ પુરો કર્યો. રાણી પહેલીજ વખત વચ્ચે બોલી હતી. કાક તેનો પ્રભાવશાળી ચહેરો-તેની તીક્ષ્ણ આંખો જોઇ રહ્યો. ત્યાં ઉભા રહેલા બધાનાં રૂંવા ઉભા થયાં હોય એમ લાગ્યું.

કોઇ બોલ્યું નહિ. બાર દિવસમાં ગુજરાતના નાથનું નાક કાપવું એ રમત વાત નહોતી. ચારે પુત્રો શરમિન્દા થઈ ઉભા રહ્યા. કાકને કપાળે પરસેવો વળ્યો. રાણીએ વાઘણની માફક માથું ઉંચું કર્યું. તે રાયધણ અને ચૂડચંદ્ર તરફ ગુસ્સામાં જોઇ રહી.

"ચાંદા[2] એ તો ચુડી પહેરી-રાયા તું પણ પહેર."

---

૧ જે ચારણે તે પકડાયો ત્યારે એની મશ્કરી કરી હતી.

૨ ચુડચંદ્ર અમ્બાજીનો ભક્ત હતો. તે હંમેશાં ચુડીઓ પહેરતો.

ડોસાએ આમતેમ નજર કરી; અને નિરાશ થઇ તેણે પટરાણી સામું જોયું, અને તેની પાછળ ઉભેલી રાણીઓ તરફ તિરસ્કારથી જોયું.

"રાણી! આ છોકરા કોના સેવ્યા?" મોટે અવાજે તિરસ્કારથી ડોસાએ પુછ્યું. "કહેા તેા ખરાં?"

ત્યાં મળેલા બધા ધુજી ઉઠ્યાઃ ધણાખરા નીચું જોઇ ઉભા રહ્યા; કાક ચારે પુત્રેા તરફ ધ્યાનથી જોઇ રહ્યો. એકદમ તેણે ખેંગારનું સ્વરૂપવાન મુખ તેજે ચમકતું જોયું. કાકના હૃદયમાં ધ્રાસ્કેા પડ્યો;–તે જ પળે તેણે મુંજલની રમત ખલાસ થઇ જતાં જોઇ.

ખેંગારે પેાતાનું માથું ગર્વથી ઉંચું કર્યું, અને ડોસા સામું એકાગ્ર નજરે જોયું. તેના હેાઠ ભયંકર નિશ્ચલતામાં બીડાયા હતા.

"બાપુ! હું તમારેા પિંડ સારીશ."

"ગગા!" ડોસાએ ચકિત થઈ પુછ્યું.

"હા. બાપુ કાં તેા શ્રાદ્ધ સારીશ.–નહિ તેા—તમારી પાછળ" ડોસાએ ખેંગારનેા હાથ ઝાલવા પ્રયત્ન કર્યો. ખેંગારે બાપનેા હાથ ઝાલ્યેા; રા' એ છાતી સરસેા ચાંપ્યેા.

"દીકરા! જાદવકુલમાં દી–" કહી શાન્તિથી ડોસાએ આંખ મીંચી તેના મેાઢાપર મીઠાશ–જરા કાંઈ હાસ્ય જેવું–રમી રહ્યું. તેનેા શ્વાસ મંદ પડ્યો. થેાડી વારે તેણે આંખ ઉઘાડી "ગ."—

"બાપુ"–ખેંગારે નીચા વળી કહ્યું.

"પિંડ—"

"પિંડ મુકીશ?"

"શતં–જી—" કહી પાછી ડોસાએ આંખ મીંચી. બધા પુતળાં જેવા સ્તબ્ધ બની ઉભા રહ્યા.

રાણીએ બે ટીપાં પાણી મુકયું અને એક શ્વાસનેા ઉછાળેા આવ્યેા. રા'ના ગળામાં મરણ ઘંટ વાગ્યેા; અને બીજી પળે તેના ડોળા ઉધડી ગયા. રા' નવઘણનેા દેહ પડ્યો–અને પરિજનેા "જય મહાદેવ" કહી રહ્યા.

## પ્રકરણ ૭ મું.

### રા' ખેંગાર.

તરત ખેંગાર ત્યાંથી ફર્યો "કાકભટ્ટ!"

"જી."

"મારે તમારૂં કામ છે. આ તરફ આવો."

તરત આસપાસ ઉભેલા લોકોએ માર્ગ આપ્યો અને એ બે બહાર નીકળ્યા.

"ભટ્ટરાજ! મારે તમારી જોડે વાત કરવી છે."

"અત્યારે?" જરા વિસ્મય પામી કાકે પુછયું.

"હા. અત્યારેજ. કાક! હું અહિયાં આવ્યો ત્યારે આ બધું થશે તેની મેં આશા નહોતી રાખી."

"મને પણ એમજ લાગ્યું."

"હવે મારી બાજી જુદા રંગની થઇ ગઇ."

"કેવી રીતે?"

"મારે પાટણ જોડે વિગ્રહ શરૂ કરવો પડશે. મને નહોતી ખબર કે આટલો વહેલો કરવો પડશે. કેમ બોલતો નથી?"

"મહારાજ! આપની છેલ્લી પ્રતિજ્ઞા જોઈ પછી હું શું કહું?"

ઘણાજ સ્નેહથી ખેંગારે કાકને ખભે હાથ મુકયો.

"મારી જગ્યાએ તું હોત તો શું કરત?"

"આપે કર્યું તેજ."

"ત્યારે?"

"બાપુ! સોરઠ આવી હું તો તમારા ગુણનો દાસ થઈ બેઠો છું."

"કાક! તું મિત્રજ થઈ રહે એટલે મારે બીજું કાંઈ નહિ જોઇએ."

"આ ભવે તો મહારાજ! તમારો મિત્ર રહેવાનો."

"ત્યારે એક અનુગ્રહ કર."

"બોલો. શું ફરમાવો છો?"

કાક! મને એક સ્પષ્ટ વાત કહે. તું મને ઓળખે છે—મારી પ્રતિજ્ઞાઓ તું જાણે છે. શું જયદેવ ચક્રવર્તિ થવાને સર્જ્યો છે—ને હું નથી?"

"મહારાજ! હું આજે તેજ વિચાર કરતો હતો–કે તમે પાટણની ગાદીપર હોત તો વિક્રમરાજાની કીર્તિ લોકો વિસરી જાત."

જરા ગર્વથી ખેંગાર ટટાર થયો. "પાટણની ગાદીમાં શું છે અને જુનાગઢની ગાદીમાં શું નથી?"

"ત્યાં મુત્સદ્દીપણું ને શૌર્ય બે છે–અને અહિયાં માત્ર શૌર્ય છે."

"કાક" એકદમ કાક તરફ ફરતાં ખેંગારે કહ્યું "મારૂં શૌર્ય અને તારૂં મુત્સદ્દીપણું એ બે શું ન કરી શકે?"

કાક ચમકીને પાછો હઠયો. "મહારાજ! એ શું બોલો છો?"

"સત્ય. મારે તને મારો મંત્રી કરવો છે."

કાકે એક નિસાસો મુકયો. "મહારાજ! તે કેમ બને?"

"સહેલાઇથી! અહિયાં આવીને રહે."

"હું?" કાકે ડોકું ધુણાવ્યું.

"શું જયદેવને વેચાયો છે?"

"ના."

"ત્યારે એ સ્વાર્થી તારી શી કદર કરવાનો હતો?"

"તે પણ જાણું છું. પણ જેમ તમને મારામાં શ્રદ્ધા છે, તેમ બીજા એક મિત્રને પણ છે."

"કોને ત્રિભુવનપાલને?"

"હા. તમે તો મને આજે બોલાવો છો; તેણે તો જ્યારે હું લાટમાં રખડતો સૈનિક હતો ત્યારે મારો હાથ ઝાલ્યો."

"તેથી શું તારૂં ભાગ્ય પડીકે બાંધે છે?" ખેંગારે પુછયું.

"તે તો વિધાતાએ કયારનુંએ બાંધ્યું હશે."

"કાક"—

"બોલો."

"તારા જેવો હરામી તેમજ ભલો માણસ મેં બીજો જોયો નથી."

"ને મારો આટલો કડવો અનુભવ લીધા પછી કોઈ મારી આવી કદર કરનાર પણ મેં જોયો નથી."

"તું નહિ જ માને?" નિરાશાથી ખેંગારે પુછયું.

"ના."

"કાક! મેં ધાર્યું હતું કે મારૂં આજે ભાગ્ય ઉઘડ્યું: હવે લાગે છે ઉલટું બંધ થઈ ગયું" માથું ધુણાવી ખેંગારે કહ્યું.

"એમ નિરાશ શા માટે થાઓ છો? તમારે લલાટે શુંયે લખ્યું હશે."

"બીજું ગમે તે હશે. એક વસ્તુ તો લખાઇજ છે."

"શી?" કાકે પુછ્યું.

"ટેક."

"ત્યારે મહારાજ! બધી દુનીયા જખ મારે છે." થોડી વારે બન્ને મુગા મુગા ઉભા રહ્યા.

"તું ત્યારે દુશ્મનના પક્ષમાં જ જવાનો."

"શું કરૂં?"

"ખરી વાત છે. જેવી મારી ટેક તેવી તારી પણ કાક! મારે ત્યારે દુશ્મનાવટ કેળવવી પડશે."

"કેવી રીતે?"

"મારી પ્રતિજ્ઞા પછી તારા જેવા પટ્ટણીને છુટો કેમ રખાય?"

કાક સમજ્યો. "મહારાજ! ખરી વાત છે. હું બન્દીવાન થવાને તૈયાર છું."

"આજથી બારમે દિવસે તને છોડી મુકીશ."

## પ્રકરણ ૮ મું.

### ગર્વમર્દન.

અનાથ પણ મગરૂર મંજરી જેમ તેમ પોતાના રડતા હૃદયને છાનું રાખી શકી. મગરૂરી જતાં તે નિર્બલ થઈ હતી; પોતાની માનસિક સૃષ્ટિની મજાહ ભૂલી સામાન્ય સંસારના સુખ દુઃખનો શીકાર થઈ પડી હતી.

તેનો સ્વભાવજન્ય ગર્વ કાંઈ ગયો નહોતો; પણ તેના હૃદયમાં સંચાર પામેલા નવા ભાવોએ તે ગર્વને ગુલામ બનાવ્યો હતો. પોતે શા માટે

આમ ચિન્તા કરે છે, પોતાને શા માટે કાક જતાં આવી બેચેની થાય છે, પોતે કેમ આમ નિરાધાર થઈ રહી છે–એ પ્રશ્નો તેના મનમાં પેદા થતા; પણ તેનો નિર્ણય થાય તે પહેલાં વિજેતા કાકનો વિચાર આવતો,–અને નિર્ણય કરવો રહી જતો.

પાટણથી નીકળ્યા પછી તેના વિચારસામ્રાજ્યનો કાક મહારાજા થઈ રહ્યો હતો. પણ જ્યારે તે એકલો આમ ચાલ્યો ગયો ત્યારે તેની બુદ્ધિ મરી ગઈ, તેનામાં વિચાર કરવાની શક્તિ રહી નહિ, જાણે છાતી ચીરી હૈયું દૂર દોડી ગયું હોય એમ લાગ્યું. શું થયું તે તે સમજી નહિ, કેમ થયું તે પણ ન સમજી–માત્ર એટલું જ લાગ્યું કે તે પોતે સજીવ નહોતી, જીવ ચાલ્યો ગયો હતો–ઘોડીપર બેસી, દૂર દોડી જતા કાકની સાથે નાસી ગયો હતો.

પહેલાં વિચારો આવતા–હવે વિચારશૂન્યતા આવી. પહેલાં હૃદય શાન્ત રહેતું–હવે હૃદયમાં ઊર્મિઓની પરંપરા ઉછળી રહી. પહેલાં વિચારમાં કાકનું મુખ આવતું–હવે હૃદય કાકમય થઈ રહ્યું. મંજરીને સમજ પડી નહિ.

પહેલાં તે કાકને તુચ્છ ગણતી, પાટણથી નીકળતાં તેના પર ભાવ આવ્યો, હવે તે સર્વોપરી થઈ બેઠો. તેની મૂર્તિના પગ આગળ ભાવના ને બુદ્ધિ દીન વદને ધૂળમાં રગદોળાવા લાગ્યાં.

પહેલાં કાકની બુદ્ધિ વિષે વિચાર આવતા, તેના શૌર્યને બીજા સાથે સરખાવતી, તેના રૂપની બીજાના રૂપ સાથે તુલના કરતી. હવે તે કાંઈ કરી શકી નહિ, હવે નજરે માત્ર કાક જ દેખાયો. પહેલાં કવિની નજરે તેનું રૂપ જોતી–બ્રાહ્મણ કન્યાની નજરે તેના સંસ્કાર જોતી–વિરાંગનાની નજરે તેનું શૌર્ય જોતીઃ હવે એક જ દૃષ્ટિબિન્દુ રહ્યું–સ્ત્રીનું. તેની અસ્વસ્થ કલ્પનાશક્તિએ તેને માત્ર જોયો–પુરૂષોત્તમ રૂપે જ. પહેલાં માત્ર મન સાથે રહેવાની ઇચ્છા કરતું–હવે તેનું હૃદય, તેના અંગેઅંગમાં છુપાયેલું ભયંકર સ્ત્રીત્વ તેને માટે તલસતું.

મંજરી ઊર્મિના ઉછાળા જોઈ ગભરાઈ, હૃદયનો તલસાટ જોઈ ચમકી. આવો અપરિચિત, ભયંકર, તોફાની તલસાટ તેણે અનુભવ્યો ન-

હોતો, પોતે અનુભવશે એવી આશા રાખી નહોતી. તે થાકી, હારી, ગભરાઈ–પણ તલસાટ મટ્યો નહિ; તેને શાન્ત કરવાનું સ્વારસ્થ્ય રહ્યું નહિ. તેને પોતાના પર, પોતાના સંસ્કાર પર, પોતાની નિશ્ચલ માની બેઠેલી વિશુદ્ધિ પર તિરસ્કાર આવ્યો; છતાં કાંઈ વળ્યું નહિ.

હૃદયચક્ષુઓ સ્પષ્ટ રીતે જોવા લાગ્યાં કે હવે કાક માત્ર ભાવનાઓ સંતોષનાર કે હૈયાનો હાર નહોતો–એ તેનો ભરથાર હતો–તેના દેહનો, તેના જીવનનો, તેની આશાનો નાથ હતો–તેના ભવિષ્યના સંતાનનો પિતા હતો.

જેમ ધરતીકંપ થતાં પાતાળ દેખાય તેમ સંસ્કારી મંજરી આ વિચાર–પાતાલ જોઈ કાંપી ઉઠી; પણ આ પાતાલ દેખી નાસી જવાની શક્તિ નહોતી, તેમ મન પણ નહોતું. તેણે એ પાતાલમાં પડતું મુકયું.

તે રસસાગરને તીરે હતી–હવે સાગરમાં આંખો મીંચી ઝંપલાવ્યું. રસોર્મિઓ ચારે તરફ ફરી વળી, તેને પલાળી–તેને ગભરાવી, ડુબાડી. આત્મઘાત કરતી હોય તેમ પોતાને તણાવા દીધી–આશા માત્ર એક જ રહી કે તળીયું કયારે મળે.

અણધારેલા પ્રસંગો, અણબોલેલા શબ્દો, અણવિચારેલા ભાવો મનમાં ખડા થયા. તેના રસિક સ્વભાવનો ધોધ રસસૂર્યના પ્રતાપી તેજમાં રંગાતો આગળ વધ્યો. તેને સાગર સાથે મળવું હતું.

ચાર દહાડાની મુસાફરીમાં તેના મનોરાજ્યનું ચક્ર બદલાઈ ગયું. પોતાનો ગર્વ, પોતાનું અતડાપણું, પોતે કરેલું કાકનું અપમાન—એ બધા માટે તેણે પશ્ચાત્તાપ કર્યો. કેવી પળો ગુમાવી? અને તે માત્ર પોતાના અભિમાનથીજ. પોતે કેવી મૂર્ખ? તેણે સંકલ્પ કર્યો કે હવે નવું જીવન શરૂ કરવું–જુનાગઢ જઈ કાકને પગે પડવું, ક્ષમા યાચવી, તેની દાસી બની રહેવું.

આ પોતાનું અધઃપતન જોઈ તેને ગુસ્સો આવ્યો–જવાબમાં તેનું હરામખોર હૈયું હસવા લાગ્યું. તે પોતાના સંસ્કારો અને શુદ્ધતા સંભારવા લાગી–જવાબમાં તેનું ચંચલ હૃદય મદભર્યું બની તેની ઠેકડી કરવા લાગ્યું.

તેણે પિતા સંભાર્યા—સામે કાક ખડો થયો; પોતાના સંકલ્પો ફરી કર્યા—ત્યારે તેના કંઠપર વિરામ લેવાનું મન થયું; શાસ્ત્ર સંભારવા ગઈ અને અલકાપુરી સાંભરી, બોલાઈ ગયું:

संक्रीडन्ते मणिभिरमर प्रार्थिता यक्षकन्याः ॥
नीवीबन्धो च्छ्वसितशिथिलं यत्रबिम्बाधराणाम्
क्षौमंरागा[1]

શ્લોક અધુરો રહ્યો. શરમનું માર્યું તેનું મ્હોં લાલચોળ થઇ રહ્યું. જાણે ચોરી કરી હોય તેમ જોઇ રહી; અને પછી બોલી

श्रीमन् मंडलनाथ भट्टनृपति; सौभाग्यनाथो मम ।

એકદમ સોમભટ્ટના અવાજે તેને જાગૃત કરી
"બા! આ પેલું જુનાગઢ."

## પ્રકરણ ૯ મું.

### કાકની શોધ.

મંજરી નવી સૃષ્ટિમાં સંચરી. તે સૃષ્ટિના રંગ આગળ વિધાતાની વિભૂતિ પણ નકામી, નીરસ લાગી. તેની ભૂમિ યૌવને મઢી હતી; તેના વ્યોમમાં પ્રેમ પ્રકાશતો હતો. તે સૃષ્ટિમાં તે વિહરતી હતી, નાચતી હતી. તેમાં માત્ર બેજ જણ હતાં: તે અને કાક.

૧. મેઘ દૂત, આખા શ્લોકનો તરજુમો આ પ્રમાણે છે:
ન્યાં ગંગાના જળથકી શિળા વાયુને સેવી સેવી
મંદીરોની તટપર ઉગ્યાં, શીળી છાયે રમંતી
શોધી કાઢે મણી, કનકની રેતિમાં ઢાંકી ઉંડા
યાચે જેને અમર, કુટડી યક્ષની એવી કન્યા.
નીવીબંધો ઢિલી થઈ જતાં સાચથી કાબિઓ જ્યાં
ખેંચી લેતા, ચપલકરથી, ચીર બીમ્બાધરાનાં.
શા. કીલાભાઇનો તરજુમો.

તેણે ધાર્યું હતું કે કાક જુનાગઢને દરવાજે મળશે. પણ તેને ત્યાં ન જોતાં તે જરા વિસ્મય પામી; પછી પોતાના ગાંડપણનો વિચાર આવ્યો– તે અહિયાં ક્યાંથી હોય? તેને હજાર કામ હશે? તે ક્યાંથી જાણે કે તે અત્યારે આવવાની છે? પછી પાછું હૃદય વિમાસણમાં પડયું–પોતે કહેલા શબ્દો યાદ આવ્યા "शुनीमन्वेति श्वा" પોતે કેવી ચીબાવલી, મીજાજી, અધમ!

સોમભટ્ટે તપાસ કરી જટાનાથ આચાર્યનું ઘર ખોળી કાઢયું. જ્યારથી તેની માએ ઉદા મહેતાનો આશ્રય સ્વીકાર્યો હતો ત્યારથી જટાનાથ આચાર્યનું ઘર તેના હૃદયમાં રમી રહ્યું હતું. પણ અત્યારે ત્યાં પહોંચતા પણ તેને કાંઈ રસ ન પડ્યો.

એક શિષ્ય આવી બારણામાં ઉભો.

"કોણ છો?"

"આચાર્યજી છે કે?" સોમભટ્ટે પુછયું.

"પણ છો કોણ?"

"આ આચાર્યની છોકરી આવ્યાં છે."

"કોણ–વત્સલીબા."

"રૂદ્રદત્ત! હું તેની છોકરી!" મંજરીએ બેઠેલી સાંઢણીપરથી કહ્યું. શિષ્ય ચમકયો. મંજરી સામે જોયું–અને તેના તેજે અંજાઇ મૂઢ જેવો ઉભો રહ્યો.

"કોણ મં"—આખરે તે બોલ્યો.

"હા. હુંજ મંજરી. દાદા ક્યાં છે?"

સાત વર્ષે રૂદ્રદત્તે મંજરીને જોઈ અને વેદાભ્યાસજડ બ્રાહ્મણ એ સુંદરીનું થયેલું રૂપાંતર જોઈ ગભરાઈ ગયો. તે વિનય છોડી એકદમ ઘરમાં જતો રહ્યો. અને તેનો ક્ષોભ જોઈ સોમભટ્ટ ખડખડાટ હસી પડ્યો.

થોડીવારે મંજરી અને તેના સાથીઓ બધા સાંઢણીઓ પરથી ઉતર્યા અને ઓટલામાં બીજો શિષ્ય તેનું સ્વાગત કરવા આવ્યો.

નિરાશ હૃદયે મંજરી ઘરમાં ગઈ. તેણે કાકને અહિયાં તો જોવાની આશા રાખીજ હતી. વૃદ્ધ જટાનાથ આચાર્ય અગ્નિહોત્રી હતા અને

અગ્નિ સમક્ષ બેસી જપ કરી રહ્યા હતા. તેમની ધોળી લાંબી દાઢી તેમના પેટપર પથરાઈ હતી; રૂદ્રાક્ષની મોટી માળાઓ તેમની ડોક, અને હાથ શોભાવી રહી હતી; તેમની વૃદ્ધ પણ મોટી પ્રભાવશાળી આંખો નાસિકાગ્રનું ધ્યાન કરી રહી હતી.

નિશ્વાસ મુકી તેમણે આંખો ઉઘાડી.

"કોણ વત્સલી"—

"ના, દાદા એ તો હું."

ઘણા વર્ષના યોગાભ્યાસની ટેવથી અણુએ અણુપણે આચાર્યે આંગળી નાક આગળ લઈ જઈ કયા નસ્કોરામાંથી શ્વાસ નીકળે છે તે તપાસ્યું; અને ધીમેથી જાણે બરફના ઢગલા પર સૂર્ય કિરણો પડે તેમ તે હસ્યા. "કોણ મંજરી!"

"હા, હું જ, કેમ છો?"

"તું બહુ મોટી વધી ગઈ."

મંજરી આવીને સામે બેઠી "કેટલાં વર્ષ થયાં?"

તેણે હસીને કહ્યું. તેની આસપાસ આચાર્યના શિષ્યો, આંખો ફાડી, આવીને ઉભા રહ્યા.

"તું કેટલી હતી, હેં?" ડોસાએ હસીને જાણે પોતે એકલા જ બોલતા હોય તેમ કહ્યું "વત્સલી તને લઈ આવી ત્યારે દશ વર્ષની હતી નહિ? રૂદ્રા તેં પહેલો બ્રહ્મયજ્ઞ આરંભ્યો ત્યારે."

"મહારાજ! તેને સાત વર્ષ થયાં."

"બરાબર છે, છોકરી! તું ક્યાંથી આવી?"

"પાટણથી."

"પાટણ. હા તેં કહ્યાનું હતું કે તું ખંભાતથી ત્યાં ગઈ."

"તારી મા ક્યાં છે?"

"ખંભાત."

"એ દુર્બુદ્ધિવાળી છોકરીએ હજુ અપાસરો છોડ્યો નથી. હર હર તું ક્યાં હતી ત્યારે?" ડોસાએ જરા વહેમાઈ પુછ્યું.

"પિતાજીના મિત્ર ગજાનન પંડિતને ત્યાં હતી."

"ગજાનન-ગજાનન-પંડિત-હર-હર-હર-એ અહિયાં ત્રીજી સાલ આવ્યા હતા. મહા વિદ્વાન-મહા સમર્થ-" કહી પાછી પોતાની આંગળીઓ આચાર્ય નસ્કોરા આગળ લઈ ગયા. "અહિયાં કોની જોડે આવી?"

"દાદા! પછી હું પરણી."

"હું" ડોસાએ સાશ્ચર્ય ઉંચું જોયું. બધા શિષ્યો એક બીજાના સામું જોવા લાગ્યા.

"શું કહે છે? હર-હર."

"સાચું—"

"કોની જોડે?" મંજરીએ શરમાઈ નીચું જોયું.

"જયદેવ મહારાજના ભટ્ટરાજ છે." સોમભટ્ટે ઉમેર્યું.

"ભટ્ટરાજ!" ડોસાએ ગુસ્સામાં પુછયું. "ભટ્ટરાજ! હર-હર—"

"હા. લાટના—"

"છોકરી!"

"મહારાજ!" સોમભટ્ટે મીઠાશથી કહ્યું. "મહાસમર્થ મહારથી છે."

"પણ તેનું ગોત્ર કયું?" ડોસાએ મંજરીની સામેથી સોમભટ્ટ તરફ જોતાં કહ્યું.

"જામદગ્નેય" ધીમેથી મંજરીએ ઉમેર્યું.

"મહારાજ! દ્વાપરમાં દ્રોણાચાર્ય હતા તેનાથી પણ એમની મુહ-કળા ચઢે એમ છે."

"હર-હર-હર-" તિરસ્કારમાં આચાર્યે કહ્યું.

"નવઘણ રા' જેણે એકલે હાથે પકડ્યો હતો તે."

"હર-હર-હર" બહુમાન દરેક અક્ષર ઉચ્ચારતાં ડોસાએ કહ્યું.

"તે ક્યાં છે?"

"અમે તો જાણ્યું કે અહિયાં આવી પહોંચ્યા હશે. એમને જરા કામ હતું તે પહેલા આવ્યા. અહિયાં આવ્યા નથી?"

"ના"

મંજરીને ફાળ પડી; તેણે ચિન્તાતુર મુખે સોમભટ્ટ સામું જોયું.

"મહારાજ!" રૂદ્રદત્તે કહ્યું "હવે આ બધાને સ્નાન બાન કરાવીયે. થાક્યાં હાર્યા આવ્યાં છે."

"હર-હર! હું તો ભૂલીજ ગયો. ઉઠ દીકરી પછી વાત કરીશું."

મંજરી ઉઠી, પણ તેનો જીવ છંદે ચઢ્યો. તે નાહી, ખાધું, પણ ચેન પડયું નહિ. તેને માન શુકન થવા લાગ્યાં, તેનું હૃદય ચકડોળે ચઢ્યું. કાક કયાં હશે એજ વિચાર થયા કર્યો. ખાઇ કરી તેણે સોમભટ્ટને તપાસ કરવા મોકલ્યો; થાક ઉતારવા સુતી પણ ઉંઘ આવી નહિ. તે ઉઠીને આમ તેમ ફરવા લાગી, પણ જીવને જંપ વળ્યો નહિ.

તેણે રૂદ્રદત્તને બોલાવ્યો ને ખેંગારની ખબર કહાડી. ખેંગાર લશ્કર લઇ હુંસરાજ મહીડાને મારવા ગયો હતો એમ સાંભળ્યું. તેનો વિચાર ખેંગારને મળવાનો થયો હતો તે પણ અશકય થઇ પડ્યો. પાંજરામાં સિંહણ પુરાઇ હોય તેમ તે પછાડા મારવા લાગી. રાત પણ વેરણ થઇ; આટલી મુસાફરી પછી પણ આંખ મીંચાઇ નહિ.

બીજે દિવસે તેની સાથે આવેલા લાટના બધા યોદ્ધાઓએ તપાસ કરવા માંડી, પણ કાંઇ પત્તો મળ્યો નહિ. મંજરીનું હૃદય ચીરાઇ જવા માંડ્યું, ન સમજાય એવા તર્કવિતર્ક થવા લાગ્યા; તે હિંમત હારવા લાગી. તેણે જટાનાથ આચાર્ય ને રૂદ્રદત્તને તેમજ બીજા શિષ્યોને તપાસ કરવા કહ્યું પણ કાંઇ આશા લાગી નહિ. તેના મનમાં ધ્રાસ્કો પડ્યો. કાક જીવતો છે, જુનાગઢમાં છે એની શું ખાત્રી? જેની એ પાછળ દોડ્યો તે માથાનો મળ્યો હોય તો?

તેને જુનાગઢ ઝેર સમાન લાગ્યું. ત્યાંથી નાસી જઇ, સોરઠના ગામેગામમાં શોધ કરવાનું મન થયું. તેણે સોમભટ્ટને કહ્યું, અને તે નિમકહલાલ યોદ્ધો બીજે દિવસે પોતાના શાગિર્દો લઇ ચારે તરફ તપાસ કરવા નીકળી પડયો. તેણે મંજરીને ઘણી સમજાવી અહિંયાંજ રાખી.

બીજી રાતે પણ તેને ઉંઘ આવી નહિ. નીચે ઓટલાપર આચાર્યના શિષ્યો બેસી ગપાટા હાંકતા હતા: અને ઉપર બારીમાં લપાઇ મંજરી આંસુ સારતી હતી. એટલામાં કોઇનો ધાંટો સંભળાયો.

"રૂદ્રદત્ત! રૂદ્રદત્ત! આજ્યા એક વાત પુછું."

"શું?"

"'कैलासमिव दुर्धर्षम्' એટલે શું?"

એકદમ મંજરી ભમકી. આ તેના ગ્રિય શબ્દો અહિયાં કયાંથી? "કપાળ તારૂં" રૂદ્રદત્તે અર્થ કર્યો. "રખડેલ! તું વળી એ કયાંથી લઇ આવ્યો?"

"ગમે ત્યાંથી. શાસ્ત્ર તો જાણે તુંજ ભણ્યો હશે. કહેતો ખરો. મને સમજ નથી પડતી."

"પણ તું એ લાવ્યો કયાંથી?"

"એક માણસ છે તે કાંઇ એવું બોલ્યાજ કરે છે. એ શું?"

મંજરીએ હોઠ પર હોઠ બીડ્યા. અંધારામાં પણ તેની તેજસ્વી આંખો તનખા ખેરવવા લાગી.

"કોણ જાણે કાંઇ હશે"–રૂદ્રદત્તે બેદરકારીથી કહ્યું "જવા દેની."

"રૂદ્રદત્ત! એ લીટી મને આવડે છે" મંજરીથી ન રહેવાયું. તે વચ્ચે બોલી.

"कैलासमिव दुर्धर्षम् कालाग्निमिव दुःसहम्।"

પેલો નવો માણસ ચકિત થઇ ગયો. "હા! એજ! તમે કયાંથી લાવ્યાં? એ કોણ છે રૂદ્રદત્ત!" તેણે ધીમેથી પુછ્યું.

"એ તો આચાર્યજીની દુહિતા."

"રૂદ્રદત્ત, ઉભા રહો હું હેઠળ આવું છું" કહી મંજરી નીચે આવી.

## પ્રકરણ ૧૦ મું.

### કાક જબ્બો.

મંજરી અભિમાન દૂર મુકી નીચે ઉતરી. ઢોંગ કરવો, જુઠું બોલવું એ તેના સ્વભાવ અને આદર્શોથી વિરૂદ્ધ હતું; છતાં અત્યારે આ વિચિત્રતાનો વિચાર કર્યા વગર તે બધું કરવા તૈયાર થઈ. તેના હૃદયમાં આ અસ્વાભાવિક વર્તણુકથી જરા ડંખ લાગતો; પણ ડંખના ચટકાનો કટકને

મેળવવાના તફાવટ આગળ કાંઈ હિસાબ નહોતો. તેને લાગ્યું કે જો કાક જ આ શબ્દો બોલતો હોય તો આ બ્રાહ્મણ શિવાય બીજે રસ્તે તેનો પત્તો લાગવાનો નથી.

રાતના અંધકારમાં સદેહે ઉતરી આવેલી ઉષા જેવી મંજરીને જોઈ બીચારો મણિભદ્ર તો દિંગ થઇ ગયો; અને મોઢું ફાડી જોઇ રહ્યો.

"રૂદ્રદત્ત! આ તમારા મિત્ર મણિભદ્ર કે?" જરા હસીને મીઠાશથી મંજરીએ કહ્યું. મંજરીની આંખમાં આ વખતે ભયંકર મોહિની હતી. આવાં નયનરશ્મિઓ દેવ દાનવ ન સાંખી શકે તો બિચારો મણિભદ્ર ક્યાં?

"આ!" રૂદ્રદત્તે કહ્યું "મણિભદ્ર રાજ્યગોરના શિષ્ય છે."

"એમ કે? પણ રાજ્યગોરના શિષ્ય થઈ જુનાગઢના નામપર પાણી ફેરવે છે?" હસીને મંજરીએ પુછ્યું.

મણિભદ્ર રાજ્યગુરૂનો શિષ્ય હતો–પણ વેદાભ્યાસ કરતાં રસોઈ કરીને ઝાપટવામાં વધારે પ્રવીણ હતો. આ પ્રશ્ન જોઈ તેના અચંબાનો પાર રહ્યો નહિ.

"કેવી રીતે?" રૂદ્રદત્તે પુછ્યું.

"કોઈ પરદેશી વિદ્વાન્ તમારી મશ્કરી કરે ને તમે જવાબ નહિ આપો."

"પણ આ! મને સંસ્કૃત આવડે તો ને–"

"ઓહો! એટલુંજને" મંજરીએ કહ્યું.

"કેમ એટલું જ?"

"કાંઇ એમ પરદેશીને નમતું અપાય? એ આ શબ્દોથી શું કહેવા માગે છે તે ખબર છે?"

"ના."

"કહે છે કે કૈલાસની માફક મારી વિદ્વત્તાને કોઇ પહોંચી શકે એમ નથી; અને કાલાગ્નિની માફક પરદેશી શ્રોત્રિયોને હું બાળીને ભસ્મ કરું છું. આવું અપમાન સહો છો?"

"પણ મને આવડે નહિ તે?"

"એમાં શું? તમને એ મળ્યો ક્યાં તે તો કહો?"

મણિભદ્રના મુખપર ભય વ્યાપી રહ્યો. તેણે ચારે તરફ જોયું; અને બોલતાં ગુંગળાઇ ગયો.

"રાજગઢમાં હશે. રાજગોરના શિષ્યને બીજે ક્યાં વિદ્યાનો મળે?"

રૂદ્રદત્ત મંજરીના પ્રશ્નનો ગૂઢ અર્થ કાંઈ સમજ્યો નહિ; પણ તેનો ગમે તે હેતુ હોય તે પાર પડે તેમાં મદદ કરવા તેણે કહ્યું. "તે મણિભદ્ર! ગભરાય છે શું? પરદેશી પંડિત કાંઈ છુપો રહેશે?"

"ના–ના–પણ."—

"અરે એ તો કોઇ કેદી હશે?" મંજરીએ ધીમેથી પુછ્યું.

મણિભદ્ર ચમકયો ને મોઢું ફાડી જોઈ રહ્યો. રખેને તે ચમકી જાય એમ ધારી મંજરીએ જુદો પાટો બાંધ્યો. "જે હોય તે. પણ તમારે તેને નમાવવો તો જોઇએ."

"ખરી વાત છે" રૂદ્રદત્તે પણ પાણી ચડાવા માંડયું "નહિ તો તે વળી તેને દેશ જઇ કહેશે કે જુનાગઢમાં બધા મણિભદ્રના જેવા જ છે."

"કેમ મણિભદ્ર તે કેવા છે?" મંજરીએ પુછ્યું "અરે એક કામ કરો."

"શું?"

"એ પંડિતને એક શ્લોકમાં જવાબ આપો."

"એજ પીડા છે ને" કપાળ પર હાથ મુકી નિસાસો મુકી મણિભદ્ર બોલ્યો. "બાર બાર વર્ષ ગુરૂનાં ચરણ સેવ્યાં, પણ એક આખો શ્લોક મોઢે ચડયો નહિ."

મંજરીએ એક પળવાર વિચાર કર્યો ને કહ્યું: "હરકત નહિ. એક રસ્તો બતાવું."

"શો?"

"એમ કહો કે હે અભિમાની! જુનાગઢની તો છોકરીઓ કવિકુલશિરોમણી છે. તેને જીતવાની શરૂઆત કર, અને પછી જુનાગઢી પંડિતની સાથે હામ ભીડ."

"હા. એ તો કહું."

"પછી જો બહુ પાંડિત્યનો આડમ્બર કરે તો લઇ જજો મને"—

"તમને!"—

"હા મને."

"પણ આ પંડિત છે ત્યાં જવાય એવું નથી" ધીમેથી મણિભદ્રે કહ્યું.

"તમે જાઓ છો ને?"

"હા."

"ત્યારે એક દિવસ તમારે બદલે હું જઇશ."

"તે કાંઇ બને નહિ" ગભરાતાં મણિભદ્રે કહ્યું.

"નહિ તે શું બને?" આકર્ષક હાસ્ય બાણ ફેંકી મંજરીએ કહ્યું. "પણ આપણે શું વિદ્વત્તામાં પાણી ખોઇશું? અને જો એ હારશે તો જશ બધો તમને જ મળશે. કેમ ખરૂં કેની રૂદ્રદત્ત?"

"હાસ્તો."

"જોઇશું. હું આટલું તો કહી જોઉં."

"પણ અમને કહેજો કે એ શું કહે છે. હોં."

"હા. કાલે સવારે."

"વારૂ."

બાલક પહેલી ચોરી કરી નીકળે તેમ, તરતાં શીખનાર પહેલીવાર તરી પાર ઉતરી આવે તેમ, મંજરી પોતાની બાહોશીથી હરખાતી હરખાતી ઉપર આવી. જુઠ્ઠાણાંથી તેણે મણિભદ્ર પાસે કામ કઢાવ્યું તેથી તે શરમાઇ નહિ, ઉલટી હરખાઇ, અને ગર્વ વધ્યો; અને કાકને મળવાની ઉગતી આશાની હુંફમાં સુતી. ઉંઘમાં પણ કાકને મળવાનાં સ્વપ્નો તે જોઇ રહી.

પરોઢીયે તે ઉઠી; મણિભદ્ર કયારે આવશે, આવશે કે નહિ, એ પરદેશી વિદ્વાન્ કાક હશે કે કોઇ બીજો, કાક હોય તો સંદેશો સમજશે કે કેમ એવા એવા અનેક તર્કવિતર્કો તેના મનમાં ઉઠવા લાગ્યા. અત્યારે તેની પાસે સોમભટ્ટ પણ નહોતો કે તેને મોકલી તપાસ કરાવે; અને તે જાતે બાલક, બિનઅનુભવી! તે અનેક રીતે વિમાસણ કરી રહી.

પ્રણયીના સંદેશાની વાટ જોતાં થતી વેદના ત્રિવિધિના તાપથી પણ વધારે દુઃસહ છે. આ દુઃસહ વેદના મંજરી સહી રહી. પગલું વાગ્યું–પાંદડું ખખડયું–બારણું દેવાયું કે તે ચમકતી, હૃદય ધબકી ઉઠતું, કાન ચકોર થતા, તે ઉઠી બારણે જતી. મણિભદ્ર ન આવતો તો નિરાશ થતી, હૃદય જાણે બંધ પડી જતું હોય એમ લાગતું; અને કલ્પના શક્તિ ન કરવા જેવા વિચાર કરી રહેતી. પણ નિરાશ થઇ પાછી આવતી, તો વેદના વધતી. ઓટલે ઉભા રહી મણિભદ્રને ન જોવો તેના કરતાં તે હમણાં આવશે ધારી વાટ જોવી એ વધારે ત્રાસદાયક થતું. તે પલોમાં સૂર્ય ને ચંદ્ર વ્યોમમાં થંભી ગયેલા લાગતા, શ્વાસ બંધ પડેલો લાગતો, જીવ ત્રિશંકુની માફક અદ્ધર લટકતો રહેતો. નસેનસમાં ગુંગળામણ થતું, પ્રાણ પટકી નાખ્યા વિના બીજો આરો દેખાતો નહિ.

શુષ્ક રૂદ્રદત્ત બ્રહ્મચારી હતો, છતાં મંજરીને જોઈ તે તેનો ગુલામ બન્યો હતો. તે એટલું જાણતો હતો કે તે નિરાધાર હતી, દુઃખી હતી, કરમાતી હતી. જે આર્દ્રતા તળીયે બેઠી હતી તે ઉપર આવી–આ દુઃખી બાલાની વ્હારે ધાવા તેનું હૃદય તલસી રહ્યું. તેને સ્પષ્ટ લાગ્યું હતું કે મંજરીએ મણિભદ્રને પાણી ચડાવ્યું તે કાંઈ કારણસર હતું; અને તેથી મણિભદ્રના પાછા આવવાની તે વાટ જોવા લાગ્યો. નિત્યકર્મમાંથી વખત ચોરી તે પણ બહાર ફરી આવતો, જપ કરતાં પણ કાન માંડતો, ધ્યાન કરતાં પણ તેની નજર હોઠ બીડી કર્યા કરતી મંજરી તરફ જતી.

કોઈ આવ્યું–રૂદ્રદત્તને મણિભદ્રનું પગલું લાગ્યું; અને તે જપ છોડી બહાર દોડ્યો.

મણિભદ્ર ઉતાવળો આવ્યો હતો તેને તેડી અંદર વાડામાં મંજરી હતી ત્યાં તેને લઈ ગયો.

મંજરી પાણી કાઢતી હતી. તેના માથાપરથી ઓઢણ ખસી જઈ તેના અંબોડો, અને ડોકની ભભક, ઉંચા નીચા થતા હાસ્યનું સૌંદર્ય, તેથી સંતાકુકડી કરતા સ્તનની અપૂર્વતા—આ બધું બન્ને આવનારની નજરે પડ્યું, બન્ને મહાત થયા–વિનયશીલ રૂદ્રદત્તે ગુરુની દોહિત્રીના રૂપ આગળ આંખો નમાવી–અડબંગ મણિભદ્ર બહેબાકળો થઈ, ડોળા ફાડી જોઈ રહ્યો.

મંજરી તેમને આવતા સાંભળી ફરી, માથે ઓઢ્યું ને આગળ આવી. આશાએ, અપેક્ષાએ તેનું મોઢું જ્વલંત થયું.

"કેમ મણિભદ્ર!"

"જઈ આવ્યો."

"શું કહ્યું?"

"બહુ પાકો છે. કહું? હું અહિયાંથી ગયો, ગાગર લીધી, પાણી ભર્યું—"

"પછી?" અધિરાઈથી મંજરીએ કહ્યું.

"પછી હું ગયો. પેલો તો એક રીંછ જેવો પડયો હતો, ખૂણામાં."

"વારૂ!"

"ને મારી તો સામું પણ નહિ જુવે."

"પછી તેણે શું કર્યું?"

"હું કાંઇ જાઉં કે? કહ્યું કે રોજ તો પેલા કૈલાસનો જપ કરો છો, આજે કેમ નથી કરતા."

"હું."

"મેં જ્યાં એમ કહ્યું કે એ તો બેઠા થયો. ને મારી સામે ડોળા ધુરકાવા માંડ્યા. સાચું પુછો તો હું તો બીધો. એના કાંઈ ડોળા ચળકે." હાથપર હાથ ઘસી મણિભદ્રે કહ્યું. હું તો એવો ગભરાયો કે ગાગર મુકવા ગયો, એટલે પ્રુટી ગઇ, ને પેલો તો ખડખડ હસવા લાગ્યો."

"પછી તેણે શું કહ્યું?" જરા કચવાઇ મંજરીએ પુછ્યું.

"મને કહે કે જુઓ આ કૈલાસ ન સાંભર્યું તેના પ્રતાપ. એમ કહ્યું ને પાછો હસવા લાગ્યો. એટલે મને હિમત આવી. મેં પછી કહ્યું"—

"શું?"

"કે 'રોજ પંડિતાઇ શાની કરો છો? તમે અમારી જુનાગઢની છોકરીને હરાવો ત્યારે ખરા."

"તેણે શું કહ્યું?" મંજરીએ ઉંચે શ્વાસે પુછ્યું.

"માનશો? એણે નિસાસો મુકયો ને કહ્યું." "શું કહ્યું વારૂ કહો જોઇએ?"

"તે જાણતા હોત તો તમને શા માટે પુછત?" રૂદ્રદત્તે ચીડવાઇ કહ્યું.

"તે બોલ્યો કે 'બાપા! બધાને હરાવ્યા પણ જુનાગઢની છોકરી નહી હારી.' ને માથું ધુણાવવા લાગ્યો." કહી મણિભદ્ર હસ્યો,

આ શબ્દોની મંજરીપર જુદી અસર થઇ. હોઠ કરડી તે પાછી હઠી; તેનું શરીર કાંપવા લાગ્યું. 'શું કાકજ! તેણે અણજાણતાં છાતીપર હાથ દાબ્યો.

રૂદ્રદત્ત આ ફેરફારો જોઇ રહ્યો "પછી?" તેણે કહ્યું.

"પછી મેં પણ જરા ગપ્પું માર્યું. મેં કહ્યું કે અમારે ત્યાંની બ્રાહ્મણ કન્યાઓ તમને હરાવે એમ છે. મેં કહ્યું કે તે તો મોટી કવિકુલશિરોમણીઓ છે."

મંજરી ને રૂદ્રદત્તે મુંગા મુંગા સાંભળ્યા કર્યું.

"મેં આ કહ્યું ને પેલો ચમકયો, ને આંખો ઝીણી કરી મારી સામું જોઇ રહ્યો."

મંજરીનું હૃદય ઉભરાઇ આવ્યું. મુશ્કેલી ફેડવાનો વિચાર કરતાં કાકને આ જ ટેવ હતી.

મણિભદ્રે આગળ ચલાવ્યું "તે એકદમ ધીમે અવાજે કહેવા લાગ્યોઃ 'બેસો બેસો મહારાજ! એક છોકરી તો બતાવો.' મેં પણ કહ્યું 'જોઇએ તેટલી.' એટલામાં મને ગુરૂમહારાજની આજ્ઞા યાદ આવી. તેમણે કહ્યું હતું રાજકારભારની વાતમાં બહુ લવરી કરવી નહિ, એટલે હું તો મુગો રહ્યો પણ પેલો બોલ્યોઃ 'ભાઇ! જે એવી હોય તેને કહેજો કે કવિકુલશિરોમણી જુનાગઢમાં હોય તો તેનો નાથ પણ આ બેઠો છે. આવી જાઓ, કહી તે મુછ મરડવા લાગ્યો.'"

મંજરીને જરાયે સંશય રહ્યો નહિ, તેનું હૈયું ઉછળી રહ્યું.

"મણિભદ્ર! આ પંડિતનો ગર્વ ઉતારવો જોઇએ. નહિ તો આપણા બધાનું નામ બોળાવાનું."

"પણ તે નામ રહે કેમ?" મણિભદ્રે કહ્યું.

"એક રીતે રહે." રૂદ્રદત્ત જે કાંઇ મંજરીની ઇચ્છા પારખી ગયો હતો તે બોલ્યો "મંજરી આને તેને મેળવો."

મણિભદ્ર ગભરાયો. "એ તે કાંઇ બને?"

"કેમ નહિ?" મંજરીએ પુછ્યું. "એ પંડિત કેદમાં છે એટલું જ ને?"

"બા-બા-પણ-ખેંગાર બાપા મને ગરદન મારે."

"પણ ખેંગાર બાપાને કહેવા કોણ જવાનું?" મંજરીએ કહ્યું. "તમે જેવા ગાગર લઇ પાણી આપવા જાઓ છો તેમ હું જઇશ. પાંચ પળમાં એ પંડિત ઠેકાણે."

"નારે બા—" મણિભદ્ર બોલ્યો. "પેલા નારસિંહ તરત ઓળખે."

"ઓહો નારસિંહ ગઢવી!" રૂદ્રદત્તે કહ્યું. "એ તો મને ઓળખે છે. તમે એકદમ માંદા થઇ જાઓ તો મંજરી બા જઇ શકે."

"પણ સ્ત્રી—"

"હું પુરૂષ વેશ લઇશ. મારા પિતા જીવતા હતા ત્યારે ઘણીયે વખત હું શિખ્યો સાથે એમ ફરતી."

"પણ બા" હાસ્યજનક ગભરાટમાં મણિભદ્ર બોલ્યો. "આ હસવાનું ખસવું થાય તો?"

"થાય શું? તને ખબર છે? મારા પતિ તો ખેંગાર બાપાના ઇષ્ટમિત્ર છે. તમે તો અમથા ગભરાઓ છો? તે જાણશે તો ભલે. કયાં આપણે એમના કેદીને નસાડી જવાના છીયે."

"પણ"—

"એને કયાં કેદ કર્યો છે?"

"લીમડીયા કુવા આગળના ભોંયરામાં. પણ આ વાત—"

"તું શા માટે ગભરાય છે?" રૂદ્રદત્તે કહ્યું. "તું સાંજના અહિયાં આવજે પછી વિચાર કરીશું."

"ઠીક! ઠીક!" કહી મણિભદ્રે ત્યાંથી જવાનો ઇરાદો દર્શાવ્યો.

"વારૂ મણિભદ્ર! રૂદ્રદત્તે કહ્યું "આજે મારી જન્મતિથિ છે. સાંજના આવજે. આજે ગુરૂમહારાજે મિષ્ટાન્ન બનાવવાની રજા આપી છે."

"હું!" મોદકના પ્રખ્યાત સ્વાદીયાનો ગુંચવાડો અદૃષ્ટ થતાં તેણે કહ્યું.

"હા. તે વખત આપણે વાત કરીશું. પણ જોજે, મોડું નહિ થાય."

"હા જરૂર" કહી મણિભદ્ર ગયો. ચોડીવાર મંજરીને રૂદ્રદત્ત એકમેકની સામું જોઈ રહ્યાં.

"રૂદ્રદત્ત! આ નહિ આવે તો?"

"તે ગભરાશો નહિ. મિષ્ટાન માટે એ દશ જોજન જાય એમ છે. બા!" ધીમેથી રૂદ્રદત્તે પુછ્યું "આ કેટી કાકભટ્ટજી?"

મંજરી આ બ્રાહ્મણની ચકોરતા જોઈ હસી "હા! તમે કેમ જાણ્યું?"

"રૂદ્રદત્ત હસ્યો" "બા! એ વિષ્ણુનાં ધન્ય ભાગ્ય છે."

"એ શું?"

"બીજું શું હોય? આવાં લક્ષ્મી પામ્યા તેમાં."

જવાબમાં મંજરી હસી. તે હાસ્યમાં હૈયાના આનંદનો ટંકાર હતો.

## પ્રકરણ ૧૧ મું.

### મોદકભક્ત.

પણ રૂદ્રદત્ત અને મણિભદ્ર જતાં મંજરી એકલી રહી એટલે તેના ગભરાટનો પાર રહ્યો નહિ. અત્યાર સુધી જે કાંઈ તેણે કર્યું તે નીરાંતે ઘરમાં બેસીને કરવાનું હતું. તેને પોતાને લાગ્યું હતું કે જાણે અજાણ્યે કાકે આવી વખતે કેમ કર્યું હોત તેનું તે અનુકરણ કરતી હતી. પણ હવે પ્રસંગ જુદો હતો. તેને ભયંકર અનુભવોના સમુદ્રમાં ઝંપલાવવું હતું. તેને એ સમુદ્રનો અનુભવ નહોતો, તેના તરંગો દૂર કરી, તરતાં તેને આવડતું નહોતું, સાથે કોઈ ઉસ્તાદ તારો મદદમાં નહોતો. તે એકલી હતી, અનુભવ વગરની હતી. બી જાતી હતી અને રાતની વખતે, અજાણ્યા ગામમાં ગમે તેવાને હાથે ચડવાની ઇચ્છા કરતી હતી. પલવાર મન ડગ્યું–હિંમત હાથમાંથી સરી ગઇ, પણ તરત પોતાના આદર્શો યાદ આવ્યા, કેવા પતિઓને વરવાની તેની મહેચ્છા હતી તે યાદ આવી, કાકનાં અપ્રતિમ પરાક્રમો નજર આગળ આવ્યાં. તે કાકની તુલના કરવાની ધૃષ્ટતા કરતી હતી; હવે તે તેની કેવી તુલના કરશે? અને

તે ન જાય-કાકને કાંઈ થાય-શું થાય તે કેમ કહેવાય?-સદાને માટે વિયોગ પડે, તો? શું તે પહેલાં તે જરા હિંમત નહિ કરે, જરા રંજ નહિ ઉઠાવે? પોતાના કાયરપણા તરફ તિરસ્કાર લાવી તેણે કાકનાં પરાક્રમો યાદ કરવા માંડ્યાં; અને તેનું અનુકરણ કરવા તૈયાર થઇ. પાછું મન ઠેકાણે થયું-વળી વિચાર આવ્યોઃ જો તે નિર્વિઘ્ને કાકને મળે-છોડાવે તો? નસેનસમાં વિદ્યુત્ ઝબકી. તે વિદ્યુતે એ પ્રશ્નનો નિર્ણય આણ્યો-કાં તો મળવું કાકને, કે પછી યમરાજને.

સાંજના તેને અધિરાઈ થઇ આવી; પણ રૂદ્રદત્તે તેને ખાત્રી આપી. તે મણિભદ્રને સારી રીતે ઓળખતો હતો. સાંયકાળ થતાં જ તે મહાશય મિષ્ટાન્નની આરાધના કરવા તલસી રહેલી જીભને આશ્વાસન આપવા આવી પહોંચ્યા; અને મંજરી અને રૂદ્રદત્તે કરેલી તૈયારી જોઇ તેનો અંતરાત્મા પ્રસન્નતાની ટોચે જઇ પહોંચ્યો.

જટાનાથ આચાર્ય અત્યારે જમવાના નહોતા, અને હોશીયારી વાપરી રૂદ્રદત્તે બીજા શિષ્યોને દૂર કર્યા હતા. એટલે મંજરીએ પીરસવા માંડ્યું; અને રૂદ્રદત્ત અને મણિભદ્રે આરોગવા માંડ્યું.

માનીનિની મોહિની સામાન્ય રીતે ન્યારીજ હોય છે; તે રીઝવે ત્યારે દુર્જેય થઇ પડે છે; પણ તે હાથે પીરસી જમાડે ત્યારે પુછવું શું? મણિભદ્ર અડધો બેભાન થઈ ગયો. મંજરીના આગ્રહ આગળ મિષ્ટાન્નની મજા પણ તે વિસરી ગયો; નવયૌવનમાં માતી રહેલી મંજરીના હાવભાવ આગળ પેટમાં જગા છે કે નહિ તેનું ભાન પણ ભુલી ગયો. બ્રાહ્મણવર્ય મણિભદ્રે સાધેલા જીવનયોગમાં એક પરમ ધ્યેય હતું-સ્વાદિષ્ટ મોદક. અત્યારે તે યોગેશ્વર યોગભ્રષ્ટ થયો-ભાણામાં લાડુ હતા છતાં મંજરી સામું જોઈ રહેવા લાગ્યો.

મંજરીને પણ આ વખતે તેની ખીલતી જુવાનીમાં રહેલા પ્રપલ્લ જાદુનું ભાન થયું; અને પોતાની અપ્રતિમ શક્તિનું જ્ઞાન પામેલા મહારથીના મદથી તે પોતાના પ્રભાવની અજમાયશ કરી રહી. તેણે રૂદ્રદત્તની સહાયથી મણિભદ્રને મોહાન્ધ કર્યો. મણિભદ્ર બીચારો લટુ થઇ રહ્યો.

"મણિભદ્ર! હવે અત્યારે હું જઈશ હોં."

"કયાં–ના, બહેન ના" મણિભદ્રે પેટપર હાથ ફેરવતાં કહ્યું.

"મણિભદ્ર! તું આવો જીદ્દી ક્યારથી થયો?" રૂદ્રદત્તે કહ્યું "હવે આ અગીયાર લાડુપર ચાલીને લીમડીયે કુવે જવાનો. એક ગાગર મુકવા પાછળ તે આટલી પંચાત."

"બાપા!" નિરાશાભર્યા અવાજે મણિભદ્રે કહ્યું "ખેંગાર બાપો જાણે તો તેટો પીસે."

"એને કેાણ કહેવા જવાનું. હારેલો પંડિત કાંઈ કેાઇને કહેવાનો?" મંજરીએ કહ્યું "મણિભદ્રજી! આટલું માનો."

મણિભદ્ર હા–ના કરતો જમીને ઉઠ્યો, અને પાન ખાવા બેઠો. પાન ખાતાં ખાતાં અગીયાર લાડુનો નિશો મગજમાં પહોંચ્યો; દૂરે પડેલા ખેંગારનો ડર ઓછો થયો, અને ચાલીને લીમડીયે કુવે જવાનો ડર વધ્યો. એના પગ ચોંટી ગયા હતા, ચાલવા જેવું મહાન્ પરાક્રમ અત્યારે કરવા સામે શરીરે બંડ ઉઠાવ્યું હતું; ડગલે ને દૃષ્ટિપાતે મોહજ્વાલ વિસ્તારતી રતી સમાન સુંદરી યાચના કરતી હતી. ધીમે ધીમે મણિભદ્રને લાગ્યું કે આંખે પણ મીચાવાં માંડયું–શરીરની સાથે મળી જઈ સત્યાગ્રહ શરૂ કર્યો. તેણે પણ જીદ પડતી મુકી. એ ચાર ઘડીમાં તો રૂદ્રદત્ત ને મંજરી ગાગર મુકી પાછાં આવશે, અને એટલી વારમાં તો પોતે જરા નીરાંતે આરામ લેશે. આ વિચાર આવતાં, તેને આખી સૃષ્ટિ જાણે વિમાનપર ચડી વ્યોમમાં વિહરવા ઉંચે જતી હોય એમ લાગ્યું. મણિભદ્રે નિસાસો નાંખ્યો, ભીંતપર માથું નાખી દીધું, અને નાક વડે ખીજવાયેલા હાથીની માફક, સુસવાટો કર્યો.

"ચાલો! આની નીરાંત થઇ" મંજરીએ કહ્યું.

"અરીણુ વધારે તો નથી નાખ્યું ને?" રૂદ્રદત્તે જરા ચિન્તાતુર અવાજે પુછયું.

"નારે. તમે આખું તેનાથી અડધું. ચાલો, હવે હું મારાં લુગડાં પહેરી આવું."

થોડીપળમાં એક જટા ધારતો સુકો પણ લચકાતી ચાલે ચાલતો, કામણગારો દીસતો બાલબ્રહ્મચારી ખભા પર ગાગર મુકી રૂદ્રદત્ત જોડે લીમડીયે કુવે જવા નીકળ્યો. સારૂં હતું કે અંધારૂં થવા આવ્યું હતું! નહિ તો એ બાલબ્રહ્મચારીની કાન્તિ જોઈ જુનાગઢી સુંદરીઓ વેલી બની જાત.

## પ્રકરણ ૧૨ મું.

### છુટકારો.

રૂદ્રદત્ત અને મંજરી ઝપાટાબંધ લીમડીયે કુવે આવી લાગ્યાં. કુવાની પાસેના નાના મહાદેવના મંદિરમાં ચાર પાંચ સૈનિકો પડ્યા હતા. તેમાંના એકે હસીને પુછ્યું:

"કેમ પેલો મણિયા મહારાજ આજે નથી."

"તેની તબીયત સારી નથી." આગળ આવી રૂદ્રદત્તે કહ્યું.

"તમે તો જટાનાથ આચાર્યના શિષ્ય ને?" એક બીજાએ પુછ્યું.

"હા. આ રસ્તે જવાશે?"

"હા."

મંજરી ને રૂદ્રદત્ત બતાવેલી પગથીયે થઇ કોટ ઉપર ચડવાને બનાવેલી પથ્થરની સાંકડી સીડીપર થઇ કોટપર ચઢ્યાં. ઉપર નારસિંહ નીરાંતે પડ્યો હતો, તે ચમકીને બેઠો થયો. સંધ્યાનું આછું તેજ અંધકારમાં લય પામવા લાગ્યું.

"કોણ મણિભદ્ર કે?" તેણે પુછ્યું.

"ના! ગઢવીજી એ તો હું રૂદ્રદત્ત!"

"કેમ?" પોતાની જરા દૂર પડેલી તરવાર પાસે ખેંચતાં ગઢવીએ કહ્યું.

"પેલો મણિભદ્ર માંદો પડ્યો છે. તેથી પાણી આપવા હું આવ્યો છું-હું રૂદ્રદત્ત."

"અરે વાહરે મહારાજ! આ કામ તે તમને શોભે?"

ગઢવી માન આપી ઉભો થયો અને કહ્યું: "નારે. આ એક બીજો શિષ્ય ગાગર લાવ્યો છે. એ બિચારો તદ્દન નવો છે એટલે રસ્તો બતાવવા હું આવ્યો છું."

**નારસિંહે** નવા શિષ્ય તરફ બેદરકારીથી નજર નાંખી.

"આજે બહુ મોડું થયું." કહી થોડાં ડગલાં જઈ નીચા વળી એક લોખંડનું જડેલું કડું પકડી, જોરથી ભોંયમાં ખેસાડેલો પથ્થર તેણે ઉપાડ્યો. પથ્થર ઉપાડતાં એક સાંકડો દાદર નજરે પડ્યો. તે તરફ આંગળી કરી **નારસિંહે** મંજરીને કહ્યું:

"મહારાજ! જલદી કરો. ભટજીને પુછી જોજો કે કાંઈ જોઇએ છે."

"મંજરી મુગે મોઢે તે દાદર ઉતરી."

ઘણાં વર્ષો થયાં જુનાગઢ સદાયે લડવા માટે તૈયાર રહેતું; અને ગઢનું સંરક્ષણ કરવા અનેક ગઢવીઓ કોટના જુદા જુદા ભાગમાં પડ્યા ને પાથર્યા રહેતા. **નારસિંહ** ગઢવી આ જગ્યા આગળજ એક કાચી ઝુંપડી હતી તેમાં હમણાં વાસ કરતો હતો; અને તેની નજર નીચે, કોટના ચણતરમાં બનાવેલા એક નાના કારાગૃહમાં કાકને પુરવામાં આવ્યો હતો. એ કારાગૃહ સાંકડું અને નાનું હતું; અને કોટમાં પાડેલાં બાકાંઓમાંથી તેમાં હવા અને અજવાળું આવતાં.

મંજરી આ ઓરડામાં ગભરાતી ગભરાતી ઉતરી. તે આટલી હિમત કરી અહિયાં આવી, તે કરતાં કાકને મળવું તેને વધારે ભયજનક લાગ્યું.

જેવી તે દાદર ઉતરી કે એક પરિચિત અવાજે પુછ્યું: "કોણ એ?" મંજરીના હૈયાએ કુદકો માર્યો; તેના હાથમાંથી ગાગર પડતી પડતી રહી ગઈ.

ત્યાં અંધારૂં હતું, પણ સાવધ કાક એકદમ ઉભો થઈ ગયો હોય એમ મંજરીને લાગ્યું. પણ તે કાંઈ બોલી શકી નહિ—તેનાં તો અંગેઅંગ ક્ષોભથી ભયથી, ભાવથી કાંપતાં હતાં.

"કોણ છે?" એમ ફરી પુછી કાકે ચકમક ઘસી, કાકડો ચેતાવ્યો, તરતના ચેતેલા કાકડાના જેવા તેવા અજવાળામાં કાકને માત્ર એટલું જ લાગ્યું કે આ રોજનો પાણી લાવનાર ન હતો.

"કેમ ઉભો રહ્યો છે? પેલા ખુણામાં ગાગર મુક."

મંજરીને ગાગર મુકી નાસી જવાનું મન થયું: પણ સમયસુચકતનો જરા એક અંશ તેનામાં રહ્યો હતો. તે મહામુશકેલીએ બોલી: "એ તો હું"–

એ ત્રણ અક્ષરનું હૃદયભેદક ઉચ્ચારણ કાકને કાને પડતાં તે ચોંકયો, કાકડો ઉંચે ધર્યો, અને છલંગ મારી મંજરીની પાસે આવ્યો. ગભરાટને લીધે મંજરીના હાથમાંથી ગાગર પડી ગઈ, ફુટી ગઇ, અને ત્યાં પાણીની રેલમ છેલ થઇ રહી.

કાકે આવી મંજરીનો હાથ તાણ્યો "કોણ"–તેનો અવાજ ગળગળો હતો; તેમાં અનેરા સૂરની પુરણી હતી.

"મંજરી." મંજરીએ કહ્યું.

"મંજરી! તું!"

"હા."

"પેલો બ્રાહ્મણ કાંઈ ડહાપણ કરી ગયો ત્યારે મને લાગ્યું ખરૂં કે એ તારૂં ને સોમભટ્ટનું કારસ્તાન છે." મંજરી ખિન્ન થઇ; સોમભટ્ટને મળેલા જશની અદેખાઇ આવી.

"સોમભટ્ટ કયાં છે?"

"એને તો તમને શોધવા જુનાગઢની બહાર મોકલ્યા છે."

"તું કેમ આવી?"

"મારી મેળે. મારા દાદાના શિષ્યને લઇને."

બન્ને થોડી વાર મુગાં રહ્યાં. મંજરી કાકના સ્વસ્થ પ્રશ્નોથી કચવાઇ અને કાકના હાથમાંથી પોતાનો હાથ છોડાવ્યો. કાક ચેત્યો, મંજરીનું અભિમાન યાદ આવ્યું, અને ઉમળકો દબાવી અતડો થયો. મંજરીએ એ અતડાપણું જોઇ હોઠ કરડ્યા; તેની મગરૂરી પાછી આવી–અને તેની સાથે સ્વાસ્થ્ય પણ આવ્યું.

"ભટ્ટરાજ! છુટી જવું હોય તો આ લાગ છે."

"કેવી રીતે?"

"ગઢવીએ મને બરાબર જોઇ નથી. તમે આ મારી કામળી ઓઢી લ્યો."

"ને તારૂં શું થશે?"

"મારૂં શું થવાનું હતું? હું અહિયાં રહીશ." દૃઢતાથી મંજરીએ કહ્યું.

કાકનું હૃદય પ્રેમભીનું થયું; પણ તરતજ મંજરીના ધાકથી તે બીનાશ સુકાઇ ગઇ.

"તને ખબર નથી. મને આઠ દશ દહાડામાં તો રા' છોડશે. અને તું અહિયાં મારે બદલે રહેશે તો તને રા' ઝબ્બે કરે."

"ત્યારે"—

"તું પાછી જા."

મંજરી ફરી, અને જવાનો વિચાર કર્યો. તે નિરાશ થઇ હતી; કાકના શાન્ત પ્રશ્નોએ તેના આશાજીવી હૃદયને ભુખ્યું રાખ્યું હતું.

"મંજરી!" એકદમ કાકે પુછ્યું.

"કેમ?"

"ઉપર કેટલા છે?"

"એક ગઢવી છે, ને બીજો પેલો શિષ્ય છે."

"કોટપર કોઇ બીજા નથી?"

"ના. તદ્દન નિર્જન છે."

"હરકત નહિ! ચાલ. જય સોમનાથ."

કાક તેની સ્વાભાવિક ત્વરાથી નિશ્ચય ઉપર આવ્યો હતો.

"તારો કામળો આપ–! લે આ મારો સાફો. જોઇએ તો ઓઢ" કહી અંધારામાં પણ ચપલતાથી, દૃઢતાથી તેણે કપડાંની આપ લે કરી અને ઝપઝપ દાદર ચડ્યો. કાક શું કરવા માગે છે તેની મંજરીને સમજ પડી નહિ; પણ તેનું સ્વામિત્વ તેના હૃદયપર એવું સજ્જડ બેસી ગયું હતું કે તે મુગે મોઢે પાછળ ચાલી.

કાક દાદર ચડ્યો, અને ડોકું કાઢી ચારે તરફ જોયું. અંધારામાં કોટની કોરપર બે જણ ઉભેલા તેણે જોયા; એક ઉંચા શરીરવાળો હતો, ને એક સામાન્ય કાઠીનો હતો. કાકે ઉંચા શરીરવાળો નારસિંહ છે એમ તરત પારખ્યું; અંતર માપ્યું, અને છલંગ મારી–કુદ્યો.

આંખો મીચાઇ અને ઉઘડી–અને નારસિંહ ગઢવીએ ઉંધે માથે કોટની કોનારપરથી બહાર, નીચે ખાડી તરફ હવામાં વિનાશક મુસાફરી શરૂ કરી, તેની ચીસ બહારનો પવન લઈ ગયો; બેબાકળા રૂદ્રદત્તની બુમ કાકે મજબુત હાથે રોકી રાખી.

મંજરી પણ દોડતી તેની પાછળ આવી.

"મંજરી! આ તારા દાદાના શિષ્ય કે?"

"હા. રૂદ્રદત્ત! બોલશો નહિ. એ તો ભટ્ટરાજ છે."

રૂદ્રદત્તને કાંઈ સમજ પડી નહિ, નારસિંહને પડતો જોઇ તે ગભરાઈ ગયો.

કાકે જરા હાથ ઢીલો કર્યોઃ "મહારાજ! હું તમારો વાળ વાંકો નથી કરવાનો. પણ ખબરદાર એક અક્ષર બોલ્યા તો–બોલશો તો તમે પણ—" કહી તેણે નારસિંહ જે રસ્તે નીચે ગયો હતો તે બતાવ્યો. કાકે રૂદ્રદત્તના મ્હોંપરથી હાથ લઈ લીધો.

"મંજરી! હવે શું કરીએ?"

"ચાલો દાદાને ત્યાં."

તિરસ્કારમાં કાક હસ્યો.

"હવે જુનાગઢમાં એક પળ પણ મારાથી રહેવાય નહિ. ખબર પડે તો હું જીવથી જાઉં."

"ત્યારે?" મંજરી પણ ગુંચવાડામાં પડી.

"રૂદ્રદત્તજી!" કાકે પુછ્યું. "કાંઇ નાસવાનો રસ્તો છે? નહિ તો યાદ રાખજો કે આપણે બધા કાલે સ્વધામ."

"હા. તમને કાંઈ ખબર હશે?"

રૂદ્રદત્ત સ્વસ્થ થયો, અને ધીમેથી પુછ્યુંઃ "ભટ્ટરાજ! તમારે મારી પાસે રાજદ્રોહ કરાવવો છે?" તિરસ્કારમાં અને દૃઢતાથી રૂદ્રદત્તે અદબ વાળી. મંજરીએ તે અદબ જોઈ, તેમાં છુપાયેલી નિશ્ચલતા પારખીઃ અને આગળ આવી રૂદ્રદત્તનો હાથ પકડયો.

"ભાઈ! તમારે તમારી બહેનને હાથે રહી વૈધવ્ય અપાવવું છે?"

બે સવાલે, બે પ્રતાપી પ્રતિસ્પર્ધિનાં બાણની માફક એકમેકને છેદી નાંખ્યા રૂદ્રદત્તે મંજરી સામું જોયું, બે દિવસ થયાં પોતાના શુષ્ક જીવનમાં અચાનક આવેલી સુંદરીએ ઉપજાવેલી આર્દ્રતા ઉછળી આવી. તેણે તબીયેત છોડી દીધી—દિંગ થઇ તે ઉભો થયો.

"ગુરૂજી શું કહેશે?"

"કહેશે કે તેની દીકરીએ તો મારૂં શરીર સરજ્યું; પણ આજે તમે–તેના દીકરાએ–તે શરીર સજીવન કર્યું. મંજરીએ ગર્વથી કહ્યું.

રૂદ્રદત્ત હાયો. "હર–હર–હર—" તેણે પણ ગુરૂનો મંત્ર ઉચ્ચાર્યો,

"બોલો! છે કાંઇ રસ્તો?" કાકે પુછ્યું.

"હા." રૂદ્રદત્તે મહા મહેનતે કહ્યું.

"કયો?" મંજરીએ આતુરતાથી પુછ્યું.

"અમે નાના હતા અને દર્ભ વીણવા જતા ત્યારે અહિંયાં એક રસ્તે કોટ પરથી ઉતરતા. તે રસ્તો હતો ઘણો કઠણ."

"તેની હરકત નહિ."

"હવે છે કે નહિ તે ખબર નથી."

"ચાલો જોઇએ." મંજરીએ કહ્યું.

રૂદ્રદત્ત તેમને થોડે દૂર કોટ પર લઇ ગયો. અંધારે ભુલું પડેલું એક બકરૂં ત્યાં ઉભું હતું, તે તેમને જોઇ કુદતું કુદતું નીચે ઉતરી ગયું.

"આ રસ્તો જોયો? આ છે." રૂદ્રદત્તે કહ્યું.

તીક્ષ્ણ નજરે નીચા વળી જોતાં કાકે કહ્યું: "નીચે ખાઇ નથી"?

"ના. એ તો સીધો નીચે જંગલમાં જાય છે. પણ છે બહુ ભયંકર."

"ફીકર નહિ. હું એક પલમાં જોઈ આવું." કહી કાકે કછોટો માર્યો, અને સાવચેતીથી હાથેને પગે થઇ પેલું બકરૂં ગયું હતું તે રસ્તે ઉતરવા લાગ્યો.

કોટનો આ ભાગ કોઇ ટેકરી પર બાંધ્યો હશે, એટલે તે ભાગ છેક સીધો નહતો પણ જરા ઢોળાવ પડતો હતો. એ ઢોળાવ એવો હતો કે

કોઇ માણસ ત્યાં ઉતરી શકે તેમ નહોતું; છતાં ત્યાં પડેલા પથરાઓ અને ઉગેલાં ઝાડવાંઓની મદદથી જનવર ચડી ઉતરી શકતાં. ટેકરીના મુળ આગળ એવી ઝાડી હતી કે આ રસ્તાનો માણસ ઉપયોગ કરી શકે એવું કોઇના ખ્યાલમાં આવે એમ નહોતું. મંજરી ને રૂદ્રદત્ત ઉંચે જીવે ઉભાં રહ્યાં. રૂદ્રદત્તને એ પણ ધાક લાગ્યો કે કોઇ સૈનિક આવી લાગે તો તેમના બાર વાગી જાય. પણ નવઘણ રા'ના મરણ પછી ચોકી પહેરો જરા ઢીલો થયો હતો; અને નારસિંહ ગઢવી ધણો જ બાહોશ અને રાજનો માનીતો ગણાતો હોવાથી તેની હદમાં કોઈ સાધારણ રીતે આવતું ન હતું.

થોડી વારમાં જેવી ચપલતાથી કાક ઉતર્યો હતો તેવી જ ચપલતાથી પાછો ચડીને આવ્યો.

"ઠીક છે ચાલશે!"

મંજરીના હૃદયમાં ફાળ પડી; હવે તેનું શું?

"ભટ્ટજી! પણ જરા ધ્યાન રાખજો. અહિયાં જનવર ભય ભારી છે હોં." રૂદ્રદત્તે કહ્યું.

"એટલુંજ ને? ઉભા રહો તેનો રસ્તો કરૂં" કહી કાક ઝપાટાબંધ પાછો ગયો ને કેદખાનાના મોટા આગળ નારસિંહનાં ઢાલ તરવાર પડયાં હતાં તે લઇ આવ્યો.

તેને પણ વિચાર આવ્યો ને તે ખંચાયો. મંજરીને અહિયાં મુકી જવાય કેમ? તેને આવે ભયંકર રસ્તે આવવાનું પણ કેમ કહેવાય? અને પોતે આવવાનું કહે અને અભિમાની મંજરી તરત ના પાડે તો પોતાનું ગૌરવ કયાં રહે? તે અનિશ્ચિત બની ઉભો.

મંજરીનું હૃદય પણ ધબકી ઉઠયું. પાછા જવાય કેમ? કાક વિના ક્ષણવાર પણ જીવાય કેમ? અને તેની મરજી નહિ હોય તો નાક મુકી સાથે જવાનું પણ કેમ સૂચવાય. હાથમાં હાથ મરડી, ધ્રાસ્કાથી બેભાન બની તે પણ મુગી ઉભી.

કાકે ક્ષોભથી ચારે તરફ જોયું. "મહારાજ!" ગળું ખંખારી તેણે બોલવા માંડયું "તમે હવે—"

"હા. હું જાઉં છું. ચાલો બા—"

"હું!" એકદમ મંજરી બોલી.

"હા. મોડું થાય છે" રૂદ્રદત્તે કહ્યું.

"મંજરી" કાકે મહામહેનતે ક્ષોભ દબાવી કહ્યું. એકલાં જતાં તેનો જીવ ચાલતો નહોતો; અપમાનના ભયથી મંજરીને આવવાનું કહેવાતું નહોતું. "તું—"

મંજરીને પગે પડી પ્રાર્થના કરવાનું મન થયું, પણ ગર્વ આડે આવ્યો. કાક ચાલ્યો જવા દેવાય તેમ નહોતું—તે જાય, તો સાથે તેનો પ્રાણ પણ જાય એમ હતું. "ભટ્ટજી!—" તે બોલી અને તેનો અવાજ તેને પોતાને વિચિત્ર લાગ્યો. તેમાં નમ્રતા હતી, પ્રેમ હતો, અપેક્ષા હતી, હૃદયભેદકતા હતી.

તે અવાજે કાકપર જાદુઇ અસર કરી. તેના મગજપર છવાયેલું તિમિર નષ્ટ થયું. જુની મંજરી જે ધારી હતી તેને નવે રૂપે ભાળી: તેનો ગર્વ હવે રહ્યો નહોતો, તે તેને માટે તલસતી હતી; જીવને જોખમે તેણે તેને છોડાવ્યો, અત્યારે તે તેની સાથે આ ભયંકર માર્ગે આવવા માગતી હતી. આ જ્ઞાન થતાં તેના આંખપરની અંધારી દૂર થઇ; તેના અંતરમાં અદ્‌ભુત પ્રેમનો ઝંઝાવાયુ વાયો; હર્ષના દુંદુભી તેના કાનમાં ગગડી ઉઠ્યાં તેનું હૃદય ઘેલું બની પ્રેમ ધુનમાં નાચવા લાગ્યું. પણ પ્રબલ ઇચ્છા શક્તિની મદદથી આ એક વિપલમાં અનુભવેલું સુખ ને ઉત્સાહ તેણે રોકયાં. મંજરીનો ધાક તેને ગયો નહોતો.

"આ રસ્તો તને વિકટ નહિ પડે?" ધીમેથી કાકે પુછ્યું.

મંજરીનું હૃદય કુદ્યું "ના—એમાં શું?" તેણે કહ્યું; પણ પોતાનું અસ્વાસ્થ્ય જોઇ ગર્વથી શાન્ત બની. "હું અહિયાં રહું તો કાલે ખેંગાર બાપો મને પુરો કરે."

"ચાલ લારે" કહી કાકે તેનો હાથ પકડયો; અને જે હાથ પકડી તે વેદીની આસપાસ ફર્યો હતો, તેજ હાથ પકડી કોટની નીચે ઉતરવા લાગ્યો.

"રૂદ્રદત્ત! દાદાને જોજો."

"વારૂ બહેન!" નિસાસો નાંખી રૂદ્રદત્તે કહ્યું.

## પ્રકરણ ૧૩ મું

## સ્વર્ગ-સીડી ચડતાં કે ઉતરતાં?

કાકે મંજરીને પારખી હતી; અને અપ્રાપ્ય માનેલું સુખ હાથમાં આવેલું જોઇ તેના આનંદનો પાર રહ્યો નહોતો. મંજરીને છાતી સરસી ચાંપવા તેના હાથ અધિરા થઇ રહ્યા હતા; પણ તેનું ડહાપણ આ વખતે પણ ગયું નહિઃ મંજરીનો સ્વભાવ તે જાણતો હતો, અને અધિરાઇથી હાથમાં આવેલું સ્વર્ગ તે ખોવા માગતો નહોતો. તે મુગે મોઢે કૃત્રિમ ટાઢાશથી તેને પેલે વિકટ પંથે દોરવા લાગ્યો.

કાકની સાથે જવાના હર્ષથી મંજરીએ તેની ટાઢાશ પહેલાં તો પારખી નહિ. તેના હૃદયમાં પ્રેમના ઉભરા આવતા હતા, અને ઉભરાટ કાઢવા તે તપર થઇ હતી. પણ કાક તો સ્વસ્થ અને શાન્ત હતો.

તેને કાકની સ્વસ્થતા પર, શાન્તિ પર ચીડ ચડી. આવા એકાન્તમાં જ્યારે નસેનસ તેની છાતીમાં લપાવા કુદી રહી હતી, ત્યારે તે આવો! મંજરીએ જીવનભરમાં કોઇની સેવા કરી નહોતી, મણિભદ્ર શિવાય કોઇને રીઝવવાનો પ્રયત્ન કર્યો નહોતો; એટલે નમ્રતાભરી રીતે તેને રીઝવતાં બરોબર આવડતું નહોતું. કોઇ સામ્રાજ્ઞી સેવકના આળસથી અધીરી બની, ગુસ્સે થાય, તેમ તે અત્યારે ગુસ્સે થઇ. કાકની તે ગુણવેલી બની હતી; તેને પોતાનું સ્વામિત્વ અર્પી ચુકી હતી; તોપણ તેનો સ્વભાવ તો અત્યારે પોતાનું સ્વરૂપજ પ્રકાશી રહ્યો હતો.

એકદમ પશ્ચિમમાંથી ચંદ્ર આકાશે ચડયો. પળ પહેલાં અંધકારે ભયંકર બનેલું વિશ્વ આલ્હાદજનક કૌમુદીએ પ્રકાશમાન બનાવ્યું. જે રસ્તે તે જતાં હતાં, તે રસ્તો નહોતો પણ માત્ર સીધી ટેકરીજ હતી; અને આસપાસ ઉભેલાં નાનાં ઝાડો, અને ગમે તેમ પડેલા પથ્થરોની મદદથીજ તે રસ્તે ઉતરાય એમ હતું. રસ્તો લાંબો હતો; નીચું જોતાં આંખે અંધારાં આવે એમ હતું. છેક તલેટીમાં ઝાડનાં ઝુંડ નજરે ચડતાં-અને ત્યાંથી અનેક જાનવરના ભયાનક શબ્દ સુણાતા હતા. દૂરે ગીરનાર ગગનભેદી

રહ્યો હતો; અને થોડી થોડીવારે તેના પર વાસ કરતા મદોન્મત્ત સિંહની ગર્જનાના પડઘા ચારે તરફ પ્રસરતા.

મંજરી આ જોઇ જરા ગભરાઈ; તેના હોઠ ફીક્કા પડ્યા. કાકે જોયું કે તે ગભરાતી હતી.

"તું આ પથ્થર પર બેસ, શ્વાસ ખા. હું જરા રસ્તો જોઇ આવું."

"ક્યાં જાઓ છો?"

"હું દશ ડગલાં ઉતરી જોઇ આવું. પછી તને લઇ જાવું."

"ઠીક."

કાક નીચે ઉતરવા લાગ્યો, ને મંજરી ચિત્ત સ્વસ્થ કરવા લાગી. શા માટે તેણે ગભરાવું જોઇએ? તેની પ્રિય સખી ચંદ્રિકા ચારે તરફ હતી; તેના હૃદયનો નાથ સાથે હતો. હવે મોત આવે તોયે શું? આ વિચારે તેને ગાંડી બનાવી; વિકટ માર્ગનો ભય ભૂલી, તે પ્રેમઘેલી થઇ, જુંદગી, ભય બધાં અલ્પ લાગ્યાં. માત્ર કાકને કેટે વળગવાનું જ સર્વ શ્રેષ્ઠ દેખાયું.

કાક આવ્યો–પણ તે સ્વસ્થ હતો. તે સગી બહેન હોત તો પણ તે આવો ડાહ્યો ડમરો બનીને ચાલત નહિ. હોઠ કરડી, તેણે લોહી કાઢયું. "આ બૈસ આગળ ભાગવત!" તે મનમાં બબડી. તે ગુંગળાતી ઉડી; તેનાં નસ્કોરાં ફાટતાં હતાં; તેની આંખોમાં મદ હતો; તેની છાતી ઉછળતી હતી.

"ચાલ ઉઠ" શાન્તિથી કાકે કહ્યું. મંજરીની અશાન્તિ ભયથી કે થાકથી જ હોય તેમ તેણે કહ્યું.

"ચાલો" કહી કચવાતી તે ઉડી ને કાકે ધરેલો હાથ પકડ્યો. હાથ પકડતાં તેનો જીવ ગયો. તેને કાકને બે હાથ વતી કચરી નાખવાનું મન થયું.

પાંચ દશ પળ સુધી થોડુ અંતર તેઓ મુગાં મુગાં ઉતર્યાં. મંજરી તો વધારે ને વધારે અસ્વસ્થ થઈ; માત્ર કાકની સાવધતાથી જ તેઓ ઉતરી શકતાં.

એકદમ મંજરીએ ચીસ પાડી.

"શું છે?" ગભરાઈ કાકે પુછયું.

એક તીક્ષ્ણ ધારવાળા પથ્થરથી પગ કપાયેા. તેની વેદના કરતાં અંતરનેા કચવાટ વધારે દુઃસહ હતેા. "પગ કપાયેા" તિરસ્કારમાં તે બેાલી.

"હેં! બહુ વાગ્યું? આવ આ પેલા પથ્થરપર બેસ. જોજે! પેલું ઝાડવું બરેાબર ઝાલજે" કહી કાક એક પથ્થર પાસે તેને લઈ ગયેા ને બેસાડી.

મંજરી ગુસ્સામાં ને ગુસ્સામાં બેઠી, અને કાક નીચેા વળી તેના પગ તપાસવા લાગ્યેા. નીકળતા લેાહી કરતાં કાકના હસ્તસ્પર્શથી તેને વધારે દુઃખ થતું હતું; અને ઘાની વેદનાથી તેની સહનશક્તિ ને ધીરજ ખુટી જતાં હતાં.

કાકે તેના પગ હાથમાં લીધેા ને ધૂળ ખંખેરી કહાડી, પડેલેા ઘા સાફ કર્યો, અને ધીમેથી પેાતાના ધેાતિયાના છેડામાંથી એક પાટેા ફાડ્યેા. મંજરી આ બધું જોતી નહેાતી; પણ જ્વાલાભરી આંખે કાકનું મુખ નીહાળી રહી હતી. તેણે દાંતપર દાંત દાબ્યા–ઘાના દુઃખે નહિ પણ સ્વાસ્થ્ય સાચવી રાખવા.

કાકે પાટેા બાંધ્યેા, પાછી ધૂળ ખંખેરી અને પગ ધીમેથી જમીનપર મુક્યેા.

આથી અવધી થઇ ગઇ. મંજરીએ દુખતેા પગ ઉંચકી કાકને લાત મારી. તે પળે તે મંજરી નહેાતી–જોગમાયા બની હતી.

કાક ચમકયેા, પેાતાની બેસણી જાળવવા બે તરફનાં ઝાડવાં પકડયાં, ને સામું જોઈ રહ્યો.

"તમે તે માણસ છેા કે રાક્ષસ?"

કાકને કાંઇ સમજ પડી નહિ, તે સખ્તાઇથી મંજરી સામું જોઇ રહ્યો.

મંજરીએ હાથ આંખેા પર ઢાંકી દીધા અને પેાતાના ખેાળામાં માથું નાખી રડી દીધું. તેના ભાવનેા પ્રબલ પ્રવાહ આંસુ વાટે વહ્યા.

"આ શું કરેા છેા? તમને આંખેા નથી? શા માટે રીબાવેા છેા?

હું કયારની તલસું છું. મારો જીવ જાય છે. તમને હૃદય છે કે નહિ? ભટજી! ભટજી!" કહી તે ડુસ્કે ડુસ્કાં ખાઈ રડવા લાગી.

કાકે આ શબ્દ સાંભળ્યા ને સમજ્યો. સ્વાસ્થ્યથી રક્ષિત હૃદયમાં પણ ન સમજાય એવી આગ લાગી. તે કુદીને મંજરીની પાસે આવ્યો. તેને હાથમાં લીધી-બળજોરીથી તેનું મોઢું ઉંચું કર્યું. તે મુખ પર કામદેવની કલમે લખાએલી દિવ્ય લિપિ તેણે વાંચી-તેને હાથમાં લીધું-છાતી સરસું ચાંપ્યું-તેના પર ચુંબનો વરસાવ્યાં.

મંજરી બોલી નહિ-મુગે મોઢે સુખનું સિંચન સહ્યું. થોડીવારે બે હાથે કાકને તમાચા માર્યા.

"મારો જીવ જતો હતો તે નહોતા જોતા?"

"મારો જીવ જતો તેં કેટલીવાર જોયો. તેનું કાંઇ નહિ?"

"હું તો મૂરખ હતી-મૂરખ" કાકની છાતીમાં માથું છુપાવતાં મંજરીએ કરેલાં પાપનો પશ્ચાત્તાપ કર્યો.

"મૂરખ! અસંસ્કારી તો હું" હસીને કાકે કહ્યું.

"તો પણ તમારી દાસી."

"તેમાં જ અત્યારે લાત ચોડી કાઢી."

"ભટજી! એ પાપ થયું."

"એનું પ્રાયશ્ચિત્ત કર."

"શું?"

"આ"—કહી કાકે તેને હાથમાં લીધી.

* * * * *

કૌમુદી અમી વર્ષાવી રહી; વનપતિએ હર્ષ નાદે ગગન ગર્જાવ્યું. એક રાની બીલાડો ઝાડીમાંથી નીકળી, દૂરથી જોઈ રહ્યો; અને થોડીવારે ડહાપણથી ડોકું ધુણાવી પોતાની સ્ત્રીને માનવજાતીની મુર્ખાઈની વાતો કહેવા ધીમે ડગલે ચાલ્યો ગયો.

ઉપાગે શું જોયું.

## પ્રકરણ ૧૪ મું.

## ઉષાએ શું જોયું.

**સવાર** પડી. ભગવાન્ દિવાકરની આરાધના કરતી ઉષા ત્યૌમ માર્ગે સંચાર કરતાં આ જંગલપર થોભી, અને ઝાડપાનની ઘટામાંથી પ્રકાશની રેખાઓ વર્ષાવવા લાગી.

પ્રકૃતિમાતને નિરંકુશ ખેલવાના આ ક્ષેત્ર પર ઉષા રોજ પલવાર વધારે થોભતી; ઘટામાં લપાયેલાં પંખી જનને જગાડી, કલ્લોલ મંત્રનો અર્ઘ્ય સ્વીકારતી; ઘટામાંથી તેજસ્વી આંગળીઓ વડે સુતેલાં જગતને ઝાડથી ઉઠાડતી; હિંસક પ્રાણી ને ડારી, નસાડી મુકતી, ને નિર્દોષ મૃગલાંને રમવા આવવા કાંઈ કાંઇ ઇશારા કરતી.

આજે ઉષા વિસ્મિત થઇ ચમકી, વિચારમાં પડી; આ સ્થલે કાંઇ અપરિચિત વસ્તુઓ દેખાઇ.

એક નર હતો, એક નારી હતી. પુરૂષ વેશ્યમાં પુરૂષ માથાં નીચે કામળાનું ઉશીકું કરી ચત્તોપાટ ઉંઘતો હતો. તેની છાતીપર માથું ને ખભા ઢાળી સ્ત્રી પણ નિદ્રાવશ થઇ હતી. પુરૂષનો હાથ સ્ત્રીની કેડની આસપાસ વીંટાયો હતો, સ્ત્રીનો હાથ પુરૂષના ગળાની આસપાસ વીંટાવાની વાટ જોતો હતો.

ઉષાના અચંભાનો પાર રહ્યો નહિ. તેણે અનેક યુગલોને પ્રભાતમાં ઉઠાડ્યાં હતાં–મહેલોમાં તેમ ખેતરોને ખૂણે બાંધેલી કાચી ઝુપડીમાં; પણ આવું યુગલ તેણે કદી ભાળ્યું નહોતું. બન્ને થાકેલાં હતાં, તેમના હાથ ને પગ છોલાઇ ગયાં હતાં, તેમનાં વસ્ત્રો ફાટી ગયાં હતાં. છતાં સ્ત્રીના અપૂર્વ મુખપર લક્ષ્મીજી લાજે એવું સૌંદર્ય હતું, તેની શરીરરેખાના લાલિત્યમાં રંભામાં પણ ન જડે એવી ચિત્તભેદક મોહિની હતી, તેના નવયૌવને ખીલાવેલાં મનોહારી અંગોમાં વિજયા ન ચડાવે એવો નીશો ચડાવાનો પ્રભાવ હતો. પુરૂષના કપાલ પર બૃહસ્પતિની બુદ્ધિ દીપતી, મીંચેલી આંખો પરથી પણ ચાણક્યનું નૈપુણ્ય યાદ આવતું, નાકના મરોડમાં ધનંજયની

મહત્વાકાંક્ષા સમાયેલી લાગતી, ને ધનુષ્યસમા અડગ પણ રસ ઝરતા હોઠમાં ગોપીવલ્લભ ગોવર્ધન ધારીની રસિકતા રહી હોય એમ લાગતું.

ઉષા આ બેને નીહાળી રહી. સ્ત્રીના ઉડતા કુંપેર સમા વાળનો સ્પર્શ કર્યો, પુરૂષના તેજસ્વી કપાળને તેજે મઢયું. તેણે ઘણાંયે યુગલો જોયાં હતાં–પણ આવું એક નહોતું જોયું. તે પોતાને લાલિત્યનો અવતાર માનતી હતી, છતાં આ સ્ત્રીની અપૂર્વતા જોઈ તેને અદેખાઈ થઈ અને કરડી નજરે તે જોઈ રહી.

આ કરડી નજરના તાપથી, પોપિણીનાં પાન ઉઘડે તેમ, સ્ત્રીએ નેત્રો ધીમેથી ઉઘાડ્યાં. તેણે બીચારી ઉષાનો ગુસ્સો ગણ્યો નહિ, અને એકી ટશે તે પુરૂષ સામું જોઇ રહી–અને દૂરથી, રસાલ હોઠને–જાણે ચુંબન કરતી હોય તેમ–વાળ્યા–ઉષાનો કોપ વધ્યો. તે સખત થઇ; જવાબમાં સુંદરીએ માત્ર કપાળપર હાથ ફેરવ્યો–અને તેની નકટાઇએ માઝા મુકી–તે નીચી વળી ને પુરૂષના ગાલ પર ગાલ મુકી પાછી સુતી. મર્યાદાશીલ અને નિર્દોષતાના અવતાર સરખી ઉષા શરમાઇ ગઈ, ચાલી ગઇ; અને રથપર ચડેલા રવિરાજને ફરીઆદ કરી.

અનાદિ કાલના અનુભવી, વૃદ્ધાવસ્થા છતાં દિને દિને નવું બાલપણ ધારતા ભગવાન્ સૂર્યનારાયણ વાત સાંભળી હસ્યા. હસતાં તેનું મ્હોં લાલચોળ થયું અને ધીમે ચાલતા રથને થંભાવી ઝાડોમાંથી એકી ટશે જોઈ રહ્યા; સ્ત્રીનું રૂપ જોઈ તેના અનુભવી હૃદયમાં પણ નવા અંકુરો ફુટ્યા; તેને પોતાના અનંત કાર્યચક્રપર તિરસ્કાર આવ્યો. તેને પણ થયું કે એક દિવસની તેને ફુરસદ હોત તો પૃથ્વીપર અવતાર લઇ આ રમણીની સેવા કરત.

રમણીને રવિરાજની હાજરીનું ભાન થયું, અને તેના પ્રફુલ્લ મુખ સામું તે એકી ટશે જોઇ રહી. બીચારા સૂર્યે નિશ્વાસ નાંખ્યો; યુગોના યુગ પહેલાં કરેલા વિહારો યાદ આવ્યા.

"તમે પણ આખરે ઉગ્યા ખરા!" જરા ટોળમાં યુવતી બબડી ને નાનકડા નાકનું ટેરવું ફુલાવી ઠપકો દેવા લાગી. સૂર્યનારાયણ આ રોફ

સાંખી રહ્યા–આવી મનોહારી સુંદરીના નિર્દોષ ઠપકા સાંભળતાં તેમનો જીવ પણ આનંદ તરંગે હિંચવા લાગ્યો.

પણ તે સુંદરીના હૃદયમાં સૂર્યદેવને ઠપકા આપવા જેટલી કઠોરતા અત્યારે નહોતી, તેણે ચારે તરફ જોયું ને પાછી બબડીઃ "શું સરસ તપોવન!" પછી તરત તેણે હસી, હોઠ કરડયા; તેની આંખમાં તોફાન ચમકયું "પણ આ તપોધનની સમાધી છુટતીજ નથી!" તે નિશ્ચલ નયને સુતેલા પુરૂષના મ્હોં સામું જોઇ રહી–પલો વહી ગઇ–પણ તેનાં નયનોની તૃષા છીપી નહિ; બે વખત તેણે મોઢું પાસે લીધું;–આઘે લીધું; બે વખત તે મોઢા પાસે આંગળી લઈ ગઈ ને પાછી લાવી. આખરે જીવ ન રહ્યો તે નીચી વળી ને ધીમેથી મદભર્યો, કેાડભર્યો અવાજે બોલીઃ "ઋષિરાજ કયારે સમાધિ છોડશો?"

પુરૂષે ધીમેથી આંખો ઉઘાડીને, પલવાર તેમાં વિસ્મયતા આવી ને ગઇ–તેણે હાથ સુંદરીની કેાટે નાંખ્યા.

"આ સ્વપ્ન, કે સાચું?"

"ઋષિરાજ! તમારા જેવાને મન સ્વપ્નું–અમારે તો સાચું. જુઓ ભગવાન્ સવિતાનો કયારનો ઉદય થયો છે!" ટોળામાં મંજરી બોલી "શિષ્ય વૃન્દો કયારના દર્ભ વિણવા નીકળી પડયા છે. આ તપોવનનાં વૃદ્ધ હરિણો આપના વંદન માટે આ આવીને ઉભાં."

કાક આ શબ્દોએ ઉભી કરેલી કલ્પના સૃષ્ટિનો અનુભવ કરવા થોડીવાર મુગે મોઢે પડી રહ્યો ને પછી કહ્યુંઃ

"ને સુંદરી! તમે ઈંદ્રલોક છોડી અહિયાં શા માટે આવ્યાં છો?"

પહેલાં આંખની એક અદ્‌ભુત ચમકે આ પ્રશ્નનો જવાબ દીધો; અને પછી મીઠું પથ્થર પીગળાવે એવું હાસ્ય હસીને તે બોલીઃ "મહારાજ આપની તપશ્ચર્યાએ ઈંદ્રાસનો ડોલાવ્યાં છે–તેથી!"

"મારો તપ ભંગ કરવા આટલી તસ્દી! ઠીક ત્યારે" કહી બેઠેલા મંજરીની કેાટે વળગી કાક બેઠો થઈ ગયો. "મારી તપશ્ચર્યા રહી ઉંચી. તમે છો એટલે બસ છે." તે અને મંજરી બને ખડખડાટ હસી પડ્યાં.

"હવે શું કરીયે?"

"હવે કાંઈ વહેલો મળે તો મોઢું ધોઇએ, ને પછી નાસીએ."

"મારા તો પગ દુખે છે."

"કાંઈ નહિ. સેવક હાજર છે. જ્યારે માનમાં હતાં ત્યારે કેટલી વાર ઉંચકીને લઈ ગયો; તો હવે કાંઈ છુટકારો છે?"

"ચાલો ત્યારે" કહી મંજરીએ જે ભયંકર રસ્તે તેઓ ઉતરી આવ્યાં હતાં તે તરફ જ્હીતાં જ્હીતાં નજર કરી, અને આગળ ચાલવા માંડ્યું.

નિર્મલ પ્રભાતનો મીઠો આલ્હાદ અનુભવતાં, સ્વચ્છંદે પથરાઈ રહેલી વનની શોભા નીહાળતાં, પ્રબલ પ્રેમના બંધનના ભાનથી મસ્ત બની, તે બન્ને રસ્તો કાપવા લાગ્યાં. નિર્જનતા, થાક સૂર્યનો સખત થતો તાપ–તેનો તેમને હિસાબ નહોતો. બન્ને અજ્ઞાન હતાં–એક ગર્વથી, બીજો વ્યવસાયથી; એ બન્નેની નવી ઉઘડેલી આંખ આગળ રસ સમાધિ સાધેલા વિશ્વામિત્રોજ સર્જવી શકે એવી દિવ્યરંગે રંગેલી નવી સૃષ્ટિ ખડી થઈ.

તે સૃષ્ટિને નથી ભવિષ્ય, નથી ભૂત—માત્ર વર્તમાન જ છે. ત્યાં સદાયે વસન્ત જ છે–હૃદયની એકતાનતાની; સદાયે શોભે છે–સામા હૃદયનો શીતરશ્મિ; સદાયે વર્તે છે–આ અમીધારાઓ સામા નયનમાંથી કે અધરમાંથી. આમ અદ્‌ભુત સૃષ્ટિનો અનુભવ લુટતાં તે બન્ને ચાલ્યાં.

## પ્રકરણ ૧૫ મું.
## બે સજોડાં.

કાક અને મંજરી છેક બપોર પછી એક નાના ગામડામાં પહોંચ્યાં; અને એક ગરીબ ગામડીઆનું આતિથ્ય સ્વીકાર્યું, અને પોતાનાં ફાટેલાં વસ્ત્રો છોડી, જાડાં ને હલકાં કપડાં પહેર્યાં. ત્યાર પછી મોટો રસ્તો આવી મુકી, નાની પગથીયો પર થઈને, ખેતરો ઓળંગી તેઓએ પંથ કાપવા માંડ્યો.

"આપણે હવે ક્યાં જઇશું?"

"પાટણ," કાકે કહ્યું.

"ચાલીને!"

"હાસ્તો," કાકે હસીને કહ્યું. "કેમ થાકો ગઈ?"
અંજરી કાકને વળગી પડી. "ન થાક લાગે?"
"જોઇએ. કાંઈ મોટું ગામ આવે તો બને."
"શું?"
"કાંઇનો ઘોડો લઈ લઇએ."
"પણ પૈસા વગર"—
"પૈસા પાટણ જઇને આપી દઇશું." કાકે કહ્યું.
"મારી પાસે તો આ રૂદ્રાક્ષની કંઠી છે. તેનાથી શું થાય?" કાક ખડખડ હસી પડ્યો.

તે રાતે પણ તેઓ ચમકતા તારાઓની મીંચાતી ઉઘડતી આંખની શરમ રાખ્યા વગર એકમેકથી લપાઈ ઝાડની નીચે પડી રહ્યાં.

સવારે એક બીજું ગામડું આવ્યું અને તેનું આતિથ્ય પણ તેમણે સ્વીકાર્યું. ત્યાં તેમને ખબર મળી કે થોડે દૂર એક વણઝારાની પોઠ પડી હતી, એટલે ત્યાં કોઈ ઓળખીતું મળશે એમ ધારી તેઓ ત્યાં ગયાં. પોઠ મોટી હતી અને તેની સાથે ઘોડા ને રથો પણ હતા.

કાકને માગ્યા મેહ વર્ષ્યા. તે પોઠના શેઠ પાસે ગયો અને એક ઘોડીની યાચના કરી. શેઠ પહેલાં હસ્યો, પછી કાકનું વાક્યચાતુર્ય ને અંજરીનું મુખ જોઈ પલળ્યો, અને કાક ઉદારહેતાનો દોસ્ત છે જાણી પાણી પાણી થઈ ગયો; પણ અજાણ્યા વટેમાર્ગુને ઘોડી આપતાં તેનો જીવ ચાલ્યો નહિ. કાક કાંઈ બોલ્યો નહિ, માત્ર હસ્યો જ; અને શેઠની પરોણા ચાકરી સ્વીકારી, કપડાં બદલ્યાં. અંજરીએ રાંધ્યું ને બન્નેએ ખાધું.

તે નીરાંતે ફરતો હતો, પણ તેની નજર ઘોડાઓ પર હતી; અને એક પાણીદાર ઘોડીને તેણે પારખી કાઢી. થોડી વારે શેઠને સમજાવી ઘોડા પારખવા તે નીકળ્યો.

બૈરાંઓ થોડેક દૂર એક ઝાડ નીચે બેઠાં હતાં; અને પુરૂષો બધા જોગા ઉભા રહ્યા હતા, ત્યાં કાક શેઠ પાસે ઘોડાઓના ગુણનું વર્ણન કરતો હતો. શેઠ આ હોંશીયાર બ્રાહ્મણપર પ્રસન્ન થઈ, ઘોડાવાળાને બોલાવ્યા,

ને તેની પરીક્ષા માટે ઘોડાઓ મંગાવ્યા. શેઠ બીચારા કાકે પાથરેલી જાળમાં ખેંચાઈ આવતા હતા.

તેણે એક ઘોડો તપાસ્યો, પલાણ્યો, તેને વિષે અભિપ્રાય આપ્યો; પછી બીજાની, પછી ત્રીજાની એમ પરીક્ષા લીધી; અને દરેકના ગુણનું પૃથક્કરણ સાંભળી શેઠ ને તેના મિત્રો દિંગ થઈ ગયા. શેઠ અસાવધ થઈ ગયા; એટલે ધીમે ધીમે દરેક ઘોડો તપાસતાં કાકે મોટું ને મોટું ચક્કર લેવા માંડ્યું. બેરાંઓ પણ આ પરીક્ષા જોઈ રહ્યાં. એક વખત તે ચક્કર મારતો, તેમની આગળ ગયો, ઘોડો ઉભો રાખ્યો ને મંજરીને પાસે બોલાવી ઘોડાના ગુણ દેખાડ્યા; અને કાનમાં કહ્યું: "મંજરી ! ઘોડી તોફાન કરતી આવે તો ખસતી નહિ." પાછો કાક શેઠ પાસે આવ્યો.

આખરે કાકે પેલી ઘોડી પલાણી, ને તેના હર્ષનો પાર રહ્યો નહિ. જેવી તે દેખે રૂપાળી હતી, તેવી જ ચાલવે પાણીદાર હતી.

"શેઠ ! આ ઘોડીની કિંમત ત્રણ ભુવનમાં થાય તેમ નથી. જયદેવ મહારાજને તબેલે શોભે એવી છે."

"ત્યારે અહિયાં નહિ વેચીયે" શેઠે હરખાતાં કહ્યું.

કાકે એક નાનું ચક્કર લીધું–ઘોડીયે બેસનાર પણ પારખ્યો ને તાબે થઈ.

"શેઠ" ઘોડી થાબડતાં કાકે કહ્યું "જુવો હવે એનું પાણી દેખાડું છું. જુઓ કેમ જાય છે."

બધા એકાટશે જોઈ રહ્યા ને કાકે ઘોડીને ગોળ ચક્કર ફેરવવા માંડી. ઘોડીને ચક્કર આવ્યાં, તેનાં નશકોરાં ફાટી ગયાં, ચારે પગે તે સુદર્શન ચક્રની ત્વરાથી ફરવા લાગી.

કાક હસતો હતો; શેઠ ને તેના મિત્રો આનંદ લેતા હતા. પણ એકદમ કાકે લગામ છોડી દીધી, હાથ ઉંચા કર્યા ને "ઓ બાપરે" કરી ચીસ પાડી. ઘોડીની ઝડપ રોકાય એમ નહોતી; બધા ચમકી ગયા ને હાહાકાર કરવા લાગ્યા.

એકદમ ઘોડી ચક્કર ફરવાં છોડી, બધા ઉભા હતા ત્યાં આવી–

બધા દોડતા નાસી ગયા. ત્યાં થોભી; કાકે માત્ર તેની ડોક પકડી હતી. ઘોડીયે ફાટેલે ડોળે ચારે તરફ જોયું–ને એકદમ બૈરાંઓ તરફ ધસી. બૈરાંઓ નાઠાંઃ મંજરી માત્ર ઉભી રહી–શાન્તિથી, ગૌરવથી, ગર્વથી. તે કાકનો પ્રભાવ જાણતી હતી.

ઘોડી ઉભી રહી, કાક ટટ્ટાર થયો, નીચા વળી હાથ પહોળા કર્યા; ને બીજી પળે મંજરી તે બાથમાં કુદી. કાકે તેને ખેંચી લીધી, ને ઘોડી ઉંધું ઘાલી, પવનવેગે ત્યાંથી નાઠી. વણઝારાઓ સમજ્યા, આશ્ચર્યચકિત થયા, શેઠે માથું કુટયું–પણ દૂરે, ક્ષિતિજમાં પંખી સમાન દેખાતી ઘોડી વધારે ને વધારે અસ્પષ્ટ થતી હતી.

ઘડીઓની ઘડી સુધી, ઘોડી આ બન્નેને પવનવેગે લઈ ગઈ; અને તેણે ઘણોયે પંથ કાપ્યો. સોરઠની સીમા આવી લાગી. રાત અજવાળી હતી એટલે રાતે પણ તે આગળ વધ્યાં.

મધરાત ગયા પછી થોડી વારે રસ્તા પર કોઇ સામે આવતા ઘોડાનાં પગલાં સંભળાયાં. કાક સાવધ થયો, મંજરીને ધ્યાન રાખવા સુચવ્યું. તેને બ્હીક લાગી કે રખેને તેની શોધમાં નીકળેલો કોઈ સૈનિક તો નહિ હોય ? તેણે ઘોડી રોકી અને રસ્તાની બાજુની ઝાડીમાં તેને લઈ જઈ બાંધી આવ્યો; અને મહામુશ્કેલીએ મંજરીને એક ઝાડપર ચડાવી, પોતે પણ ત્યાં ચડીને બેઠો. સામેનો ઘોડો પણ આજ તરફ આવતો હતો એમ તેનાં પગલાં પરથી જણાતું હતું. એકજ ઘોડેસ્વાર છે એમ ખાત્રી થતાં કાકને હિમત આવી, તે ઝાડ પરથી નીચે ઉતર્યો, ને એક મજબુત, સુકી ઝાડની ડાળ હાથમાં ઝાલી, એક ઝાડની પાછળ લપાઇને બેઠો.

પેલો ઘોડેસ્વાર આવ્યો ને કાક પણ વિસ્મય પામ્યો. તે ઘોડાપર પણ બે જણ હતાં. ને તેમાંની એક સ્ત્રી હતી. કાકે ધ્યાન દઇને જોયું–સ્વારનું માથું ઉઘાડું હતું. ચંદ્રના તેજમાં કાકે મોટું જોયું–પારખ્યું. તે સ્વાર રા' ખેંગાર હતો.

કાકે જરા વિચાર કર્યો, રા' અહિયાં આમ એક સ્ત્રીનું હરણ કરી જતો! પણ તેના ચંચળ મગજને આ પ્રસંગ કાંઈ અસાધારણ લાગ્યો; એટલે તે વિષે માહિતી મેળવવાની તેને ઉત્કંઠા થઈ. જેવો ખેંગારનો

ઘોડો પાસે આવ્યો કે એકદમ તે બહાર નીકળ્યો, અને દોડતા ઘોડાના પગમાં જોરથી ડાળીની ડાંગનો પ્રહાર કર્યો.

ઘોડો થંભ્યો, ઝાડ થયો ને એક મહા પ્રયત્ને ઉપર બેઠેલાં બન્નેને ભોંયપર ફેંકી, નાઠો. ખેંગાર ને તેની સાથી જોવા ભોંયપર પડ્યાં કે કાક ખેંગાર પર પડ્યો, ને જોતજોતામાં મ્યાનમાં રહેલી તેની તરવાર ખેંચી પોતાના હાથમાં લઈ લીધી. ખેંગારે નિરાશાભર્યા અવાજે કહ્યું: "મુઆ."

"મહારાજ! ગભરાશો નહિ. હું મિત્ર છું."

## પ્રકરણ ૧૬ મું.

### જયદેવનું નાક કેમ કપાયું.

"કોણ?" ચપલતાથી ઉભા થઈ જતાં ખેંગારે કહ્યું. કોપથી તેની આંખમાંથી તણખા નીકળવા માંડયા.

"એ તો હું કાક" ખેંગારની સાથે પડેલી સુંદરી તરફ જતાં કહ્યું."

"કોણ ભટ્ટરાજ કાક?"

"જી. હા."

ખેંગારે જખ, ઉઠવાનું કરતી સુંદરીને ઉઠાડીને પછી ગુસ્સામાં કાક તરફ ફરી કહ્યું–"હરામખોર! તું અહિયાં. પાપી! તેં મને જીવતો માર્યો."

"મહારાજ! શાન્ત થાઓ. મંજરી! આ બહેનને લે."

ખેંગારે કાકે લઈ લીધેલું ખડ્ગ જોયું, અને સામા થવાનો વિચાર માંડી વાળ્યો; "કાક! તું બાર દિવસ પણ સખણો નહિ રહ્યો."

"હું શું કરી શકું? આ મારી બૈરી આવી ને મને છોડાવી લઈ આવી."

"કોણ કવિકુલશિરોમણિની મંજરી!" અત્યંત થઈ રહેલા ખેંગારે, ઝડપથી ઉતરી આવેલી મંજરીને જોઈ કહ્યું.

"હા. પણ તમે ક્યાં જતા હતા, આમ એકલા? ભુલ્યો. બેકલા?"

"કાક! કાક! સદાયે તું મારી આડે આવશે. તેં મારા બાપનું બગાડયું–ને ડગલે ડગલે મારૂં પણ ખરાબ કરવા બેઠો છે. પાપી!"

"મહારાજ! શું કરીયે? આપણે મિત્ર થવા માગીએ છીએ પણ વિધિને તે રૂચતું નથી આપતું."

એકદમ ઘણે દૂરથી ઘોડાનાં પગલાં સંભળાયાં ને ખેંગાર ટટ્ટાર થઈ સાંભળી રહ્યો. તે ગ્લાનિભર્યે અવાજે બોલ્યોઃ

"કાક! કાક! તેં મને મારી નાખ્યો."

"કેમ મહારાજ?"

"આ ઘોડા સાંભલ્યા?"

"હા કેમ?"

"એ તમારા–જયદેવના માણસો મને પકડવા આવે છે."

"હેં! તમારાં વચનો પાળ્યાં?"

"કાક! તું આડે ન આવ્યો હોત તો મારાં બધાં વચન પળાઈ જાત."

"કેમ કરીને?"

"મેં મહિડો માર્યો, ને ભોંયરૂં પણ ભાંગ્યું." ઉતાવળથી ખેંગાર બોલ્યો. "તારા પાટણનો દરવાજો પણ તોડ્યો ને જયદેવનું નાક પણ કાપ્યું."

"હેં! કેવી રીતે?" ચમકીને કાકે પુછ્યું.

"કાક! આ છેલ્લા બાર દિવસમાં કોઇએ સાંભલ્યાં નહિ હોય એવાં મેં પરાક્રમ કર્યાં છે. જયદેવ દેવડીને પરણવાનો હતો—" કહી ખેંગારે પેલી સુંદરી તરફ હાથ કર્યો. તેનું નામ બોલાયલું સાંભળી આ તરફ જોયું.

"ને તમે તેનું હરણ કરી જાઓ છો. સાબાશ મહારાજ! ધન્ય છે તમારી હિંમતને."

"પણ મૂર્ખા, તેં બધું ધૂળ મેળવ્યું. આ જયદેવના સૈનિકો પાછળ આવ્યા. હવે મારૂં શું થવાનું? કાક! કાક! તને શું કહું? તું ક્યાંથી અહિયાં આવ્યો?"

કાક ધુંચવાયો. રા' ને રોકયો તેથી તેને પસ્તાવો થયો ને આંખો ઝીણી કરી વિચાર કરવા લાગ્યો. પેલા ઘોડાનાં પગલાં પાસે આવવા લાગ્યાં.

"મહારાજ! એક રસ્તો છે. મારી ઘોડી લઇ તમે ચાલ્યા જાઓ. દેવડી અહિયાં રહેશે."

ગર્વમાં ખેંગાર ટટ્ટાર થયો. "ને દેવડી જયદેવ માટે રાખી જાઉં? કાક! તેના કરતાં મરવું સારૂં."

"ત્યારે મહારાજ! મારા અન્નદાતાનું નાક કેમ કપાવા દઉં? તમે મારા મિત્ર છો, તેથી તમારો જીવ બચાવું છું. દેવડી મારા સ્વામીની છે, તેથી તેને મુકતા જાઓ."

"કાક! મારી સીતેાતેર પહેડી લાજે-મારૂં જુનાગઢ જાય. તે કેમ બને?" કચવાઈ ખેંગારે કહ્યું. "કાક! દોસ્ત! તને જરા દયા નથી? તને મારે માટે જરા મૈત્રી નથી? તું આમ મારી આખી જીંદગી બરબાદ કરવા બેઠો છે? માન, માન જો આ ઘોડા આવી લાગ્યા. પછી બીજો રસ્તો નથી."

"હું શું કરૂં? મહારાજ! મારે હાથે મારા મહારાજને કલંક લાગવા દઉં?"

"ને મને-તારા મિત્રને કલંક લાગવા દેશે? જયદેવે શું તારે માટે કર્યું છે?"

"આમ જુઓ તો કાંઈ નહિ. પણ સેવા તે સેવા."

"કાક! તું શું કરે છે? જો આ પેલા આવ્યા. આ એમની મશાલોનો ઉજાસ પણ દેખાય!"

"શું કરૂં મહારાજ! આપ પધારો."

"ત્યારે કાક! મિત્ર! એક કામ કર." કહી ખેંગાર આગળ આવ્યો "મને મારી નાંખ. કાક! આ પેલા આવ્યા! હું પકડાયો તો પેલો નીચ જયદેવ મને પાંજરામાં પુરશે-મારી હાંસી કરશે. કાક! ભાઇ! આટલું કામ કર મને મારી નાખ" શબ્દોપર શબ્દો ઉચ્ચારતાં ખેંગારે કહ્યું. તેના સંસ્કારી અવાજમાં પથ્થર પીગળાવવાની શક્તિ હતી. કાકની આંખમાંથી આંસુની ધારા વહી. આ બેની વાતચીત સાંભળી પેલી બે સુંદરીઓ પાસે આવી, ને ગભરાઈ ડુસકાં ખાવા લાગી; વચ્ચે મંજરી બોલવા જતી હતી પણ આડો હાથ ધરી કાકે રોકી.

કાકે આંસુ લુછ્યાં. "મહારાજ આ શું કરો છો ?"

"ચલાવ ! ચલાવ ! ધડથી મારૂં ડોકું જુદું કર." કહી ખેંગારે ડોકું નમાવ્યું.

"મહારાજ !" ધીમેથી કાકે કહ્યું: "દેવડી કોની થવા માગે છે ?" કાકના મુખે પણ ભયંકર ગાંભીર્ય ધાર્યું.

"પુછી જો" ખેંગારે કહ્યું.

"બહેન !" કાકે સખ્તાઈથી પુછ્યું "સાચું બોલજો ! પાટણ પરણવું છે કે જુનાગઢ ?"

પેલી સુંદરીએ નાજુક પણ છટાભરી શરીરવેલ અભિમાનમાં ટટ્ટાર કરી; ને ધીમેથી ગૌરવશીલ શબ્દો ઉચ્ચાર્યાઃ "શું પુછો છો ?"–પુછી તે જરા થોભી. "હું તો સોરઠના ધણીની–તેના જીવતાં, કે તેને મર્યે."

ખેંગારે નિરાંતનો નિસાસો મુક્યો. કાકે પણ નિસાસો મુક્યો ને દોડતો જઈ ઘોડી લઈ આવ્યો.

"મહારાજ ! પધારો. બહેન ? જાઓ. ભોળાનાથ તમારૂં ભલું કરે."

ખેંગાર કાકને ભેટી પડ્યો; અને પછી ઘોડીપર ચઢ્યો. કાકની મદદથી રાણકદેવડી પણ ઘોડીપર ચડી.

"મહારાજ ! મને આ તરવારની જરૂર નથી. તમે લઈ જાઓ. જલદી કરો. આ પેલા આવી લાગ્યા." "જયસોમનાથ !" કહી ખેંગારે ઘોડી દોડાવી મુકી.

મુગે મોઢે, વિચારના વમળમાં કાક ઉભો રહ્યો; મંજરીએ આવી તેને ખભે હાથ મુક્યો.

"નાથ ! શું વિચારો છો ?"

"મંજરી ! પાટણ ને જુનાગઢ વચ્ચે વેર વધવાનું. આ બીચારાનું શું થશે ?"

"એણે પણ અવધી કરી !"

"મંજરી ! ખરો નર તો મેં એક એ જોયો છે. પ્રભુએ પુરો બત્રીશ લક્ષણો ઘડ્યો છે." મંજરીએ કાકના કોટ પર હાથ નાખી દીધા. "મેં અત્યારે બીજું પણ જોયું."

"શું?"

"અત્યારે એનામાં બત્રીશ લક્ષણ હોય તો એના મિત્રમાં બાવન લક્ષણ છે."

કાક હસ્યો, ને નીચા વળી ચુંબન કર્યું.

"હવે આપણું શું થવાનું?"

"કાંઇ નહિ. હવે નિરાંત થઇ. પેલા આપણને પાટણ લઇ જવાના. હવે તું રાણુકદેવી ને હું ખેંગાર-હોકે. ભલે આપણને પકડીને લઇ જાય."

"હા. એટલે પેલાં બીચારાંને પણ નાસી છુટવાનો વખત મળે."

કાક અને મંજરી પણ ઝપાટામાં જતાં હોય તેમ ઢોંગ કરી ચાલવા લાગ્યાં. પણ જોતજોતામાં પેલા સૈનિકો આવી લાગ્યા, અને આ બેને જોઇ એકદમ તેમને વિંટાઇ વળ્યા.

"ખબરદાર ખેંગાર! જરા ખસ્યો તો ઝબ્બે કરીશ" કહી નાયકે આવી કાકને જકડી બાંધ્યો ને એક ઘોડા પર બેસાડ્યો, મંજરીને બીજા એક ઘોડાપર બેસાડી, અને ચાર સ્વાર આગળ રહ્યા ને ચાર પાછળ રહ્યા, અને આ બધાં ઝપાટાબંધ ચાલ્યાં.

સૈનિકોએ ખેંગારને ખુબ ટાણાં માર્યા અને કાકે તે હસતાં હસતાં સ્વીકાર્યા. એમ કરતાં તેઓ ભાદર પહોંચ્યાં.

જયદેવ મહારાજ ભાદરના સામન્તને ત્યાં રાણુકદેવડીની સગાઇ કરવા આવ્યા હતા; પણ અત્યારે તેમની મહત્તા એવી નષ્ટ થઇ હતી કે અકળામણના માર્યા તેની આંખમાંથી આંસુ નીકળી પડતાં હતાં. એવામાં ખબર આવી કે ખેંગાર ને રાણુક બન્ને પકડાયાં, અને તેમને સૈનિકો લઇને આવે છે. આ સમાચાર સાંભળતાં ગુજરાતના નાથની છાતી એક વહેંત ઉંચી આવી, અને પોતાનું વેર વ્યાજ સાથે કેમ વળે તેના વિચાર કરવામાં તે ઉંચા નીચા થઇ રહ્યા.

આખરે પરોઢીયું થતાં સૈનિકો આવ્યા. ને મહારાજ એકદમ ઓટલાપર આવ્યા. તેનું હૈયું હરખમાં કુદી રહ્યું.

સૈનિકોએ એક કેદીને સામો ધર્યો; બીજા સૈનિકો થોડે દૂર એક બીને ઘોડાપરથી ઉતારતા હતા. જયદેવ મહારાજ બે ડગલાં આગળ ધસીને આવ્યા.

"પાપી! ચોર!"

જવાબમાં ફાકનો અવાજ ટોળામાં ગાજી રહ્યો; "પણ અન્નદાતા! મારો કાંઈ ગુનોહ!"

જયદેવ પાછા હટ્યા, અને ડોળા ફાડી જોઇ રહ્યા. "ફોણ!"

"મહારાજ! એ તો હું ફાક. આ તમારા સૈનિકોએ તો જુલમ કર્યો. મને ને મારી બૈરીને મારી પકડી લઈ આવ્યા. આ શું?"

જયદેવના ગુસ્સાનો પાર રહ્યો નહિ. તે એકદમ ફાક પાસે ઉભેલા નાયક પર ધસ્યો ને તેને બે ચાર તમાચા માર્યા. "કુતરા! આ ખેંગાર! ફાકભટ્ટને ઓળખતો નથી?" સૈનિકો બધા દિંગ થઇ ગયા. "છોડ! આને છોડ! ને જાઓ, પાછા જાઓ નહિ તો તમને એકને જીવતો જવા દેવાનો નથી."

"મહારાજ! પણ છે શું?"

"પેલો પિશાચ ખેંગાર રાણુકદેવડીનું હરણ કરી ગયેા."

"હેં?"

"અન્નદાતા! ભટ્ટરાજ હતા તે જ રસ્તે તે પણ ગયેા."

"ચુપ! ચંડાલ!" જયદેવે કહ્યું.

"મહારાજ! અમને પકડ્યા તેની બે ચાર પ્રહર પહેલાં અમે એક સ્વારને જોયેા હતેા ખરેા."

"હા. તે જ."

"ત્યારે તે તેા સોરઠ પહોંચી ગયેા હશે."

"શું કહે છે? ચાલ તેની પુઠ પકડીયે."

"જેવી આજ્ઞા. પણ મારી સ્ત્રી—"

"ભાદરના સામન્તને ત્યાં સોંપીયે."

"જી. હા." કહી ફાકે તેમ કર્યું ને થોડી વારે જયદેવ મહારાજ સાથે ખેંગારને પકડવા તે નીકળ્યેા. સોરઠના સીમાડા સુધી તેઓ જઈ આવી, સાંજના વ્હીલે મોઢે પાછા ભાદર આવ્યા ને રાતો વઈ પાટણ જવા નીકળ્યા.

"ફાક! આજે મારૂં નાક કપાયું."

"મહારાજ! શું કરીએ?" ટાઢે પેટે કાકે કહ્યું.

"એ પાપીનું જુનાગઢ હવે જમીનદોસ્ત કરીશ."

"જી."

જયદેવે જરા અધિરાઇથી કાક તરફ જોયું. તેને કાકની સ્વસ્થતા રૂચી નહિ.

"કાક! તેં કોઇથી ન બને એવાં કામ કર્યાં છે. આટલું કર-રાણકને પાછી લઇ આવ."

"મહારાજ! એ મારાથી પણ ન બને. લશ્કર આપો તો હું જુનાગઢ સર કરી આવું."

"બાનગી રીતે કાંઇ નહિ થાય?" કચવાઇને જયદેવે પુછ્યું. "હું પાટણમાં મોઢું શું બતલાવીશ?" કાકે જવાબમાં ડોકું ધુણાવ્યું.

"તું નહિ કરે?"

"હું નહિ કરી શકું" કાકે સુધાર્યું.

મહારાજ મુગા રહ્યા. ખેંગાર સામેનો ગુસ્સો કાક તરફ વળવા લાગ્યો.

## પ્રકરણ ૧૭ મું.

### સુખનો અધિકાર.

"મુંજાલ" મીનળદેવીએ દાખલ થતાં કહ્યું.

"કેમ?"

"આ જયદેવનું શું કરવું છે? પેલી દેવીડીએ તો એને ગાંડો બનાવ્યો છે."

"ત્યારે એને પરણવા દો."

"એ દેવડી સાથે પરણવા દેતાં મારો જીવ ચાલતો નથી. શું કરું કે હું વચન આપી ચુકી છું."

"દેવી! તમારો સ્વભાવ પણ આડો થતો જાય છે" જરા હસીને મુંજાલે કહ્યું-"એકને કમરજીએ પરણાવવો છે; ને બીજાને મરજી છે ત્યારે પરણવા નથી દેતાં."

મીનળદેવી જરા હસ્યાં. "મહેતાજી, મને ઘડપણનાં લક્ષણ શરૂ થયાં છે."

"ઘડપણ! મારાથી કેટલાં નાનાં છો?"

"તું તો હજુ નાનો છે. સોળ વર્ષની સોમને તો પરણવાનો છે. પછી શું?"

"દેવી! શું કરું. તમને રાજી રાખવા."

"પરણ્યા પછી હું રાજી રહું એમ કરશે?" મશ્કરી કરતાં મીનળદેવીએ કહ્યું.

"કેમ છે હવે એ? હું આ બે દિવસ થયાં ખબર લેવા નથી ગયો."

"ના. હવે તો તાવ નરમ છે, ને સનેપાતે નરમ છે. જરાક કોઇક વખત મગજ ખસી જાય છે."

"એમ કે? ક્યારે સારી થશે?"

"કેમ પરણવાની ઉતાવળ આવી છે?"

"એ બીચારી મારે માટે પ્રાણ આપવા તૈયાર થઈ, ને હું એની ખબરે ન પુછું?"

"તમો બન્નેનું સાજેડું તો સરસ થશે."

મુંજાલને કપાલે કરચલી વળી.

"આખો દિવસ એની એ મજાક."

"મુંજાલ" ધીમેથી, ગાંભીર્યથી મીનળદેવીએ કહ્યું "તું કોઇને પરણેલો છે એમ મારા મનને મનાવા મથું છું."

મુંજાલ થોડીવાર મુગો રહ્યો.

"પાછું લાટમાં તોફાન જાગ્યું છે. ત્રિભુવનને મોકલવો પડશે."

"એમ!"

"હા. મેં એને તૈયાર થવાનું કહ્યું છે. એ માત્ર પેલા એના મિત્ર કાકની આવવાની જ રાહ જુવે છે."

"તે ક્યારે આવશે?"

"એ બીચારાને જુનાગઢ તો મફત મોકલ્યો. મેં હમણાં જ સાંભળ્યું કે ખેંગાર કોઇની મદદથી આપણો દરવાજો તોડી ગયો."

"કોની?" ડોળા ચમકાવી રાણીએ પુછ્યું.

"તમારા દેશળ ને વિશળની મદદથી."

"હેં!" ચકિત થયેલાં મીનળદેવીએ કહ્યું. "આપણે ત્યારે દુધ પાઇને સાપ ઉછેર્યા."

"આજના? તેમણે જ દરવાન ફોડ્યો. ને ગઢવી ન જઈ ચઢ્યો હોત તો કાંઈ વધારે પણ નુકશાન થાત. હવે મહારાજ આવે કે એમની વલે કરું છું."

"હા, બહુ દિવસ આંખ આડા કાન ધર્યા. શું દેશનિકાલ કરીશું?"

"હાસ્તો. ગુજરાતમાં હવે એમને માટે સ્થાન નથી." હોઠ બીડી મુંજલે કહ્યું.

"વારૂ. પણ પેલા કાકનું શું?"

"મને લાગે છે કે એણે કાંઈ કર્યું હશે."

"એકલે હાથે એ શું કરવાનો હતો?"

"દેવી! એના જેવો માણસ એકલો હોય તોયે આખા સૈન્યને ભારે છે."

"ત્યારે એને તો પાટણમાંજ રાખવો જોઇએ. એ લાટમાં સજા કરે તે શું કામનું?"

"મને પણ એમ લાગે છે. જો આ મારો કીર્તિદેવ ને એ કાક જો બે પાટણમાં રહે તો ગુજરાતનો જયવારો તરત થાય" કહી મુંજલે નિસાસો મુક્યો.

"મુંજલ!" નયનથી, અને અવાજથી આશ્વાસન આપતાં મીનળદેવીએ કહ્યું "તારા કહ્યા પછી મેં એને બહુ સમજાવ્યો. પણ જેવો નાનપણમાં આડો હતો, તેનાથી પણ એ વધારે આડો છે!"

"એમ?"

"એમ કહે છે કે અવન્તીનાથનું લુણ હરામ થાય કેમ?"

"નસીબ મારાં. બીજું શું?"

"બહુએ લાલચો આપી–પણ એ તો એકનો બે થતો જ નથી."

"દેવી! હું તો દુઃખી થવાને જ સર્જાયો છું."

"મુંજલ! આવાં નિર્માલ્ય વચનો તું બોલશે?"

"ખરી વાત છે. સત્તા ભોગવવી હોય તેને સુખનો અધિકાર શો?"

"સુખ પણ જોશે"—

મુંજલે ડોકું ધુણાવ્યું; પણ એક અક્ષર કાંઈ વધારે બોલે એ પહેલાં એક દાસી દોડતી આવી. મીનળદેવી તેના તરફ ફર્યાં.

"બા! બા!"—

"કમ!"

"ચાલો, ચાલો. સોમબહેન"—

"તેનું શું?" મીનળદેવી ને મુંજલ બન્નેએ પુછ્યું.

"ગભરાઇ ગયાં છે."

"હું" કહી બન્ને જણાં દોડતાં અંતઃપુરમાં ગયાં. જે ખંડમાં સોમસુંદરી સુતી હતી ત્યાં તેની મા ને બે દાસીઓ ઉભાં હતાં, અને ખાટલા-પર નાડ ઝાલી વૈદ બેઠો હતો; અને બેભાન પડેલી સોમ ફાટા ડોળા કરી ચીસો પાડતી હતી, અને બેઠા થવાની મહેનત કરતી હતી.

"વૈદરાજ!" મીનળદેવીએ પુછ્યું.

"બા. મોટો શ્વાસ છે."

"શું કહો છો? જા, દાસી! સજ્જનમહેતાને બોલાવ."

હાંફળાં ફાંફળાં બની મીનળદેવી, પોતાની હંમેશની સ્વસ્થતા છોડી સોમને વળગી પડ્યાં.

"સોમ! બહેન! સોમ!"

"ઓ–ઓ–ઓ—" સોમે ચીસ પાડી. તેનું સુંદર મોઢું ખેંચાઇ જતું હતું.

"વૈદ! માત્રા છે કે નહિ?"

"આ રહી" કહી વૈદે ઝપાટાબંધ તે ઘસી સોમને ચટાડી.

મુંજલ, સ્લાન વદને પણ સ્થિર નયને, તખ્તીયેતવાળી સોમની સામે જોઈ રહ્યો.

માત્રાની તરત અસર થઈ. સોમના ડોળા ઠેકાણે આવ્યા, અને તેની ચીસો સમી. તેની આંખ ઠેકાણે આવતાં તેની નજર મુંજલ પર પડી ને તે ખેંચાયલી જીભે બોલીઃ "પુઆ!"

"ઓ બહેન! હું છું" મુંજાલે નીચા વળી કહ્યું: "કેમ છે?"

"દોડો દોડો" પાછા સોમના ડોળા ફાટવા લાગ્યા. "પ્રુઆને પેલો ખેંગાર મારી નાખશે."

"ગભરા નહિ!" મીનળદેવીએ કહ્યું. "બેટા! પ્રુઆને કાંઈ થવાનું નથી."

"અરે બેસી શું રહ્યાં છો!" "ઓ-ઓ-ખસો-મને ઉઠવા દો-ઓ પેલી તરવાર કહાડી-ખસો" કહી સોમની ચીસો વધી ને તેણે બેઠાં થવા મહેનત કરવા માંડી. "તમને દેખીને શું? પ્રુઆ! જો પેલો આવ્યો. ઓ-ઓ-પ્રુઆ જશે તો પાટણનું થશે શું? પકડો-પકડો-ઓ-ઓ-" કહી તે બેઠી થઈ ને વૈદ બીજી વાર માત્રા ચટાડે તે પહેલાં તેના હાથ હેઠે પડ્યા, અને ભુસ દઈને તે પથારીમાં પડી.

"બા ખશી જાઓ" વૈદે કહ્યું "એને નવરાવવા લો."

"ઓ મારી સોમ રે"—કહી સોમની માએ તેને પથારીમાંથી નીચે ઉતારી.

* * * * *

મુંજાલની આંખમાંથી એક જ આંસુનું ટીપું નીચે પડ્યું. મીનળદેવી મરતી સોમને છોડી મુંજાલ પાસે આવ્યાં.

"મુંજાલ! તું બહાર જા.

ડોકાવતી જ મુંજાલે હા કહી, અને ધીમે ધીમે બહાર આવ્યો.

"મુંજાલ!" પાછળથી મીનળદેવીએ કહ્યું. રાજ્યમાતા ડુસ્કે ડુસ્કે રડતાં હતાં. "બહુ ખોટું થયું."

ટાઢાશથી મુંજાલે જવાબ વાળ્યો "મેં શું કહ્યું હતું? મને સુખનો અધિકાર નથી."

## પ્રકરણ ૧૮ મું.

### જયદેવને લાગતો ભય.

સોમ ગુજરી ગઈ તેને ત્રીજે દિવસે સવારે જયદેવ મહારાજ આવી પહોંચ્યા; અને રાણુકદેવડીના ખેંગારે કરેલા હરણની વાત સાંભળી.

પાટણમાં ખળભળાટ થઈ રહ્યો. પાટણનું નાક કપાઈ ગયું એ જાણી બધા પટ્ટણીઓ ખેંગાર પર ભારે બળી ઉઠ્યા; અને જયદેવ મહારાજ તો ઋતુનના માર્યા ગાંડા ગાંડા થઈ ગયા.

મીનળદેવીને એકલાંને નિરાંત થઈ. જયદેવ દેવડીને પરણવાનો નહિ, એટલે તેને તો ટાઢે પાણીએ ખસ ગઈ; અને જયદેવ ખેંગાર પર કોપ્યો હતો એટલે જુનાગઢ લેવાને પાણી ચડાવાનું પણ એક કારણ મળ્યું.

મુંજાલ મહેતાને આ વાત રૂચી; તેને પણ સોરઠ સર કરવું હતું. પણ પહેલી વાત તો લાટની હતી.

"મહારાજ!" જયદેવ મહારાજ જરા સ્વસ્થ થયા એટલે પુછ્યું "હવે મંડલેશ્વરે લાટ જવું જોઇએ."

"એને જોઇએ ત્યાં જાય."

"તે તો આપણાથી જવા કેમ દેવાય?" સખ્તાઇથી મુંજાલે કહ્યું.

"મહેતાજી! હમણાં મને કાંઈ ગમતું નથી."

"ત્યારે રાજ્ય કેમ ચાલશે?"

જયદેવે મુંજાલ સામું જોયું. સોમ મરી ગઈ તેથી તેનો એક રીતે સંસાર ભાગ્યો હતો; કીર્તિદેવ પાટણમાં રહેવાની ચોખ્ખી ના પાડતો હતો. આવી વખતે પણ અમાત્યને આટલો રાજ્યકારભાર વહેતાં જોઈ, તેને પોતાની નિર્બલતા પર તિરસ્કાર આવ્યો, અને વાતમાં રસ લેવા માંડ્યો.

"ખરી વાત છે, મહેતાજી! પણ હું શું કરું?"

"શું 'શું કરું' પુછો છો! સોરઠ સર કરો ને તમારૂં વેર લો."

"તે હું કાંઈ છોડવાનો છું!"

"પણ પહેલાં સર કરેલું લાટ હાથમાંથી ચાલ્યું ન જાય માટે ત્રિભુવનને ત્યાં મોકલવો જોઇએ."

"તે જવાને તૈયાર છે. મને આજે કહેતો હતો. સાથે પેલા બામણને પણ મોકલવાનો છે" ગુસ્સાના આવેશમાં આવી જતાં રાજ્ઞીએ કહ્યું.

"કોને કાકને?"

"હા."

"કેમ?"

"એ હરામખોર મારે અહિયાં નથી જોઇતો."

"પણ કારણ શું ? એ તો ઘણો ઉપયોગી માણસ છે. બા એને રાખવાનું કહે છે."

"નહિ. મારે તો એને કહાડી મુકવો છે. નહિ તો હું એને દેશ-નીકાલ કરીશ."

"એટલું બધું ?" મંત્રીએ પુછયું.

"હા."

"એ અહિયાં રહેશે તો રાજ્યનો સ્તંભ થઇ રહેશે. તમને એના પરાક્રમની કયાં માહિતી નથી."

"મહેતાજી !" ધીમેથી રાજાએ કહ્યું. "એના પરાક્રમની મને ખબર છે. તેથી જ હું એને કહાડવા માગું છું."

"એ મને સમજ નહિ પડી."

"ખેંગાર દેવડીને ઉપાડી ગયો તેમાં એનો કાંઈ હાથ છે."

મુંજાલ હસ્યો "મહારાજ ! તમને ક્રમળો થયો છે. તમે બધું પીળું જ દેખો છો.'

"ના. મહેતાજી ! મને વહેમ જાય છે."

"ત્યારે એ વહેમ ખોટો છે. એ જેટલો તમારો છે, તેટલો બીજા કોઇનો નથી."

"હું નથી માનતો." ને તે ઉપરાંત બીજું એક કારણ છે.

"શું ?"

"મારે ખરેખરા રાજા થવું છે."

"તે કોણે ના કહી ?"

"મહેતાજી ! જ્યાં સુધી એ છે ત્યાં સુધી એ મને રાજા નહિ થવા દે."

"એટલે ?"

"જ્યાં કોઇની નજર નહિ પહોંચે ત્યાં એની પહોંચે છે; ને કોઈ નહિ કરી શકે તે એ કરે છે. એક તમે છો—પણ તમે તો મારે મન પિતાતુલ્ય છો. તમને નમતું આપવું તેમાં હું ગર્વ માનું છું. પણ મારે બે મુંજાલ મહેતા નથી જોઇતા."

"મહારાજ! મારા સિવાય કોઈ બીજો આ સાંભળશે તો કહેશે તમને એનો ભય લાગે છે."

"ત્યારે મહેતાજી તમારી વાત સાચી છે. એ જો અહિયાં રહેશે તો હું એનું રમકડું થઈ રહીશ-કે એક દિવસ તરવાર લઈ એનું હું ડોકું કાપી નાખીશ. એ મારાથી સહ્યો જાય એમ નથી."

"જયદેવ! એમ તો પછી તમારા પાટણમાં કોઈ બાહોશ માણસ જ નહિ રહે?"

"ભલે પણ મારે માથે મારે બીજો રાજા નથી જોઇતો. તમને પણ કહી મુકું છું; જો આને કહીને રખાવશો તો બીજે દિવસે એને કારાગ્રહમાં નખાવીશ."

"તેની ફીકર નહિ. એ ત્રીજે દિવસે છુટીને પાછો આવશે."

"તો એને મારે હાથે પુરો કરીશ."

"પણ જીવતો રાખશો તો તમને દિગ્વિજય અપાવશે."

"ના. તેના કરતાં મારે હાથે થોડો ઘણો વિજય મળશે તો સંતોષ માનીશ."

"ઠીક! બીજા રાજાઓ આવાં રત્નો એકઠાં કરે; તમારે દૂર કહાડવા છે. જેવી મરજી. હજુ વિચાર કરી જોજો."

"એ વાતપર હું એકનો બે થવાનો નથી. જુઓની એ જુનાગઢથી કેમ નાસી આવ્યો? આવાં પરાક્રમો કથામાં સાંભળ્યાં હતાં—નજરે તો કદી નહોતાં જોયાં."

"જયદેવ! જે તમને અવગુણ લાગે છે તે મને તો મોટો ગુણ લાગે છે. ઠીક. એમ કરો. હું કાકને કહાવી દઇશ."

"હા. જેમ બને તેમ જલદીથી."

## પ્રકરણ ૧૯ મું.

### પ્રસ્થાન.

કીર્તિદેવની આંખમાં આંસુ આવ્યાં. મુંજાલ મહેતા ગંભીર ચહેરે ઉભા હતા. તેના હોઠ ને નયનો નિશ્ચલ હતાં; માત્ર તેના ધીમા અવાજમાં કાંઇ લાગણીનો પડઘો હતો.

"પિતાજી!" કીર્તિદેવે આંખમાંથી આંસુ લુછી કહ્યું: "મારૂં હૃદય ચીરાઇ જાય છે. પણ હું શું કરૂં?"

"બેટા!" અસ્થિર અવાજને સ્થિર કરતાં મુંજાલે કહ્યું: "તું શું કરવાનો હતો? બધું ભાવિ કરે છે. તું અવન્તી જઇ રહે તે જ યોગ્ય છે. મારૂં ઘર તો સદાયે પુત્ર વિનાનું છે એમ હું માનતો આવ્યો છું. પણ બીચારા ઉભક પરમારનો તો આધાર તારાપર છે."

"પિતાજી! પિતાજી! તમે એમ નહિ બોલો."

"હું સાચું કહું છું. હું દુઃખે એવો આંધળો નથી થયો કે બીજાનું સુખ પણ ન જોઇ શકું, તું અવન્તી જાય તેમાંજ સાર છે. પાટણમાં તને કદી રૂચવાનું નથી. અમારી રીત જુદી છે; અમારા સંસ્કારો જુદા છે. તને-મુંજને ભોજના સંસ્કારે ન્યારી બની રહેલી ભૂમિના સંસ્કારો છે. તું અહિયાં નહિ સુખી થાય."

"પિતાજી! કટાક્ષમાં બોલે છો?"

"ના. દીકરા! દુઃખ પડી પડી, તટસ્થતાથી જોવાની મને ટેવ પડી ગઇ છે."

"ને હું તે દુઃખમાં વધારો કરૂં છું."

"ના! તારે સુખે હું સુખી. પરમારના પાટનગરમાં તારૂં સ્થાન છે. મારી તો એકજ વિનંતી—"

"વિનંતિ!"

"હા. કોઇ કોઇ વખત સમાચાર કહાવતો રહેજે; ને હવે બ્રહ્મચર્ય છોડજે."

"પિતાજી! તમારી આજ્ઞા માથે ચડાવીશ."

"મને તો એટલું જ કે મારૂં નામ રહે. પુત્રને તો ન રમાડ્યો-કોઇ દિવસ પૌત્રને તો રમાડું."

"પિતાજી!" વાત ફેરવતાં કીર્તિદેવે કહ્યું: "હવે કોણ જાણે ક્યારે મળીશું?"

મુંજલની આંખમાં તીક્ષ્ણતા આવી. "જયદેવ મહારાજ અવન્તી લેશે ત્યારે."

કીર્તિદેવ ચમક્યો. "હું શું કહો છો?"

"ત્યારે બીજું શું? મારો ધર્મ અહિયાં રહેવાનો છે; તારો અવન્તીમાં રહેવાનો છે. એ સિવાય બીજે રસ્તે આપણે કેમ મળીયે?" મુંજલના હોઠ જરા ગર્વમાં મરડાયા.

"પિતાજી!" બારી બહાર જોઇ કીર્તિદેવે કહ્યું: "આ મંડલેશ્વર મહારાજ આવી લાગ્યા."

મુંજલ પ્રયત્ન કરી વધારે સ્વસ્થ થયો, અને ત્રિભુવનપાલ અને કાકને આવકાર દેવા આગળ આવ્યો.

"ત્રિભુવન! કાક! આવી પહોંચ્યા?" મુંજલે જરા હસીને પુછ્યું.

"હા. મામા!" ત્રિભુવનપાલે કહ્યું. તે વીરની આંખો ઉત્સાહમાં ચમકતી હતી. "હું જરા બાને ને મહારાજને મળી આવું. જવાનો વખત થઇ ગયો."

"હા. સુખેથી" મુંજલે કહ્યું ને ત્રિભુવનપાલ અંદર ગયા.

"કાક!" તેણે કહ્યું "આજે તો મારા ત્રણ દીકરા જાય છે."

"મહારાજ! મને દીકરો ગણો છો, એમાં આપની જ વડાઈ છે."

"ના. કાક! કીર્તિદેવ ને ત્રિભુવનપાલ ગયા હોત ને તું રહ્યો હોત તોપણ મને જરા ઠીક પડત."

"મહારાજની આજ્ઞા થઇ એટલે પછી કાંઇ છુટકો થાય?" કાકે કહ્યું.

"ખરી વાત છે. તું અહિયાં રહ્યો હોત તો મારે માથેથી ભાર જરા ઓછો થાત. પણ હવે ઘાટનો બધો ભાર તારે શીર."

"મંડલેશ્વર મહારાજ છે ને?"

"તે ખરૂં. પણ એટલું યાદ રાખજે કે તમે માત્ર લાટ જીતવા નથી જતા; તેને ગુજરાત બનાવા જાઓ છો."

"જી!"

"માત્ર તેનાં સૈનો હરાવવાં નથી; તેના વાસીઓનાં હૃદય ને ટેક એ વશ કરવાં છે. ત્યાર વગરનો વિજય નકામો."

"મહારાજ! આપનાં વચન સોના સમાણાં છે. હું તો લાટનો છું-મને ત્યાં કેટલાક પાટણનો દ્વેષ ગણે છે. પણ આપ કહો છો એવી જો પાટણની રાજ્યનીતિ રહે તો મારા દ્વેષત્વમાં મને નાનમ નથી."

"મંજરી કેમ છે?"

"ખુશીમાં છે."

"મોટાં બાને મળી ગઇ?"

"જી હા. હમણાં જ કાશ્મીરાબા અને એ મળી ને નીકળ્યાં."

એટલામાં મીનળદેવી, જયદેવ મહારાજ ને ત્રિભુવનપાલ આવી લાગ્યા. "મહેતાજી!" મીનળદેવીએ કહ્યું "તું આ બધાને ભીમનાથને આરે વળાવા જાય છે કે?"

"હા" મુંજાલે કહ્યું.

"કાક!" મીનળદેવીએ કહ્યું "જો જે હોં. હવે લાટ પુરેપુરૂં જીતવાનું છે."

"બા, આપની આજ્ઞા થઈ એટલે પછી એમાં બાકી શું રહે?"

"ને પેલી મૃણાલ કુંવરીને પણ ત્રિભુવનને વરાવવી છે."

"ત્રિભુવન તેને ન પરણે તેથી તો કાશ્મીરા એની સાથે જાય છે." મુંજાલ હસ્યો.

"કાક!" જયદેવે જરા તિરસ્કારપૂર્વક કહ્યું.

"જી!"

મીનળદેવી જરા ગંભીર થયાં. જયદેવ જે વર્તણૂક કાક સાથે ચલાવતો હતો તે તેને પસંદ નહોતી.

"ત્યારે હવે જુનાગઢ જીતવા મારે જવું?" જયદેવે જરાક ટોળમાં કહ્યું.

"જ્યારે આપ મને આજ્ઞા કરો ત્યારે."

"મને" પર ભાર મૂકી ગર્વથી માથું ઉંચું કરી, કાકે કહ્યું. તેણે પણ જયદેવના હૃદયમાં વસેલો દ્વેષ પારખ્યો હતો; અને પોતાનું ગૌરવ સાચવવા તેણે નિશ્ચય કર્યો હતો. તેણે પ્રણ અસ્પષ્ટ તિરસ્કારથી ઉમેર્યું.

"આપને મારી જરૂર જણાય એટલે કહાવજો. હું તરત આવી પહોંચીશ."

"ખેંગાર તારો મિત્ર થાય છે એટલે જરૂર તો જણાશેજ" મુંજાલે હસીને વાત ઉડાવવા માંડી.

"આપણે તો ખેંગારના મિત્રો નથી જોઇતા. આપણે તો દુશ્મનો જોઇએ છે." જયદેવે કહ્યું.

"એમ કહો મહારાજ!" માથું ઉંચું કરી, ભયંકર અવાજે કાકે ઉત્તર વાળ્યો "કે ખેંગાર જેવા વીર શ્રેષ્ઠ જોડે લડવા વીરો જોઇએ છે. જેવા તેવાથી જુનાગઢ ભાંગે એમ નથી."

મીનળદેવીને પણ લાગ્યું કે તે વચ્ચે પડશે નહિ તો વાત વધી પડશે. "લે આ સજ્જન મહેતા આવ્યા!" "ત્રિભુવન! વખત થયો. બહાર હાથીઓ ખોટી થાય છે."

"હા બા! આજ્ઞા. રજા લઇશ."

"દીકરા! સો વર્ષનો થજે."

"મહારાજ! આજ્ઞા."

"હા ભાઈ. ખબર અંતર કહાવજે" કહી જયદેવ ને ત્રિભુવનપાલ ભેટ્યા. કીર્તિદેવ ને કાકે પણ રજા લીધી ને મુંજાલ સહિત તે બધા હાથીએ ચડી સોમનાથને આરે આવ્યા.

ઓવારાપર લોકોની મેદની ભેગી થઇ હતી, અને આ ચારે જણને ઉતરતા જોઇ લોકોએ હર્ષનાદ કર્યો. મહાજનોએ શ્રીફલ આપ્યાં, શ્રોત્રીઓએ આશીર્વચન ઉચ્ચાર્યાં. મુંજાલ મહેતા ને બીજા મંત્રીઓ ત્રણે જણને ભેટ્યા ને શુભાશિષો દીધી

* * * * *

સૂર્ય તેજમાં નાચતા સરસ્વતીના તરંગોપર એક નાની નાવડી જતી

હતી. તેમાં પાંચ સાત યુવતીઓ બેઠી હતી. તેમાંની બે તેજસ્વી, નવ-યૌવના મદભરી હતીઃ એક કાશ્મીરા હતી, બીજી મંજરી હતી. કાશ્મીરાની આંખો તોફાનમાં નાચતી હતી; તેણે એકદમ મંજરીને પગે ચોંટી દીધી.

"ઓ! ઓ! બા શું કરો છો?"

"તો પાછી વળી ત્યાં શું જોવા કરે છે?"

"હું તો જોઉં છું કે પાટણ અહિંયાંથી કેવું દેખાય છે."

કાશ્મીરાએ મંજરીને એક તમાચો માર્યો "જુઠ્ઠી! નજર તો પેલા આરાપર હતી."

મંજરીનું મોં લાલચોળ થઇ ગયું.

"ત્યાં શું જુવે છે? ત્યાં તો બધા વહેંતીયા વીરો છે. ક્યાં અમારા ભીષ્મ, ને દ્રોણ, ને પરશુરામ!"

મંજરીના ઉચ્ચારણના ચાળા પાડતાં કાશ્મીરાદેવીએ ટાણો માર્યો. "આ જમાનામાં એવા છે કયાં?" ત્યાં બેઠેલી સ્ત્રીઓ બધી હસી પડી.

"હા. બધા વહેંતીયાજ છે." ગર્વથી મંજરીએ કહ્યું: "એક શિવાય"—તેણે ઉમેર્યું.

"એક કોણ?" કહી કાશ્મીરાદેવીએ મંજરીનો હાથ પકડી હસતાં હસતાં દાબવા માંડ્યો. "બોલ! કોણ મંડલેશ્વર, નહિ? બોલ."

"ઓ બા! મારો હાથ ભાંગશે" ચીસ પાડતાં મંજરીએ કહ્યું.

"તો પિડા ઓછી. બોલ હરામખોર! એક કોણ?"—કહી તેણે વધારે હાથ મરડ્યો.

મંજરીની આંખમાં હસતાં હસતાં પાણી આવ્યાં "બે હાથ જોઇએ તો ભાંગી નાંખો. હું જુઠું નહિ બોલું—"

"એક કોણ? બોલ!"

"ઉદા, નવઘણ, ખેંગાર ને કાળ-ભૈરવ-એ ચારનો વિજેતા હોય તે."

"હજી કોઈ રહી ગયું છે?" કાશ્મીરાએ હસતાં પુછ્યું.

"હા. ને પેલી કવિકુલચિરોમણી એ પાંચનો વિજેતા."

"લુચ્ચી! હરામખોર! શરમ નથી આવતી? તારી બધી પંડિતાઈ ગઈ કયાં?"

"સમાઇ ગઇ, બધી ત્યાં" કહી મંજરીએ જે હોડીમાં મંડલેશ્વર, કીર્તિદેવ ને કાક બેઠા હતા તે તરફ આંગળી કરી.

"નફ્ટ!"–કાશ્મીરાએ કહ્યું.

"તમે બનાવી. પરણાવી શું કામ?"

* * * *

મંડલેશ્વર, કીર્તિદેવ અને કાક એક હોડીમાં બેઠા; અને ત્રણ જણ મુગામુગા ઓવારા તરફ જોઈ રહ્યા. ઓવારાપર બધાથી નીરાળો, ટટાર બની, પાટણની સત્તાનો પ્રતિનિધિ, દુઃખ ભીની આંખે જોઈ રહ્યો હતો. તે સ્વસ્થ લાગતો,–અરણ્યમાં એકલું એક મહાવૃક્ષ ઉભું હોય તેમ; પણ તે સ્વસ્થતા, તે એકલતા, દયાજનક લાગતી હતી.

"બીચારા મામા છે ત્યાં સુધી એકલા જ રહેવાના" મંડલેશ્વરે કહ્યું.

"પણ એ છે ત્યાં સુધી જ પાટણનો પ્રતાપ રહેવાનો" કાકે કહ્યું.

"ને એ છે ત્યાં સુધી આર્યાવર્ત્તમાં એકતા પણ નહિ આવવાની." કીર્તિદેવે ઉમેર્યું.

"કેમ કીર્તિદેવજી! તમે પણ નિરાશ થવા લાગ્યા કે?" કાકે પુછ્યું.

"ભાદરાજ!" કીર્તિદેવે કહ્યું. "હું પાટણ ન આવ્યો હોત તો સારૂં થાત. મારૂં કુલ નહોતો જાણતો ત્યાં સુધી હું મારી જાતને દૈવી માનતો– મારા બાહુમાં ઇંદ્રસમાન બળ હતું–આર્યાવર્તમાં ઐક્ય કરવું એ રમત વાત લાગતી. તે વખતે મારી શક્તિઓને મર્યાદા નહોતી. પણ જ્યારથી મેં મારૂં કુલ જાણ્યું ત્યારથી કોણ જાણે કેમ મારા હાથ ભાંગી ગયા છે. હું આવ્યો ત્યારે દેવ હતો–આખરે માણસ થઈ પાછો ચાલ્યો."

"ભાઈ!" ત્રિભુવનપાલે પુછ્યું "મુંજાલ મહેતાથી તે તમે કેવા એક પિતાની આજ્ઞા રાખી હતી?"

"એમ નહિ મહારાજ! વસ્તુ બપાય નહિ ત્યાં સુધી જ મોહ રહે:– બપાય કે પછી માત્ર, ગણત્રી."

"એમ નિરાશ શું થાઓ છો ?" કાકે કહ્યું.

"નિરાશ નથી થતો. પણ ભટ્ટરાજ ! તમારી બુદ્ધિ તો ન્યારી જ છે. શ્રદ્ધાની ઝનુન વગર તમે પરાક્રમ કરો છો તેમ મારાથી નથી થતાં."

* * * *

અને, મુંજાલે દેખાતી સ્વસ્થતાથી દૂર ને દૂર જતી નાવડીઓ તરફ જોયા કર્યું.